# કપડવણજની
# ગૌરવ ગાથા

અવશેષની આરાધના

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

સં. ૧૧૬૦નો પરિકરનો → એક ભાગ





← અષ્ટાપદજી મંદિર

# કપડવણજની

→ રાધાકૃષ્ણ મંદિર જાળી



કડીયાની મસ્જીદ



# ગૌરવ ગાથા

↓ અમલી મસ્જીદ



↓ ટાંકલાની દેરી સ્થાપત્ય



લેખક : ડૉ. પોપટલાલ દોલતરામ વૈદ્ય

સંગ્રાહક : (લેખકના પુત્રો) ડૉ. અમીત, ડૉ. વિનોદ, પંકજ

સંપાદક : આ. કંચનસાગર સૂરિ

પ્રકાશક : આગમોદ્ધારક ગ્રંથમાળા, કપડવણજ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકાશક :

આગમોદ્ધારક ગ્રંથમાળા,

કાર્યવાહક : રમણલાલ જયચંદ શાહ

કપડવણજ–૩૮૭૬૨૦

પ્રાપ્તિસ્થાન :

(૧) દીનેશ નગીનદાસ પરીખ ઠે. બજાર, કપડવણજ

(૨) ડો. અમિત પી. વૈદ્ય ડેમાઇ–૩૮૩૩૩૦

પ્રકાશન–વીર સં. ૨૫૧૧ વિક્રમ ૨૦૪૧ આગમોદ્ધારક સં. ૩૫ ઈ.સ. ૧૯૮૪

પ્રથમ આવૃત્તિ કોપી ૬૦૦, મૂલ્ય રૂા. ૫૪/–

પ્રિન્ટર્સ :

(૧) ટાઈટલ અને ફોટાઓ
ક્રિએટીવ પ્રિન્ટર્સ પ્રા. લિ.
ભૂપેન્દ્ર કે. ઠાકોર
કાળીદાસ મીલ કમ્પાઉન્ડ,
ગોમતીપુર, અમદાવાદ–૩૮૦૦૨૧

(૨) પ્રકાશકીય, પૂર્તિ, વંદના તથા
આગળ પાછળના ફાર્મ ૨૮–૨૯
સાગર પ્રિન્ટર્સ, નવનીત જે. મહેતા
રીલીફ રોડ, પાદશાહ પોળ,
મોદિનો ડેલો, અમદાવાદ–૩૮૦૦૦૧

(૩) ફાર્મ ૧ થી ૨૭
ન્યુ મોહન પ્રિન્ટરી
હરીવલ્લભ ભોગીલાલ શાહ (ડેમાઇવાળા)
રીલીફ રોડ, રીલીફ ટોકીજ પાસે, ઇમ્પીરીયલ રેસ્ટોરન્ટના ભોંયરામાં,
અમદાવાદ–૩૮૦૦૦૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



# કપડવણજની ગૌરવ ગાથા

□●
●□

## અવશેષની આરાધના

લેખક : ડા. પોપટલાલ ડી. વૈદ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## અંતર

(૧) આનંદ (૨) વેદના (૩) આભાર (૪) અભ્યર્થના

(૧) ક્રિએટીવ પ્રિન્ટર્સના માલિકે બચુભાઈની સલાહ અનુસાર ટાઇટલો અને બ્લોકો છાપી આપ્યાનો આનંદ.

સાગર પ્રિન્ટર્સવાળા નવનીત જે. મહેતાએ ૨૮-૨૯ ફર્મા, પ્રકાશકીય આદિ તથા પૂર્તિ અને વંદનાના ફર્મા છાપી આપ્યાનો આનંદ.

(૨) ન્યુ મોહન પ્રિન્ટરીએ ૧૪ માસમાં આદિના ૧૦૦ દિવસને અંત્યના ૧૫૦ દિવસ જવાદેતાં ૨૭ ફર્મા છાપી આપ્યાની વેદના.

(૩) લેખક, સંપાદક, આવકાર લેખક ડૉ. રસેશ જમીનદાર-અમદાવાદ, પ્રો. રમણલાલ શાહ-ગોધરા, સહાયક મુનિ પ્રમોદસાગર, નીલાબહેન દીનેશ શાહ, દીનેશ નગીનદાસ પરીખ અને આર્થિક સહાયકો આદિનો આભાર.

(૪) સાહિત્યકારો, વાંચકો, વિચારકોને શુદ્ધિપત્રક ન આપવા છતાં સુધારી વાંચવા અભ્યર્થના.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કપડવણજની ગૌરવગાથાના
સંપાદક



આચાર્ય શ્રીકંચનસાગરસૂરિજી મહારાજ
જન્મ-ગુજરાતના ધર્મપ્રેમી ગામ કપડવણજની
વીશાનીમા જ્ઞાતિના ખૂબજ જાણીતા
પારેખ કુટુંબમાં ઈ. સ. ૧૯૧૨માં થયો હતો.
તેઓ શ્રીએ વિ. સ ૧૯૩૧માં દીક્ષા લીધી.
અમદાવાદ મુકામે વિ.સં. ૧૯૮૦ માં આચાર્ય થયા.

શ્રીકપડવણજની ગૌરવગાથા
અવશેષની આરાધનાના
લેખક



ડૉ. પોપટલાલ દોલતરામ વૈદ્ય
જન્મ : કપડવણજ તા. ૯-૬-૧૯૧૩
ડૉ. સન્ : ૧૯૪૪
અવસાન : ડેમાઈ તા. ૨૭-૬-૧૯૮૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકાશકીય

અમારી આ ગ્રંથમાળાની સ્થાપના પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય મહારાજ શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજની શુભ પ્રેરણાથી કપડવણજ મુકામે થઈ અને 'આગમોધ્ધારક ગ્રંથમાળા' એવું નામ અપાયું. તે અમારી આ સંસ્થાએ આજ સુધીમાં ઓગસાઠ ધાર્મિક ગ્રંથો પ્રકાશન કર્યા છે. છેલ્લાં તેમાં 'શ્રીશત્રુંજય ગિરિરાજ દર્શન'નાં ત્રણ વાલ્યુમો પ્રસિદ્ધ કર્યાં. (૫૭, ૫૮, ૫૯)

આ ગ્રંથ 'શ્રીકપડવણજની ગૌરવગાથા'ના લેખક ડો. પોપટલાલ ડી. વૈદ્ય હતા. પરંતુ તેમના અવસાનને લીધે આ કામ તેમના સુપુત્રો ડો. અમિતભાઈ, ડો. વિનોદભાઈ અને શ્રીપંકજભાઇ–એ સંભાળ્યું અને છાપવાનું શરૂ કરાવ્યું, પણ ડો. પોપટલાલ વૈદ્ય, પ. પૂ. આચાર્ય મહારાજ શ્રીકંચનસાગરસૂરિ મહારાજ સાહેબના બાળસહાધ્યાયી હતા અને આ ગ્રંથમાં જૈનોના અનેક પુરાવાઓ તેમણે પૂરા પાડયા હોઈ, તેમની સાથે અવારનવાર પત્રવહેવાર ચાલતો અને તે દરમ્યાન જાણવા મળ્યું કે ડો. પોપટલાલ અવસાન પામ્યા છે; એટલે તેમના સુપુત્રો પાસેથી આ ગ્રંથનું સંપાદનકાર્ય આચાર્ય શ્રીકંચનસાગરસૂરિ મહારાજ સાહેબે લીધું અને આ ગ્રંથનો તેમણે આરંભ કર્યો. સૌ કોઈ આ ગ્રંથને જોઈ તેનો આદર કરશે એ ભાવના.

આ ગ્રંથમાં જેમણે જેમણે સાથ સહકાર આપ્યા છે, તે સર્વનો અમે સાચા દિલથી આભાર માનીએ છીએ. ગ્રંથમાં જે કાંઇ ક્ષતિ હોય તે સુધારી વાંચવા વિનંતિ છે.

સં. ૨૦૪૦ શ્રાવણ વદ ૫
૧૭ ઓગસ્ટ ૧૯૮૪
કપડવણજ.

આગમોદ્ધારક ગ્રંથમાળા–કાર્યવાહક
રમણલાલ જયચંદ શાહ

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

# મારી વાત

**કંઇક કહેવું છે :**

જનતા જનાર્દનનાં ચરણોમાં લાંબા સમય બાદ, આપણા વતન કપડવણજના ભવ્ય ભૂતકાળની આછી ઝાંખી અને વર્તમાનકાળની મીઠી યાદ લોકકથા, દંતકથા, વિદ્યમાન સાહિત્યકારોના સંગ્રહોમાંથી લેખો, તામ્રપત્રો, પ્રતિમાજીના લેખોમાંથી, મંદિરો-મસ્જિદોની ભીંતોમાંથી, મુરબ્બી નગરજનોની વાણીમુખે જે કાંઈ પ્રાપ્ત થયેલ, તે જન્મભૂમિની ગૌરવ-ગાથારૂપે તૈયાર કરી, જેટલા સ્વરૂપે જડયું, તેટલા જ પ્રમાણમાં જનતા સમક્ષ રજૂ કરી શક્યો, એ પરમકૃપાળુ પરમાત્માની કૃપા છે. તે રજૂ કરતાં આનંદની લાગણી અનુભવું છું ને ત્રુટિ ક્ષતિ બદલ જનતા જનાર્દનની ક્ષમા યાચું છું.

**કર્પટવાણિજ્ય**—પ્રાચીન કર્પટવાણિજ્ય [કપડવણજ] કપડવંજ એ સમયે સમૃદ્ધ દશામાં હતું. અર્વાચીન યુગમાં સાહસ જેનો શ્વાસ છે, એવા સમૃદ્ધ નગરોમાં જેની ગણના થાય છે, તેવા આ નગરને હૃદયપૂર્વક વંદન કરીએ.

વિશ્વમાં દરેક પ્રજા નગર સ્થળને પોતાનો આગવો સ્વતંત્ર ઇતિહાસ હોય છે. ઇતિહાસ એ ધરતી વ્યક્તિઓની યશગાથા ગૌરવ છે. જ્યાં સંસ્કાર, શૂરવીરતા, આત્મ સમર્પણની ભાવના છે, તેની યાદગીરી શિલાલેખો, સ્તંભો, તોરણો કે પ્રતિમાઓ દ્વારા રહે છે. એ ભૂમિનાં સંસ્કૃતિનાં સ્મરણો–સંકેતો છે, પ્રજામાં પૌરુષ અને શૌર્યનું સિંચન કરે છે.

**ઇતિહાસ** – આપણા પૂર્વજોના સદ્‌ગુણોની શૂરવીરતાની શંકાઓ પણ થાય, પણ સત્ય દાખવનારે ઇતિહાસ પર શ્રદ્ધા રાખી તેનું સન્માન કરવું જોઈએ.

પ્રાચીન વાવો–મૂર્તિઓ–તોરણો વગેરેના અભ્યાસ પરથી એટલું તો ચોક્કસ કહી શકાય કે આવાં સ્થળોની આસપાસ માનવ વસ્તીવાળું નાનું મોટું નગર જરૂર હોઇ શકે. જૂના અવશેષો ભલે દટાઈ ગયાં હોય પરન્તુ કાળકૃપાએ કોઇક સ્થળે દેખાય તો તેમાં નવાઈ નથી.

**પ્રાચીનતા** – આપણા પ્રાચીન કપડવણજની ધરતી પ્રાતઃ સ્મરણીય ભગવાન શ્રીરામચંદ્રજીનાં પવિત્ર ચરણોથી પાંવન થયેલી છે, તેમ જ મહાભારતના સમયે પાંડુ પુત્રનાં પણ પગલાં થયેલાં છે. આ ધરતી પર સંતો, સાધુઓ, શુરવીરો, કવિઓ, કલાકારો, રાજનીતિજ્ઞો, જનતાની સેવાના ભેખધારીઓ, કર્મકાંડીઓ, જ્યોતિષ્ શાસ્ત્રીઓ આયુર્વેદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાતાઓ, જન્મભોમથી ધન્ય બનનારા અનેક ધર્મનિષ્ઠ કર્મયોગી શ્રેષ્ઠિ આદિઓએ જન્મ લીધા છે ને યજ્ઞમય જીવન જીવ્યા છે.

**રાષ્ટ્રલડત –** સને ૧૯૩૦માં રાષ્ટ્રલડતના મંડાણ થયાં, ખેડા જિલ્લાના કપડવણજ તાલુકાના રામક્ષેત્ર(લસુંદ્રા–લુણપુર)ને મીઠાના સત્યાગ્રહના સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યું. તા. ૧૨–૩–૧૯૩૦ના દિને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ સાબરમતીથી મીઠાના સત્યાગહ માટે પ્રસ્થાન કર્યું, તો તા. ૬/૪/૧૯૩૦ ને દિને લસુંદ્રા મુકામે માણસાઈના દીવા પ્રગટાવનાર પૂ. રવિશંકર મહારાજની ટુકડી સાથે આપણા લાડીલા સૌન્દર્યદર્શી કવિ શ્રીરાજેન્દ્રભાઇ શાહે પણ પ્રયાણ આદરેલું. ત્યારે તે વખતના મેયર શ્રીમાધવલાલ નાથાલાલ [કાકુજી] પણ સાથે ગયેલા. વ્યાયામપ્રણેતા શ્રીકુબેરભાઈ તથા શ્રીધનવંતભાઈ માણેકલાલ શ્રોફ ધારાસણા ગયેલા. લડતમાં જોડાવા માટે વિદ્યાર્થીઓ શાળાનો અભ્યાસ છોડી, સૈનિક તરીકે જોડાયા હતા. શ્રીપરીક્ષિતરાય ભોગીલાલ ત્રિવેદી તથા મારે ફાળે સૈનિકોની જવાબદારી આવેલી. વડીલો ગિરફતાર થતા ગયા ને લડતનો વેગ સહેજ મોળો પડયો, ત્યારે કેટલાક લોકો આપણા વતન કપડવણજ માટે નિરાશા ઉપજાવે તેવી ક્ષુલ્લક વાતો વારંવાર સંભળાવતા, પણ એ બધી કિંવદન્તીઓ જ રહી, કેમકે ઇતિહાસ કંઈક જુદું જ કહે છે.

રાત્રિના સમયે અમે બાળસ્નેહીઓ, શ્રીપરીક્ષિતરાય ભોગીલાલ ત્રિવેદી, સ્વ. શ્રી ગોવિંદભાઈ અંબાલાલ જોશી, મુ. શ્રીનગીનભાઈ વાડીલાલ ગાંધીના ઓટલે બેસી વતનની વાતો કરતા, કે શું આ ક્ષુલ્લકવાતો–આક્ષેપોમાં સત્ય હશે ? આંતરમન તો ના જ પાડતું.

**સંકલ્પ –** બાળપણમાં મારા પૂ. પિતાશ્રી સાથે પ્રાર્થના બાદ અમે સર્વે રજવાડા વિશે, પોતાના અનુભવો વિશે, કપડવણજના ઇતિહાસની આછી ઝાંખી વાતો, જૈનાચાર્યોની જ્ઞાનગોષ્ઠી, દંતકથાઓ તથા લવારીઆઓની લૂંટો, પ્રજા કેવી રીતે તેનો સામનો કરતી તે વિશે ગામના ધનાઢ્યોની જાહોજલાલીની વાતો વગેરે વિશે ઘરઆંગણે ચર્ચા કરતા. તે સમયે પૂ. માસ્તરસાહેબ શ્રીમહાસુખરામ નરસિંહરામ ભટ્ટ રચિત એક નાનકડી પુસ્તિકા **'કપડવણજનું વર્ણન'** મળી અને તે પુસ્તિકાએ અમારા વિચારોને આગળ ધપાવ્યા. ત્યારે જ સંકલ્પ કર્યો કે મહાકાળની કૃપા હશે તો આપણા ગામનો કડીબદ્ધ ઇતિહાસ તૈયાર કરવો. રાષ્ટ્રીય લડત સમયે ગાવા માટે કાવ્યો–લેખોની નાનકડી પુસ્તિકા 'કાવ્યકુસુમો' તૈયાર કરાવી, ત્યારે તેમાં જાહેર કરવામાં આવ્યું કે કપડવણજનો ઇતિહાસ 'કપડવણજની ગૌરવગાથા' રજૂ કરવામાં આવશે.

**ઉત્સાહ –** 'ગાંધી–ઈરવીન કરાર' બાદ ફરી શાળામાં જોડાયા. તે સમય દરમ્યાન પુસ્તકોના વાચન માટે વડીલો પાસે હૈયું ખોલી વાતો કરી. સ્વ. મુ. વાડીકાકા (શ્રી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાડીલાલ લીંબાભાઈ ગાંધી) શ્રીચંદુભઈ હસમુખભાઈ ગાંધી, શ્રીવાડીલાલ હરજીવનદાસ, શ્રીમણીભાઇ વાડીલાલ ગાંધી ઇતિહાસની વાતો કરે, તેમના જ્યેષ્ઠ પુત્ર શ્રીનગીનભાઈ વકીલે કોર્ટમાંથી 'બોમ્બે ગેઝેટિયસ'' લાવી આપ્યું. કોર્ટની સામે જ રહેતા એક દાક્ષિણીભાઇ પાસેથી જમાબંધી વાંચવાનો લાભ અપાવ્યો. કોર્ટ ચોગાનનાં કેટલાંક વર્ણનો તથા કેટલાંક કથાનકો કહેવાથી અમારો ઉત્સાહ વધતો.

ઇ. સ. ૧૯૩૮માં નડીયાદની 'મહાગુજરાત આયુર્વેદ મેડિકલ કોલેજ'માં પ્રવેશ મેળવ્યો. વિદ્વાનૂ આચાર્ય પુ. શ્રીસુંદરલાલ નાથાલાલ જોષીના સંપર્કમાં વધુ આવવાથી તેમના દ્વારા ગુજરાતનાં ઇતિહાસનાં સારાં એવાં પુસ્તકોનો લાભ મળ્યો. તેમના દ્વારા બોમ્બે મ્યૂઝિયમાં તામ્રપત્રો પણ જોવા મળ્યાં. 'કર્પટવાણિજ્ય' શબ્દ ફરી વાંચ્યો. નડીયાદની 'ડાહી લક્ષ્મી લાયબ્રેરી' અને કપડવણજની 'શ્રી પૂ. હ. મહાજન લાયબ્રેરી'નુ' સાહિત્ય અને તેમાં પણ પરમ સ્નેહી શ્રીમધુસુદનભાઇ પરસોત્તમભાઇ ત્રિવેદીનો સહકાર આ કાર્યને આગળ ધપાવવામાં પ્રોત્સાહન રૂપ બન્યો.

**સહાયકો** – મારા સહાધ્યાયીઓમાં શહેર કાજીભાઈ શ્રીબદરૂદ્દીન મહમદમીયાં તથા કોઠાની મસ્જિદવાળા અમીરશાએ મુસ્લિમ ઇતિહાસના સારા એવા માર્ગદર્શક બનેલા. પડોશીમિત્ર, લડતના સેનાની શ્રીચંદુલાલ મથુરદાસ પંચાલ સાથે સાથે ફર્યા અને પ્રાચીન અર્વાચીન સ્થળોના ફોટાઓ લીધા. પોળે પોળે ફૂર્યા, દેવસ્થાનો વગેરે સ્થળોની મૂર્તિઓ એકત્રિત કરી. માતૃભૂમિના સપૂત પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય આગમોદ્ધારક પૂ. આચાર્ય શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં દર્શન વંદનનો લાભ મળ્યો. પૂજ્યશ્રીના શિષ્ય મારા બાળસહાધ્યાયી, આચાર્ય શ્રીકંચનસાગરસૂરિ મહારાજ સાહેબે કપડવણજ અંગે જે કંઈ જૈન દૃષ્ટિએ માહિતીઓ, શિલાલેખોનું સંશોધન કરેલ તે અને મને મારી જરૂરતનું તમામ સાહિત્ય આશિષ સાથે પ્રેમથી સોંપ્યું. આ ગ્રંથની હસ્તપ્રત થોડાક સમય માટે કપડવણજના સપૂત જૈનધર્મ સાહિત્યના જ્યોતિર્ધર આગમપ્રભાકર પ્રાતઃસ્મરણીય પૂ. શ્રીપુણ્યવિજયજી મહારાજ સાહેબને માર્ગદર્શન માટે આપવામાં આવેલી, તે પૂજ્ય શ્રીગુજરાતમાં કપડવણજ મુકામે પધારેલા ત્યારે આશીર્વાદ સહ પરત કરેલી.

ગુજરાતના સારસ્વતોમાં સહાધ્યાયી આચાર્ય શ્રીધીરજલાલ પ્રાણજીવનદાસ પરીખ દ્વારા મને વલ્લભવિદ્યાનગરના વિદ્વાન્–પુરાતત્ત્વ વિભાગના વડા ડૉ. અમૃત વસંત પંડ્યાનો પરિચય થયો. તેઓશ્રીએ હસ્તપ્રત વાંચી, આલ્બમ જોયું અને અમારી ભાવનાથી તેઓશ્રીના સંશોધનમાંથી જરૂરી સાહિત્યનો ઉપયોગ કરવાની સંમતિ દર્શાવી.

સને ૧૯૫૦ થી ૫૨ ના અરસામાં ચરોતર સર્વસંગ્રહ પ્રકાશિતથવાનો હોઈ, તેના પ્રકાશક શ્રીછોટુભઇ પટેલ નડિયાદની 'મહાગુજરાત હોસ્પિટલમાં મળેલા તે યાદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવે છે. મારી નોકરી ગામ ખોડુ (જિ. વાંસવાડા) મુકામે થતાં, પાંચ વર્ષ સુધી આ ગ્રંથનું લખાણ કામ બંધ રહ્યું.

'જનસેવા'ના સંચાલકોએ આ 'કપડવણજની ગૌરવ ગાથા'ને 'અવશેષની આરાધના' રૂપે જનસેવામાં લેખમાળા છાપવા શરૂ કરી, મારા કાર્યને પ્રોત્સાહિત કરી. વેગ આપેલો. તે સમયના 'જનસેવા'ના તંત્રી ભાઈ શ્રીશાંતિલાલ કડકીઆનો મને સંપૂર્ણ સાથ મળેલો.

**અભિપ્રાયો** :– રાષ્ટ્રપિતા ગાંધીજીનું પૂતળું ક્યાં મૂકવું તે સ્થળ તથા તે અંગેની વિચારણા માટે કલાગુરૂ શ્રીરવિશંકર રાવળ (પદ્મશ્રી) તથા શ્રીમાન ગીરિશભાઈ કપડ–વણજ પધારેલા ત્યારે આ ગ્રંથની હસ્તપ્રત તથા ફોટાઓનું આલ્બમ જોઈ તેમની ખુશી વ્યકત કરતો અભિપ્રાય શ્રીમણીલાલ દાણીના બગીચામાં બેસીને ભખી આપેલો, તે સ્મરણ આપે છે.

પુસ્તકાલયમાં સાથે બેસી વિચારોની આપ–લે કરનાર મિત્રો ગ્રંથપાલક શ્રીમધુસુદનભાઈ ત્રિવેદી, શ્રીઇન્દ્રવદન મણિલાલ ત્રિવેદી, શ્રીહરિહરરાય ત્રિવેદી ( તંત્રી: આપણું કપડવણજ) અને શ્રીભક્તિપ્રસાદ મોતીરામ ત્રિવેદી (પ્રમુખ : પત્રકાર પરિષદ)નો અમૂલ્ય ફાળો ભુલાય એમ નથી. શ્રીભક્તિપ્રસાદભાઈ તથા કપડવણજ તાલુકા વિકાસ અધિકારી સાહેબની સ્નેહભરી મમતાથી નભોવાણી પરથી કપડવણજનો ઈતિહાસ શરૂ કરવામાં આવેલો. સાથે સાથે ઉત્કંઠેશ્વર મહાદેવનું વર્ણન મહંતશ્રીરામગીરીજીના સ્વમુખે ટેપ કરવામાં આવેલું, જે સાંજે નભોવાણી દ્વારા પ્રસારિત કરવામાં આવેલ. આ પ્રત વાંચી જરૂરી માર્ગદર્શન આપવા બદલ મારા મુરબ્બીઓ સર્વશ્રી ડો. વાડીલાલ બાપુ–લાલ દેસાઇ, શંકરલાલ હરજીવનદાસ શાહ, ચંદ્રકાન્ત મણીલાલ પરીખ, નગીનભાઈ વાડીલાલ ગાંધી અને શ્રીધીરૂભાઇ ઓચ્છવલાલ કાંટાવાળાનો અત્યંત ઋણી છું.

સમય મળતાં ગુજરાત ઇતિહાસ પરિષદના વિદ્વાનોનો સંપર્ક થતાં શ્રીચીનુભાઈ જગન્નાથ નાયક સાહેબ(આચાર્ય–એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદના)ના આદેશ મુજબ પ્રથમ ડો. કાંતિલાલ ફૂલચંદ સોમપુરા સાહેબનાં સૂચનો મેળવવા પ્રત વાંચવા આપી. ઉત્સાહી વિદ્વાનશ્રી સોમપુરા સાહેબનો સ્વર્ગવાસ થવાથી થોડા સમય બાદ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરા પુરાતત્ત્વ ખાતાના વડા શ્રી ડો. રમણલાલ નાગજીભાઈ મહેતા સાહેબે પ્રત વાંચી નોંધો કરેલી. ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ વિભા-ગના વડા શ્રીમાન્ ઝિયાઉદ્દીન અબ્દુલ હૈ દેસાઈ સાહેબે સારો સહકાર આપેલો. 'ગુજરાત ઈતિહાસ પરિષદ'ના વિદ્વાન્ ડો. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી સાહેબની મમતા વિસરાય એમ નથી. મારા કોલેજકાળના મિત્ર શ્રી 'ચન્દ્ર' પરમારને તથા ડો. પ્રો. જુવાનસિંગ પરમારને પણ યાદ કઉ છું. ઇતિહાસ પરિષદના મંત્રી શ્રીકાન્તિલાલ ત્રિપાઠીએ જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે, ગુજરાતના વિદ્વાન્ સંશોધક ભાઇશ્રી ડો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હરિભાઈ આર. ગૌદાની સાહેબ કે જેમને હું કદીએ ભુલું તેમ નથી. તેમનું સાહિત્ય વાપરવાની સંપૂર્ણ પરવાનગી તેમણે એકભાઈ તરીકે જણાવી મોટું બંધુકૃત્ય કર્યું છે.

સમયના વહેણ સાથે એક સુંદર પુસ્તક 'આગમજ્યોતિર્ધર' ભા-૧ પૂ. વિદ્વાન્ મહારાજસાહેબ શ્રીઅભયસાગરજી તથા પૂ. શ્રીકંચનસાગરજી મહારાજશ્રીની કૃપાથી પ્રકાશિત થયું. તેમાં મારૂ લખાણ 'અવશેષની આરાધના' તથા કપડવણજના ઐતિહાસિક ફોટાઓને સ્થાન આપી તેમણે મારા પર કૃપા કરી છે.

આપણા નગર 'કપડવણજ' વિશે 'ગુજરાતની અસ્મિતા' તથા 'ભારતીય અસ્મિતા' નામના પુસ્તકમાં તથા કપડવણજ લાયન્સ કલબના સેમિનારમાં પણ જરૂરી નોંધ લેવાઈ છે.

**આભાર**–મારા આ કાર્યના આરંભમાં સહકાર આપનાર મિત્રો–શ્રીકેશવલાલ રતનચંદ ચોકસી, શ્રીમફતલાલ રતનચંદ, શ્રીરમણલાલ સોમાભાઇ દોશી, શ્રીરમણલાલ વાડીલાલ દેવચંદભાઇ પરીખ, શ્રીકસ્તુરભાઇ મણીલાલ ગાંધી (એન્જીનિયર) તથા શ્રી–રસિકલાલ મણિલાલ દેસાઈ તથા સાથે રહીને કપડવણજને કેમેરામાં ઝીલનાર શ્રીજય-શંકરભાઈ કેદરલાલ ત્રિવેદી, શ્રીચંદુલાલ મથુરભાઇ પંચાલ, શ્રીમહેશભાઇ માધવલાલ ત્રિવેદી. શ્રીનટુભાઇ શાહ અને શ્રીવ્રજલાલ મિસ્ત્રી (ગુજરાતના જાણીતા આર્ટીસ્ટ) સહુને પ્રેમથી યાદ કરું છું. શણગાર સજાવનાર વિદ્વાનમિત્ર શ્રીચીમનલાલ શેઠનો પણ આભાર માનુ છું.

**વડીલોની મમતા** : કપડવણજ સેવા સંઘનો પરિવાર જ્યારે જ્યારે મળે ત્યારે પૂછે કે હજુ કેટલું બાકી છે? ખેડુથી જ્યારે આવું ત્યારે વ્યાયામ મંદિરમાં મુ. શ્રીમાણેકલાલભાઇ યાદ કરે, કેટલું લખ્યું? વડીલોની મમતા અને ભાવના યાદ આવે છે.

**કીર્તિમાળ** : તમન્ના હતી. સેવાસંઘની સુવર્ણ જયંતી પ્રસંગે પ્રકાશન કરવાની પણ થઈ શકયું નહિ. પરન્તુ 'કીર્તિમાળ'ને ૫૧મી ગાંધી જયંતી દિને ૫૧ દીપકોની દીપમાળથી દેદીપ્યમાન બનાવી શકયો, તેનો આનન્દ છે.

આ કાર્યને પોતાનું સમજી સહકાર આપનાર ગુજરાત પેપર એસોશિયેશનના પ્રમુખશ્રી અને કપડવણજના દાનવીરોમાંના એક શ્રીવિનોદચંદ્ર શેઠને તથા ન્યુ મોહન પ્રિન્ટર્સના માલિક ભાઇશ્રી હરિવલ્લભાઇ ભોગીલાલ શાહ(ડેમાઇવાળા)ને કેમ ભુલાય?

કોઇ પણ ગામ કે શહેરના ઇતિહાસમાં તે જ ગામના કે શહેરના લાડીલાઓ કે જેમણે ગામ કે શહેરના નવસર્જનમાં પોતાની શકિત-સંપત્તિ, બુદ્ધિનો ઉપયોગ કર્યો તેવા મહાનુભાવોના જીવનની વાતો ખોળવા નજીવો પ્રયાસ કર્યો છે. કે જેથી આવતી કાલની પેઢી તેમાંથી પ્રેરણા લઈ પોતાની શકિત–સંપત્તિ–બુદ્ધિ નવસર્જનમાં ખર્ચે. કોઇપણ નાનકડી દીપજ્યોત અંધકારને પ્રકાશ આપે છે એ ઇતિહાસનું સત્ય છે, જે માનવીને ઉચ્ચસ્થાને લઈ જાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ લખાણની પ્રત 'વલ્લભવિદ્યાનગર'થી મંગાવી. પ્રો. શ્રીધીરૂભાઇ તેમાં જરૂરી ભાષા શુદ્ધિ કરે તે બાદ છાપવા વિચારેલું પરન્તુ આ પ્રતની કેટલીક વિગતોનો ઉપયોગ બીજે અન્યના નામે કેમ થયો ? તે ન સમજાયું. જેવી મહાકાળની ઇચ્છા !

**ટાઈપકોપી**— ડેમાઇ મારો સ્વતંત્ર ધંધો શરૂ થયા બાદ અન્ય વિદ્વાનોને વાંચવામાં અને સલાહસૂચનો મેળવવામાં સરળતા થાય તે હેતુએ આ હસ્તપ્રતને જલ્દીથી ટાઇપ કરી સહકાર આપનાર ભાઇશ્રીમધુસૂદન કોદરલાલ ઉપાધ્યાય યાદ આવે એ સ્વાભાવિક છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# આનંદની અનુભૂતિ

સર્જનહારે સૃષ્ટિની રચના કરી, એમાંય તપોભૂમિ ભારતને તપવડે તામ્રવર્ણીય ને સિદ્ધિ વડે સ્વર્ગમય બનાવી. સૃષ્ટિમાં માનવ કુલને પ્રકૃતિને ગોદે ખેલતાં, રમતાં રાચતાં નૂતન રચના રચતા અને આકારો ઉપજાવવા માટે બુદ્ધિ–બળ આપ્યાં, અંતરમાં અમી આપ્યું. ધરતીના અણુઅણુમાં ચેતન આપ્યું. હિમગીરીની શીતળતા અને જ્વાળામુખીની ઉષ્ણતા આપી. ગિરિમાળાઓ સર્જી અને ઊંડી ખાઇઓની રચના કરી, રાત્રિનો નીરવ અંધકાર અને સૂર્યનો વૈભવ લક્ષ્યો. અને આ જોતો, વિચારતો, સમજતો માનવબાળ, એક પછી એક ક્રમમાં, સંકળાતો, રચના રચતો, વિકાસ ભણી આગળ ને આગળ ધપતો ગયો. એણે નાની ગુફાથી માંડી મોટાં મહાલયો રચ્યાં. પથ્થરના ખામિયાથી દેવપ્રાસાદોને આકાર આપ્યો. ધરતીમાંથી ધાન્ય સાથે કપાસને પણ ઉગાડી, તેનું ફળ લઈ જાતજાતનાં વસ્ત્રો વણ્યાં.

આપણી પાવનકારી ભૂમિને કર્પડવાણિજ્ય પ્રાગ્ ઐતિહાસિક નામથી ઉબરદાવવામાં આવી.

ખળખળ વહેતાં ઝરણાં સમું નિર્દોષ બાળકના જેવું હસતું, મહોર નદીના ઊંચા ટેકરા પર આરૂઢ થયેલ અર્વાચીન કપડવણજ વહેલી પરોઢની ઉષા એની કંકુવર્ણી પગલી પાડતી વિહરતી હોય કે, કોઇ બ્રાહ્મણ મૂર્તિ વહેલી સવારે પદ્માસન વાળીને 'ગાયત્રી મંત્ર' જપતો હોય કે પછી વહેલી સવારે 'ણમો અરિહંતાણં' જપતાં કોઇ શ્રાવક વણિક પૂજામાં વસ્ત્રો ધારણ કરીને હાથમાં ફૂલ છાબ અને અક્ષતની થાળી લઈને પૂજાની જાણે તૈયારી કરતા હોય તેવું કયારેક લાગે છે ! તો કયારેક શ્રી ગોકુલનાથજીના વહેલી પરોઠે મંગળનાં દર્શને ઉતાવળા ઉતાવળા જતા કોઇ વૈષ્ણવ જેવું દીસે છે !

આવી અનેક કલ્પનાઓ આવી ગઈ. મારી નજરે મહોર નદીનાં બાઉર મંદ મંદ મલકાતાં ચાલ્યાં. મેં મારી ગરદન ફેરવી. નગર તરફ પૂંઠ ફેરવી તો લીલાં લીલાં ખેતરો, પવનના આવા સ્પર્શ સ્પંદનથી રમતાં સૌ ખેતરો હસી ઊઠ્યાં, વૃક્ષ પર એક નાનકડું બુલબુલ પક્ષી કંઈ ગાઈને અદૃશ્ય થઈ ગયું. પણ એ અવાજમાં એક આકાર પ્રગટતો હોય એમ લાગ્યું. 'જાંબુ–જાંબુ' એમ એ બુલબુલ ઇતિહાસની તવારીખ ટાંકી ગયું. જાંબુના વિશાળ વૃક્ષને લીધે પહેલાં આ 'જાંબુ' નદી તરીકે ઓળખાતી, જે હાલ મહવર કે મહીના શુભ નામથી ઓળખાય છે. જાંબુ વૃક્ષની ઝાડીમાંથી વહેણ બદલ્યું. માનવીઓએ એ જુના સ્થળને–કે જે શાહના આશાના નામે ઓળખાતા સ્થળને–છોડીને સ્થળાંતર કર્યું. જૂનું વતન દૂર થયું, નવું નગર રચાઇ ગયું. જેમાં આપણે રાચીએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છીએ. પ્રાચીન નગરનાં ભગ્ન ખંડેરો ક્યારેક મહોરનાં નીર સાથે છબછબિયાં કરે છે. કોઈ ઇતિહાસ પ્રેમી ભગ્ન ખંડેરોમાં ભવ્ય પ્રાસાદની કલ્પનાને ચગાવતો એકલો-અટૂલો એ વાત સાંભળે છે, અને ટાંચણ-પોથીમાં કાંઈક ટપકાવે છે, એ ટાંચણપોથી તે આ જ ગૌરવ ગાથા.

આપણા વતનના અસ્તિત્વનો સમય ઉલ્લેખ કોઈ દંતકથામાં ક્યાંય મળતો નથી. પુરાણ-કાળથી આપણા વતને શસ્ત્રો સર્જ્યાં છે, સજાવ્યાં છે. શસ્ત્રો ઊગામ્યાં છે ને પ્રહારો ઝીલ્યા પણ છે. પુણ્ય પ્રદેશોની આછી જ્યોતનાં કિરણોનો પ્રકાશ એણે મેળવ્યો છે. પુણ્યશ્લોક સંતોના પગલે એ પાવન થયેલ છે. જૈનશાસનના ધર્મધુરંધર આચાર્યોના, મુસ્લિમ ઓલીયાઓના, રાજદ્વારી પુરુષોના જીવન અને દેહને આ ભૂમિએ અપનાવ્યા છે. હાલ પણ સંતો, સેવકો, વીરો, શ્રેષ્ઠીઓ, સાહિત્યકારો, કવિઓ, કલાકારો, ઉદ્યોગ પતિઓ અને ચાણક્યસમા રાજનીતિજ્ઞઓને જન્મ આપેલ છે.

શિલાલેખો, તામ્રપત્રો, વસ્ત્રપટ્ટો, ભાટચારણોની દંતકથાઓ અને લોકકથાઓથી કોને ખબર કે આ કેટલું ય પ્રાચીન હશે ! અસ્પષ્ટ હેવાલોમાંથી સત્ય શોધવું એટલે કાદવમાંથી કંચન ખોળવા જેવું કે મધ્ય દરિયામાંથી મોતી મેળવવા જેટલું અઘરું છે.

પુણ્ય શ્લોક ભગવાન્ શ્રીરઘુકુલમણી રામચંદ્રજી અને યદુકુલનંદન ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના યુગનાં આછાં અજવાળાંનો પ્રકાશ મેળવવાનું ભાગ્ય આ ભૂમિને ફાળે આવ્યાની કથાઓ કહેવાય છે.

કાળની ખંજરી બજતી રહી, તેમ તેમ ઇતિહાસ તેવી ગાથા ગાતો રહ્યો. ગુજરાતની ઐતિહાસિક સ્થળ કથાઓમાં જાણવામાં આપણા વતનની કથા-ગાથાને પણ સ્થાન મળ્યું છે.

ગુજરાતની પાટપર રાષ્ટ્રકુટવંશની સત્તાનાં મંડાણ થયાં. માંડલિકો મુકાયા. દક્ષિણી પહેરવેશ કે સંસ્કૃતિ ગુજરાતને પૂર્ણતયા સ્પર્શી નહિ. કપડવણજથી જડેલાં તામ્રપત્રોથી જાણવા મળે છે કે કર્પટ વાણિજ્ય સાથે ૭૫૦ ગામડાં દાનમાં અપાયાં હતાં. રાષ્ટ્રકુટવંશની દાનશીલતાનો આ જ નમૂનો છે.

વર્ષો વીત્યાં ને ગુજરાતનો ગૌરવવંતો ચાવડા અને સોલંકીઓનો સુવર્ણ યુગ આવ્યો.

આ ભૂમિ કપટવાણિજ્યના નામે પ્રસિદ્ધિ પામી. વેપાર માટેની યોગ્યતા સાબિત કરી.

સમયનાં વહેણમાં ઈસ્લામની ધર્માંધતા સાથે સવારી આવી. શાંતિ અને શૌર્ય હતા પણ ધર્માંધતાથી પ્રજાના હૈયામાં આરામ ન હતો.

૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મોગલાઈની મહત્તા જાળવનાર શૌર્ય. કુનેહ અને વફાદારી ટકાવનાર નમૂના રૂપ ગૌરવવન્તા બાબીવંશનાં પગલાં આ ભૂમિને જરૂર ભાગ્યવંત બનાવત, પણ અહીં રહેતા છેલ્લા વંશજે આ ભૂમિને પોતાની કમનસીબીએ ગુમાવી.

મરાઠા યુગનાં મંડાણ થયાં, વીર શિવાજીના અનુયાયીઓ સત્તા અને લક્ષ્મીના લોભમાં સારી એ પ્રજાને રંજાડતા આવી પહોંચ્યા. તોફાન, લૂંટ અને અંધેરથી પ્રજા હેરાન થઈ ગઈ. એ યુગ આથમ્યો. અંગ્રેજોનું શાસન આવ્યું, હથિયારો દૂર થયાં. શૌર્ય ઓસરતાં પ્રજાને ભાગે તો વિષપાન રહ્યાં.

ભારત આઝાદીનાં સ્વપ્નોના શિલ્પીઓએ એક સ્વાતંત્ર્ય સંગ્રામ ખેલ્યો. ભગવાન મહાકાલની કોઈ જુદી જ ઘટના બની. અંગ્રેજ શાસન સ્થિર થયું.

ભૂતકાળના શહીદોના તેજપુંજમાંથી નવી જ્યોત પ્રગટી ઉન્નતિના શિખરે, પરદેશીઓની ધુંસરી ફગાવી દેવા વિશ્વવંદ્ય પ્રાતઃસ્મરણીય મહાત્મા ગાંધીબાપુએ અહિંસક લડત દ્વારા ભારતમાંથી અંગ્રેજ શાસન અને તેની વિચાર શ્રેણીને વિદાય દેવા ભારતની મહાન રાજકીય સંસ્થા ' અખિલ ભારતીય મહાસભા ' [ Indian National Congress ] –દ્વારા લડતો આપી. સન ૧૯૪૭ ની ૧૫ મી ઓગસ્ટે અંગ્રેજ શાસકોને દૂર કરી ભારતને સ્વાતંત્ર્ય બક્ષ્યું અને દેશમાં ગણતંત્ર રાજ્યની સ્થાપના થઈ.

આઝાદ ભારતના નાગરિક તરીકે આપણા વતનની ગાથા લખવાની મેં જે તમન્ના સેવી હતી તે આ ગ્રંથ દ્વારા સાકાર કરી. તે આ ગૌરવગાથા. સૌ એનો લાભ લેશે અવું માની વીરમું છું.

મું. દેસાઈ
પીન ૩૮૩૩૩૦

ડૉ. પોપટલાલ વૈદ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# આવકાર

(૧)

જે નગરમાં વિન યન મહાવિદ્યાલય હોય અને જ્યાં ઇતિહાસનું અધ્યાપન થતું હોય ત્યાં ઇતિહાસન્ અધ્યાપક કપડવણજના ઇતિહાસને આલેખવા કલમ ન ઉપડે ત્યારે વ્યવસાયે વૈદ્ય કપડવણજનો ઇતિહાસ લખે અને જૈન મુનિ એ ગ્રંથનું મરગોટીર સંપાદન–પ્રકાશન કરે તો એ ગ્રંથને ખસૂસ આવકારવો રહ્યો. બીજું, લેખક સાથે અવલોકનકારને અલ્પ પણ અંગત પરિચય હતો અને ગ્રંથ સંપાદક આચાર્યશ્રીકંચનસાગરજી મહારાજ સાથેનો વિદ્યાકીય પરિચય વિકસતો રહ્યો છે, ત્યારે પણ ઉભયના સંયુક્ત સાહસને વિનમ્રભાવે આવકારું છું. ત્રીજું, કપડવણજનો મને પ્રત્યક્ષ પરિચય છે. આ નગરની પ્રસંગોપાત્ મુલાકાત લેવાનું થતું રહે છે. આથી પણ ગ્રંથનો આવકાર લખવાની પ્રાપ્ત તક જતી કરી શકતો નથી.

(૨)

ભાતીગળ પોત અને વિવિધતા ધરાવતા તથા વિશાળ એવા આપણા દેશનાં ઇતિહાસ અને સંસ્કૃતિનાં આલેખનમાં પ્રાદેશિક અને/અથવા સ્થાનિક ઇતિહાસોનું નિરૂપણ અનિવાર્ય આવશ્યક ગણાય. આવા ઇતિહાસ ગ્રંથો જેટલા વિશદ પ્રમાણભૂત અને શ્રદ્ધેય હશે તેટલો આપણા દેશનો ઈતિહાસ બૃહદ્ અને સંપૂર્ણ બનશે. અર્થાત્ રાષ્ટ્રીય ઇતિહાસના નિરૂપણમાં સ્થાનિક પ્રાદેશિક કે નગરીય ઈતિહાસનું મહત્ત્વ અને એનું પ્રદાન વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આ દૃષ્ટિએ ગામેગામના, જ્ઞાતિજ્ઞાતિના કે સ્થળવિશેષના ઇતિહાસનું આગવું અને અનેરું સ્થાન સ્વયમ્ સ્પષ્ટ બને છે.

આ દૃષ્ટિએ જ્યારે જ્યારે સ્થળવિશેષ કે પ્રદેશવિશેષના સંદર્ભમાં કોઇ ઇતિહાસ લખાય તો તેને આવકારવો જોઇએ. અલબત્ત, આવો ઈતિહાસ પ્રમાણભૂત તો હોવો ઘટે. પરન્તુ જ્યાં કશું લખાણ ઉપલબ્ધ ન હોય ત્યાં આયાશપૂર્ણ સંકલન પણ જો પ્રસિદ્ધ થાય તો તેને પણ યથાસ્થાને આવકારવા જેટલું ઔદાર્ય સંભવ છે કે ઉપકારક થઈ પડે. ભારત માટે આ મુદ્દો અત્યંત મહત્ત્વનો ગણાય,

આ ભૂમિકાના સંદર્ભે અમે પ્રસ્તુત ગ્રંથને આવકારીએ છીએ.

(૩)

નગરો પ્રજાસમૂહની આંથિંક, સામાજિક, ધાર્મિક અને રાજકીય પ્રવૃત્તિ પરંપરાનાં નાભિકેન્દ્રો છે. માનવીની બધી પ્રવૃત્તિઓ અંગેના વિચારોની લાગણીઓની અભિવ્યક્તિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિધવિધ સ્વરૂપે શિલ્પ સાહિત્ય વિજ્ઞાન કલા વગેરે ક્ષેત્રોમાં અવકાશ પામીને કેન્દ્રિત રૂપ પામે તેવા સ્થળને આપણે નગરના નામથી ઓળખીએ છીએ. આથી નગરોનાં કે પાટનગરોનાં અલગ અને વિશેષરૂપે થયેલાં નિરૂપણ ઈતિહાસ માટે આસ્વાદ્ય અને આવકાર્ય બની રહે છે; જે વડે કાંઈ યુગ કે કાલના સંદર્ભમાં તેનાં વિકાસનું ચિત્ર પામી શકાય છે.

પ્રત્યેક સ્થળને પોતાના નિયમો હોય છે, જે તેનાં વિકાસ અને વૃદ્ધિને દોરે છે. વસ્તી અને પરિસ્થિતિને ગાઢ સંબંધ હોય છે. આ પરિસ્થિતિ નૈસર્ગિક અને માનવ-કૃત પરિબળો પર નિર્ભર હોય છે; અને પરિસ્થિતિ તથા સમાજ વચ્ચેનો સંબંધ જટીલ હોય છે. સામાજિક પરિબળોનાં ઉદ્‌ભવ કેન્દ્ર તરીકે નગરોને ઓળખીએ તેટલું પૂરતું નથી. એની સાથે સમાજનો અભ્યાસ એટલો જરૂરી છે. સમાજનું પૃથક્કરણ નગરના વિવિધ ભાગોની અર્થપૂર્ણ સમજ આપે છે. તે સાથે વસ્તીના ગતિશીલ પાસાને પણ આવશ્યક રીતે તપાસવો રહ્યો. ઉપરાંત રાત્રિ–દિવસ દરમ્યાન વસ્તીની વધ–ઘટને પણ અવલોકવી જોઈએ. અર્થાત્ માણસોની આવન–જાવનને પણ તપાસવી ઘટે. આ પ્રકારે પર્યાવરણનો અભ્યાસ પણ જરૂરી ખરો.

(૪)

નગર એક જીવંત પ્રક્રિયા છે; કારણ માનવવૃત્તિઓથી તે ધમધમતું રહે છે. પરિ-ણામે તે બધાંનું પ્રતિબિંબ તેનાં અંગોપાંગમાં જોવું, પ્રાપ્ત, થાય છે. પરન્તુ નગરમાં ઉપયોગી તત્ત્વ અથવા એનું નાભિકેન્દ્ર છે તેમાં રહેતી વસતી અને જીવતો સમાજ. આથી નગરીય સમાજનો અભ્યાસ વિદ્વાનોને આકર્ષે છે.

નગરીય સમાજ ઈમારતો અને પોળોની જટીલતા વચ્ચે જીવે છે. આથી નગરનું પર્યાવરણ જેટલું સ્ત્રી અને પુરુષને સ્પર્શે છે તેટલું જ મકાનો અને દુકાનોને. કારણ જૂથો અને વર્ગો, જે નગરીય સમાજને ઘડે છે તે, વિશિષ્ટ વિસ્તારોને અંકે કરે છે. તેમના વ્યવસાય વિશિષ્ટ હોય છે અને જીવન પણ વિશિષ્ટ રીતે જીવે છે. આમ શહેરના વિશિષ્ટ વાતાવરણનું સર્જન થાય છે.

આ રીતે પ્રત્યેક શહેર વિલક્ષણ પોત ધરાવતું હોય છે. આથી એનો ઈતિહાસ વિલક્ષણ હોય છે. એનું ભૌગોલિક સ્થાન વિશિષ્ટ હોય છે. આ કારણે શહેરના ઐતિહા-સિક અભ્યાસ માટે આવો અભિગમ સ્વીકારાય છે.

મોટા ભાગનાં શહેરો પર્વતમાળાની તળેટીમાં કે રણની ધારે કે દરિયા કિનારે કે નદી તટે, જ્યાં કુદરતી કે કૃત્રિમ પાણીનો સારો પુરવઠો હોય ત્યાં ઉદ્‌ભવતાં હોય છે.

આ સંદર્ભમાં આ ગ્રંથનું વાચન આસ્વાદ્ય બને તેવું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૫)

નગર જેવી માનવકૃત સંસ્થાઓ બહુ ઓછી હોય છે, જેણે લાગણીની અને બુદ્ધિની સરવાણીઓ વહેવડાવી હોય. એક તરફ તેને માનવસિદ્ધિની પરાકાષ્ઠા ગણી શકાય; કારણુ નગરમાં માનવસંસ્કૃતિના ઇતિહાસ ફોરે છે, તકનિકી કૌશલ અહીં વિકસે છે, વિચારોની શાળાઓ અહીં ખીલે છે, કલાના ઉન્મેષો અહીં પ્રગટે છે. ટૂંકમાં, માનવ આત્મા ઉચ્ચ શિખરો અહીં સર કરે છે. બીજી તરફ, શહેર અનેક શક્તિઓનું આકર્ષણ છે. તેની એક અસરમાં તે રોગો અને દુઃખો આપે છે, તો બીજી અસરમાં માનવજીવનને સસ્તુ અને મૂલ્યરહિત બનાવે છે.

સામાન્ય રીતે જે સ્થળે જીવનની જરૂરિયાતો પ્રાથમિક સુવિધાઓ પ્રાપ્ત થતી હોય તથા અન્તનું સરખું ઉત્પાદન થતું હોય કે રાજાનો પુરવઠો પ્રર્યાપ્ત રીતે મળી રહેતો હોય અને સ્થાયી વસવાટની સગવડ હોય ત્યાં વિવિધ પ્રવૃત્તિઓ માટે માનવ વસાહતો વિકાસ પામે છે. આવા સ્થળો કાળાંતરે નગરો તરીકે વિકાસ પામે છે. દરેક નગરે પોતાની ભૂરચના અને જાતિઓ–પ્રજાઓની સંસ્કૃતિને આધારે પોતાના આગવા અસ્તિત્વનો વિકાસ કર્યો હોય છે.

જે નગરનું અધ્યયન કરવાનું હોય તેનો પ્રત્યક્ષ પરિચય મેળવવા માટેનાં મૂલગત સાધનો તપાસવાં જોઇએ અને તેનો વિનિયોગ કરવો જોઇએ. આવાં મૂલગત સાધનો દ્વારા પરીક્ષણ કરવાથી જે તે વિષય સ્પષ્ટ રીતે સમજાય છે. નગરોનાં સંશોધનોમાં તેની ભૂરચના સ્થળનામો પુરાવસ્તુઓ અને સાહિત્ય જેવાં સાધનોનો વિનિયોગ થતો હોય છે. આ સાધનોની સર્વગ્રાહી તપાસ બાદ નગરોના ભૂતકાળ માટે જરૂરી અર્થઘટન કરી શકાય છે. આ ગ્રંથમાં આ બધી બાબતોનો ઓછાવત્તા અંશે જોસ પ્રાપ્ત થાય છે.

કેટલાંક નગરો દીર્ઘાયુષી હોય છે અને વૈવિધ્યપૂર્ણ પણ એમના દીર્ઘકાલીન જીવનમાં અસ્તોદયનાં વિવિધ પાસાં અનુસૂત હોય છે. પ્રકૃતિનો ઉદય સ્થિરતા નાશ પુનર્સર્જન જેવો ક્રમ ચાલ્યા કરે છે. આ મુજબ નગરો પણ ઉદ્ભવે છે, એના વિકાસમાં સ્થગિતતા આવે છે છેવટે નાશ પામે છે અને પછી પુનર્વિકાસ પણ પામે છે. આવા વિવિધ તબક્કાઓમાંથી નગરો પસાર થતાં હોય છે. આમ નગરો ઉદ્ગમ વિકાસ સ્થગિતતા પુનરુધાર અને વિનાશ આદિનો ઘટનાક્રમ દર્શાવે છે. આ ઘટનાક્રમમાં ક્યારેક સ્થળાંતર વિનાશ જીર્ણોદ્ધાર વિકાસના વિવિધ તબક્કાઓ જોવા મળે છે.

આમ પ્રત્યેક નગર એક વ્યક્તિની માફક વર્તે છે. તેથી તેનું અધ્યયન એક વિશિષ્ટ વ્યક્તિની જેમ કરવું જોઇએ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૬)

નગરોનો અભ્યાસ સામાન્યતઃ લિખિત દસ્તાવેજોને આધારે કરવામાં આવતો હતો. આવા દસ્તાવેજો માનવ વસાહતોનો ઉલ્લેખ કરે છે અને એનું આંશિક દર્શન કરાવે છે. પરન્તુ તેનો સારો કે પૂર્ણ વૃત્તાંત આપતા નથી.

સાહિત્યના ઉલ્લેખો અપૂર્ણ હોય છે અને તેનાથી પ્રાપ્ત થતાં આંશિક દર્શનમાં વધારો કરે તે રીતે નગરોનો યોગ્ય અભ્યાસ થવો જોઇએ. પરન્તુ વ્યવસ્થિત અભ્યાસ માટે પ્રત્યક્ષ અવલોકનની અને અભ્યાસની પદ્ધતિ અમલમાં મૂકવી જોઇએ.

નગરોમાંથી પ્રાપ્ત થતાં અવશેષો અને પરંપરાઓ પર આધારિત અધ્યયન કરવામાં આવે તો તેનું શું થયું હતું તેમ જ તેની આજુબાજુના પ્રદેશની પરિસ્થિતિ વિશે રસપ્રદ પુરાવા પ્રાપ્ત થાય છે. આવા અવશેષોની ઉપેક્ષા થાય છે અને સાહિત્યના દસ્તાવેજો વડે નગરોનો ઇતિહાસ આલેખવામાં આવે છે.

પુરાવસ્તુવિદ્યા અને સ્થળનામોના અધ્યયનથી સંયુક્ત સામગ્રી શહેરી જીવનનાં ઉદ્ગમ અને વિકાસની સારી માહિતી આપે છે. અપૂરતી સાહિત્યક સામગ્રી ઉપર પુરા-વસ્તુઓ અને સ્થળનામોનાં અધ્યયન અગત્યનો પ્રકાશ ફેંકે છે.

આ ગ્રંથમાં આવો પ્રયાસ જોવા મળે છે.

(૭)

ઇતિહાસમાં સાદ્યંત યથાતથ વર્ણન અપેક્ષિત છે. આ માટે એના મુખ્ય સાધનમાં આપ્તવાક્ય અર્થાત્ શબ્દોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. રામાયણ અને મહાભારત આ પ્રકારના ગ્રંથો છે. અર્થાત્ પ્રશ્નોના સમાલેનના ઉત્તરરૂપે રચાયેલા આ ગ્રંથો હોવાનું સૂચવાય છે. આ પદ્ધતિનો આશ્રય લઈને એટલે કે પ્રશ્નોત્તર પદ્ધતિથી ઉપનિષદ્ અને પુરાણોનું સાહિત્ય રચાયું છે.

હેરોડોટસ, પશ્ચિમી વિચારસરણી અનુસાર, ઇતિહાસનો પિતા ગણાય છે. એની કાર્ય પદ્ધતિમાં ક્રિયામાં ભાગ લેનાર લોકો પાસેથી માહિતી મેળવવી અને મનુષ્યયત્ન અને કાર્યકારણ ભાવથી તેનું આલેખન કરેલું હોઇ તે તેનું મુખ્ય બળ ગણાય. અર્થાત્ કાર્યપદ્ધતિમાં તેણે કરેલી મુસાફરીથી પ્રત્યક્ષ જોયેલી વસ્તુઓ તથા સાંભળેલી કથાઓનો સમાવેશ છે. ભૂતકાળની હકીકતો મેળવવા માટે લિખિત સાધનોના અભાવે આ બંને કાર્યપદ્ધતિ વધુ સંભવિત જણાય છે. લિખિત સાધનો હોય પણ તે તપાસવાની તાલીમ ન હોય કે જ્ઞાન ન હોય તો હેરોડોટસની પદ્ધતિ કાર્યાન્વિત થઇ શકે.

અવલોકન હેઠળના ગ્રંથના કર્તા અને સંપાદકશ્રી ઉભયે ઇતિહાસ–સંશોધનની તાલીમ પ્રાપ્ત કરી ન હોય તથા કર્તા વ્યવસાયે વૈદ્ય હોઇ અને સંપાદકશ્રી ધર્માચાર્ય હોઇ તેમણે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ લેખનમાં લિખિત સાધનોનો શક્યતઃ ઉપયોગ કર્યો છે, નગરના ખૂણેખૂણાને પ્રત્યક્ષ નિહાળ્યો છે, દફતરો તપાસ્યાં છે અને કથાઓ સાંભળી છે. આ દૃષ્ટિએ એમના નિરૂપણને હેરોડોટસથી પ્રદ્ધતિના પ્રમાણની નાણી શયાય; તો આ રીતે ગ્રંથકર્તા અને સંપાદકશ્રીનું કપડવણજનું આ કાર્ય ભવિષ્યના શોધકને સારી પૂર્વભૂમિકા પૂરી પાડશે.

(૮)

હવે ગ્રંથની બાંધણી અને નિરૂપણનું અવલલોકન કરીએ. આ ગંથમાં કુલ અગિયાર પ્રકરણો છે અને એકસો દશ ચિત્રોથી એને મઢ્યો છે. ગંથનું પ્રકાશન મરણોત્તર છે. ગંથકર્તાના અવસાન પછી આચાર્યશ્રીકંચનસાગરસૂરિ મહારાજે નિમર્મભાવે એનું સંપાદનકાર્ય કર્યું છે અને એમનો સ્પર્શ ગ્રંથને પ્રાપ્ત થયો છે તે સંપાદક મહોદયની નોંધથી સ્પષ્ટ થાય છે.

ગ્રંથ આઠ પેઇઝનો પાકી બાંધણી અને ચિત્રોથી મઢાયેલો છે. એનું મુલ્ય ૫૧-૦૦ છે. આવરણ વર્ણ્ય વિષયને સહજ રીતે વ્યક્ત કરે છે.

પ્રકરણ એક-'ઐતિહાસિક નગર કપડવણજ'નું છે. લેખકે અહીં કપડવણજનો ઐતિહાસિક પરિચય આપવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે. પરન્તુ લેખક ઈતિહાસના વિદ્વાન ન હોઈ આ પ્રકરણમાં કપડવણજના રાજકીય ઇતિહાસનું ચિત્ર સ્પષ્ટ રીતે ઉપસ્યું નથી. પરિણામે ઈતિહાસની વિગતો ક્ષતિપૂર્ણ રજૂ થઈ છે. આ પ્રકરણ ઇતિહાસના વિદ્વાન્ પાસે ચકાસાવવું અપેક્ષિત હતું. લેખકની ઇતિહાસ દૃષ્ટિનો અહીં પુરતો પરિચય થતો નથી.

'વાણિજ્ય' એ પ્રકરણ બીજાનું શીર્ષક છે. આ પ્રકરણમાં પ્રાચીન ધોરી માર્ગો, પ્રાદેશિક માર્ગો વગેરેની સંક્ષિપ્ત ચર્ચા આરંભમાં કરી લેખકે કપડવણજના ઉદ્યોગોનો વિકાસ વર્ણવ્યો છે. અહીં લેખકે વિગતો ઠાંસીને આપી છે, તેથી આ પ્રકરણની ઉપયોગિતા ઘણી છે. પરન્તુ નિરૂપણ પદ્ધતિસરનું હોવું અપેક્ષિત છે. આમ ન હોઈ વર્ણ્ય વિષયનો ઉઠાવ સ્પષ્ટ થતો નથી. વેપારી મહાજનો કે શ્રેષ્ઠીઓ કે મંડળો વિશે, ખેતીવાડી વિશે, ધીરધાર વિશે વિગતો આમેજ કરવી જરૂરી હતી.

પ્રકરણ ત્રણમાં 'જળાશયો'નું વર્ણન છે. પર્યાવરણ સાથે જળાશયોનું વર્ણન પણ સામેલ કર્યું છે.

પ્રકરણ ચારમાં 'ધાર્મિક સ્થળો' વિશે વિગતે વર્ણન પ્રસ્તુત કર્યું છે, જેથી કપડવણજની ધાર્મિક સ્થિતિનો સારો પરિચય પ્રાપ્ત થાય છે. કપડવણજનાં લગભગ બધાં ધર્મસ્થાનો અને ધાર્મિક પ્રવૃત્તિઓનું વર્ણન અહીં છે. આ નગરની આસપાસનાં અને થોડેક દૂરનાં ધાર્મિક સ્થળોનો પરિચય કરાવ્યો છે. આ પ્રકરણમાં વિગતોનો અનુબંધ સારો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'ધર્મશાળા-ઉપાશ્રયો' એ પ્રકરણ પાંચનું મથાળું છે. આ પ્રકરણ અગાઉના પ્રકરણનું અનુસંધાન છે. અહીં દરેક ધર્મ અને જ્ઞાતિની ધર્મશાળાઓ તથા કબ્રસ્તાનો-નો વિગતે પરિચય ઉપકારક બન્યો છે. પરંતુ પૃષ્ઠ ૧૦૪ પછીનું ભૌગોતિક દૃષ્ટિએ સીમાવિસ્તાર હવામાન, રસ્તાઓ, કુદરતી આકૃતો, વસતી વગેરે બાબતોનું વર્ણન શરતચૂકથી સામેલ થયું જણાય છે. અહીં આ નિરૂપણ અપેક્ષિત ન હતું.

પ્રકરણ છ માં 'કેળવણી'નું સર્વગ્રાહી ચિત્ર સુંદર રીતે આપવાનો લેખકે પ્રમાણિક પુરુષાર્થ કર્યો છે. ગામઠી શાળાથી આરંભી વર્તમાનમાં ઉપયોગ ટેકનિકલ કેળવણી સુધીના શિક્ષણ વિકાસને પ્રમાણભૂત રીતે આલેખ્યો છે; જેમાં કન્યા કેળવણી, ધાર્મિક શિક્ષણ, શારીરિક શિક્ષણ, ગ્રંથાલયો, હસ્તલિખિત પત્રો, સામયિકો, છાત્રાલયો, વિદ્યાર્થી-ભવનો, સભાગૃહો, છાપખાનાં, થિયેટરો, ગરબા-ઉત્સવો જેવી વિગતો આમેજ (સામેલ) કરીને કેળવણીના વ્યાપક ફલકને પ્રસ્તુત કર્યું છે. આ પ્રકરણ મહત્ત્વનું ભાથું પૂરું પાડે છે અને નગરના સાંસ્કૃતિક ચિત્રને નિરૂપવામાં ઉપકરક થઈ પડે તેમ છે. આમ આ પ્રકરણની ઉપાદેયતા સ્વયમ્ સ્પષ્ટ છે.

પ્રકરણ સાતમાં 'આરોગ્ય'નો મુદ્દો રજૂ કર્યો છે. આરોગ્યની સાથે જાહેર સ્વચ્છતા પાણી પ્રકાશ બાળબગીચા અગ્નિશામક કેન્દ્ર પરબડી વગેરે વિગતો પણ યથાશક્તિ વર્ણવી છે.

પ્રકરણ આઠ અને નવ, પ્રકરણ ચાર અને પાંચના અનુસંધાન જેવાં છે. આ બે પ્રકરણોમાં લેખકે વિશેષરૂપે જૈનધર્મ અને ઇસ્લામનું વિગતે અલગ નિરૂપણ આપવાનું ઉચિત માન્યું જણાય છે. પરંતુ આ વિશે કોઈ સ્પષ્ટતા લેખકે/સંપાદકે કરી નથી. જો કે વર્ણનની ઉપયોગિતા અને માહિતીનો સમાવેશ ઇતિહાસના નિરૂપણને, ઉપકારક નિવડે તેમ છે. જૈન શ્રેષ્ઠિઓનો અને દાઉદી વહોરા કોમનો આમેજ કરેલો પરિચય પ્રકરણને વિશિષ્ટ મહત્ત્વ બક્ષે છે.

પ્રકરણ દશ-આ ગ્રંથનું મહત્ત્વનું પ્રકરણ બન્યું છે. આ પ્રકરણમાં લેખકે કપડવ-ણજની પોળોનો ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં સારો પરિચય કરાવ્યો છે. સમગ્ર ગ્રંથમાં આ વિસ્તૃત પ્રકરણ છે. કપડવણજના ઐતિહાસિક વિકાસને સમજવામાં અને તેનાં સાંસ્કૃતિક વલણોને ઓળખવામાં આ વિગતો ખૂબ ઉપયોગી સામગ્રી પૂરી પાડે છે. અહીં લેખકે પૂર્ણનિષ્ઠાથી વિભાગવાર, માર્ગવાર, વોર્ડવાર વિગતો આપવાનો પ્રયાસ કર્યો છે, જે પ્રશસ્ય છે. ભાવિ સંશોધકો માટે અને નગરના વિકાસના અધ્યેસ્ટીઓ માટે આ પ્રકરણ પાયાની ભૂમિકા પૂરી પાડે છે. એકાદ બે કિસ્સામાં વ્યક્તિ ચરિત્રોનું નિરૂપણ ઉપકારક નીવડયું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'મેળા–ઉત્સવો' પ્રકરણ અગિયારનું શીર્ષક છે. લેખકે આ માહિતી રસપ્રદ વર્ણનથી પીરસી છે. નગરના સાંસ્કારિક ચિત્રને સમજવામાં આ પ્રકરણ ઉપયોગી બને છે. પૂર્વકાલ અને સમકાલની વીગતો નિરૂપી અનુબંધનો ઠીક ઠીક પરિચય કરાવ્યો છે. બધા ધર્મોના ઉત્સવો-તહેવારો અને વ્યક્તિચિત્રો ઇતિહાસ નિરૂપણ માટે ઠીક ઠીક ભાથું પૂરું પાડે છે.

સમગ્ર ગ્રંથને ઉપસંહારથી મઢવાનું કાર્ય ચૂકાઈ ગયું જણાય છે.

આમ 'કપડવણજની ગૌરવગાથા' ગ્રંથ એક સારો સંગ્રહ બન્યો છે. હવે પછી આ નગર વિશે પદ્ધતિસર સંશોધન કરનારને માટે આ નિરૂપિત સામગ્રી ઉપકારક અને હાથવગી બની રહેશે. લેખક અને સંપાદક ઉભયની નિષ્ઠા અને ઇતિહાસરુચિ આ નિરૂપણમાં સ્પષ્ટ વર્તાય છે. જો કે ગ્રંથનું સમગ્ર આયોજન સંતુલિત કરવાની જરૂર હતી.

પરંતુ ભાષાશુદ્ધતાનો છેક જ અભાવ, રજુઆતની નબળી કડી, પદ્ધતિની ઉણપ, પ્રકરણશીર્ષકનો વર્ણ્યવિષય સાથે ક્યાંક ઓછો મેળ, સંદર્ભો અને પાદનોંધોની લગભગ અનુપસ્થિતિ, સંદર્ભો આપ્યા છે ત્યાં પદ્ધતિ અને વ્યવસ્થાની ખાત્રી, બિનજરૂરી વિશેષણોનું બાહુલ્ય, કાલ અને યુગ વિશેની અસ્પષ્ટતા, ઇતિહાસદૃષ્ટિનો ઓછો અણસાર આ ગ્રંથને સારો સર્વસંગ્રહ બનાવવા મથે છે પણ શોધગ્રંથનો આકાર બક્ષી શકતાં નથી. પરિણામ જ્ઞાનકોષ પણ થઈ શકવામાં ઉણો ઉતરે છે.

લેખકની પ્રસ્તાવના અને સંપાદકીય સ્પષ્ટ નિર્દેશ કરે છે કે તેમણે બંનેએ મૂળ સાધનો શક્યતઃ જોયાં છે, તપાસ્યાં છે; સાધનપ્રાપ્તિ માટે પરિશ્રમ પણ કર્યો છે; સ્થળ તપાસનો પુરુષાર્થ કર્યો છે અને પ્રત્યક્ષ મુલાકાતો પણ લીધી છે. પરંતુ પદ્ધતિના અભાવે કરીને અને પ્રાપ્ત નિરૂપિત વિગતો અર્થઘટિત ન થવાથી ઇતિહાસ–સંશોધનની જ્ઞાત પરિપાટીમાં ગ્રંથ સ્થાન મેળવી શકતો નથી.

સંચયન અને શક્યતઃ સંશોધનની દૃષ્ટિએ આ નિરૂપણ સારું છે અને ઉપકારક નીવડયું છે. સંકલન ક્યાંક ઠીક ઉપસ્યું છે પરંતુ સંકલિત ચિત્ર વિગતોનું ઉપસતું નથી. વિગતો, હકીકતો, સામગ્રી, નિરૂપણ બધું પ્રચુર માત્રામાં હોવા છતાં તે સંદર્શનને તાકી શક્યું નથી. અર્થાત્ આ ગ્રંથ સંદર્શનની દૃષ્ટિએ પાછો પડે છે. અહીં લેખન ઘણું થયું છે પણ તે સંલેખનની સપાટીએ પહોંચ્યું નથી. બીજી આવૃત્તિ સમયે આશા છે કે આ બધી ઊણપો સંતુલિત કરીને ઈતિહાસના ચતુરંગી જ્ઞાનને પંચાંગમાર્ગી બનાવી લેવાશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ નગરોના અભ્યાસ અને એનું ઇતિહાસનિરૂપણ ગુજરાતમાં જ્યારે હજી આકાર પામ્યું નથી ત્યારે પ્રેરણાસ્રોત તરીકે અને સામગ્રીગ્રંથ તરીકે આ પુસ્તકને ખસૂસ આવકારવો રહ્યો, પ્રશંશવો પણ રહ્યો–એવા આશયથી કે ઇતિહાસના શોધકો અભ્યાસીઓ ક્ષેત્રકાર્ય કરીને આવા અભ્યાસો આપવા પ્રવૃત્ત બને.

આથી લેખક ડૉ. પોપટલાલ દોલતરામ વૈદ્ય અને સંપાદક પૂજ્ય આચાર્ય શ્રીકંચન-સાગરજી મહારાજ અભિનંદનના અધિકારી છે. અસ્તુ.

૩૦ ઓગસ્ટ ૧૯૮૪
ગણેશ–ચતુર્થી ૨૦૪૦
સંવત્સરી અમદાવાદ.

પ્રો. ડૉ.
રસેશ જમીનદાર



# સંપાદકીય

## હું કેમ ?

કપડવણુજની ગૌરવગાથાના લેખક ડૉ. પોપટલાલ વૈદ્ય મારા બાળસહાધ્યાયી હતા, એથી અવારનવાર તેઓશ્રીનો સંપર્ક રહેતો. એટલે કપડવણુજનો ઈતિહાસ એ આલેખવા માંગે છે, એવી વાતો થતી ત્યારે એ ઇતિહાસને માટે જોઈતા પુરાવાઓ લેવા મારો સહકાર સાધતા.

અત્રે મારે ઉલ્લેખ કરવો આવશ્યક છે કે મારા ગુરુદેવ પ. પૂ. ધ્યાનસ્થ સ્વર્ગત આગમોદ્ધારક આચાર્ય શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી સંવત ૧૯૯૬માં મેં પ્રતિમાના લેખો, હસ્તપ્રતોની પ્રશસ્તિઓ વગેરે બધું લેવાનું કાર્ય શરૂ કરેલું. એથી મારી પાસે કપડવણુજ અંગેના અનેક પુરાવાઓ હતા. મારું વનન પણ કપડવણુજ એટલે મેં પણ જુદા જુદા ગ્રંથોમાંથી મળતા કપડવણુજના પુરાવા એકત્રિત કર્યા હતા. આથી તેમના તે સહકારમાં મારા ભેગા કરેલા પુરાવાઓમાંથી કપડવણુજના બધા પુરાવાઓ જૈનોના મેં તેમને પૂરા પાડેલા. આવી રીતે મારો અને તેમનો (લેખક ડૉ. પોપટલાલ વૈદ્યનો) સંપર્ક ચાલતો. એટલે મેં તેમને સં. ૨૦૩૯ના માહમાં (ઈ. સ. ૧૯૮૩)માં ટપાલ લખી ત્યારે તેમના ચિરંજીવી દ્વારા જાણવા મળ્યું કે તેમના પિતાશ્રી તો અવસાન પામ્યા છે, એટલે મને થયું કે આ ઇતિહાસનું શું ? આથી તેમના ચિરંજીવી ડૉ. અમિત અને શ્રીદિનેશભાઈ, શંખેશ્વર મુકામે મને મળ્યા ને વાતચીતને અંતે નક્કી કર્યું કે હવે આ સંપાદનકાર્ય મારે સંભાળવું. એટલી વાત બરોબર છે કે તેમના પુત્રોને એ છપાવવું હતું ને પ્રેસને છાપવા માટે આપ્યું હતુ ને ચાર ફર્મા છપાયા હતા. એટલે એ બધી છાપકામ અંગેની સામગ્રી મને સોંપી.

બધી સામગ્રી મળતાં જોયું કે આને ફરી છપાવવું જોઈએ, એટલે નવેસરથી ડેમીને બદલે ક્રાઉન આઠ પેઇજમાં છપાવવાનું શરૂ કર્યું. જેટલું છપાયું નહોતું તેની હસ્તપ્રત પરથી ટાઇપકોપી કરાવી અને સુધારીને છાપવાનું શરૂ કર્યું.

**પ્રેસ અંગે** : ન્યૂમોહન પ્રિન્ટિંગ પ્રેસવાળા ડૉ. પોપટલાલ વૈદ્યના અત્યંત સ્નેહી હતા. આથી પહેલું તેમને કામ સોંપેલું એટલે આ નવેસરનું કામ પણ તેમને ત્યાં જ કરાવવું એવું નક્કી કર્યું. પણ ખરેખર ડૉ. અમિતના વિચારોથી એ પ્રેસને સોંપ્યું તે ભુલ જ થઈ છે અને એમાં જે અગવડ પડી તે શબ્દ દ્વારા રજૂ કરવાથી કશો અર્થ નથી. મારી જીંદગીમાં અનેક પ્રેસોને સંબંધ થયો છે અને પુસ્તકો સંસ્કૃત પાકૃત ગુજરાત છપાવ્યાં પણ આ પહેલો પ્રેસ છે કે જેને આવી અતીશય મુશ્કેલીમાં મને મુક્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**૮મું પ્રકરણ :** ડો. પોપટલાલે આ ગ્રંથની અંદર ૧૧ પ્રકરણો પાડયાં છે. તેઓએ ૧ થી ૭ અને ૯ થી ૧૧ પ્રકરણની સિરિયલ કોપી બનાવી હતી, પણ જૈનો અંગેનું આઠમું પ્રયરણ લખવાને માટે બધા જ કાગળો ભેગા કર્યા હતા પણ તેઓ તે પ્રકરણ સળંગ લખી શકયા ન હતા. આથી એ પ્રકરણના એમના કાગળો, મારો અનુભવ ને મળેલી માહિતી એના આધારે શ્રી જે. કે. ગાંધીને બેસાડીને તે આખું પ્રકરણ લખાવ્યું. લેખકનુનામ જે. કે. ગાંધી:રાખ્યું પણ ખરેખર તો લેખક હું છું. ડો. પોપટલાલના કરતાં કોઇ વિષય વધારે પણ આવ્યો હશે ને કાંઇ વિષય ઓછો પણ આવ્યો હશે, પણ જૈનો અંગેની સંપૂર્ણ માહિતી આજદિન સુધીની આમાં આપેલી છે.

**ફોટાઓ :** ડો. પોપટલાલે સ્થાપત્યકળાના ૬૧ ફોટાઓ લીધા હતા (૧). ૧૩ બ્લોક 'આગમજ્યોતિર્ધર'માં છપાયા હતા તે પ. પૂ. પં. અભયસાગરજી મહારાજ પાસેથી મળ્યા (૨). 'આગજ્યોર્ધર ભાગ–૧માં છપાયેલા ફોટા પરથી ૧૬ બ્લોક નવા બનાવડાવ્યા (૩). બીજા ૧૪ બ્લોક નવા ફોટા લેવડાવીને બનાવ્યા (૪) અને પાંચ ગામ (ગોધરા–સુણોલ–મહુધા કપડવણજ–કુણાવાડા–વેજલપુર)ના સાધુ–સાધ્વીના લિસ્ટમાં છપાયેલા ૪ બ્લોક (૫) લેવામાં આવ્યા છે, એ રીતે ૧૦૮ અને એક ટાઈટલ પેઈજ અને એક 'કીર્તિમાળ તોરણ' એમ કુલ ૧૧૦ ફોટાઓ અહીં લેવામાં આવ્યા છે.

**ક્રમ :** સ્થાપત્ય લેવામાં જે જે પ્રકરણમાં જે જે વિષય આવતો ગયો, ત્યાં ત્યાં ચિત્ર નંબર આપતા ગયા અને તે નંબરો પ્રમાણે બ્લોકનું પ્રિન્ટિંગ લીધું. બ્લોક નંબર અને પેઇજ નંબર તે અને ચિત્રનાં શીર્ષક (હેડીંગ) સાથે આપ્યાં છે.

કપડવણજની આ ગૌરવગાથા–ઈતિહાસ–એ સર્વદર્શનીય ગ્રંથ છે. આથી ટાઇટલ ઉપર તીર્થંકરની પ્રતિમાના (સંવત ૧૧૬૦ના) પરિકરનો એક ભાગ, ટાંકલાની દેરીનું સ્થાપત્ય, અષ્ટાપદનું દેરાસર, કડિયાદની મસ્જીદ, અમલી મસિદ ને રાધાકૃષ્ણમંદિરની જાળી–એ રીતે ચિત્રો મૂકીને સર્વદર્શનીય બનાવેલ છે. કીર્તિમાળ એટલે–તોરણ–જેનો વિષય અંદર વિસ્તારથી લીધો છે, તેવા કીર્તિમાળનો ફુલસાઇઝનો બ્લોક ચિત્રોની શરૂઆતમાં આપવામાં આવ્યો છે.

અત્રે એ વાત ખાસ કહેવી જોઇએ કે શ્રીમાન્ ડો. પોપટલાલે પોતાની જિંદગીની એક પચ્ચીસી, પોતાના વતનની ખાતર આ પુસ્તક લખવામાં ખર્ચી છે. જેમાં એમણે પોતાની આવક જતી કરીને પણ ઘણું બધું ભેગું કર્યું છે. અનેક વિદ્વાનોનો સંપર્ક સાધ્યો છે. એટલું જ નહીં પણ લગભગ સાઠ ગ્રંથોનો આ ગ્રંથ આલેખવામાં ઉપયોગ કર્યો છે. શ્રીમાન્ પોપટલાલે જેમને જેમને પોતાની હસ્તપ્રત વાંચવા આપી તેમાંથી કેટલાકે એમાંના કેટલાક ભાગો લીધા ને પોતાને નામે છપાવ્યા પણ છે. એમ કહીએ તો ચાલે કે એમણે આ પુસ્તક પાછળ ૪૦ વર્ષથી જીવ પરોવ્યો હતો જેનું આ ફળ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ ગૌરવગાથા માં ૧ થી ૧૧ પ્રકરણો આપવામાં આવ્યાં છે, જેમાં ઈતિહાસ–વાણિજ્ય–જલાશયો–મંદિરો–ધર્મશાળાઓ–કેળવણી—આરોગ્ય—જૈનો અને કપડવણજ ગામના માર્ગો–પોળો—જોવા લાયક સ્થળો—મેળા–ઉત્સવો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. એની આછી રૂપરેખા ડો. રસેશ જમીનદારે 'આવકાર'માં આપી છે. 'આવકાર' રૂપે ડો. રસેશ જમીનદારે જે લખી આપ્યું તે બદલ તેમનો હાર્દિક આભાર માનીએ છીએ.

શ્રીમતી નીલાબેન દિનેશભાઇ શાહે કેટલીક પ્રેસ કોપી વાંચી આપવામાં અને છાપેલા ફરમાઓ જોઈ આપવામાં સહાય કરી છે, તે બદલ તેમને અહીં યાદ કરીએ છીએ

આ ગૌરવગાથાનું પ્રુફ જોવામાં અત્યંત કાળજી રાખવા છતાં, કેટલીક ભૂલો સુધરાઈ નથી અને છપાઈ ગઈ છે, તેથી વાચકોને આમાંની ભૂલોને ક્ષમ્ય ગણી–સુધારી વાંચવા વિનંતિ છે.

મા–ગુર્જરીના વિદ્વાનો, સાહિત્યકારો, ઇતિહાસકારો, સંશોધકો આદિ સર્વ કોઇ શ્રીમાન્ ડો. પોપટલાલના આ પ્રયાસને વધાવી લેશે. વળી જ્યાં જ્યાં આ ગ્રંથનો તેઓ શ્રીને ઉપયોગ કરવા જેવો લાગે, ત્યાં ત્યાં ઉપયોગ કરવા હું ભલામણ કરૂં છું.

અમારી ભાવના છે–કે આ પ્રકાશનને ઘણું સુંદર રિતિએ સંશોધન કરીને કોઈ વિદ્વાન્ ફરી પ્રસિદ્ધ કરે. અને તેમ કરવામાં તેઓશ્રીને જોઈતાં બ્લોક–ચિત્રો વગેરે સામગ્રી અમને જણાવશે તો બનતી તમામ સહાય કરીશું. ડો. પોપટલાલે ઘણા વિદ્વાન્–અક્ષરો–મિત્રો વગેરેનો પરિચય કર્યો છે, તે બદલ તે સર્વ વિદ્વાન્ અક્ષરો, લેખકો, મિત્રોનો પણ અમે અંતરથી આભાર માનીએ છીએ.

અમારી આ ગ્રંથમાળાના વહીવટકર્તાઓ તેમાંયે સવિશેષ શ્રી રમણલાલ જયચંદ શાહને વળી દીનેશભાઈ નગીનદાસ પરીખને તેમની સેવા બદલ યાદ કરીએ છીએ સં. ૨૦૦૨માં મારા હાથે દીક્ષીત થનાર અને કાયમ મારી સાથે રહેનાર, અપ્રમત્ત વૈયાવચ્ચી મુનિશ્રીપ્રમોદ-સાગરજીએ આમાં જે અમૂલ્ય સહાય કરી છે, તે વિસરાય એમ નથી.

**અંતમાં એક બે વાત—એક તો** લેખક શ્રી વિદ્યમાન નથી અને પૂર્વના અઢી પ્રકરણો છપાઈ ગયેલાં હતાં, પરન્તુ તેની મૂળ કોપી ન હતી.

**બીજી વાત**—તે, લેખકશ્રીએ કયા આશયથી શું લખું છે, તે હું ન સમજી શકું એટલે જે હતું તે રીતે છાપવામાં આવ્યું છે. આથી આ ગૌરવગાથાના આલેખનમાં કોઈને પુરો ન્યાય ન મળ્યો હોય તે પણ સંભવિત છે. લેખકશ્રી તરફથી શકય ત્યાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુધી સર્વ પ્રતિ સમભાવ દાખવવામાં આવ્યો છે. કોઇના પક્ષકાર તરીકે કે કોઈને નીચા પાડવા તરીકે જરાક પણ ઉપયોગ કર્યો નથી. તેમ છતાં કોઇને કયાંક અન્યાય થતો હોય તો દરગુજર કરવા વિનંતિ છે.

મારી બુદ્ધિ અને શક્તિ પ્રમાણે પ્રયત્ન કરવા છતાં જે કોઇ ક્ષતિ છે તે વિદ્વાનોએ ક્ષમ્ય જ ગણવી જોઈએ એમ ઇચ્છું છું. માફી બક્ષવી જોઇએ. અંતે 'મિચ્છામિ દુક્કડમ.' દ્વારા ક્ષમા પ્રાર્થું છું.

જૈન દેરાસર, શાંતિનગર
ગોધરા–૩૮૯૦૦૧

આચાર્ય કંચનસાગર



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# કપડવણજની ગૌરવ ગાથા

## અવશેષની આરાધના

## વિષયાનુક્રમ


| | પાનાં |
|---|---|
| પ્રકાશકીય | ૧ |
| મારીવાત | ૨ |
| આવકાર | ૧૧ |
| સાંપાદકીય | ૧૯ |


## વિષયાનુંક્રમ


| | |
|---|---|
| ૧ ઐતિહાસિક નગર કપડવણજ | ૧ |
| ૨ વાણિજ્ય | ૩૦ |
| ૩ જળાશયો | ૪૪ |
| ૪ ધાર્મિક સ્થળો | ૬૧ |
| ૫ ધર્મશાળાઓ ઉપાશ્રય વગેરે | ૯૭ |
| ૬ કેળવણી | ૧૧૬ |
| ૭ આરોગ્ય વિભાગ | ૧૪૯ |
| ૮ જૈનો અને કપડવણજ | ૧૬૫ |
| ૯ પોળો | ૧૯૩ |
| ૧૦ મેળા ઉત્સવો | ૨૧૭ |
| ફોટાઓ નંબર ૧-૧૧૬ | ૧-૩૬ |
| પૂર્તિ ૧ | ૧ |
| પૂર્તિ ૨ | ૩ |
| પૂર્તિ ૩ | ૫ |
| પુર્તિ ૪ આધારભૂત ગ્રંથો | ૬ |
| વંદના | ૯ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



P. P. Ac. Gunratnasuri M.S.                    Jin Gun Aaradhak Trust

# સ્વ. ડૉ. પોપટલાલ દોલતરામ વૈદ્ય
# ડી. એ. એસ. એફ (મુંબઈ)

લેખક
**ડૉ. રતીલાલ હરીલાલ વૈદ્ય**

તેમનો જન્મ તા. ૯-૬-૧૩ માં થયો હતો. તેમણે બાપીકા ધંધાની આધુનિક જમાનાની ઉપાધી મેળવી બાપીકા ધંધાને ઉજાળ્યો છે.

તેમના કુટુંબીઓ આંબલીઆરા, ઘોડાસર, રમોલ, ડાભા, ખડાલ, પુનાદરા, લાલ માંડવા, તથા તેઓ પોતે ખાન્દુ સ્ટેટના ઠાકોરના રાજ્યમાં રાજ વૈદ્ય હતા.

શ્રીપોપટલાલ વૈદ્ય નીમક લડતના એક ઉત્સાહી અને સક્રીય સત્યાગ્રહી હતા. ૧૮ વર્ષની વયે આ રંગે રંગાઈ અભ્યાસ છોડયો અને ગાંધી ઇરવીન કરારમાંથી ફરીથી અભ્યાસમાં જોડાયા. વિદ્યાર્થીકાળ દરમ્યાન તેમણે કપડવણજ વ્યાયામ વિદ્યાર્થી સંઘ તથા કપડવણજ સેવા સંઘના દવાખાનામાં સેવાઓ આપેલી, અને ૧૯૩૨માં આંદોલનમાં જોડાઇ અભ્યાસ છોડયો, અને આ સ્વાતંત્ર યુદ્ધના સેનાનીએ અમાનુષી અત્યાચાર ભોગવ્યા. ૧૯૪૦ માં ફરીથી અભ્યાસ શરૂ કરી ૧૯૪૪ માં ડી. એ. એસ. એફ (મુંબઇ) ની ઉપાધી મેળવી. ખાન્દુ (જી-વાંસવાડા) માં ૧૯૪૫ માં ડાકતરી કારકિર્દી શરૂ કરી. સાથે સાથે આ. સિ. જેલ સુપ્રીટેન્ડર પણ બન્યા. છોટુભાઇ પુરાણી, ચંદ્રશંકર ભટ્ટ તથા વ્યાયામ પ્રેમી શ્રીકુબેરભાઇ પટેલની પ્રેરણાથી કેદીઓને માનવતાનાં મૂલ્યો શીખવવા ખૂબ રસ લીધો.

૧૯૫૦ માં મહાગુજરાત હોસ્પીટલ નડીયાદમાં આર. એમ. ઓ. તરીકે જોડાયા. ત્યાર બાદ ૧૯૫૪ માં ડેમાઇ તા. બાયડમાં પોતાનો સ્વતંત્ર ડૉકટરી વ્યવસાય શરૂ કર્યો. ડેમાઈ ગામમાં સંસ્કારમંડળની સ્થાપના કરી. ત્યાંના કેળવણી મંડળ તથા લાયબ્રેરી જેવી સંસ્થાઓનું પ્રમુખસ્થાન શોભાવ્યું. ડેમાઈની કેળવણી વિષયક તથા સેવાકીય સંસ્થાઓને સારૂં એવું દાન પણ કર્યું. તેમના સેવાભાવી અને કર્તવ્ય પરાયણ ધર્મ પત્ની સરસ્વતીબેને તેમના એવા કાર્યોમાં સાથ પુરાવી ડેમાઈને આગળ લાવવામાં સારો એવો સાથ આપ્યો છે. તેમને નાટકો લખવાનો પણ શોખ હતો. અભ્યાસ કાલ દરમ્યાન તેમણે "વીર પ્રતિજ્ઞા", "સાચો રાહ" તથા "યુગાવતાર" નામનાં નાટકો લખ્યાં અને અભ્યાસ કાળ દરમ્યાન તે ખંભાત, નડીઆદ અને કપડવણજ મૂકામે ભજવાયાં પણ ખરાં.

કપડવજ ગામનો હજારો વર્ષનો કડી બદ્ધ ઈતિહાસ અથાગ મહેનત કરી તૈયાર કર્યો. જે પૂજ્ય આ. શ્રીકંચનસાગર સૂરિજી મ.એ સારો એવો ઓપ આપી બહાર પાડયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## આભાર

આ ઇતિહાસ કે જેની પાછળ અમારા પૂ. પિતાશ્રીએ પોતાનુ અડધુ જીવન સમર્પિત કરી દીધુ, તેને અમારા પૂ. પિતાશ્રીના બાળ સહાધ્યાયી પ. પૂ. આ. કંચનસાગર મહારાજશ્રીનો પ્રેમાળ સાથ સાંપડયો, જેથી "અવશેષની આરાધના" ને નવુ રૂપ મળ્યુ. અમારા પૂ. પિતાશ્રીએ ઇતિહાસને જન્મ આપ્યો પણ તેનું પાલણ પોષણ કર્યું પ. પૂ. કંચન સાગર મહારાજશ્રીએ ! જેઓનું ઋણ અમો કયારેય ચૂકવી શકીએ તેમ નથી, તેવા દૈવી પુરુષને અમારા કોટી કોટી વંદન. અમારા પૂ. પિતાશ્રીના પરમ મિત્ર પૂ. મધુકાકા, અમારા વડીલ બંધુ ડો. રતીભાઈ કે જેમણે અમોને હંમેશા હુફ આપી. ભાઈ વસંતભાઇ, શ્રીદિનેશભાઈ તથા મોહન પ્રિન્ટરીવાળા હરીવલ્લભકાકાને પણ કેમ ભૂલાય ? અમારા પૂ. માતૃશ્રી ગં. સ્વ. સરસ્વતીબેન, અમારા બેન બનેવી ગુણવંતરાય, અશોકકુમાર, પ્રવિણકુમાર ડો. ભૂપેન્દ્રકુમાર, અ. સૌ. જયાબેન, અ. સૌ. દક્ષાબેન અ. સૌ. કોકિલાબેન, અ. સૌ. પૂર્ણિમાબેન કે જેઓએ અમારા પૂ. પિતાશ્રીનું આ મહા સ્વપ્ન સાકાર થાય અને ઇતિહાસ પ્રસિદ્ધ થાય તે માટે ઉત્સાહિત કર્યા. અમારા દવાખાનનો સ્ટાફ જેઠાકાકા, રમેશભાઇ, જવાનશીંગ તથા અમારા કુટુંબીજનોએ પણ આ ભગીરથ કાર્યમાં સહાય કરી, જૈન બંધુઓ, આગમોદ્ધારકગ્રંથમાલા, કપડવણજનો વડીલ વર્ગ, પૂ. પ્રમોદસાગર મહારાજશ્રી તથા ક્રિયેટીવ પ્રેસના સંચાલકોના પણ અમો ઋણી છીએ. વંદનાદિ દ્વારા આર્થિક મદદ કરનાર દાતાઓના પણ આભારી છીએ. અણજાણે કોઈ સ્થતિ રહી હોય તો ક્ષમ્ય ગણશો.

આભાર સહ

ડો. અમીત પી. વૈદ્ય
ડો. વિનોદ પી. વૈદ્ય
પંકજ પી. વૈદ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# વિમોચન પ્રસંગ

તાજેતરમાં સં. ૨૦૪૧ માગશર વદ ૧ ને રવિવાર તારીખ ૯–૧૨–૮૪ના મંગલ પ્રભાતે ૯=૦૦ સમયે મીઠાભાઈ શેઠની ખડકી, શેઠ મીઠાભાઈ ગુલાબચંદ જૈન ઉપાશ્રયમાં સ્થાપત્યકલા અને પ્રાચીન મંદિર–મૂર્તિઓના જ્ઞાતા અને સંશોધક ડો. હરિલાલ આર. ગૌદાનીના પ્રમુખપદે કપડવણજના વતની અને ડેમાઈને પોતાનું કર્મક્ષેત્ર બનાવી ડોક્ટરી અર્થે નિસ્પૃહી સેવા અર્પતા રહેલા અજાત શત્રુ ડો. પોપટલાલ દોલતરામ વૈદ્યના ઘણા વર્ષોના પરિશ્રમ અને સંશોધનના પરિપાકરૂપ ‘શ્રીકપડવણજની ગૌરવગાથા’ અણમોલ ગ્રંથની વિમોચનવિધિ આચાર્ય કંચનસાગરસૂરિ મહારાજના વરદ્ હસ્તે યોજાઇ હતી. પ્રારંભમાં જૈન ભક્તિ મંડળની ભગિનીઓએ પ્રાર્થના અને મંગલગીતની અસ્વર પેશગી કરેલી. વિમોચન વિધિ કાર્યક્રમના પ્રમુખ સ્થાન માટે ડો. હરિભાઇ ગૌદાનીની દરખાસ્ત અને ટેકા બાદ સ્વાગત ગીત રજૂ થયેલ, ત્યારબાદ સ્વર્ગસ્થ ડો. પોપટલાલ વૈદ્યના સુપુત્ર ડો. અમિત વૈદ્યના વરદ્ હસ્તે મંગલ દીપક પ્રગટાવવામાં આવેલ, ત્યારબાદ ડો. રતિલાલ એચ. વૈદે આ સમારંભના વરાયેલા પ્રમુખશ્રી ડો. હરિભાઇ ગૌદાનીનું કુલહારથી સ્વાગત કર્યું હતું. જાણીતા ઇતિહાસકાર શ્રીરમેશભાઇ જમીનદારે તેમજ વડોદરાના એમ. એસ. યુનિવર્સિટીના પ્રો. રમણલાલ નાગરજી મહેતાએ પ્રાસંગિક પ્રેરક અને સંશોધક પ્રવચનો કરેલ, જેમાં પ્રો. ધીરુભાઇ પરીખ, શ્રીમનોહર પ્રસાદ ભાવસાર (કવિકલાથી) ડો. અમીત વૈદ્ય, ડો. રતિલાલ વૈદ્ય, શ્રી રસિકકુમાર શાહી, વાડીલાલ બા દેસાઇ, તેમજ એડવોકેટ શ્રીનગીનભાઈ વકીલ વિગેરે એ સ્વર્ગસ્થના સંસ્મરણો તાજાં કરી સ્વર્ગસ્થનો આત્મા આ ટાણે અણમોલ આનંદ અનુભવતો હશે, એવી અભિપ્સા અભિવ્યક્ત કરેલી. અંતમાં પ્રમુખ સ્થાનેથી ડો. હરિભાઇ ગૌદાનીએ સ્વર્ગસ્થના સંશોધન ગ્રંથને બિરદાવી પોતાના પ્રમુખસ્થાને થતાં તેના પ્રગટીકરણના પ્રસંગને હૃદયના પ્રાદુર્ભાવથી અભિભૂત કર્યો હતો. ત્યારબાદ ગ્રંથનું વિમોચન કરનાર પ. પૂ. આ. કંચનસાગરસૂરિ મહારાજે આશીર્વાદ પ્રવચન આપ્યું હતું. અંતમાં આભાર વિધિ શ્રીઅભયદેવ સૂરિશ્વર જ્ઞાન ભંડારના પૌઠ માસ્તરૂ કરી હતી, સમગ્ર કાર્યક્રમનું આયોજન અને ઉદ્ઘોષણ શ્રીનિરૂપમભાઇ પરીખે કરેલ. કાર્યક્રમ સમાપન્ન બાદ ભોજન લેવાયા પછી, કવિ કલાથી સાથે ડો. હરિભાઈ ગૌદાની, ડો. રમેશ જમીનદાર, પ્રો. રમણલાલ નાગરજી મહેતા, તેમજ બાલ લેખક શ્રીશિવમ્ સુન્દરમ્ કચેરીના પટાંગણમાં આવેલ લાડલી બીબી તેમજ દુદુબાદશાહની દરગાહની મુલાકાત લઇ, તેમના દિદારના દર્શન કરી કચેરીના દરવાજાના ઓતરંગની ફોટોગ્રાફી કરી હતી. ત્યારબાદ ત્રિવેણી પાર્ક પાસેના પુરાતત્વ કાળમાં ગળાતા લોખંડની ભટ્ઠીઓના ટેકરાઓની મુલાકાત લઇ, જરૂરી લોખંડના માટી મિશ્રિત ગચિયાં એકઠાં કરી સંશોધન માટે લઈ ગયેલ. આ કાર્યક્રમમાં મૂગી સેવા રૂપ મૂક સેવકો પૈકી શ્રીમધુસૂદન ત્રિવેદી તેમજ શ્રીદિનેશ પરીખે આદિ અંત આદ્યન્ત હાજરી આપી હતી.

—કવિરાજેન્દ્ર શાહ

## ખાસ સુધારા વધારા

૧ વહાણવટી માતા, સ્થળ–ઘડીયા
૨ નવી પાંજરાપોળની જમીન. શેઠ જાબીરભાઇ મહેતાએ ભેટ આપેલ છે.
૩ કપડવણજના અજોડ કવિ રાજેન્દ્ર શાહ છે.
૪ ચિત્રકારોની હરોળમાં ઉભા રહેનાર કપડવણજના ચિત્રકાર સોમાભાઇ શાહ છે.
૫ રત્નાકર એટલે સમુદ્ર તેની માતા એટલે રત્નાકર–રત્નાગર માતા.
૬ આર્ટ્સ કોલેજ શેઠ કેશવલાલ સોમેશ્વરના દાનથી થઈ.
૭ સાયન્સ કોલેજ શેઠ સી. પારેખના દાનથી થઈ.
૮ કોમર્સ કોલેજ વી. એમ. પારેખના દાનથી થઈ.
૯ સવાઇલાલ ચુનીલાલના સસરા નહિ પણ ચુનીલાલ છગનલાલના સસરા એમ વાંચવું.
૧૦ કપડવણજની પશ્ચિમે કયારેક કયારેક જમીનમાંથી મુસ્લિમ શિક્કા નીકળે છે, પૂર્વમાં હિન્દુ ખજાનો નીકળે છે
૧૧ તોરણાની વધમાનના બદલે 'તોરણોની વર્ધમાનતા' વાંચવું.
૧૨ માધવ સ્ટુડીયોએ પહેલાં ફોટા લીધેલા ને તે પછી તેમના સ્ટુડીઓનું નામ ઉદય સ્ટુડીઓ થયું. તેમને વૈદ્યને ફોટાઓ લેવાને માટે સંપૂર્ણ સહકાર આપ્યો છે.

### વંદના છપાયા બાદ આવેલ અર્થિકસહાય

| | | |
|---|---|---|
| અમૃતલાલ ચુનીલાલ શાહ | | ડેમાઈ |
| જયંતીલાવ ચુનીલાલ શાહ | | ડેમાઇ |
| ડો. અરવિંદભાઈ ચુનીલાલ શાહ | | ડેમાઇ |
| ઇન્દ્રવદનભાઇ (રાકેશ કો. પો.) | | ડેમાઇ |
| કનૈયાલાલ મફતલાલ શાહ | | બાયડ |
| જયંતિલાલ કે. | અમુના કેમીષ્ટ | બાયડ |
| સુભાષભાઇ કે. | અમુના કેમીષ્ટ | બાયડ |
| જયકુમાર આર. શાહ | નેશનલ સ્ટોર્સ | સાઠંબા |
| કનુભાઇ શાહ | શ્રી નાથજી મેડીકલ | ડેમાઇ |
| રજનીકાંત શાહ | કૃષ્ણ મેડીકલ | ડેમાઇ |
| પંકજભાઇ પી. વૈદ્ય | | ડેમાઇ |
| ચીનુભાઈ રમણલાલ શાહ | કપડવણજ | (સુરત) |
| ચીનુભાઈ સોમાભાઇ દોસી | કપડવણજ | (સુરત) |
| અરવિંદભાઇ ચંદુલાલ શાહ | કપડવણજ | (મુંબઈ) |
| ડો. કુમુદ જી. ગાંધી | કપડવણજ | (સુરત) |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# કપડવણજની ગૌરવ ગાથા

## ગૌરવ પહેલું

## ઐતિહાસિક નગર કપડવણજ

### પૌરાણિક કપડવણજ

પ્રાચીન અર્વાચીન કપડવણજનું અસ્તિત્વ કયા કાળમાં થવા પામ્યું ? કયા ચોક્કસ દિવસે અને કોણે વસાવ્યું ? તેનો ઈતિહાસ અથવા તો કોઈ દંતકથા ક્યાંય મળી નથી. છેક પુરાણકાળમાં પ્રાતઃ સ્મરણીય ભગવાન રામચંદ્રજીએ પિતૃઆજ્ઞાને આધિન ૧૪ વરસના વનવાસના દિવસોમાં આ ધરતીને પાવન કરેલી મનાય છે. અવધપુરી થતાં લુણપુરમાં મહારાજા દશરથનું શ્રાદ્ધ કરી તેને પાવન કરેલું. શ્રાદ્ધ માટે ભુદેવોને આમંત્રણ આપેલું પણ પાણીનું મહાસંકટ હતું, આથી તે સમયે સ્વયં ભગવાને રામબાણ વડે તે સંકટ દૂર કરેલું ત્યારથી આ સ્થળને 'રામક્ષેત્ર' કહેવામાં આવે છે. 'રામક્ષેત્ર'તે જ હલનું આપણું લસુંદ્રા.

રામાયણ કાળમાં શ્રીઉત્કંઠેશ્વર મહાદેવ જાબાલીમુનિની ઉત્કંઠાથી વેત્રવતી(વાત્રક)-ને કાંઠે પ્રગટ થયા. મહાભારત કાળમાં કેદારેશ્વર મહાદેવની સ્થાપના થઇ. પરંતુ એ કાળમાં કપડવણજનું અસ્તિત્વ હતું કે કેમ તેનો કોઈ ખાસ ઉલ્લેખ નથી.

( કાશ્યપ ગંગા ) –વેત્રવતીના કિનારા ઉપર આ સમયમાં ઋષિમુનિઓના આશ્રમો જ હતા. કપડવણજ અને તેની આજુબાજુની ધરતી વલ્લરીથી આચ્છાદિત લીલીછમ રહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉંચા ઉંચા વૃક્ષોની ઘેરી ઘટાઓથી કુદરતે સૌ કોઈને અપૂર્વ શાન્તિ મળે તેવી સગવડ કરી આપેલ છે. (કપડવણજની આસપાસનાં જંગલો, જ્યાં હિંસક રાની પશુઓના વાસ હતા. પહેલાં આ જંગલોને લીધે કેટલાકોએ તેને "હિડમ્બા વન" તરીકે ઓળખમાં લીધેલ, પણ ખરેખર આ સ્થળ (જંગલ) છે........"હિડમ્બા વન" નથી.)

## ગુજરાતમાં રાષ્ટ્રકુટ વંશ અને તેમાં કર્પટવાણિજ્યનો ઉલ્લેખ :

કપડવણજથી નીકળેલા તામ્રપત્રોના આધારે ગુજરાતનો રાષ્ટ્રકુટ વંશનો રાજવી ધ્રુવસેન બીજાના ભાઇ દન્તીવર્માનો પુત્ર અકાલવર્ષ કૃષ્ણ હતો (વિ. સં. ૯૪૪). અકાલવર્ષના સામંત પ્રચંડનો પિતા ધવલપ્પા ગુજરાતનો તે સમયનો દંડનાયક હતો. ઉપરોકત તામ્ર પત્રોમાં ધવલપ્પાને ગુજરાતનો દંડનાયક નીમ્યાનું લખે છે.

અકાલવર્ષના સામંત પ્રચંડે ખેટક (ખેડા), કર્પટવાણિજ્ય, હર્ષપુર વગેરે ૭૫૦ ગામોનો મહાસામંત, પ્રચંડ, અને દંડનાયક તરીકે ચંદ્રગુપ્ત હતો. ખેડા જિલ્લો થોડા સમય માટે પ્રતિહાર રાજાના હાથમાં ગયેલો. ધવલપ્પે પ્રતિહાર મહીપાળદેવના હાથમાંથી જીતી વિ. સં. ૯૬૬ પહેલાં રાષ્ટ્રકુટના હાથમાં પાછો સોંપેલો. અકાલવર્ષે ખેટક મંડળનો વહીવટ ધવલપ્પાને સોંપેલો. અકાલવર્ષ મહારાજાએ આ જિલ્લાનો ભાગ મહાસામંત પ્રચંડને જાગીરમાં આપ્યો હોય, અગર તો તેના પિતા ધવલપ્પાને તેની બહાદુરી માટે પણ આપ્યો હોય.

અકાલવર્ષ ત્રીજો (કૃષ્ણ રાજ) કે જે પૃથ્વીવલ્લભ તરીકે ઓળખાતો (વિ. સં. ૯૯૬–૧૦૨૩). તે સમયમાં ખેડક મંડળના મહામંડળેશ્વર રાજા સીયાક હતા એમ લાગે છે.

રાષ્ટ્રકુટ રાજાઓના અમલ દરમિયાન એક વખત કર્પટવાણિજ્ય (કપડવણજ) સુધીનો ખેડા જિલ્લાનો ભાગ લાટ મંડળમાં ગણાતો. પાછળથી રાજ્યવહીવટની દૃષ્ટિએ બે ભાગ પાડવામાં આવ્યા. એક ભાગને લાટ મંડળ અને બીજા ભાગને ખેટક મંડળ.

### તામ્રપત્રો પરના લેખો

<u>पतरुं बीजुं 'अ'</u>

पंक्तिः (१) थी (३०)

(३१) सर्घानागामि

(३२) भद्रनृपतिमहासामन्तामात्य–
व लधिकृतविषइकमहत्तरात् (।) समनुबोध

(३३) यत्यस्तु वः संविदितं यथा
श्रीखेटकहर्षपुरकासद्रहपततत् (।) अर्द्धाष्टम-

(३४) यं समधिगतपंचमहाशद्ब-
महासामन्तप्रचण्डदण्डनायकश्रीचन्द्रगु-

(३५) प्ते (१) मया श्रीहर्षपुराद्धाष्टम-
शतान्त (:) पाति (क)र्प्पटवाणिज्यचतुर (।) शीति-

पतरुं बीजुं 'ब'

(३६) काप्रतिबद्धरुरिद्धादशकान्त (:) पातित्र्याग्रासग्रामः
सवृक्षमालाकुलः सदण्डदशाप-

(३७) राधः सशीमापर्यन्त (:) सकाष्ठतृणकूप-
तडागोपेतः सभोगभाग (:) सहिरण्यः चतुराघाटनो--

(३८) पलक्षितः घाणके पलसमेतः (समभिलिख्यते) ।
आघाटनानि अभिलिख्यन्ते । पूर्वतः पंयो-

(३९) डाग्राभो विरखावल्ली च । दक्षिणतः केरडवल्लीग्रामो
(।अ) रलुवकग्रामश्च । पश्चिमत (:) नावा-

(४०) लिका अपूवल्लो च । उत्तरतः अम्बाउञ्च ग्रामः (।)
एवं चतुराघाटनोपलक्षितः वल्लुरिका-

(४१) ग्रामः भट्टवास्तव्यवाजि मध्यन्दिन-
भरद्वाजसगोत्रसब्रह्मचारी ब्राह्मणब्रह्मभट्ट वत्स

(४२) सुताय (।) स्नात्वौदकातिसर्ग बलिचरूकवैश्वदेवार्त्थ
प्रतिग्रहेण प्रतिपादितः (।) तदर्थम-

(४३) स्मप्रदत्त धर्म्मदाय(:) सर्व्वैरवा गामिभोक्तृभिः
अस्योपरोधात्पालनीयो (अ) नुमन्तव्य-

(४४) श्च. (।)

पतरुं त्रीजुं

(५८) हाटकं क्षितिमो

(५९) रीणां सप्तजन्मानुगं फलं ।
स्वहस्तोयं श्रीमदकुकस्य श्रीधवलप्पसु-

(६०) नोः । शक संवत् ८३२ वैशाखशुद्ध
पौर्णमास्यां महावैशाख्यां पुर्व्व

(६१) देवब्रह्मदायर्ज्जो दत्तः (।)
लिखितमिदं शासनं कुलपुत्रकेणाम्मैय

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(६२) केन नेमादित्यसुतेनेति ।
यदत्रोनाक्षरमधिकाक्षरा तत्सर्व्वं प्रमा-
(६३) णमिति व्यासतुलयोपि मुह्यति ॥
स्वहस्तोयं श्रीचन्द्रगुप्तस्य ॥

(ગુજરાત ઐતિહાસિક લેખ ભા–૨ પૃ. ૧૧૮–૧૧૯)

## પતરુ પહેલું

પહેલા પતરાના શ્લો. ૧ થી ૧૮ અને પતરુ બીજુ અ માં શરૂ થતા શ્લોક ૧૯ આ બધા શ્લોકમાં રાષ્ટ્રકુટ રાજાઓની વીરતાની યશગાથા અને વંશનું વર્ણન કર્યું છે. વીસમા શ્લોકથી સાબિત થાય છે કે મહારાજા અકાલવર્ષા ૭૦૦ ગામ ભોગવતા હતા. ૩૧ મા શ્લોક: અર્થાત્ ૩૧ મી પંક્તિથી ભવિષ્યમાં થનારા બધાભદ્ર નૃપતિઓને, મહાસામન્તોને, અમાત્યોને, લશ્કરના અધિકારીઓને, જિલ્લાના હાકેમોને અને મ્હોટેરાઓને આ રાજા જણાવે છે કે તમારે જાણવું જે–શ્રીખેટક, હર્ષપુર, અને કાસદ્રહનાં સાડા સાતસેં ગામોમાં જ્યારે પંચમહા શબ્દને પામેલા મહાસામન્ત પ્રચંડના દંડનાયક શ્રીચંદ્રગુપ્ત હતા ત્યારે, મેં હર્ષપુરનાં સાડા સાતસે ગામોની અંદર આવેલ કર્પટવાણિજ્ય ચોરાશીમાં રહેલ સૂરિદ્ધા દશકમાં આવતું વ્યાઘ્રાસ ગામ, વૃક્ષમાલા સહિત, દંડની અને દશ અપરાધની શિક્ષાની સત્તા, સાથે, સીમા સુધ્ધાં, કાષ્ટ, તૃણ, કૂપ, તગાડ સમેત ભોગ અને ભાગ સહિત, સુવર્ણ સહિત, ચાર સીમા સાથે, ઘાસતૃણ સુદ્ધાં, લખી આપ્યાં છે. સીમા લખવામાં આવે છેઃ– પૂર્વે પથોડા ગામ અને વિત્ખાવલ્લી, દક્ષિણે કેરડવલ્લી, ગામ અને અરલુવક ગામ, પશ્ચિમે નાવાલિકા અને અપૂવલ્લી અને ઉત્તરે અમ્બાઉંચ ગામ એવી ચતુઃસીમાથી ઓળખાતું વલ્લુરિકા ગામ ભટ્ટનિવાસી ભરદ્વાજસગોત્ર વાજિમાધ્યંદિન (શાખા) ભણનાર, વવ્વના પુત્ર, બ્રાહ્મણ બ્રહ્મભટ્ટને, બલિ, ચરૂ, અને વૈશ્વદેવ અર્થે, સ્તાનઉદક ત્યાગપૂર્વક, દાનમાં આપવામાં આવે છે. માટે અમે આપેલું ધર્મદાન બધા ભાવિ રાજાઓએ, અમારું ઉલ્લંઘન કર્યા વગર પાળવું અને માન્ય રાખવું.

પં. ૪૪ થી ૫૮ માં શ્રીવ્યાસ ઋષિએ કહ્યું છે કે દાન કરનાર ૬૦ હજાર વર્ષ સ્વર્ગ ભોગવે છે, અને જપ્ત કરનાર તેટલાજ વર્ષો નરક ભોગવે છે. તે વગેરે લખાણ છે.

પં. ૫૯ થી શ્રીધવલપ્પાનો પત્ર શ્રી અક્કુકનો હસ્તદસ્તક છે. શક સંવત ૮૩૨ વૈશાખ સુદ્ધ પૂર્ણિમાએ મહાવૈશાખી તિથિએ પૂર્વે કરાયેલા દેવદાન કે બ્રાહ્મદાનનો અપવાદ રાખીને દાન કર્યું છે. નેમાદિત્યના પુત્ર કુલપુત્રક અમ્મૈયકે આ શાસન લખ્યું છે. આમાં જ્યાં અખર ઉનકે અધિક હોય તે સઘળું પ્રમાણ છે. વ્યાસ જેવા પણ ભૂલે

છે. શ્રી ચન્દ્રગુપ્તનો આ સ્વહસ્ત (દસ્કત) છે. (ગુ. ઐ. લે ભા. ૨ પૃ. ૧૨૦. ૧૨૧)

આ દાન પત્ર ગુજરાતમાં કપડવણજ મુકામે પ્રાપ્ત થયું હતું. આ દાનપત્રો (તામ્રપત્રો) ઉચાં વાળેલા કાંઠાવાળાં ત્રણ તામ્રપત્રો પર કોતરેલાં છે. દરેક પતરાનું માળ આશરે ૧૧½" × ૮½" નું છે.

બીજાં જાણવામાં આવેલાં દાનપત્રોની મુદ્રમાં શિવની આકૃતિ હોય છે, પણ આ દાનપત્રની મુદ્રા ઉપર ગરુડની આકૃતિ છે. તેથી કૃષ્ણ ૨જો શૈવ નહોતો પણ વૈષ્ણવ હતો એવું અનુમાન થઈ શકે છે. (ગુ. ઐ. લે ભા.૨ પૃ. ૧૧૪)

દાનપત્રમાં વર્ણવેલાં ગામો પૈકી નીચેના ગામો ડો. બ્યુલરે ઓળખાયેલ છે.

| તામ્રપત્રમાંનું નામ | | હાલનું નામ |
|---|---|---|
| कर्पट्वाणिज्य | — | કપડવણજ |
| व्याघ्रास | — | ગાયકવાડી વઘાસ |
| पंथोडा | — | પંથોરા |
| अरलुवक | — | લરૂજી મૂઆડું (વઘાસની દક્ષિણે) |
| अपूवल्ली | — | અબુવેલ (ગુ. ઐ. લે. ભા. ૨ પૃ. ૧૨૦) |

કપડવણજનું કૃષ્ણ બીજાના (અકાલ વર્ષના) દાનપત્રનો વંશવેલો.

કૃષ્ણરાજ ૧લો અથવા શુભતુંગ
|
ધ્રુવરાજ અથવા નિરુપમ
|
ગોવિંદરાજ ૩ જો
|
મહારાજપણ્ડ
|
શુભતુંગ અથવા અકાલવર્ષ અર્થાત્ કૃષ્ણ ૨ જો (ગુ. ઐ. લે. ભા. ૨ પૃ. ૧૧૪)

આથી એ સિદ્ધ થયું છે કે શક સવંત ૮૩૨ થી કર્પટવ.ણિજ્ય એ એક અનુપમ હતું જ. (આચાર્ય ગિરજાશંકર વલ્લભજી સંપાદિત ગુજરાતના ઐતિહાસિક લેખો ભા. ૨જો પ્રકાશક :– ગુજરાત વિદ્યા સભા. ના આધારે આ લીધું છે.)

રાષ્ટ્રકુટ વંશના મહાનુંભાવો વૈષ્ણવ સંપ્રદાયને માનતા હોય તેમ જેમ તામ્રપત્રથી જાણવા મળે છે, તેમ તે સમયના ભગવાન વિષ્ણુની મૂર્તિઓ જોતાં પણ લાગે છે. આ મૂર્તિઓ ટાંકલાની ડુંગરોના ખોદકામો કરતાં જડેલ છે. થોડીક મૂર્તિઓ મુંબઈ મ્યુઝિયમમાં લઈ જવામાં આવેલ. જે થોડીક–ત્રણેક મૂર્તિઓ હાલમાં કપડવણજમાં છે **(જુઓ ચિત્ર નં.૧–૨)**

ઉપરોક્ત લખાણો અને તામ્રપત્રોના લેખો પર– –"કર્પટવાણિજ્ય" શબ્દ વાંચતાં ખ્યાલ આવે છે કે કપડવણજ વિ. સં. ૯૬૬–શક સં. ૮૩૨ પહેલાનું પ્રાચીન છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ચાવડા વંશમાં કર્પટવાણિજ્ય પ્રદેશ :

ગુજરાતમાં ચાપોત્કટ(ચાવડા)-વંશનો અમલ શરૂ થયો. ત્યારે તેના માંડલીકો પ્રાચીન કર્પટવાણિજ્યને શોભાવતા હતા. તે સમયના રાજપુરુષોએ હાલ જ્યાં ટાંકલાની ડુંગરી કહેવાય છે, તે સ્થળ પાસે એક સુંદર સરોવર તેમજ કુળદેવી શ્રીહર્ષદ(હરસિદ્ધ) માતાનું મંદિર બંધાવેલ હોવાનો સંભવ છે. આ ટાંકલાની દેરી પાસે દેખાતાં ભગ્નાવશેષો કોઈ ભવ્ય સ્થળની ખાત્રી કરાવે છે. આજે દેખાતા મોટા ટીંબા પોતે ભૂતકાળના ગૌરવવંતા સ્મિતને છતું કરવાનો પ્રયત્નો કરતા ઊભા રહ્યા છે.

## જૈન સાહિત્યમાં કર્પટવાણિજ્યનો ઉલ્લેખ :

રાજપૂત યુગમાં વર્ચસ્વ જૈનોનું હતું. આ સમયમાં કર્પટવાણિજ્યમાં શ્રીવાચકગચ્છીય પૂ. આચાર્ય શ્રીજિવદેવસુરિજીના શિષ્ય પૂ. આચાર્ય શ્રીજિનદત્તસૂરિશ્વરજીના ઉપદેશથી એ સમયના ધનકુબેર પુણ્યાત્મા **શ્રીગોવર્ધન*** શ્રેઠીએ **શ્રીનંદીશ્વર** દ્વિપના બાવન દેરાસરના જૂથના સંભારણારૂપે વાસુપૂજ્ય પ્રભુનું બાવન દેવકુલીકાસહનું વિમાન જેવું ભવ્ય જિનાલય બંધાવ્યું.

ઈ. સં. ના દશમા સૈકાથી તેરમા સૈકા સુધીના ગાળામાં ગુજરાતના સ્થાપત્યમાં ઘણો વિકાસ જોવા મળે છે. એ વિકાસક્રમમાં કપડવણજનાં પણ સ્થાપત્યની રચના થએલ. ધર્મ ખાતર શ્રેષ્ઠીઓએ ભંડારો ખુલ્લા મુકયા હતા. કલાધરોએ અંતરમાં જાગતા અરમાનોને આકાર આપ્યો હતો. કપવણજને સંસ્કાર તેમજ ધર્મભાવના પ્રત્યેના અનુરાગને અમર બનાવ્યો હતો.

આ સમયના ધર્મનિષ્ઠ પુણ્યાત્મા વાયડા કુલદીપક શ્રીગોવર્ધન શ્રેષ્ઠને ગુણવાન ચારિત્રશીલ સોઢા નામની પત્ની હતી. તેમને એક પુત્રી અને ચાર પુત્રો હતા. શ્રીગોવર્ધન શેઠના બે પુત્રો અમ્મય અને સિદ્ધ, એ બેએ પિતાની સાથે દીક્ષા લીધી હતી. ત્રીજો પુત્ર જજ્જનાગ પોતાની પત્ની સુંદરી સાથે છત્રાવલ્લીમાં વસવા ગયો. ત્યાં તેને સુંદરીની કુક્ષિએ પ્રતિભાશાળી બે પુત્રો થયા. શિષ્ટ અને વીર. જેમણે ધર્મ કાર્યો કર્યાં અને નાના મોટા સંઘો કાઢયા. ચોથો સૌથી નાનો નન્નય પોતાની પત્ની સાવિત્રી સાથે પિતાની ગાદી પર કર્પટવાણિજ્યમાં રહ્યો. તેમને બે પ્રભાવિશાળી પુત્રો-ગોપાદિત્ય અને કર્પદી નામે હતા. બંને ભાઈઓ ધાર્મિક વૃત્તિના હતા. શ્રીકર્પદી શેઠે કર્પટવાણિજ્યના આંગણેથી શેત્રુંજય વગેરે સ્થળો તરફ સંઘો કાઢયા હતા. તેઓ પોતાના ફોઈ 'શ્રી' બહેનના પુત્ર યશોનાગ વગેરે સાથે જ વતનમાં રહેલા. શ્રીયશોનાગનાં પવિત્ર-ધાર્મિક પત્ની પાલીએ કર્પટવાણિજ્યના આંગણે વિ. સં. ૧૧૬૦ ઇ. સ. ૧૧૦૪માં શ્રીચૌમુખજીની સ્થાપના કરેલી (વાંચો શીલાલેખ, **જુઓ ચિત્ર નં. ૩**) શ્રીગોવર્ધન શ્રેષ્ઠીના પૌત્ર 'વીર'ના પુત્ર યશોદેવ પણ પૂર્વજોની શ્રેષ્ઠતાને સાચવનાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

※ કપડવણજના વાયડ કુળના પ્રથમ શ્રેષ્ઠી વિ. સં. ૧૦૦૦ લગભગમાં
ગોવર્ધન........સ્ત્રી સોઢી

શ્રી

- પુત્રી ↓ ભાણેજ યશોનાગ સ્ત્રીપાલી — કપડવણજમાં ચૌમુખજીની સ્થાપના કરી. વિ. સં. ૧૧૬૦
- અમમ્ય ↓ ગોવર્ધન શેઠ સાથે આ બે પુત્રોએ દીક્ષા લીધી
- સિદ્ધ ↓
- જજ્જનાગ ↓ સ્ત્રી સુંદર (છાત્રાવલીમાં ગયા, હાલનું છત્રપુરા)
  - પુત્રો ↓ શિષ્ટ, વીર ↓ મહાવીર ચરીત્ર પૂર્ણ કરાવ્યું. વિ. સં. ૧૧૩૯ જેઠ સુદ ૩ ને સોમવાર ગુણચંદસૂરિ પાસે રચાવડાવ્યું.
  - ગોપાદિત્ય, કપર્દી ↓ બંને ભાઈઓ કપડવણજમાં ફોઈના દીકરા યશોનાગ સાથે રહ્યા.
- નન્નય ↓ સ્ત્રી સાવિત્રી

સજ્જન હતા. તે સમયના (રાજપુત યુગના) શ્રીનન્નય ઠાકોરની વિનંતીથી પૂ. આચાર્ય શ્રીદેવભદ્રસુરિજીએ (પ્રાકૃતમાં) સર્વાંગ સુંદર **શ્રીપાર્શ્વનાથ ચરિત્ર**ની રચના કરી. (ભરૂચમાં આ ગ્રંથ સંપૂર્ણ થએલ.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"શ્રીગુણચંદ્ર ગણી રચિત **મહાવીર ચરિત્ર**ની પ્રશસ્તિના શ્લોકોમાં આ પૂણ્યવંત શ્રેષ્ઠીનો પરીચય સુંદર રીતે આપેલ છે.

" તેહિં તો પડિબુદ્ધો વાયડકુલજશપડાય સન્નિભો ।
કપ્પડવાણિજ્જપુરે, સેટ્ઠી ગોવદ્ધણો આસી ॥
ણંદીસરાવલોયણ ભવ્વાણદંસણત્થં ચ ।
કારાવિયં સુતંગ લાવણ્ણા જિણાલયં જેણ ॥

(આગમ જ્યોતિર્ધરમાંથી, પૂજ્ય. અભયસાગરજી મહારાજ સાહેબની પાસેથી સંભાર)

શ્રીગોવર્ધન શ્રેષ્ઠી અને તેમના કુટુંબીજનોની ઉદાત્ત ધાર્મિક ભાવનાનો ભરપૂર ઈતિહાસ **શ્રીમહાવીરચરિત્ર** (પ્રાકૃત)ની પ્રશસ્તિથી જાણવા મળે છે. આ ગ્રંથ તેમના પૌત્રો શિષ્ટ અને વીરે તે સમયમાં પૂ. શ્રીગુણચંદ્રગુણી પાસે વિ. સં. ૧૧૩૯ જેઠ સુદ ૩ ને સોમવારે રચાવડાવી પૂર્ણ કર્યો છે.

## સોલંકી યુગમાં કર્પટવાણિજ્ય :

પૂ. આચાર્ય શ્રીઅભયદેવસૂરિશ્વરજીનો જન્મ ધારાપુરી નગરીમાં થએલ. પિતાજીનું નામ મહોધર અને માતાનું નામ ધનદેવી હતું. **નવાંગી ટીકાનું** મહાભગીરથ કાર્ય શાસન દેવીની સત્પેરણા–સહાયથી તેઓશ્રીએ પૂર્ણ કરેલ. તે ઉપરાંત પૂ. આ. શ્રીહરીભદ્રસૂરિજીના **પંચાશકની** ટીકા, શ્રીજિનભદ્રાગણીકૃત **શ્રીવિશેષાવશ્યક ભાષ્ય** ઉપરની ટીકા વગેરે કૃતિઓનો વારસો તેમનો જૈન શાસનમાં અણમોલ છે. આ મહાપુરૂષનો સમય વિ. સં. ૧૧૦૦ થી વિ. સં. ૧૧૩૯નો છે. વિ. સં. ૧૧૩૯માં સૂરીશ્વરજી કાળધર્મ પામ્યા હતા.

(વાંચો **જ્ઞાનમંદિર**)

"શ્રીમાનભયદેવોપિ, શાસનસ્ય પ્રભાવના ।
પત્તને શ્રીકર્ણરાજ્યે, ધરણોપસ્તિ શોભિતઃ ॥"
(પ્રભાવક ચરિત્ર પ્ર. શ્લો. ૧૭૩.)

આ સમયમાં વિ. સં. ૧૧૪૮ ઈ. સ. ૧૦૯૨ માં અરબસ્તાનમાં મુસાનો દીકરો જોગૈબ નામે થયો. આ જોગૈબે પોતાના બે શિષ્ય મુલાઈઅબદુલ્લા અને મુલાઈએહમદને ગુજરાતમાં મોકલ્યા. તેઓ ખંભાત આવ્યા. તેજ સમયમાં (મુઆબ નામની તવારીખ) ખોજા બીનમાલમ નામના મહાપુરુષે કપડવણજમાં બનાવેલી. આ મહાપુરુષની કબર "ખોજ માલમની મસ્જિદ"ના નામે ઓળખાતી આજે મીઠા તલાવના દરવાજા (**જુઓ ચિત્ર નં ૪**) બહાર, નડિયાદ જવાના રસ્તાની જમણી બાજુ છે. સોલંકીઓના સુવર્ણ યુગમાં સર્વ ધર્મના સંતો આનંદથી રહેતા હતા.

ગુર્જર ભૂમિનો પ્રતાપ ભારતની દશે દિશામાં જયધ્વનીના ઘોષ પ્રતિઘોષથી સભર હતો. ગુજરાતનું સંસ્કાર ધન છૂટે હાથે ઠેરઠેર વેરાતું હતું. ગુજરાતને સિદ્ધિ આપનાર ગુર્જરનરેશ સિદ્ધરાજ જયસિંહે, ઠેરઠેર પથ્થરને વાચા આપી હતી. કપડવણજમાં એ સ્વપ્ન દૃષ્ટિનાં પુનિત પગલાં પડ્યાં, તે પહેલાંના કાળ તરફ આપણે એક વાર દૃષ્ટિપાત કરી લઈએ. મહારાજ સિદ્ધરાજ જયસિંહદેવે કર્પકવાણિજ્યમાં આગમન કર્યું, તે પહેલાં અને ચાપોત્કટ યુગના કાળમાં નજર નાખતાં એવી પ્રતીતિ થાય છે કે પ્રાચીન નગરી સંસ્કાર ભૂમિ હતી.

કપડવણજની ધરતીમાંથી સંસ્કારસ્વામીઓ, શ્રેષ્ઠીઓ, શુરવીરો અને કલાધરો પેદા થયા છે અને હજુ સુધી એ સંસ્કાર વારસો જાળવનાર કોઈને કોઈ સપુતોની આ ધરતી ભેટ ધરે છે.

પ્રાચીન શહેર કર્પટવાણિજ્ય જ્યારે સમૃદ્ધિની ટોચે બિરાજતું હતું ત્યારે હાલમાં આપણે જ્યાં હરીએ ફરીએ છીએ, વસવાટ કરીએ છીએ, નવી નવી ઈમારતો રચીએ છીએ, જૂની ઈમારતોને સમરાવીએ છીએ, તે સ્થળ ભયંકર જંગલ હતું એવી કલ્પના ય પણ આપણને આવી શકે ખરી?

## જૈન સાહિત્યમાં કર્પટવાણિજ્યનો ઉલ્લેખ :

ઈ. સ. ના દસમાં સૈકાથી તેરમા સૈકા સુધીના ગાળામાં ગુજરાતના સ્થાપત્યમાં ઘણો વિકાસ જોવા મળે છે. વિકાસના એ ક્રમમાં કપડવણજે પણ પોતાનું સ્થાન કળામય સ્થાપત્યોની રચના કરી નિશ્ચિત કરી લીધું હતું. પ્રજા ધર્માનુરાગી હતી, ધર્મ ખાતર શ્રેષ્ઠીઓએ પોતાના ભંડારો ખુલ્લા મૂક્યા હતા. શ્રીમંતોએ દ્રવ્ય રેલાવ્યું, કળાકારોએ અંતરમાં જાગતાં અરમાનોને આકાર આપ્યો. ભક્તિભાવથી નિતરતાં કળાકારોના અને શ્રેષ્ઠીઓના સાત્વિક અંતરે કપડવણજને સંસ્કાર તેમજ ધર્મ પ્રત્યેના અનુરાગને અમર બનાવતા સ્થાપત્યોની રચના કરી.

ગુજરાતમાં એ કાળે રાજ્ય ક્ષત્રિયોનું અને શાસન જૈનોનું હતું એમ કહેવું અતિશયોક્તિ ભર્યું નથી. ઠેરઠેર જિનાલયો બંધાતાં હતાં. એમાંનું કેટલાકનું મુસ્લિમ શાસનકાળ દરમિયાન મસ્જિદોમાં પરિવર્તન પણ થયું. કેટલાકનું અસ્તિત્વ પણ નષ્ટ થયું. જ્યારે કેટલાંક ચૈત્યો હજુ એના અસલ સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવી રહ્યાં છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ યુગમાં કપડવણજમાં જૈન સમાજ સમૃદ્ધિમાં રાચતો હતો. વિ. સં. ૧૧૩૯ ઈ. સ. ૧૦૮૩માં નવાંગીના ટીકાકાર વિદ્વાન જૈન ધર્મ શાસન પુણ્યાત્મા ચંદ્રકુળના (જેમનું વર્ણન આગળ કરી ગયા છીએ તે) શ્રીઅભયદેવસુરિએ હાલની શાંતીનાથની પોળમાં આવેલ ઉપાશ્રયમાં કાળ કરેલો. (હાલમાં ઉપાશ્રયમાં તેમનાં પગલાં છે.)

આપણા વતનને સુવ્યવસ્થિત રીતે ગોઠવણી કરનાર જો કોઇ હોય તો તે ફક્ત રાજકણી લાડલી બીબી. તેને ફાળે આ યશ જાય છે. ગામના રક્ષણ માટે કોટ કિલ્લાને સારો અને સુવ્યવસ્થિત કરનાર તે જ હતી. ગામના રક્ષણ માટે ચારે બાજુ વફાદાર સૈનિક સમા મુસ્લિમોને વસાવ્યા હતા અને દરેક કોમના જ્ઞાતિના સજ્જનોને એક સાથે વસાવ્યા. બ્રાહ્મણો, વણિકો, જૈનો, સલાટો, કંસારા, વગેરે જ્ઞાતિજનોને યોગ્ય રીતે ગોઠવ્યા અને તે રીતે જ દરેક લત્તાનાં નામ પણ રાખવામાં આવેલાં.

સંવત ૧૨૭૫ લગભગમાં જ્યારે ગુજરાતના પ્રસિધ્ધ પ્રધાનો શ્રીવસ્તુપાળ અને તેજપાળ બંને ભાઇઓ દેલવાડાનાં દહેરાં બાંધી પ્રતિમાજીની પ્રતિષ્ઠા વખતે સકળ સંઘને આમંત્રણ આપેલ ત્યારે કપડવણજના જૈન સજ્જન સહ કુટુંબ ત્યાં ગયેલા એ સમયે કપડવણજ સાહના આરે હતું.

કેટલાક સમય બાદ કપડવણજ અર્ધગોળાકારે હતું. 'લાડણી બીબી' નામે બેગમ કોઇ અજ્ઞાત કારણસર કપડવણજ આવ્યાં અને જૂના કપડવણજના સજ્જનોના સહકાર અને નાણાંની મદદથી આ ચાલુ શહેર નવેસરથી વસાવ્યું, તેમ મનાય છે. છેલ્લે મરાઠા શાસકોએ કબજો કરી લીધેલો. ઇ. સ. ૧૭૫૩–૫૪ દામાજી ગાયકવાડે શેરખાન બાબી પાસેથી કપડવંજ જીતી લીધું અને આ શેરખાન બાબી જૂનાગઢ તરફ ચાલી ગયો.

આપણા મીઠા તલાવના દરવાજાના નામે ઓળખાતા દરવાજે બે પાળીયા (રજપૂતો) દ્વાર પાળોનાં પૂતળાં હતાં. (**જુઓ ચિત્ર નં. ૪**) તેથી આ કિલ્લો રજપુત સમયમાં બંધાએલ હોય અને મુસ્લિમોના સમયમાં સુધરાએલ હોય તેમ માનવાને એક કારણ છે. આ દરવાજા પાસે એક મીઠા પાણીનું સરોવર હતું, તે હાલ નથી. ત્યાં રાણીએ પોતાના પતિની યાદગીરીમાં એક સુંદર હવા ખાવાનો બાગ પણ બનાવેલ, જેને હાલ પણ 'સરદાર બાગ' એ નામે ઓળખાય છે. આ સ્થળે જૂના સમયમાં સારું એવું બાંધકામ હતું, જે અત્યારે કોઈ જ અસ્તિત્વમાં નથી.

આ મીઠા તલાવના દરવાજા પાસે શહેરના રક્ષણ માટે મુસલમાનોને વસાવ્યા કે જેમની અટક 'જટ' હતી. હાલ આ લોકોની વસ્તિ નથી, પણ આ સ્થળ 'જટવાડો' કહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દક્ષિણ તરફના સરખલિયા દરવાજે મુસ્લિમોને વસાવ્યા હતા. પાસે સખીદાસ શેઠે બનાવેલા કૂવાના કારણે (સખીદાસનો કૂવો પાસે હોવાથી) આ દરવાજો સરખલિયો દરવાજો કહેવાયો. આ બાજુના રક્ષણ માટે મેવાતી જાતના મુસ્લિમોને અહીં વસાવ્યા. હાલમાં તેમની વસ્તિ નથી.

પૂર્વ તરફનો દરવાજો એ અંતિસરીયા દરવાજાના (**જુઓ ચિત્ર નં. ૫**) નામે ઓળખાય છે. પૂર્વ તરફ અંતિસર ગામ આવેલ હોવાથી તે અંતિસરિયા દરવાજાના નામે ઓળખાય છે. આ બાજુ રક્ષણ માટે બેહેરીમ અટકવાળા મુસલમાનોને વસાવ્યા અને તેમને એ બાજુની જમીન ઇનામી જાગીરમાં આપેલી. તેમની જમીનમાં વાવ છે. જેને 'બીબીની વાવ' કહે છે. આ કિલ્લાનો પૂર્વદરવાજો ઘણા જૂના સમયમાં બંધાએલ તેની ખાત્રી 'મીરાંતે સીકંદરી' આપે છે. તે વતનના ગદ્દારની તવારીખ. તેનું માથું અહિં લટકાવવામાં આવેલું.

**નદી દરવાજો :** (જુઓ ચિત્ર નં. ૬) ગામના રક્ષણ માટે 'ઝોઈઆ' નામના મુસલમાનોને લાડણી બીબીએ વસાવેલ, પણ આ રક્ષકોએ એક મોટો માતેલો ઘેટો રાખેલ. આવતા જતા દરેક પ્રજાજન વેપારી વગેરેને ફરજિયાત આ ઘેટો સુંઘાડતા. પ્રજા આ જુલ્મોથી ત્રાસી ગઈ, જેથી લાડણી બીબીએ તેઓને દૂર કરી સજા કરી. તેમની જાગીર (વરાંસી મહોર વચ્ચેનાં ખેતરો) લઈ લીધાં અને પ્રજાને ત્રાસમાંથી બચાવેલ. તેમનાં ઘરો નદી દરવાજાની અંદર હતાં જે તોડી પડાવેલ. હાલ ત્યાં રાવળ અને ઠાગર પ્રજાની વસતિ છે. અહીં એક નાનકડો દરવાજો બનાવેલ જેને 'ઘાંચી બારી' કહેવામાં આવે છે.

કપડવણજ જૂના કાળથી વસેલું છે. તામ્રપત્રોથી જાણવા મળે છે કે તે સમયે 'કર્પટવાણિજ્ય'ના નામે તે પ્રચલિત હતું. પ્રાચીન અનુમૈત્રિક યુગના નકશા જોતાં, તથા જૂના લશ્કરના માર્ગો જોતાં કર્પટવાણિજ્ય શબ્દ જડે છે. તામ્રપત્રોમાં પણ કર્પટવાણિજ્ય શબ્દ છે. ગુજરાતના મુખ્ય વ્યાપારી શહેરોમાં, લશ્કરોની અવરજવરમાં તે પણ ગણનામાં હતું. આથી આ પણ એક મોખરાનું સ્થાન ધરાવતું હતું. રાજપૂત રાજ્યના પતન બાદ મુસ્લિમ શાસકો આવ્યા. તે કહેવાય છે કે (રાધનપુરના નવાબ જનાનખાનાની) બેગમ લાડણી બીબી અહીં આવી અને તેને નવરચના કરી, તેણે કપડવંજના શ્રીમંતો તથા જૈન શ્રીમંતોનો સાથ મળ્યો. પ્રજાનો કોમવાર વસવાટ કરાવ્યો. કિલ્લાની નવ-રચના કરી. કેટલોક સમય અત્યાચારોનો હતો તે સમયે કપડવણજથી કેટલાક કંસારા, પંચાલો તથા વહોરા બિરદરોએ આ ગામ છોડી અન્ય સ્થળે ગયા. કંસારા-ડભોઈ, નડિયાદ, વીસનગર ગયા. જે હજુ કપડવંજી કહેવાય છે. વહોરા બિરાદરો-જૂની વહોરવાડ કહેવાય છે તે સ્થળ છોડીને સુરત તરફ જતા રહ્યા. પંચાલો(લુહારો)એ પણ કપડવંજ છોડેલું.

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

આ સમયમાં આસપાસની ઠકરાતોના જાગીરદારો (આંબલીયારા, માંડવા લવાણે, પુનાદરા, ખડાલ, રમોસ, વગેરે) પોતાના માણસો એકઠા કરી, આ ગામને લૂંટતા હતા. આપણા ગામના શ્રીમંતોએ તેઓને રક્ષકો તરીકે ઉચ્ચક રકમો આપવાની કરીને ભક્ષકો નહીં પણ રક્ષકો ગણીને સ્વીકાર્યા. સંબંધો બાંધ્યા. પ્રજાને આ તોફાનીઓના હાથમાંથી બચાવી. આ આપણા ગામના શ્રેષ્ઠીઓની બુદ્ધિ શક્તિનો પ્રભાવ હતો. નગર શેઠની પદવી પણ આ જૈન શ્રીમંતોને જ હતી.

નદી દરવાજે 'ચામુંડા માતા'ના દેવળ પાસે લુહાર (પંચાલ) કોમની વસતિ હતી. મહોર નદીના કાટડીયા આરા પાસે તેઓ ખાણોમાં કામ કરતા. કંઈક વનસ્પતિનો રસ ભળવાથી કહેવાય છે કે લોઢાની ચાંદી બનતી હોય, તેમ લાગવાથી અને રાજ્યનો ડર લાગવાથી આ પ્રજાએ વતન છોડી દીધું. તેઓએ વઢવાણ, લીમડી, અમદાવાદ વગેરે સ્થળે વસવાટ કરેલો છે.

**સિદ્ધ રાજયુગ :** વિ. સં. ૧૧૫૦–૧૧૯૯, ઈ. સ. ૧૦૯૪–૧૧૪૩.

ગુજરાતનાં ભલાં ન્યાયી રાજમાતા મયલ્લાદેવી (મીનલદેવી) બાળકુમાર સિદ્ધરાજ સાથે તીર્થયાત્રાએ નીકળ્યાં, ત્યારે રસ્તામાં કર્પટવાણિજ્ય આવતું. તે સમયે અર્ધગોળાકારે આ શહેર હતું. જે અર્ધગોળાકારે નદીના સામાકાંઠા ઉપર હતું એમ મનાય છે. અહીંના વનમાં તંબુ ઠોકાયા. રાજમાતાના સૈન્યમાંનો એક અશ્વરક્ષક વિભુદાસ જે કોઢ રોગથી પીડાતો હતો, તે બપોરની અસહ્ય ગરમીથી બચવા જગા શોધતો પાસેના તલાવે ગયો. આ નાનકડા તલાવમાં સ્નાન કર્યા બાદ તેણે જોયું કે પોતે કોઢ રહીત બન્યો છે. સર્વ યોદ્ધાઓ તથા શ્રીરાજમાતા પણ આ ચમત્કાર જોઈ તાજુબ થયાં. પોતાના વિદ્વાન્ પંડિત કવિ ચંદ્રશર્માને પૂછ્યું કે આ ચમત્કાર શાથી? કવિ ચંદ્રશર્માએ જણાવ્યું કે "માતાજી આ જળના ભૂગર્ભમાં જરૂર ભગવાન પુરૂષોત્તમનો વાસ હોવો જ જોઈએ."

રાજમાતાએ તલાવ ખોદાવી ભગવાનની પ્રતિમાનાં દર્શન કરી દેવાલય બંધાવવા વિચાર કર્યો, પણ પાટણ પર માલવાની રાજ ખટપટ ચાલુ છે, તેવા સમાચાર મળતાં રાજમાતા તરત જ પાટણ ગયાં. થોડાક સમય બાદ રાજમાતાનો વિદેહ થવાથી તલાવ ખોદાવવાનું કામ બંધ રહ્યું.

આ જળાશય ખોદતાં કહેવાય છે કે : અનુક્રમે કંકુનો સાથીઓ, બળતા ઘીનો દીવો, ભસ્મનો ગોળો, શંખ, ચક્ર, ગદા, પદ્મ અને કામધેનુ નિકળ્યાં. આ બધી વસ્તુઓ નિકળ્યા બાદ અદૃશ્ય થઈ ગઈ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ તલાવના ભૂગર્ભમાંથી ભગવાન શ્રીનીલકંઠેશ્વર, શ્રીનારણદેવ, શ્રીગુપ્તેશ્વર અને શ્રીમહાલક્ષ્મીજીની પ્રતિમાઓના દર્શન થયાં (અત્યારના શ્રીમહાલક્ષ્મીજીના મંદિરનાં જે છે તે પ્રતિમા મૂળ પ્રતિમા નથી.)

સિદ્ધરાજ મહારાજે આ પ્રતિમાઓનું ભાવભરી રીતે પૂજન કરી સ્થાપના કરી. આસપાસના વનનો નાશ કરાવ્યો અને કલા સ્થાપત્યના નમૂના રૂપ કુંડ, કીર્તિતોરણ (**જુઓ ચિત્ર નં. ૭**) તથા બત્રીશ કોઠાની વાવ (**જુઓ ચિત્ર નં. ૮**) અને વધેલા આ પથ્થરોથી અન્ય બે વાવો બંધાવી. જંગલ નાશ થતાં અને જળાશયો થતાં લોકોએ વસવાટની પણ શરૂઆત કરી.

આજે જે હયાત છે તે સોલંકી યુગની યશગાથા ગાનાર કલાના નમૂના રૂપ 'કુંડવાવ' (**જુઓ ચિત્ર નં. ૯, ૧૦**) તેના મુખ આગળ દ્વાર રૂપે ગુજરાતની સ્થાપત્ય કલાના નમૂના રૂપ કમાન બંધાવી જે તે આજે 'કીર્તિ તોરણના' નામે ઓળખાય છે. સાથે સાથે એક ભવ્ય 'બત્રીસ કોઠાની વાવ' બંધાવી. જેનો સંબંધ કુંડવાવ સાથે જોડાએલ છે. જે બત્રીસ કોઠાની વાવે છે તેની ફક્ત એક જ કોઠો આપણે જોઈએ છીએ. બાકીના ૩૧ કોઠાઓ નાશ પામેલા છે. સૌથી પ્રથમ કોઠો હાલની પીપળા ખડકી સુધી હોવા જોઈએ. ગટરો ખોદતાં ભટવાડા, સલાટવાડા વગેરે સ્થળેથી અવશેષો જડતા હતા. બત્રીસ કોઠાનો એક મોટો પરથાર કે જેની ઉપર શ્રીમોઢેશ્વરી માતાના મંદિરથી સળંગ નાની વહોરવાડની ખડકી સુધીની તમામ દુકાનો એક જ પરથાર પર હોય તેમ લાગે છે.

આ બાંધકામ કરતાં વધેલ પથ્થરોથી જંગલમાં મંગલ કરનાર મહારાણીએ પણ એક વાવ બંધાવી જે હાલ પૂર્વ તરફ અંતિસરિયા દરવાજા બહાર હરિજનવાસમાં 'રાણીની વાવ' (**જુઓ ચિત્ર નં. ૧૧**) તરીકે ઓળખાય છે તે. તેમની એક વફાદાર દાસી સીંગારના નામે હતી તેના નામથી એ 'સીંગર વાવ' (**જુઓ ચિત્ર નં. ૧૩, ૧૪**) બંધાવી, જે હાલ મ્યુનિસિપલ હાઇસ્કૂલ પાસે વૈજનાથ મહાદેવની પછીતે છે.

આ વાવો બંધાવાથી, જંગલાદીનો નાશ થવાથી અને નવાણોની સગવડ થવાથી મહોર નદીના સામી બાજુ રહેલા વતનીઓએ પોતાનો મુકામ આ બાજુ કર્યો. ગામ આ બાજુ (હાલ છે ત્યાં) ઈ. સ. ૧૧૫૬ અને સંવત ૧૨૧૨ મહાવદ-૪ થી વિકસાવવા માંડ્યું અને શરૂઆતમાં ભાવસીંગના પુત્ર અંબઈદાસ કપડવણજમાં આવ્યા.

કપડવણજ બરોબર વસ્યા બાદ કિલ્લો રજપૂત યુગના કોઈ રાજવીએ બંધાવ્યો હોય તેવો સંભવ છે, પરંતુ તે કોણે અને ક્યારે બંધાવ્યો તે સાબિત કરવા મારી પાસે કોઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યોગ્ય સાધન નથી. કિલ્લાના એક દરવાજે મીઠા તલાવના દરવાજે (જ્યાં સરદાર બાગ છે ત્યાં) દરવાજાના દ્વારના ઉપરના ભાગમાં બન્ને બાજુ બે નાનકડાં રજપૂત દ્વારપાળનાં તલવાર અને ઢાલ લઈને ઊભેલાં પૂતળાં છે.

## મુસ્લિમ સમયમાં કપડવણજ :

બે એક સૈકા શાંતિથી પસાર થયા બાદ, અવદશાના આરે ઉભેલ રજપૂત રાજ્યના પતન બાદ, લગભગ ૧૩મી સદીમાં મુસલમાની રાજ્યનો અમલ શરૂ થયો. ૧૩મી સદી પહેલાં મોટા વહેપારો કરી શ્રેષ્ઠીઓએ ધર્મ માટે ખજાના ખુલ્લા મૂકયા હતા, તે સમયમાં કપડવણજમાં સારી જાહોજલાલી હતી.

અંધેરયુગ પહેલાં ધનાઢય અને ધાર્મિક પુરૂષોએ ભવ્ય મંદિરો અને જિનાલયોમાં પ્રભુની પ્રતિષ્ઠાઓ કરી હતી. દૂર પરદેશોમાં પરિભ્રમણ કરનાર પુરૂષાર્થી દુરદેશી વિચારકો અને વાણિજ્ય નિપુણાતોએ વતનને વિકસાવવા અથાગ પ્રયત્નો કરી–આદરી ઉન્નતિશૃંગે આરૂઢ કરેલું. આ ઉદ્યોગનું કેન્દ્ર અને ધર્માચાર્યોનું આકર્ષણ ધામ હતું. શ્રેષ્ઠીઓની પ્રતિષ્ઠા દૂર દૂર પ્રકાશિત હતી. અરે ! કોને કાળના પ્રહારો સહન કરવા પડતા નથી !

ઈ. સ. ૧૩૦૦ થી ઈ. સ. ૧૪૦૦ ની અઘોરશતવર્ષી અંધાર રાત્રીઓ કાળની કાતિલ કાતરે કઠિન સૈકાની તવારીખો ધીમે ધીમે કાપી. કપડવણજના કપાળે આ દુર્ભાગી યુગમાં હુમાયુના સમયમાં અને ફિરોજશાહના ધર્માંધ વજીર ઝફરખાને શાહી જુમ્મા મસ્જિદ બાંધી. જેનું છતનું સ્થાપત્ય જોજો. ઈતિહાસના વિદ્વાનો તેને મંદિરમાંથી મસ્જિદમાં ફેરવાએલ એમ માને છે. **(જુઓ ચિત્રો નં. ૧૫, ૧૬, ૧૭, ૧૮)** તેવીજ રીતે ધર્માન્ધતાના કારણે અમલી મસ્જિદ **(જુઓ ચિત્ર નં. ૧૯)** પણ એક મંદિરનું મસ્જિદમાં રૂપાંતર થએલ છે. તેનું સ્થાપત્ય જોતાં જ સંપૂર્ણ મંદિર લાગે છે.

ઈ. સ. ૧૪૫૧ માર્ચ માસની ૧૧ મી તારીખે ગુજરાતના નિર્બળ બાદશાહ મહમદશાહને તેના અમીરોએ ઝેર આપી મારી નાખ્યો, અને નડીયાદ રહેતા જલાલખાન કુતબુદ્દિન નામ ધારણ કરી ગાદીનશીન થયો.

માળવાના સુલતાન મહંમદ ખીલજીને ગુજરાતની ઉપરોક્ત સ્થિતિની જાણ થતાં, તે ગુજરાત પર ચઢાઈ લાવ્યો. વડોદરા લૂંટી નડીયાદ આવ્યો અને ત્યાંથી આગળ વધીને કપડવણજની યુદ્ધભૂમિ પર પડાવ નાખ્યો. ગુજરાત અને માળવાનાં લશ્કર કપડવણજની યુદ્ધભૂમિ પર તા. ૨૨–૨–૧૪૫૨ ને ભેગાં થયાં. (બીજો મત તા. ૧૦–૨–૧૪૫૩ જણાવે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે.) સુલતાન કુતુબુદ્દિન શાહને તેના મદદગારો સોહરાબના દીકરા મલીક ઈમાદઉદ્દીન મિત્રો સહિત કપડવણજમાં મળી ગયા.

આ સમયે ચાંપાનેરનો રાજા ગંગદાસ, કે જેણે બળવો કર્યો હતો, તે માળવાના સુલતાન ખીલજી શાહને મળી ભોમિયો બન્યો હતો. કુતુબુદ્દિન ખાનપુરથી વાંકાનેરના રસ્તે થઇ આવેલ છે. તે વાઘસિનોરથી ઇટાડીના રસ્તે કપડવણજમાં કુતુબશાહને રોકવા તે તૈયાર થયો. કપડવણજના મેદાનમાં તંબુ ઠોકાયા. ત્રણ માઈલ દૂર માળવાના સુલતાને પોતાના તંબુ ઠોકયા હતા.

યુદ્ધની કાળઝંઝરી વાગી. ભિષણ હત્યાકાંડ શરૂ થયો. કુતુબુદ્દિન બે બાજુથી ઘેરાયો. કેટલાક હાથી લઈ ચંદેરીના હાકેમ મુઝફ્ફરખાને ડાબી બાજુથી હલ્લો કર્યો અને જમણી બાજુથી ખીલજી શાહનો ભયંકર મારો શરૂ થયો. આ યુધ્ધ એટલું ભયંકર હતું કે જેનું વર્ણન લખતાં કલમ કંપી જાય. પરમેશ્વરની કૃપા અને ઓલીયાની દુવાએ કુતુબુદ્દિન શાહને ધોળકાના રહીશ વીરતા અને વફાદારીના નમૂના રૂપ દરવાજીયા નામે ઓળખાતા મુસ્લિમ મિત્રોનો સાથ મળી ગયો અને બાદશાહની જીત થઈ, પણ રણમોરચે દુશ્મનોને સંહારતો કુતુબુદ્દિનનો જમેદાર ઘુમી રહ્યો હતો. તેનો ઘોડો તોફાને ચઢતાં જમેદાર પડી ગયે. કેદી બન્યો અને કમર પટ્ટો તેણે ગુમાવ્યો.

યુધ્ધના વિજય બાદ માળવાના સુલતાનને ઉશ્કેરી લાવનાર ચંદેરીના હાકેમ મુઝફ્ફરખાનને દેશદ્રોહી તરીકે પકડી તેની બેવફાઇ માટે તેનું માથું કપડવણજના પૂર્વ દરવાજે હિજરી સન ૮૫૫ સફર માસની ૧ લી તારીખે ને શુક્રવારે લટકાવવામાં આવ્યું. ઈ. સ. ૧૪૫૩.

સુલતાન વિજય બાદ પાટનગર ગયો અને ઈ.સ. ૧૪૫૪માં "હોઝે કુત્બ" "હોઝી કુત્બ" બંધાવ્યું. જે આજે કાંકરિયા તલાવના નામે પ્રખ્યાત છે. કપડવણજના ગીરાસદાર હઝરત સૈયદની રાજેશ્રી બીબી મરઘાએ તેણીની બહેન સુલતાના મુગલી બીબીના પુત્ર ફતેખાન(મહમદ બેગડા)ને કપડવણજમાં રાખેલો.

ઈ. સ. ૧૪૬૦ લગભગમાં મહંમદ બેગડો (ફતેખાન) કપડવણજની આસપાસ ખીલતી ભવ્ય વનરાજીમાં શિકાર માટે આવ્યાનું કહેવાય છે. જ્યારે મહમદ બીગરો (બેગડો) કપડવણજ આરામ કરવા રહેલો ત્યારે–માંડલીકનો બેવફા વીરાળ કામદાર મળેલો અને જૂનાગઢની ચઢાઈ માટે માર્ગોનો ભોમિયો બનવા તૈયાર થએલો.

ઈ. સ. ૧૫૨૬ના સમયમાં કપડવણજને મહમદનગર તરીકે ઓળખતા જ્યારે બહાદુરશાહ મહમદનગરમાં છાવણી નાખીને પડેલા, ત્યારે ઈમાદ–ઉલ–મુલ્કના ત્રાસે ભાગેલ, તેના અમીર સરદારો હઝમતખાન બીન પીરૂ મલીક, યુસુફ બીન લુત્ફુલ્લા, રાજી મહમદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીન ફરીદ અને મલીક મુસુદ સર્વે એકત્ર કપડવણજમાં બહાદુરશાહને મળેલા. બહાદુરશાહને આ અમીર સરદારોનો સાથ મળતાં કપડવણજમાં રહી ભરૂચનો કિલ્લો બાંધવાની આજ્ઞા આપી ને ડુંગરપુરના રાજાનું નજરાણું મેળવી ડુંગરપુર ગયા. અહીં તેમના શૈતાન અમીર સરદારોએ કપડવણજની આસપાસ ગામડાં લૂંટયાં.

કપડવણજના જાગીરદાર હઝરત સૈયદ (મુબારક સાહેબ)ને તેણી જાણ થતાં, તેમણે મુબારક શાહના ધર્મગુરૂ મૌલા સદુદ્દીનને બોલાવી વાતચીત કરી અને તે જ વખતે મીરાતે સિકંદરીના લેખકના પિતા મિંયા મંજુર સાથે એક પત્ર મુબારક શાહ પર રવાના કર્યો. એક પણ લોહીનું ટીપું રેડયા વિના સંધી થઈ.

હઝરત સૈયદે મુબારક બુખારી (ર. હ.) સાહેબ ઘણાજ ઉમદા સ્વભાવના પવિત્ર પુરૂષ હતા. રણવીર પણ હતા. યુદ્ધના મેદાનમાં પણ નમાઝ પઢવાનું ભૂલતા નહીં. મીયાં મંજુર આ સમયના ઘણા જ કીર્તિવાન પ્રભાવશાળી વ્યક્તિ હતા.

હઝરત સૈયદે સંધી કરી, તેથી અંદરો અંદર પદવીની તકરારો પડતાં, વડોદરા જતાં સરદારોમાં બે ભાગ પડી ગયા. હઝરત સૈયદ અને ઈતિમાદખાન એક થઈ આગળ વધતાં કાવાબાજ નાસીર–ઉલ–મુલ્કે હઝરત પર ધસારો કર્યો. આ અણચીંતવ્યા છાપામાં ૩૦૦૦ માણસોના લશ્કરનો ઉપયોગ થયો. હઝરત સાહેબના પ્યારા દોસ્તો અને સગાં માર્યા ગયાં. આ યુદ્ધમાં ઈતિમાદખાન પોતાનો મિત્ર હોવા છતાં મદદ ન કરી, તેથી પોતાનું નાનકડું ૨૦૦૦નું લશ્કર લઈ ખાનપુર મારફતે વાંકાનેરના નાળામાં થઈ મહોર નદી વટાવી પોતાના નિવાસસ્થાનમાં ભરાઈ ગયા. નાસીર–ઉલ–મુલ્કે હવે ઈતિમાદખાનને રંજાડયો. ઈતિમાદખાન પણ ભાગીને ઉદાર દીલના સૈયદ સાહેબના આશરે કપડવણજમાં ભરાયો.

નાસીર–ઉલ–મુલ્ક બીજા ઉમરાવોના સહકારથી અમદાવાદ આવી સુલતાન અહમદ બીજાની મદદ લીધી. હઝરત સૈયદને ખબર પડી કે નાસીર–ઉલ–મુલ્ક બીજું ૬૦૦૦નું લશ્કર લઈ કપડવણજ આવે છે.

હઝરત સાહેબે પ્રથમ તેમના આશરે રહેલ ઈતિમાદખાનને પૂછયું કે આપણે અશક્ત છીએ તો દિલ્હીના બાદશાહ આદીલશાહની મદદ માગીશું ? ઇતમાદખાને હા કહી. સૈયદ સાહેબ પોતાના મહેલમાં ગયા અને તેમના પુત્ર મીરાનની પતિવતા સ્ત્રી બીબી આલમખાનુન કે જે રાજકીય બાબતોની નિષ્યાત હતી તેને પૂછવા વિચાર કર્યો. આલમખાનુન ઘરખૂણે ભરાનાર બીકણ સ્ત્રી ન હતી. પતિવ્રતા, રાજનીતિજ્ઞ, સાધવી, શત્રુના દીલ કંપાવનાર, વિરાંગના મુત્સદ્દી હતી. હઝરત સૈયદ સાહેબ પણ ઉમદા વીર અને સ્ત્રી શક્તિને પિછાણનાર ભવ્ય પુરુષ હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હઝરત સાહેબ—બેટા આલમખાતુન, આપણા પ્યારા વતન પર નાસીર-ઉલ-મુલ્ક ૬૦૦૦નું લશ્કર લઈને આવે છે, તો તું શું સલાહ આપે છે?

આલમખાતુન—બાપુ, આ બાબતમાં હું શી સલાહ આપું!

હઝરત સાહેબ—હું તારીજ સલાહ લેવા આવ્યો છું.

આલમખાતુન—આપનો હુકમ હોય તો ખુદા પાક મને જે વિચાર આપે છે તે જણાવવું.

હઝરત સાહેબ—ભલે!

આલમખાતુન—હાલમાં આપની ઉંમર કેટલી બાપુ?

હઝરત સાહેબ—૫૮ વરસની.

આલમખાતુન—આપને માલુમ હશે કે હઝરત પયગંબર સાહેબના વંશના માણસો ૬૦ થી ૭૦ વર્ષ જીવે છે, તેથી વધું જીવતા નથી.

હઝરત સાહેબ—હા તે વાત ખરી છે,

આલમખાતુન—તો કેટલી જીંદગી માટે દિલ્હીના પાદશાહ પાસે જાઓ છો, ખબર છે? પાદશાહ શું કહેશે? ડરીને નાસી આવ્યા! તે કરતા તો યુધ્ધ કરો, જો મૃત્યુ હશે તો કોઈ અટકાવનાર નથી. નહિ તો વિજયમાળ સાથે આનંદથી પાછા ફરશો.

હઝરત સૈયદ સાહેબે વિરાંગનાની વાણી સાંભળી લડાઈને નિશ્ચય કરી તરત જ ઇતમાદખાનને જણાવ્યું કે રથમાં શૈયા કરવી કે વિજયમાળ પહેરવી એજ અંતિમ નિર્ણય.

ઇતમાદખાને આ સમયે પણ વીર પણ ભલા આ હઝરત સૈયદ સાહેબને યુધ્ધ નહીં કરવા સમજાવવા પ્રયત્ન કર્યો પણ હજરત સાહેબે તેને કપડવણજમાં રહેવા દઈ ૫૦૦ ચુનંદા સૈનિકો લઈ તૈયાર થયા. જાસૂસ દ્વારા ખબર મળી કે નાસીર-ઉલ-મુલ્કનું લશ્કર મોટું છે પણ રાત્રે દારૂ પીને ચકચુર રહે છે.

સૂર્યોદય થતાં પહેલાં જ હઝરત સાહેબ આ નિશાખોર-અધર્મીના તંબુ તરફ પોતાના તીખાર કુલકુલ પર સવાર થઈ ધસી ગયા. તેના મોટા સરદાર સમશેર-ઉલ મુલ્કને ઘાયલ કરી તંબુમાં પ્રવેશ કર્યો. નાસીર-ઉલ-મુલ્કને જાણ થતાં તરત જ નોબત વગાડનારના ઘોડા બેસી જીવ બચાવવા નાસી છૂટયો. તેનું લશ્કર છિન્નભિન્ન થઇ ગયું. હઝરત સૈયદ સાહેબનો વિજય થયો.

ઇ.સ ૧૫૬૩માં અકબર બાદશાહે પોતાના એક આજમખાં ઉઘાંઇ નામના ઉમરાવને માંડવા તથા આસપાસના વિભાગનો કબજો કરવા તથા વસુલાત ઉઘરાવવા આશરે ૧૨૦૦૦-નું લશ્કર લઇને આવેલ; પહેલાં તો તે નિષ્ફળ થઇ પાછો ફરેલ, પણ ફરી ૧૫૬૬ માં આવ્યો.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ વખતે જે તેણે ૧૫૬૩ માં લશ્કરથી આ વિભાગનો નકશો ત્યાર કરેલ, તે રીતે ફરી તેને આ વિભાગ સર કરવા પ્રયત્ન કર્યો અને તે નિષ્ફળ ગયો.

આ સમયમાં આ સુબા આજમખાંએ લશ્કર તથા પોતાના રક્ષણ માટે વાત્રકના કાંઠે એક કોટ બધાવેલો જે આજે અજમાવત કોટ (જુઓ ચિત્ર નં ૨૭) તરીકે ઓળખાય છે. વળી આ સ્થળે એક ગામ જેવું વસાવ્યું, જેનું નામ અજમાબાદ રાખેલું. અહીં તેને કિલ્લો બંધાવ્યો, હાલમાં કિલ્લામાંના બે માળ હયાત છે. સામસામા પાંચ ઓરડાઓ છે, દરવાજો અને કમાનો પત્થરની બનેલી છે. દરવાજાની આગળની બાજુ બે બુરજો છે. તેમાં પહેલાં સુબાઓના બાથરૂમ હોય તેમ લાગે છે.

બીજા માળ પર જવા માટે ઇંટ ચુનાની નીસરણી છે. ઉપર ચાર ઓરડા અને વચ્ચે ખુલ્લો ભાગ છે. કદાચ આ વિભાગ સુબાઓની કચેરી કે સભા ખંડ હોય. ત્રીજા માળ પર જતાં કમાનો હયાત છે.

કિલ્લાની નજીકમાં કૂવો છે, કિલ્લામાં કેટલી જગાએ નળ મૂકેલા હોય તેમ લાગે છે.

આ ગામ અજમાવતનો કોટ એ નામથી ઓળખાય છે. અહીં ગામમાં મહાદેવમાં એક તપસ્વી સાધુ ગરીબદાસની પાદુકાઓ છે.

સૈયદ સાહેબના વિજય પહેલાં કપડવણજમાં એક સોદાગર ઘોડા વેચવા આવેલો. સૈયદ સાહેબે ઉધાર માગેલા. સોદાગરે પ્રથમ તો ના પાડેલી પણ પાછળથી ૨/૩ પૈસા વધારે લેવાની શરતે સોદાગરે ઘોડા ઉધાર આપેલા. આ ઘોડાઓએ હઝરત સાહેબના વિજયમાં મહત્ત્વનો ભાગ ભજવેલો.

હઝરત સાહેબ ઇતિમાદખાન સાથે વિજય બાદ અમદાવાદ ગયા ત્યારે આ સોદાગર ત્યાં મળેલો. સૈયદ સાહેબે તેની કિંમત ચુકવેલી ઉપરાંત ભેટ સોગાદો આ સોદાગરને આપેલા. આ તેમની ઉદારતાનો નમૂનો છે.

અમદાવાદથી પાછા ફરતાં ઈ. સ. ૧૫૫૮ માં હઝરત સાહેબને ઇતિમાદખાનના કેટલાંક માણસોએ મહેમદાવાદ મુકામે દગાથી ભાલાથી વીંધી નાખ્યા. તેમના પવિત્ર પુત્ર સૈયદ મીરાન સાહેબે આ પાક શબનો કબજો કરી તે જ સ્થળે દફન કર્યું. આ સ્થળે તેમનો રોઝો છે. સાથે જ તેમના પરિવારના પણ રોઝા છે. બંને રોઝા રોજીના નામે મશહુર છે. પછી કપડવણજ આવવા નિકળ્યા.

એ ઇતિમાદખાનની ઇચ્છા કપડવણજ હઝરત સાહેબના પુત્ર સૈયદ મીરાન સાહેબને સોંપવાની હોવા છતાં, ઈમાદ–ઉલ–મુલ્કને આ વાત ન ગમી. કપડવણજની જાગીરને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અખત્યાર કરવા સૈયદ મીરાન સાહેબ પોતાના માણસો સાથે આવી પહોંચે તે પહેલાં ઈમાદ–ઉલ–મુલ્કના માણસોએ કપડવણજ કબજે કરી લીધું.

ત્યાર બાદ ઈડરના રાવ વિરમદેવે પોતાના ભાઈ રાયસિંહ અને પોશીનાના ઠાકોરને મારી નાખેલા તેનું પ્રાયશ્ચિત કરવા દ્વારકા ગયેલા. તેમને પાછાં ફરતાં ફરિયાદ મળેલી કે માંડવાના મોટા લાલમિયાંનો મોટો દીકરો કે જેણે કપડવણજ નિવાસ કરેલો છે. તે એક શ્રીમંત વણિકની સૌંદર્યવાન દીકરીને ઉપાડી માંડવા લઈ ગયેલ છે. યાત્રાથી પાછા ફરેલ રાવ વિરમદેવને વણિક મહારાજને આ વાત કરી. રાવ વિરમદેવ આ વાત સાંભળી લશ્કર લઈ માંડવા ગયા અને આ શયતાન કુંવરનો નાશ કરી કન્યા બચાવી લાવ્યા અને લાલમીયાં જે આ સમયે નાસી ગયેલા તેને "ફુલાં લોલણી" નામની ગુણિકા ફસાવીને અમદાવાદ લાવી. તેમને પકડી ઈ. સ. ૧૫૭૦ માં તેમનું માથું કાપી દિલ્હી મોકલ્યું. રાવ વિરમદેવ ત્રણ દિવસ રોકાઈ ઈડર ગયા.

કપડવણજની ચોકી તરીકે આ સમયમાં 'લાલજીવેરો' નામનો કર પ્રજા ભારતી હતી. માંડવાના લાલમિયાંનું માથું દિલ્હીમાં એક ફકીર સાથે થાળીમાં મુકાવી ભીખ માગવા રવાના કરવામાં આવ્યું પણ માથાની સાથે ગયેલા કપડવણજના સરસ્વતી પુત્રો દિલ્હી ગયેલા. માથું દિલ્હીમાં ઉઘરાણું કર લે છે એ શબ્દો વાપરી સરસ્વતીની શક્તિથી માથું પાછું લાવેલા. માથું પાછું મેળવનાર બારોટને ઈનામમાં લોટિયું ગામ આપવામાં આવેલું.

### કપડવણજમાં બાબીવંશની શરૂઆત. રાજકર્તા બાબીવંશ :

બાબીવંશના મુળ પુરૂષ ઉસ્માનખાનને મોગલ સમ્રાટ હુમાયુના સમયમાં વફાદારીના બદલામાં "બાબી" ખિતાબ આપવામાં આવેલો. તેનો સમય ઇ. સ. ૧૫૩૦ થી ૧૫૫૫ લગભગ.

### કપડવંજમાં બાબીવંશ :

ઈ. સ. ૧૬૫૪ પછી બાબીવંશ ગુજરાતમાં આવ્યો, ઈ. સ. ૧૬૬૯ સંવત ૧૭૨૫ ભાદ્રપદ સુદ ૨ ને બુધવારનો એક દસ્તાવેજ સાબિત કરે છે કે આ સમયમાં કપડવણજના જાગીરદાર મીરાજશ્રી સાહેબ અને દીવાન મહેતા કેશવજી કરીને હતા.

અર્ધી સદી પછીના સમયે વફાદારી અને શૌર્યના નમૂના રૂપ બાબી વંશનાં પગલાં આ ભૂમિ પર થયાં,

ઈ. સ. ૧૭૦૪–૦૫ લગભગમાં શાહજાદા મહમદ આઝમ ગુજરાતનો સુબેદાર હતો ત્યારે દિલ્હીથી ઔરંગઝેબ પાદશાહે પત્રો લખી વધુ ધ્યાન આપવા જણાવેલું કે "કપડવણજ અને બીજી જગાએ કોળી લોકો ધોરી રસ્તે પ્રજાને લૂંટે છે." આથી તેમના બંદોબસ્ત માટે થાણદારો તરીકે હલકા નોકરો કરતાં બાબી વંશ જેવા કૂળવાન અને બહાદુરોને કપડવણજ અને આજુબાજુના ભાગોની વ્યવસ્થા સોંપવી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ સમયમાં કદાચ સફદરખાન બાબી હોવાનો સંભવ છે.

ઈ. સ. ૧૭૨૫ ગુજરાતમાં પગભર રહેવા હમીદખાનને પક્ષમાં લઈ મહી નદી સુધી કંનાજી આવ્યા. અહીં પીલાજી ગાયકવાડ તેમને મળ્યા. સર બુંદલાખાને અમલદારોની ફેરબદલી કરી અને તેના દીકરા ખાન્હઝાદખાનને ફોજ સાથે મરાઠા લશ્કર સામે મોકલ્યો. તેણે મરાઠા લશ્કરને સોજીત્રા પાસે હરાવી નસાડ્યા. ખાન્હાઝાદખાન તેના ભાઈ શાહનવાઝખાનની છાવણીમાં આવ્યો. મરાઠાઓ પાછા આવ્યા. કપડવણજ મુકામે ખાન્હઝાદખાન તથા તેના ભાઈઓ સાથે મળી મરાઠા લશ્કરને હરાવી છોટાઉદેપુરના ડુંગરોમાં નસાડ્યા.

ઈ. સ. ૧૭૩૯ રંગોજી ગુજરાત ઉજ્જડ કરતો ધોળકા પહોંચ્યો. ત્યારે અમદાવાદના સુબેદાર રતનસીંગ ભંડારીએ રંગોજીને વિરમગામ નસાડ્યો. આ સમયે ઠાસરામાં વસતા મરાઠાઓએ કોળી લોકોની મદદથી કપડવણજ પર ધસારો કરી કપડવણજ હસ્તગત કર્યું. કપડવણજનો નવાબ ફોજદાર થોડી ઝપાઝપી બાદ કસબાનીઓની મદદથી નાસી છૂટયો.

ઈ. સ. ૧૭૪૪–૪૫ મરાઠા સરદાર સાથે શેરખાન બાબીએ યુદ્ધ કરી કપડવણજનો કબજો કર્યો. શેરખાન બાબીને બે પત્નીઓ હતી અમીના–લાડલી.

ઈ. સ. ૧૭૪૯ માં ત્રંબકરાવ, પુનાજી, વિઠ્ઠલ અને ફકરૂદૌલા આ ત્રીપુટી (કેટલાક ગંગાધર, કૃષ્ણાજી અને ફકરૂદૌલાનાં નામ ગણે છે.) જે મુલકોમાં ચોથ ઉઘરાવતા હતા. તે મુલકો દબાવી બેઠા હતા. આથી રંગોજીએ શેરખાનની* મદદ માગી. શેરખાન નડીયાદ, મહુધા લૂંટી કપડવણજ કે જેનો મરાઠા સરદારોએ કબજો કરેલો હતો ત્યાં હુમલો કર્યો, પણ તેમાં તેણે હાર ખાધી. તેને ખબર પડી કે રંગોજી વાડાસિનોર આવેલ છે. એટલે રાતોરાત પુનાજી અને ફકરૂદૌલાની નજર ચુકાવી નાઠો, અને બીજે દિવસે વાડાસિનોરમાં મળ્યો. તેઓએ ફકરૂદૌલા સાથે યુદ્ધ જાહેર કર્યું. આ યુદ્ધ શરૂ થતાં ફકરૂદૌલાએ તોપ અને બંદૂકથી મારો શરૂ કર્યો. અગ્નિ પ્રજ્વલિત થયો અને કતલથી કાળો કેર વર્તાયો.

સોનેરી રંગના દબદબાથી સવારના પહોરમાં પૂર્વ દિશાએથી ઢોલ વગાડ્યું અને નિશાન ફરકાવ્યું. ફકરૂદૌલાના લશ્કર સામે લશ્કર ગોઠવાયાં. યુદ્ધક્ષેત્રની રણચંડી શરૂ થઈ. બન્ને બાજુનાં લશ્કર સામસામાં આવી જતાં ધૂળના રજકણો ઊડતાં સૂર્ય આંખો દેખાવા લાગ્યો. યોદ્ધાઓ ચારે પગે ઘોડા દોડાવતા તૂટી પડ્યા. પહેલાં જ હુમલાથી કસબાનીઓના પાયા હાલી ઉઠ્યા, અને પૂંઠ ફેરવી નાઠા. ઢોલ વગાડનારના હાથ હેઠા પડ્યા. ઢોલનાં ચામડાં તૂટી ગયાં. સાહસ અને શૌર્યના નમૂના રૂપ શેરખાન બાબી બેવડી હિંમતથી ઉછળ્યો, અને ગયેલી આબરૂ મેળવવા મેદાનમાં આગળ થયો, પણ તેના ઘોડાને ગોળી વાગી, તેણે લોખંડી બખ્તર પહેરેલું હોવાથી બચી ગયો, પણ દુશ્મનના લશ્કરમાં તે ઘેરાઈ ગયો. એટલામાં તેના ભીસ્તીએ તેને પોતાનો ઘોડો આપી રવાના કર્યો, અને આ વફાદાર ભીસ્તી પોતાના માલિકને બચાવવા જતાં શહીદ થયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

↑
બહાદુરખાન
↑
*શેરખાન
↑

↓ મુબારકખાન | ↓ મુઝફ્ફરખાન | ↓ જાફરખાન | ↓ શાહબાઝખાન

જાફરખાન
↓
ઈ. સ. ૧૭૧૫
(સફદરખાન)
નામ ધારણ કર્યું
↑

શાહબાઝખાન
↓
સોરઠ
રાણપુર

↓ મહંમદ શેરખાન
(ખાનજહાન જવાં
મર્દખાન) રાધનપુર ૧૭૧૬

↓ સલાબત મહંમદખાન
૧૭૩૦
↑

↓ મહંમદ બહાદુર (શેરખાન)
↓
૧૭૫૮
કપડવણજનું છેલ્લું યુદ્ધ
↑
પત્ની લાડી-અમીના
↑

↓ દલીલખાન | ↓ જમાનખાન
બાંટવાના મુળ પુરૂષ

↓ મહોબતખાનજી
(જૂનાગઢ)

↓ સરદાર મહંમદ
↑
આ ગાદી વાડા શિનોર ગઈ

શેરખાન આ ખુનખાર યુદ્ધમાં સખ્ત ઘાયલ થયો હતો. તે કપડવણજના કિલ્લામાં ભરાયો. તેનો સહાયક રંગોજી સાથે જ હતો. રંગોજીએ માળવાના હોલ્કરને બે લાખ રૂપિયા પાછા આપવાની શરતે મદદ માંગી. હોલ્કર આવે તેટલામાં બન્ને પક્ષ પોતાની લશ્કરી તૈયારીઓ કરી રહ્યા હતા. હોલકર કપડવણજ શેરખાન બાબીની મદદમાં આવે છે તે સાંભળતા જ ફકરૂદૌલા ઘેરો ઉઠાવી ચાલતો થયો.

આ સમયમાં કપડવણજને કબરગંજ કહેતા હતા. ઇ.સ. ૧૭૪૮ માં શેરખાન અને વાડાસિનોરનો એક મુત્સદ્દી દલપનરામ નામનો નાગર ગૃહસ્થ વાડાસિનોર ગયા અને શેરખાનને સમજાવીને જૂનાગઢનું સૂત્ર સંભળાવા જૂનાગઢ લઈ ગયા. ઈ સ. ૧૭૪૮ શેરખાન બહાદુરખાન નામ ધારણ કરી તેની પત્ની લાડી બેગમ સાથે જુનાગઢનો નવાબ ઈ.સ ૧૭૪૮ માં થયો.

શેરખાન બાબી કેટલોક સમય વાડાસિનોર અને કેટલોક સમય કપડવણજ રહેતા. તે બાદ જ્યારે અમદાવાદ રહેવા જતો ત્યારે તેના માણસો કપડવણજ અને થામણાની વ્યવસ્થા કરતા.

ઈ. સ. ૧૭૫૩-૫૪ના અરસામાં વાત્રક કાંઠાની ખંડણી ઉઘરાવી દામાજી ગાયકવાડ કપડવણજ આવ્યો અને શેરખાન બાબી જૂનાગઢ તરફ ગયા. આ સમયથી કપડવણજની બાબી વંશની સત્તાનો અંત આવ્યો અને મરાઠી હકુમતનો સમય શરૂ થયો. આ સમયમાં પટલાઈ જે મોઢ વણિકોના હાથમાં હતી તે મરાઠા યુગથી કડવા પટેલ કેશવજીના હસ્તક આવી. હાલ પણ કેશવજી પટેલના વંશજો કપડવણજનું મુખીપણું ભોગવે છે.

## ગાયકવાડી સમયમાં કપડવણજ :

ઇ.સ ૧૭૫૩, સંવત ૧૮૦૯ થી ઇ. સ. ૧૮૧૬ સંવત ૧૯૭૨ ના વીસ વર્ષોના સમમયની ખાસ ફેરફારની કોઇ આધારભૂત હકીકત મળતી નથી, પણ આ ગાયકવાડી સમય હતો. જેમાં કપડવણજ પવિત્ર વિદ્વાન વૈદ્યરાજ તરવાડી [ત્રિવેદી] જીવરામ ગોવિંદરામને શ્રીખંડેરાવ ગાયકવાડ સરકાર તરફથી સંવત ૧૮૧૮ ના ભાદરવા વદ-૮ શનિવારે 'મીરાંપરૂ' બક્ષીસ આપ્યાનું સાત રાજ્યના દસ્કતવાળું તામપત્ર ગાયકવાડી અમલ જણાવે છે. [**જુઓ ફોટો તામ્રપત્ર** ]

ઇ.સ ૧૭૭૫ ના અરસામાં હરિપંથ ફડકેએ રાઘોબાને નસાડયો ત્યારે રાઘોબાનું બાકી રહેલ લશ્કર અને ગોવિંદરાવ ગાયકવાડ પોતાના લશ્કર સાથે છાવણી નાખી કપડવણજમાં રહ્યા, રાઘોબાનું ખંભાતના નવાબે અપમાન કરેલું, તે વેર વાળવા કર્નલ કર્ટિજ કપડવણજમાં ગોવિંદરાવને મળી ખંભાતના નવાબને નમાવી નજરાણું લીધેલું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇ. સ ૧૭૮૮ લગભગમાં આતરસુંબાના રૂપામિયાં અને તેમનો દીકરો જોરાવરખાન વારંવાર કપડવણજ પર હુમલા કરી લૂટ કરતા અને પ્રજાને રંજાડતા. ગાયકવાડ ફતેસિંહ-રાવે પોતાના સરદાર શીયારામ અને હામિદખાન જમાદારને લશ્કર લઇ આતરસુંબા મોકલી આતરસુંબાનો કબજો લીધો.*

ઈ. સ ૧૭૯૫ થી ૧૮૦૯ સુધીનો સમય :

આ સમયમાં આંબલીયારાના સ્થાપક સમર ગઢવી ચૌહાણ ભાથીજી ધામોદના ભીલોની મદદથી કપડવણજ અને તેની આસપાસના ભાગોમાં લૂંટો કરતાં. સાથે સાથે લવાડના ઠાકોર પણ તેમની ટોળી સાથે લૂંટો કરતા. આ લોકો લવડિયા કહેવાતા અને અન્ય કોટડા પણ કહેવાતા. આ ટોળીઓ ચીન પીંઢારા જેટલી જ ભયંકર હતી. આ ત્રાસવાદી લૂંટારૂ ટોળીઓની ભીંસમાં પ્રજા હેરાન થઈ ગઈ હતી. નિરાંતે ઊંઘ લેવાનો પણ સમય ન હતો. આ કોટડા લોકો કુહાડાથી મકાન તોડતા, અને પ્રજાના મોંઢે મરચાંના તોબરા બાંધતા, હાથ પર કપડાં બાંધી તેલ રેડી મશાલો સળગાવતા. પ્રજાને મારી પીટી જાનમાલની નુકસાની કરતા.

જ્યારે જ્યારે વૃધ્ધોના મોંઢે આવી વાતો સાંભળતા ત્યારે હૈયાં હાલી જતાં. આ ટોળીઓ માનવતા વિહોણા રાક્ષસ જેવા કુકર્મો કરનાર હતી.

ઈ.સ. ૧૭૯૫ લગભગનો સમય, જેવો બહારની ત્રાસવાદી ટોળીઓનો જુલ્મર હતો. તેવો જ ત્રાસ પ્રજાના કહેવાતા રક્ષકો પણ કરતા હતા. આ સમયમાં કપડવણજમાં નવાબ કમાલુદ્દીન હુસેન બહાદુર જાગીરદાર હતા અને દેસાઈ રાજારામ ખુશાલદાસ સર્વોપરી સત્તા ભોગવતા હતા. અંગ્રેજી અમલ શરૂ થતા સુધીમાં તો ગામના મુખી કરસનદાસનો પણ પ્રજા પર સોટો ચાલતો. આ સમયને પ્રજા "રાજા યા શેઠ અને કરસનીઆ કેર" ના નામે ઓળખતી.

આ સમયમાં દેસાઈ રાજારામ ખુશાલદાસ રૂ. ૨૫૦૦૦ ના આંકડે ગામ લેતા. આ રકમો પ્રજા પાસે વસુલ કરવા જુલમ થતો અને [મુખી કરસનદાસ ખેડૂતો પાસેથી હળ દીઠ રૂ. ૫ વસુલ કરતા.] શ્રીરાજારામ દેસાઈને પ્રજાના રક્ષણ માટે, બહારના લૂંટારાઓ સામે ઘણી વખત સામનો કરવો પડતો. તેઓ એક શૂરવીર હતા. ધાર્મિક હતા. દશાપોરવાડ જ્ઞાતિમાં પણ વગદાર હતા. તેમના ત્રાસની એક લોકકથા આજે પણ પ્રચલિત છે. એક દરજીભાઈના ત્યાં જ્ઞાતિભોજનમાં 'ખાંડ રોટલી' કરેલ જેથી તેમણે એ દરજીભાઈઓને પોતાને ત્યાં

* ગુજરાત સમાચાર દૈનિકના તા. ૨૩-૧૧-૮૩ માં પ્રોફેસર એફ. એમ.બલ્લુવાળાએ "આતરસુંબામાં ઔરંગઝેબ" નામનાં લેખ છપાવ્યો છે તેમાં પૂર્વ તરફનો દરવાજો કપડવણજના નામે હતો તેમ પ્રતિપાદન કરેલ છે. તેમાં સંવત ૧૬૪૪ નો ઉલ્લેખ કર્યો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'આખો દિવસ પહેરા નીચે રાખી શારીરિક ત્રાસ આપેલ' તેમ કહેવાય છે. આ બધો સમય "મારે તેની તલવાર" જેવો હતો. સવંત ૧૮૮૫ ઇ. સ. ૧૮૨૯માં તેઓશ્રીનું મરણ ૮૦ વર્ષની ઉંમરે થએલ, તેમનો પાળીઓ ડોઝરા કૂવા પાસે, તલાવ પાસે હતો. હાલમાં પાળીઓ નથી.

ઈ. સ. ૧૮૦૩ ના અરસામાં કન્હોજીના લશ્કર તથા ભેના સાથીદાર આરબો સાથે મેજર હોલેમ્સને કપડવણજ મુકામે લડવું પડેલું. કન્હોજીના લશ્કરને વેરણછેરણ બનાવી દીધું હતું.

કાબુમાં આવેલ આંબલીયારાના તાલુકદાર ભાથીજીએ આણંદરાવ ગાયકવાડને લખાણ આપેલું. જેના આડ જામીન કપડવણજના બારોટ સાલમસીંગ ગુમાનસીંગ તથા આગલોડના ઠાકોર શ્રીરામસીંગજી ફતેસીંગજી થએલા.

કરાર લેખ : સવંત ૧૮૬૪ આસો વદ–૪ ઈ. સ. ૧૮૦૮ ઓકટોબર તારીખે થએલો. (શ્રીમાલસાકાંત આણંદરાવ ગાયકવાડનો સિક્કો છે.)

લવાડના ઠાકોર તેમજ તેમના કુટુંબના આડજામીન કપડવણજના બારોટ બહેચરભાઈ દીપસીંગ તથા બારોટ વિરમભાઇ બેચરભાઈ થયા હતા.

કરાર લેખ : સવંત ૧૮૬૬ કારતક વદ–૩ ઇ. સ. ૧૮૦૯ નવેમ્બર ૧૦ તારીખે થએલો. (શ્રીમાલસાકાંત આણંદરાવ ગાયકવાડનો સિક્કો છે.)

ઉપરોકત તાલુકદારોને કપડવણજના ગીરાસ મળતા હતા તે ચાલું રહ્યા.

ઈ. સ. ૧૮૧૨ સુધીમાં તો તમામ તોફાની ટોળીઓ શાંત બની ગઇ.

## અંગ્રેજી અમલ દરમિયાન કપડવણજ :

ઇ. સ. ૬–૧૧–૧૮૧૭ લગભગમાં અંગ્રેજ સરકારે મ્હાંબદલામાં ગાયકવાડને જે મોગલાઈ હક્કો લખી આપ્યા તેની અવેજીમાં વિજાપુર ગાયકવાડને સોંપે અને ગાયકવાડ અંગ્રેજોને કપડવણજ ભાલેજ સોંપે. તે સમયથી કપડવણજ પર અંગ્રેજ હકુમત શરૂ થઈ. (૧૮૧૮થી ખેડા જિલ્લાના પ્રદેશને પૂર્વજિલ્લો અને અમદાવદને પશ્ચિમ જિલ્લો નામ આપેલ ૧૮૩૦માં કપડવણજને અમદાવાદ જિલ્લામાં ભેળવેલ પણ વહીવટી મુસીબતો ઉભી થતાં ૧૮૩૩ માં ખેડા જિલ્લો અને અમદાવાદ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો.)

ઈ. સ. ૧૮૧૧–૧૨ લગભગથી લૂંટફાટનો સમય અસ્ત પામ્યો હતો. છતાં નાનકડી ટોળીઓ કોઇંક વખત લૂંટ કરવા આવી પહોંચતી. ઈ. સ. ૧૮૫૧ કંપની સરકારના સમયમાં ધામોદના કેટલાક ભીલો લૂંટ કરતા. આ સમયમાં એક ગોપાળરાવ લક્ષ્મણરાવ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નામના દક્ષિણી પ્રજાપતિ મામલતદાર કપડવણજમાં રહેતા, જ્યારે આ ધામોદના ભીલ તેમની ટોળી લઈ મુસલમાન સરદાર તાજ બાદશાહ સાથે કપડવણજનો કબજો લેવા આવ્યા, ત્યારે દાદાસાહેબ (ગોપાળરાવ) લશ્કર લઈ તેના સામા થયા. બન્ને પક્ષે લીમ્બજા માતા પાસે લડાઈ થઈ. દાદાસાહેબને બરછી વાગવાથી મૃત્યુ પામ્યા. ભીલો નાસી ગયા પણ પછીથી સાહેબે આવીને ધામોદના ભીલ, તેના સરદાર તાજબાદશાહ તથા કારભારીને શોધી કાઢીને ત્રણે જણને આ સ્થળે ફાંસી આપેલી.

પ્રજાને સુધારા મળતા ગયા. લાગતા વળગતાઓને ખિતાબો મળતા ગયા. અર્ધ સરકારી પ્રજાતંત્ર (સ્થાનિક સ્વરાજ) મળ્યાં. પ્રજામાં શ્રીમંતોએ પોતાની પરોપકાર વૃત્તિથી જનતાના દિલ પર વિશ્વાસનાં આસન જમાવ્યાં. આ સમયમાં પ્રજાએ થોડાંક ત્રાસનાં વર્ષો પછીથી સુખશૈયા જોઈ. સમય પલટાયો, પરદેશી સત્તાએ પોતાનું પોત પ્રકાશતું કર્યું. ખુલ્લા ચોર લૂંટારા કે ચાંચિયાઓની નીતિ છોડી આંતરિક રીતે શોષણની શરૂઆત કરી.

ઈ. સ. ૧૮૫૭માં કંપની સરકાર સુધી અહીં કસબ વેરો લેવાતો હતો.

તા. ૧૭–૩–૧૮૯૦ કપડવણજમાં હાલ છે તે કચેરી પોતાના સ્વતંત્ર પાકા મકાનમાં શરૂ થઈ. બહાર અરજી લખનાર બેસે છે, તે પણ બાંધણી, ઈ. સ. ૧૮૯૦ માં થયેલી. ઈ. સ. ૧૮૯૯ સરકારી કચેરીની પડોશમાં અને કચેરીવાળા કોટ(સરહદ)માં સમાઇ રહેલ ન્યાય કોર્ટ પણ પોતાના પાકા મકાનમાં શરૂ થઇ.

સરકારી તંત્રના મુખી તથા તલાટીઓનો વહીવટ સરબલિયા દરવાજાની અંદર પૂર્વ તરફના "ચોરા" નામથી ઓળખાતા મકાનમાં શરૂ થયો.

તા. ૨–૮–૧૯૩૫ થી કચેરીવાળી સરહદમાં ન્યાય કોર્ટ તરફ જતાં જમણી બાજુ (કચેરીના દરવાજામાં **(જુઓ ચિત્ર નં.૨૨ )** પ્રવેશતાં જમણીબાજુ) લોકલ બોર્ડ ઓફિસ શરૂ થઇ.

પરદેશી તંત્રથી શોષાઈ રહેલ હિન્દીનો આત્મા અકળાયો. યુગાવતાર (મહાત્મા ગાંધીજી) તપશ્ચર્યા આદરી. પ્રજાતંત્રના પાયા ચણવા માંડ્યા. પાયામાં મહામૂલા રત્નો ખડકાયા. વિશ્વવંદ્ય બાપુનાં પુનિત પગલાં કપડવણજની ધરતીને પાવન કરવા તેમના લાડીલા સત્યાગ્રહી સેવક કપડવણજના એક ચક્ષુ સમાન સ્વ. હરિભાઈ દેસાઈએ કપડવણજની ધરતી પર સાબરના સંતથી–ભારતમાં સૂર્યનાં અજવાળાં કપડવણમાં ફેલાવ્યાં.

સુખશૈયામાં સૂતેલી પ્રજાનાં ઘેન ઉતારવા પૂજ્ય બાપુએ પ્રયત્ન કર્યો. પ્રજા એકય સહ ખડે પગે તૈયાર થઈ. તન, મન, ધનથી તૈયાર થઈ. પ્રજાના સેવકોએ યા–હોમ કરીને ઝંપલાવ્યું. અંગ્રેજી હકુમતે તેમને દ્રોહી ગણી જેલોના સળિયા પાછળ ધકેલી દીધા.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૯૩૦ માં 'નિમક કાનૂન ભંગ' સત્યાગ્રહ શરૂ થયો. નવયુવકોએ ઝંપલાવ્યું. ગુજરાતના કાર્યકરો અહીંના જુવાળ જ્વલંત રાખવા આવી પહોંચ્યા.

અંગ્રેજી શાસને કોમવાદનું ઝેર ફેલાવ્યું અને તાબુતના(તાજિયાના) દિવસે આ ગામમાં હુલ્લડ મચાવ્યું. હિન્દુઓના બહિષ્કાર મંત્રથી આ તત્ત્વો કાબુમાં આવ્યાં અને એક બન્યા. આ તોફાનમાં સરકારી તત્ત્વો તથા બહારના મુસ્લિમ તત્ત્વોનો હાથ હતો. જ્યારે આ સમયમાં બહારગામના પણ કપડવણજને વતન માનનાર અને વતન બનાવનાર વ્યાયમ શિક્ષક શ્રીકુબેરભાઈ પટેલને અને અન્ય યુવાનોને પોલીસોની હાજરીમાં મરણતોલ માર મારવામાં આવેલો.

રાષ્ટ્રધ્વજનું રક્ષણ કરવા જતાં વતનના લાડીલા સૈનિક શ્રીરાજેન્દ્રભાઈ કેશવલાલ શાહ (હાલમાં રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર ગુજરાતના લાડીલા કવિ) જેમણે કુંડવાવ પાસેના ચંચળગાઈ ટાવર **(જુઓ ચિત્ર નં. ૨૩)**ઉપરથી ફરકતા ધ્વજના રક્ષણ માટે ટાવર ઉપરથી ફેંકી દઈ, તેમના પર ધારિયાના ઘા કરવામાં અવેલા, મરણતોલ માર સહન કરી વતનની અને ધ્વજની શાન તેમણે વધારી. તે કપડવણજ માટે ગૌરવ રૂપ છે.

## નોંધો :

૧. **ફતેખાનરાવ** : ગુજરાતમાં મહંમદ બેગડાના નામે પ્રખ્યાત છે.

૨. **મહંમદનગર** : 'મીરાતે સિકંદરી' ના લેખકે એક સ્થળે કપડવણજને આ નામે સંબોધન કરેલ છે, પણ તામ્રપત્રોમાં, તે સમયના જૈન પ્રતિમાઓના લેખો પર અને શીલાલેખો પર "કર્પટવાણિજ્ય" શબ્દ શરૂથી જ ચાલુ છે, તો પછી તેને મહમદનગર શી રીતે માનવું? પણ મુસ્લિમ યુગમાં કેટલેક સ્થળે "કબરગંજ" તરીકે ઓળખવામાં આવે છે. જો કે અહીં સારા પ્રમાણમાં કબરો છે અને જ્યારે યુદ્ધ થયું ત્યારે ઘણા વીરોનાં મરણ થવાથી મડદાના ગંજ ખડકાયા હતા તેથી પણ "કબરગંજ" કહેતા હશે !

**૩. આલમખાનુન :** પતિવ્રતા ભવ્ય વિરાંગનાને વંદન હો ! એ સૈયદ કુટુંબની તે સમયની શોભા હતી. કપડવણજની ભાગ્ય વિધાત્રી હતી અને સૈયદ સાહેબ દેવ સ્વરૂપ જાગીદાર હતા.

**૪. બાબી :** અફઘાનિસ્તાનમાંથી ઊતરી આવેલ વીરતા અને વફાદારીના નમૂના રૂપ વીર બહાદુરખાનના વડા વીર ઉસમાનખાનને હુમાયુ બાદશાહે "બાબી" એવો ખિતાબ આપેલો.

**૫. લાડી (લાડણી) લાડકી :** બાબી વંશમા અન્ય લાડણી નામની પણ વીર શેરખાનની બેગમ–લાડની રાજનીતિજ્ઞ, તેની આરામગાહ જૂનાગઢમાં છે. આ વિરાંગના તેના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પતિને ઘણી જ મદદગાર હતી. કપડવણજની વસ્તી વહેંચણી તેમજ વ્યવહારુ ગોઠવણી તેને જ આભારી છે, તેમ મનાય છે. તે એક સાચી રાજકર્ત્રી પણ હતી. કેટલાક તેને રાધનપુરના નવાબ મહંમદખાનની પત્ની ગણે છે (બાબી વંશમાં આ સમયમાં રાધનપુરમાં એટલે ઇ. સ. ૧૭૧૯ ના અરસામાં જવાનમર્દખાન નામના બાબી હતા.) જ્યારે કપડવણજના છેલ્લા યુદ્ધ વખતે શેરખાન બાબી કે જે મહમદ બહાદુરખાન તરીકે ઓળખાતા હતા. તેમને (લાડી) લાડલી અને અમીન (આમેનાહ) બે બેગમો હતી.

કપડવણજના ઇતિહાસના પ્રથમ લેખક શ્રીમહાસુખરામ નરસીંહરામ ભટ્ટ માને છે કે : રાધનપુરના નવાબનાં પત્ની અહીં રીસાઇને આવેલાં. કપડવણજ શહેર વસાવીને કિલ્લો બાંધેલો. (શહેરકાઝીના દફતરના આધારે) જ્યારે મહી કાંઠા ડીરેકટરી જણાવે છે કે કપડવણજના નવાબ બહાદુરખાનની બેગમ તેના ખાવીંદથી રીસાઇ રમોસ આવીને ઊભી રહી. પોતાના રહેઠાણ અને રક્ષણ માટે પોતાના ખર્ચે કિલ્લો બંધાવેલો. રમોસથી કપડવણજ આવતા રસ્તામાં બે ગાઉ ઉપર વડોલ પાસે એક વાવ છે, જેને ફેરકૂવો કહે છે. તે બંધાવ્યો. તેને અત્યારે બાબીની વાવ' કહે છે અને જ્યાં રમોસનો કિલ્લો બંધાવ્યો ત્યાં મહંત રહે છે. આ કિલ્લો મહંતે બંધાવેલ અને લાડણીને મહંતે રક્ષણ આપેલું તેમ માને છે. આ કિલ્લો વાત્રકના દક્ષિણ કિનારે છે.

લાડીબાબી કે જે આ સમયમાં વડોદરામાં હતી. તેનો એક માનીતો સુથાર તે વખતે વડોદરાની પ્રજાની બહેન બેટીને સતાવતો હતો. આ સુથારને ત્યાંના દેસાઈ શ્રીસુરેશ્વરે જે દિવસે લાહેરી દરવાજાના મેદાનમાં પાટિયાં સાથે ખીલા ઠોકી જડી દીધો, તે જ દિવસે લાડીબાબી વડોદરાથી નાસીને કપડવણજ આવેલી. આ વખતે શેરખાન બાબી કપડવણજનો રાજકર્તા હતો. ઇતિહાસની તવારીખોમાં આ સમય બાબી વંશમાં રાજખટપટમાં ફાવ્યો હતો. શેરખાંન મોજમજામાં મસતાન હતો. તેજ વખતે બાબીના ખાસ માણસ ઈમામ મહંમદીએ બહારની ધમાલની ખબર આપી કે સરકાર કોઈ અજાણ્યો માણસ એક ઓરત લઈને આવ્યો છે. આવનાર પુરૂષ હતો મશરૂ મેવાસી (ગુલામોનો સોદાગર). મશરૂનું નામ સાંભળતાં જ દરબારીઓ દંગ થઈ ગયા. તેની સાથે બાઈ હતી "મદન" જેના નામથી હાલ 'મદને ઝાંપો' 'મદન તલાવડી' પણ વડોદરામાં પ્રખ્યાત છે.

આ શેરખાનનું નામ મહંમદ બહાદુરખાન હતું. જે કપડવણજના વ્યવસ્થાપક હતા, તે પણ સિદ્ધ થાય છે. તેમને બે પુત્રો હતા. જેમાંનો એક જૂનાગઢ અને બીજો વાડાસિનોર રહ્યો.

બાબીવંશનાં રાજરાણી લાડણી બાબીની દરગાહ હાલની કચેરીમાં પેસતાં જમણી બાજુ કૂવા પાસે છે. જૂનાગઢવાળી દરગાહ જુદી જ લાડણી બેગમની છે. આ લાડણીબાબીની દરગાહના દીપ, ધૂપ માટે સરકાર તરફથી પેન્શન મળે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**૬. સત્તાનો અંત આવ્યો :** કપડવણજના મૂળ ઈતિહાસ શ્રી. મ. ન. ભટ્ટ જણાવે છે કે સંવત ૧૮૦૯ ઈ. સ, ૧૭૫૩ માં કપડવણજની પ્રજાએ રાજપીપળા જઈ ગાયકવાડ સરકારને અરજ કરી કે "અમારો નવાબ મુસ્તખાં ઘણો જ જુલમી છે, તો અમારી વહારે ધાઓ. ગાયકવાડ સરકારે કડીવાળા ખંડેરાવને ફોજ આપી કપડવણજ મોકલ્યા. ખંડેરાવે મુસ્તખાનને નસાડી કપડવણજ કબજે કર્યું. સાલવારી જોતાં ઈ. સ. ૧૭૫૩ માં કપડવણજ પર ગાયકવાડી હકુમત શરૂ થઇ, પણ નવાબના નામમાં ફેર છે. ગુજરાતનો ઇતિહાસ જોતાં આ કપડવણજનું છેલ્લું યુધ્ધ શેરખાન બાબી સાથે થયેલ છે. ઈ. સ. ૧૭૫૮ માં શેરખાન બાબી જૂનાગઢમાં મરણ પામેલ છે.

**૭. કોટડા :** આ તોફાનીઓ કુહાડાથી બારણાં તોડતા ત્યારે આ પ્રજાએ આ તોફાનીઓનો સામનો કરવા બરોબર બારણાંના ઉપરના ભાગમાં બબ્બે ઈંટોનો ભાગ ખુલ્લો બનાવડાવતા કે જેથી આ તોફાનીઓ બારણાં તોડતા ત્યારે આ ટોળાં પર કકડતું તેલ આ ઈંટો ખસેડીને નાખતા તથા મરચાંની ભૂકી નાખવામાં આવતી. આ રીતની વ્યવસ્થા બારી અને બારણાં ઉપર કરવામાં આવતી. જૂનાં મકાનોમાં આજે પણ તે જોવામાં આવે છે.

**આંકડો :** ઉચ્ચક રકમ આપી ગામ ખરીદવામાં આવતું અને પોતાની રકમ વર્ષમાં વધુ નફા સાથે મેળવવા પ્રજા પર જુલ્મ કરતા. છાતી પર થથ્થરો મુકવાની લોકકથા વૃદ્ધો પાસેથી સાંભળવા મળતી હતી. રાજારામ દેસાઇ આ આકડે ગામ લેતા અને મુખી કરસનદાસ મુખીપણું કરતા. આ સમય "રાજીયા રોપ"ના નામે ઓળખાતો.

રાજારામ ખુશાલદાસ દેસાઇ જન્મ ઇ. સ. ૧૭૪૯ સંવત ૧૮૦૫ થયો અને સ્વ. ઇ. સ. ૧૮૨૯ સંવત ૧૮૮૫ થયો.

'એ દશા પોરવાડ વણિક હતા. અમથા પારેખની ખડકીમાં રાજારામ દેસાઇની ખડકીમાં રહેતા. આ સમયમાં કપડવણજના જાગીરદાર નવાબ કમાલ ઉદ્યાનહુસેન બહાદુર હતા. જ્યાં રાજારામ દેસાઇ સર્વોપરી સત્તા ભોગવતા. ગામ રૂ. ૨૫૦૦૦ના આંકડે લેતા. તેઓ ધાર્મિક પણ હતા, ખુમારીભર્યા હતા. વ્યવહારકુશળ હોવા છતાં, હકુમતના જોરમાં અનેક વખત પ્રજાને રંજાડતા. ગરીબ દરજી કોમના ભાઇએ પોતાના ઘરના શુભપ્રસંગે જ્ઞાતિબંધુઓને ખાંડ રોટલીનું જમણ આપેલ, તેમાં તેમણે તે દરજી ભાઇ પર શારીરિક ત્રાસ આપ્યાના લોકોકિત ચાલુ છે. મરાઠાયુગમાં કુટુંબના નબીરા. (તે તામ્રપત્રને આધારે કપડવણજના વહીવટદાર તરીકે) જ્યારે જ્યારે બહાર ત્રાસવાદી ટોળકીઓ આવતી ત્યારે અશ્વારૂઢ બની યુધ્ધે ચઢતા. એનેક વખત ટોળીઓને ભગાડ્યા બાદ સંવત ૧૮૮૫ ઇ. સ. ૧૮૨૯માં તેઓ સરખલિયા દરવાજા બહાર તલાવ પાસે મરાયા હતા. ત્યાં તેમનો પાળીઓ વર્ષો પહેલાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતો, હાલમાં નથી. જો કે આ સમયને 'વૃક્ષો રાજીયા રોપ અને કરસનિયા કેર' તરીકે ઓળખતા. કરસન મુખીનો પણ આ જમાનો હતો. તેમનો સોટો પણ પ્રજા પર ચાલતો હતો. તેઓ હળ દીઠ રૂ. પ્ર કર વસુલ કરતા. આ પ્રથા ઇ. સ. ૧૮૮૦ માં મીર સાહેબના આગમન સાથે જ બંધ થયેલી.

**૯. સોટો** : મુખી કરસનદાસનો જુલ્મી સમય હતો અને તે લોકકથા રૂપે "કરસન કેર" નામે વદ્ધોના મુખે સાંભળવા મળતો.

**૧૦. ગીરાસ** : રૂ. ૭૫–૯–૦ કપડવણજના ગીરાસ તરીકે આંબલીયારામાં બે માસમાં મહીકાંઠા એજન્સીની તેજોરીમાં ભરાતા. કપડવણજની કરેલી લૂટોના વળતર રૂ. ૧૧૨૫ ગાયકવાડ સરકારને આપવા પડતા હોવાથી, જહેર રૂ ૫૦૦ નીરમાલીની ઉપજમાંથી રૂ. ૬૨૫ ની રકમ વસુલ થતી. કપડવણજનો ગીરાસ રૂ. ૧૭૩–૦–૦ માંડવા દરબારમાં ભરાતો.

**૧૧ અંગ્રેજી હકુમત** : ઈ.સ ૧૮૧૬–૧૭ માં અંગ્રેજી સરકારે કડીવાળા મલ્હારાવને વિજાપુર પરગણુ આપી કપડવણજ લીધું (શ્રીમ. ન. ભટ્ટ). ગમે તેમ હો પણ ઇ.સ ૧૮૧૭ થી કપડવણજમાં અંગ્રેજી હકુમતનાં પગલાં થયાં.

**૧૨ મુખી** : ઈ, સ ૧૮૨૭ના કાયદા પ્રમાણે મુખીપણાની સનદ આપવામાં આવી. પહેલી સનદ તા. ૧૫–૫–૧૮૪૮ ને રોજ મુખી પ્રેમજી રેવનદાસને મળી.

**૧૩. ગોપાળરાવ** : કપડવણજના લોકપ્રિય મામલતદાર (જેમનું લીમ્બજ માતા પાસે ધામોદરના ભીલો સાથે લડતાં ખૂન થયેલું) તેમણે ગોપાળપરૂં વસાવ્યું હતું. અગર તેમની યાદમાં આ પરાને ગોપાળપરૂં કહેવામાં આવ્યું.

**૧૪. ભીલ સરદાર** : (અગ્રેજી હકુમત સામે ઉશ્કેરાયેલા ભીલોએ એક મુસ્લિમ સરદારને બેતાજ બાદશાહ ગણી તેની સરદારી નીચે લૂટો શરૂ કરેલી) આ સરદાર, ભીલ સરદાર તથા તેના કારભારી એમ ત્રણને અહીં ફાંસી આપેલી. હાલ પણ આ તાજ બાદશાહની દરગાહ તરીકે ઓળખાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગૌરવ બીજું

# વાણિજ્ય

**વ્યાપારે વસતિ લક્ષ્મી :**

યુગ જૂની સત્ય કહાણી છે કે–ગુજર્રરાષ્ટ્ર સાહસીકતા ને વેપારી માર્ગોથી શોભતું અનુપમ ગૌરવવંતુ સ્થાન હતું–છે. વેપારી આલમમાં તેના માર્ગો અનુકૂળ હતા. ગુજરાતનાં વહાણો અરબી સમુન્દ્ર અને પેસીફિક મહાસાગરોમાં ફરતાં હતાં.

જ્યારે મહાસાગરોમાં ગુજરાતનાં વહાણો મોજથી મહાલતાં હતાં, અને અન્ય પ્રદેશમાંથી માલ લાવતાં હતાં. અન્ય પ્રદેશોને જોયતો અનેકવિધ માલ પરદેશોમાં રવાના કરતાં હતાં. તે યુગમાં આપણું વતન "કર્પટવાણિજ્ય"ના નામથી શોભતું હતું.

૧૦ મી સદીમાં જ્યારે ભૃગુકચ્છનો સર્વોદય હતો, ત્યારે કર્પટવાણિજ્ય જમીન માર્ગનું વેપારનું કેન્દ્ર હતું. આ વખતે શ્રીમાળ ભૃગુકચ્છ અને સોપારા ગુજરાતનાં મુખ્ય વેપારી બંદરો હતાં

અનુમૈયક યુગ અને સોલંકી યુગના વાહન, તેમજ લશ્કરીસમયના નકશામાં કર્પટ-વાણિજ્ય રાજમાર્ગ પર હતું.

માળવાના રાજવીઓનો પ્રભાવ વધ્યો ત્યારે ભૃગુકચ્છ જતો માલ સ્થંભતીર્થ (ખંભાત ત્રંભાવતી) બંદરે જવા લાગ્યો. ત્યારે પણ કર્પટવાણિજ્ય પોતાના વેપારી કેન્દ્રમાર્ગમાં પ્રખ્યાત હતું.

## પ્રાચીન ધોરી માર્ગ :

(૧) ઉત્તર હિંદમાંથી....ભેલસા–ગોધરા કપડવણજ થઈ ખંભાત બંદર તરફ જતા હતા.

(૨) માળવાના મુખ્ય પ્રદેશોમાંથી કિશનગઢ–સંતરામપુર લુણાવાડા–કપડવણજ-ડભોઈ થઈ ભૃગુકચ્છ (ભરૂચ) બંદર તરફ જતા હતા.

(૩) માળવા તરફની સંતરામપુર–લુણાવાડા કપડવણજ થઇ ખેડાના માર્ગે ખંભાત તરફ જતા હતા.

(૪) ઉત્તર ગુજરાતમાંથી–મહેસાણા વિજાપુર દેહગામ કપડવણજ થઈ સંતરામપુર–ઝાલોદ દાહોદના રસ્તે માળવા પ્રદેશમાં જતા હતા.

(૫) મારવાડમાંથી શ્રીમાળ ભિન્નમાળ–રાણીવાણા–ડીસા પાલનપુર–વિજાપુર–હિંમતનગર શામળાજી થઇને ખંભાત કે ભરૂચ બંદરો તરફનો ધોરીમાર્ગ કપવણજના પાદરમાં થઇને જતો.

## પ્રાદેશિક માર્ગો

આ સિવાય કેટલાક પ્રાદેશિક માર્ગો પણ કપડવણજના પાદરમાં થઈને જતા હતા.

(૧) અહમદાવાદ–નડીયાદ કે મહેમદાવાદથી કપડવણ જ થઇ લસુંદરાથી ચીખલોડ રામપુરા થઇ ગોધરા–દાહોદ તરફ અસંખ્ય વણઝારાની પોઠો જાત જાતનો માલ ભરીને જતી.

(૨) વાડાસિનોર વિજાપુર સેવાલીઆ, લસુંદરાનો માલ કપડવણજ થઇ આંતરોલી ચરડ, બદરપુર થઈ અહમદાબાદ જતો.

(૩) કપડવણજ આસપાસનો કાચો માલ કપડવણજ થઇ તોરણા માર્ગે મહેમદાવાદ ખેડા તરફ જતો, અને નાના આંબલીઆ–ભાટેરા કઠલાલ થઈને નડીયાદ જતો.

સર્વે વેપારીમાર્ગોના સામાન્ય રીતે મીલનસ્થાન તરીકે કપડવણજ અગત્યનું સ્થાન હતુ. જુની વાતો કહી જાય છે કે કપડવણજ સાહસિક વેપારી શ્રેષ્ઠીઓનાં થાણાં બ્રહ્મદેશ, સીઆમ અને મોરીશીયસ જેવા દૂરસુદૂરના પ્રદેશોમાં હતાં.

૧૪ મા સૈકામાં મળી આવતા ઉસ–સાજીખાર–ચુનો મહુડાને લીધે સાબુ બનાવવામાં આવતો હતો અને આ સફેદ થવાથી સૈકાઓથી પ્રસિદ્ધિ પામેલ હતો.

થોડા સમયબાદ કાચને તૈયાર કરી તેમાથી અન્ય બનાવટો બનાવતા. તેની પણ પ્રસિદ્ધિ મેળવેલ હતી. હજુ આ ઉદ્યોગ આભલા રૂપે વિદ્યમાન છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાપડ, વણાટ અને વેપાર એ તો મુખ્ય વ્યવસાય હતો. જે ધંધાએ આપણા વતનને નામભિધાનનો અભિષેક કરેલ છે. સંસ્કૃત વિચારકોએ, પ્રાચીન વિદ્વાનોએ કર્પટ(કાપડ) વાણિજ્ય (વેપાર) કર્પટવાણિજ્ય નામ આપી એની ભૂતકાળની ખ્યાતિને મહત્વ આપ્યું છે. આ શુભ નામ દસમી સદી પહેલાનું હોઈ તે વખતના કાપડના વેપાર માટે સૂચક છે.

નજદીકના ભૂતકાળમાં કપડવણજ રાજકોટ અને જાંબુઘોડા પાસેથી સોનું મળી આવતું એમ મનાય છે.

લોઢું કપડવણજમાંથી મળી આવતું. મહોર પાસે તેની ખાણોમાંથી નીકળેલા લોખંડમીશ્ર માટીના મોટા ટેકરા આજે મોજુદ છે.

પાડોશમાં ટાંકલાની ડુંગરી, જ્યાં પ્રાચિન વતનના અવશેષો છે. કે જ્યાં ટેકરામાંથી મેન્ગેનીઝ ધાતુ નીકળે છે.

જ્યાં કાપડવણાટ હોય ત્યાં સ્વાભાવિક રીતે રંગાટ હોય જ. તે રીતે રંગાટ કામ પણ થતું હતું.

જ્યા દૂધ ઘીની નદીઓ વહેતી એ ભારતના નંદનવાડી સમા ગુજરાતમાં જરૂરી નાનકડો ધંધો ચામડાનાં કુડલાં બનાવવાનો પણ નાના પાયા પર થતો હતો.

વર્તમાનકાળમાં આપણે સમૃદ્ધ દશામાં છીએ. ધારવા પ્રમાણે માર્ગો વિશાળ થાય છે. કપડવણજના જ શ્રષ્ઠીઓ વિશાળ દ્રષ્ટિથી ઉદ્યોગો વિકસાવે તો શહેરની મહત્તા ઘણી જ વધી જાય.

ઉપરોકત જણાવેલ સદીઓ પહેલાંના માર્ગોના વાહન તરીકે ઉંટો અને મુખ્યત્વે પોઠો પર વેપાર થતો. સુખી મહેનતુ પ્રમાણિક વીર અને દાની વણઝારાઓ વેપારના વિકાસાવનારા હતા. તેમનાથી થાય તેવાં નજીવાં કીર્તિના કોટડાં રૂપ નમુનાની યાદીઓ મૂકી જતા.

ભારતમાં સૌ પ્રથમ તા. ૧૬–૪–૧૮૫૩ ના રોજ મુંબઈથી થાણાની ૨૧ માઈલની ૧૪ ડબ્બા સાથેની રેલ્વે શરૂ થયેલી. હિંદમાં ઠેરઠેર પાકી સડકો શરૂ થઇ ચુકી હતી. આપણને આ લાભ પ્રથમ કપડવણજથી ડાકોર સુધીની પાકી સડકનો મળ્યો. ડાકોર બી. બી. એન્ડ સી.આઇ રેલ્વે, મોટા માપની ગાડીનું સ્ટેશન થવાથી વેપાર તે બાજૂ ખેંચાયો. તે અરસામાં કપડપણજ અને નડીયાદને એક કરતી રેલ્વે નાખવાની યોજના હાથ ધરાઇ. ઇ.સ ૧૮૯૫માં નડીયાદથી મહુધા સુધીનો મેટલ રોડ–પાકીસડક થઇ. ગુજરાત રેલવેઝ કંપનીએ તા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૫–૩–૧૯૧૩ ના રોજ કપડવણજ નડીયાદ વચ્ચે સાંકડા માપની એક રેલવે ખુલ્લી મૂકી. ત્યારથી ડાકોરની સડક તેમજ તે બાજૂ વેપારને વાળવાની અગત્યતા સહજ ઓછી થઇ. રેલવેની આ નાના માપની લાઇનને બદલે જો મોટા માપની થાય તો ઉદ્યોગો વધુ વિકસવાનો સંભવ છે. નડીયાદ કપડવણજ રેલ્વે માટે મુખ્ય ભાગ ભજવનાર શ્રીબાપુલાલ દામોદરદાસ વકીલ તથા ઇસુફઅલી બાકરભાઇ તથા અન્ય સદ–ગૃહસ્થો હતા. સહર્ષ નોંધ લેતાં આનંદ થાય છે કે નડિયાદ કપડવણજ મોડાસા રેલ્વે એ માપની થઈ રહી છે તેના માટેના પ્રયાસો કરનારને મારા હાર્દિક અભિનંદન. મોટા માપની રેલ્વે થવાથી વેપાર ઉદ્યોગનો સારો વિકાસ થશે.

નવું એસ. ટી. બસ સ્ટેશન, નડીયાદ તરફ જવાના રસ્તે ડાબી બાજુ ત્રિવેણી પાર્કની પાસે રૂ. ૧૬,૧૮૦૦૦ ખર્ચે બંધાઈ ગયું છે. જમાં ૨૨ પ્લેટફોર્મ–૪૨ ધુમ્મટો, બે માળનું અદ્યતન–આલિશાન પ્લેટફોર્મ તૈયાર થઈ રહેલાં છે, જેમાં એસ. ટી. કેન્ટીન તથા છ સ્ટોલ પણ હશે. વર્તમાન એસ. ટી. બસ સ્ટેન્ડ પાસે જુનું કોટડું. **(જુઓ ચિત્ર નં. ૨૪)**

કપડવણજથી અત્યારે કેટલાએ માર્ગો પર ગુજરાત વાહન વ્યવહાર ખાતા તરફથી મુસાફરો માટે ગાડીઓ કાયમ ચાલુ છે. ઘણા રસ્તાઓ પાકા થઈ ગયા. વાહન વ્યવહાર ઘણો જ વધી ગએલો હોઈ આ સડકો પર વાહનોથી મુંબઈ, રાજસ્થાન, દિલ્હી વગેરે સ્થળો માટેની ગાડીઓ ચાલુ જ છે.

કપડવણજ, નડિયાદ, મોડાસા અને ડાકોરની સડકો એક બીજાને સારી રીતે જોડાએલ છે. ડાકોર જતી એક સડકનો ફાંટો લાડવેલ બંગલાથી સીધો ભૂતીયા–સુણદા આગળ થઈ કપવણજથી મોડાસ જતી સડક સાથે જોડી દીધો છે. આ સર્વ બાજુની સડકો વેપારી દ્રષ્ટિએ અત્યુત્તમ છે. આમ મોટા વિસ્તારમાં સડકો હોવાથી કપાસ વાવનાર સાહસિક કિસાનોને માલ લાવવા લઈ જવાની સુગમતા પડે છે. આ સર્વે સડકો પર મોટરોદ્વારા વાહન વહેવાર ચાલે છે.

કપડવણજના ઉદ્યોગો વિકસાવવા એ ઉદ્યોગપતિઓની પવિત્ર ફરજ છે.

## ઔદ્યોગિક ક્રાંતિ :

કોઈ પણ દેશ કે પ્રજામાં ક્રાંતિ વિના ફેરફાર થયો સાંભળ્યો નથી, છતાં જો થાય તો એ સ્થિર રહે, એ સંભવિત નથી. આજે આપણે યાંત્રિક યુગમાં ફેરફારો કરવા જરૂરી છે, પણ ફેરફાર એવો ન હોવો જોઇએ કે કાર્યમાં નવી ભરતી આવતાં જૂના કામદારો રખડી પડે. તે રખડી પડવા ન જોઇએ. તેમને પહેલાં અપનાવી લેવા જોઈએ.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**કાપડ :–** સદીઓ પહેલાંનો કાપડનો વેપાર અને હાથવણાટના ઉદ્યોગની સારી એવી સ્થિતિ હતી. જ્યારે વિદેશી કાપડને કોઈ ઓળખતું ન તે સમયની આ વાત છે.

પ્રાચીન કાળથી હાથ વણાટનો ઉદ્યોગ ખીલેલો હતો. હાથસાળોથી કાપડ તૈયાર થતું અને તે બજારમાં વેપારીઓ દ્વારા વેચાતું. વણકર કોમ આ ઉદ્યોગને ટકાવનાર જ હતી. પ્રાચીન સમયમાં કોઈ ગામ એવું નહી હોય કે જ્યાં વણકર કોમ ન હોય : ગામડે ગામડે હાથવણાટનો ઉદ્યોગ સજીવ હતો. પહેલાં હાથ વણાટથી અને પછીથી મીલનું સુતર લાવી પોતાની સાળો પર વણાટ કરીને ધોતી, રૂમાલ, પછેડી, ચાદરો, સાડીઓ વગેરે બનાવતા. ગામની એક બાજુ આ લોકોનો વસવાટ રહેતો અને તે વણકરવાસ કહેવાતો હતો. આખા કુટુંબના માણસો આ ધંધામાં જ રહેતા.

**કાચ :–** બે એક સદીથી કાચના ઉદ્યોગે કપડવણજને અનુપમ નામના આપેલ છે. કાચના કારખાનાં કંસારવાડાના (હોળી) ચકલાથી ગોરવાડામાંથી કસ્બામાં જતાં સીસગરવાડના નામે ઓળખાતા સ્થળે છે. બહાર ગામથી જે કોઈ મહેમાન આવતા, તે આ સ્થળની મુલાકાત લેતા જ. પહેલાં આ સ્થળે કહેવાય છે કે ૨૦–૨૫ કાચનાં કારખાનાં હતાં. તેના મૂળ ઉત્પાદકનું નામ નથી પણ 'ભારત કલા પ્રદર્શન' લંડનમાં ભરાયું ત્યારે આ કારખાના ઓમાંથી પ્રયોગ કરવા સારૂ ચાર પાંચ ભાઈઓ ત્યાં ગયા હતા. ઈમામમીયાં દાદુમીયાં, અમીરમીયાં, ફજ્જુમીયાં અને શેરમીયાં, ધોળકાવાળા મહમદમીયાં ફજ્જુમીયાંને અંગ્રેજી સરકાર તરફથી ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા હતા, એવું જાણવા મળે છે.

એ કારખાનામાં જયપુરની કાળી રેતી લાવી તેમાંથી કાચ બનાવવામાં આવતો. આ સમયનો કાચ લીલા કે આછા કાળા રંગનો બનતો. તેથી તેમાં બીજા રંગો મીલાવી ઘેરા રંગની બનાવટો બનાવતા. સમય જતાં અલ્હાબાદથી રેતી મંગાવતા. વળી તેમાં શીશીઓના ભાંગેલા ભુક્કાને ગરમ કરી એ રસ પણ તેમાં મીલાવતા.

કપડવણજની દુધીયા બંગડીઓ એક સમય પૂર્વ જર્મની, ઝેકોસ્લોવેકીઆ, બેલ્જીયમ ને જાપાનના માલ કરતાં સારી ગણાતી. હાલમાં કારખાનાં છે. તેઓ રમકડાં, અગન ભીસીઓ, તેમજ આભલા (કાચના ગોળા જેમાં સીસું રેડીને બનાવેલ–અરીસા જેવા બનાવે છે.) આ કાચના ગોળાને બનાવી તોડી નાખવામાં આવે છે આ ટુકડાઓ સૌરાષ્ટ્ર, સિંધ, મુલતાન, દક્ષિણ હૈદરાબાદ તરફ જાય છે. આ બાજુની કેટલીક કોમની સ્ત્રીઓ સાડલામાં ટપકાં રૂપે ગોઠવે છે. ખાસ કરી તે ભરવાડ કોમ વધુ વાપરે છે. નવા જમાનની ફેસનમાં હવે તે પેસી ગયાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપરોક્ત ચારે ભાઈઓ લગભગ ૧૯૪૦ ઈ. સ. ૧૮૮૫ની લગભગમાં થએલા. અહીં ત્રણ કારખાનાં અત્યારે અસ્તિત્વમાં છે.

(૧) મહુમદહુસેન અમીરભાઈ, પરદેશ જનાર.
 કપડવણજ ગ્લાસ વર્કસ.

(૨) કનૈયાલાલ પી. શાહ મહુમદ ફજલ,
 રીફાઈન્ડ ગ્લાસ વર્કસ.

(૩) મહુમદસીદીક લાલભાઇ.
 સીદીક ગ્લાસ વર્કસ.

અત્યારે જૂની પદ્ધતિથી ભૂતકાળના આ ભવ્ય કારીગરોની ઝાંખી થાય છે. કેટલીક દેશી પ્રક્રિયા ભૂસાઇ રહી છે. કારીગરોની કળા આજે આ વિજ્ઞાન યુગમાં વૈજ્ઞાનિક અને ટેકનોલોજીકલ જ્ઞાનથી ભુંસાઈ છે. કાચના કારખાનામાં તૈયાર થએલા આભલા મહુવા-બંદરના વેપારી હાજી મહુમદ વજીરની પેઢી મારફતે માલદીવ અને લખદીવ મોકલવામાં આવતા હતા. આ પેઢી મારફતે જિ. સુરેન્દ્રનગરના લીંબડીમાં કપડવણજના આભલા મોકલવામાં આવતા. આ ટાપુઓ સાથે ગુજરાતના વેપારી સંબધો દોઢસા વર્ષોથી હોય તેમ લાગે છે. આ હાજી મહુમદ વજીરના પૌત્ર શ્રીયુસુફભાઇ હાલમાં પેરીસમાં હીરા અકીકના મોટા વેપારી છે. (ડૉ હરિલાલ આર. ગૌદાનીના પત્રથી આભાર.)

જ્ઞાનની દૃષ્ટિ ઘણી જ પછાત થઈ રહેલ છે. કાચની કેટલીક સુંદર ચીજો ભારતમાં તૈયાર થઇ, તેની પરદેશમાં નિકાસ થતી. તે સમયમાં ભારતનો કાચ ઉદ્યોગ સર્વોત્તમ ગણાતો.

**'શમશેર તો શીરોહીની, પ્રતિમા ભલી ડુંગરપુરી, આવતાં જો આગ્રસુંબે ત્યાં છરા, લોઢા, છરી.**

**વળી કપડવંણજ કાચ સાણુ રહી, સમીપ રચાવજો વળી, ઘર વિશે વરસાદ પહેલાં આપ વહેલાં આવજો.'**

**–દલપતરામ**

થોડાક સમય પહેલાં આ કારખાનાઓમાં ફાનસના ગોળા બનાવી બજારમાં મૂકવામાં આવેલા. આ કારખાનાં કાચના ગોળા બનાવતાં હતાં. ત્યાના કારીગરોની પ્રવૃત્તિઓ (ક્રિયા) જાતાં–આંખે જોવાથી તેમની શક્તિનો ખ્યાલ આવે તેમ છે.

આ ગોળાઓ તથા કાચની બનાવટ કરનાર કામદારવર્ગને સીસગર કહે છે. અને તેમના વસવાટવાળા સ્થળને સીસગરવાડો કહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**સાબુ** : લગભગ સૈકાઓથી કપડવણજ કાચ અને સાબુ માટે પ્રસિદ્ધિ પામેલ છે. કપડવણજના સફેદ સાબુ ધોવામાં સરસ. એવો આ સાબુ દૂર દૂર સુરત, મુંબઇ, પરદેશ વસતા ગુજરાતીઓ પણ કપડવણજી સાબુને વાપરતા હતા.

આ ઉદ્યોગ ખીલવાનું મુળ કારણ એ કે કપડવણજની આસપાસ તોરણા, લુસંદ્રા વગેરે સ્થળેથી સાજીખાર-ઉસ વગેરે ઘણા જ સારા પ્રમાણમાં મળી આવતો. આજે પણ મળી આવે છે. તેમજ ડોળીયું પણ મળી આવતું. આજ પણ કેટલેક સ્થળે કપડવણજી સાબુ વપરાય છે. આ ઉદ્યોગ કપડવણજના સાહસિક વ્હોરા બિરાદરોને હાથ હતો અને તેમના કારખાનાઓમાં મુસ્લિમ કામદારો કામ કરતા. તેઓ કારખાનીયા કહેવાતા. તેમના લત્તાને કારખાનીયાવાડ કહેવાય છે.

કપડવણજનો સાબુ શુદ્ધ ને ધોવામાં સારો હોવાથી સુરતના કારીગરો રેશમિ કાપડ આ સાબુથી ધોત. (આભાર સાથે શ્રી ર. કે. ત્રિવેદીનો ઉતારો, તેમાંથી વધુ નોંધ મેળવી શકાય છે.)

પ્રણાલિગત પ્રમાણે વર્ષોથી ૨૫-૩૦ કુટુંબો આ સાબુના ધંધા સાથે જોડાયેલાં હતાં. મોટા ભાગના આ ધંધામાં કામદારો તરીકે મુસ્લિમો છે. અને અન્ય બીજા એકમ પણ છે. પારસી, બારોટ અને પ્રજાપતિ, આ પારસી સદગૃસ્થનું પહેલાં સરખલીયા દરવાજા બહાર દારૂનું પીઠું હતું. દારૂના શયતાનનોનાશ થયા બાદ મોટરોનો ટ્રાન્સપોર્ટનો ધંધો શરૂ કર્યો. તેઓ પૂર્વે સાબુના ધંધામાં પડેલા. વળી આ સદગૃહસ્થોએ આ ધંધાને શરૂઆતથી હસ્તગત કરેલો. હાલમાં મુંબઇમાં ચાલતી બોમ્બે સોપ ફેક્ટરીના માલિક શ્રીતૈબઅલી મોહમદઅલી છે. તેમનો દીકરો કલીમુદ્દીન વિએના પી. એચ. ડી. થઇ સાબુને રાષ્ટ્રીય ઉદ્યોગ તરીકે વિકસાવ્યો છે.

**અબ્દુલ અઝીઝ સોપ વર્કસ** : સીસગરવામાં સાબુનું કારખાનું ચાલે છે.

**ભારત સોપ ફેકટરી** :– ભાટવાડો. આ ૧૯૪૨ લગભગમાં શરૂ થએલ છે. ત્યાં ન્હાવા ધોવાના સાબુ બનાવે છે.

**ધાતુઓ** :– મહોર નદીના કિનારા પાસે લોખંડના દર્શન થતાં હતાં. હજુ પણ આ કિનારા પર લોહકાટના ટેકરા ભૂતકાળની ઝાંખી કરાવતા. ઉદ્યમીઓને પોતાની કથા કહેતા, નિરાશ વદને નીચા નમીને ઊભા છે. પહેલાં આ લોઢાને ગાળવાનો ધંધો અહિના લુહાર (પંચાલ) જ્ઞાતિના લોક કરતા. લોઢું ગાળવાની ભટ્ટીઓ મહોર નદી પર હતી. લોઢું ગળાતું. તેમાં કંઇક વનસ્પતિ ભળતાં રૂપા જેવું બનતું. આપખુદી સત્તાના ડરથી આ લુહારકોમના ભાઇઓ તેનો ત્યાગ કરી ગયા. સૈકા પહેલાં **આસિ. કલેકટર આસબનર સાહેબે** આ સ્થળના લોખંડને ગળાવેલું, પણ ખર્ચ વધારે પડતું થવાથી, બીજે વરસે એ કામ બંધ પડેલું. માટી લોખંડ સાથે ભળેલી. જેથી આ મીશ્ર લોખંડિયા પથ્થર સડકો બાંધવાના ઉપયોગમાં લઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શકાય છે. લોખંડનું પ્રમાણ ઓછું હોવાથી વધુ મહેનત અને વધારે ખર્ચ કરવા છતાં નુકસાન થવાનો ભય રહે છે. આથી તેને ગાળીને બનાવવાનું બંધ કર્યું.

લોખંડ ભૂલાયું પણ હજુ ધરતીના પેટાળમાંથી ખનિજમાં બોકસાઈટ મેન્ગેનીજ નામની કાચી ધાતુ ટાંકલાની દેરીની ટેકરીમાંથી નીકળે છે. ટેકરીની ખાણોનો વહીવટ શીવરાજપુર મઈન્સ કુંપની (ગુજરાત કલીક નીર્ક્ષણ કું.) કરે છે. આ પથ્થરો તોડાવી રેલવે મારફતે શીવરાજપુર લઈ જવામાં આવતા. આ ઉદ્યોગની ખીલવણી માટે અને માલના ઉપાડ માટે કંપનીએ રેલવેના પાટા ટેકરી સુધી નાંખેલ છે. (આ ટેકરી પ્રાચીન સ્થળ હોઈ ત્યાં ખોદકામ કરતાં પહેલાં સારી એવી પ્રતિમાઓ નીકળેલ છે. કે જે મુંબઈ મ્યુઝિયમાં રાખેલ છે.)

**અકીક** :– કપડવણજથી ૧૫ માઈલ દૂર માઝમ નદીમાંથી અકીકના પત્થરો નીકળતા. અકીકના પથ્થરો, ભેગા કરાવી સાહસિક વહોરા બિરાદરો તેને ખંભાત સાફ કરાવે છે. તે ખારિયા, આગિયા અને રાટોડિયા નામના છે. ખંભાત તેનું મુખ્ય કેન્દ્ર છે. મોગલ સામ્રાજ્ય વખતે પરદેશી પ્રવાસીઓએ ખંભાતના આ ઉદ્યોગને મહત્ત્વ આપેલું છે. આજે પણ આ ઉદ્યોગનાં ખંભાતમાં કારખાનાં છે.

**અફીણ** :– અફીણ આ બાજુના પ્રદેશની પેદાશ નથી, પણ સહાસિક વેપારીઓની બજારૂ ખરીદ વેચાણનો માલ. તે માળવા, રાજસ્થાન તરફ વણઝારાની પોઠો દ્વારા માલ રવાના થતો. કપડવણજના શ્રેષ્ઠીઓ આ વેપાર કરતા. આ વેપારમાં દર પાંચ વર્ષના હિસાબે ૧૪ લાખ અફીણની પેટીઓ અહીંથી લુણાવડાના રસ્તે થઈને જતી. આ પેટીઓ રતલામ ઉજ્જૈન મારવાડ અને ચીન સુધી પહોંચતી. આ શ્રીમંતોની નવ પેઢીઓ હતી. તેમાં ૪૦૦ માણસોનો સ્ટાફ કામ કરતો. તે નવ શાખાઓ રતલામ, ઉજ્જૈન, વડોદરા વગેરે સ્થળો પર હતી. તેમાં સુપ્રસિધ્ધ વ્યક્તિઓ હતાં. કપડવણજનાં આજનાં કેટલાંક મહત્ત્વના કુટુંબોના પૂર્વજો આ પેઢીઓમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા. ઉપરોક્ત શહેરોના નગર શેઠો સાથે આપણા શ્રેષ્ઠીઓ પણ શોભતા હતા.

**ચુનો પકવવો** :– વાડાસિનોર તરફથી પથ્થરો મેળવી અહીં ચુનો પકવવામાં આવતો હતો. હાલ જ્યાં મ્યુનિ. હાઈસ્કૂલ (જૂનું મકાન) છે તેની પાછળ દક્ષિણ તરફ ચુનાની ભઠ્ઠીઓ હતી. (નવું મકાન મ્યુનિ. હાઈસ્કૂલ) અને બીજી ભઠ્ઠીઓ હાઈસ્કૂલની ઉત્તર દિશાએ તલાવમાં આવેલી શ્રીલીંબજા માતાની દેરી પાછળ હતી. ચુનો મુખ્ય ધંધો કડિયા (મુસલમાન કડિયા) કરતા. હાઈસ્કૂલની દક્ષિણે ભઠ્ઠીઓવાળી જમીનમાં કૂઈ હતી, જે કડિયાની કૂઈ તરીકે ઓળખાતી હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ચુનો પકવવા :**

હાલમાં ચુનો પકવવાની ભટ્ટીઓ

૧. કોઠી કૂવા પાસે, (મહોર નદી તરફ)

૨. વરાંસી જતાં ડાબા હાથ તરફ.

૩. સોમનાથ મહાદેવ જતાં પણ એક ભટ્ટી છે.

**ઈંટો :** કપડવણજમાં ઈંટો પકવવાનો પણ સારો એવો ઉદ્યોગ હતો. હાલ તે ચાલે જ છે. પાકેલી ઈંટના સમૂહને ઈંટવાડો કહે છે.

**પાઘડી વણાટ :** કેટલાક વહોરા કુટુંબો આ પાઘડી વણાટનું કાર્ય કરતા અને તેને દૂર દૂર ભાગોમાં રવાના કરતા. વણકરો તેનું ઝીણું કાપડ વણી તૈયાર કરી આપતા.

**રંગાટ કામ :** જ્યાં કાપડ વણાતું અને વેચાતું હોય ત્યાં સ્વભાવિક રંગાટ અને છાપકામ હોય. ખૂબ જૂના સમયથી રંગાટ અને છપાઈ કામ આ જિલ્લામાં કેટલાક સ્થળોનું પ્રખ્યાતીપામેલ હતું. તેમાં કપડવણજ એ પણ જૂના વખતથી પ્રખ્યાત છે. સદીઓથી આ કામ ચાલતું આવ્યું છે. વણેલા તૈયાર કાપડને અહીંના ભાવસાર કોમ બ્રહ્મક્ષત્રી તથા મુસલમાન કોમના છાપકામ કરનાર ભાઈઓ રંગાઈ તથા છાપકામથી શોભા આપતા. છાપકામના કામથી કેટલાક તેમને છીપા પણ કહેતા. ભાવસાર કોમ જે સ્થળે રહેતી તે ભાવસારવાડ તરીકે પ્રખ્યાત છે.

મહોર નદીના કિનારે (પુલની દક્ષિણ તરફ) જે મહાદેવનો આરો કહેવાય છે, (મહાદેવનું નાનકડું દેવળ છે), ત્યાં પણ હાલ નાની નાની પથ્થરોમાં કોચેલી (કોરેલી) કુંડીઓ છે. આ કુંડીઓમાં રંગ ઓગાળી કપડાં રંગતા. પાસે તેઓની ધર્મશાળા હતી. (અત્યારે ખંડેર છે.) વણાટ, રંગાટ, છપાઈ કામ બંધ થતાં હાલમાં આ ભાઈઓ વેપાર તથા નોકરીઓ કરે છે. સામાન્ય ગૃહઉદ્યોગ તરીકે કેટલાક ભાઇઓ હજુ રંગાઈ કરે છે.

છાપો છાપવી, છીંટો બનાવવી એ કાર્યના મૂળ ઉત્પાદકો ગુજરાતીઓ જ છે. હિંદમાં આ ધંધો ગુજરાતીઓ દ્વારા જ ખીલ્યો છે. તેમાં મુખ્ય અમદાવાદ અને ખેડા જિલ્લાના કેટલાંક ગામો છે. તેમાં કપડવણજ પણ એક છે. લાકડાનાં બીબાં પર છાપ કારીગરો તૈયાર કરતા. આ ઉદ્યોગ મુખ્ય બ્રહ્મક્ષત્રી, ભાવસાર અને મુસલમાન. આ ત્રણ કોમના ભાઈઓ કરતા. તેમને છીપા તથા રંગરેજ કહેવામાં આવતા. આજે પણ તેઓ જ આ ધંધાને ટકાવી રહ્યા છે. આ સમયમાં પાઘડીઓ બાંધવામાં કુશળ કારીગરો રાણા કોમના ભાઈઓ હતા. રાણા ભાઈઓનો વસવાટ હાલ ટાવર, કુંડવાવ પાસે છે અને તે ગોલવાડ કહેવાય છે. આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમયમાં ફાટેલાં રેશમી, જરીવાળાં કપડાંને તૂણવાનો ધંધો તાઈ જાતના મુસલમાનો કરતા. તેઓ નદી દરવાજા તરફ રહેતા. તેમની તાઈની મસ્જિદ છે. તે વિભાગને તાઈવાડો કહે છે. હાલમાં આ ધંધો પણ મૃતઃપ્રાય થઈ ગયો છે.

**ચામડાંનું કામ :**

સમાજે અસ્પૃશ્ય ગણેલી ચમાર કોમ (સમાજનું કોઈ અંગ અસ્પૃશ્ય નથી, કોઈ કોમ કે વ્યક્તિને અસ્પૃશ્ય ગણવું તે માનવતા વિહોણું છે) એક જમાનામાં આપણા જિલ્લામાં આ કોમ પ્રાથમિક રૂપે મુએલાં ઢોરનાં ચામડાં પકવવાનાં તથા તેને તૈયાર કરી ચામડાંની બનાવટો તૈયાર કરવાનું કાર્ય કરતી. ખેતી પ્રાધાન્ય આપણા જિલ્લામાં ઢોરોનું પણ પ્રમાણ સારૂં હતું. અત્યારે પણ ચામડીઓનાં કુંડો છે. તૈયાર ચામડામાંથી તેની જુદી જુદી બનાવટો તૈયાર થતી. ડબગર નામની બીજી કોમના માણસો આ તૈયાર ચામડામાંથી ઘી ભરવાનાં ચામડાંનાં કુલ્લાં બનાવતી, ત્રાજવાનાં પલ્લાં, નગારાં, નાનાં નરઘાં, નગારીઓ, નાની કુપ્પીઓ (જે તેલ ધુપેલ વગેરે ભરવા માટે) બનાવતાં. બળદનાં જોતરાં વગેરે ચામડામાંથી બનતી બનાવટો તૈયાર કરતા. આ ચમાર કોમે તૈયાર કરેલ ચામડાનો ઉદ્યોગ તે ચલાવતા. અને મોચી લોકો પગરખાં વિગેરે બનાવતા. આ મોચી કોમનો વસવાટ કુંડવાવથી ટાવર થઈને સરખલિયા દરવાજા તરફ જતાં છે. જેને મોચીવાડો કહેવામાં આવે છે.

નદી દરવાજા તરફ જતાં ડબગરવાડો છે. ડબગર કોમ જેમ ચામડાંની બનાવટો બનાવતા તેમ તેઓ છત્રીઓ તૈયાર કરતા. જેને ડબગરિયા છત્રીઓ કહેતા. તેમની સ્ત્રીઓ માટીની છાણની કોઠીઓ અને ચુલા બનાવતી અને મજૂરી કરતી. આજની ૨૦મી સદીમાં મશીનરીથી તૈયાર થતી દરેક બનાવટોથી આ જમાનામાં ગ્રામોદ્યોગનો અંત આવવા લાગ્યો. કંપનીના તૈયાર થતા બુટ, ચંપલોના જયાનામાં મોચીનો હસ્તઉદ્યોગ કયાં સુધી ટકી શકે ? ડબગર કોમની બનાવેલ છત્રીઓ કોણ વાપરે ? ચામારોના હાથે તૈયાર થતું ચામડું આજે કયાં સુધી ટકી શકે ? ડબગરોના હાથે તૈયાર નરઘાં, તબલાં આજે પણ ચાલે છે. આવા ઉદ્યોગ હાલમાં મૃત પ્રાય બની ગયો છે.

**બટન બનાવટ** : સંજોગવસતા કેટલીક સામાન્ય કુટુંબની બહેનો બટન બનાવટનો ગૃહ ઉદ્યોગ કરતાં. કપડાના ટુકડા (ચીથરા)માંથી આ ઉદ્યોગને સજીવ રાખેલ તે પણ ગૃહ ઉદ્યોગ આજે મૃત પ્રાય થયેલ છે.

**દીવાસળીનું કારખાનું** : સ્ટેશન પાસે જ્યાં પહેલાં જિનીંગ ફેકટરીના અવશેષો છે, ત્યાં એક કારખાનું ઇ.સ. ૧૯૩૫માં 'હિન્દુ ઈસ્લામ ફેકટરી'ના નામે શરૂ થયેલું. આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફેકટરીમાંથી "કૂતરા છાપ" દીવાસળીની પેટીઓ બજારમાં મૂકવામાં આવેલી. કમનસીબ કે આ ધંધો ટૂંક સમયમા જ બંધ થઈ ગયો.

**પતરાળાં બનાવવા** : અહીં કેટલીક સામાન્ય કુટુંબની બહેનો પતરાળાં, પડિયા વગેરે ખાખરના પાનમાંથી બનાવતા. જે સારા માઠા જ્ઞાતિ ભોજન સંભારભોમાં વપરાતાં, હજુ પણ વપરાય છે. તે ગૃહઉદ્યોગ હજુ ચાલું છે,

**માટીકામ** : વરસોથી માટીનાં વાસણો વાપરવાનો રિવાજ હોવાથી આ ઉદ્યોગ પણ સારી રીતે ચાલતો. માટલાં, નળીઓ, તાવડી(કલાડાં) કોડિયાં રાંધવા માટે હાંડલીઓ તથા અનાજ ભરવા માટેની મોટી કોઠીઓ તથા બહારગામ પાણી ભરી જવા માટેના કૂંજા (ભોટવા) વગેરે, અંતિસરિયા દરવાજે તથા નદી દરવાજે વસતા પ્રજાપતિ ભાઈઓ બનાવતા. ગુજરાતમાં નાનામાં નાના ગામમાં એકાદ ઘરતો પ્રજાપતિનું હોય જ. વાસણોનું સ્થાન હવે ધાતુના વાસણોમા સમાઇ ગયું છે. તેથી આ પ્રજાપતી વર્ગના કેટલાક ભાઈઓ ઈંટો પાડવાનો ધંધો કરતા, કોન્ટ્રાકટનો ધંધો કરતા. તે પછી તે ભણીને નોકરીઓ તરફ વળી ગયા છે. ચંગીઓ, નાના હુક્કા પણ તેઓ સારા બનાવતા. કંસારવાડાના ચકલે રૈયા ગાંધીની અને વૈધની ખડકીની વચ્ચે સામી બાજુએ એક નાની ખડકીને ભોટિયાની ખડકી કહે છે. આના પૂર્વજો સારા ભોટવા બનાવતા.

**મીનાકારી કામ**–સોના ચાદીનાં ઘરેણાં પર મીનો (ઇનેમલ) ચઢાવવામાં આવે છે. અહીં નાના પાયા પર બે કારખાનાં શરૂ કરવામાં આવેલાં. પરદેશથી આવતા માલ કરતાં આવા ઘરે આંગણે તૈયાર થતા માલને મહત્વ આપી આવા ઉદ્યોગને જરૂર વિકસાવવો જોઈએ. હાલમાં નાનકડાં ત્રણ કારખાના છે.

**દવાઓ બનાવવાનો ઉદ્યોગ, ફાર્મસ્યુટિકલ વર્કસ**–અહી દવાઓ બનાવવાનુ કોઈ કારખાનું નથી પણ આયુર્વેદિક પ્રેકિટશનરો પોતાના અંગત ધંધાઓની દૃષ્ટિએ દવાઓ બનાવતા. ગાંધી કેશવલાલ કેમિકલ્સ નામની કંપનીએ સ્વતંત્ર દવા બનાવવાની શરૂઆત કરેલી પણ તેને ખાસ લેબોરેટ્રિઝ દ્વારા પ્રથકકરણ કરેલ કે દેશી દવાઓમાં કોઈ આયુર્વેદ નિષ્ણાતની યોગ્ય દોરવણી પણ મળેલી નહી. આ પ્રવૃત્તિ પણ અત્યારે બંધ છે. જો સામાન્ય રીતે તેનો વિકાસ થયો હોત તો આજ તેનાં ફળ સારા દેખાત.

**પ્રજાકીય ઉદ્યોગ ગૃહ** સ્વ. પૂ. સેવામૂર્તિ હરિભાઈ દેસાઈએ તેમનાં પ્રથમ સ્વ. પત્ની મહાલક્ષ્મી બેનના સ્મરણાર્થે એક મહાલક્ષ્મી ઉદ્યોગગૃહ ૧૯૨૦ માં શરૂ કરેલ. તે પ્રેરણાના પ્રતીકરૂપે સેવાસંઘ દ્વારા શક્તિમંડળ આ ઉદ્યોગગૃહ ચલાવે છે. પહેલાં ગરીબ અને મધ્યમ વર્ગની દુઃખી બહેનો દળવા ખાંડવાનો ધંધો કરી નિર્વાહ કરતાં. આ ગૃહ ઉદ્યોગ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સજીવ પણ રહ્યો છે. આ ગૃહઉદ્યોગમાં સ્વમાનભેર બહેનો દળવા, ખાંડવા, કાંતણ, સીવણ તથા પુણીઓ બનાવવાંનુ કામ કરે છે. આ વ્યવસ્થા બહેનોની સંસ્થાઓ દ્વારા (ભગીની સમાજ તથા મહિલા મંડળો)સારી રીતે ચાલે છે.

**દળવા ખાંડવાના સંચા**– જૂના સમયથી ડાંગર, કોદરા દરેક પ્રકારનુ કઠોળ વગેરે હાથે જ છેડીને ભરડીને તૈયાર કરવાનો રિવાજ હતો અને તે કાર્ય મહદઅંશે રાણા કોમના તમામ માણસો કરતા. અત્યારે દળવા, ખાંડવાનું કામ યંત્રો દ્વારા થવાથી તે ગૃહઉદ્યોગ બંધ થયો છે.

આ ધંધા માટે પહેલાં દળવાનો સંચો.

૧. અંતિસર દરવાજા પાસે પટેલવાડાના નાકે જ્યાં ગુજરાતી કુમારશાળા બેસે છે, ત્યાં એક વહોરા બિરાદરનો સંચો હતો.

૨. નદી દરવાજે એક દળવાની ઘંટી નાંખવામાં આવેલી.

૩. અંતસરિયા દરવાંજે દરવાજા પાસે હરિજનવાસના કૂવા પાસે એક દળવાની ઘંટી છે.

૪. મીઠા તલાવના દરવાજા પાસે ઇલેકટ્રીક પાવરહાઉસ પાસે એક દળવા ખાંડવાની રાઈસિમિલ તથા ઓઈલિમિલ બાલકૃષ્ણ કેશવલાલે નાખેલી.

૫ કંસારવાડાના ચકલે ગોરવાડાના નાકા પર એક હંસદ્દમિલ નામની પ્રથમ ઈલેકટ્રીક દળવાની ઘંટી શરૂ થએલી પણ બંધ થઈ ગઈ.

૬ સરખાલિયા દરવાજા બહાર દળવા ખાડવાની વલ્લભ વિજયમિલ શરૂ થએલ.

૭ સ્ટેશન પાસે શ્રીજયવદન રાઈસિમિલ ડાંગર ખાંડવાની ઘંટી શરૂ થએલી.

૮ ગાંચી બારી પાસે એક દળવાની ઘંટી શરૂ કરેલી

વસ્તુતઃ ગૃહઉદ્યોગને સ્થાને યંત્ર ઉદ્યોગ શરૂ થતાં ક્રમે ક્રમે કપડવજણમાં અનેક ઘંટીઓ શરૂ થઈ છે.

**તેલ ઉદ્યોગ**– ગુજરાતીઓના ખોરાકમાં તેલ સામાન્ય રીતે જરૂરી છે, ગરીબ કે શ્રીમંતને પણ તેની જરૂર પડે છે. તેવા તેલ ઉદ્યોગને આ સ્થળે મહત્ત્વ છે આ બાજુ મગફળી, તલ, દીવેલી, કણજી અને સરસવનો પાક થાય છે. પછી તે સમયમાં યંત્રોનું પ્રભુત્વ ન હતું ત્યારે આ તેલિબિયાંને ઘાણી દ્વારા પીલીને તેલ કાઢવામાં આવતું. તેલ માટે દરેક સ્થળે ઘાણીઓ ચાલતી. જે ગામના જ સુતારોની કારીગરનું પ્રતીક હતું. ગામડે ગામડે સુથાર (પંચાલ), નાવી, પ્રજાપતિ વગેરે કોમો સાથે ઘાણી ચલાવનાર ઘાંચી પણ રહેતા. આજે



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપણા ગામના આ મુસલમાન કોમના વસવાટવાળા સ્થળને ગાંચીવાડો કહેવામાં આવે છે. દીવેલ તેલ વગેરે ખાવામાં, તથા દીવેલ ઘરમાં દીવા કરવામાં વપરાતુ. દીવેલના જ દીવા ઘરે ઘરે માટીના કોડિયામાં કરવામાં આવતા. આ ઘાણી બળદ મારફતે ફેરવવામાં આવતી. આ તેલના ડબ્બા ઘણી જગ્યાએ વેપારી દૃષ્ટિએ જતા. અત્યારે આ બાજુ તેલિબીયાંનો પાક પણ વધતો જાયં છે અને હવે આ યાંત્રિક યુગમાં આ જૂની ઘાણીઓનો સમય વહી ગયો છે.

**તેલની મીલો** :– આપણા વતનમાં લગભગ છેલ્લા કેટલાક સમયથી તેલની મિલોની શરૂઆત થઈ. જેમાં પહેલાં શ્રી લક્ષ્મી ઓઈલ મિલ શરૂ થઈ. તેનો યશ સાહસિક અને દાનવીર કાંટાવાળા કુટુંબને ફાળે જાય છે. જેમાંથી આજે હજારો ડબા તેલ તૈયાર થાય છે. તેનો વેપાર સમગ્ર દેશમાં વ્યાપેલો છે,

હાલ શ્રી મફત કાન્તિ ઓઈલ મિલ, શ્રી જય ભારત ઓઈલ મિલ (નવાગામ),

શ્રી એ. સી. કોટન ઈન્ડસ્ટ્રીઝ વગેરે મિલો છે.

**જિનીંગ ફેક્ટરીઝ** :– લગભગ ઇ. સ. ૧૯૨૪માં સૌથી પ્રથમ ગાંધી કેશવલાલ છગનલાલે અતિંસિયા દરવાજા બહાર માણેકબાઈ શેઠાણીની ધર્મશાળામાં કેટલાક સાંચાથી જિનીંગ ફેક્ટરી શરૂ કરી. તે એકાદ વર્ષ ચાલ્યા બાદ બંધ થઇ ગઈ. સામાન્યથી કેટલાક જૈન ભાઇઓએ ભાગીદારીથી ફરી જિનીગ ફેક્ટરી શેઠ શામળદાસ નથુભાઈના બંગલા પાછળની જમીનમાં હવાગ પાસે શરૂ કરેલી. એક વર્ષે આ ફેક્ટરી પણ બંધ થઇ ગઇ. કારણકે આ સમયમાં કપાસની સ્હેજ અછત હતી. આ સમયમાં શ્રી વાડીલાલ દેવચંદ પરીખે સ્ટેશન સામે પાકા મકાનમાં જિનીંગ ફેક્ટરી શરૂ કરી. સમય જતાં આ પણ બંધ પડી. આ બધી ફરતી જિનીંગ ફેક્ટરીના સમય બાદ કપડવણજમાં જિનીંગ ફેક્ટરી અંતસરિયા દરવાજા બહાર કરશનપુરા જવાના માર્ગે, જમણા હાથે શેઠાણીની ધર્મશાળાની લગોલગ જમીન પર જશવંતલાલ જયંતિલાલ જિનીંગ ફેક્ટરીના નામે સૌથી પ્રથમ જીન શરૂ કર્યું. તે બાદ વતનમાં સારાં એવાં જીનીંગ પ્રેસીંગ ફેક્ટરીઝ શરૂ થયાં (કપડવણજથી મોડાસા સુધી કપાસ પેદા કરે તેવી જમીન હોઈ કપાસનું ઉત્પાદન સારાપ્રમાણમાં છે. જ્યારથી કચ્છી પટેલભાઈ-ઓનો આ બાજુ વસવાટ થયો ત્યારથી કપાસની ખેતી ઉત્પાદનનો વધારો થયો.

જશવંતલાલ જયંતિલાલ જિનીંગ ફેક્ટરીની શરૂઆત કરવાનો યશ શ્રીવાડીલાલ મગનલાલ શાહ એટલે વાડીલાલ જીનવાળા તથા તેમના ભાઇ પાનાચંદભાઇને ફાળે જાય છે.

૧. કપડવણજ કોટન જિનીંગ એન્ડ પ્રેસીંગ ફેક્ટરી (મોડાસા રોડ),

૨. જે. આર. વખારિયા એન્ડ સન્સ,

૩. ઠાસરા જિનીંગ પ્રેસીંગ,

૪. ડો. વકીલ પ્રેસીંગ ફેક્ટરી (બાવળાવાળા અંબીકા જિનીંગ એન્ડ ઓઈલ મિલ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૫. મહાલક્ષ્મી જિનીંગ એન્ડ પ્રેસીંગ
૬. સી પારેખ જિનીંગ એન્ડ પ્રેસીંગ.

જ્યાં હાલ શ્રી લક્ષ્મીચંદ મીઠાલાલ ખડાયતા છાત્રાલય છે, તે જગાએ (વૈદ્યવાળા ખેતરમાં) એક પારસી સદ્‌ગૃહસ્થનો રૂનો કાંટો હતો.

**ફોટોગ્રાફી** :– આ ગામમાં સૌથી પહેલાં એટલે ૫૦-૬૦ વર્ષ પહેલાં ફોટો ગ્રાફર શ્રીમગનલાલ પુરષોત્તમ નામના ભાઇ હતા. તે બાદ **શ્રીસોમેશ્વર** કાશીરામ ત્રિવેદી નામના ભાઈ હતા. તે બાદ શ્રીમાધવસ્ટુડિયો શરૂ થયો અને તેની સાથે આજે.

(૧) શ્રીદિપક સ્ટુડીઓ,
(૨) શ્રીસ્ટુડીઓ ચેમ્પીયન.
(૩) શ્રીડાન્ડા આર્ટ સ્ટુડીઓ.
(૪) કિર્તી સ્ટુડીઓ.

**આઈસફૂટ**નાં કારખાનાં ઇ. સ. ૧૯૫૦ થી શરૂ થયાં. હાલમાં ચાર કારખાનાં તેનાં છે.

૧ :– પરીખ આઇસ ફેક્ટરી.
૨ :– બ્લ્યુ સ્કાય આઇસ ફેક્ટરી.
૩ :– સબ્બીર આઇસ ફેક્ટરી
૪ :– પટેલ આઇસ ફેક્ટરી વગેરે છે.

**બીડીઓનાં કારખાનાં** :– ૧ :– નાથુભાઈ બાવદીન
૨ :– સીદીક
૩ :– સીંગાલા
૪ :– ખત્રી
૫ :– વીરચંદભાઈ ભાવસાર
૬ :– મગનભાઇ રાણા
૭ :– પોપટલાલ ગણેશ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગૌરવ ત્રીજું

# જળાશયો

**મહોર** :– મહવર કે મહોર નદી કે જેના તટપર આપણું વતન વસેલું છે. મહોરને કેટલાક પત્થરવાળી નદી કહે છે, પણ ખરેખર મહોરના પૂલવાળાજ ઉવારામાં, પુલની શરૂઆતથી ૫૦૦ ફુટ જેટલામાં જ પત્થર છે. શરૂઆતમાંનો અને પછી બધા ભાગના કાંઠાનું તળ માટીવાળું છે. કપડવણજની પશ્ચિમ દિશાએ ઉતર દક્ષિણ આ પટ વહે છે. આ નદી જૂના મહી કાંઠા એજન્સીની હદમાંથી ધામોદના ડુંગરમાંથી નીકળે છે, તેના બે પ્રવાહો છે. એક પશ્ચિમ સાઠંબડે માઇ અને ભૂતિયા પાસે કંભેટાના લાટ આગળ થઇને કપડવણજ તરફ આવે છે. આ ફાટો ધામણી નદીના નામે ઓળખાય છે. (ડેમાઇ ધામણીના તટ પર છે) અને બીજો ફાંટો દક્ષિણે ઘઉંઆ વગેરે ગામ તરફ ફરીને કપડવણજ ભેગો થયેલો છે. કપડવણજથી કઠલાલ તરફ થઇ આગળ જતાં શેઢીને મળે છે. કપડવણજના ઉતર દક્ષિણ પ્રવાહમાં ઘણા જ તાંબાના ગચ્ચા જેવા પત્થરો પથરાયેલા પડયા છે. પથ્થરોમાં નાચની કૂદતી આ મહોર કપડવણજની દક્ષિણે મહંમદપુરા પાસે આવેલા ઇટવાડા પાંસે વરાંસીના આવતા જળને પ્રેમથી ભેટે છે, સંગમ થાય છે.

કપડવણજની પ્રાચિનતાના નાનકડા પુરાવા આ સ્થળેથી શોધતાં મળેલાં છે.

(રમણલાલ એન.મહેતા)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ઇતિહાસના વિદ્વાનો અને ભૂસ્તર શાસ્ત્રીઓની માન્યતા પ્રમાણે મહોર તથા વરાંસી નદીઓના કિનારા પર મહુંમદપુરાની આસપાસ ઉત્ખનન દ્વારા મળેલી મહિતીથી, પાષાણયુગના કેટલાક ઓજારોના નક્કર પુરાવાઓ મળવાથી માનવાને કારણ છે, કે જૂના અશ્મયુગના સમયમાં પણ અહીં વસ્તિ હશે. કેટલાક જૂના ટેંબા પણ જૂની વસાહતના મહુંમદપુરા પાસે મલે છે. વરાંસી નદીની જૂની ભેખડોમાં તે માંહેના સ્તરોના સંશોધન પધ્ધતિ પ્રમાણે મળે છે. તે આ રીતે ....

૧ :– નદીના હાલના પ્રવાહની નજીક રાખોડી રંગની માટી.

૨ :– લાલ રંગના જૈસ્પર, લેટેરાઇટ વગેરેના કાંકરા.

૩ :– કાંપ.

૪ :– પવનથી ઉડેલી ધૂળ.

૫ :– હાલની જમીન વગેરે જોતાં, તથા મહોર નદીના કિનારા પરના લોહ કાટને જોતાં–જાણી શકાય કે અહીં લોખંડ કમવાનો ઉધ્યોગ પણ હતો.(સાભાર નોંધ)

(મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પુરાતત્ત્વ વિભાગના વિદ્વાન ડો. રમણલાલ એન. મહેતા સાહેબના અભ્યાસપૂર્ણ લેખમાંથી સાભાર નોંધ)

ઈ. સ. ૧૮૮૨ માં ડો. જેમ રોબર્ટ બ્રુસ સાહેબ નામના ભૂસ્તર શાસ્ત્રીએ મહોર નદીના કિનારા પરના હજારો વર્ષના અવશેષો એકઠા કરેલા અને શંસોધન કરેલ.

ખાસ કરીને ગુજરાતમાં આવો કાટ જે દેખાય છે, તે ત્યાંના ધાતુ ગાળવાના, લોખંડ ગાળવાના ઉદ્યોગોનો જ આ કચરો છે. આપણો આ કાટડિયા આરે લોખંડના કાટનો જે કચરો છે. તે સંશોધન થયેલ, પણ આર્થિક દૃષ્ટિએ કોઇજ રીતે પોષાય તેમ નહી લાગવાથી, બ્રિટિશ રાજ્ય વખતેજ એ કાર્ય બંધ રાખેલ.

"આ કાટવાળો ભાગ એ પ્રાચિનતાના પુરાવારૂપ છે"

મહોરમાં સમાઇ ગયેલી વરાંસી મહોરના રૂપે આગળ ભાટેરા કઠલાલ થઈને આગળ નડિયાદ તાલુકાના શાંતાપુર અને વીણા ગામ પાસે બનૈયાના નાકા આગળ શેઢીની સાથે મળી તેમાં સમાઇને આગળ મહેમદાવાદ તાલુકાની સરહદ વચ્ચે થઈ ખેડા આગળ વાત્રકની બાથમાં સમાઈ જતાં, તેના જળ વૌઠાના મહા સંગમમાં મોટી બહેનો સાથે નામશેષ મળીને કૃત્ય કૃત્ય બને છે. મહોરની લંબાઈ લગભગ ૪૦ માઇલ જેટલી છે. મહોર નદી તાલુકાના લગભગ અડધા પ્રદેશને પાણીનો લાભ આપે છે.

જ્યારે પ્રાચિન કપડવણજ રાહના આરા તરફ હતું, ત્યારે આ નદીનો પટ મોટો હતો તેવું મનાય છે. તે વખતના પુલના ભૈન્ગાવશેષો પહેલાં હતા. હાલ પ્રજાના સુખાર્થે નદી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દરવાજા બહાર વાણિજ્યની દૃષ્ટિએ મહત્વનો ગણાય તેવો પુલ છે. (**જુઓ ચિત્ર નં ૨૫**) આની પહેલાં આ કચો પુલ વહોરા બિરાદરોએ કબ્રસ્તાન જવા બંધાવેલો.

પાકો પુલ પૂર્વ પશ્ચિમ બાંધેલ છે, અને આ માર્ગેથી વરાંસી વહોરાઓનું કબ્રસ્તાન, નવાગામ, ઉત્કંઠેશ્વર, કેદારેશ્વર, આંતરસુંબા વગેરે સ્થળે જવાય છે. પુલની પડોશમાં ઉત્તર તરફ પ્રજાને કપડાં ધોવા માટે સરળતા થાય તે માટે એક પત્થરનો ઓવારો શ્રીજમનાદાસ છગનલાલ દેસાઇ (વહાણુ દલાલ) તરફથી બંધાવી આપવામાં આવેલો છે. દૂર ઉત્તર તરફના એક આરાને હાથીઓ અરો કહે છે. પહેલા નવાબી સમયમાં હાથીઓ આ સ્થળે પીણી પીતા અને ખેલતા હતા. પુલની દક્ષિણ તરફ ગામ તરફના પૂર્વ દિશાના આરાને મહાદેવ વાળો આરો કહે છે, ત્યાં પત્થરમાં કોચેલી કુંડીઓ છે, કે જ્યાં પહેલાં ભાવસાર લોકો કપડાં રંગતા હતા. ત્યાં નાનાં બાળકોની સ્મશાનભૂમિ છે. ત્યા એક નાનકડી ધર્મશાળાના ભગ્નવિશેષો પડેલા છે. કહેવાય છે કે પહેલાં ભાવસાર કોમે આ બંધાવેલી, જે આજે સ્મશાનભૂમિમાં આવતા ડાઘુ ઓને વિશ્રામસ્થાન તરીકે વાપરવા આપવા નક્કી કર્યું અને ટ્રસ્ટે એ ભેટ કરેલ છે. જેનો આજે જીર્ણોદ્ધાર થયેલ છે.

મહોર નદીમાં ચોમાસામાં નાચતાં કૂદતાં જળ માનવજીવોને બતાવે છે કે, જુવાની કેવી ઉછાળા મારે છે., ઘૂંઘવાટા કરે છે. પણ પછી તો જીવનની ઘટમાળ શરૂ કરતાં પોતાના ખોળામાં ખેલનાર કપડવણજને ઘણી જ ઉમદા શિખામણ આપે છે. બહુ જ તોફાની જીવન સુકાય ત્યારે શુ રહે છે? મહોરની શિખામણ સોનાની મહોર કરતા પણ કિંમતી છે.

**ગોઝારો પ્રસંગ** :– લોકોને રાહત આપનાર આ પુલ પરથી એક ગોઝારા દિવસે તારીખ ૩૧–૫–૧૯૬૨ ના રોજ ગુજરાત રાજ્ય વાહન વ્યવહારની આશરે ૯૦ પેસેન્જરો (માણસો) ભરેલી બસ, જે ઝેર–નિરમાલી ગામ તરફ જઈ રહી હતી. ડ્રાઇવરની ગફલતથી બસ ડુબે એટલા જળમાં પુલની રીંગ તોડીને નદીનામાં પડી. ૭૨ માણસો કરૂણ રીતે મૃત્યુ પામ્યા. આવી ભયંકર હોનારાત કપડવણજમાં કદીપણ સર્જાઇ ન હતી, આ કરૂણતાનું કાવ્ય હૃદયભેદક છે.

**વરાંસી** :–કપડવણજની પશ્ચિમે વરાંસી નદી મહોરને મળે છે. વરાંસી (**જુઓ ચિત્ર નં ૨૬**) ગાબટ નજીકથી આવે છે. આ બન્ને નદીઓ વિરૂધ્ધ દિશાઓમાં વહન કરી કપડવણજ પાસે અલગ અલગ વહેતી હોવા છતાં મહંમદપુરા તરફ આવતાં સંગમ થાય છે, અને પછી દક્ષિણ તરફ આગળ વધી શેઢીને મળી પછી વાત્રકના જળમાં સમાઇ જાય છે.

વરાંસી એ વતન ગંગા છે. તેના જળ કદી સૂકાયાં નથી. તે કપડવણજથી એક માઈલ દૂર પિશ્ચમે વહે છે. ઝરણો સદા ચાલુજ. જેથી આનો પ્રવાહ સામાન્ય ચાલુ જ રહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ નદીનું જળ સ્વચ્છ અને મીઠું છે. આ પવિત્ર નદીના કિનારા પર શ્રીરામજી મંદિર છે, ત્યાં બહાર એક મોટી શ્રી હનુમાનજીની પ્રતિમા છે અહીં મહંતની મઢી તેમજ ધર્મ-શાળા છે. તેમજ તેની પાછળ મહંતોના સમાધિસ્થાનનો છે. પથ્થરોનો બાંધેલો પગથીયાં-વાળો ઓવારો છે. **(ચિત્ર નં. ૨૭)**

પગથીયાંવાળા ઓવારા ઉપર આંબલીઓનાં ઝાડ પાસે એક ટકોરખાનુ હતું. **(ચિત્ર નં. ૨૮)** તે સ્થળે એક ઓરડો અને એક ભોયરૂં મહંતશ્રી માટે ધ્યાન ધરવા શ્રીડેમાઇ (તા બાયડ)ના વતની રા. રેવાભાઇ કરશનદાસ પટેલ બંધાવેલ જૂના પગથિયાના આરાને ફરીથી બીજી વ્યકિત તરફથી સુધારવામાં આવેલ.

શહેરની દક્ષિણ પશ્ચિમે જ્યાં સંગમ છે, તે સ્થળે (૧૦૭ વર્ષ પહેલાં) સંવત ૧૯૨૭ વડોદરાના સુવિખ્યાત શ્રીમદ્ નૃસિંહાચાર્યજી મહારાજના પગલે પાવન થયેલું. એ સમયે જે સ્થળે સામાન્ય માનવી ડરતો હતો, તે સ્થળે સંધ્યા કે રજનીનો સમય એ માનવ મહેરામણ માટે ઉમટેલોજ રહેતો. આ રીતે આ સ્થળે મહોત્સવ યોજાયો હતો. આ સ્થળે સંવત ૧૯૮૨ લગભગ બન્નેના સંગમના પાણી પર એક પ્રસંગ યોજાયો હતો.

પૂ. રાષ્ટ્રપિતાનાં અસ્થિ કપડવણજના મુકસેવક દાનેશ્વરી સ્વ. શ્રીમાણેકલાલ છોટાલાલ દેસાઈ લાવેલા. તા. ૧૨–૨–૧૯૪૮ ના રોજ તે અસ્થિ, ભસ્મ આ સ્થળે કપડવણજના ગૌરવસમા પૂ. શ્રીશંકરલાલ હરજીવનદાસ શાહના હસ્તે પધરાવવામાં આવેલ અને સર્વોદય મેળો પણ યોજવામાં આવેલો.

સંગમ ક્ષેત્રને આર્યો પવિત્ર માને છે. તેમ આ પવિત્ર સ્થાનનો પૂર્વ તરફના ભાગ પર અમરધામનાં યાત્રાળુઓને ભૂમિદાહ દેવામાં આવે છે. સામેજ એક નાનકડી બેસવા માટેની ધર્મશાળા બંધાવેલ છે. ચોમાસાના પૂર વખતે કે વરસાદ સમયે ભૂમિદાહ દેવા માટે પતરાંનું લોખંડના ગડર નાખી છાપરૂ બાંધેલ છે. તેની પડોશમાં તુલસી કયારો છે. અહિં ગામના મહાપુરૂષ અને સંતોના સમાધિસ્થાનો છે. **(જુઓ ચિત્ર નં. ૨૯)**

**ગીરનારી મહારાજ** :–જય ગીરનારી આશ્રમના ચીત્રજ **(જુઓ ચિત્ર નં. ૩૦)** નામના આશ્રમની સ્થાપના વિ.સ ૨૦૩૨ શ્રાવણ વદ ૧ સોમવાર તારીખ ૯–૮–૧૯૭૬ના રોજ શ્રી રત્નગીરી મુસ્તગીરી નામના મહારાજે કરી છે. તેઓ શબના અગ્નિદાહ વિધિમાં મદદગાર બને છે. તથા ત્યાં સારૂ એવું મંદિર બાંધવા વિચારી રહ્યા છે.

**તુલસી કયારો** :–સંગમ આગળ તુલસીકયારો **(ચિત્ર નં. ૩૧)** (૧) શ્રીરામજી મંદિરના મહંત શ્રીરામદાસજી મહારાજની સમાધિ છે. વિ.સ. ૨૦૧૮ ના મહાવદ ૧૩ ને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂવાર. (૨) ભુધરભાઇ ધનેશ્વરની ત્રિવેદી વિ.સ. ૧૮૪૮ ના કારતક વદ ૧૪ **(જુઓ ચિત્ર નં. ૩૨)** (૩) કબીર સાહેબ મહંતનો તુલસી કયારો છે. **(જુઓ ચિત્ર નં. ૩૩)**

**સંગમનો પુલ** :– આ નદી (સંગમ ઉપર એક લોખંડનો મોટો પુલ હતો. જે આશરે ૨૯૦,૧/૨ ફુટ જેટલો લાંબો ૧૭,૧/૨ ફુટ જેટલો પહોળો અને ૪૦ ફુટ જેટલો ઉંચો હતો. એ જમાનાના બ્રિટીસરોએ તે વખતે ખેડા જીલ્લામાં આ મોટામાં મોટો પુલ બંધાવ્યો હતો. ઇ.સ ૧૮૬૭ સ્વાતંત્ર ક્રાંતિ બાદ ૧૮૬૫ થી ૧૮૬૯ લગભગમાં બાધવામાં આવ્યો. આ લોખંડના પુલથી કપવણજથી નડીયાદ તરફનો વહેવાર સાચવી શકાતો. બન્ને બાજુએને સાંધનારો આ પુલ. જેને ૧૬ થાંભલા હતા તેવા મજબુત પુલનો ગામતરફનો એક ભાગ આશરે ૫૬ ફુટ લાંબો અને ૧૭,૧/૨ ફુટ પહોળો લગભગ ૩૦ ફુટ નીચે રેતીમાં મોટા કડાકા સાથે મહા વદ અમાસ તારીખ ૧૬–૨–૧૯૬૯ ના રવિવારના રોજ સાંજે કલાક ૫–૧૫ મિનીટે તૂટી પડયો. કોઇને નુકશાન થયેલ નથી. આ પુલ વાણિજયની દૃષ્ટિએ ઘણોજ મહત્વના ભાગનો છે. બસ, ગાડા અને જાનવરો મારફતે સારો વ્યવહાર દિવસ રાત્રિ ચાલ્યા જ કરે છે. **(જુઓ ચિત્ર નં. ૩૪)**

નવો તૈયાર થયેલ પુલ તા. ૧–૮–૧૯૭૫ માં અધ્યતન રીતે બંધાવેલ. તે વાહન વ્યવહાર માટે ખુલ્લો મૂકાયો. તેના પાયાની ઉંડાઇ ૨૦ થી ૨૨ ફુંટ, ૮૦ ફુંટના ચાર ચાર ગાળા પ્રમાણે ૩૨૦ ફુંટની વિશાળ લંબાઇ ૯ ફુંટ વ્યાસના આશરે ૨૭ થી ૩૦ ફુંટ ઉંચાઇના પુલના થાભલા, પુલના થાભલાઓના ગડર વચ્ચે સેત્યેટિક રબ્બરની બેરીંગો, તથા ૨૩ ફુંટની પહોળાઇના સ્લેબવાળો આ પુલ રૂા. ૯, ૧૭, ૩૬૪ ના ખર્ચે બાંધવામાં આવેલો છે.

## વોટર વર્કસ

**વોટર વર્કસ**–પ્રથમ વરાંસીનું સ્વચ્છ અને મીઠું પાણી ઘેરઘેર પહોંચાડવાનો પ્રશ્ન સુધારાઇની સ્થાપના થયાબાદ ચાર પાંચ વર્ષમાં વિચારવામાં આવેલ, પણ આ કોયડો વણઉકેલ રહ્યો હતો. તે ફરીથી સને ૧૮૭૧ માં પાછો ગતિમાન થયો. ધીરે ધીરે કરતા ૧૯૦૬ માં હિંદમાં શ્રેષ્ઠ માનવ શ્રીવિશ્વ સરૈયા, આ સમયે મુંબાઇ ઇલાકાના સેનેટરી એન્જીનીયર હતા, તેઓશ્રીએ કપડવણજ પધારી વોટર વર્કસની આ યોજના તૈયાર કરી. સરકારે લોક ફાળાની રકમ જોઇતી એકઠી કરવામાં આવશે, તો પચાસ ટકા ગ્રાન્ટ સરકાર આપશે તેમ જણાવ્યું. રા. બ. વલ્લભરામ છોટાલાલ ત્રિવેદી તથા અન્ય સજ્જનોએ ફાળો એકત્ર કર્યો. સરકારે સન ૧૯૧૪ માં પાણી પુરવઠા તથા ગટર યોજના સાથે મંજુર કરી. અંતે ૧૯૨૫ માં સદર યોજનાનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું, ત્યારે વલ્લભરામ છોટાલાલ ત્રિવેદી પ્રમુખ અને ચુનીલાલ વિઠ્ઠલદાસ વકીલ ઉપપ્રમુખ હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાણી પુરવઠા માટે વરાંસીના કાંઠે પંપીંગ સ્ટેશન શરૂ કર્યા. પાણી પુરવઠો મળી રહ્યો.

પાણી આવે તો તેનો નિકાલ કરવો જ જોઇએ, જો તે ન થાય તો ગંદગી થાય અને ગંદકીથી મચ્છર વગેરે ઉત્પન્ન થાય અને પ્રજાને ત્રાસ ભોગવવો પડે. આથી ડો. વિશ્વ સરૈયા ડોકટરની સલાહ અનુસાર ગટર યોજના પણ ઘડાઇ, ને તે ઇ. સ ૧૯૨૮ માં ૧૩ લાખના ખર્ચે કરવાનું નકકી કર્યું. તે માટે સુએઝફાર્મ તરફ ૮૬ એકર જમીન એકવાયર કરી, ગટરનું ચોકખું કરેલું પાણી આપવામાં આવે તો સારૂં એવું શાકભાજી વગેરે થઇ. શકે સાફ કર્યા સિવાયનું પાણી નજીકની નદીમાં ઠલવાય. તે વખતે ૧૪૫ સ્પેશીયલ પાણીનાં અને ૧૭૪ ગટરના કનેકશનો કેરવાનાં હતા, તે ધીરે ધીરે વધીને ૨૨૦ અને ૧૭૪ ગટર જોડાણ થયાં.

**ટાંકી :** ટાંકી ગામમાં ઉંચામાં ઉંચી જમીન પર કરવી, એવી યોજના ઘડી. ગામ વચ્ચેની ટાંકી કોઈ વખત ભયનું સ્થાન થાય, આથી વકીલ સોમાભાઈ પુનમચંદ દોશી, ડો. વાડીલાલ પ્રેમચંદ શાહે વગેરેએ આ અંગે પ્રજા સાથે રહીને મહામહેનત કરી, અને તે ગામ બહાર લઈ જવાનુ નક્કી કર્યું. તે સીંગરવાવની બાજુમાં ટાંકીકામ લઈ જવાયું. પહેલાં એક ટાંકી ગામના હિસાબે ૧૭૦૦૦૦ લીટર પાણી સમાય તેવી કરાવી અને પછી વસ્તી વધતાં પાણીના વધારા માટે બીજી ટાંકી ૧૮૦૦૦૦ની બનાવી. બન્ને મળીને ૩૫૦૦૦૦ ગેલન પાણીની ટાંકીઓ થઈ. ત્યારથી જ ગામમાં પાણી પુરૂ પાડવામાં આવે છે.

ગટર લે તેનેજ નળ આપવાનો, એટલે ગામમાં પાણીના લીધે ગંદકીની વાત જ નહીં. ગંદકી નહીં એટલે મચ્છરની તો વાત જ કરવાની નહીં.

**ગામમાં કુવા :** કપડવણજમાં મોટા ભાગની પોળોમાં નાનકડા કુવાઓ છે અને તે પોળોના નામે જ ઓળખાય છે. તેમજ થોડી વાવો પણ છે. આસપાસના ધોરી માર્ગો, રાજમાર્ગો પર કેટલાક ધર્માત્માઓએ જનતા માટે વાવો બંધાવેલી છે. ગામની આસપાસ તળાવો છે. ઢોરોને પાણી પીવા માટે હવાડા પણ ભરવામાં આવતા.

૧૯૬૯ ના મે માસમાં પાણીની તંગી આ નદીમાં આવી ત્યારે એક મુસ્લીમભાઈના કુવા દ્વારા ગામને પાણી આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## કુવા તથા વાવો

રાહના આર તરફ ખેતરોમાં ૧૨ મોટા કુવા છે, ગામની ચારે બાજુ વાવ કુવાઓ સારા પ્રમાણમાં હોઈ આ ગામને પાણીની કદી જ તકલીફ નડી નથી.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## વરાંસીનું વહેણ અખંડ ચાલુ જ રહે છે

દંતકથા કહે છે કે હાલ જે વીરપુરમાં દરીઆઈ સાહેબ નામના ચમત્કારીક પીર થઈ ગયા. તેઓ એક વખત બહીયલથી વીરપુર જતા હતા, નમાઝનો સમય થતાં આ નદીના કાંઠે-કિનારે "વજુ" કર્યું (નમાઝ પઢતાં પહેલાં હાથ પગ ધોવાની ક્રિયા) પાણી પીધું, તેમણે નમાઝ પઢીને કહ્યું કે હે ખુદા ! તું આ નદીને હંમેશને માટે આ સ્થળે વહેતી રાખજે. આ શહેરમાંથી તેને સુકાવા દઈશ નહીં." છપ્પનીયા જેવા દુષ્કાળના ભયંકર સમયમાં જ્યારે કુવાના અને નદીઓના જળ સુકાયાં ત્યારે પણ આ નદીનું વહેણ અખંડજ હતું. હાલ પણ આ પ્રવાહ ચાલુ જ રહે છે. કપડવણજથી ઉતરમાં આશરે ત્રણ માઇલ દુર માર્ગમાં કુદરતી ઝરણાં છે. પાણી ફુટે છે એટલે પાણીનું વહેણ ચાલુ રહેતું હોય તેમ સંભવે છે. પવિત્ર પુરૂષના આશીર્વાદે કે અખંડ વહેતાં ઝરણામાં ઇશ્વરેચ્છાએ આ જળ અસ્ખલિત વહ્યા કરે છે.

## સિદ્ધરાજ—સોલંકી યુગમાં કપડવણજને પ્રતિષ્ઠા અપાવનાર કીર્તીકોટડાં સમાન જળસ્થાનો

* * *

### કુંડવાવ

સોલંકી યુગની કપડવણજની પ્રતિષ્ઠાના પ્રતીક સામાન આ ગોરવવંતી ક્ષત્રિયાણી સોળે શણુગાર શજીને જરૂખે બેઠી બેઠી રણજોદ્ધાની વાટ જોતી જોતી દુરદુરની રેખાઓને આંબતી સ્વપ્નો ઢોળતી ઢોળતી ઢળી પડી.

જ્યારે જાગી ત્યારે સૈકાઓ વિની ગયાં ત્યારે ન હતો એ વેશ ન હતુ એ ગૌરવ ન હતી એ આંખોમાં ચમક પણ વિરહની વેદના વૃદ્ધત્વ, શ્વેતવાળ પણ ખરવા લાગ્યા યૌવનની ચમકે રૂઆબ ન હતાં, પણ કરોળિયાના જાળા જેવી કરચલીઓથી જાળા ગુંથાયાં હતાં. આંખોમાં કાજળની નહી પણ અંધત્વની કાળાશ હતી. આ ભવ્ય સ્થાપત્યની કળા ફક્ત પથ્થરો અને ધુળમાં રગદોળાઇ રહી છે. રેશમ કે કિનખાબના પડદા નથી, પણ કેટલાક અજ્ઞાન માનવીઓ આવા સ્થાપત્ય પાસે કચરો નાખે છે.

સૈકાઓથી અડગ ઉભેલી અતિવૃદ્ધ મહારાણી આ સહન કરતી ઉભી છે. જનતા જનાર્દન ખ્યાલ કરો એનો મોનો ભાવ જાણવો.

ભગવાન શ્રીનીલકંઠેશ્વર, નારાણદેવ, શ્રીમહાલક્ષ્મીજી, શ્રીગુપ્તેશ્વરની મુર્તિઓએ આપણને દર્શન કરાવ્યાં, જેના પવિત્ર જળથી રક્તપિતનો રોગ મટતો કહેવાય છે. તે ભવ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાવની આ વાત છે. નગરજનો જુઓ એના ભુતકાળની ભવ્યતા, વર્તમાનકાળની, શોભાઓ. ભવિષ્યમાં જનતા જેના ગૌરવની ગાથા ગાતાં પણ થાકે નહી, તેવી આ ભવ્ય 'કુંડવાવ'. શિલ્પની દ્રષ્ટીએ સુભદ્રક શ્રેણીના 'શિવકુંડ' કુંડવાવ છે. જેની લંબાઈ ૧૩૨૮ ચો. વારની છે. ક્ષેત્રફળમાં છે. કોઇ વખત એકલા અંધારે ફરતા હો ત્યારે કાળના નિસાશા સંભળાય છે ખરા ?

**હરિશબાગ :** હમણાં સૈકાઓ પછી અતિવૃદ્ધ આ રાજરમણીના હૈયા સ્થાને થયેલ હરિશબાગ શોભામાં વધારો કરનાર બની દેવત્વનાં દર્શન કરાવે છે. પણ જ્યારે સમગ્ર વાવની શોભાને વધારવા માટે કોઈ **સ્થપતિની** સલાહ લઇ તેના રક્ષણ અને શોભા માટે શું કરવું જરૂરી છે, તે વિચારવા માટેનું નમ્ર સુચન છે.

## સિદ્ધરાજની કરાવેલી વાવો

કપડવણજમાં ગુજરેશ્વર સિદ્ધરાજ જયસિંહના હસ્તે બંધાયેલ **કુંડવાવ, બત્રીસ કોઠાની વાવ, રાણીવાવ** અને **સીંગરવાવ**, એ એ સમયની સ્થાપત્ય કળાની યાદ આપે છે. ગુજરાતના આ સુવર્ણયુગનાં શિવમંદિરો, જૈન મંદિરો, વાવો, તલાવો કે અન્ય સ્થાપત્યનાં શિલ્પો ખરેખર ભવ્ય હતાં. સિદ્ધરાજ જયસિંહના સમયનાં આ સ્થાપત્યો ખરેખર ખીલી રહ્યાં છે.

'મહાલ્યો મહાયમા, મહાસ્થાનં મહાસરઃ
યત્કૃતં સિદ્ધરાજને, ક્રિયતે તન્ન કેનચિત્ ॥

## કુંડવાવનું તોરણ અને કીર્તીસ્થળ

**તોરણ :**

પ્રાકરે દેવસામગ્રે, રાજદ્વારે મહાસ્મૃતૌ ।
જલાશયાગ્રે કર્તવ્યં, સર્વાગ્રે ચ પ્રતોલિકમ્ ॥

દુર્ગમાં પ્રવેશતાં, નગરના અંદરની ભાગે, દેવાલય આગળ, કોઈ મહોત્સવની–કોઈ રાજ્યના વિજયની યાદના સ્મારક રૂપે તથા જળાશય આગળ પ્રતોલિ (તોરણ) અર્થાત્ કીર્તિસ્થંભ બાંધવા, તેમ "**શિલ્પરત્નાકર**"માં કહ્યું છે.

**કુવાદિ :** સંવતના પાંચમા સૈકાથી દેવાલયો નજીક નદી કે કોઈ જળાશય ન હોય તો ત્યાં સ્નાનાદિક ક્રિયાઓ માટે કુંડો, કુવાઓ કે વાવો બંધાવવાની શરૂઆત થયેલી હતી.

**કુંડો ક્યાં ? :** સોલંકી યુગમાં ગુજરાતમાં બંધાયેલ કુંડોમાં મોઢેરાનો સુર્યકુંડ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શિહોરાનો બ્રહ્મકુંડ–અંબાજીનો શકિતકુંડ, આબુની તળેટીમાં આવેલ ઋષિકેશના મંદિર પાસેનો કુંડ અને કપડવણજનો કુંડ એટલે કે આપણી **કુંડવાવ** મુખ્ય છે.

**તોરણોની પ્રથા :** નવમા સૈકાથી તોરણો બાંધવાની કથાનો ગુજરાતમાં વિકાસ થયલો. જેમાં પ્રાચીન શિલ્પકળાથી સમૃદ્ધ તોરણો હતાં, જેમાંના કેટલાં તુટી ગયાં, કેટલાંક હાયાત છે.

**કુંડવાવનું તોરણ :** આપણી કુંડવાવનું તોરણ, એ તોરણ સૃષ્ટિમાં ખાસ સ્થાન ધરાવતું છે. (જુઓ ચિત્ર નં. ૩૫)

"ગુજરાતના તોરણોમાં ૧૩ તોરણો છે, શામળાજી પાસે શ્રીહરિષચંદ્ર રાજાની મોરીનું તોરણ, મોઢેરાના સુર્યમંદિર આગળના બે ભગ્ન તોરણો, આસુડા દેવડાનાં બે તોરણો, દેવમાલનું શ્રીનિર્બજામ માતાનું, શ્રીલીમ્બજા માતાનું તોરણ, પિલુન્દ્રાનું સુર્યમંદિર આગળનું તોરણ, વડનગરનું તોરણ, ધુમલીનું નવલખા મંદિરનું રહેલું તોરણ, પંચમહાલ જિલ્લાના રત્નપુર ગામ આગળના રત્નેશ્વર મહાદેવનાં તોરણો, સાબરકાંઠા જિલ્લાના વિજયનગરના જંગલોમાં કેન્વારાના સુર્યમંદિરનું તોરણ, વાઘેલાના ડેરોલનું તોરણ, તે સિવાય પોરબંદર પાસે તથા ધોળકા વગેરે ઘણા સ્થળો પર તોરણોના તુટેલા અવશેષો જોવા મળે છે.

**તોરણાની વધમાનતા** : આ બધા તોરણોની સૃષ્ટિમાં વડનગર, દેલમાલ અને કપડવણજના તોરણો આજદિન સુધી **કીર્તિગાથા** ગાંતા અકબંદ ઉભાં છે, ગુજરાતના સ્થાપત્યનો આ એક વારસો છે. આપણા કપડવણજનું તોરણ એક સુંદર નમુનો છે. તે વિશિષ્ટ પ્રકારનું છે. આ તોરણના ઉપલે મથાળે મધ્યભાગે આવેલ ઇલ્લીકાલવણમાંની મૂર્તિના જેવું સુંદર શિલ્પ બીજે ભાગ્યે જ જોવા મળે છે.

**તોરણની રચના** : સુંદર ભદ્રશ્રેણીની કુંભી, ઉપરથી શોભાતાં એ જ શ્રેણીના બે દોઢીઆ, સ્થંભો ઉપર આખુ તોરણ ઉભુ છે. આ દોઢીઆ સ્થંભો ઉપર પાટ ગોઠવાચેલ છે. તેના ઉપર છજુ અને છજા ઉપર ઉત્તર ચક, પાંચ ઇલ્લીકા લવણો, બે તિલકો અને બે મકર મુખોથી આખુયે તોરણ શોભી રહેલ છે. કુંભી ઉપરથી શરૂ થતાં ભદ્રમાં સ્થંભની ચાર દિશાએ પરિકરને મળતાં ગવાક્ષોમાં એક એક દેવમુર્તિ ગોઠવાચેલ છે. આ રીતે બન્ને સ્થંભો ઉપરની આઠ આઠ દેવમુર્તિઓથી તોરણનો નીચલો ભાગ શોભી રહ્યો છે. તે ઉપર પૈકી દેવમુર્તિઓ આમાં દશ્યમાન થાય છે. તેના ઉપરના ટેકાના નીચલા ભાગને જોડતી ચારે દિશાની અપ્સરા કે ગાંધર્વીઓની મુર્તિઓની નીચલી ચાર બેઠકો દેખાય છે. તેના ઉપર તે નર પક્ષીઓની હરોળ, તેના ઉપર હીરાકણીનું શિલ્પ અને તેના ઉપર અશોક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વક્ષથી સુશોભિત સ્થંભની ટેકીનું મથાળું આવેલ છે. સ્થંભનો આકાર વર્તુળાકાર બની જાય છે. આ વર્તુળાકાર અંદરના ભાગેથી તોરણની ગોળ કમાનનું તોરણીયું બની જાય છે. બહારની ત્રણ દિશાની ત્રણ મુર્તિઓ દેખાય છે. ગુજરાતની તોરણ સૃષ્ટિમાં કપડવણજનું તોરણ આગલી હરોળમાં મુકાય છે. જો આ તોરણમાં ગેરંઆ રંગની ઝાંખવાળો ખારો પત્થર વપરાયો ન હોત તો હવા–વરસાદે આ તોરણને નુકશાન કર્યું હોત.

**ત્રણ શણગાર ચોકીઓ :** કપડવણજની મધ્યમાં આવેલી કુંડવાવ અને તોરણ. તેમાં ત્રણે દિશામાં ત્રણ શૃંગાર ચોકીઓ આવેલી છે. આ સુંદર વેદીબંધ ત્રણે શૃંગાર ચોકીઓ અમુલ્ય શિલ્પધન છે.

(ડા. હરિલાલ આર. ગૌદાની–સાભાર)

**કુંડની પાણી વખતની શોભા :** આ કુંડ કપડવણજના ભદ્રસ્થાને શોભે છે. જ્યારે આ સ્થળ ચોમાસામાં પાણીથી ભરાયેલ હોય. અહીં ગામના કેટલાક સારા એવા તરવૈયાઓ ચોમાસામાં ત્યાં આવેલ છત્રીઓ પર ચઢીને તરવાના ભુસકા મારવા રોકાતા, ત્યારે કેટલાક અમારા જેવા (તે સમયના બાળકો) તે જોવામાં તલ્લીન થતાં. ભાદરવા વદ ૧૨ રેંટીયાબારસ (રાષ્ટ્રપિતા પુ. બાપુની જન્મજયંતિ) જ્યારે કપડવણજના નાગરિકો, કપડવણજના પ્રાણ સમાન સેવા સંઘ જેવી સંસ્થા, પગથિયે પગથિયે દીપમાળ પ્રગટાવે, ત્યારે એકકેક નાગરિક આ દીપમાળ ઝળહળતી જ્યોત–દીવડાઓ જોવા ઉમટતા, તે પ્રસંગ કદી ભુલાય તેવો નથી. એક વખત કલ્પના કરો કે પગથિયે પગથિયે દીપમાળ મુકતા હશે ત્યારે કેવી દેખાતી હશે. આ વિચારે દીપમાળ કરવાનો મનોરથ થયેલ.

**શિલ્પમાં કુંડોના નામો :** શિલ્પશાસ્ત્રમાં કુંડોની, ચાર શ્રેણીનું વર્ણન થયેલ છે. જેના નામ "ભદ્રક" "સુભદ્રક" "નંદાખ્ય" અને "પરોઘ". ગુજરાતના મોટા ભાગના કુંડો ચોરસ એટલે ભદ્રક શ્રેણીના છે, છતાં આપણા કપડવણજનો 'શીવકુંડ' "સુભદ્રક" શ્રેણીનો છે. આ બધા જ કુંડો શિલ્પશાસ્ત્રના નિયમો અનુસરજ બંધાયેલ છે.

સોલંકી યુગની કેટલીક કથાઓ, શિલાલેખો કરતાં પાષાણમાં કોતરેલ સૌન્દર્ય કલાના અદ્વીતિય નમુનારૂપ છે. ગુર્જરસ્થાપત્ય એ ક્ષત્રિય રાજવીઓ તથા શ્રેષ્ઠીઓની કલા સાધનોને ચિરંજીવી રાખનારા સ્થંભો છે. સોલંકીઓના સુવર્ણયુગની ભવ્યતા ઉત્તર ગુજરાત જ આપી શકે. મધ્ય ગુજરાતમાં કપડવણજ એ યશ કથા કહે છે. ૧૩૨૮ ચો.વા.ના ક્ષેત્રફળની કપડવણજના મધ્યભાગે શોભતી **કુંડવાવ** જોનારને તેની ભવ્યતાનો ખ્યાલ આપે છે. ઘણા જ ગોખથી શોભતી નક્કર પગથિયાથી બાંધેલ આ સુંદર સરોવર જેના મધ્યભાગે નાનકડી કુઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શોભે **છે.** આસપાસ બેઠક જેવો ચોપાસ ફરતો પરથાળ (પટશાલ). પરથાળો ઉપર ચોકીઓ બંધાવવાનો રિવાજ પ્રચલિત હતો. આ પ્રકારની ચોકીઓ, સંતોના આશ્રમ**સ્થાન** મઢીઓ યાને છત્રીઓ જે હજુ કલાના નમુનારૂપ **છે.** જ્યારે કુંડવાવ નહિ હોય ત્યારે આ **સ્થળે** નાનકડું ખાબોચીયું હશે એવું કોઇકનું અનુમાન **છે.**

જમણી બાજુની છત્રી નીચે ઉંડાણમાં કૂવા જેવું છે :

**શુભદ્રકુંડ અને શીવકુંડ :** સોલંકી યુગમાં ઘણા કુંડો ગુજરાતમાં બંધાયા. જેમાંના આજ ઘણા તુટયા છે. કેટલા મોજુદ છે, તેમાં કપડવણજનો આ કુંડ 'શીવ-કુંડ' હયાત છે. કેટલાક કુંડો મોટા ભાગભા ભદ્રક શ્રેણીના છે. જ્યારે 'શુભદ્રક' શ્રેણીનો આ શિવકુંડ છે.

(ડો. હરિભાઈ ગૌદાનીના લેખમાંથી સાભાર :)

વડનગરના કીર્તિસ્થંભથી કંઇક અંશે કલામાં અને શૃંગારમાં ઉતરતા દરજ્જે હોવા છતાં, જીવંત નમુનારૂપ આની કમાન હજુ શોભી રહી છે. હાલમાં આ કમાન યાને કીર્તિસ્થંભ આ સિદ્ધ સરોવરનું મુખ્ય દ્વાર હશે. ભાવિકભક્તો અને ભુદેવો સિદ્ધ સરોવરમાં સ્નાન કરી તરત જ ભગવાન નીલકંઠના દર્શન કરતા હશે.

**આ તેરણની લંબાઈ પહોળાઈ** : આ કીર્તિસ્થંભ ૧૨ ચો. ફુટમાં સમાયેલ ૨૩ ફુટ ૧૦ ઇંચની ઉંચાઈમાં છે, અને કુંભીઓ ૪ ફુટની જાડાઈમાં છે. બે બાજુના સ્થંભો છજુ અને તોરણો કલાના નમુનારૂપ છે. ઉપરનાં મધ્યમાં શિવની તાંડવ નૃત્ય કરતી પ્રતિમા છે અને બંને બાજુ કમળ ઉપર બ્રહ્મા અને ગરૂડ ઉપરશ્રીવિષ્ણુની પ્રતિમાઓ શોભે છે. શિલ્પકળાના ચાર : ૪ : પ્રકારના નમુનાઓમાં આ કીર્તિસ્થંભ ઉતંગત એટલે પહેલા પ્રકારનું શિલ્પ છે. આ કીર્તિસ્થંભ તરફ જતાં, પગથીયાથી પરથાળ પર જતાં, બન્ને બાજુ સુંદર કલાત્મક મુર્તીઓ છે.

**શિવકુંડ અને બત્રીસ કોઠાની વાવ** : આ શિવકુંડ સરોવરમાં પહેલા ૧૨ માસ પાણી ટકતું હતું. સિદ્ધ પુરૂષો, સંતો આ મઠોમાં છત્રીઓ નીચે તપશ્ચર્યા કરતા. તે સમયે આ બાજુના રહેવાસીઓ કેટલાક કપડા ધોતાં અને સ્નાન પણ કરતા. લોકકથા કહે છે કે-અર્ધી સદી પહેલાં કોઈ સંત આ છત્રી નીચે તપશ્ચર્યા કરતાં હતા. મહાત્મા પ્રભુતાનમાં હતા, અને રૂતુસ્નાતા બહેન ત્યાં કપડા ધોવા બેઠેલાં. મહાત્માએ દૂર બેસવા જણાવેલ, પણ હઠીલા બહેન નહઠયાં, પણ સાધુ હઠયા અને પાણી પણ હઠયાં. હાલમાં પાણી ૧૨ માસ ટકતું નથી. 'કુંડવાવ' અને બત્રીસકોઠાની વાવનો સંબંધ એક જ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**કુંડની ચાર દિશા :** આ સરોવરની બહારની બાજુ પૂર્વ દિશાએ કીર્તિતોરણ પાસે મકાનો છે. ઉત્તર અને પશ્ચિમે દુકાનો છે. વચ્ચે પોલીસગેટ છે, દક્ષિણ બાજુ મુખ્ય પ્રવેશદ્વાર છે. હમણા થોડા સમય પહેલા દક્ષિણ બાજુ, જ્યાં પ્રખ્યાત ટાવર જે પહેલા એક નાનકડો પૂરાણો ટાવર હતો તે પર શ્રીચંચળબેનના નામે વધારીને ઉચ્ચભાગ કર્યો છે (**જુઓ ચિત્ર નં ૩૬**) ત્યાં એક સુંદર હરિશબાગ શેઠશ્રીહરિશચંદ્ર વાડીલાલ જાલીવાલાએ પ્રાચીન સ્થાપત્યને શોભા આપનાર અર્વાચીન નાનકડો બાગ બનાવેલ છે.

વર્ષાઋતુમાં પાણી ભરાયેલ હોય ત્યારે આ સરોવરમાં ચાંદલિયાને સ્નાન કરતાં જુવો, કૃષ્ણપક્ષમાં તારલીયાને નાચતા–સ્નાન કરતાં જોવા, તથા ભાદ્ર વદ ૧૨ રાષ્ટ્રપિતાની જયંતિ : રેંટિયા બારસના દીવસે સેવાસંઘના સ્વયંસેવકો દ્વારા પગથિયે જલતા દીપકો–અરે પાણીમાં તરતા દીપકો જોવા, એ એક અનેરો આનંદ. આ દિવસે ગામના હજારો આબાલ-વૃદ્ધ સ્ત્રી–પુરૂષો આ આનંદ દરેક વર્ષે માણતા હોય છે.

**બત્રીસ કોઠાની વાવ :** સોલંકી યુગની એક જ જાતના પથ્થરોથી બંધાયેલ આ વાવમાં બત્રીસ કોઠા હતા. હાલમાં તેમાં થોડાક કોઠા છે. ગામની વચ્ચે આ વાવ છે. તેના પરથાળ પર શ્રીમોઢેશ્વરી માતાજીનું નાનકડું દેવળ છે. વાવની સામે જ સલાટવાડો છે. માનવામાં આવે છે કે આ વાવનો પરથાળ વગેરેની લંબાઈનું માપ કાઢવા જતાં ઉંડાપાડાના પ્રવેશદ્વાર સુધીની મોટી કોઠા સાથે આ હોવી જોઈએ. જ્યારે શહેરમાં ગટરો ખોદવાની શરૂઆત થઈ તે સમયે, આ વાવના કોઈ પુરાણા અવશેષો દેખાયા હતા. વાવનો ઉપરનો પરથાળ અને નાની વહોરવાડ સુધીની દુકાનોને જો બરોબર જોઇએ તો એક જ સરખી ઉંચાઇએ આ બધો જ ગોળાકાર છે, તેના પર જ હાલમા દુકાનો અને પેઢીઓ છે.

સિદ્ધરાજ સોલંકીના સુવર્ણયુગોનાં સંસ્મરણો તાજા કરાવનાર આ વાવ અર્વાચીન કપડવણજને શોભા આપતી ઉભી છે. ૪૬૧ ચો. વા. ના ક્ષેત્રફળમાં રહેલ આ વાવને મ્યુ. એ સ્થાપત્યનું રક્ષણ કરેલ છે. પગથિયાં ઉતરતાં સામા દેખાતા માળ જેવા ઝરૂખા, બંધ બાંધેલ મેડીઓ, હજુ શોભા આપી રહેલ છે, એ કોઈપણ પ્રવાસીને આકર્ષણ આપે છે.

**સીંગરવાવ :** કપડવણજની પૂર્વ દીશાએ વૈજનાથ મહાદેવની સાથે જ, હાલમાં મ્યુ. પાણીની બન્ને ટાંકી પાસે છે. આ ભવ્ય વાવ ગુર્જરેશ્વરની મહારાણીની માનીતી દાસી સીંગરના નામથી આ વાવ બાંધવામાં આવેલી. કુંડવાવ, બત્રીસકોઠાની વાવ તથા રાણીવાવની બાંધણીના જ સમયમાં આ વાવ પણ બંધાએલી જ. જૂના સ્થાપત્ય તરીકે તે ગણાય જ. આના મીઠાપાણીનો જળપ્રવાહનો લાભ જનતા લેતી આપી રહેલ છે. આ વાવની પૂર્વ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દિશાએ કપડવણજ મ્યુ. હાઈસ્કૂલ, પશ્ચિમે ગૈજનાથ મહાદેવ, દક્ષિણ દિશાએ ટાંકી, અને ઉત્તર દિશાએ તલાવ અવેલ છે. ૨૩૧ ચો. વા. ક્ષેત્રફળમાં આ વાવ આવેલ છે. ઉત્તર દિશાએથી બે ટોડા બાંધેલ છે. તેમાં પગથિયાં ઉતરવાં પડે છે. સારી રીતે માળ જેવી બાંધણી છે. ઉતરતાં ડાબી બાજુ એક ગોખમાં સપ્તમાતૃકાની પ્રતિમા છે. **(જુઓ ચિત્ર નં. ૩૭)** બીજી તરફ ગણેશની પ્રતિમા છે. **(જુઓ ચિત્ર નં ૩૮)** ઘણા લોકો નવરાત્રિના ગરબાપણ અહીં મુકે છે. પુરાતન સ્થાપત્ય તરીકે તેનું રક્ષણ થવું જોઈએ ને તે થાય છે.

**સીંગરવાવમાં સપ્તમાતૃકા** : સપ્તમાતૃકાઓના આવા પાટો ગુજરાતમાં દરેક ખુણેથી મળી આવ્યા છે. "આ પ્રકારના પાટો મોટાભાગે વાવોના કે કુંડોના ગવાક્ષોમાંથી અને કવચિત પુરાણા મંદિરોમાંથી મળી આવે છે. કયાંય કયાંય તલાવના ઓવારા ઉપરના ઘાટની દિવાલોએ સપ્તમાતૃકાની મુર્તિઓ કોતરાએલ જોવા મળે છે. બ્રાહ્મણ, વાણીયા, લુહાણા, ભાટીયા, બ્રહ્મક્ષત્રીય, પંચાલ વગેરે કોમોના કેટલાક કુંળો સપ્તમાતૃકાને પોતાની કુળદેવી માને છે.

(ડા. હરિભાઈ ગૌદાન :)

**રાણીવાવ** : શહેરના પુર્વ દરવાજે અંતિસરિયા દરવાજાની ઉત્તર દીશાએ શરૂ થતા હરિજનવાસમાં બહાર જેવો એક સાબાનો કુવો છે, તે રીતે અંદરની બાજુ સોલંકી યુગની સિદ્ધરાજ મહારાજે જયારે કુંડવાવ, બત્રીસકોઠાની વાવ તૈયાર કરી ત્યારે તે જ પત્થરો અને તે જ સ્થાપત્યને ગૌરવ આપનાર રાણીની વાવ બંધાવી. **(જુઓ ચિત્ર નં ૩૯)** હાલમાં આ જુના સ્થાપત્ય પ્રત્યે દુર્લક્ષ અપાયું છે. તે જુના સ્થાપત્ય તરીકે જ સચવાવી જોઈએ. આ વાવના પાણીથી રેશમી કપડાં ધોવાતાં હતાં.

**સિંધવાવ** : શહેરમાં સુથારવાડાની તરફ જતાં નાના બારોટવાડાની પાડોશમાં ડાબે હાથે એક પુરાણી વાવ છે. તેમાં શ્રી સિદ્ધેશ્વરી માતાજીની આંગી છે માતાજીના નામથી આ વાવને બધા સિદ્ધવાવને બદલે સીંધવાવ કહે છે.

શહેરની આસપાસમાં કેટલી અર્વાચીન વાવો છે.

**બીડની વાવ**
**સૈયદની વાવ**

**કાપડીની વાવ** : સંવત ૧૮૫૩ માં શ્રી માન્ ગુલાબસીગ પરથમજીએ તથા ધેલાભાઈએ મળીને બાલાશીનોર જતાં મોટી કાપડીની વાવ કરાયેલી.

**વહોરી વાવ** : સરખલીયા દરવાજા બહાર સોમનાથ જતાં હતી. (હાલ તે પુરાઈ ગઈ છે) જે હાલ ટાંઉન હોલની પાછળ પરીખ આઈસ ફેકટરીની આગળ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**નીશાળીયા વાવ :—** કપડવણજથી નાંના રત્નગિરિ જતાં જમણી બાજું વણઝારાઓની ખ્યાતિ આપતી એક વાવ છે. જેનું ખરૂં નામ શું છે? તે કોઇ કહેતું નથી, પણ તે નીશાળીયા વાવ તરીકે ઓળખાય છે.

જોશી વિટ્ઠલદાસ નરોત્તમદાસની એક બંધાયેલ વાવ છે. વળી શહેરની ઘણી પોળો કે જેમાં ગણે સ્થળે કુંવાઓ છે.

**શાખાનો કુવો :** અંતિસરિયા દરવાજા બહાર ઉત્તર દિશાએ હરિજન વાસમાં નાકા-પર એક મોટો કુવો છે. તેમાં કંઇક આત્મહત્યાઓ થવાથી તેને શાખાનો કુવો કહે છે.

**શિવશંકર મહેતાજીની વાવ :—**વરાંશીથી દોઢ ગાઉ પશ્ચિમે જતાં શીવશંકર મહેતાની વાવ આવે છે. થોડેક છેટે બીજી પણ વાવ આવે છે.

**બાપુજીની વાવ :** આ વાવ પહેલાં ભાંગેલી હતી, તેને મગનભાઈની વાવ કહે છે. આ વાવનો કપડવણજના મોઢ વકીલ બાપુજી દુર્લભરામે સંવત ૧૯૪૨ માં જીર્ણોદ્ધાર કરાવ્યો. પાસે મુસાફરો માટે નાનકડી ધર્મશાળા બાંધેલી. આ વાવને બાપુજીની વાવ કહે છે,

**ભાઈલા કુઈ :** ત્યાંથી એકાદ ગાઉ દુર "ભાઈલા કુઈ નામનું ગામડુ તથા તથા એ નામની વાવ છે. આ વાવનું પાણી બાપુજીની વાવ જેવું સારૂ નથી. લોકો તેને 'માહીમારની વાવ કહે છે.' કહેવાય છે કે કોઈ સ્ત્રીએ તેના પતિનો ઘાત કરીને આ વાવ બંધાવી હતી. (અગર વાવમાં પતિનું ખૂન કરેલ) આવી કોઈ પણ સાબિતી નથી પણ આપણે તેને 'ભાઇલા કુઈ' તરીકે જ ઓળખીયે છીએ.

**હવાડો :** અંતિસરિયા દરવાજા તરફનાં ઢોરોને ચારવા માટે જતાં વિસામો શ્રીમાણેકબાઇ શેઠાણીની ધર્મશાળા આગળ બહારનું ખુલ્લુ ચોગાન હતું. જેને ઔઢણ કહેવામાં આવે છે. હાલમાં વસવાટ અને દુકાનો છે. દક્ષિણે કુવાસહિતનો હવાડો છે. જ્યાં ઢોરને પાણીવીવાનો હવાડો બાંધેલો. કૂવામાં કેટલીક બહેનોએ આપઘાત કરેલાં. હાલમાં આ કુંવો હવાડો પુરાઈ ગયેલો છે. ત્યાં પહેલાં નાનકડું જીવન શરૂ કરવામાં આવેલું.

**મેનાનો કુવો :** મોડાસાની સડકે પુર્વ દિશાએ જમણા હાથે છપ્પનિયા કાળ સમયે મેનાબહેન પટેલે તેમના ખેતરમાં આ કુવો બધાવેલ છે. જે આજે પણ તેમની યાદ આવે છે.

**ડીઝવો કુવો :** સરખલીયા દરવાજા બહાર ડાકોરની સડકે, ગુજરાતી પ્રાથમિક શાળા પાસે જ્યાં ચાર રસ્તો મળે છે, તેની પાડોસમાં જ એક પુરાણો કુવો છે, જેને ડોઝવો કૂવો કહેવામાં આવે છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**સખી દાશનો કુવો** :— સરખલીયા દરવાજા બહાર દક્ષિણ તરફ જતાં ચાર રસ્તાની પડોશમાં ગુજરાતી પ્રાથમિક શાળાની પડોશમાં એક જુનો કૂવો છે. જે આ બાજુના દાની શેઠ શ્રીસખીદાસે જનતાના લાભાર્થે તૈયાર કરાવેલ. જેથી તેને સખીદાસનો કુવો કહે છે. કેટલાક તેને દરવાજાના નામ પરથી સરખલીયો કુવો કહે છે.

**વડવાળો કુવો** :—

## તળાવો

શહેરની પૂર્વ દિશાએ અંતસરિયા દરવાજા બહાર પ્રાચીન સીંગરવાવની ઉત્તરે એક તલાવ 'રતેલા' તળાવના નામે ઓળખાતું મોટું તળાવ છે. આ બાજુના વસવાટ વાળાં કેટલાંક કુટુંબો પહેલાં અહી કપડાં ધોવા આવતાં અને નદીએ પણ કપડાં ધોવાતાં. આ તળાવમાં પૂર્વ તરફ નાવી કોમના કુળદેવી શ્રીલીંબજા ભવાનીનું નાનકડું દેવળ (દેરી) છે. આ તળાવ અને તેની પાસેના મેદાનમાં પહેલા યુદ્ધો ખેલાયેલા. (શ્રી ગોપાળરાવ મામલતદારે આ સ્થળે યુદ્ધ ખેલેલું)

શહેરની પશ્ચિમ દિશાએ મહોર અને વરાંશી એમ બન્ને નદીઓનાં પ્રવાહ છે. અને આથી આ નદીનો દરવાજો કહેવાય છે.

શહેરની દક્ષિણે સરખલીયા દરવાજા બહાર ડાકોરના રસ્તે જતાં ચાર રસ્તાની પાસે ગોપાળપુરા તરફ જતાં મોટું તળાવ છે. આ સ્થળે એક વખત ગુન્હેગારને જાહેરમાં ફાંસી અપાયેલ. ગામના આંકડાદાર "રાજારામ" દેસાઈનો પોળીયો હતો. (હાલમાં તે પોળીયો નથી.) તેમના વારસદારો હાલમાં છે.

**મીઠું તળાવ** : મીઠા તળાવ પાસેનો કિલ્લાનો દરવાજો પણ મીઠા તળાવના દરવાજાના નામે ઓળખાય છે. આ દરવાજા બહાર રાજપુત યુગનાં બે ઐતિહાસિક (પૂતળાંથી) આ કિલ્લો રાજપૂત યુગનો બંધાયેલો. તેની સાબિતી આપે છે. હાલ આની પાસે જ્યાં રાઈસ મીલ છે, તે સ્થળે બાબી વંશના રાજવીઓના આનંદ માટેનો મોટો બાગ હતો. તે સ્થળ સરદાર બાગ તરીકે ઓળખાય છે. હાલ આ બાજુ કિલ્લાની અંદરની બાજુ રાઈસ મીલ સાથે જ વિદ્યુત પ્રસારણ વિભાગ છે. આ સ્થળેથી ગામને વિદ્યુત પ્રવાહ પહોંચાડવામાં આવતો. સાથે જ શ્રીસંતસંકિર્તનભુવન છે. (જૂનું મહાવીર ટોકીઝ)

**શ્રીપત તળાવ** :

**મોર તળાવ** : કુકેવાનાં આંબલીઆરાના રસ્તે નાનકડું તળાવ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**લેંડી તળાવ** : સોમનાથ જવાના રસ્તા પર આ તળાવ છે.

**રાણુ તળાવ** : રત્નાકરના રસ્તે છે.

મીરાં પુરના પ્રાચીન શ્રીસોમનાથ મહાદેવના દેવળ બહાર પરથાળ, પગથીયા બાંધેલ એક સુંદર તળાવ છે. (પગથીયાંવાળો કુવો પણ એક છે.)

પૂર્વે અંતિસરીયા દરવાજેથી ડાબે હાથે જતાં એક કશનપુરા આવે છે. ત્યાં સાથે જ લલ્લુપરૂ નામે એક નાનકડું પરૂ છે. આ જગા પાસે એક તળાવ છે, જે કેરણખાણની તલાવડી કહેવાતી. ત્યાંથી ખોદકામ કરતાં કેરણ સારી નીકળતી.

## સાવલી ટેન્ક

## તાલુકાનું જોવા જેવું તળાવ

કપડવણજથી ડાકોર જવાના રસ્તા પર આશરે પાંચ માઈલ દૂર સાવલી નામનું એક નાનકડું ગામ છે.

સંવત ૧૯૫૬ ઈ.સ. ૧૯૦૨ છપ્પનિયા નામનો ભયંકર દુષ્કાળ ગુજરાતમાં પડેલો. આ ભયંકર દુષ્કાળમાં આમજનતાને રોજી રોટી મળે તે માટે-"દુષ્કાળ રાહત" માટે આ તળાવ બાંધવામાં આવેલું. દુષ્કાળ પુરો થતાં આ બાંધકામ બંધ પડેલું, પણ પાછળથી ફરી પુર્ણ કરવામાં આવેલું. ઈ.સ. ૧૯૧૦ લગભગ સુધી કામ ચાલુ રાખવામાં આવેલું. જેનો ખર્ચ ૨,૩૨,૨૫૧–રૂા. સરકારે મંજુર કરેલ. ભવ્ય વિશાળ ક્ષેત્રફળમાં તૈયાર કરેલ આ તળાવ છે. આ તળાવ ખેડા જીલ્લામાં મોટામાં મોટું છે.

આ બંધની લંબાઈ ૭૫૫૦ ફુટ છે, પહોળાઈ મથાળે ૧૦ ફુટ છે. બંધનો પાણી તરફનો ઢાળ ૩ ફુટે ૧ ફુટ અને પાછળનો ઢાળ ૨ ફૂટે ૧ ફૂટ છે. આ બંધને મજબૂત બનાવવા તેની બહારની બાજુએ ૨૧ ફુટ પહોળો અને ૧૧ાા ફુટ ઉંચો એક પાળો બનાવવામાં આવ્યો છે. પાળાની અંદરના ઢાળ ઉપર પત્થરનું એક પડી પાથરી તે ઉપર મોટો પત્થરો બેસાડવામાં આવેલ છે, તળાવનું ઉંડાણ ૧૬–૮૬ ફુટ છે.

પાણીના નિકાલ માટેની દિવાલ ઉંચી બનાવવા માટે બારાંઓ નીકને મથાળે મૂકવામાં આવ્યાં છે. તેમાંથી નાનાં બારા મારફતે પાણી નીકળી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. પાણીનો નિકાલ બે ભાગમાં વહેંચેલો છે. એકમાં પાછળ કુંડી સાથેની ૩૦૦ ફુટ લાંબી દિવાલ છે, તેમાં ૫/૩ાા ફુટનાં છ બારાં છે, બીજા ભાગમાં ૭૦૦ ફુટ લાંબી દિવાલ છે, તેના ઉપર થઈને પાણી વહી જાય છે. વધારાના પાણીના નિકાલ માટે બે થી ત્રણ ફુટ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઊંચી ૧૦૦૦ ફુટ એક નીક ખોદવામાં આવી છે. જે કપડવણજના ધોરી માર્ગોને ઓળંગે છે. આ સ્થળે ત્રણ ફુટ પાણી પડે તેવી કુંડી સાથે દિવાલ છે. વળી નીક ધોવાય નહિં તે માટે ૨ાા/૩ ફુટનો સીમેન્ટનો ઓટલો બાંધેલો છે.

આ પાણીના આવરણનો વિસ્તાર ૧૧ ચો. માઇલ અને પાણીનો પ્રવાહ ૧૬૭.૮૫ મીલીયન ઘનફુટ ગણવામાં આવ્યો છે. ૩૬" વરસાદ પડે ત્યારે આવરણના વિસ્તાર જેટલું પાણી પડે. તેનો ૧/૭ ભાગ તળાવમાં આવે તેવી રચનાથી આ તળાવની રચના કરવામાં આવી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગૌરવ ચોથું

# ધાર્મિક સ્થળો

**શ્રીનીલકંઠ :** હાલ જ્યાં ભગવાન નીલકંઠેશ્વરનું સ્થાન છે ત્યાં પ્રથમ જંગલ હતું. ગામ જ્યારે રાહના આરે મહોર નદીના સામે કાંઠે કર્પટવાણિજ્ય આબાદ હતું, ત્યારે આ સ્થળે જંગલ હતું. અહીં પહેલાં નાનકડો ખાડો (તળાવડી) હતી. જ્યારે આ સ્થળે નવાણો બંધાયાં, દેવળ બંધાયું, ત્યારબાદ આ સ્થાન પુજા સ્થાન બન્યું, મહાદેવના ઘણાં બાણ હોય છે, તેમાં આ બાણ જુદુ જ છે. શ્રીભગવાન નીલકંઠેશ્વરનું દેવળ કોણે અને કયારે બંધાયું તેનો ઉલ્લેખ મળતો નથી. હાલ જે દેવળ છે તે નવું છે.

આ દેવળનું પ્રવેશદ્વાર બે બાજુ છે. દક્ષિણ તરફથી પ્રવેશતાં પ્રથમ પાંડુ પૌય બબુવાહન (બળીયા કાકા)નું નાનકડું ધામ છે.

**ખડકો :** ટાવર પાસેના બજાર રસ્તે આવેલ પૂર્વ તરફથી નાનકડી બારી જેવા પ્રવેશ માર્ગે જતાં મેડાબંધી નાની ધર્મશાળા છે. જેમાં થઈને મંદિરમાં પ્રવેશ કરી શકાય છે. ધર્મશાળા સારી સ્થિતિમાં હોઈ ત્યાં અભ્યાગતો તેમજ કેટલોક સમય અહીં સંતો, સંન્યાસીઓ પણ વાસ કરે છે. મહાદેવનું લિંગ પણ હાલ ભૂગર્ભમાં જ છે. ગુર્જરેશ્વરના સમયમાં કુંડ વાવમાંથી નીકળેલ સર્વ પ્રતિમાઓ, આ સ્થળે જ હતી તેમ મનાય છે. ધર્માંધ યુગમાં આ દેવળ અટવાયું. તેની તે સમયની વ્યવસ્થા શાસ્ત્ર નિષ્ણાત ધર્મપ્રેમી ચોરાશી મેવાડા (જોષી) કુટુંબને સોંપાયેલ. આ યુગમાં જોષી કુટુંબ લિંગ સિવાયની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તમામ પ્રતિમાઓ પોતાના મકાનોમાં લઈ ગયેલા. તેનો વહીવટ હાલમાં રાધેકૃષ્ણ અંબાશંકર ત્રિવેદીના કુટુંબના કરે છે. જ્યારે ગામમાં અનાવૃષ્ટિ જેવો પ્રસંગ લાગે છે, ત્યારે હિન્દુજનતા પ્રણાલિકા પ્રમાણે મહાદેવજીને અકળાવવા શ્રીનીલકંઠેશ્વર ભૂગર્ભમાં હોવાથી આ સ્થાનને પસંદ કરે છે.

પાટપૂજ્ય શ્રીશારદાપીઠના જગદ્ગુરૂએ થોડો વખત મુકામ કરી, આ સ્થળ પાવન કરેલ છે. આ સ્થળે ધાર્મિક પ્રવચનો કરવામાં આવેલાં.

**એક મત :** જ્યારે આ સ્થળ જંગલ હતું ત્યારે કેટલીક વખત કપડવણજનાં ઢોર ચરવા આવતાં. આ સ્થળે મહાદેવ છે. તે કોઈની જાણમાં ન હતું. એક વણિકની ગાય દુધની ધારા કરતી અને તે વણિકને ત્યાં દુધ આપતી ન હતી. આ કારણ ખોળવા વણિક અને ગોવાળે તપાસ આદરી. તપાસતાં નિયત પ્રમાણે આ સ્થળે દુધની ધારા કરતાં નજરે નિહાળી. આ સ્થળમાં કંઇક ચમત્કાર છે એમ સમજી બન્ને જણે મળીને ખોદાણ કર્યું, શ્રીલિંગ હાથ આવ્યું. આ લિંગની સ્થાપના આ વણિકે કરી. (આવી લોકકથા ગુજરાતમાં ઘણે સ્થળે હોય છે.)

**બીજો મત :** જ્યારે ગુર્જરેશ્વરે ખાડાનું ખોદકામ કરાવ્યું (જે સ્થળે કુંડવાવ છે તે ખાડો) ત્યારે આ લિંગ, શ્રીનારણદેવ, શ્રીમહાલક્ષ્મી તથા શ્રીગુપ્તેશ્વરની પ્રતિમાઓ હાથ લાગેલ. આ મતને મોટો ભાગ મહત્ત્વ આપે છે.

**શ્રીનારાયણદેવ :** કુંડવાવના ઇતિહાસ સાથે સંબંધ ધરાવતી શ્રીવિષ્ણુ ભગવાનની પ્રતિમા, તે શ્રીનારાયણદેવની પ્રતિમા.

કપડવણજના વતની અને હાલ મંદિરના નામે જેના નામની ખડકી છે, તે શ્રીરસીકલાલ દેસાઈ જ્યારે વૃદ્ધાવસ્થાએ પહોંચેલા હતા. લક્ષ્મી હોવા છતાં તેનો સદ્‌ઉપયોગ કરનાર કે પિંડ મૂકનાર પુત્ર નહીં હોવાથી, શ્રીવિષ્ણુ ભગવાનની દરરોજ પ્રાર્થના કરતા, પુત્ર પ્રાપ્તિ થઈ. તેમણે આ મંદિર બંધાવવાની શરૂઆત કરી. આ સમયમાં ભરૂચના શ્રીમંત લલ્લુભાઈને પણ વિષ્ણુ ભગવાનની ઉપાસનાના ફળરૂપે પુત્ર પ્રાપ્તિ થઈ હતી. તેમણે પણ આ દેવળ બંધાવવામાં મદદ કરેલી. દેસાઈ કુટુંબો આ સમયે રાજ્યો સાથે સંકળાયેલાં હતાં. આ દેવળની ભવ્યતાનું કારણ રાજ્યાશ્રય છે. શ્રીમલ્હાવરાવ ગાયકવાડનાં દીકરી ગજરાબાના લગ્ન સમયમાં રસીકલાલ દેસાઈ તથા અન્ય દેસાઈ કુટુંબના સભ્યોએ સારો સહકાર આપેલો, તેથી શ્રીનારાયણદેવના મંદિરના બાંધકામમાં શ્રીમલ્હાવરાવ ગાયકવાડે પણ મદદ કરેલી. તથા પૂજન વિગેરે વિધિ માટે રૂા. ૫૦– પચાસ વર્ષાસનરૂપે શ્રીજોશી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુટુંબને બાંધી આપેલા. આ દેવળ સંવત ૧૮૪૬–૪૮ માં પૂર્ણ થયેલ એવું મનાય છે. કપડવણજમાં મહત્ત્વનું સ્થાન ધરાવતું હિન્દુ મંદિર છે, (જુઓ ચિત્ર નં. ૪૦) તેનું પ્રવેશદ્વાર ઉત્તરાભિમુખ છે. આ મંદિર જોતાં સ્હેજે ૨૦૦ વર્ષનો ખ્યાલ આવે છે. શ્રીનારાયણદેવ ભગવાનની પ્રતિમા પૂર્વાભીમુખે છે, વચ્ચે મોટો ચોક છે. જેમાં તુલસીક્યારો છે. જે વિષ્ણુ ભગવાનના બરોબર સન્મુખ છે, અને સામે જ શ્રીગુપ્તેશ્વર મહાદેવનું નાનું દેવળ, આ મંદિરમાં જ સમાયેલ છે. શ્રીગુપ્તેશ્વર, મહાદેવની પ્રતિમાની પધરામણી શ્રીમંછારામ જીવણજી જોશીએ કરેલી. અહીં એક વિષ્ણુવૃક્ષ પિપળો છે. જ્યાં અનેક હિન્દુઓ બાધાઓ માને છે. મંદિરમાં મેડાબંધી બેઠકો છે. પ્રવેશદ્વારના ઉપરના ભાગ પર તથા ઓટલાઓ પર ઓરડીઓ છે. જેનાં ભાડાં ધર્માદામાં વપરાય છે. શ્રીનારાયણદેવના મંદિર તરફ જતાં હરહંમેશ આપણને ભાવિક ભક્તો નજરે પડે છે. શ્રાવણ માસ, પવિત્ર માસ, હિંડોળાના દર્શન એટલે ભક્તોની ભીડ. સવાર–સાંજ દર્શન ટાણે માનવ મહેરામણ ઉભરાએલ હોય. ત્યાં દર્શન કરી સીધા શ્રીગોકુલનાથજીના મંદિર તરફ દર્શનાતુર ભક્તો દોડતા જ હોય.

**શ્રીનારાયણમંદિર** : શ્રીનારણદેવ મંદિરનું ક્ષેત્રફળ ૪૦૧૫/૪૦૦૦ ચોરસફુટ આશરે છે. તેનો વહીવટ આજ પણ ચોરાસી મેવાડા બ્રાહ્મણ એટલે જ્યોતિશાસ્ત્રના નિષ્ણાત કુટુંબના જ કરે છે, આ જોશી કુટુંબના સભ્યો આસપાસના રજવાડામાં જ્યોતિષ અને કર્મકાંડ માટે નિષ્ણાત તરીકે પ્રખ્યાત હતા. (આ વિદ્વાનો સુવર્ણયુગના વિદ્વાનોના વંશજો છે.)

**શ્રીમહાલક્ષ્મી** : ઐતિહાસિક કુંડવાવમાંથી નિકળેલ પ્રતિમાઓમાંની એક (હાલમાં છે તે નવી પ્રતિમા છે) શરૂઆતમાં આ પ્રતિમા પણ જોશી કુટુંબના ઘરોમાં જ હતી. આ ગામના સદગૃહસ્થે મંદિર અને પ્રતિમાને પધરાવી (ઇ.સ. કે સંવત મળેલ નથી) સ્થાપના કરેલી. આ પ્રતિમાજી પૂર્વાભિમુખે છે. દેવળનું પ્રવેશદ્વાર પશ્ચિ તરફનું છે. તેનું ક્ષેત્રફળ ૧૮૦૨/૧૮૦૦ ચોરસફુટના આશરે છે. તેનો વહીવટ અને પૂજન વિધિ હાલ શ્રીમાળી બ્રાહ્મણના પંચને હસ્તક છે. દેવળનું પ્રવેશદ્વાર મેડાબંધી છે, ત્યાં ગુજરાતી કન્યાશાળા બેસે છે.

**શ્રીગોકળનાથજી** : વૈષ્ણવોમાં મોટા મંદિરના નામે પ્રખ્તાત એવું શ્રીગોકુળનાથજીનું મંદિર છે. તે સ્થળે પ્રથમ પોરવાડ વણીક પંચની ધર્મશાળા હતી. તે રૂા. ૧૦૦૦/–ની કંઠી આપી પંચ પાસેથી શ્રીરાજારામ દેસાઈનાં સુપુત્રી શ્રીઅચરતબહેને લીધી હતી. આ મંદિરમાં પ્રવેશતાં જમણા હાથે એક કુવો છે. તેમજ ૨ ઓરડીઓ બંધાયેલ છે. શ્રીગોકુળની ગાદીના પાદપૂજ્ય શ્રીલક્ષ્મણલાલજી મહારાજે સંવત ૧૯૧૧ પોષ વદી ૪ શનિવારે અહીં આવી શ્રીઠાકોરજીની સ્થાપના કરેલી.

**મોટા મંદિરની વ્યવસ્થા એટલે રાજભોગ :** મંદિરની બહાર મોટા પરથાળ પર આજ દુકાનો ભાડે આપેલ છે. દેવળની પાછળ એક સારી ગૌશાળા છે. શ્રીકૃષ્ણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભગવાનની પ્રિય કામધેનુઓનું અહીં યોગ્ય ભક્તિભાવથી ઉછેર થાય છે. આ મંદિરનું ક્ષેત્રફળ ઘણું જ મોટું છે. પણ દેવળનું ક્ષેત્રફળ ૧૬૭૪/૧૭૭૧ ચોરસફુટ આશરે છે. તેનો વહીવટ. પહેલાં વૈષ્ણવ મંદિર ગોરવાડામાં હતો. પણ શ્રીઅચરતબહેને સંવત ૧૯૦૯, ઈ.સ. ૧૮૫૪માં આ દેવળ બંધાવ્યું. સંવત ૧૯૧૦માં પ્રભુને પધરાવડાવ્યા. શ્રીલક્ષ્મણલાલજી મહારાજશ્રીએ સંવત ૧૯૧૨માં લીલા સમાપ્ત કરી. (કપટભેદ વૃતાંત). શ્રીલક્ષ્મણલાલજી મહારાજશ્રીનો જન્મ દિવસ શ્રાવણ સુદ ૧૦નો હોઈ મંદિર તરફથી ભજનકિર્તન એક વર્ષે રાજારામ દેસાઈના વારસ દેસાઇ હરિલાલ કેશવલાલ અને ડો. બાપુલાલ કેશવલાલ વાળાને ત્યાં ઉજવાય છે.

**કોઠાનું મંદિર :** શ્રીપરમનિવદીય શ્રીબેનજીરજી. ગુજરાતમાં ચાંપાનેર ભાંગ્યુ. તે બાદ ત્યાંના મોટા શ્રીમંત ગૃહસ્થ પોપટશા પાંજરશા પોતાના કુટુંબ સાથે કપડવણજ આવીને વસ્યા. તેમને ત્યાં તેમની ભાગ્યવાન્ પવિત્રભાર્યા પુરાંબાઈના પુત્ર વિષ્ણુભાઈ હતા.

સંવત ૧૬૪૬ના ચૈત્ર સુદ ૯ને શ્રીગોકુલનાથજી પ્રભુ ગોકળથી ગુજરાતમાં દ્વારકા જવા પધાર્યા. અમદાવાદ થઈ ઉવારસદ અને ઝેરનીરમાલી થઈ કપડવણજ શ્રીકૃષ્ણદાસ ત્રવાડીને ત્યાં પધાર્યા, જે સ્થળ હાલ ભુધરભાઇની હવેલીના નામે ઓળખાય છે. આ સમયે આપે શ્રીકૃષ્ણમર્દન, કૃષ્ણશામળ અને વિષ્ણુજીભાઈને શરણે લીધા અને ભગવદ્દીય રંડા; ભગતને પ્રભુએ પોતાના કર્યા.

જ્યારે શ્રીગોસાંઇજી વિષ્ણુભાઈજીને ત્યાં પધાર્યા ત્યારે આજ્ઞા કરી કે "તેરે ઘર લીલા ઉપયોગી રતનકો પ્રાગટય હોયગા, યાકો જતન કરીઓ." તે બાદ રસીક રમાંજી શ્રીબેનજીરાજનો જન્મ થયેલો, તેમનો જન્મ સંવત ૧૬૪૭ના પોષ સુદ ૧૩ (એક જુના ગ્રંથ પ્રમાણે સંવત ૧૬૬૪ બન્ને મતમાં ૧૭ વર્ષનો ગાળો બનાવ્યો છે) તેમનું બાળપણનું નામ રતનબહેન હતું. હાલ જ્યાં તેમની સેવા બિરાજે છે. (કોઠાનું મંદિર). એ તેમનું જન્મ સ્થળ છે. તેમના પતિ શ્રી રસભકત રતનજી વોરા હતા (વોરા અટક બ્રાહ્મણ તથા વણિકોની પણ હોય છે = વહોરનાર–ખરીદનાર–વેપારી).

(બેનજીરાજેનું પ્રથમ પ્રાગટય ગઢા દુર્ગાવતીનું હતું, બીજુ પ્રાગટય સંતદાસ ઘરે અને ત્રીજુ પ્રાગટય કપડવણજમાં આ બેનજીરાજે)

કપડવણજ મન્દિરમાં બિરાજતા શ્રી વૃજદુલ્હેજી સ્વરૂપ પાસે સરખા આસને બિરાજે છે. મંદિરમાં બીજી જોડ છે, તે કૃષ્ણ શામળ પારેખના વંશજ દલસુખભાઈની વૃદ્ધાવસ્થાએ તેમના સુપુત્ર ગોવરધનદાસે પધરાવેલી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બેનજીરાજને બાલ્યાવસ્થામાં પોતાના સ્વરૂપની સ્મૃતિ આવતાં ભક્તિભાવથી શ્રીગોકુલેશજી દર્શન જવા તમન્ના થઈ. વીરહની વેદનામાં માંદા પડ્યાં. આ સમાચાર લઈને કાસદ ગોકુળ ગયો. રાજભોગ સમયે કાકદ ગોકુળ પહોચ્યો. તેને ઉત્થાન સમય પાત્ર સમયે પત્ર લખી આપ્યો અને શ્રીબેનજીરાજને સ્વપનમાં સાક્ષાત શ્રીજીએ આજ્ઞા આપી કે હવે વિલંબ નહીં થાય. બીજી બાજુ કાસદ આ શ્રીજીનો પત્ર લઈને આવ્યા છે. તેને સામે મળવા (કૃષ્ણપુરા) કસનપુરા પધાર્યા, પાસેજ વાવ હતી. ત્યાં કાસદને મળયા, પ્રભુના હસ્તાક્ષરોનો પત્ર વાચ્યો. આ વાવ આજે પણ શ્રી 'બેનજીરાજની વાવ તરીકે ઓળખાય છે. આજે પણ આગંતુક વૈષણવો આ વાવ પર કીર્તન, ઘોળ, મંગળ ગાય છે. અને મનોરથ પણ કરે છે.

શ્રીબેનજીરાજના પ્રાગટય સ્થળમાં સેવા. સંવત ૧૭૦૦ માં તેમના પિતાશ્રી વિષ્ણુજીભાઈથી શરૂ થયેલ. તેને મહદવર્ય શ્રીનાગરદાસભાઇ મોટા ભાઈ શ્રીવલ્લભદાસ બાદરપુરવાળા કુલકુંવર બહેન તથા ભાવનગરી શ્રી કેશવદાસ વગેરે ભગવદીઓએ અપનાવી છે. કપડવણજ શ્રીકોઠાના મંદિરમાં શ્રીવિષ્ણુજીભાઈના વંશજો હાલ સેવા કરે છે. શ્રીબનજીરાજનો સેવ્ય પાદુકાજી શ્રીઉત્સવલાલ સાંકળચંદ પરીખને ત્યાં બિરાજે છે. સવાસો વર્ષથી કેવળદાસ દલસુખભાઈ તથા તેમના પુત્રી પરશનબહેન ને પછી તેમનાં ભોજાઇ ઇચ્છાબહેન અને તે પછી ઇચ્છાબહેનનાં સુપુત્રી કમળાબેન શ્રીબેનજીરાજના જન્મ સ્થળની સેવા કરે છે. બહારગામથી આવનાર ભકતોને સત્કારે છે.' (અનુગ્રહ સંવત ૨૦૧૭ અંક ૧૧ માં થી સાભાર) છેલ્લી અવસ્થામાં ગોકુલમાં વસીને પ્રભુની સાનિધ્યમાં લીલામાં પધાર્યાં હતાં. કહેવાય છે કે નિજધામ જતાં ફુળનો ઢગલો થઈ ગયેલ.

આજે પણ તેમના જન્મ દિવસે પોષ સુદ ૧૩ ના રોજ ભરૂચ તથા બારોઆ વગેરે સ્થળેથી અનેક વૈષણવો પધારી કીર્તન ભજનો દ્વારા તેમની સ્મૃતિ જાણવે છે. વાવડી પર જઇને પણ ભજન કિર્તનો કરે છે.

**શ્રીહર્ષદ માતાજી** : કપડવણજ જ્યારે શહેરના આરા તરફ હતુ, ત્યારે એ ટાંકલાની ટેરી ડુગરીના નામે ઓળખાતા સ્થળે જ્યાં જુના રાષ્ટ્રકુટ વંશજોના અવશેષો ગણી શકાય તે સ્થળે આ દેવીનું સ્થાન ભવ્ય દેવાલયમાં હતું. આ સ્થળે જુના રજપુત યુગના ભાગ્યા તૂટતા અવશેષો અને ખોદકામ થતાં પ્રાચીન પ્રતિમાઓ પણ ત્યાં નિકળેલી. (જે મુંબાઈ મ્યુઝીયમમાં રવાના કરેલ) હાલમાં ભાગીને જેનો નાશ થયેલ છે, તેવું એક સરોવર પૂર્વ દિશાએ દ્દષ્ટિગોચર થાય છે. અને ઉત્તરમાં વહેતી મહોર નદીનો પ્રવાહ દેખાય છે. આજે



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ આ મુળ સ્થાનક પર દર વર્ષે દુર્ગા અષ્ટમી આસો સુદ ૮ ના રોજ કેટલાક દરજી ભાઇઓ જાય છે. આજે પણ દરજી કામેના પુરોહિત (ગોર) આ મંદિરની પૂજા કરે છે.

કંસારવાડાના ચકલે ૨૦૦ થી ૩૦૦ ઘરો કંસારા ભાઈઓનાં હતાં, અને તેઓ ટાંકલાની ડુંગરીથી આ પતિમાજી લાવેલા, શેઠ શ્રીશામળભાઈ નથુભાઇની પોળમાં મંદિરમાં લાવેલ. હાલ કેટલાક તેને હર્ષદપોળ પણ કહે છે. દર વર્ષે દુર્ગાષ્ટમી પર હોમ હવનાદિ ક્રિયા પણ ઘણીજ ધામધુમથી થાય છે. શહેરની હિન્દુ જનતા ઉત્સાહથી ભાગ લે છે. આ દેવળનું પ્રવેશદ્વાર દક્ષીણામુખે છે. શ્રીમાતાજીની પ્રતિમા પશ્ચિમાભીમુખી છે. શક્તિની આવી પ્રતિમા આ વિભાગમાં છે. આ દેવળ શ્રીઅષ્ટાપદજીના ભવ્ય જીવાલયના પશ્ચાતદ્વારે છે. દેવળનું ક્ષેત્રફળ ૩૮૭–૩૭૫ ચોરસ ફુટના આશરે છે. તેની પુંજા વિગેરે ધાર્મિક ક્રિયા ચિંતામણજીની ખડકીમાં રહેતા ગોર કરે છે. જ્યારથી આ શહેર વસ્યુ ત્યારથી જ આ શ્રામ્યદેવીનો વાસ છે. લગ્ન પછી વરકન્યા પ્રથમ અહીંજ દર્શન માટે આવતાં ચરણોમાં પૂજન કરે છે.

**શ્રીઅંબાજી** : ભડકણની ખડકીમાં પ્રવેશતાં જમણા હાથે ગૃહ મંદિર જેવું આ મંદિર છે, તેનું પ્રવેશદ્વાર પૂર્વાભિમુખે છે. મંદિરમાં પ્રવેશતાં સામે પશ્ચિમાભિમુખે શ્રીજગદંબા અંબિકા, સરસ્વતી, શ્રીકામુક્ષા, અને શ્રીવિષ્ણુલક્ષ્મીજીની પ્રતિમાઓ છે. પ્રવેશતાં જમણા હાથે શ્રીમહેશ્વરની પ્રતિમા અને ડાબા હાથે શ્રીવાયુપુત્રની પ્રતિમા છે. શ્રી દુર્ગાની સ્થાપના જોશી છગનલાલ મુળજીભાઈ નામના સદગૃહસ્થે કરી છે. તેનો વહીવટ તથા પુજનાદિ વિધિ વગેરે કાર્ય નટવરલાલ મણીલાલ ભાઈશંકર ત્રિવેદી કરે છે.

**શ્રી રાધાકૃષ્ણનું મંદિર** : ધોબીકુઈ પાસે નાનકડું મંદિર છે.

**શ્રીગંગાશંકર ધર્મશાળા મંદિર, શ્રીમોટું રામજીમંદિર :**

મોટા સુથારવાડે દોઢેક સૈકા જુનું આ મંદિર છે. (જુઓ ચિત્ર નં. ૪૧) સવંત ૧૮૬૯ના આસોસુદી ૧૫ શનિવાર તા. ૯–૧૦–૧૮૧૩ ના રોજ ઈનામદાર બ્રહ્મભટ્ટ પથુભાઈએ આ દેવળ બંધાવી શ્રીરામ-લક્ષ્મણ-જાનકીજી અને હનુમાનજીની પ્રતિમાઓની સ્થાપના કરેલી. આ દેવળમાં પ્રવેશતાં જમણી બાજુ શ્રીગંગેશ્વર મહાદેવની સ્થાપના છે. ગુલાબસિંહ કાકુજી બારોટે ગંગેશ્વર મહાદેવની સ્થાપના અને દેવળ બંધાવેલ. જે શ્રીપથુભાઈના ભાઈ ગલાભાઈએ કરાવેલી. આ દેવળમાં કેટલોક ભાગ મેડાબંધી છે. જ્યાં ચાલુ મહંત પુજારી રહે છે. આ મંદિરનાં દ્વાર બે છે. એક ઉત્તરાભીમુખે અને બીજુ પૂર્વાભિમુખે છે અને પ્રતિમાઓ પશ્ચિમાભિમુખે છે. તેનો વહીવટ ઇનામદાર બ્રહ્મભટ્ટ મુળજીભાઈ વહાલાભાઇના કુટુંબીઓ કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**શ્રીસ્વામિનારાયણનું મંદિર :** શ્રીરઘુનાથજી મંદિર સામે પટેલવાડાના દરવાજે પેસતા ડાબા હાથે શ્રીસ્વામીનારાયણનું ભવ્ય દેવળ છે, આ દેવળ કપડવણજના અગ્રગણ્ય મુત્સદ્દી રાજેશ્રી ભુદરભાઇ ધનેશ્વભાઇએ બંધાવેલ. આ દેવળમાં શ્રીહનુમાનજીની પ્રતિમા જોવા જેવી છે. મંદિરનું ક્ષેત્રફળ ૪૦૫૦/૪૦૨૫ ચોરસફુટના આશરે છે.

શ્રીનીલકંઠ મહાદેવના ફળીયા પાસે જમણી બાજુ રાજમાર્ગ પર એક બીજું શ્રીસ્વામીનારાયણનું મંદિર છે. જ્યાં ફક્ત આ સંપ્રદાયનાં બહેનો જ લાભ લે છે.

**વનિતા વિશ્રામ** : આ એક પાદુકા મંદિર ઉડાપાડા (હનુમાનવાળી ખડકી) સામે હતું. આ વિશ્રામ મંદિરની સ્થાપના શ્રીમનુમાધવા તીર્થ મહારાજે સવંત ૧૯૬૫માં ચૈત્ર સુદ ૧૧ ને ગુરૂવારે કરેલ. આ સ્થળે કેટલીક ધાર્મિક બહેનો ધર્મ મેળવતાં. હાલ આ સ્થળને ચણી લેવામાં આવ્યું છે.

**શ્રીરામજીનું મંદિર (રામજી મંદિર)** : પટેલવાડાના દરવાજા સામે મોઢ બ્રાહ્મણની ધર્મશાળાની પાસે જ શ્રીરઘુનાથજીનું મંદિર છે, તે પણ મેડાબંધી છે, તેનું પ્રવેશદ્વાર પશ્ચિમાભિમુખે છે. શ્રીરામ–લક્ષ્મણ અને જાનકીજીની પ્રતિમાઓ પૂર્વાભિમુખે છે. પ્રવેશતાં જમણી બાજુ બહાર ગોખમાં શ્રીવાયુપુત્રની નાનકડી પ્રતિમા છે. આ મંદિરનું ક્ષેત્રફળ ૯૨૭/૯૦૦ ચોરસફુટ આશરે છે. મંદિરની પૂજન ક્રિયાદિ વિધિ શ્રીચોરાસી (ભટ્ટ) મેવાડા (જ્યોતિષનિષ્ણાંત) કુટુંબના કરે છે. પ્રતિમાની સ્થાપના પદ્મવિભુષણશ્રી તથા અ.સૌ.લેડી. કુસુમબેનના શુભ હસ્તે કરવામાં આવેલ છે. (તા. ૧૪–૩–૬૯ સંદેશ સમાચાર પ્રમાણે.) રામજી મંદિરના જીર્ણોદ્ધાર માટે સારી રકમ એકત્ર કરવા ડોંગરેજી મહારાજને વિનંતી કરી **રામાયણ** પારાયણનું તારીખ ૨૭-૮-૭૧ થી તારીખ ૪–૯–૭૧ સુધી આયોજન થયું હતું.

**શ્રીખેરવાડિયા હનુમાન** : જ્યારે કપડવણજ શહેના આરા તરફ હતું ત્યારે આ સ્થળે જંગલ હતું. અહીં ખેરનાં ઝાડ હતાં, તેમ મનાય છે. કુદરતની અગમ્ય કળા સ્થળને જળ અને જળને સ્થળ બનાવે છે જંગલમાં પણ મંગલ સ્થાન બનાવે છે. શ્રીહનુમાનજીની સ્વયંભુ ચમત્કારીક પ્રતિમા છે. આ નાનું દેવળ કંસારાવાડાના ચકલેથી થોડે દૂર સુથારની નાની ખડકી પાસે છે. હાલનું દેવળ નવું બંધાવેલ. તેનું ક્ષેત્રફળ ૧૭૧/૧૭૦ ચો. ફુટના આશરે છે. તેમાં શ્રીગણપતીજીની પ્રતિમા છે. પૂજન વિધિ તપોધન કુટુંબના કરે છે.

**શ્રીકબીર મંદિર** : નદી દરવાજે મોટા કુંભારવાડામાં કબીરપંથી સંપ્રદાયના બે મંદિરો છે. તેમાં એક મંદિર જેનું પ્રવેશદ્વાર પૂર્વાભિમુખ છે, તે ગોલા (રાણા)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોમનું છે. અહીં એક કબીરપંથી બ્રહ્મચારીજી રહે છે. તેઓશ્રી સારા વૈદ્ય છે. તેનું ક્ષેત્રફળ ૧૧૪૩ ચોરસ ફુટ આશરે છે.

બીજું મંદિર નદી દરવાજે જતાં રસ્તા પર છે. જેનું પ્રવેશદ્વાર પૂર્વાભિમુખે છે અને પાછળ પણ દ્વાર છે. આ મેડાબંધી મંદિર છે. આ મંદિરની વ્યવસ્થા નાવી કોમના પંચના હસ્તક છે. જેનું ક્ષેત્રફળ ૧૪૮ ચોરસફુટના આશરે છે. આ મંદિરમાં નાનકડું પુજા સ્થાન બંધાવેલ છે. તેના સ્વ.મહંત રામદાસના ચેલા શ્રીચંદ્રદાસ સાહેબની પ્રતિમા છે. મહારાજશ્રીની ગાદીનું પુજન પણ થાય છે. આ મહંતશ્રીનું સમાધિસ્થાન વરાંસી નદી તરફ જતાં ખેતરમાં જમણી બાજુ છે.

**શ્રીચામુંડા માતા** : નદી દરવાજેથી મોટા કુંભારવાડા તરફ જતાં લુહાર શેરી પાસે શ્રીમાતાજીની નાની ડેરી છે.

**શ્રીવેરાઈ માતા :**

**શ્રીસીધવાવ માતાજી** : શ્રીસીંધવાવમાં શ્રીમાતાજી છે. શ્રીગંગાશંકરની ધર્મશાળાની પાછળ આ પ્રાચીન વાવ છે. તેનો વહીવટ તથા પૂજનવિધિ વિગેરે થાય છે. સામે જ સુથારની ધર્મશાળાની ભીંતને અડીને નાનકડી દેરી છે. જેમાં પ્રતિમાની સ્થાપના છે. સીંધવાવમાં માતાજીના સ્થાનનો પુનરોદ્ધાર શેઠ શ્રીઅંબાલાલ છોટાલાલે. કરાવેલ છે.

## કિલ્લા બહાર

**શ્રીવૈજનાથ મહાદેવ** : અંતિસરિયા દરવાજા બહાર શ્રીમાણેકબાઈ શેઠાણીની ધર્મશાળાના અગ્નિ ખૂણે, સ્ટેશન જવાના માર્ગે જમણા હાથે, શ્રીવૈજનાથ મહાદેવનું બાંધેલ દેવળ છે. પ્રવેશતાં મેડાબંધી ધર્મશાળા છે. આ ધર્મશાળાનો ખુલ્લો પરથાંળ ચારે બાજુનો છે અને દેવળ વચ્ચે છે. પાછળના ભાગમાં મીઠા પાણીથી ભરપુર ઐતિહાસિક સીંગરવાવ છે. આ પ્રખ્યાત સીંગરવાવની પૂર્વે રાજમાર્ગ સામે કપડવણજ મ્યુ. માધ્યમિક શાળા છે. ઉત્તરે એક મોટું તળાવ છે, કે જેમાં શ્રીલીંબજા માતાની દેરી છે. દક્ષિણે બાજુ ગામને નળ દ્વારા પાણી પુરૂં પાડનારે બે મોટી ટાંકીઓ છે. શહેરના ફરવા જનાર તથા ભાવિકને શ્રીવૈજનાથ મહાદેવનાં દર્શને થાય છે.

આ દેવળ અદુમ્બર જ્ઞાતિના ધર્મિષ્ઠ પુરૂષ આશારામ આણંદરાવે સ. ૧૬૪૫ ઈ.સ. ૧૫૮૯ માં બંધાયેલ. તેમના પિતરાઈ ભાઈ નરભેરામ પરસોત્તમદાસે મંદિરમાં પેસતાં જમણી બાજુનું બાંધકામ કરાવેલું અને ડાબી બાજુનું બાંધકામ જૈન જ્ઞાતિના ધર્મિષ્ઠ મહેતા કાળીદાસ જીવણદાસે પાછળથી કરાવેલ. આ ભાવિક ત્રિપુટીના વંશજો હયાત છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રીમહાદેવજીનો જીર્ણોદ્ધાર ૨૦૦૭ ની સાલમાં થયેલો છે. સંવત ૧૯૯૩–૯૪ ઇ.સ. ૧૯૩૭ લગભગમાં મંદિરના પૂર્વ તેમજ ઉત્તર ભાગની હદ રોકાયેલ છે. (?) ઉત્તર ભાગે શહેરના ભાવિકોએ પોતાના સ્વજનોના સ્મર્ણાર્થે ઓરડીઓ બંધાવી શ્રીભગવાન વૈજનાથના ચરણે ભેટ કરેલ છે. ઓરડીઓનાં ભાડાં ધાર્મિક કાર્યમાં વપરાય છે.

આ ધર્મશાળાનું ક્ષેત્રફળ આશરે ૨૦૬૨૮/૨૦૬૦૦ ચોરસફુટ છે. જેમાં ૧૧૫૨/૧૧૫૦ ચોરસફુટના આશરે દેવળ છે. દેવળની સામે પાસે જ એક પીપળાનું ચોતરા ઉપર ઝાડ છે. આ ચોતરાપર શ્રીવાયુપુત્ર બજરંગની પ્રતિમા છે. દેવળની દક્ષિણ તરફની મેડાબંધી ઓરડી તથા નીચે બાંધેલ આશન છે. ત્યાં આવનાર સાધુ સંન્યાસીઓ મુકામ કરે છે અને આ સ્થળે ધાર્મિક પ્રવચન કરે છે.

દેવળના પગથિયાં ચઢતાં પરથાળ પર નંદી તથા ઉત્તર દક્ષિણે બે નાનકડી દેરીઓ બાંધેલ છે. જેમાં ઉત્તર તરફની દેરીમાં દક્ષિણમુખે શ્રીવાયુપુત્રની પ્રતિમા છે, અને દક્ષિણ તરફની દેરીમાં ઉત્તરમુખે શ્રીગણેશજીની પ્રતિમા છે.

અદુમ્બર જ્ઞાતિ કપડવણજમાં બહુ ઓછી વસ્તી ધરાવતી જ્ઞાતિ છે. તે કપડવણજમાં વીશાનીમાં (જૈન) જ્ઞાતિના પુરોહિત ગણાય છે. તેઓ શ્રોત્રીય છે. તેમના રહેઠાણના સ્થળને શ્રોત્રીયવાડો (ગામનું ઉંચામાં ઉંચું સ્થળ) કહે છે. આ કુટુંબના યુવાનો સરકારી નોકરીમાં ઉંચા હોદ્દા પર છે. દરવાજામાં પેસતાં શરૂઆતના ભાગનો વહીવટ જૈન કોમના હાથમાં છે. જ્યારે બાકીનો ભાગ મંદિર તેમજ દુકાનો (કે જે ભાડે આપવામાં આવી છે) તેનો વહીવટ મોઢ બ્રાહ્મણ કોમ કરે છે. કુલ્લે ૧૨ દુકાનો છે.

## ઓરડી વગેરે બંધાવનારનાં નામ

સંવત ૧૯૯૪ ની સાલમાં આ શિવાલય તથા ધર્મશાળાના નીભાવાર્થે નીચે મુજબના ભાવિકોએ દુકાનો બંધાવી છે.

૧. ત્રિવેદી કેશવલાલ સોમેશ્વર ૨. ત્રિવેદી મંગળદાસ ચુનીલાલ ૩. વૈદ્ય પ્રાણલાલ દોલતરામ ૪. ત્રિવેદી કોદરલાલ કેશવલાલ ૫. ત્રિવેદી દલસુખરામ ચુનીલાલ ૬. ત્રિવેદી હરિવલ્લભ દોલતરામ ૭. શેઠ અંબાલાલ છોટાલાલ ૮. શેઠ અંબાલાલ જયચંદદાસ ૯. પટેલ સાંકળચંદ દેસાઈભાઈ ૧૦. ત્રિવેદી ગોરધન બાપુજી ૧૧. ત્રિવેદી ઝવેરલાલ સુરજરામ ૧૨. સોની અમૃતલાલ વલ્લભભાઈ.

**શ્રીલિંબજા માતા :** એક પ્રાચીન મહાશકિત છે. જેનો ઉલ્લેખ **દ્વાશ્રયમાં** છે, આ દેવ રક્ષણ કરનારા મનાય છે, કેટલાક આ લિંબજામાતાને પોતાની કુળદેવી માને છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેનું સોલંકી કાળનું મંદિર દેલમાલમાં છે, અને નાવીઓની લિંબજાનું મંદિર પાટણમાં છે. આ પ્રતિમા "**સર્વમંગલા**" દેવીની પ્રતિમા જેવી છે. ઐતિહાસિક સીગરવાવના ઇશાન ખૂણે તલાવમાં નાનકડી દેરી છે. તે નાવી કોમની કુળદેવી છે. આ પ્રતિમા આ સ્થળે છે, તેની ખબર વૈદ્ય શંકરદાસ ભુખણદાસ તથા તેમના ભાઇ શ્રીજીવણદાસને સ્વપ્ન દ્વારા થતાં, આ સ્થળની જમીન ગામના મુખી પાસેથી મેળવી, સં. ૧૮૭૫ના વૈશાખ સુ. ૫ ગુરૂવાર તારીખ ૨૯–૪–૧૮૧૮ના રોજ. ધાર્મિક વિધિથી આ સ્થળે દેરીનો જીર્ણોદ્ધાર સંવત ૧૯૨૨ આસો સુદ ૨ બુધવાર તારીખ ૧૦–૧૦–૧૮૬૬માં કરવામાં આવેલો. આ સ્થળનું ચોગાન આશરે ૫૯૮૫ ચોરસફુટ છે. છતાં તેમાં દેરી ખૂબજ નાની છે. સાથેનું ખેતર આ વૈદ્ય કુટુંબને વૈદ્યકિય ધંધામાં ખુશ થઇને આપેલું. જે શ્રી માતાજીને ચરણે અર્પણ કરેલ છે. જેની આવક માતાજીના હોમ હવન ક્રિયાદીમાં વપરાય છે. આ વૈદ્ય કુટુંબ પોતાનાં કુળદેવી તરફ સંજોગવતશાત નિષ્ક્રીય છે. એ શોકની વાત છે. આસો સુદી ૮ દુર્ગાષ્ટમી દશેરા ને ચૈત્ર સુદી ૮ શ્રીલિંબજા જયોતી વખતે અહીં નાવી કોમનાં આ બાલ, વૃદ્ધ, બહેનો વિગેરે આવે છે. હવન ધાર્મિક ક્રિયાઓ થાય છે. પહેલાં એક સાધુ રહેતા, સમય જતાં જંગલ જેવા સ્થળે કોઈ રહેતું નહીં. જુગારીઓ તથા અસામાજીક તત્વોના અડ્ડા જામતા. હમણાં એક ભાઇ દશ વર્ષથી રહે છે, જેથી કોઇને ત્યાં જઈને બેસવાનું મન થાય. આ નાનકડી દેરીની પાછળ એક મોટો કૂવો છે. તે વૈદ્ય દોલતરામ વલ્લવરામની સંયુકત પેઢીથી વૈદ્ય જેઠાલાલ દોલતરામે સંવત ૨૦૦૪માં તેને તૈયાર કરાવ્યો. આ સ્થળનો વહીવટ વૈદ્ય કુટુંબના સભ્યો કરે છે. (લેખકનું કુટુંબ)

**શ્રીકાલકાજી** : કેટલાક કપડવણજીઓથી અજાણ એવી એક નાનકડી દેરી ગરોડ જતાં રસ્તામાં શહેરથી પૂર્વમાં આશરે એક માઇલ દૂર છે. આ બાજુના ખેતરોમાં જનાર ખેડૂતો દેવીનાં દર્શન કર્યા વિના આગળ વધતા જ નથી. હાલની દેરી નાની છે, છતાં જુનું શિખર કે જેના ભગ્નાવિશેષ પડેલ છે. તે જોતાં લાગે છે કે આ દેવળ પહેલાં કંઇક મોટું હોવું જોઈએ. અહીં એક મોટો વડ હતો. પાડોશમાં ખાખરા હોવાથી કેટલાક ખેડૂતો તેને ખાખરી માતા કહે છે. દર વર્ષે ચૈત્ર સુદ ૮ તથા આસો સુદ ૮ના રોજ હવન વિગેરે ક્રિયા તેમજ ભવાઈ પણ થાય છે.

**શ્રીભાથીખત્રીજી** : અંતિસરિયા દરવાજા બહાર ઈશાન ખૂણે શ્રીમાણેકબાઈ શેઠાણીની ધર્મશાળા**થી** કસનપરુ (તૈયબપુર) જવાના માર્ગે કપાસ**નું** જીન, તેલની મીલ અને તલાવ આવે છે (કેરણખાણની તળાવ). આ તળાવ પાસે નાનકડું લલ્લુપરૂ છે. જમણી બાજુ ખુલ્લુ હનુમાનજીનું સ્થાનક છે. આ સ્થળથી કસનપરૂ શરૂ થાય છે. જ્યાં ધર્મવીર શહીદ શ્રી-ભાથીખત્રી મહારાજનું નાનકડું દેવળ છે. ગુજરાતમાં ઘણાખરા સ્થળો-ગામોમાં આ ધર્મવીરની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દહેરીઓ છે. સર્પ વિગેરે ઝેરી જાનવરોનાં ઝેર આ સ્થાનકે ઉતારવામાં આવે છે. દર નૂતન વર્ષે (કારતક સુદ ૧ના દિવસે) દરેક કોમના ભાવિકો દર્શનાથે આવે છે. જેના શરીરમાં ભાથી-ખત્રીની છાયા લાગે છે, તે તેમનો પુજારી ફકત પાણી છાંટીને સર્પવિષ ઉતારે છે. નૂતન વર્ષે જેને મહારાજની અસર લાગે છે, તે દરેક જાતનાં આયુધો ખેલે છે અને વર્ષ ફળનો સાર પણ કહે છે.

**ખત્રી** : ઠાકોર વગેરે કોમ મૂળ રાજપુતમાંથી ઉતરી આવેલ છે. ક્ષત્રી શબ્દને બદલે ખત્રી બોલે છે.) ભાથીખત્રીને ભગવાન નહીં પણ મહારાજ કહેવામાં આવે છે. ફાગવેલ તેમનું શહીદ સ્થાન છે. (વાંચો ફાગવેલ)

**સંત પુનિત સંકીર્તન ભુવન** : આ સંસ્થાનું પ્રભુ કીર્તન ભુવન. ગુજરાતના નરસૈયા સમા પૂજ્ય પુનિત મહારાજના આશીષ મેળવેલ શિષ્ય શ્રીનરહરીભાઈ ત્રીકમલાલ પારેખના પ્રબળ ફળના એક પ્રતિકસમું આ સંકીર્તન ભુવન, તા. ૨૭–૮–૬૬ સંવત ૨૦૨૨ શ્રાવણ સુદ ૧૨ના રોજ ભારતના સુપ્રસિદ્ધ, રામનામના પ્રખર પ્રચારક મહાપ્રભુ, ચૈતન્ય સમા સંત શિરોમણી શ્રીપ્રેમ ભિક્ષુજી મહારાજના શુભ હસ્તે આશીર્વાદ સહ આ સંકીર્તન ભુવનનું ઉદ્દઘાટન કરવામાં આવેલું. ગુજરાતના સંતના નામે જે સંસ્થા છે તે, (સંસ્થાનું ઉદ્દઘાટન ભારતના સંત શિરોમણીના શુભ હસ્તે થાય તે પણ ઈશ્વર કૃપા સમાન છે.) ગુજરાત અને ભારતભરમાં "શ્રી રામ જય રામ જય જય રામ"નો મહાન જાપ મંત્ર આ બન્ને સંતોએ જનતાના હૈયામાં ઉતાર્યો છે. આ આશ્રમમાં પૂ. પુનિત મહારાજશ્રીનું પણ તૈલ ચિત્ર પધરાવેલ છે. આ આશ્રમમાં દરરોજ ખૂબ ભાવથી પૂજન કિર્તન તથા ગરીબોને રોટી વિગેરે અપાય છે. સામાજીક, ધાર્મિક તથા તબીબી રીતે જનતાને સહાયરૂપ થાય છે. રામનામ બેન્ક ચાલુ છે. અહીં એક ચોતરો છે. જે કપડવંજના યુવાન તથા લોકસેવક એવા શ્રીપરિક્ષીતરાય ભોગીલાલ ત્રિવેદીએ, પોતાના માતુશ્રી પરશનબહેનની સ્મૃતિમાં, જનતાના લખેલા રામનામના મંત્રોના ભંડાર પર એ ચોતરો સંવત ૨૦૨૩ના આસો સુદ ૧૦ને ગુરૂવારે તારીખ ૧૨–૧૦–૬૭ના રોજ કરાવેલ છે. તથા અર્ધો ઓટલો શ્રીનટવરલાલ કેશવલાલ ત્રિવેદીએ કરાવેલ છે. શ્રીનરહરીભાઈએ આ સંસ્થાની સાથે જ પોતાનું જીવન સમર્પણ કરેલ છે. આ સ્થળે એક જુની મહાવીર ટોકીઝ હતી. તેનું ક્ષેત્રફળ ૧૮૦ ચોરસવાર છે. આ સંસ્થાનો વહીવટ ટ્રસ્ટીઓ દ્વારા ચાલે છે. અહીં નીરૂબહેન સુરેશચંદ્ર દેસાઈ "સત્સંગ હોલ" છે, આ આશ્રમના વિકાસમાં શ્રીનરહરીભાઈ ભગત ઉપરાંત (૧) શ્રીછોટાભાઈ ગોવિંદભાઈ પટેલ (૨) શ્રીભીખુભાઈ પ્રેમાભાઈ પટેલ (૩) શ્રીઉકાભાઈ ખુશાલભાઈ પટેલ (૪) શ્રીડાહ્યાભાઈ ભીખાભાઈ પટેલ વગેરે સજ્જનોએ તન મન અને ધનનો સાથ આપેલ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**પ્રજ્ઞાચક્ષુ** : ભારતના પાદપૂજક યોગેશ્વર ગંગેશ્વરાનંદજી મહારાજે ભગવાન વેદની સ્થાપના કરી, વેદનું મસ્ત સંશોધન કરેલ છે.

**ડાકોરની સડકે શ્રીરામદેવ મહારાજનું મંદિર** : અહીં એ મંદિર સી. એન. હાઇસ્કુલ પાસે છે, જેનો વહીવટ ત્યાંના મારવાડી કોમની વ્યકિતઓ કરે છે. જેનો જીર્ણોદ્ધાર ઈ.સ. ૧૯૬૭માં થયો. ત્યાંથી આગળ રેલ્વે ફાટક પાસે બીજું મંદિર છે. જે ઘણું પુરાણું છે. જેનો જીર્ણોદ્ધાર ત્યાંની મારવાડી કોમની વ્યકિતઓ દ્વારા કરવામાં આવેલ છે. ૧૯૮૧ માં તેનો જીર્ણોદ્ધાર થયો. ત્યાં પ્રતિમાની સ્થાપના ૨૦૩૮માં ભાદરવા સુદ ૭ના રોજ કપડવણજ મ્યુનિસિપાલના પ્રમુખ શ્રીપુનમચંદ અંબાલાલ પટેલના હાથે થઈ.

**શ્રીમોટા હનુમાનજી** : શહેરના દક્ષિણ (સરખલીયા દરવજા) દરવાજા બહાર શેઠ સુખીદાસનો કુવો છે, તેની પશ્ચિમે વીસા નીમાવણિક (જૈન) શેઠ મીઠાભાઈ ગુલાલચંદની બંધાવેલ ધર્મશાળા છે. આ ધર્મશાળામાં એક દેવળ છે. જેમાં શ્રીમોટા હનુમાનજીની સાત ફુટની પ્રતિમા છે. આ પ્રતિમા ગામ લોક તરફથી પધરાવેલ છે. જ્યારે મરાઠા યુગમાં કિલ્લા પાસે ખાઈઓ ખોદાતી હતી, ત્યારે આ પ્રતિમા નદી દરવાજા વચ્ચેથી નિકળેલી મનાય છે. કેટલાએ સમય પહેલાંની આ પ્રતિમા હશે. દર વર્ષે આસો વદ ૧૪ કાળી ચૌદસને રોજ શહેરની અનેક હિન્દુ નર-નારીઓ દર્શનાર્થે આવે છે.

આ ધર્મશાળાનું ક્ષેત્રફળ ૧૦૨૯૬।૧૦૨૯૦ ચો. ફુટ આશરે છે. આ ધર્મશાળાની બહાર હિજડા (પવૈયા) રહે છે.

**સખીદાસનો કૂવો** : હાલમાં આ કુવો સરખલીયા કૂવાના નામનો છે. ગુજરાતી મુખ્ય શાળા પાસે સમરાવેલો છે. 'સખીદાસનો કૂવો' એ નામ ભૂલાતાં આપણા સરખલીયા દરવાજાના નામથી સરખલીયો કૂવો એ નામે ઓળખાય છે. સખીદાસ શેઠ જૈન હતા, તેમના વારસો હયાત છે. આ બાજુના તમામ લોકો આ પાણીનો ઉપયોગ કરે છે.

**શ્રીછોટેશ્વર મહાદેવ** : ડાકોરની સડકના રસ્તે "શ્રીવિનોદ વ્યાયામ ગૃહ" (કપડવણજ સાર્વજનિક વ્યાયામ મંદિર) અને શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલય વટાવી, શ્રી હરિ છાત્રાલય તરફ જવાના માર્ગે જમણા હાથે શ્રીછોટે સિદ્ધનાથ મહાદેવનું દેવળ છે. આ મહાદેવની સંવત ૧૯૫૯ના ફાગણ માસમાં સ્થાપના મથુરા નિવાસી સ્વ. કંદોઈ છોટાલાલ ગ્યાસીરામે કરેલ. ત્યાં હિન્દુ જનતા માટે નાનકડી ધર્મશાળા શેઠ શ્રી ગોકળદાસ વલ્લભદાસે સંવત ૧૯૯૨ ઇ.સ. ૧૯૩૬માં બંધાવી છે. સ્વ કંદોઈ છોટાલાલે આ દેવળનો વહીવટ હિન્દુ ટ્રસ્ટી મંડળને સોંપેલો છે. સારો એવો ચોક, બેઠકો વગેરે છે. તેની પડોશમાં ડો. બાપુનગર સોસાયટી, હરિકુંજ સોસાયટી, ઉમિયા નગર, તથા નારાયણ નગર વગેરે સોસાયટીઓ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**શ્રીકુબેરજી મહાદેવ :** મીઠા તલાવના દરવાજાથી નીકળી સીધા દક્ષિણ માર્ગે નડીયાદ તરફ જતી સડક ઓળંગી જતાં સામેજ શ્રીકુબેરજી મહાદેવનું દેવળ નજરે પડે છે. શ્રીમહાદેવજીની સ્થાપના ક્યારે થઈ તે ખબર નથી. આનું ક્ષેત્રફળ ૩૩૮૮ ચો. ફુટના આશરે છે. તેનો વહીવટ સુથારપંચ કરે છે. અહીં મીઠા પાણીનો કુવો છે. અહીંયા કુલ ૧૦ ઓરડીઓ આવેલ છે.

આ દેવળમાં શ્રીવિશ્વકર્માની પ્રતીમા પણ છે. જેની સ્થાપના વૈશ્ય બ્રાહ્મણ સુથાર પંચે કરેલ છે. સંવત ૧૯૯૯ ના વૈશાખ સુદ ૩ શુક્રવારે કરેલી આ પ્રતીમાનું મુખારવિંદ દક્ષિણ દિશાએ છે.

જૈન સમાજ કારતક સુદ ૧૫ ના રોજ આ સ્થળે પટ જુહારવા જાય છે. અને ધાર્મિક ક્રિયા કરી સાકરનું પાણી આરોગે છે. આ પવિત્ર શેત્રુંજય તિર્થનું સુચન છે. વર્તમાનમાં તેના વહીવટદારોના ના કહેવાથી પટ ત્યાં બંધાતો નથી. હવે જૈનો પટ જુહારવા નેમનાથજીની વાડીએ જાય છે.

**ટી. બી. માટેનું ભુવન :** આ ભુવન સ્વ. જમનાબહેન ફુલચંદ કુબેરભાઈ દેસાઈ ટ્રસ્ટ તરફથી સંવત ૨૦૧૬ ઇ. સ. ૧૯૬૦ માં બાંધવામાં આવ્યું. આ ભુવનમાં કપડવણજની મ્યુનિસિપલના સ્ટાફ માટેના કવાટર્સ છે. આ ભુવનમાં ચાર રૂમો છે, બન્ને બાજુ એક સ્ટોરરૂમ તથા બે જાજરૂ છે.

**શ્રીસોમનાથ મહાદેવ :** શહેરની દક્ષિણ દિશાએ આશરે એક માઈલ દુર મીરાંપુર કરીને નાનકડું ઇમામી ગામ છે. ત્યાં શ્રીસોમનાથ મહાદેવનું પ્રાચીન દેવળ છે. આ દેવળ સંવત ૧૯૦૦, ઈ. સ. ૧૮૪૪ ની સાલમાં સમરાવવામાં આવેલું. શ્રીરાજેશ્રી ભુદરભાઇ ઝવેરભાઈ તેમજ પુણાશંકર ત્રીકમલાલ ત્રિવેદીએ આ દેવળ બંધાવવા જહેમત લીધેલી.

પ્રથમ આ મહાદેવની સ્થાપના કરવામાં આવેલી. આ સ્થાન ઘણુંજ રમણીય છે. કપડવણજના બ્રાહ્મણ (ભટ્ટ કુટુંબના મહાશયો દર વર્ષે શ્રાવણ માસમાં પૂજનવિધિ માટે નિવાસ કરે છે.) શ્રાવણ સુદ ૧૧ ના રોજ શ્રીમહાદેવજીનો વરઘોડો શહેરમાં ફરી અંતિસરીયા દરવાજા બહાર શ્રીવૈજનાથ મહાદેવ આવે છે અને ત્યાર બાદ તે વિખરાય છે. શ્રાવણ વદ ૮ જન્માષ્ટમીને દિવસે અહીં મેળો ભરાય છે. તેમાં વેપારી વર્ગો, કંદોઈઓ, કાછીયા, પટેલો હોટલો વગેરે પોતાની દુકાનો શણગારે છે. શ્રાવણવદ ૭ થી શ્રાવણ વદ ૯ સુધી મેળો રહે છે. આસપાસની કર્ષક જનતાની સારી ઠઠ જામે છે. તે સમયે આ સ્થળે કપડવણજની



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોલીસ અસામાજીક તત્ત્વોથી પ્રજાના રક્ષણ માટે આવે છે. તે ઉપરાંત ગામના ગ્રામ્ય રક્ષ-કદળના સભ્યો વ્યવસ્થા જાળવે છે.

શ્રીમહાદેવજીના મંદિર બહાર જમણી બાજુ એક રમણીય તળાવ છે. જ્યાં સારો મોટો પરથાળ અને પગથીયાં પત્થરનાં બંધાયેલાં છે. મન્દિરમાં ઉપયોગ કરી શકાય તેવો એક તળાવની પાળ ઉપર કુવો છે.

દેવળની સામે કેટલીક નાની દેરીઓ છે, તેમજ સમાધી સ્થાનો છે.

**કેશવાશ્રમ :** ૧. શ્રીલક્ષ્મીરામ કેવળરામ શુકલ ૨. શ્રીદુર્ગાશંકર શુકલે. કેશવાશ્રમ તળાવનો આરો કપડવણજના શેઠ શંભુલાલ ગણેશજી તરફથી બંધાયેલ છે.

પાછા ફરતા જમણા હાથે કપડવણજના શેઠ શ્રીહરિલાલ મહાસુખરામે તેમના સ્વ. પિતાશ્રીના સ્મરણાર્થે એક પગથિયાવાળી નાની સુંદર વાવ સંવત ૧૯૮૨ ના ચૈત્ર વદી અમાસ, (ઈ. સ. ૧૨-૪-૧૯૨૬) ને સોમવારે ખુલ્લી મુકી છે.

સોમનાથ સાથેનું મીરાંપુર કપડવણજના વૈદ્ય શ્રીજીવણજી ત્રિવેદીના કુટુંબને ઇનામમાં આપવામાં આવેલ. તેનો ઇતિહાસ :—

**મહમદપુરા** : શ્રીમાન મલ્હાવરાવ ગાયકવાડના સમયમાં, ૧૮૫૯ માં કપડવણજના સુપ્રસિદ્ધ બ્રહ્મભટ્ટ કુટુંબના ગુલાબસિંહ કાકુજીની ધીરધારની પેઢી હતી. મરાઠી યુગમાં તેમની જાહોજલાલી હતી, જેથી તેઓશ્રી ગાયકવાડ સરકારને, શ્રી લુણાવાડા મહારાજાને તથા વાડાશિનોરના નવાબને મુશ્કેલીના સમયમાં આર્થિક મદદ આપતા.

આનંદરાવ ગાયકવાડે તેઓને સહકારના બદલામાં સંગમ નદીના પુલ પાસે આવેલ મહમદપુરા ગામ ઈનામમાં આપેલ. તથા વફાદાર વ્યક્તિ તરીકે મશાલની પ્રતિષ્ઠા આપેલ.

સંવત ૧૮૩૪ ઇ.સ ૧૭૭૮ માં શ્રીમાન કાકુજી, લુણાવાડાના મહારાજ દિપસિંગ માટે માનનીય અને વફાદાર વ્યક્તિ હોઇ, તેમને વખતપર (પાનાપર તથા જુનુ મુવાડુ) એમ બે ગામ ઈનામમાં આપેલાં. (લુણાવાડાની જપ્તી ઉઠાવવા મદદ કરેલી) (દીપેસિંગનો સમય ઈ. સ. ૧૭૫૭ થી ૧૭૮૨)

સવંત ૧૮૫૩ માં શ્રીમાન ગુલાબસિંગ પરથમજીએ તથા ઘેલાભાઇએ મળીને વાડાશિનોર જતાં મોટી કાપડીની વાવ કરાવેલ.

સંવત ૧૯૬૨ ના સમયમાં એક રાજવીને શોભે તેવાં તેમના કુટુંબમાં લગ્નો થયાં હતાં. સમસ્ત કપડવણજના નાગરિકો ભોજનમાં સામેલ હતા. લુણાવાડાના મહારાજા, વાડાશિનોરના બાબી અને આસપાસના રજવાડાના સૌ સભ્ય કુટુંબોએ ભાગ લીધેલ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંવત ૧૮૬૬ માં ત્રણે ભાઈઓએ સુથારવાડાના અંકેશ્વર મહાદેવની સ્થાપના તથા સંવત ૧૮૭૦ માં શ્રીરામજી મંદિર **(જુઓ ચિત્ર નં. ૪૨)** બંધાવી શ્રીરામ–લક્ષ્મણ જાનકીજીની પ્રતિમાઓનું દેવળ બનાવડાવ્યું. મંદિરને મોટી ૬૫ વીઘા જમીન વ્યવસ્થા માટે ભેટ આપેલ.

કપડવણજના આ ગૌરવશાળી કુટુંબમાં ગામની શોભારૂપ લગ્નો, શાળાના પ્રસંગો તથા મરણના પ્રસંગો વગેરે એ જમાનામાં ભવ્ય રીતે ઉજવાતા હતા. દાન તેટલાં જ થતાં. તેમના વારસદારોમાં શ્રીમુળજીભાઈ વાલાભાઈ ઈનામદારના પુત્રો હાલ હયાત છે.

**શ્રીઠાકોરજીનું મન્દિર :** શહેરની પશ્ચિમે આવેલ કપડવણજની ગંગા સમાન વરાંશીના ઘાટ પર એક મહંતની મઢી તેમજ મન્દિર છે. આ મન્દિરમાં શ્રીરામચન્દ્રજી સીતાજી તથા શ્રીલક્ષ્મણજીની પ્રતિમાઓ છે. તેમજ બહાર શ્રીવાયુપુત્ર બિરાજે છે.

વરાંશીના ઘાટ પર જ્યાં જુનું ટંકોરખાનું હતુ, **(જુઓ ચિત્ર નં. ૨૮)** તેજ સ્થાન પર એક ઓરડી બાંધેલી છે. જ્યાં પ્રભુ ઉપાસના માટેનું શાંન્તીનું સ્થાન છે. આ મંદિરની મઢીમાં રહેતા સંતો મહંતો ગોસેવા તથા ખેતી અને ગામના વર્ગ પર આધાર રાખી પ્રભુ પૂજન કરે છે.

વરાંશીના જુના ઘાટનો જીર્ણોદ્ધાર સેવાસંઘ દ્વારા વરાંશી ઘાટ ફંડ દ્વારા થયેલો છે.

એક મહન્ત શ્રીબાબા વનમાળીદાસ આ ગાદી પર આવી ગયા. જેમની મુર્તિ જોવાનું આપણને મન થાય. બળવાન શરીર ૬ ફુટ ઉંચાઇ, ભવ્ય કાયા લલાટ. જે ૧૮૫૭ ના સ્વાતંત્રતા યુદ્ધના વીરોમાંના એક ૧૧૦ વર્ષની ઉંમરે કપડવણજમાં કૈલાસવાસી બનેલા.

શહેરમાંથી વરાંસી જતાં જમણી બાજુ વોટર વર્કસનો બંગલો તથા ત્યાંથી તે માર્ગે પાણી વિભાગ ખાતાનું કારખાનું છે. તથા ચાલુ સડકે તે તરફ જતાં જમણી બાજુના ખેતરમાં એક નાનકડી દેરી આવે છે. કબીર પંથી મહંતની સમાધી સ્થાન છે. તેમના પગલાં છે. મન્દિરની પાછળ એક સામાન્ય ધર્મશાળા છે. તથા સામે મહંત તેમજ ત્યાંના કર્પકોને રહેવાના મકાનો છે. વરાંસીના ઘાટની દક્ષિણ દિશાએ એક સમાધી સ્થાન છે.

સંવત ૧૯૯૯ માં શેઠ મગનલાલ નરસીંહદાસે આ રણછોડજીના સિંહાસને ટાઇલ્સ જડાવ્યાં છે.

## સમાધી સ્થાનો :

૧. વરાંસીના ઘાટની દક્ષિણે સમાધિ સ્થાનો છે, ત્યાં સંવત ૨૦૦૪ શાકે ૧૮૭૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યેષ્ઠ કૃષ્ણ પક્ષે ૪ શુક્રવારે તા. ૧૭, કરાંચીના ગોસ્વામી પ્રહ્લાદભાથી ઉતમભાથી સમાધીસ્થ થયા તેનું છે. ત્યાં લિંગની સ્થાપના છે.

મંદિર અને ધર્મશાળા પાછળ પશ્ચિમે ૩ સમાધી સ્થાન :

૧. બાબા શ્રીમહારાજ ગંગાદાસજી કે પગલે. જે સંવત ૧૯૪૮ ના ફાગણ વદ ૪ બુધ બાબા વનમાળીદાસને બનાવેલાં પગલાં છે.

૨. સુંદરજી વનમાળીદાસજીનું મરણ સંવત ૧૯૩૨ વરસ મીતી મહા સુદી ૫ ને વાર સોમ.

૩. પગલાં કાયમ છે. (લેખ નથી) પણ તે કલ્યાણદાસના હોવાનો મત છે.

૪. મંદિરની જમણી બાજુ સમાધી બાબા વનમાળીદાસની છે. જે મહંત ૧૮૫૭ના સ્વાતંત્ર સંગ્રામના વીર સૈનિક હતા, સાડા પાંચ છ ફુટની ઉંચી કાયા, પહેલવાની શરીરના પ્રભાવશાળી. આ મહંતને અત્યારના ઘણા વડીલોએ જોયેલા, તેમનાં દર્શન કરેલાં. તેમનું મરણ ૧૯૦૮ માં થયેલું. તેમની સમાધી સ્થાન પાસે હનુમાનજીની મૂર્તિ પહેલા એક ઓરડી પાસે હતી તે તેમની દેરી પાસે સ્થાપિત કરી છે.

**મુળ :** કલ્યાણદાસ, સુંદરદાસ, ગંગાદાસ, વનમાળીદાસ, ગીરધરદાસ, રામકૃષ્ણ, હાલમાં છે.

**શ્રીમોટા રત્નાગીરી માતાજી** : શહેરથી આશરે ૫ માઈલ દૂર ડાકોરની સડકે જતાં ૪ થા માઇલે જમણી બાજુ વળાંક લેતાં શ્રીમાતાજીનું નિવાસસ્થાન છે. હાલ ત્યાં જવા માટે પાકી સડક છે. પહેલાં આ સ્થળ લોકોની જાણમાં હોવા છતાં જંગલ જેવી ઝાડી હોવાથી આ સ્થાને કોઇ જવા ખાસ હિંમત કરતું નહીં.

## કોલેરા

સંવત ૧૯૩૮ના જેઠ માસમાં ઇ. સ. ૧૮૮૨ ના જુન જુલાઇમાં કપડવણજમાં કોલેરા (વિષુચિકા) શરૂ થયો. અને જનતા આ રોગથી ત્રાસી ઉઠી. રોગ ફેલાતાં પ્રજામાં હાહાકાર વર્તાઇ રહ્યો હતો. દિવસ ઉગતા. શબ દેખાવા લાગતાં સ્મશાનમા ૩૦–૪૦ અગ્નિશૈયાઓ નજરે પડે. કરૂણ હૈયા ફાટ રૂદન સંભળાતાં. નદીઘાટો છાતીફાટ કરૂણ હૈયાફાટ હાયપીટથી કકળતાં. વૈદ્ય કુટુંબ તથા સરકારી રાહે ઔષધોપચ્ચાર ચાલુ હતા, પણ રોગ ફેલાતો ગયો. સ્વચ્છતાના સિદ્ધાંતો અપનાયા. પ્રજાના કેટલાક વર્ગે દવાઓ લેવાનો ઇન્કાર કર્યો. પશુઓને શહેર બહાર મોકલ્યાં. ફેરફાર ન દેખાતાં લોકોએ ઉજાણીઓ કરી નૈવેદ્યો ધર્યાં, હવનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થયાં, ભુવાઓ ધુણ્યા, નાચ્યા, શ્રીફળો હોમાયાં, છતાં કાળની ખંજરી વાગ્યા કરી, બીમારી વધી, તે બે માસ ચાલી.

શ્રીરત્નાકર માતાજીનો પરમભક્ત કાંકડી ગામનો બ્રાહ્મણ શહેરમાં આવ્યો અને રોગ નિવારણનો માર્ગ સુચવ્યો, ગામ લોકો ભેગા થઈ શ્રીમાતાજીના સ્થાને ઉજાણીએ જાય અને ગામના મુખી માતાજીને પાયે લાગી સવામણ તાંબાની નોબત કરાવે અને જરીયાન નિશાન તેમજ વસ્ત્ર ધરાવે તો ચાર દિવસમાં રોગ શાંત થાય.

બ્રહ્મવાક્ય માથે ચઢાવી પ્રજાએ માર્ગ સ્વીકાર્યો અને શાંતી થઈ. ત્યારથી આ જંગલના દેવી મંગળકારીણી મા તરીકે મનાયાં. આજે ઘણાજ ભાવિકો ત્યાં જાય છે. તેમાં ખાસ ભક્તકુટુંબ શેઠ શ્રીમગનલાલ નરસીંહદાસ શાહનું છે. તેમના સ્વર્ગવાસ પછી તેમના સુપુત્રો ખાસ સગવડો હવનો વગેરે ક્રિયાઓ કરાવે છે.

દેવળની સામે એક મોટો ચોક છે કે જેમાં હવનાદિ ક્રિયાઓ ભાદ્રપદ સુ. ૧૨ સે થાય છે, અહીં મોટો મેળો ભરાય છે, ત્યારે ભવાઇ પણ થાય છે. (હાલ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર તરફથી ગાડીઓની સારી વ્યવસ્થા કરવામાં આવે છે.) દેવળની સામે સભ્ય કુટુંબ રહી શકે તેવી સુખ સગવડવાળી સાધનો સહિતની ધર્મશાળા શેઠ મગનલાલ નરસીંહ-દાસ તરફથી બંધાવી છે. આ ધર્મશાળા મેડાબંધી છે. સાથે બીજી ચાર મેડાબંધી માલીકીની ઓરડીઓ છે. તેમજ પશ્ચિમ મુખે પણ સામા ભાગમાં પાકી બાંધેલી ઓરડીઓ છે.

માતાજીની દક્ષિણ તેમજ ઉતરે ચોતરા છે. ચોતરા પર શ્રીબજરંગની નાનકડી દહેરી છે અને લગોલગ પાછળ તુલસી કયારો છે. જે જાનકીદાસ નામના મહંતનું સમાધિ સ્થાન છે. જેનો ઘેરાવો ૭,૫૫૦ ફુટ છે, પાસે એક કબુતરખાનું છે.

આ દેવળમાં આરસની ગોઠવણી છે. પ્રતિમા પાસે બે જોગણીઓની પ્રતિમાઓ છે. તે સ્વયંભુ છે. લોકકથા માને છે કે, "આ પ્રતિમાને પૂર્ણ ડુંગરમાંથી બહાર કાઢવા ખોદતાં પ્રતિમા નીચે ઉતરતી ગઈ, જેથી ખોદવાનું બંધ કરેલું, જેથી ફકત અત્યારે માતાજીનું મુખારવિંદ બહાર રહેલ છે. માતાજીની આસપાસનાં મરઘા કોઈ ચોરી ગયેલ, પણ કેટલા કને વાઘનું સ્વરૂપ જેવું દેખાતાં મુરઘાં પાછા મુકી ગયેલા (આ ટેકરી પર વરખડીયાનાં ઝાડ વધારે પ્રમાણમાં છે.) મેળા વખતે લોકોને જમવા માટે આમંત્રણ હોય છે. ધરમસો પડે છે. "જેને જમવું હોય તે જમી શકે છે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ દેવળ ભોગીલાલ રતનજી શાહે બંધાવેલ, તેમજ ચોગાન શેઠ મગનલાલ નરસીં-હદાસે બંધાવેલ છે. આ યુગ માતાજીની અખંડ જ્યોત નાનાં રત્નાગીરી (રત્નાકર) માતાથે લઈ જવામાં આવેલી. માતાજીના સ્થાનકથી ૧૫૦–૨૦૦ ફુટે મીઠા પાણીનો કુવો છે.

કપડવણજ તાલુકાના તથા અન્ય સ્થળોના પ્રવાસી યુવાનો અહીં આવી આનંદ પ્રમોદમાં મ્હાલે છે.

## શ્રીનાનાં રત્નાગિરિ માતાજી (રત્નાકર)

શ્રીસોમનાથ મહાદેવના અગ્નિ ખૂણે અને શહેરના દક્ષિણ ખૂણે સરખલીયા દરવાજાથી સીધા એકાદ માઇલ દૂર શ્રીનાના રત્નાગીરી માતાજી બીરાજેલ છે.

સીધે રસ્તે જતાં રેલ્વે લાઈનના પાટા ઓળંગી જમણી બાજુ શ્રીસોમનાથ જવાનો રસ્તો અને સીધો માર્ગ રત્નગિરિનો છે. માર્ગમાં જતાં એક પુરાણી વાવ આવે છે. કોઈ કહે છે કે–કોઈ પુણ્યાત્મા વણઝારાની આ કીર્તી છે. આ ટેકરી પર એક કુવો છે. જે શ્રી–છગનલાલ અમથાલાલ વહાણદલાલના સ્મર્ણાર્થે તેમના પુત્રો તરફથી સંવત ૧૯૯૧ મહાસુદ ૫ તારીખ ૮–૨–૧૯૩૫ સમરાવ્યો. આ કુવાનું પાણી પાચન શક્તિ માટે સારૂં છે. પુજારીએ પડોશમાં નાનકડો બગીચો બનાવવા કોશિશ કરેલી છે.

શ્રીમાતાજીના દેવળની જમણી બાજુ એક ધર્મશાળા છે. ત્યાં મહંત રહે છે. ઉજાણી નીકળનાર સર્વ આ ધર્મશાળામાં ભોજનની વ્યવસ્થા કરે છે. મંદિરના બાંધેલા ચોગાનમાં હોમ હવનાદિ ક્રિયાઓ થાય છે. આ ટેકરીનાં હવા પાણી સારા હોઈ આરોગ્ય ધામ છે. શહેરના શ્રીમંત વર્ગે ઓરડીઓ બંધાવેલી છે, તે સર્વ માતાજીને સમર્પણ કરેલ છે. તેનો તેહીવટ ફકત વહીવટદારો કરે છે. દરેકને આ ઓરડીઓનો લાભ મળે છે.

આ સ્થળે દર વર્ષે ભાદ્ર પદ શુકલ ૧૨ થી ચાર દિવસ સુધી રાત્રી દિવસ મેળો ભરાય છે. હોટલો, કંદોઈઓ તથા અન્ય નાના વેપારીઓ પોતાની દુકાનો ચાલુ રાખે છે, ચારે દિવસ રાત્રે અહીં ભવાઈ રમાય છે. લોકોની રાત્રે અને દિવસે અવર જવર રહે છે.

મંદિરની ડાબી બાજુ એક ચોતરો બંધાવેલો છે. જ્યાં પક્ષીઓ દાણો પાણીથી કિલ્લોલ કરે છે. મંદિરની જમણી બાજુ ઓટલા પર ઓરડીઓ તથા તે સાથે ધર્મશાળા છે. મંદિરની પાછલી બાજુ નાનું મહાદેવનું એક દેવળ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રીમાતાજીની મુખ્ય પ્રતિમાજી આ સ્થળેથી નિકળેલાં છે. પ્રતિમાજીની સાથેજ નવા પ્રતિમાજીની સ્થાપના કરવામાં આવેલ. દર રવિવારે અને મંગળવારે શહેરના અનેક નરનારી વૃંદ દર્શનાર્થે જાય છે. આ દેવળનો ચોગાન બંધાવવાના ખર્ચમાં એક મુસ્લીમભાઈનો પણ હાથ છે. જેઓ આ માતાજીના ઉપાસક હતા.

આ સ્થાનકના વહિવટમાં પહેલેથી જ શ્રી કપડવણજના દાનવીર ધર્મભુષણ શેઠ હરિશચંદ જાલીવાલાના સ્વ. પિતાશ્રી વાડીલાલ ચુનીલાલ હતા. હાલ તે જ સંભાળી રહ્યા છે. તેઓ એક મહાન શકિત ઉપાસક છે.

**ભવાઈઃ**– મોટા તથા નાના રત્નગિરિ માતાજીના સ્થાન પર ભાદરવા સુદ ૧૨ થી ચાર દિવસ સુધી ભવાઈ થાય છે. બહારગામના નાયક ભાઈઓ તથા અન્ય ભાઈઓ ભવાઇ કરે છે. હાલમાં તેઓ સારા સંવાદો, નાટકો વગેરે પોગ્રામો કરે છે. જે ઇચ્છાવા યોગ્ય છે; પણ સં. ૨૦૦૦ પહેલાં શરમની વાત છે કે માતાના સ્થાને બીભત્સ બોલી, આર્ય સંસ્કૃતિને ડાઘ લગાડતા હતા. તે સમયના ભવાઇના અગ્રેસર વ્યવસ્થાપક શ્રીમણીલાલ ભાઇશંકર ત્રિવેદી તથા શ્રીમગનભાઈ બાબરભાઇને આ અસભ્યતા દૂર કરવા જણાવેલું, તેમણે વચન આપેલું કે હવેથી અસભ્ય વાણીનો પ્રતિબંધ થશે. હવે સારી રીતે વર્તાય છે. વહિવટદારો પુરતી દેખરેખ રાખે છે.

**શ્રીરણછોડજીનું મન્દિર :** કપડવણજની એક બાજુ આવેલ ગોપાલપુરામાં એક નાનકડું દેવળ તેમજ ધર્મશાળા છે. અહીં એક કુવો છે. જેનું પાણી સારૂં ગણાય છે. આરીતે પ્રજાનો ઘણોખરો ભાગ આ કુવાનું પાણી વાપરે છે. (નળ આવતાં પહેલાં)

સોમનાથ અને રત્નાગિરિના રસ્તાના જોડાણ પર અધુરૂં દેવળ છે, જે એક લલ્લુભાઇ કાછીયા પટેલ નામના ભાઈએ શરૂ કરેલ પણ તેમનું મરણ થવાથી અધુરૂં જ રહ્યું.

## મંદિરની ધર્મશાળા પાછળ પશ્ચિમે ત્રણ સમાધિ સ્થાન :

૧. બાબા મહારાજ શ્રીગંગાદાસજીનાં પગલાં. સંવત ૧૯૪૮ના ફાગણ વદ ૪ બુધવાર બાબા વનનાળીદાસે પગલાં બનાવાયાં છે.

૨. સુંદરદાસજી ચરણ વનમાળીદાસના સંવત ૧૯૩૨ વરસ મીતી મહા સુદી ૫ ને સોમવારે પધરાવ્યાં.

૩. પગલાં છે. લેખ નથી, પણ કલ્યાણદાસનાં હોવાનો મત છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**નાગરી લીપીમાં લેખ :**

વરાંસી ઘાટની દક્ષિણે જે સમાધી સ્થાન છે. તે સંવંત ૨૦૦૪ શાકે ૧૮૭૦ જેઠ માસે કૃષ્ણ પક્ષે ૪ શુક્રવાર તા ૧૭ સિંધી કરાંચીના ગૌસ્વામી પ્રહલ્લાદભાથીં ઉજ્જડ ભાથીં સમાધિષ્ઠ થયા છે. (લીંગ સ્થાપના છે.)

૪. મંદિરની જમણીબાજુ બાબા વનમાળીદાસની સમાધી છે. જે મહંત ૧૮૫૭ના સ્વાતંત્ર સંગ્રામના વીર સૈનિક હતા. પા થી ૬ ફુટ જેટલી ઉંચી કાયા, પહેલવાની શરીરના પ્રભાવશાળી મહંતને અત્યારના ઘણા વડીલોએ દીઠેલા, તેમના દર્શન કરેલા, તેમનું મરણ સવંત ૧૯૮૦માં થયેલું. સ્વાતંત્ર્ય સંગ્રામના ઈ. સ. ૧૮૫૭ના સ્વાતંત્ર સૈનિક. એઓને નિષ્ફળતા મળતાં ભૂગર્ભમાં ચાલ્યા ગયા, જટાધારી બની પ્રભુનાં ચરણોમાં જીવન સમર્પિત કરેલ. તે મહારાજશ્રી ક્ષત્રિય હતા. સત્તાવાળી વિરતાભરી વાતો જરૂર કરતા. તેમના સમાધી સ્થાન પાસે એક ઓરડી પાસે હનુમાનજીની મૂર્તિ પહેલાં હતી, તે તેમની દેરી પાસે સ્થાપિત કરી છે. (આ વાત ડબલ થઈ તો એ રાખી છે.)

**મૂળ :**

કલ્યાણદાસ, સુંદરદાસ, ગંગાદાસ, વનમાળીદાસ રામકૃષ્ણ ગીરધારીદાસ (હાલ છે)

## આસપાસના જોવા જાણવા લાયક સ્થળો :

**તોરણા** : ઉ. અ. ૨૨" ૫૮, ૭૨" ૫૯ પૂ. રે. કિવદંતી કે રૂપાલથી એક ભાઈ કાળીદાસ પટેલ અહીં આવેલા અને તોરણ બાંધી વસવાટ કરેલો. ત્યારથી તોરણા નામ કહેવાયું. (૮૦૦ વર્ષ પહેલાં) આ ગામમાં પરમ ભક્ત શ્રી રણછોડલાલ થઇ ગયા. કહેવાય છે કે દિવાળીનો સમય હતો અને મૃત્યુની તૈયારી થઇ. તેમણે યમદૂતોને દિવાળી બાદ આવવા જણાવી મૃત્યુને થોભાવેલ. અહીં રણછોડજીનું મંદિર છે. ત્યાં સગવડ સારી છે. વ્યવસ્થા ભગતના કુટુંબના જ માણસો કરે છે. શ્રીરણછોડજી ભગતની ટોપી અને તેમના કેટલોક સામાન અહીં જોવા મળે છે. જીજ્ઞાસુએ વધુ જાણવા **"રણછોડજી ભગતની વાણી"** નામની તેમના ભજનની પુસ્તિકા વાંચવી. પૂ. ગાંધીજી આ ગામમાં પધાર્યા ત્યારે તેને તોરણગઢ જણાવેલે.

પૂ. રણછોડજી ભગતનો સમય સંવત ૧૮૦૯ લગભગનો. તે સમયે આ ખડાલ ઠાકોર સાહેબના તાબાનું ગામ હતું. એક વખત ભગત પૂજન વિધિમાં હતાં, ત્યારે કોઈબ્રાહ્મણ ગૌરીબહેન તેમને ત્યાં ઘરેણાંનો ડાબલો મૂકી ગયેલાં. જે પડોશના એક સોનીએ તરત જ ઉઠાવી લઇ સંતાડી દીધેલો. એ ડાબલો બાઈએ પાછો માંગતા નહિ મળતાં બાઈએ ત્યાં ખડાલ ઠાકોરને જણાવતાં ભગતને રાજની ડેલીમાં બેસાડયા, પણ ઠાકુરને વણિકના

રૂપમાં ભગવાને ચોર અને મુદ્દામાલ જે જ્યાં સંતાડેલ તે બતાવવાથી ઠાકોરે ચોરી કરનાર સોનીને ગીરફ્તાર કરી ભગતની માફી માંગેલ. ભગતે તરત જ ખડાલ છોડી ડાકોર જઈ નિવાસ કરવા વિચાર્યું, ભગત દર પૂનમે ડાકોર જતા. રસ્તામાં તોરણા ગામે રહેતા, પટેલ વલ્લભજી રામજીભાઈના ત્યાંજ મુકામ કરતા. આ વખતે ખડાલ છોડીને ડાકોર જાય છે તે જાણ થતાં, ભગતને તોરણામાં જ રહેવાનો ભક્ત વલ્લભજી તથા ગામ લોકોએ આગ્રહ કર્યો. શ્રીરણછોડ ભગત તોરણામાં રોકાયા. રાતે ભગવાને સ્વપ્નમાં આદેશ આપ્યો કે અહીં જ મુકામ કરો, અને મારી મૂર્તિ અમુક સ્થળે દટાયેલ છે તે બહાર કાઢો, પ્રાણ-પ્રતિષ્ઠા કરો. શ્રીવલ્લભજી વિગેરેને આ વાત કરતાં બધાએ ખોદકામ કર્યું, અને ત્યાંથી શ્રીભગવાન્ લક્ષ્મીનારાયણ, ગરૂડજી, તથા હનુમાનજી વગેરેની મૂર્તિઓ મળી. આ સ્થળે સં. ૧૭૮૦ માં પ્રતિમાઓની સ્થાપના કરી.

**શ્રીરણછોડ ભગતના જીવનનો એક પ્રસંગ :** કઠલાલના એક ઉત્સવમાં ભાગ લેવા ગયેલા. તે વખતે તેમણે બન્ને હાથ ભેગા કરી કંઈક મસળતા હોય તેમ કરતાં તેમના હાથ કાળા થયા, વડોદરાના બ્રાહ્મણ યુવાનોએ પુછતાં તેમણે જણાવ્યું કે દ્વારકામાં ભગવાનનો ચંદરવો મસાલથી સળગ્યો હતો તેને બુઝાવ્યો છે. આ વાતની તપાસ કરવા યુવાનો દ્વારકાં ગયા, ત્યાંના પુજારીએ જણાવ્યું કે આ દિવસે તોરણાના ભગત રણછોડજી અહીં હતા અને તેમણે આ સળગેલો ચંદરવો બુઝાવી બચાવી લીધો છે. આ યુવાનો પાછા ફર્યા, તોરણા જઈને ભગતને વંદન કર્યાં.

તોરણા ભગતના પગલે પાવન થયું. ધન્ય બન્યું. આ વાત સ્મરણીય છે. ભગતના વારસદારો સુખી છે. આ દેવળમાં ઘણી જ પ્રાચીન મૂર્તિઓ છે.

**પીઠેશ્વરી માતાજી :** શક્તિ પોંડની મુખ્ય દેવી, મહિષાસુર મર્દીની. આવી ભવ્ય પ્રતિમા બીજા કોઈ સ્થળે નથી, જેની ઊંચાઈ ૬ ફુટ ૭ાા ઇંચની છે. પ્રાચીન દેવળ હાલમાં નવેસરથી બાંધવામાં આવેલ છે. આ પ્રતિમાઓ પ્રાચીન શિલ્પ અને સંસ્કૃતિની શોભા છે. જેમાં મહિષાસુર મર્દીની ચર્તુભૂજ મૂર્તિ, મહિષાસુર મર્દીની અષ્ટભૂજા મૂર્તિ, શ્રીપીઠેશ્વરીજીની દશભૂજા મૂર્તિ, ઉમા મહેશની મૂર્તિ, ખોડિયારની મૂર્તિ, મહિષાસુર મર્દીની (અંબા સ્વરૂપ) રૂષિરાજ, વારાહી માતૃકા–ઉમા મહેશ, ઈંદ્રાણી માતૃકા–સંભવની રૌન્દ્ર મૂર્તિ, તપ કરતા બ્રાહ્મણોની મૂર્તિ–નરસિંહ ભગવાન, વિષ્ણુ તથા ભૈરવ વગેરે પ્રતિમાઓનાં દર્શન આ સ્થળે કરી શકાય છે.

(ડો. હરિભાઈ આર. ગૌદાનીના લેખના આધારે. સાભાર)



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાંચો " મહાગુજરાતનાં શિલ્પ-સ્થાપત્ય " પીઠેશ્વરી માતાનું મંદિર.

**પીઠાઇ** : ઉ. અ. ૨૨"-૫૪ પૂ. રે. ૭૨"-૫૬ કપડવણજ**થી** ૧૧ માઇલ આશરે દૂર આ ગામ છે, ત્યાં શ્રીપીઠેશ્વરી માતાજીનું મંદિર સંવત પાંચમા છઠ્ઠા સૈકા જેટલું પુરાણું લાગતું છે. આ પ્રાચીન દેવાલય છે. દર વર્ષે ભાદ્રપદ સુદ ૮ (દુર્ગાષ્ટમી) એ મોટો મેળો ભરાય છે. આ મેળા વખતે કપડવણજ, કઠલાલના વેપારીઓની દુકાનો મંડાય છે. ભાવિકોની મોટી ભીડ હોય છે.

આ દેવળ પીઠાઈ ગામની બહાર એક મોટા ચોગાનમાં ઘણા પગથિયાવાળા પરથાળ પર બંધાયેલ છે. પગથિયાં ચઢતાં પરથાળ પર ડાબી બાજુ બે યુગ જૂની પ્રતિમાઓ છે. તેમજ આગળ ચઢતાં જમણી બાજુ ગોખમાં શ્રીનૃસિંહજીની પ્રતિમા શ્યામ પત્થરની છે. દેવળની જમણી બાજુ પ્રવેશતાં ડાબી બાજુ શ્રીગણપતિજી તથા શ્રીમહાદેવજીનું દેવળ છે.

પ્રાચીન સ્થાપત્યરૂપ ભીંતમાં પ્રતિમાઓ છે. તેમાં એક બાજુ શ્રીશંકરપાર્વતીનું તાંડવ નૃત્ય અને બીજી બાજુ શ્રીરાધાકૃષ્ણની પ્રતિમાઓ છે. ડાબી બાજુ વાયુપુત્રની નાની મોટી પ્રતિમાઓ છે. શ્રીપીઠેશ્વર માતાજીની પ્રતિમા ૬" થી ૭ાા ફૂટની ડાબી બાજુએ છે અને જમણી બાજુએ દશભૂજા વગેરે દેવ દેવીઓની પ્રતિમાઓ છે. શ્રીમાતાજીની પ્રતિમાને કોઈ પુરુષવર્ગ અડકી શકતો નથી. (અડકતા નથી). તેને કેટલાક લોકો કળશી (સોળ) છોકરાંની મા કહે છે.

પ્રાચીન સમયમાં આ દેવળ વિશાળ હતું, કહેવાય છે કે તેનો સવારનો ધજાનો પડછાયો સરસવણી અને સાંજનો પડછાયો કઠલાલ સુધી પડતો.

સરસવણી તાલુકે મહેમદાવાદ ગુજરાતના મૂક સેવક પૂ. રવિશંકર મહારાજની જન્મભૂમિ.

કઠલાલ તા. કપડવણજ પૂ. બાપુજીના સાનિધ્ય સેવક શ્રીનરહરિભાઈ દ્વારકાદાસ પરીખની જન્મભૂમિ.

મુસ્લિમ યુગમાં સંવત ૧૩૧૭ અલાઉદ્દીન ખીલજીના સમયે આ દેવળનો ધર્માંધતાના પાપે નાશ કર્યો. આ પત્થરોથી કઠલાલમાં મસ્જિદ બાંધવા પ્રયત્ન કરેલો પણ મસ્જિદ તૂટી પડતાં, છેવટે આ પત્થરો મહોર નદીમાં નાખી દેવામાં આવેલા. જે આજે મૌજુદ છે. શ્રીમાતાજીના મંદિર નીચે એક ભોંયરું છે, કે જે સદંતર બંધ રહે છે. તેની ધાર્મિક ક્રિયા અને કપડા ખર્ચના રૂા. ૩૫- દર વર્ષે વર્ષાસન તરીકે કપડવણજ કચેરીમાંથી મળતા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રીપીઠેશ્વરી માતાજીના હસ્ત, ચરણ, નાસિકા અને અસ્થિ પર પ્રતિમાઓ છે તેમ કહેવાય છે. તેને લોકકથા–દંતકથા કહે છે કે વડથલમાં એક બ્રાહ્મણ કુમારિકા માતાજીની પૂજક હતી. તે બાળાની પાછળ ધર્માંધ સૈનિકો પડ્યા, પણ બાળા માતાજીના શરણે ગઈ. માતાજીએ તેને પીઠમાં સમાવી દીધી, તેથી પીઠેશ્વરી કહેવાયાં.

## ઈનામી ગામો

**અલવા :** કપડવણજથી પાંચ માઈલ દૂર આશરે ૫૦૦ વર્ષ પહેલાં અલીમહંમદ નામના મલેકે વસાવેલું તેમ મનાય છે.

**દંતાલી :** કપડવણજથી દશ માઈલ દૂર આવેલ છે. ઉ. અ. ૨૩”–૫ અને પૂર્વ રેખાંશ ૭૩”–૮. પોરવાડ વણીક વંશને ઈનામમાં મળેલ છે.

**મહંમદપુરા :** કપડવણજથી એક માઈલ દૂર આવેલ છે. ઉત્તર અક્ષાંશ ૨૩”–૦ અને પૂર્વ રેખાંશ ૭૩”–૪ પર છે.

**મીરાંપુર :** કપડવણજથી એક માઈલ દૂર આવેલ છે. ઉ. અ. ૨૩”–૦ પૂ. રે. ૭૩–૪ પર છે.

બાલાશીનોર જવા આવવાના મેઈન રોડથી ભાથીખત્રી મહારાજનું મંદિર ચાર ફર્લાંગ દૂર આવેલું છે. ભાથીખત્રી મહારાજની મુળ અટક (સૂર્યવંશી) રાઠોડિયા રજપૂત. જે વખત માતા કાલકાની આણથી મસ્તક નીચે આવ્યું, એ વખતે લોહીના છાંટા જમીન ઉપર પડેલા અને એ છાંટાનું લોહી જમીનમાં ઉતર્યું અને નાગદેવના શીશ ઉપર પડ્યું, એટલે નાગદેવ એકદમ જમીન ઉપર આવી ગયા અને બોલ્યા “બોલ બોલ કાળા માથાના માનવી જે માગે તે આપું.” તે વખતે ભાથીખત્રી મહારાજે વરદાન માગી લીધું કે “સત્ય યુગમાં તો નહીં પણ કળયુગમાં જે માણસને કોઈ જાતનો ડંખ મારેલો હોય તેનું ઝેર ઉતરી જવા માટેનું હું વરદાન માંગું છું.”

**ફાગવેલ :**–સર્પવિષ ચઢેલા મૃત્યુના મુખમાં જવાની તૈયારીમાં પડેલા પાણીમાત્ર આ ભાથીખત્રીના સ્થાનકે પહોંચી હસ્તે મુખે પાછા ફર્યાની અનેક સત્ય કથાઓ દૃષ્ટાંતો છે. દવા કરતાં દૈવી શક્તિ આગળ માથું નમે છે, અને વચનસિદ્ધ ધર્મ શહીદોની શહાદતની શક્તિનો ખ્યાલ આવે છે.

પૂર્વાભિમુખે આ પ્રતિમા છે. નાનકડું ચોગાન છે, નૂતન વર્ષે કારતક સુદ ૧ પડવાના દિવસે અહીં મેળો ભરાય છે. ક્ષત્રિય (બારૈયા) અને અન્ય લોકોનો મોટો સમુહ અહીં ભેગો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થાય છે. જયાં તેમનું મસ્તક લડતાં દગાથી દુશ્મને કાપેલું તે સ્થળ ૧ થી ૧II માઇલ દૂર છે. ત્યાં એક મીઠા જળનો કૂવો છે.

**ફાગવેલ** :– ઉ.અ. ૨૨"–૫૫ પૂર્વ રેખાંશ ૭૨"–૧૨ છે. ફાગવેલ આવનાર પ્રવાસી આ પ્રતિમાના દર્શન કરી પાવન થાય છે. જે સ્થળે શહીદ થયેલા એ સ્થળે માટી લાલ દેખાય છે. જે ખાખર પર લોહીના છાંટા પડ્યા તે સ્થળ હજુ તે પાન પર છાંટા હોય તેવું લાગે છે. (આ લોકકથા હજૂ કહેવાય છે.)

## પૂજ્ય શહીદ ભાથીખત્રી મહારાજનો ઈતિહાસ
## (આખી કથા છપાયેલ છે. મારી પોતાની લખેલી તે ઉમેરી છે.)

આશરે દોઢસો વર્ષ પરની આ દંતકથા છે.–ફાગવેલ ગામના એક તખુભા નામના સુખી ઘરમાં જમીનદાર જેવા કિસાનના ત્યાં અકળબા નામના પતિવ્રતાની કુખે ભાથીજી અને હાથીજી નામના બે ભાઈઓ જન્મ્યા હતા. તેમના કુળ દેવી શ્રીકાળીકા હતા. આ બન્ને ભાઈઓ પોતાનું મોટુ ગૌધન લઈ જંગલમાં ચરાવવા જતા હતા. તેમને એક ખોડાજી કરીને ગોવાળ પણ હતો. આ ભાઈઓ શીકારના પણ શોખીન હતા, આમલી અગીયારસનો દિવસ હતો, અને તેઓ એક સુવરની પાછળ પડ્યા, તે સુવર આતરસુંબા તરફ ભાગેલો, ત્યાંથી આંબલીયારા તરફ ગયેલો, સુવરનો શીકાર કરી પાછા ફરેલા પણ આતરસુંબામાં રહેતા સીંધીની એક દીકરીએ તેમના પર આળ મૂકેલું. (પવિત્ર પુરુષ પર શયતાનોના હુમલા હોય છે જ) આ સીંધી વેરની ધૂનમાં હતો, ભાથીજીનું લગ્ન દુધાયલમાં થયેલું. ગામમાંથી જાન તૈયાર થઇને ગઈ. થોડાક માણસો અને ગૌધન ચરાવનાર ખોડાજી ગોવાળ સિવાય કોઇ જ ન હતું. આ સમયનો લાગ લઈ આ સીંધીઓએ ગૌધન પર હુમલો કરી, ગૌધન વાળી જવાની તૈયારીઓ કરી, ગોવાળ ખોડો આ ખબર કહેવા લગ્ન માંડવે પહોંચી ગયો. આ સ્થળે તો લગ્નનાં મંગળ ગીતો ગવાતાં હતા, પહેલો મંગળફેરો ફરી લીવો હતો. બીજો મંગળફેરો ફરવાની તૈયારી હતી, ત્યાં ગૌધન લુંટયાની, મરાયાની ખબર મળી. ક્ષત્રીય લોહી વીર ભાથીજી તરતજ વરમાળા તોડી હથિયાર લઇ ગૌધન બચાવવા તૈયાર થઈ ગયા. પોતાની માતાએ હથિયાર લઇ લીવાં. ત્યારે વીર પુરુષે ગૌધન બચાવવા અને દુશ્મન સીંધીઓનો સંહાર કરવા ગંગેટી અને અર્ણિના તીર કામઠાં બનાવી દોડી ગયા. સીંધીઓનો સામનો કરી ગૌધન બચાવી પાછા ફરી રહ્યા હતા. સીંધીઓ ભાગી ગયા હતા, પણ એક સીંધી એક ઝાડ પાછળ છુપાઇ રહ્યો હતો. જેણે પાછા ફરતા વીરનો શીરચ્છેદ કર્યો. શૂરાતન પર ચઢેલા ધડના હથિયારે આ સીંધીનો વધ કર્યો. હવામાંથી મસ્તક માતા કાલીકાની આણથી નીચે આવ્યું. બહેની, માતા અને સર્વેનાં હૈયાં રડી ઊઠયાં. માતાએ પનોતા પુત્રને આશિષ આપી. ત્યારથી તેમના સ્થાનકે વિષધરનાં ઝેર ઉતરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**બીજો મત** :— શહીદનું લોહી ત્યાંથી નિકળેલા નાગદેવે પીધુ, સંતોષ થવાથી નાગ વરદાન આપે છે કે–ઠેરઠેર તમારી દેરીઓ બંધાશે અને ઝેરી સાપના પણ ઝેર ઉતરશે.

**એક મત** :— તેમનું મસ્તક કપડવણજ કચેરીમાં લાવવામાં આવેલું અને તે મસ્તક ફાગવેલના બારોટ લાવેલા, જેથી તે બારોટ કુટુંબને આજે પણ લાગો મલે છે.

આ સત્ય કથા વીર શહીદની મીંઢળબંધી પ્રતિમા ગુજરાતના ઘણાં ગામડામાં જોવા મળે છે. આ પ્રતિમાના પૂજન કરનાર પુજારી ઘણા વ્રત નિયમો પાળે છે. ઝેરી જાનવરોના ભોગ બનેલાઓને તેમના સ્થાનકે લાવવામાં આવે છે. ત્યારે આ પુજારી ગમે ત્યાં હોય ત્યાં તેને ખબર પડે છે, અને ત્યાંથી તે સ્થાનકે દોડી જાય છે. સાપ કરડેલા દર્દીને લીમડાના પાનાવાળું પાણી છાંટી ઝેરની અસરથી દૂર કરી દે છે. ઘણા દર્દીઓ બચી જાય છે.

વિજ્ઞાન યુગમાં આવા સત્યો નજરે જોવાથી પ્રત્યક્ષ સાબિત થાય છે.

(ફાગવેલ ગામમાં દર્શન કરવા જનારને ત્યાં સારી સગવડ મળે છે. નાનકડી ધર્મશાળા પણ છે. તેમના ભાઈ હાથીજીનું બહોળુ કુટુંબ હાયાત છે. (તેમના પત્ની વૈધવ્યની ત્યાગમૂર્તિ તરીકે જીવી ગયાં). આ સત્ય કથા ૧૫૦ વર્ષના અરસામાં બનેલ છે.

**કેદારનાથ** : શ્રીઉત્કંઠેશ્વરની ઉત્તરમાં ૩ માઇલ આશરે દૂર ભયાનક જંગલમાં શ્રીકેદારેશ્વર મહાદેવનું સ્થાન છે. આ માર્ગે બાવળના ઝાડો, જંગલ અને લપસણી જમીન છે. લોકમાતા વાત્રક નદી આ સ્થળે એક મહારાણી સમાન ગૌરવવંતી દેખાય છે. ઠીક ઊંચાઇવાળી ટેકરીની ખીણમાં વનશ્રીની ઝુંડમાં ભગવાન કેદારેશ્વર વીંટળાઈને બિરજ્યા છે. એક નાનકડું નાજૂક ઝરણું ઉંચાણથી આવી ભગવાન કેદારેશ્વરના પાદપ્રક્ષાલન કરી ગૌમુખી મારફત વિહાર કરી છબછબીયા કરતું આગળ જાય છે.

આ શોભા જોતાં હિમાલયના દેવદાર અને અનારના વૃક્ષો સિવાય કાશમીરસમું સૌંદર્ય ધામ લાગે છે. આ સ્થળની નૈસર્ગિક શોભા બેનમૂન છે. ગુજરાતના તીર્થધામોમાં કુદરતની કળા અને સૌંદર્યધામસમા આ કેદારેશ્વરની સામે એક નાનકડી ધર્મશાળા છે. અહીં નાનકડી ઝાંઝરી ઉપર એક ધર્મશાળા અમદાવાદના શેઠ ભગુભાઈ ચંદુલાલે પુનાદરાના ઠાકોર સાહેબની મદદથી બંધાવેલ છે. કેદારેશ્વર એ દ્વાપર યુગનું સ્મરણ હોય તેમ કહેવાય છે. સન્યાસીઓ અને પરમહંસો માટે પરમ આનંદનું સ્થળ છે.

આ પ્રકૃતિ સૌંદર્ય મનોહર સ્થળે શ્રાવણ માસમાં મેળો ભરાય છે. મહાશિવરાત્રીએ પણ મેળો ભરાય છે. સાપનો ડર છે. અહીં મહંત ધર્મશાળામાં રહે છે. આ સ્થળે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શિવલિંગને વીંટળાઈને ઝરણાં વહે છે. સન્મુખ પણ ઝરણું વહે છે. આ ડુંગરોમાંથી પ્રગટેલાં ઝરણાં અખંડ અભિષેક કરતાં હોવાથી આ જળપ્રવાહો મહાદેવજીની પ્રદક્ષિણા બાદ ગૌમુખ દ્વારા બહાર આવે છે. અખંડ જળપ્રવાહવાળું સ્થળ આ "જલપ્લૂત" કહેવાય છે. ઉત્તર ગુજરાતના સૌંદર્યધામ બાલારામ મહાદેવ જેવું કુદરતી લીલાઓથી સૌંદર્યવાન એવું આ સ્થળ છે.

**શિવાશ્રમ** : આંત્રોલીમાં પરમહંસ શ્રીસ્વામી શીવાનંદજીના પવિત્ર વિચારોના વહન માટે આ આશ્રમ તેમના ભકતો તરફથી ચાલે છે. હાલ તેનો વહીવટ તેના ટ્રસ્ટીઓ કરે છે. પરમહંસ શિવાનંદજીનો સ્વર્ગવાસ સંવત ૧૯૯૬ આસો વદી ૧૪ મંગળવારે થયેલો. તેમણે લખેલ **"અસ્ટાંગ યોગ"** નામનું પુસ્તક ટ્રસ્ટીઓ તરફથી બહાર પડેલ છે.

**શ્રીકામનાથ મહાદેવ** : શ્રીઉત્કંઠેશ્વર મહાદેવ સામે આશરે બે ત્રણ વાંસ ઊંચી એક ટેકરી છે. જે શ્રીશિવાનંદની ટેકરી નામે ઓળખાય છે. તેના ઉપર ભગવાન કામેશ્વર મહાદેવનું દેવાલય છે. જે અમદાવાદના જાદાભગતની પોળના પટેલ પુરસોત્તમદાસ જેઠાભાઈ બિલાડીવાળાના પૌત્ર શેઠ કહાનદાસ જમનાદાસે બંધાવેલું. તે સંવત ૧૯૩૦ થી તેમના દીકરા શેઠ મનસુખરામે સંભાળેલું. તેમના નાના દીકરા પા. દામોદરદાસ મનસુખરામે સંવત ૧૯૬૧ માં જીર્ણોદ્ધાર કરી સુધરાવેલું. તેમનો વચોટ બંધુ પા. અંબાલાલ મનસુખરામે યાત્રાળુઓ માટે સાધનસગવડતાવાળી ધર્મશાળા રૂા. ૨૫૦૦૦– ના ખર્ચે સંવત ૧૯૮૭ માં બંધાવેલી છે. સારી સગવડતાવાળી ધર્મશાળા તથા કૂવો છે. જનતા માટે ખુલ્લી મુકી તેનો નિભાવ તથા વહીવટી ખર્ચ પોતે જ કરે છે. આ શિવાનંદની ટેકરી પર ચઢવાની ઘણી જ અગવડ હતી, તે લક્ષમાં લઈ મોટાભાઈ શેઠશ્રીમોતીલાલે પગથીયાં પગથાર કૂવો બંધાવી ઘણી સારી એવી સગવડ કરી. આ સ્થળે વાત્રકનો વેગીલો પ્રવાહ ચાલુ જ હોવાથી એના ધક્કાથી આ સ્થળની અવારનવાર મરામત ચાલુજ રાખવી પડે છે. શેઠ શ્રીમોતીલાલના સુપુત્રો શ્રીહરીયાપ્રસાદ, શ્રીજયપ્રસાદ, શ્રીજયેન્દ્રપ્રસાદ તથા શ્રીબળદેવપ્રસાદ તરફથી સંવત ૨૦૧૫ માં વહીવટ લીધા બાદ ઘણું સારૂં એવું ખર્ચ કરી આ સ્થળને વિકસાવવામાં અમૂલ્ય ફાળો આપેલ છે.

## આ સ્થળ અને આ કુટુંબ માટેની સત્ય ઘટના

ઉત્કંઠેશ્વર મહાદેવના નદી કિનારાના પગથીયાને અડીને વહેતા જળપ્રવાહના કિનારાપાસે વાઘજીપુર જવાના રસ્તાની ડાબી બાજુની ઊંચી ટેકરી ઉપર એક નાનકડી ઝુંપડી બાંધીને વીરપુર આશ્રમવાળા સિદ્ધ સ્વામી શિવાનંદજી રહેતા હતા. તેમની સિદ્ધિઓથી આકર્ષાઈ ઘણા સજ્જનો દર્શન અને સત્સંગ માટે આવતા. અહીં જાદાભકત ( અમદાવાદ )ની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોળના શેઠ પુરસોત્તમદાસ જેઠાભાઈ આવતા, તેમના પુત્ર જમનાદાસને પુત્ર નહિ હોવાથી તે ચિંતામાં રહેતા. શ્રીપુરસોતમ શેઠને સ્વામીજી પ્રત્યે અડગશ્રદ્ધા અને ભાવ હતાં. સ્વામીજી તેમની ભાવના કળી ગયેલા, તેમને સ્વપ્નમાં દર્શન આપ્યું. શેઠ જાગ્યા કે જરૂર "ખાડા-વાળાને ત્યાં ખોટ નથી." ભગવાને જ આ સ્વામીજીને મારું દુઃખ દૂર કરવા મોકલ્યા છે. શેઠે સંકોચ દૂર કરી પોતાની ઈચ્છા સ્વામી શિવાનંદજી સમક્ષ રજૂ કરી. સ્વામીજીએ સમાધિ બાદ જણાવ્યું કે તમારે ત્યાં પુત્રનો જન્મ થશે. મિથુન રાશિમાં જન્મ થશે. સાત જગાએ મહાદેવની સ્થાપના કરશે. શ્રીજમનાદાસને ત્યાં મિથુન રાશિમાં પુત્રનો જન્મ થયો. તેમનુ નામ કાનદાસ રાખ્યું. પ્રથમ આ વિશાળ ટેકરી પર ભગવાન કામેશ્વરની સ્થાપના કરી. જ્યાં સ્વામીજીની જગા હતી ત્યાં જ આ શિવાલયની સ્થાપના કરીને તેમણે શિવાલયનો તમામ વહીવટ વગેરે પોતે સંભાળી લીધો. આજે આ કુટુંબ સુંદર રીતે વ્યવસ્થા સંભાળી રહેલ છે.

આ પવિત્ર સ્થળ પર પૂજ્યપાદ શ્રીશિવાનંદજીના બ્રહ્મલીન થયા પૂર્વે કપડવણજ તાલુકાના આત્રોલી ગામના શિવાશ્રમના સંસ્થાપક પૂજ્યપાદ બ્રહ્મનિષ્ઠસ્વામી શિવાનંદજી કે જેઓશ્રી વેદ, ઉપનિષદ, વેદાંત, પુરાણ, યોગ, આયુર્વેદ, જ્યોતિષના ઉંડા અભ્યાસી એવા મહાવિદ્વાન્ દયાસાગર સંત આ સ્થળે કામેશ્વર મહાદેવમાં રહી તપશ્ચર્યા કરેલી.

**જાબાલ આશ્રમ** : ભારતની ભવ્ય તપોભૂમિ ઘણા જ વિદ્વાન સંતો, મંડળેશ્વરો અને પાદપૂજ્ય શ્રીજગદગુરૂના પવિત્ર પગલાંથી આ ધરતી પાવન બનેલ છે. આ ભૂમી મહાપુરુષોની તપશ્ચર્યા ભૂમિ કે જ્યાં નૈસર્ગિક સૌન્દર્ય છે, જેવું શાંત વાતાવરણ છે તેવું રમ્ય સ્થળ પણ છે. જનારને આત્મ શાંતિ લાગે છે.

**ખેરનાથ મહાદેવ :** ઉત્કંઠેશ્વર મહાદેવની પશ્ચિમે બે એક ફર્લાંગ દૂર જંગલમાં શ્રીખેરનાથ મહાદેવનું સ્થાનક છે. આ સ્થાન ઘણું દૂર છે. આ સ્થળે વસ્તી નથી, વેત્રવતીને સામે પાર દૂર હોવાથી વર્ષાઋતુમાં ભાવિકો વેત્રવતી પાર કરવી અને દર્શન કરવા એ દુર્લભ છે. આ સ્થળે ભૂતકાળના ઘણા યજ્ઞોની ભસ્મોના ભંડાર છે. ખેરનાથ મહાદેવથી ૩૦૦ ફુટ દૂર ભસ્મની ખાંણ છે. યોગજુની સંસ્કૃતિના યજ્ઞોની યાદીરૂપ આ ભસ્મ ભાવિકોને આજે પણ લલચાવે છે. આ અરણ્યમાં શ્રીમહામુનિ જાબાલિના સમયમાં તપોવન હતું, તેનો ખ્યાલ આપે છે. નદી તરફના ઊંચા અને ભવ્ય ડુંગરાળ ભાગમાં આ તીર્થ છે. આ લિંગ વૃક્ષોના મૂળ જેવું હોવાથી તે 'મુલોદભવ તીર્થ' કહેવાય છે. એક નાનકડી ધર્મશાળા અને ભૂતકાળનું ભોંયરૂ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શિવલિંગને વીંટળાઈને ઝરણાં વહે છે. સન્મુખ પણ ઝરણું વહે છે. આ ડુંગરોમાંથી પ્રગટેલાં ઝરણાં અખંડ અભિષેક કરતાં હોવાથી આ જળપ્રવાહો મહાદેવજીની પ્રદક્ષિણા બાદ ગૌમુખ દ્વારા બહાર આવે છે. અખંડ જળપ્રવાહવાળું સ્થળ આ "જલપ્લૂત" કહેવાય છે. ઉત્તર ગુજરાતના સૌંદર્યધામ બાલારામ મહાદેવ જેવું કુદરતી લીલાઓથી સૌંદર્યવાન એવું આ સ્થળ છે.

**શિવાશ્રમ** : આંત્રોલીમાં પરમહંસ શ્રીસ્વામી શીવાનંદજીના પવિત્ર વિચારોના વહન માટે આ આશ્રમ તેમના ભકતો તરફથી ચાલે છે. હાલ તેનો વહીવટ તેના ટ્રસ્ટીઓ કરે છે. પરમહંસ શિવાનંદજીનો સ્વર્ગવાસ સંવત ૧૯૯૬ આસો વદી ૧૪ મંગળવારે થયેલો. તેમણે લખેલ "**અસ્ટાંગ યોગ**" નામનું પુસ્તક ટ્રસ્ટીઓ તરફથી બહાર પડેલ છે.

**શ્રીકામનાથ મહાદેવ** : શ્રીઉત્કંઠેશ્વર મહાદેવ સામે આશરે બે ત્રણ વાંસ ઊંચી એક ટેકરી છે. જે શ્રીશિવાનંદની ટેકરી નામે ઓળખાય છે. તેના ઉપર ભગવાન કામેશ્વર મહાદેવનું દેવાલય છે. જે અમદાવાદના જાદાભગતની પોળના પટેલ પુરસોત્તમદાસ જેઠાભાઈ બિલાડીવાળાના પૌત્ર શેઠ કહાનદાસ જમનાદાસે બંધાવેલું. તે સંવત ૧૯૩૦ થી તેમના દીકરા શેઠ મનસુખરામે સંભાળેલું. તેમના નાના દીકરા પા. દામોદરદાસ મનસુખરામે સંવત ૧૯૬૧ માં જીર્ણોદ્ધાર કરી સુધરાવેલું. તેમનો વચોટ બંધુ પા. અંબાલાલ મનસુખરામે યાત્રાળુઓ માટે સાધનસગવડતાવાળી ધર્મશાળા રૂા. ૨૫૦૦૦– ના ખર્ચે સંવત ૧૯૮૭ માં બંધાવેલી છે. સારી સગવડતાવાળી ધર્મશાળા તથા કૂવો છે. જનતા માટે ખુલ્લી મુકી તેનો નિભાવ તથા વહીવટી ખર્ચ પોતે જ કરે છે. આ શિવાનંદની ટેકરી પર ચઢવાની ઘણી જ અગવડ હતી, તે લક્ષમાં લઈ મોટાભાઈ શેઠશ્રીમોતીલાલે પગથીયાં પગથાર કૂવો બંધાવી ઘણી સારી એવી સગવડ કરી. આ સ્થળે વાત્રકનો વેગીલો પ્રવાહ ચાલુ જ હોવાથી એના ધક્કાથી આ સ્થળની અવારનવાર મરામત ચાલુજ રાખવી પડે છે. શેઠ શ્રીમોતીલાલના સુપુત્રો શ્રીહરીયાપ્રસાદ, શ્રીજયપ્રસાદ, શ્રીજયેન્દ્રપ્રસાદ તથા શ્રીબળદેવપ્રસાદ તરફથી સંવત ૨૦૧૫ માં વહીવટ લીધા બાદ ઘણું સારું એવું ખર્ચ કરી આ સ્થળને વિકસાવવામાં અમૂલ્ય ફાળો આપેલ છે.

## આ સ્થળ અને આ કુટુંબ માટેની સત્ય ઘટના

ઉત્કંઠેશ્વર મહાદેવના નદી કિનારાના પગથીયાને અડીને વહેતા જળપ્રવાહના કિનારા-પાસે વાઘજીપુર જવાના રસ્તાની ડાબી બાજુની ઊંચી ટેકરી ઉપર એક નાનકડી ઝુંપડી બાંધીને વીરપુર આશ્રમવાળા સિદ્ધ સ્વામી શિવાનંદજી રહેતા હતા. તેમની સિદ્ધિઓથી આકર્षાઈ ઘણા સજ્જનો દર્શન અને સત્સંગ માટે આવતા. અહીં જાદાભકત ( અમદાવાદ )ની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોળના શેઠ પુરસોત્તમદાસ જેઠાભાઈ આવતા, તેમના પુત્ર જમનાદાસને પુત્ર નહિ હોવાથી તે ચિંતામાં રહેતા. શ્રીપુરસોતમ શેઠને સ્વામીજી પ્રત્યે અડગશ્રદ્ધા અને ભાવ હતાં. સ્વામીજી તેમની ભાવના કળી ગયેલા, તેમને સ્વપ્નમાં દર્શન આપ્યું. શેઠ જાગ્યા કે જરૂર "ખાડા-વાળાને ત્યાં ખોટ નથી." ભગવાને જ આ સ્વામીજીને મારૂં દુઃખ દૂર કરવા મોકલ્યા છે. શેઠે સંકોચ દૂર કરી પોતાની ઇચ્છા સ્વામી શિવાનંદજી સમક્ષ રજૂ કરી. સ્વામીજીએ સમાધિ બાદ જણાવ્યું કે તમારે ત્યાં પુત્રનો જન્મ થશે. મિથુન રાશિમાં જન્મ થશે. સાત જગાએ મહાદેવની સ્થાપના કરશે. શ્રીજમનાદાસને ત્યાં મિથુન રાશિમાં પુત્રનો જન્મ થયો. તેમનુ નામ કાનદાસ રાખ્યું. પ્રથમ આ વિશાળ ટેકરી પર ભગવાન કામેશ્વરની સ્થાપના કરી. જ્યાં સ્વામીજીની જગા હતી ત્યાં જ આ શિવાલયની સ્થાપના કરીને તેમણે શિવાલયનો તમામ વહીવટ વગેરે પોતે સંભાળી લીધો. આજે આ કુટુંબ સુંદર રીતે વ્યવસ્થા સંભાળી રહેલ છે.

આ પવિત્ર સ્થળ પર પૂજ્યપાદ શ્રીશિવાનંદજીના બ્રહ્મલીન થયા પૂર્વે કપડવણજ તાલુકાના આત્રોલી ગામના શિવાશ્રમના સંસ્થાપક પૂજ્યપાદ બ્રહ્મનિષ્ઠસ્વામી શિવાનંદજી કે જેઓશ્રી વેદ, ઉપનિષદ, વેદાંત, પુરાણ, યોગ, આયુર્વેદ, જ્યોતિષના ઉંડા અભ્યાસી એવા મહાવિદ્વાન્ દયાસાગર સંત આ સ્થળે કામેશ્વર મહાદેવમાં રહી તપશ્ચર્યા કરેલી.

**જાબાલ આશ્રમ** : ભારતની ભવ્ય તપોભૂમિ ઘણા જ વિદ્વાન સંતો, મંડળેશ્વરો અને પાદપૂજ્ય શ્રીજગદગુરૂના પવિત્ર પગલાંથી આ ધરતી પાવન બનેલ છે. આ ભૂમી મહાપુરુષોની તપશ્ચર્યા ભૂમિ કે જ્યાં નૈસર્ગિક સૌન્દર્ય છે, જેવું શાંત વાતાવરણ છે તેવું રમ્ય સ્થળ પણ છે. જનારને આત્મ શાંતિ લાગે છે.

**ખેરનાથ મહાદેવ :** ઉત્કંઠેશ્વર મહાદેવની પશ્ચિમે બે એક ફર્લાંગ દૂર જંગલમાં શ્રીખેરનાથ મહાદેવનું સ્થાનક છે. આ સ્થાન ઘણું દૂર છે. આ સ્થળે વસ્તી નથી, વેત્રવતીને સામે પાર દૂર હોવાથી વર્ષાઋતુમાં ભાવિકો વેત્રવતી પાર કરવી અને દર્શન કરવા એ દુર્લભ છે. આ સ્થળે ભૂતકાળના ઘણા યજ્ઞોની ભસ્મોના ભંડાર છે. ખેરનાથ મહાદેવથી ૩૦૦ ફુટ દૂર ભસ્મની ખાંણ છે. યોગજુની સંસ્કૃતિના યજ્ઞોની યાદીરૂપ આ ભસ્મ ભાવિકોને આજે પણ લલચાવે છે. આ અરણ્યમાં શ્રીમહામુનિ જાબાલિના સમયમાં તપોવન હતું, તેનો ખ્યાલ આપે છે. નદી તરફના ઊંચા અને ભવ્ય ડુંગરાળ ભાગમાં આ તીર્થ છે. આ લિંગ વૃક્ષોના મૂળ જેવું હોવાથી તે 'મુક્ષોદ્ભવ તીર્થ' કહેવાય છે. એક નાનકડી ધર્મશાળા અને ભૂતકાળનું ભોંયરૂ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્કંઠેશ્વરથી ૧ માઈલ દક્ષિણે બિલેશ્વર, વાઘજીપુરથી અગ્નિ ખૂણામાં બિલીના વૃક્ષોના જુથના મૂળ પાસે 'બિલેશ્વર' મહાદેવનું સ્થળ છે. આ મહાતીર્થ પણ સમકાલિન છે. લગભગ અસ્ત વ્યસ્ત છે, તેનું અસ્તિત્વ પણ નાબૂદ થઈ જશે. આ સ્વરૂપ વૃક્ષોના મૂળ પાસે હોવાથી તે 'મુલસ્થ' કહેવાય છે.

**નિકુલેશ્વરઃ**—ઉત્કંઠેશ્વરથી ૪ માઈલ દૂર દક્ષિણે આતરસુંબાથી અર્ધો માઈલ દૂર નિકોલ ગામની બહાર નકુલેશ્વર અથવા નિષ્કુલેશ્વર મહાદેવનું સ્થળ છે. જે 'ગ્રામસ્થ' કહેવાય છે.

**મહાલક્ષ્મી મૌન મંદિર** :—યોગાશ્રમ સંચાલિત મહાલક્ષ્મી મૌન મંદિર સ્વ.શ્રી હરિલાલ ભાઇચંદભાઈના સ્મરણાર્થે તેમના સુપુત્ર શ્રીરજનીકાન્ત જે એક પ્રભુમય જીવન ગાળનાર અલગારો જીવ છે, તેમણે આ મૌન મંદિરનું નિર્માણ કરેલ છે.

નદીના કાંઠે નૈસર્ગિક વાતાવરણમાં સફેદ ગોળાકાર ઘુમ્મટવાળા મૌન મન્દિરમાં કોઈપણ સાધક સાત દિવસ શાંતિથી રહી શકે છે, અંદર ગોળાકાર રૂમ છે. સંપૂર્ણ હવા ઉજાસવાળા આ રૂમમાં બાથરૂમ, જાજરૂની વ્યવસ્થા છે. બહાર ઈલેક્ટ્રિક બેલની વ્યવસ્થા છે. સાધકને નિયત સમયે ખોરાક, ચ્હા, નાસ્તો આપવામાં આવે છે. રૂમમાં નીચે શિવલિંગાકાર રૂમ છે, જ્યાં ચારે બાજુ હવા ઉજાસ છે. સંપૂર્ણ વ્યવસ્થાવાળું આવું અદ્વિતીય મૌન મંદિર ગુજરાતમાં આ પ્રથમ છે. ("વિક્રમસિંહ પરમાર"ના લેખના આધારે સાભાર).

## યોગાશ્રમ

ઉત્કંઠેશ્વરની ઉત્તરે વેત્રવતીના કિનારે એક ભવ્ય આશ્રમ છે. જે સારા એવા પુષ્પો, વૃક્ષો અને આલીશાન મકાનોથી શોભે છે. આ યોગાશ્રમ વંદનિય જૈન મુનિ શ્રીત્રિલોકચંદ (સ્વર્ગસ્થ) મહારાજે શરૂ કરેલ. એક મહાન યોગી, વિદ્વાન તપસ્વી હતા. યોગાશ્રમ એટલે તપોભૂમિ જ્ઞાન ગંગાનું સ્થાન, સેવાનું કેન્દ્ર. આ યોગાશ્રમનું ખાત મૂહુર્ત સને ૧૯૪૦ માં મુ. શ્રીમાણેકલાલના હાથે થયેલું. ઉદ્ઘાટન વડોદરાના શ્રીમાન્ મહારાજા પ્રતાપસિંહરાવ ગાયકવડના યુવરાજ શ્રીફતેસિંહરાવ ગાયકવાડના શુભહસ્તે તારીખ ૨૮–૧૧–૪૧ સંવત ૧૯૯૮ ના માગસર સુદ ૧૦ ના રોજ શુભદિને થયું હતું. આ આશ્રમમાં સાધુ સાદિવજી તથા અતિથિઓ માટે રહેવાની સગવડ છે, રસોડા વિભાગ તથા ગૌશાળા પણ છે. આ સિવાય આરોગ્ય તથા તત્ત્વજ્ઞાનનાં ધાર્મિક પુસ્તકોનું પુસ્તકાલય છે. આ યોગાશ્રમનો લાભ દરેક ધર્મના અનુયાયીઓ લઇ શકે છે. આશ્રમની વ્યવસ્થા ટ્રસ્ટી મંડળ કરે છે. કપડવણજના સુપ્રસિદ્ધ સેવાસંઘના કાર્યકરો મહારાજશ્રીના વખતથી આજદિન સુધી આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આશ્રમના ટ્રસ્ટીમાંના છે. મુનિશ્રીનો કૈલાસવાસ વિ. સંવત ૧૯૯૯ ના શ્રાવણ વદી ૩ તારીખ ૧૮–૮–૧૯૪૩ ના રોજ થયેલો. તેમની સમાધિના સ્મારકની વિધિ નગરશેઠ શ્રીકસ્તુરભાઇ લાલભાઇના શુભહસ્તે તારીખ ૧૫–૪–૧૯૫૬ ને રવિવારે સવારે નવ વાગે યોગાશ્રમમાં કરવામાં આવેલી.

**ત્રિલોકચંદ્ર મુનિ :** સ્વ. ત્રિલોકચંદ મુનિશ્રી કચ્છના વતની હતા. ઘણો સમય તેમણે આબુ પર્વત પર સાધના કરેલી. તેમણે આશ્રમ માટે શિરોહી મહારાજ પાસેથી જમીન પણ મેળવેલી, પણ તેમને આધ્યાત્મિક પ્રેરણા નહી મળતાં પાછળથી આ સ્થાન પર આવેલા. કહેવાય છે કે તેમને આ સ્થળે ઈશ્વરી પ્રેરણા મળી. વેદના શબ્દો કાનપર સંભળાયા અને શબ્દો સંભળ્યા કે "જે શબ્દ ખોળો છો તે આ છે" તેથી તેમણે આ સ્થળ પસંદ કર્યું. તેમની દૃષ્ટિ સર્વદશીય હતી, પોતે જૈન યોગી હોવા છતાં સર્વધર્મ અભ્યાસી હતા, અને સર્વ ધર્મ પ્રત્યે મમતા રાખતા હતા. સ્વામી આત્માનંદ મુનિએ "ગીતા દર્પણ" (હિન્દી જેવું મહત્ત્વનું ૫૫૪ પૃષ્ટનું પુસ્તક) લખી આ યોગાશ્રમની કિર્તીમાં વધારો કર્યો છે.

આશ્રમ માટે આશરે ૧૦-૧૨ વીઘા જમીન બારીયાના શેઠ શ્રીશંકરલાલ છોટાલાલ શાહે મહારાજશ્રીના ચરણે ધરેલી.

ગુજરાતના આ પ્રતિભાશાળી જૈન યોગી પૂજ્ય ત્રિલોકચંદજી ઘણા સ્થળોએ વિહાર કર્યા બાદ, આ સ્થળને પવિત્ર વેત્રવતી ઉપર મહર્ષિ જાબાલીની તપોભૂમિને પોતાના તપસ્થાન તરીકે પસંદ કર્યું. તેમજ અનેક વિચારશ્રેણીના સંતો અને યોગીઓના સંપર્કમાં આવ્યા.

બંગાળના પ્રચલિત રાધાસ્વામી સંપ્રદાયના મહાન સંત પૂ.શ્રી કિંકરાનંદ સ્વામી સાથે પણ તેમને સારો સંબંધ હતો. સ્વામીજી સિદ્ધપુરમાં ઓમકાર સ્વામીના આશ્રમમાં રહી, આયુર્વેદિક સિદ્ધિઓ દ્વારા જનતાની સેવા કરે છે.

આ તપોભૂમિમાં કહે છે કે પૂ. શ્રીત્રિલોકચંદ મહારાજને પ્રાતઃસ્મરણીય મહર્ષિ જાબાલીના પ્રત્યક્ષ દર્શન થયેલાં, વળી કેટલાકને જાબાલી ઋષિના દર્શન થાય છે, તેવું કહે છે. ( વાંચકોના વિચાર પર. )

**યોગાશ્રમ ખાતે ઉદ્દઘાટનો :** (૧) શ્રીછોટાલાલ લલ્લુભાઈ વિશ્રાંતિભુવન તથા શ્રીઆરોગ્યનિવાસ, (૨) ત્રિલોક કપુર સ્વાધ્યાય મંદિર તથા (૩) શ્રીધીરજબહેન માણેકલાલ દેસાઇ અન્નપૂર્ણા ગૃહ. આ ત્રણે સંસ્થાઓનો ઉદ્દઘાટન સમારોહ તારીખ ૨૭–૪–૧૯૭૨ ના રોજ ટ્રસ્ટી શેઠશ્રીવિનોદભાઇ પરીખની દરખાસ્તથી શેઠશ્રીઠાકરશીભાઈ પરીખના પ્રમુખસ્થાને



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થયો હતો અને સાંજે શેઠશ્રીરમણભાઈ પટેલે (બંગીધર મિલ અમદાવાદ વાળાએ) દીપ પ્રગટાવેલ.

આ આશ્રમના ભવ્ય મકાનોમાં જ્ઞાનમંદિર, ગ્રંથાલય, ગૌશાળા, અતિથિગૃહ, સાધકગૃહ, કૂવો અને સુંદર બાગ વિગેરે છે.

આ આશ્રમમાં ભારતના વિદ્વાન્ પરમ પૂજ્યપાદ જગદ્ગુરુ શંકરાચાર્ય, શ્રીભારતી, કૃષ્ણતીર્થજી, મહારાજશ્રી પૂ. ત્રિલોકચંદ મહારાજના સંપર્કમાં આવેલા. આ સ્થળે વડોદરા શ્રેય સાધક આચાર્ય શ્રીનરસિંહાચાર્ય ભગવાન પણ રહેલા. ભક્ત સેવક સાધકોએ સમારંભ ગોઠવેલો.

નર્મદાતટના નારેશ્વરવાળા પરમ પૂજ્ય પરમહંસ શ્રીરંગઅવધૂત મહારાજ પણ આ સ્થળે પધારેલા. તેઓશ્રીને મહર્ષિ જાબાલીના દર્શન થયાનું કહેવાય છે.

શ્રી પૂ. સ્વયંજ્યોતિ તીર્થજી મહારાજ, પૂ. સ્વામી માધવાતીર્થજી મહારાજ, પૂ. શ્રી શાશ્વતાનંદજી, પૂ. આત્માનંદજી, પૂ. વિજ્ઞાનાનંદજી, પૂ. કેવલાનંદજી, પૂ. આનંદમયીમા, પૂજ્યપાદ નારાયણસ્વામી, પૂ. શ્રીહરિણુવાસુની, શ્રીસંતબાલજી વગેરે અનેક સંત મહંતોએ આ સ્થાનને પાવન કરેલ છે. ગુજરાતના વિદ્વાનો, સાક્ષરો, કવિઓએ પણ આ સ્થાનનાં દર્શન કરેલ છે. ઉપરોક્ત સંતોમાં સ્વામી શ્રીવિજ્ઞાનાનંદજી પોતે ડોકટર હોવાથી તેમના ત્યાંના વસવાટ દરમ્યાન હજારો દર્દીઓની ચિકિત્સા દવા અને સારવાર કરેલી.

## શેઠ શ્રીચંદુલાલ માધવલાલ વાનપ્રસ્થાશ્રમ :

### વૃદ્ધાશ્રમ : (ઘરડાંઘર) વાનપ્રસ્થાશ્રમ :

આ સ્થાપક શેઠશ્રી ભગુભાઇ ચંદુલાલ(અમદાવાદવાળા)ની જન્મ તારીખ ૧૬–૩–૧૯૦૯, સ્વર્ગવાસ તારીખ ૨૬–૮–૧૯૬૬.

શેઠશ્રી ભગુભાઈ નાની ઉંમરથી જયારે જયારે આ સ્થળે ભગવાન ઉત્કંઠેશ્વરના દર્શને આવે ત્યારે ત્યારે વિચારો કરતા કે આ સ્થળે રહેવાનું હોય તો ? આ મનોવૃત્તિએ એક સમયે મહાદેવના સ્થળ વચ્ચેની ખાડાવાળી જમીન ઉપર કેટલો મોટો ખર્ચ કરી તેમના પિતાશ્રીના નામે સુંદર વિશાળ મકાનો બંધાવી, સુંદર બાગ કૂવા વગેરે તૈયાર કરી, સાધકોને રહેવા માટેના ઓરડાઓ, ભોજનશાળા, રસોડું વગેરે તૈયાર કરેલ છે. આ ભવ્ય કુટુંબના સંસ્કારી સુપુત્રો પોતાના કુળદેવતા તથા આશ્રમ તરફ હંમેશા તૈયાર રહે છે. શ્રીભગુભાઇ શેઠનામાં તેમના પિતાશ્રી શેઠશ્રીચંદુલાલ તથા પૂ. માતૃશ્રી ભાગીરથી બહેનના સંપૂર્ણ ગુણો દીપાવેલા હતા અને તેમના પત્ની અ.સૌ. શારદાબેન કુટુંબની સારીએ સૌજન્ય મૂર્તિરૂપ હતાં.

ગામે ગામે અને શહેરે શહેરે મહાદેવના દહેરાં હોય છે, કોઇપણ ગામ મહાદેવના મંદિર વગરનું આ ભારત દેશમાં નહિં હોય, ત્યાં આ મહાદેવના દહેરામાં લિંગરૂપે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શંકર અને ગોખમાં મહાશક્તિ માતારૂપે પાર્વતીનાં દર્શન થાય છે. આ ઉમા મહેશ પ્રત્યેક નવા લગ્ન કરનાર પતિ–પત્નીના આદર્શરૂપે છે, અને એમના આશીર્વાદથી આપણુ દાંપત્ય જીવન પણ ભર્યું ભર્યું રહે એવી ઉમેદ સાથે પ્રત્યેક નર અને નારી જીવે છે. પ્રેમભર્યા, આનંદભર્યા, ભક્તિભર્યા અને શ્રદ્ધાભર્યા જીવન આવાં હોય છે.

આ કલ્પનાનું સર્જન નથી, આ ભાવનાનું સર્જન છે. આ મહાશક્તિનું જગત ઉપર શાસન ચલાવે છે, અને આ સર્વશક્તિમાન વિભૂતિ સર્વત્ર અસ્તિત્વમાં છે. નિર્મળપ્રેમી હૃદયોમાં એમનાં દર્શન થાય છે.

**આચાર્ય વિનોબાભાવે** : તીર્થોની પવિત્રતાનું આ એકજ કારણ નથી બની રહેતું કે ત્યાં પ્રાચીન કાળમાં ઋષિમુનિઓ નિવાસ કરતા હતા, એ તીર્થોનું મહત્વ એટલા માટે છે કે, આજે પણ ત્યાં એવા ભાગ્યવાન્ મહાત્માઓ વસે છે. જેમની પાસેથી લોકોને સન્માર્ગે ઉંચે જવા માટેનું માર્ગદર્શન મળી રહે છે. ( રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણન સર્વપલ્લી )

**દેવડુંગરી** : વાત્રકના વહેતા પાણીની વચ્ચે કુદરતી નહીં પણ કારીગીરીના નમુનારૂપ છે. સીસાના પાયા કે કયી રીતે ચણેલી આ દેરી જળમાં અડીખમ ઊભી છે. દેવડુંગરી પર મહાદેવ અને દેવીની પ્રતિમા છે. ( કેટલાક મહામુની જાબાલીના સમાધિસ્થાન તરીકે માને છે. પણ તે સત્ય હોય તેમ લાગતું નથી. ) ચોમાસામાં વાત્રકના પાણી દેવડુંગરીને જ્યારે પક્ષાલ કરતાં જાય છે, ત્યારે નાવિકોને ત્યાં જવું ભારે પડે છે.

ગુજરાતનું નિસર્ગ રમણીય ધામ **ઉત્કંઠેશ્વર** :

કપડવણજથી સાત માઇલ દૂર વાઘજીપુર નામના નાના ગામડાની પાસે ભગવાન પિનાકિનનું કૈલાસધામ સમું ક્ષણભંગુરતાના શિક્ષાગુરૂરૂપ ત્રેતાયુગની યશગાથા કહેતું કાસ્યપ ગંગાના પવિત્ર તટ પર એક ભવ્ય પુરાણ પ્રસિદ્ધ ઉત્કંઠેશ્વર ભગવાનનું શિવાલય છે.

શ્રાવણ માસમાં અહીં શ્રીહરીઓમના ઉચ્ચારોથી હવા પવિત્ર બને છે. પુજામાં જતા આવતા ભક્તો–ભુદેવોને જોતાં અને મંદિરમાં પ્રસરતી **રૂગવેદની** રૂચાઓ ભારતની ભવ્ય સંસ્કૃતિનો ખ્યાલ આપે છે. તીખી તેજધાર તલવારો કરતા પણ હરહરમહાદેવની જય ઘોષણાથી ઉછળતી શ્રીહરીઓમ્‌ના પવિત્ર ઉચ્ચારથી સંસ્કૃતિ સજીવ રાખનાર આ દેવપૂજા છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભારતની પવિત્ર સુરમ્ય સરિતાના તટે શીવાલયની શોભા અને તે પણ સંધ્યા સમયે પૂર્ણેન્દુ ખીલેલાં હોય અને ઝાલરના ઝણકાર, અરે આરતીના સુમધુર સૂરો દુદુંભી અને ઘંટારવ સંભળાતાં આર્ય સંસ્કૃતિનાં દર્શન થાય છે.

આ પવિત્રભૂમિ પર કાસ્યપગંગા ( વેત્રવતી ) તેની નાની બેન ઝાંઝરીની આંગળી પકડી આનંદથી ખેલતી નાચતી આગળ વધે છે. પૂર્ણિમાના દિવસે બન્ને બહેનોના સંગમ સ્થાને નૈસર્ગિક શક્તિના દર્શન થાય છે. વાત્રક અને ઝાંઝરી એ હાલનાં નામ છે. વાત્રક અને ઝાંઝરીનાં મૂળ નામ વેત્રવતી અને ઝાન્હવી છે. આ ભાવના વાંચ્છુ વેત્રવતીએ મહામુની જાબાલીને આકર્ષ્યા અને **ઉપનિષધો** લખાયાં. આ અરણ્ય અને સરિતા તટ માહામુનીનું નિવાસ સ્થાન બન્યું.

જંગલમાં મંગલ કરનાર શ્રીઉત્કંઠેશ્વર ભગવાનનું દેવળ ૧૦૮ પગથિયાંવાળું ચુનાના મોટા પરથાળ પર બાંધેલ છે. પગથિયાં ચઢતાં જમણી બાજુ એક ગોખ છે. જેમાં શ્રી-જગદંબાનું સ્થાન છે. અહીં કપડવણજ તેમજ આજુબાજુના ગામલોકો પોતાના બાળકોની બાધાઓ ઉતરાવે છે.

શ્રીઉત્કંઠેશ્વરનું પ્રવેશદ્વારા પૂર્વ દિશાનું છે. દેવળની ડાબી બાજુએ આશરે ૧૫ હાથ ઉંચે એક નાનો ગોખ છે. જેમાં શ્રીજાબાલીની પ્રતિમા છે. શ્રીમહામુની જાબાલી કાશીથી આ લીંગ લાવેલા એમ મનાય છે.

જાબાલીની ઉત્કંઠાથી સ્વયં દર્શન પ્રગટ થવાથી ઉત્કંઠેશ્વર કહેવાય છે.

પાપનિવારણાર્થે દર વ્યતિપાતના દિવસે ઘણા ભાવિકો અહીં આવી ભોજનવિધિ કરે છે અને દર વર્ષે શ્રાવણ વદી ૧૦ થી ભાદ્રપદ સુદ ૨ સુધી અહીં ભંડારા પણ ચાલે છે.

દર વર્ષે મહા વદી ૧૪ મહાશિવરાત્રીનો પવિત્ર દિવસ એટલે ભવ્ય મેળો. જ્યાં માનવીઓના સમૂહનું શ્રેષ્ઠ યાત્રાધામ દેખાય છે.

બાર વર્ષે જ્યારે સિંહસ્થનું વર્ષ આવે છે, ત્યારે તો બે લાખ ઉપરાંત યાત્રાળુઓનો સમુદાય જણાય છે. ભાવિકો માને છે કે તે દિવસે કાશીથી જરીયન ધ્વજા આવીને (આકાશ માર્ગે) તે શિખર પર ચમત્કારીક રીતે ચઢે છે. (આ કથારૂપ કહેવાય છે.) શ્રી-ઉત્કંઠેશ્વર ભગવાનની જળાધારની વચ્ચે બે હાથ ઊંડો કૂવો છે. જેમાં ગાયની ખરી જેવો લીંગનો આકાર છે.

દેવળની પડોશમાં ઘણા ભાવિક શ્રીમંતોએ ઓરડીઓ બંધાવી છે. દેવળનો ચોક વડોદરાના પ્રખ્યાત શેઠશ્રીલલ્લુભાઈ બાદરભાઈએ બંધાવ્યો છે અને દેવળનો જીર્ણોદ્ધાર અમદાવાદના શેઠે કરાવ્યો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બિમારો માટે આ પંચગીની કે સીમલા સમાન છે. આ રમણીય સ્થાન. ઝાંઝરીની પડોશમાં સામાન્ય રીતે હિંસક પ્રાણીઓનો ડર હતો, હવે મનુષ્યના વસવાટ અને વધુ અવરજવરના પરિણામે કોઈ પ્રકારનો ડર નથી. છતાં કદીક ઝાંઝરી તરફ હિંસક પ્રાણી ફરતું મળી આવે છે.

શ્રીઉત્કંઠેશ્વર મહાદેવની આજુબાજુની રાજકીય **વ્યવસ્થા :** પહેલાં ગાયકવાડી અમલદારો (આતરસુંબામાં) કરતા હતા. મેળાઓ વખતે કેટલાક અસામાજીક તત્ત્વો અહીં જુગારના અડ્ડા જમાવે છે. આ દેવળમાં શ્રીગણપતીજી, શ્રીહનુમાનજી તથા શ્રીબળીયા કાકાનાં ધામ છે.

## નોંધો :

**વેત્રવતી:** વેત્રવતી. વાત્રક વૃત્રઘ્ની ઉર્ફે કાશ્યપગંગા જે **માર્કણ્ડેય પુરાણ** પ્રમાણે પારિત્રાય નામના પહાડમાંથી નીકળે છે. **પદ્મપુરાણ** પ્રમાણે કાશ્યપઋષિની લાવેલ ગંગાના જુદા જુદા ફાંટાઓમાંનો આ એક ફાંટો છે. સાભમતી (સાબરમતી) હાથમતી, વેત્રવતી આદિ ગુજરાતની પૂર્વોતરમાં વહેતી નદીઓએ કાશ્યપે લાવેલી ગંગાના ફાંટા કહેવાય છે. (**પદ્મ-પુરાણ** અ.૩ **માર્કણ્ડેય પુરાણ** અ.૫૪ ગુજરાતી ભાષાંતર)

ડુંગરપુરના દક્ષિણ તરફના ડુંગરોમાંથી નીકળી મહીકાંઠાની નૈઋત્ય કોણમાં મેઘરજ માલપુર અને માંડવા આગળ થઇને ખેડા જઈને વૌઠાની પાસે સાબરમતીને મળે છે.

**શ્રીઉત્કંઠેશ્વર** : લીંગનો દેખાવ ઊંટના પગના તળીયા જેવો હોવાથી તે ઉંટડીયા ભગવાનના નામે કેટલાક માને છે. ગણેશું પણ કહે છે.

શ્રીમહામુનિ જાબાલીને વેત્રવતીના વેગીલા નીરનું નિમંત્રણ મળ્યું. આ ભૂમિ શ્રી-ઓમ્કારના ઉચ્ચારોથી વિશુદ્ધ બની, વેત્રવતીની વિશાળ અને વિમળ તટ અભંગ વનરાજી અને હિંસક વનમાં અહિંસાનો આદેશ દેતાં મહામુનિએ મંત્રીની આરાધના આદરી, ઉપનિષદો રચ્યાં. અરણ્યમાં મહાતપ આદર્યાં. ધાન્યકણ ખાવામાં મહામુનિને હિંસા જણાઈ.

પૌરાણિક કથા કહે છે કે–કાયાને નિભાવવા ગજરાજની કાયામાંથી નિર્વાહ પુરતું માંસ લેવા માંડ્યું. (કહેવાય છે) પોતાની જીંદગી લંબાય અને ગજરાજ મરે નહીં એ રીતે જીવનક્રમ શરૂ કર્યો.

એક સમયે ગોદાવરી તટના ઋષિઓ હિમાચળને ચરણે જતાં બ્રહ્મમુનિશ્રી જાબાલીના અતિથિ બન્યા. ઋષિઓને જાણ થઈ કે મહામુનિ માંસાહારી છે, તેમના આતિથ્યનો ખુલ્લી રીતે અનાદર કરવાની અશકિત હોઈ નવો માર્ગ કાઢયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઋષિઓએ ભોજન સમયે જણાવ્યું કે અમો એક પહોરે તૈયાર થયેલું ધાન્ય જમીએ છીએ. ત્રિકાળજ્ઞાની મહામુનિ જાબાલીએ ઋષિઓની મનોભાવના જાણી, ધાન્ય ઉગાડ્યું, મહામુનિને મન કોઇ વિકટ સમસ્યા ન હતી. જટા પછાડી જાન્હવીને જન્મ આપ્યો, (આજની ઝાંઝરી) જાન્હવીના જળ ફરી વળ્યાં. માટીના થર પર ધાન્ય ઉગી નીકળ્યું. ઋષિઓ મુંઝાયા. બીજું બહાનું શોધી કાઢ્યું. ઋષિઓએ જણાવ્યું કે શ્રીકાશી વિશ્વનાથના દર્શન કર્યા વિના અમો અન્ન ગ્રહણ નહીં કરીએ. શ્રીજાબાલીએ ધ્યાન ધર્યું. ધરતીના પેટાળમાંથી શ્રી-મહાદેવજીનું મસ્તક બહાર આવ્યું. ઋષિઓ સ્તબ્ધ બની ગયા અને મહામુનિના ચરણોમાં આળોટયા.

ઋષિઓની ઉત્કંઠાથી પ્રગટ થયેલા શ્રીમહાદેવ ઉત્કંઠેશ્વર કહેવાયા. ગામડાની જનતા તેમને ઉંટીયા મહાદેવ તરીકે ઓળખે છે.

આજે પણ શ્રીઉત્કંઠેશ્વરમાં મહાદેવનો મસ્તક ભાગ, શ્રી કાશી વિશ્વનાથમાં કટીભાગ અને શ્રી પશુપતિનાથમાં ચરણ ભાગ હોવાનું મનાય છે. શ્રી ઉત્કંઠેશ્વરની યાત્રા કર્યા વિના કાશી વિશ્વનાથની યાત્રા અપૂર્ણ ગણાય છે. કાશી યાત્રા કરી ત્રિવેણી સંગમમાંથી લાવેલા ગંગાજળ શ્રીઉત્કંઠેશ્વરને ચઢાવ્યા પછી જ ગંગાજળનો ઉપયોગ કરવામાં આવે છે.

આજે પણ હરદ્વારના કુંભમેળા સમયે ગંગાસ્નાન કરનાર યાત્રાળુઓ "જય ઉત્કંઠેશ્વર" નો ધ્વનિ કરે જ છે.

કેટલાક કહે છે કે મહામુનિ જાબાલી આ લિંગ કાશીથી લાવેલા, અને અહીં સ્થાપના કરી. તેમણે અહીં નિવાસ કરેલો.

મહામુનિ જાબાલીની પ્રતિમા કપડવણજના વતની સ્વ. ઝવેરલાલે કરાવેલી. જેમણે સન્યાસ લીધેલો, તેમનું સમાધિ સ્થાન વરાંસી રણછોડજીના મંદિર પાછળ આમલીઓ આગળ છે.

પ્રતિમાનું આદિસ્થાપન કપડવણજના વયોવૃદ્ધ વિદ્વાન પુરાણી વૈદ્ય અમૃતલાલ ગીરધારીલાલના શુભ હસ્તે થયેલ છે.

શ્રીઉત્કંઠેશ્વર ભગવાનને ચઢાવેલ જળ કે ફૂલ કયાં જાય છે તે તપાસતાં જડતું નથી. કહેવાય છે કે તે જળ કાશીમાં મણીકર્ણીકાના ઘાટ પાસે નીકળે છે.

આ તપાસમાં ત્યાં પાસે નદી પર પોલીસ (પહેરેગીરો) ગોઠવીને આંબલીયારા (ભાથીજીના આંબલીયારા) સ્ટેટના સ્વ. રાજની જાલમસીંહ ઠાકોર સાહેબ તેમના રાજવૈદ્ય દોલતરામ વલ્લવરામ (લેખકના પૂ. પિતાશ્રી) તેમજ ડેસાઇના વતની સ્વ. શ્રીગણપતરામ નથુરામ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહેતા વિગેરેની હાજરીમાં ભગવાનને દૂધથી પક્ષાલન કરવામાં આવેલ, પણ વાત્રકના જળ પ્રવાહમાં કોઈ સ્થળે દૂધનો પ્રવાહ દેખાયેલ નહીં (લેખકના પિતાશ્રીએ કહેલી વાત) પ્રાચીન યુગની આ અકલકથા છે.

શ્રીઉત્કંઠેશ્વરમાં ભાવિકોની-યાત્રાળુઓની સગવડ ખાતર હાલના ગાદીપતિશ્રી પૂ.-મહંત શ્રીરામકુંવરગીરી નર્મદાગીરે આ સ્થળેથી ધૂણી ધખાવી ઘણો વિકાસ કર્યો હતો.

શ્રીઉત્કંઠેશ્વરના દેવળની સામે શ્રીજગદંબા અંબાજીનું સ્થાનક છે. તથા ડાબી બાજુ તરફ પૂ. મહંતજીનું ગાદીનું સ્થાનક છે, તેની સાથેજ અન્નપુર્ણા માતાનું દેવળ છે.

ખેડા જિલ્લા પંચાયત તરફથી એક સારી સગવડતાવાળુ વિશ્રાંતિગૃહ બાંધવામાં આવેલ છે. સાથે બાથરૂમ તથા પાણીની વ્યવસ્થા કરવામાં મહંતશ્રીનો અમૂલ્ય ફાળો છે.

૧. પાણીની ટાંકી સ્વ. મીસ્રી અમથારામ અમીચંદના સ્માર્થે તેમના સુપુત્ર લક્ષ્મી-ચંદ અમથારામ તથા શ્રીગુળચંદભાઈ અમથારામે બંધાવી છે. (અસારવા, અમદાવાદ)

૨. પાણીની પરબવાળી રૂમ શેઠશ્રી મફતલાલ ગગલભાઈના ચી. શેઠ નવીનચંદ્રભાઈ તરફથી બંધાવેલ છે.

૩. શ્રીધનજીભાઈના પુણ્યાર્થે તેમના પિતાશ્રી નગીનદાસ હરજીવનદાસ રહેવાસી અમદાવાદ સરસપુર, સાળવીવાડ તેમણે પરબડી બંધાવી સં. ૧૯૮૫ જેઠ સુદ ૨ રવિવાર

૪. પૂ. મંહતશ્રીની ગાદી કે જ્યાં અખંડ ધૂણી ચાલુ છે તે બેઠક શ્રીમંગળદાસ જમનાદાસ પટેલે બંધાવી આપેલ છે. (નાની સાળવીવાડ, સરદારપુલ, અમદાવાદ)

૫. ગાદીની પાસેની બે જમણી બાજુની ઓરડીઓ ગામ કઠલાલ સમસ્તની છે.

૬. ગાદીની પાસેની ઓરડીઓ દલવાડી શ્રી અમરનાથ માણેકલાલ જેઠાલાલ તરફથી બંધાવી આપેલ છે. સંવત ૨૦૧૯

૭. સવાસો ગોળના પટેલ ભાઈઓ તરફથી ઓરડી બાંધવામાં આવી સંવત ૨૦૧૪. જ્યારે તેની ઉપરની એક ઓરડી શ્રીસોમાભાઈ હરીભાઈ પટેલ નરસિંહપુરવાળાએ બંધાવી છે.

૮. અમદાવાદના અમરાઈવાડીના શ્રીમાન પટેલ શીવાભાઈ ગણેશભાઈ તથા શ્રી-છોટાલાલ ગણેશભાઈ તરફથી રૂમ બંધાવી આપી. સં ૨૦૧૨ માં ગાદીને અર્પણ કરી.

૯. અમદાવાદ અમરાઈવાડીના શ્રીસોમાભાઈ પરસોતમદાસ તથા જૂના વાડજના પટેલ રણછોડભાઈ ત્રીભોવનદાસ તરફથી સં ૨૦૨૩ માં રકમ ભેટ આપી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧. ગાદીની બેઠકના ઉપરના માળે : અમદાવાદ નાની સાળવીવાડના પટેલ બ્રિજલાલ ત્રીકમલાલના સ્મણાર્થે પટેલ મુલચંદભાઈ ત્રિકમલાલે એક રૂમ સ. ૨૦૧૪ માં બંધાવી આપેલ છે.

૨. સં. ૨૦૧૪ માં પટેલ મુલચંદભાઈ કુબેરદાસ (સરસપુર અમદાવાદ)ના સ્મરણાર્થે તેમના પત્ની વીજીબહેને રૂમ બંધાવી આપેલ છે.

૩. સ્વ. છગનભાઈ ગોરધનભાઈ તથા પટેલ જોઇતાભાઈ જીવાભાઈ તોરણાવાળા તરફથી સંવત ૨૦૧૫ માં રૂમ બંધાવી.

૪. ડેમાઈના પટેલ નારણભાઈ શામળભાઇએ રૂમ બંધાવી, સદગૃહસ્થોને ઉતરવા માટે અર્પણ કરી.

૫. ગામ બાવળાના ચીનુભાઈ સાંકળચંદ શેર દલાલ, ઢાલની પોળ અમદાવાદવાળાએ બાઈ ગંગાના સ્મરણાર્થે રૂમ બંધાવી.

## ગૌરવ પાંચમું

# ધર્મશાળાઓ ઉપાશ્રય વગેરે

### ઉપાશ્રય

**શેઠ મીઠાભાઈ ગુલાલચંદ સંવેગી ઉપાશ્રય :** શ્રાવકોનો ઉપાશ્રય કપડવણજના નગરશેઠના કુટુંબના ઉદાર ચરિત્ર દાનેશ્વર શેઠ શ્રીમીઠાભાઈ ગુલાલચંદના સુપુત્ર કરમચંદનાં સુપત્નીઓએ વડીલના નામે પોતાની મિલ્કતમાંથી ધર્માદા વિ. કરતાં પોતાનુ રહેવાનું મકાન જૈન સંઘના ચરણે ધરી સંઘના ધર્મકાર્યો માટે અર્પણ કરેલ. સંવેગી સાધુઓના અહીં ચાતુર્માસ થાય છે. શ્રાવકો પણ આરાધનાનાં કાર્યો કરે છે. તેઓના નામનો આ ઉપાશ્રયમાં છે. આ ખડકીનું નામ 'મીઠાભાઈ શેઠની' ખડકી છે. **(જુઓ ચિત્ર નં. ૪૨)**

**શેઠ વ્રજલાલ હરીભાઈ શ્રાવિકા ઉપાશ્રય :** આ ઉપાશ્રય જાટના ઉપાશ્રયના ઉપનામથી પણ બોલાય છે (શ્રાવિકાઓનો ઉપાશ્રય). શ્રીચૌમુખજીના દેરાસર પાસે દલાલવાડાના નાકે આવેલ શેઠ શ્રીવ્રજલાલ હરિભાઈના નામનો શ્રાવિકાનો ઉપાશ્રય છે. જેનો જીર્ણોદ્ધાર શેઠ શ્રીમીઠાભાઈ કલ્યાણચંદની પેઢી તરફથી વિ. સં. ૨૦૧૮ માં બે લાખના ખર્ચે કરવામાં આવેલ છે. સાધ્વીજીઓનો મુકામ (ચાતુર્માસ) અહીં હોય છે. **(જુઓ ચિત્ર નં. ૪૩)**

**પંચનો ઉપાશ્રય (શ્રાવકોનો) :** હોળી ચકલે શ્રીશાંતીનાથ પ્રભુના જિનાલય પાસે (ઢાકવાડીમાં) આ ઉપાશ્રય છે. જ્યાં પૂ. સાધુ ભગવંતો ચાતુર્માસ રહે છે. આ ઉપાશ્રય પુરાણો છે. લગભગ ૧૮મી સદીમાં આ સ્થળે પૂ. ઉપાધ્યય **શ્રીસકલચંદજી મહારાજ** કાર્યોત્સર્ગ ધ્યાનમાં ઊભા હતા. પાછળ આવેલ પ્રજાપતિનાં ગધેડાં **ન ભૂકે** ત્યાં સુધી



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉભા રહેવાનો અભિગ્રહ કરેલ. સંજોગવસાત્ ગધેડાં લઈને પ્રજાપતિ બહાર ગયેલ. પ્રાતઃકાળે નિયત સમયે ગધેડાં ભૂકયાં નહિ અને પછી બે ત્રણ કલાકે આવ્યાં. બાદ મોડાં ભૂકયાં. પૂ. ઉપાધ્યાય મહારાજનો કયોત્સર્ગ લંબાયો. આ સમયમાં તેઓશ્રીએ સત્તર ભેદી પુજાની રચના કરેલી. (પ્રભુના ગુણગાનની જે રચનાઓ થાય છે તેનો એક પ્રકાર). વર્તમાનમાં તેનો જીર્ણોદ્ધાર કરીને સુંદર બનાવ્યો છે. **(જુઓ ચિત્ર નં. ૪૪)**

**શ્રાવિકાનો ઉપાશ્રય** : ઢાકવાડીમાં શ્રીશાંતીનાથ પ્રભુના જિનાલયના અન્તર્ગત શ્રીમાણેક શેઠાણીનાં શ્રીઋષભદેવ ભગવાનના દેરાસર નજીક શ્રાવિકાનો ઉપાશ્રય છે (દેરાસરને લાગીને). **(જુઓ ચિત્ર નં. ૪૫)**

**લહુડી પોસાળનો ઉપાશ્રય** : શ્રીચૌમુખજીના દેરાસર પાસે અને શ્રાવિકાઓના ઉપાશ્રયની પાછળ આ (લહુડી પોસાળનો) ઉપાશ્રય છે. જ્યાં લગભગ સંવત ૧૯૩૩-૩૪ ઇ. સ. ૧૮૭૭-૭૮ લગભગમાં એક સૈકાના સમયે એક મહાન ત્યાગી, તપસ્વી, મંત્ર તંત્રના મહાન ઉપાસક, યતિજી પરમ પુજ્ય શ્રીરામવિજયજી મહારાજ સાહેબનો ત્યાં વસવાટ હતો. મારા પુજ્ય પિતાશ્રીએ આયુર્વેદશાસ્ત્ર અને સાથે સાથે જ્યોતિષ્ જ્ઞાનનો અભ્યાસ તેમની પાસે કરેલો. તે દાતા સદ્ગુરુ અને સફળ આશીર્વાદ આપનાર સિદ્ધ પુરુષ હતા. તેમની સિદ્ધિઓનો ઉપયોગ સંકટ સમયે ભાવિક પુણ્યાત્માઓની મુશ્કેલીઓ દુર કરી નિર્મળ માર્ગે વાળવાનો હતો. પોતાની શકિતથી કંચનથી દુર હોવા છતાં કંચન વરસાવી શકવાની શક્તિમાન સિદ્ધયતિ હતા. પૈસાનો વહીવટ ઉપયોગ અન્ય વ્યક્તિઓના સત્કાર્યે અગર જીર્ણોદ્ધારમાં કરતા. બીજી ચીજો લાવતા ત્યારે વેપારીને પોતાના આસન નીચેથી જરુરી નાણું લઈ લેવાની સુચના આપતા, ત્યારે માલની જ કિંમત નીકળતી. સવારે તેમનું આસન સાફ સફાઇ કરી પાથરનારને નાણું મળતું નહિં, પણ યતિશ્રી આસન પર બેસે ત્યારે જેને જે કંઈ જોઈએ તેટલું જ તે આસન ઊંચું કરવાથી મળતું. આવી અનેક શકિતઓ અને સિદ્ધિઓની વાતોનાં સ્મરણો મળે છે. **(જુઓ ચિત્ર નં. ૪૬)**

આસનસિદ્ધ યૌગિક શકિત વિરલવિભુતીઓમાં જ હોય છે. મારા પિતાશ્રીને આપેલા આશીર્વાદના ફળ મરણની અંતિમ ઘટી સુધી મેં જોયાં છે, જાણ્યાં છે.

**ભંડારો, પાંજરાપોળ, ધર્મશાળાઓ** : આપણા ગામના વીશા નીમા વણિક સમાજના દાનવીર શેઠીયાઓ, કે જેમના નામે આપણું વતન ધાર્મિક સામાજિક ક્ષેત્રે ઘણું જ પ્રગતિ કરી રહેલ છે. આ ગામના નગરશેઠ પણ જૈન કોમના જ. વ્હોરા બિરાદરો કે અન્ય કોમના દાન પ્રવાહ કરતાં આ કોમનો દાન પ્રવાહ જુદો હતો. તેમાંયે નગરશેઠના કુટુંબને કપડવણજની ધરતી કદી જ ભૂલી શકે તેમ નથી. નગરશેઠની શેઠાઇ ધર્મ તથા ગામના નાગરિકો તરફની તેઓની ભાવના એ એક આ ગામ માટે જરૂર આશીર્વાદ રૂપ હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પાંજરાપોળ

આપણે આપણા સમાજ કે મનુષ્ય માટે પ્રયત્નો કરીએ છીએ, પણ મુંગા પ્રાણીઓના રક્ષણ માટે કેટલાક ધર્મવીર દાનેશ્વરીએ પોતાનો દાનનો પ્રવાહ ચાલુ રાખેલ છે. આપણા ગામમાં શેઠ શ્રીમીઠાભાઇ ગુલાલચંદે, અંતિસરીયા દરવાજે જતાં કસ્બાના સામે કસ્બાની મસ્જીદની પાસે એક મોટી પાંજરાપોળ મોટા ક્ષેત્રફળથી બંધાવેલી હાલમાં છે. તે મોટી ક્ષેત્રફળવાળી જમીન પર છે. પરંતુ સમય જતાં તેને ગામની બાજુમાં વિશાળ ભાગમાં સ. ૨૦૧૧ માં નવી બાંધવામાં આવી. આજના કુશાગ્ર બુદ્ધિવાળા વહીવટદારો તથા ગામના દાનેશ્વરીમાંના સ્વ. શ્રીચીમનલાલ ડાહ્યાભાઈ તથા સ્વ. વાડીલાલ ઝંવરભાઇના પ્રયાસોથી શ્રીબેનજીબુ પ્રસુતિગૃહની પાસેની વિશાભ જમીન ખરીદી. વળી શ્રીચીમનભાઇએ મફતના ભાવે લોખંડ આપી નવેસરથી આ પાંજરાપોળને ઊભી કરાવી. તેનો વહીવટ વર્તમાનમાં જયંતિલાલ વાડીલાલ પરીખ વિગેરે ટ્રસ્ટીઓ કરે છે. **(જુઓ ચિત્ર નં. ૪૭)**

ખોડાં ઢોરની પાંજરાપોળ કેટલી જરૂરી છે, તે કદાચ આજના યુગનાં કેટલાંકેને માલુમ નહીં હોય, પણ આ દેશ જે ખેતી પ્રાધાન્ય છે. અહિંસા પરમો ધર્મવાળો દેશ છે. જેને સદા પશુપાલનની જરુર છે. તે દેશને વૃદ્ધ અને અપંગ ઢોરોને, ઘરડાં માબાપને સાચવવાની પવિત્ર ફરજ જેટલી જ આ પણ એક પવિત્ર માનવતા ભરી ફરજ છે. આવી આ શેઠ મીઠાભાઈ ગુલાલચંદ ખાંડા ઢોર પાંજરા પોળ છે.

## ધર્મશાળા ઓ :—

આંપણા ગામમાં ધર્મશાળાઓ છે. તથા અતિથિ યતીમખાનાં છે, મુસાફરખાનાં કહો તે પણ છે, આમ જનતાના હિત માટેની ધર્મશાળા કહેવાય. તેવી એકાદ બે વહોરા બિરાદરોની પોતાની કોમ માટેની પણ છે. જૈન કોમે પણ પોતાની અલગ વ્યવસ્થા કરેલ છે. અન્ય કોમોએ પણ પોતાની ધર્મશાળા કહેવાય તેવી વાડીઓ બાંધેલ છે. જેનો ઉપયોગ કોઈક વખત તેમની જ્ઞાતિના સારા મીઠા પ્રસંગે ભોજન આદિ વિધિ માટે થાય છે.

**શ્રીમાણેકબાઇ શેઠાણીની ધર્મશાળાં** :—(જુઓ ચિત્ર નં. ૪૮) કપડવણજના પૂર્વ દરવાજે (અંતિસરીયા દરવાજા બહાર) ડાબી બાજુ કશનપુરા જવાના રસ્તા પર એક મોટી ધર્મશાળા :— નગર શેઠ કુટુંબના શ્રી લલ્લુભાઈ મોતીચંદ શેઠનાં વિધવા પત્ની શ્રીમાણેકબાઈ શેઠાણી. જે બાઈ ઘણાં જ કુશાગ્ર બુદ્ધિનાં ધર્મિષ્ટ શેઠાણી હતા. તેમણે પોતાની તમામ મિલ્લકત જૈન ધર્મ તથા આમ જનતાના જ હિત માટે ખર્ચેલી છે, વિશાળ ક્ષેત્રફળવાળી આ ધર્મશાળામાં ડાબી બાજુ મીઠાપાણીનો કુંવો છે. સાંમે શ્રીજગદંબાનું મંદિર છે. મોટા તોતિંગ દરવાજા વાળી. મોટા ભવ્ય મેડાબંધી બંગલામાં કપડવણજની આસપાસના દરબારો, રાજવી તથા અન્યમહંતો આ મેડાબંધી ધર્મશાળામાં ઉતરતા. તેની

બીજી બાજુ ઉત્તર તથા પૂર્વ તરફ સારા બંગલાઓ જેવા બાંધેલા રૂમો છે, નીચેના ભાગોમાં સારી પ્રજાના પણ મુસાફરો ઉતરતા. આ સ્થળે યાત્રા, સંઘના ઉતારા, ઉપધાન વગેરે ધાર્મિક કાર્યો, તેમજ સામાજિક કાર્યો પણ થાય છે. બહારની બાજુ સામાન્ય સાધુ ફકીરો વગેરે લાંબા સમય સુધી તેનના મુકામો રાખતા હતા. અત્યારે તેના વહીવટદારો તેનો આર્થિક દૃષ્ટિએ વિકાસ કરી રહ્યા છે. આ ધર્મશાળાની પાછળના વિશાળ ચોગાનમાં ભગવાન શ્રી-નેમનાથજીનું દેરાસર પણ તેમણેજ બંધાયેલ છે. આ પવિત્ર ધર્મિષ્ટ શેઠાણી જે જે સ્થળે જતાં ત્યાં જો તેમને કોઈપણ પ્રકારની તકલીફ દેખાતી તો તે તરતજ દુર કરતાં. તેમણે કેટલાક સ્થળે ધર્મશાળાઓ બંધાવેલ તેમ કહેવાય છે.

**શેઠ મીઠાલાલ ગુલાલચંદની ધર્મશાળા** : કપડવણજના અનેક સપુતોમાં જેમને ભુલાય તેમ નથી તેવા, કેટલાક હિંદુ–વહોરા વગેરે અનેક દાનવીરો છે. જેમાંના શ્રીશેઠ (નગરશેઠ કુટુંબના) મીઠાભાઈ ગુલાલચંદ. તેમના નામની ધર્મશાળા છે: આ સમયમાં વેપાર માટે ડાકોર, નડીયાદ બાજુના નાના મોટા સામાન્ય કોટિના વેપારીઓને ઉતરવાની, તથા અન્ય આ બાજુ આવનાર ગરીબો માટે એક સારી એવી ધર્મશાળાની જરૂરીયાત દેખાઈ અને તરતજ સરખલીયા દરવાજા બહાર રત્નાગિરિ માતા તરફ જવાના રસ્તા તરફના ચાર રસ્તા પર, જમણી બાજુ એ ધર્મશાળા કરાવેલી અત્યારે મોજુદ છે. મરાઠા યુગમાં કપડવણજના કિલ્લા બહાર ખાઈઓ ખોદતાં શ્રીબજરંગબલિની એક મોટી ૭ ફુટની પ્રતિમા નીકળેલ, તે હનુમાનજીની મૂર્તિ આ ધર્મશાળામાં પધરાવેલી છે. ગામના મોટા ભાગના હિંદુ ભાઈ બહેનો આસો વદ ૧૪ ના (કાળી ચૌદસના) રોજ દર્શનાર્થે જાય છે. આજે કેટલાક તેને હનુમાનવાળી ધર્મશાળા પણ કહે છે. આ ધર્મશાળાનું ક્ષેત્રફળ ૧૦૨૯૬/૧૦૨૯૦ ચો.ફુટ છે.

**દાફવાડીમાં જૈન ધર્મશાળા**: શ્રીશાંતીનાથજીનું એક બાજુ દેરાસર અને એક બાજુના ઉપાશ્રયની અડોઅડ પંચના લાભ માટે શ્રીમાણેકબાઈ શેઠાણીએ ધર્મશાળા બાંધેલી. જે આજે જૈન સમાજના સારા એવા જમણવાર આદિ પ્રસંગે તેનો ઉપયોગ કરે છે. (આ ધર્મશાળામાં ૫૬ નીયા દુષ્કાળ વખવે શ્રી વાડીલાલ લીંબાભાઈ ગાંધી તરફથી ગરીબોને ખીચડી રાંધીને, તેમજ કોરું અનાજ પણ આવેલ.) હાલમાં આ ધર્મશાળા નવેસર બનાવી છે જે આગળ કહેવાશે. આ ધર્મશાળામાં યુવકો દીવાળીના તહેવારમાં પાવાપુરીની રચના કરતા હતા. જનતા જોવા જતી હતી.

**શ્રીખડાયતાની ધર્મશાળા :** શ્રીભદ્રકાળી માતાજીના નાનકડા દેવળથી કડીયાવાડ તરફ જતાં, માળીના મકાનો પાસે ડાબા હાથે સારી એવી વાડી શાહ ઓચ્છવલાલ છગનલાલ ચોકસી તથા શાહ મનસુખલાલ ચોકસી તરફથી તથા અન્યોના સહકારી સાથથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિશાખંડાયતા પંચની વાડી સંવત ૨૦૩૩ માં તૈયાર થઈ છે. તેમના પંચના ઉપયોગમાં લેવાય છે.

**શ્રીપોરવાડની ધર્મશાળા** : સંવત ૧૯૨૩ જેઠ વદ ૧૦ ગુરૂવાર તા ૨૮–૬ ૧૮૬૭ ના રોજ કપડવણજના રહેવાસી રાજારામ ખુશાલદાસના વિધવા પત્નિ શ્રીઅચરતબહેને શેઠવાડાની પાડોશમાં પોતે કરેલી ધર્મશાળા પંચસમસ્તને દસ્તાવેજ કરીને અર્પણ કરેલ છે. (તેમના દસ્તાવેજના આધારે)

**શ્રીનાગરબ્રાહ્મણની ધર્મશાળા :**

**સુથારની ધર્મશાળા :**

**શ્રીમાળીની ધર્મશાળા :**

**રેલ્વે સ્ટેશન પર ધર્મશાળા :**

સવંત ૧૯૭૧ માં પરીખ વલ્લભદાસ શામળદાસ તથા વિશા મુળજીભાઈ કેશવલાલ તથા ઓચ્છવલાલ મગનલાલ પરીખ, કેવળદાસ હરજીવનદાસ તરફથી આ ધર્મશાળા બંધાવામાં આવી. જેમાં બહારની બાજુએ સાત જેટલી રૂમો આવેલી છે. અહીંયાં એક કૂવો છે. ત્યાં શ્રીમણીલાલ સાંકળચંદ બરફીવાલાની યાદમાં શ્રીમતી કમળાબેન મણીલાલે પાણીની ટાંકી સ. ૨૦૩૪ ચૈત્ર સુદ ૧ ના રોજ અર્પણ કરી છે. આ ધર્મશાળાનો વહીવટ ગોકુલેશ મંદિરના હાથમાં છે.

**મોઢબ્રાહ્મણની ધર્મશાળા :** ગામના એક સારા એવા સપુત શ્રીભુદરભાઇ ધનેશ્વર ત્રિવેદી, તેમના સમયમા એક પ્રતિષ્ઠિત વિદ્વાન વ્યકિત હતા. રાજવીઓના સલાહકાર હતા. કહેવાય છે કે તેમનો આમાં મહત્વનો ફાળો હતો. લાંબી શેરીના રસ્તે બત્રીસ કોઠાની વાવ તરફ જતાં પટેલવાડાના પ્રવેશદ્વાર સામે શ્રીરામજી મંદીરની પાસે, ઉંચા પરથાળ પર બાંધેલ મેડાબંધી સારી એવી ધર્મશાળા છે. મોઢ બ્રાહ્મણ સમાજ સારા માઠા પ્રસંગે જમણવાર કરે છે. તથા ગામના કેટલાંક ઉત્સવો, પ્રદર્શનો, વ્યાખ્યાનો વગેરે પ્રસંગો યોજાય છે. તેમાં સારો કુવો છે. પહેલાં આ ધર્મશાળાના મેડા પર સંસ્કૃત શિક્ષણ માટેના વર્ગો પણ ચાલતા હતા.

**ટોજનાથ મહાદેવની ધર્મશાળા :** આ ધર્મશાળા જ્યારે ઔદુમ્બર (શ્રૌત્રીય) જ્ઞાતિના ધર્મિષ્ટ શ્રીરેડા ભગતના વારસદાર શ્રીઆશારામે દેવળ બંધાવ્યું ત્યારે બંધાવેલ. સંવત ૧૯૪૯ માં વાવ પાસેનું મકાન તેમણે બાંધેલું. મંદિરમાં પ્રવેશ કરતાં જમણી બાજુનો ભાગ તેમના સગા ભત્રીજા ભાઇ શ્રીનરભેરામ પરસોત્તમદાસે તથા ડાબી બાજુનો ભાગ જૈન જ્ઞાતિના ધર્મિષ્ટ મહેતા કાળીદાસ જીવણદાસે બંધેલ. આ ધર્મશાળાનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્ષેત્રફળ ૨૦૬૨૮/૨૦૬૦૦ ચો. ફુટ.

**નીલકંઠ મહાદેવવાળી ધર્મશાળા :**

**સરકારી મુસાફરી બંગલો** : ગામની પશ્ચિમ તરફ નદી દરવાજાની બહાર સામે જ સુંદર મકાનો (ક્વાટર્સ), પાણી, વિશાળ જમીનવાળો મુસાફરી બંગલો છે. સરકારી અમલદારો જ આ સ્થળે પોતાનો મુકામ રાખે છે.

**મુસ્લીમ મુસાફરો માટે** : કોઈ ખાસ પ્રબંધ નથી, છતાં તેમના કેટલાક સ્થળોએ તેઓ ઉતરે છે. વળી કેટલાક ફકીરો જેવા મુસાફરો જ્યાં ફકીરનો (તકીયો) હોય છે ત્યાં મુકામ કરે છે.

**વહોરા બિરાદરોનું યતીમખાન**

**કચ્છી કડવા પાટીદાર વાડી** : કપડવણજ શહેરને પાણી પુરુ પાડનાર ટાંકીઓની પડોશમાં સુંદર વ્યવસ્થાઓ સાથેની એક સુંદર વાડી કચ્છી ભાઈઓએ બંધાવી છે.

**શ્રીપથીકાશ્રમ** : હમણાં જ કાપડ બજારની શુરૂઆતમાં એક પથિકાશ્રમ બાંધવામાં આવેલ છે. તે ફકત **જૈન** ભાઈઓ (મુસાફરો) માટે જ છે.

## અમરધામો

**હિન્દુઓ** : આર્યો સંગમ સ્થાનોને પવિત્ર માનતા આવેલ છે. લોકમાતા (નદીઓ) હંમેશાં પવિત્ર છે. કપડવણજના સંગમ સ્થાને પૂલની પૂર્વ દિશાએ હિન્દુઓનાં શબ બાળવામાં આવે છે. શબની રાખ–અસ્થિ પણ કેટલાક અહીં જ પધરાવી દે છે. ચોમાસમાં શબને ખુલ્લામાં ચિતા પર સુવાડવાં, તે કરતાં ચિતા બુઝાય નહીં, શબને આંચ આવે નહીં, નદીમાં પુર આવે તો, આવી પડનાર આફતોથી બચવા માટે સામે ટેકરી પર (ઉંચાણ પર એક પતરાનું છાપરું બાંધેલ છે. ત્યાં પાસે એક નાનકડી ધર્મશાળા ફકત ડાઘુઓની રાહત માટે બાંધેલી છે. (બંધાવનાર પુણ્યાત્માનું નામ જાણવામાં આવ્યું નથી.)

આ સ્થળે ત્રણ સમાધિ સ્થનો છે.

**૧. ભુધરભાઈ ધનેશ્વર** : રાજેશ્રી ભુધરભાઈ ધનેશ્વર ચતુર્વેદીનો જન્મ સંવત ૧૯૨૯ ભાદરવા સુદ ૧૧ ને મંગળવાર. સ્મશાનની (ડાઘુઓને બેસવાની) ધર્મશાળા. **(જુઓ ચિત્ર નં. ૪૯)**

**૨. રાજગાંધી** : મોટા રામજી મંદિરના મહંત શ્રીરામદાસજીની સમાધિ છે. વિ.સં. ૨૦૧૮ ના. મા વદ ૧૩ ને ગુરૂવાર.

૩. કબીર સંપ્રદાયના મહંત : **શ્રી**કબીરપંથી મહારાજ જગનદાસ પરસુરામનું સ્થાન. સંવત ૧૯૪૯ ના કારતક વદ ૧૪ ને શનિવાર. **(જુઓ ચિત્ર નં. ૫૦)**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધર્મશાળા પાસે આ મહાપુરૂષની ભસ્મ ગાળવામાં આવતી. અહીં તુલસી કયારો છે. સમાધી સ્થાનમાં એક સંપુર્ણ પ્રશસ્તી (લેખ) કાવ્ય છે. તે વસંતલિકા છંદમાં છે. તેમની શેઠ શાહુકાર અને ગામમાં ચાણાકય જેવી બુદ્ધિ બળે ઘણી જ પ્રતિષ્ઠા હતી. ગાયકવાડીમાં મશાલ છત્રીનું માન હતું. વાડાશિનોર, લુણાવાડા અને સંતરામપુરના રાજ્યો સાથે તેમને સારા સંબધો હતા. ઉત્કંઠેશ્વર, મોઢબ્રાહ્મણની ધર્મશાળા, રઘુનાથજીનું મંદિર, ભુધરભાઇની ધર્મશાળા અને શ્રીસ્વામીનારાયણના મંદિરની પાછળ તેમનો સંપુર્ણ હાથ હતો. તેમની મીઠી યાદ રુપે ભુધરભાઇની ખડકી અને ભુધરભાઇની હવેલીના નામે ઓળખાતું મોટું મકાન તેમની કિર્તિની યાદ આપે છે. **(જુઓ ચિત્ર નં. ૫૧)**

**સંગમ** : પડોશના ખેતરમાં જેનાચાર્યનાં બે સમાધિ સ્થાન છે.

**બાળકો માટે** : બાળકો માટે અગ્નિદાહ દેવાની જગા મહોર નદીના પુલની દક્ષિણ દિશાએ મહાદેવની દેરી છે, ત્યાં એક કૂવા જેવું છે, તે કોઠી પાસે બાળકોને દહન કરવામાં આવે છે.

**વરાંસા પાસે** :— આ નદીના નવાગામ તરફના આસપાસના હિન્દુઓ શબને આ સ્થળે બાળે છે. કેટલાક ગરીબ વર્ગના લોકો શહેરના દરવાજા બહાર આવેલ તલાવોના કિનારા પાસે પણ અગ્નિદાહ દે છે.

**હિન્દુ મિલન મંદિર** : આ નામની એક સંસ્થા જે કપડવણજના ધાર્મિક ઉત્સાહી વર્ગના હાથે ઉપસથિત થએલ છે. તે સંસ્થા તરફથી આ અમરધામના યાત્રીઓ માટે જરુરી તેવાં કપડું (કફન), દોરી, લાકડું વગેરે સામાન ઓછા ખર્ચે અને ગરીબોને મફત પણ આપીને ઘણું જ ઉમદા કાર્ય કરેલ છે. જે ચાલું છે. લાકડાં જેવો સમાન પહેલાં દરેક સગા વહાલાં પોતાની સાથે ઉંચકીને લઇ જતા, તે બદલે હવે સંગમ પાસે આ સંસ્થા દ્વારા પહોંચાડવામાં આવે છે.

## દરગાહો

આ શહેરની આસપાસ કેટલાંક સ્થળોએ દરગાહો માલુમ પડે છે. બાબી વંશના છેલ્લા વારસદારોના સમયની પણ હશે.

સૌરા મણાવદરના બાબી વંશના નવાબ શ્રીકમાલુદ્દીન ખાનનું અવસાન અહીં થયેલ. તેઓ શ્રીવાડાશિનોરના છેલ્લા નવાબ સાહેબના બનેવી થતા હતા. તેમને બે પુત્રો પણ હતા. વાડાશિનોર નવાબ સાહેબનાં બહેન અહીં અવસાન પામેલ. તેઓ બંને જણની કબરો પણ અહીં છે.

(માણાવદરમાં નવાબ સાહેબની સારવારમાં લેખકના મોટાભાઈ રાજવૈદ્ય તરીકે હતા. તેમને સારવાર કરી હતી, તેઓ લકવામાં સપડાયા હતા.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**મકરબો રોજો** : મહાપુરૂષો, સંતો કે ઓલીઆની કબરો પર સમચોરસ ઘુમ્મટદાર ઈમારત બાંધવામાં આવે છે, જેને મકરબો કહે છે. મસ્જીદ કે મકરબો સાથે જ હોય તો તેને રોજો કહે છે.

**ઇદગાહ** : મહોર નદી ઓળંગી પશ્ચિમે વહોરના કબ્રસ્તાન તરફ જતાં ડાબા હાથે એક ઈદગાહ આવે છે. જ્યાં જ્યાં મુસ્લીમ વસ્તી હોય છે, ત્યાં ઈદગાહ બનાવવામાં આવે છે. મક્કા શરીફની દિશા તરફ એક સાદી દિવાલ કરવામાં આવે છે, આ દિવાલ (ઇદગાહ) સામે જ નિમાઝ પઢવામાં આવે છે. આ ઈદગાહ (દિવાલ) વિશાળ મેદાનમાંજ હોય છે. જ્યાં હજારો મુસ્લીમ બિરાદરો સાથે જ નમાઝ પઢી શકે છે. **(જુઓ ચિત્ર નં. ૫૨)**

**વહોરા બિરાદરોનું કબ્રસ્તાન** : કપડવણજમાં વહોરા બિરાદરોનું કબ્રસ્તાન જોવા દરેક લલચાય. તે કબ્રસ્તાનમાં મહાન વ્યકિતઓની છબીઓ વગેરે છે. કબ્રસ્તાનમાં રસ્તા બંધી ગોઠવણી છે. તેમાં આવેલ સુપ્રસિધ્ધ છબીઓ : **(જુઓ ચિત્ર નં. ૫૩, ૫૪, ૫૫)** પ્રવેશતાં ડાબા હાથે—

૧. છત્રી—"સૈયદ અલીબીન સમઉન"ની છે.

૨. છત્રી—આ છત્રીમાં ત્રણ દરગાહ ભેગી છે.

(અ) 'શેખ મોહયુદ્દીન મહંમદઅલી' વફાત તા. ૧૧ મી જુલ હીજરી ૧૯(૦)૯૨

(બ) લેખ નથી.

(ક) મોલ્લાઈમીયાં ફેરઅીન યુસુફ" વફાત તા. ૨૩ મી સફર હીજરી ૧૦૭૨.

૩. છત્રી : જેમાં ત્રણ સાથે દરગાહો છે. શેખ નજમુદ્દીન મુ. ઈબ્રાહીમજી.

૪. છત્રી : (મોટી છત્રી) સૈયદી મોહમદબીન કાજીખાન સાહેબ. આ મોટી છત્રીની પુર્વમાં પરથાળ પર મુલ્લાં સાહેબોની દરગાહો છે.

(૧) મુલ્લા અલીહુસેન (૨) મુલ્લા અબ્દુલ તૈયબ

૫. છત્રી : સૈયદી ખાનજી બીન એહમદ. (આ દરગાહ દૂર પુર્વમાં છે.)

૬. છત્રી : સૈયદી ઈબ્રાહીમ બુરહાનુદ્દીન સાહેબ.

૭. છત્રી : પાંચ દરગાહો છે, જેમાં ત્રણમાં લેખ નથી. બે માં છે. તે—

(૧) શેખ દોસાભાઇ કાસમજી સન ૧૧૩૧

(૨) શેખ મુનીમજી જીવાખાન ખાનજી સને ૧૧૩૧. પાસે જુનો કૂવો છે, તે સમરાવ્યો છે.

૮. છત્રી : ત્રણ દરગાહ ભેગી છે. (લેખ નથી.)

૯. છત્રી : ત્રણ દરગાહ જેમાં મીયાં સાહેબ ઈસુફઅલી મુમનજીની છબી વચ્ચે એક ધાબા બંધી ભવ્ય બેઠક છે અને ઉત્તરમાં સામાન રાખવાની ઓરડી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**મુખ્ય રોજો :** સૈયદી ખોજ બીન મલેક સાહેબનો ભવ્ય રોજો છે. જે શેઠ સુલેમાનજી ઇસુફભાઈ નથુભાઈ તરફથી સંવત ૧૯૬૧ કારતક સુદ ૪ ને શુક્રવારે બંધાવ્યો છે. દૂર જમણી બાજુ ટેકરા પર કેટલીક દરગાહો છે, અને વચ્ચે એક છત્રી છે.

૧૦. છત્રી : જે સૈયદી નરૂદ્દીન બીન ઇદ્રિીસની છે. (વહોરા બિરાદરોનું કબ્રસ્તાન મહોરનો પુલ ઓળંગી ઉત્કંઠેશ્વર વાડી સડકના જમણા હાથે છે.)

**કબ્રસ્તાનો :** અંતિપરીયા દરવાજા બહાર શેઠાણીની ધર્મશાળાની પશ્ચાત શ્રીનેમિનાથજીના મંદિરની પશ્ચાતથી શરૂ થઈ તલાવ સુધીના ક્ષેત્રફળમાં આ કબ્રસ્તાન આવેલ છે. જ્યાં પીરની દરગાહ પણ છે. ત્યાં એક ફકીરનો તકીયો છે. કબ્રસ્તાન કહેવાય છે.

**લુહારોનું કબ્રસ્તાન :** કશનપુરા તરફ જતાં આ કબ્રસ્તાન આવેલ છે.

**મલકોનું કબ્રસ્તાન :** કસ્બામાં વસતા મલકોનું કબ્રસ્તાન આ સ્થળે આવેલ છે. અહીં કાલુ સૈયદની દરગાહ છે.

**કડીયાનું કબ્રસ્તાન :** જૂનું અને નવું હાલમાં નદીના કિનારે છે.

**સીસગરનું કબ્રસ્તાન :** આ કબ્રસ્તાન નદીના કિનારે આવેલ છે. અહીં એક રોજો પણ છે.

**ઘાંચીનું કબ્રસ્તાન**

**સુલતાનપુરનું કબ્રસ્તાન**

**કસાઈઓનું કબ્રસ્તાન**

**હજામોનું કબ્રસ્તાન**

**કાકા માઇનું કબ્રસ્તાન :** કાટડીયા આરા સામે આવેલ છે.

**મીરઝાનું કબ્રસ્તાન :** મુસાફર બંગલાની પાછળ.

**જટાવળાનું કબ્રસ્તાન :** કુબેરજી મહાદેવ પાછળ.

**ઇસલા પુરાનું કબ્રસ્તાન :**

**ભૌગોલિક દૃષ્ટિએ સીમા વિસ્તાર તથા આબોહવા વગેરે :** ભારતનો ભૂમી પ્રદેશ જે ભવ્ય અને ગુણીયલ ગુજરાતના નામે ઓળખાતો તેમાં ખેડા જીલ્લાનો આ તાલુકો (કપડવણજ), તેનું મુખ્ય શહેર કપડવણજ. તે આપણું વતન. ઉત્તર અક્ષાંસ ૨૩.૨ અને પૂર્વ રેખાંશ ૭૩.૪ માં છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુર્વ દિશાએ અમદાવાદ જીલ્લાના દશક્રોઇ તાલુકાની તથા વાડાશિનોર રાજ્યની હદ છે. પશ્ચિમે મહેમદાવાદ તાલુકાનો અને વડોદરા રાજ્યની હદ તથા મહીકાંઠા એજન્સી આવેલી છે.

**વિસ્તાર :** પુર્વ પશ્ચિમ ૩૦ માઈલ (વડદલાથી મીરજાપુર) અને ઉત્તર દક્ષિણ ૧૭ માઈલ (અલવાથી કઠલાલ) છે. ક્ષેત્રફળની દૃષ્ટિએ ખેડા જિલ્લામાં કપડવણજ તાલુકો મોટો છે. તેનું મુખ્ય શહેર આપણું વતન કપડવણજ છે. જમીન કાળી છે. તેમાં કપાસનો પાક થાય છે, અને જે જે સ્થળે રેતાળ છે, ત્યાં મગફળી થાય છે. જ્યાં જ્યાં ક્યારી જમીન છે, ત્યાં સારી એવી ડાંગર થાય છે.

૧. દલાલવાડો જુનામાં જુનો નદીથી ૪૨ મીટર ઉંચાઈ માં છે. ૨. ઘાંચીબારી મહોરથી ૩૬ મીટર ઉંચાઈમાં છે. ૩. મ્યુ. ઓફિસોનો વિસ્તાર ૪૦ મીટર ઉંચાઇમાં છે. ૪. હનુમાનપુરા નીચલા લેવલે છે.

**સીમા :** શહેરની પુર્વ તથા અગ્નિ ખૂણે વાડાસિનોરનું બાબી વંશનું નવાબી રાજ્ય. દક્ષિણે સોમનાથ મહાદેવ તથા રત્નાગિરિ માતાનું દેવળ અને ડુંગરી. નૈઋત્ય ખૂણે શ્રીકુબેરજી મહાદેવ તથા પશ્ચિમે તથા ઉત્તરે મહોર નદીનો પથરાયેલ પટ છે.

**વિસ્તાર :** પહેલાં રાજવંશોના સમયમાં મુખ્ય નગરને હંમેશા કિલ્લાથી રક્ષવામાં આવતુ. ઈંટો પત્થરો ચુનાથી પહોળા અને ઉંચા કિલ્લા બાધવામાં આવતા. આપણા ગામનો કિલ્લો ક્યારે બંધાયો તેનો યોગ્ય સમય જડતો નથી, છતાં તેનો ઉપરનો ભાગ જોતાં લાગે છે, કે રાજપુત યુગમાં બંધાએલ આ કિલ્લો મુસ્લીમયુગમાં ફરી તૈયાર થએલ હોય તેમ લાગે છે. જુમ્મા મસ્જીત તથા તેની પાસેનો રાગઢીનો કિલ્લો ઉલુઝફર ખાન કે જે પાછળથી મુઝફ્ફરશાહ ૧ લાના નામે ગુજરાતનો સુલતાન બન્યો. તેણે ઈ. સ. ૧૪૦૪ ના માર્ચ એપ્રિલમાં જ્યારે તે આ બાજુનો પ્રધાન હતો તે સમયમાં બંધાયેલ હોય તેમ માનવાને કારણ છે. ('ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ')

કપડવણજનો કિલ્લો બંધાતાં કોઈક મન્દિરનો કદાચ નાશ થયો હોય. મરાઠા યુગમાં ખાઈઓ ખોદતાં એક ભવ્ય હનુમાનજીની ૭ ફુટ ઉંચી પ્રતિમાં નીકળેલી. જે હાલ (હનુમાનજીની મુર્તિ છે તે પણ હોય) સરખલીઆ દરવાજા બહાર શેઠ મીઠાભાઈ ગુલાલચંદની ધર્મશાળામાં મોજુદ છે. તે આગળ કહી ગયા છીએ.

"કપડવણજના ચાર દરવાજા, પાંચમી ઘાંચી બારી ।
સૌ સંપીને સાથે રહેતા, એ સૌની બલીહારી ॥"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપણું વતન તેના એક પૂર્વ ભાગ તરફ જુના બાબીવંશના રાજવીઓની યાદી તાજી રાખતા નવાબી રાજ્યને પણ જુએ છે. ચોપાસ દેવો જેની રક્ષા કરે છે. તે શહેરમાં આવેલાં મંદીરો, મસ્જીદો અને જિનાલયો, નવાં ભવ્ય મકાનો અને પ્રાચીન સ્થાપત્યો તથા અવશેષો જોતાં તેની પ્રાચીન તથા અર્વાચીન ભવ્યતાનો ખ્યાલ આવી શકે તેમ છે.

**વિસ્તાર** : શહેર સામાન્ય ગોળાકારે ગણી શકાય. કોટનો ફરતો ઘેરાવો છે. કોટ રાજપુત યુગનો પત્થરોનો બાંધેલ છે. મુસલિમ શાસનમાં તેને પુનઃ તૈયાર કરેલ છે તેમ લાગે છે. આ શહેરને ચાર દરવાજા તથા એક નાનો દરવાજો જેને બારી કહેવામાં આવે છે.

૧. પુર્વદિશાએ અંતિસરીયો દરવાજો.
૨. દક્ષિણ દિશાએ સરખલીયો દરવાજો.
૩. નૈઋત્ય ખુણામાં મીઠા તલાવનો દરવાજો.
૪. પશ્ચિમ દિશાએ નદી દરવાજો.
૫. વાયવ્ય ખુણામાં ઘાંચી બારી (નાનો દરવાજો).

આ શહેરમાં જુદી જુદી કોમની મળીને ૩૦,૭૪૮ હજાર લોકોની વસ્તી છે. (લેખકની ધનાનાં સમયે)

૧૯૫૩ થી ગણતાં આ શહેરનો વિસ્તાર હરિકુંજ સોસાયટી અને વોટર વર્કસના વિસ્તાર સાથે મળીને ૧૦૩૦ એકર એટલે ૧,૬૧૦ ચોરસ માઈલનો છે.

૧. શહેરના કિલ્લાની સાથે સાથે સારી એવી ઊંડી ચારે બાજુ પાકી બાંધેલ ખાઈઓ પણ હતી. આ દરવાજાના ફોટા જોતાં જ માલુમ પડે કે દરવાજા ભવ્ય હતા. તેનાં કમાડો પણ તેટલાં જ મોટાં હતાં. દરેક દરવાજે દરવાનોને બેસવા માટે ઉંચા ઓટલા હતા. મીઠા તલાવના દરવાજાના તથા સરખલીયા દરવાજાના ઉંચા ઓટલા અમારી નજર સામેના છે. નદી દરવાજો જે અત્યારે નાનો દેખાય છે તે જમીન ઉંચી આવવાથી નાનો દેખાય છે. પહેલાં મુસ્લીમ વંશના રાજ્ય અમલ દરમ્યાન આ સ્થળેથી ગજરાજો મહોર નદીના હાથિઓ આરે પાણી પીવો જતા હતા તેમ કહેવાય છે. આજે તો અંતિસરીયો દરવાજો, મીઠા તલાવનો દરવાજો નામશેષ પણ નથી. સરખલીયો (દક્ષિણનો) દરવાજો એ એક પવિત્ર સ્થળ બની ગએલ છે. આ સ્થળે પૂજ્ય રાષ્ટ્રપિતા સ્વ. મહાત્મા ગાંધીજીની પ્રતિમાનું મુખારવિંદ શહેર તરફ છે. (જુઓ ચિત્ર નં. ૫૬) આ તરફ શહેરના સાત બાજુના રસ્તાઓનો સુમેળ થાય છે.

**રાષ્ટપતીની પ્રતિમા :**

૧. આ પ્રતિમા ખૂલ્લી મૂકવાની ક્રિયા ભારતના રેલ્વે પ્રધાન શ્રીલાલ બહાદુર શાસ્ત્રીના શુભ હસ્તે તા. ૭–૪–૧૯૫૩ ના થએલ. તેઓશ્રી તે પછી ભારતના વડાપ્રધાન થએલા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૨. પુ. મહાત્મા ગાંધી સ્થાનિક સ્મારક સમિતિએ આ પ્રતિમા તૈયાર કરાવી કપડવણજ શહેર સુધરાઈને અર્પણ કરી હતી.

૩. શિલ્પકાર : શ્રીશાંતિલાલ કાપડીયા હતા.

**નીચેનો લેખ** : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી (શ્રી મોહનલાલ કરમચંદ ગાંધી) જન્મસ્થળ : પોરબંદર, જન્મતિથિ ૨–૧૦–૧૮૬૯, સંવત ૧૯૨૫ ભાદરવા વદ ૧૨. પુણ્ય તિથિ તા. ૩૦–૧–૧૯૪૮ સંવત ૨૦૦૮ પોષ વદ ૫, સ્થળ દિલ્હી.

## શ્રી હરિલાલ માણેકલાલ દેસાઈ

કપડવણજની જાહેર પ્રવૃતિઓના આત્મા શ્રીહરિલાલ માણેકલાલ દેસાઈ. જન્મ કપડવણજ ભાદરવા સુદ ૧૧ સં ૧૯૩૭ તા. ૪–૯–૧૮૮૧. અવસાન ભરુચ, અષાડ વદ ૫ સં. ૧૯૮૩ તા. ૧૯–૭–૧૯૨૭. આ પ્રતિમાની અનાવરણ વિધિ પુજન મહાત્મા ગાંધીજીના પરમ અનુયાયી આચાર્ય શ્રીવિનોબા ભાવેના શુભ હસ્તે કરાવવામાં આવી હતી. સ. ૨૦૦૫ તા. ૧૬–૭–૧૯૪૯. સેવા સંઘ કપડવણજ. શિલ્પકાર કાન્તિભાઈ બી પટેલ મુ. સોજીત્રા. **(જુઓ ચિત્ર નં. ૫૭)**

## સાત રસ્તા

૧. શહેરથી નીકળતાં બત્રીસ કોઠાની વાવથી દક્ષિણ તરફનો રસ્તો. ૨. શ્રીચંચળબાઇ ટાવર (કુંડવાવ) થઇ મોચીવાડમાં થઇ દક્ષિણ તરફનો રસ્તો. ૩. કાછીઆવાડમાં થઇ દક્ષિણ તરફ જવાનો રસ્તો. ૪. નગરપાલિકા તરફ જતો હોસ્પિટલથી દક્ષિણ તરફનો રસ્તો. ઉપરના ચાર રસ્તાના મધ્યબિંદુપર ગાંધીજીની પ્રતિમા છે. શ્રીહરિભાઈની વિનંતીથી ૮ મે ૧૯૨૧ માં પુ. બાપુ કપડવણજ પધારેલા. ૫. પૂ. ગાંધીજીની પ્રતિમાથી પૂર્વ દિશાએ સ્ટેશન તરફનો રસ્તો. ૬. પ્રતિમાથી પશ્ચિમ તરફ શેઠ જાગીરસાઈ મહેતા હોસ્પિટલનો રસ્તો. ૭. પ્રતિમાથી દક્ષિણ તરફ રત્નાગિરિ જવાનો રસ્તો.

**ગાંધીજીની પ્રતિમાનું સ્થળ** : સારાએ ગામનો નકશો, સ્થળો, જોયા બાદ આ સ્થળની પસંદગી કરનાર આપણા ગુજરાતના સુપ્રસિધ્ધ કલાગુરૂ પદ્મશ્રીરવિશંકર રાવળ તથા અમદાવાદના વિદ્વાન આર્કીટેકટર શ્રીગીરીશભાઇ દેસાઈએ સેવા સંઘના કાર્યકરોની સાથે રહીને પસંદ કરેલ છે. (તે સમયે પુજ્ય શ્રીકલાગુરૂ શ્રીરવિશંકર રાવળે આ પુસ્તકની હસ્તપ્રત તથા ફોટાઓનું આલ્બમ જોઈને આશીર્વાદ આપેલા.) તેઓએ જૂનાં સ્થાપત્યના ફોટાઓ જોઈને ઘણો જ સંતોષ વ્યકત કરેલો.

આ શહેરની રચના જોતાં આપણને ઘણે સ્થળે ચાર રસ્તા ભેગા થતા જોવા મળશે.

આ શહેરના કિલ્લા સાથે તેને અડીને ઉભેલ શહેર સુધરાઇનું ભવ્ય મકાન (**જુઓ ચિત્ર નં** ૫૮) અને તે પાછળનો કિલ્લાનો દેખાવ (**જુઓ ચિત્ર નં**. ૫૯) આપણને સહેજ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભૂતકાળની ભવ્યતાનો ખ્યાલ આપે છે. જ્યારે શહેર સુધરાઈએ તેની શતાબ્દિ ઉજવી ત્યારે શહેરની રોનક જોવા જેવી બનેલી. ફોટા જોવા તે વિભાગ વાંચવો :

## હવામાન

**સીમાવિસ્તાર તથા આબોહવા :** ભારતનો ભૂમિપ્રદેશ જે ભવ્ય અને ગુણીયલ ગુજરાતના નામે જાણીતો છે. તેમાં ખેડા જીલ્લો–તેનો ઉત્તરભાગ જે માળ પ્રદેશના નામે ઓળખાય છે, તેમાં કપડવણજ તાલુકો છે. તેનું મુખ્ય શહેર કપડવણજ (આપણું વતન) છે. તે ઉત્તર અક્ષાંસ ૨૩–૨ અને પુર્વ રેખાંશ ૭૩–૪ પર આવેલું છે.

ખેડા જીલ્લામાં આપણા તાલુકાની સરહદે અમદાવાદ જીલ્લો, સાબરકાંઠા જીલ્લો, મહેમદાવાદ તાલુકો, નડિયાદ તાલુકો, ઠાસરા તાલુકો અને બાલાશીનોર તાલુકો આવેલા છે. અહીં જે જમીન કાળી છે, તેમાં કપાસ થાય છે. જે રેતાળ જમીન છે ત્યાં મગફળી થાય છે. જ્યાં ક્યારી જમીન છે ત્યાં સારી એવી ડાંગર થાય છે.

**હવામાન પવન :** માર્ચથી ઓકટોબર નૈઋત્ય ખૂણાથી પવન આવે છે. નવેમ્બરથી માર્ચ સુધી ઈશાન ખૂણામાંથી પવન આવે છે. નવેમ્બરથી માર્ચની હવા ખુશનુમા રહે છે. તથા તંદુરસ્તીને માફક આવે છે. માર્ચ એપ્રિલમાં સુકી હવા હોય છે, તે ઉકળાટ કરે છે. જૂનથી ઓકટોબર સુધીની ભીની તથા જરા ભારે હવા હોય છે. ઉનાળે સહેજ વધુ પડતી ગરમી રહે છે, અને શિયાળામાં વધુ પડતી ઠંડી પડે છે. વરસાદ ૭૬ સે.મી. જેટલો સામાન્ય પડે છે. ૧૫મી જૂન પછીથી વરસાદની શરૂઆત થાય છે, તે જુલાઈ ઓગસ્ટ સુધી રહે છે. ચોમાસાની ખેતીને ખરીફ પાક કહે છે. ઉનાળાની ખેતીને રબની પાક કહે છે. શિયાળાની ખેતીને હરીની પાક કહે છે.

## કુદરતી અણધારી આફતો

આ આફતે ગુજરાતને આવરી લીધેલ, તેથી તેની અસર આપણા ગામને પણ થાય તે સ્વાભાવિક હોઈ નોંધી છે.

**પ્લેગ :** સંવત ૧૯૫૭નો ફાગણ માસ ઈ. સ. ૧૯૦૧. આપણા વતન પર પ્લેગના ભયંકર રોગનો કાળ પંજો પડયો. ભયંકર ભીષણતામાં ભાગ્યશાળી કુટુંબ બચ્યું હશે. (ઘણો જ ચેપી રોગ છે.) જ્યાં એક શબને બાળીને આવ્યા ન હોય ત્યાં બીજાના શબને બાળવા જવા તૈયાર જ રહેવું પડે. કેટલીક નાની ટુંકી જ્ઞાતિઓમાં બાળનાર પણ ના મળે તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. આ કરૂણતાની જ્યારે વૃધ્ધો વાતો કરતા ત્યારે આપણને તેની કલ્પના પણ ન આવે તેવી ભયંકરતા વર્તાઇ હતી. આ સમયમાં જનતા પોતાનાં મકાનો ગમે તેમ મૂકીને ગામથી ૧–૨ માઈલ દુર છાપરાં બાંધીને જતી રહી હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**દુષ્કાળ :** પ્લેગનો પંજો દુર થયો ત્યાં જનતા દુષ્કાળના પંજામાં સપડાઈ હતી. કાળ દેવતાએ પણ મર્યાદા ઓળંગી હતી. આ સમયમાં ગરીબ જનતાના શબને બાળવાના લાકડાં ન મળતાં. તેથી તે માટે મ્યુ. કે સરકાર તરફથી સ્માનમાં એક ભઠ્ઠી તૈયાર રાખવામાં આવેલ કે જેમાં ઘણાં જ શબ ઠલવાતાં.

**પ્લેગનાં જુદાં જુદાં સ્વરૂપો :** આ રોગના જંતુઓ ઉંદરો પરના ચાંચડોથી ફેલાય છે. ચાંચડના ડંખ મારફતે તેનાં જંતુઓ શરીરમાં દાખલ થાય છે. બે થી આઠ દિવસ એ ઝેર રહે છે. અને ગુપ્તાવસ્થા પછી ૧૦૪ થી ૧૦૬ ડિગ્રી સુધી તાવ ચઢે છે. નાડીનો–શ્વાસનો વેગ પણ વધી જાય છે. પછી ગાંઠ દેખાય છે. અને કાલદેવનો પંજો ફરી વળે છે.

**પ્લેગ :** જેને મરકી કહે છે. તેના પાંચ પ્રકાર છે. ૧. ગાંડીયો પ્લેગ ૨. ફેફસાંનો પ્લેગ ૩. રક્તવિષ પ્લેગ ૪. મગજ પ્લેગ ૫. આંતરડા પ્લેગ.

આ રોગ મરેલા ઉંદરો પર બેઠેલ ચાંચડના ડંખ દ્વારા અન્યના શરીરમાં પ્રવેશ થાય છે. જેથી જાંઘના મુળમાં, બગલમાં, ગળાના ભાગમાં ગાંઠ નીકળે છે. મોટા ભાગના દરદીઓ અડવાડીયામાંજ મરણને શરણ થાય છે.

સંવત ૧૯૯૭–૯૮ માં ફરી આ રોગ પાછો દેખાયો હતો. પ્લેગના દરદીઓને રહેવા માટે તદ્દન અલાયદી ઓરડીઓ સરકાર તરફથી બંધાઈ હતી. જે કુબેરજી મહાદેવની પડોસમાં હતી.

**દુષ્કાળ :** મિશને એહમદીની નોંધ પ્રમાણે ઈ.સ. ૧૫૫૯માં ગુજરાતમાં ભયંકર દુષ્કાળ પડયો. જેમાં અનાજ માટે લોકોએ ધર્મ વેચ્યો, પોતાના બાળકો વેચ્યાં. સંવત ૧૬૮૭ ઈ.સ ૧૬૩૧–૩૨ ગુજરાતમાં 'સત્યાસીઓ' નામે ભયંકર દુષ્કાળ પડયો હતો. મીરાતે સીકંદરી બાદશાહના મત પ્રમાણે તો એવો ભયંકર દુષ્કાળ હતો કે રોટલાના ટુકડાની ખાતર બાળકો વેચાયાં હતાં. કંઈક અભક્ષ ખાણાં લીધાં. કુતરાનું માંસ પણ લીધું. કંઈક આપઘાતો થયા. કંઈક રસ્તે તરફડીને મુવાં. કાળ ખંજરી વાગતી હતી. કુતરા અને ઢોરનાં માંસ વેચાતાં હતાં.

ઈ.સ ૧૬૮૧–૮૨ માં ફરી દુષ્કાળ પડયો.

સવંત ૧૭૭૫ ઇ. સ. ૧૭૧૮–૧૯ નો દુષ્કાળ 'પંચોતરો' કહેવાયો. રૂ. ૧) ના ૪ શેર મઠબાજરી હતાં. રૂ. ૧ માં બાળકો વેચાયાના કિસ્સાઓ નોંધાયા હતા.

સંવત ૧૭૮૭ ઈ.સ ૧૭૩૧–૩૨માં બરોબર ૧૦૦ વર્ષે આ બીજો 'સત્યાશીઓ' નામનો લીલીયો દુષ્કાળ પડયો. ૧૪ દિવસ એક ધારો મુશળધાર વરસાદ ગુજરાતના કપાળે અથડાયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સારું એ ગુજરાત પાણીમાં ડુબતું દેખાયું. ચોમાસું પુરું થતાં લોકો તાવમાં (મેલેરિયામાં) પટકાયા. કેટલાક મૃત્યુના ભોગ બન્યા.

સંવત ૧૮૦૩ ઇ.સ ૧૭૪૭ આ 'ત્રિલોક' એટલે ત્રણની સાલિને દુષ્કાળ ગણાયો. તે પણ ભયંકર હતો. પશુના માંસ ખાઈને જીવન વિતાવેલ ધર્મિષ્ઠ માણસોએ ઝાડના મૂળ પાન ખાઇને સમય વિતાવેલ.

સંવત ૧૮૪૭ ઈ.સ ૧૭૯૦–૯૧ આ દુષ્કાળ 'સુડતાળો' ના નામે ઓળખાયો. આ કંઇક કપરો સમય હતો. આ સમય બાળકો વેચાયાના તથા બાળકો છોડી દીધાના કિસ્સા પણ નોંધયા છે.

સંવત ૧૮૬૮ ઈ.સ. ૧૮૧૨ અતિવૃષ્ટી અને તીડ પડેલાં. સવંત ૧૮૬૯ ઇ.સ ૧૮૧૩ અગોણતરો કાળ તથા મહામારીનો રોગ દેખાયો હતો.

સવંત ૧૯૫૬ ઇ.સ ૧૯૦૦+૧ આ 'છપ્પનીયાના' નામે ભયંકર દુષ્કાળ આવ્યો. છપ્પનીયા કાળે અને પંચાવનના પ્લેગના સમયમાં ગુજરાતની પુન્ય ભુમિને ચુસી લીધેલી.

ભૂખના ત્રાસે માનવી અને ઢોર રસ્તામાં જ તરફડતાં. પેટ માટે કેટલાક ધર્મભ્રષ્ટ થયા. કેટલાક હિંદુઓ આ સમયે ખ્રિસ્તી પણ બની ગયા.

સંવત ૨૦૨૮ ઈ. સ. ૧૯૭૨ દુષ્કાળની તથા ઈ. સ. ૧૯૭૩ અતિવૃષ્ટિની અસર તાલુકાને થયેલી.

દુષ્કાળ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, રોગચાળો એ પાપોની અથવા શું અઘોર કર્મોની શિક્ષા હશે ?

સંવત ૧૯૫૬ ઈ. સ. ૧૯૦૨ છપ્પનીય દુષ્કાળે વખતે સરકાર તરફથી તથા શ્રીમંતો તરફથી સારી એવી સહાય લોકોને મળેલી. સરકારે જાહેર બાંધકામો શરૂ કરી લોકોને પૈસા અને અનાજની સગવડ આપેલી.

કપડવણજમાં આ સમયે કેટલાક શ્રીમંતો તેમજ છપ્પનિયા શેઠનું વિરલ બિરૂદ મેળવનાર સ્વ. ગાંધી વાડીલાલ લીંબાભાઈએ પણ પ્રજાને સારી મદદ કરેલી.

કંસારવાડના ચકલે રૈયા ગાંધીની ખડકીમાં રહેનાર રહીયા ગાંધીના વંશજ લીંબાભાઈ ગુલાલચંદ ગાંધીના જેષ્ઠપુત્ર શ્રીવાડીલાલ લીંબાભાઈ ગાંધીએ પોતાનું સર્વસ્વ જેવું વેચીને પ્રજાને તૈયાર ખીચડી જમાડતા. જે ખાનદાન કુટુંબો મફત અનાજ લેવા તૈયાર ન થતા તેમને ૪ પાઈએ અનાજ આપતા. એ પૈસાથી બીજુ અનાજ લાવીને વાપરતા. કેટલાક સારાં કુટુંબો શેઠ શ્રીમણીભાઇના ડેહલામાં તથા શેઠાણી શ્રીમાણેકબાઈની ધર્મશાળામાં તૈયાર ખીચડી જમીને પાછલા દરવાજેથી રવાના થતાં. પુ. શ્રીવાડીલાલ કાકાના સુપુત્રો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હાલ હયાત છે. આ વખતે કહેવત હતી. "ચાર રોકા, ચાર રહીઆ, ઓર આદમ ગાંધીના છૈયા, ઈસકુ મત છેડો મોરે ભૈયા." આ બધા ગામડાના વેપારી હોવાથી ઝનુની હતા. અસામાજિક તત્ત્વો તેમનાથી આ ચકલામાં ડરતા હતા. (તેમના મોટા પુત્ર વકીલ નગીનભાઈ વાડીલાલ ગાંધી ૧૯૬૦–૬૧ માં ગુજરાત વિધાન સભાના વિરોધ પક્ષના નેતા હતા.)

આ ગુજરાતમાં પડેલા દુષ્કાળની અસર કપડવણજને થયેલી હોવાથી જ તેની નોંધ લેવામાં આવી છે. કપડવણજથી પાંચ માઈલ દુર સાવલીનું વિશાળ તલાવ પણ છપ્પનિયા દુકાળના સમયમાં બંધાયેલ છે.

**કોલેરા** : સંવત ૧૯૩૮ના જેઠ માસમાં ઈ. સ. ૧૮૮૨ ના જૂન–જુલાઈ માસમાં કોલેરાએ આ આપણા શહેરને ઝડપી લીધું. પ્લેગના જેટલો પ્રલયકારી સમય હતો. સવિતા સૂર્યનારાયણનાં દર્શન થાય કે શબ નજરે પડે. પોલીસ બંદોબસ્તથી રોગીઓને બહાર કાઢવામાં આવતા. ઘણા જ ઉપચારો થયા, પણ રોગ શાંત થયો જ નહીં. કંઈક ભુવા ધુણ્યા છતાં કંઇ જ શાંતિ દેખાઈ નહીં. ડુંગરમાં વસતાં એવાં શ્રીરત્નાગિરિ માતાની કૃપાથી આ રોગથી શાંતિ થઈ. (વાંચો રત્નાગિરિ) કોલેરા : તેને ગુજરાતીમાં મહામારી–વિસૂચિકા કહે છે. આ રોગ ફાટી નીકળે છે, ત્યારે તે ભયંકર થઈ હજારો માણસોનો ભોગ લે છે. ઝાડા ઉલટી આ રોગનાં મુખ્ય લક્ષણ. પાતળા ચોખાના ધોવામણ જેવા ઝાડા ઉલટી થાય છે. હાથપગમાં ગોટલા વળે આંખો ઉંડી ઊતરી જાય અને ચહેરો લેવાઈ જાય છે. હેડકી શરૂ થતાં જ દરદી બે ચાર કલાકમાં મૃત્યુને ભેટે છે.

આવા રોગનો ફેલાવો થતાં પહેલાં ત્યાં દરેક નાગરિકને રસી આપી દેવામાં આવે છે. ("રોગ પ્રતિરોધક" રસી આપવામાં આવે છે.)

**ધરતીકંપ** : (ધરતીકંપના જે આંચકા ગુજરાતને સ્પર્શ કરી ગયેલા. તેમાં જે થોડી આછી અસર કપડવણજને થયેલી તેની નોંધ :)

સંવત ૧૭૭૬ના જેઠ વદ ૯ ને ઇ. સ. ૧૮૧૯ ના સંધ્યાકાળે ગુજરાતમાં થયેલ ધરતીકંપના આચકાથી કપડવણજ અને ઠાસરાના કુવા ૧૦–૧૦ ફુટ ઊંડા થઇ ગયેલા. સંવત ૧૮૭૮ ઇ. સ. ૧૩–૮–૧૮૨૧ને રોજ બપોરના ૨–૪૧ મિનિટ અને ૩૦ સેકન્ડનો હળવો આચકો હતો.

સંવત ૧૮૯૯ આસો સુદ ૫ શનિવાર ઇ. સ. ૧૭૪૧ના રોજ પાછલી ઘડીએ ધરતીકંપનો હળવો આચકો હતો.

સંવત ૧૯૨૪ શ્રાવણ વદ ૮ ઈ. સ. ૧૭૬૭ ધરતીકંપ તથા રેલનો અનુભવ થયો હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંવત્ ૧૯૯૪ ફાગણુ સુદ ૧૩ ને સોમવાર તા. ૧૪–૩–૧૯૩૮ સવારના ૬–૨૦ વાગે ૧૨ થી ૧૫ સેકંડ ધરતીકંપનો આંચકો હતો. આ આંચકો ઉત્તર હિંદ સુધીનો હતો.

તા. ૧૩–૧૨–૬૭ના રોજ સવારે ક. ૪–૨૦ મિ. બે હળવા આંચકા લાગેલા. આમાં કોયનાને પણ ધરતીકંપની અસર થઇ હતી. મંગળવાર તા. ૧૬–૩–૭૬ રાત્રે ૧૧–૪૫ મિ. ધરતીકંપનો હળવો આંચકો હતો.

**તીડનો ઉપદ્રવ :**

સંવત ૧૯૩૪ ઈ. સ. ૧૮૭૮
સંવત ૧૯૬૦ ઈ. સ. ૧૯૦૪
સંવત ૧૯૬૧ ઈ. સ. ૧૯૦૫
સંવત ૧૯૮૫ ઈ. સ. ૧૯૨૯

તીડના ઉપદ્રવની અહીં ખાસ અસર થએલ નથી.

**જળપ્રલય** : સંવત ૧૬૮૭માં ભયંકર જળપ્રલય થએલો. સંવત ૧૯૮૩ માં અતિવૃષ્ટિ થએલ.

સંવત ૧૯૮૩ અષાડ સુદ ૧૧ ને રવિવાર તા. ૧૦–૭–૧૯૨૭.

**ભડલી વાક્ય**

"શનિ, રવિ ને મંગળા, જો પોઢે જદુરાય,
આક ચઢાવે મેદની, પૃથ્વી પ્રલય થાય"

આ ભડલી વાક્યથી પ્રજા શોક સાગરમાં ડૂબેલી હતી. અષાડ વદ ૧૧ ને રવિવાર તા. ૨૪–૭–૧૯૨૭ નો ગુજરાતનો જળપ્રલય. આ ભયંકર જળપ્રલયમાં સાત સાત દિવસ સુધી સૂર્ય ભગવાનનાં દર્શન પણ દુર્લભ થયાં. સાત દિવસ સુધી વરસાદ (અખંડ મુશળધાર) વીજળીના ભયંકર કડાકા, પવનનાં તોફાન તા. ૨૭ થી ૩૦ સુધીમાં વધુ માઝા મૂકેલી. નદીઓએ પણ માઝા મૂકી. તળાવો પણ તૂટયાં. જનતાનો નાનો નીચલો થર ઘરબાર વિનાનો થઈ ગયો. અવાજ થાય કે "એ પડ્યું" એવી બૂમ પડે. કપડવણજ મ્યુનિસિપાલિટીએ ગરીબો માટે શાળાઓનાં મકાનો ખુલ્લાં મુકયાં. ધનિકોએ અને વિદ્યાર્થીઓએ યુવાનોએ ખુલ્લી તથા ગુપ્ત મદદો કરી. સેવાસંઘ જેવી સંસ્થાઓ વગેરે જનતાની મદદમાં દોડી ગયી. ગુજરાતનાં કેટલાંક ગામડાં તણાયાં. કપડવણજની બંને



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નદીઓએ માઝા મૂકી, છતાં શહેરને વધુ નુકસાન કરી શકયાં નથી. આ રેલના સમયે યુવાનોએ ગરીબો માટે અનાજ, કપડાં વગેરે ઉઘરાવી ફરજો અદા કરેલી. દુઃખમાં તમામ ભાઇઓએ સાથે રહી માનવતા બતાવી હતી.

સંવત ૧૯૨૪ શ્રાવણ વદ ૮ તા. ૧૧–૮–૧૮૬૮ મંગળવાર, સંવત ૧૯૨૭ શ્રાવણ સુદ ૧૫ તા. ૧૩–૭–૧૮૭૧ સોમવાર ઉપરોક્ત વર્ષોમાં બંને નદીઓમાં રેલ આવેલી. અને સંવત ૨૦૦૧ ભાદરવા વદ ૧ થી ૩ સુધી સખત વરસાદ પડેલો તા. ૨૪–૯–૪૫ ને સોમવાર.

## કપડવણજ શહેર સુધરાઇની સ્થાપના તા. ૭–૫–૧૮૬૩ થી શરૂ થઈ. ત્યારથી આજ સુધીનું જન્મ–મરણ પ્રમાણ તે નોંધ્યું છે.

શહેર સુધરાઇની સ્થાપના તા ૭–૫–૧૮૬૩ થી શરૂ થઇ, ત્યારથી અધિકારીઓ તથા પ્રજામાંના સદગૃહસ્થોમાંથી ૧૪ સભ્યોની નિમણૂંક થતી. શહેર સુધરાઈનો વહીવટ કોટની દીવાલ પુરતો મર્યાદિત હતો. તે પ્રમાણે વહીવટ શરૂ થયો. ઇ. સ. ૧૯૦૧ થી જિલ્લા સુધરાઈના કાયદા પ્રમાણે વહીવટ શરૂ થએલ છે. જૂના વિસ્તારની સાથે હાલમાં કિલ્લા બહારનો વિસ્તાર પણ વધ્યો. જે ઈ. સ. ૧૯૪૩ માં હરિકુંજ સોસાયટી, વરાંશી વોટર વર્કસ વિસ્તાર ગણતો. આ વિસ્તાર ૧૦૩૦ એકર એટલે આશરે ૧.૬૧૦ ચો. માઈલ છે. વિસ્તાર હજુ વધી રહેલ છે.

## કપડવણજની વસ્તી ગણતરી

ભારતમાં વસ્તી ગણતરીની શરૂઆત ઈ. સ. ૧૮૬૩ થી શરૂ થઈ. તે સમયે કપડવણજમાં આશરે ૧૦,૦૦૦ ની વસ્તી ગણાતી હતી. તે બાદ ઈ. સ. ૧૮૭૨ માં ૧૩૯૮૨ હતી. તે બાદ ૧૮૮૩ માં ૧૪૨૮૨ હતી.

ઈ. સ. ૧૮૮૩ માં ૧૪૨૮૨ ની વસ્તી હતી, તે બાદ થતો વધારો :

| | | |
|---|---|---|
| ઈ. સ. ૧૮૯૧ | વસ્તી | ૧૪૮૦૫ |
| ઈ. સ. ૧૯૦૧ | ,, | ૧૫૪૦૫ |
| ઈ. સ. ૧૯૧૧ | ,, | ૧૩૧૨૭ |
| ઈ. સ. ૧૯૨૧ | ,, | ૧૩૯૮૨ |
| ઈ. સ. ૧૯૩૧ | ,, | ૧૫૯૩૧ |
| ઈ. સ. ૧૯૪૧ | ,, | ૨૦૦૭૫ |
| ઈ. સ. ૧૯૫૧ | ,, | ૨૨૩૧૨ |
| ઈ. સ. ૧૯૬૧ | ,, | ૨૭૦૫૩ |
| ઈ. સ. ૧૯૭૧ | ,, | ૩૦૭૪૮ |
| ઈ. સ. ૧૯૮૧ | ,, | ૩૫૧૭૮ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## કપડવણજ શહેર સુધરાઇ

"શતાબ્દિ મહોત્સવ" માંથી વસ્તી ગણત્રી સાથે જ જન્મ–મરણની નોંધ જરૂરી છે.

| | જન્મ | મરણ |
|---|---|---|
| ૧૮૬૩–૬૪ | નોંધ થતી ન હતી | — |
| ૧૮૭૩–૭૪ | નોંધ થતી ન હતી | — |
| ૧૮૮૩–૮૪ | ૪૫૮ | ૪૮૯ |
| ૧૮૯૩–૯૪ | ૫૧૩ | ૬૫૧ |
| ૧૯૦૩–૦૪ | ૪૮૯ | ૮૮૫ |
| ૧૯૧૩–૧૪ | ૪૮૭ | ૩૭૬ |
| ૧૯૨૩–૨૪ | ૫૯૯ | ૫૧૩ |
| ૧૯૩૩–૩૪ | ૭૨૫ | ૪૨૨ |
| ૧૯૪૩–૪૪ | ૮૫૯ | ૫૦૭ |
| ૧૯૫૩–૫૪ | ૮૭૨ | ૪૦૪ |
| ૧૯૬૧–૬૨ | ૧૦૨૨ | ૩૬૬ |
| ૧૯૮૧–૮૨ | ૨૧૪૬ | ૨૭૩ |

(જ્ઞાતિ વાર ચાલુ વસ્તી નોંધવાની લેખકની ઇચ્છા હતી પણ મેળવી શકયા નથી.—સંપાદક.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ગૌરવ–છઠ્ઠું

# કેળવણી

### સંસ્કાર ધામ

ઔરંગઝેબના (મોગલ) સમયમાં કપડવણજના વારસાગત કુટુંબના એક અબદુર રસુલ કાઝો ખતીબ તરીકે વસતા હતા. તેમના વડવાઓ પણ કપડવણજમાં શહેર કાઝો તરીકે હતા. અબદુર રસુલ કપડવણજ છોડીને તેમના પીર શાહ અબદુલ મજીદ સાથે (જે ઔરંગઝેબના લશ્કર સાથે જોડાઈને દક્ષિણમાં ગયેલા.) દક્ષિણમાં અહમદનગર ગયેલા. ત્યાં કાઝો તરીકે નીમાએલા. કાઝો અબદુર રસુલનું મરણ તા. ૪–૯–૧૯૧૮ના રોજ અહમદનગર થયેલું. તેમના દીકરાને ત્યાં કાઝો તરીકે નીમવામાં આવેલ. તે પણ ઘણો જ વિદ્વાન્ હતો. સારા એવા પુસ્તકો લખેલાં. જેમાં 'દસ્તુરુ આઈ ઉલેમા' અરેબીક ભાષાનું સુંદર પુસ્તક છે. ('ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ' ના આધારે, સાભાર.)

કપડવણજનો પુરાતન કેળવણી ઈતિહાસ વ્યવસ્થિત મળી શકયો નથી, છતાં બાબી વંશમાં ધાર્મિક શિક્ષણ, મુનશીજી અને મોલવીજી દ્વારા ઉર્દૂ શિક્ષણ આપતાં. ગુજરાતી જ્ઞાન પંડ્યાજી મારફત અપાતું હતું.

પહેલાંના (મોલવી–પંડયા) શિક્ષકો વિદ્યાર્થીઓને પુત્રથી અધિક માનતા. આ શિક્ષકોએ કોઇ પણ જાતના પ્રમાણપત્રો મેળવેલ ન હોવા છતાં આદર્શ અનુભવી શિક્ષકો હતા. આ ગામઠી શાળાઓનો સંબંધ સરકારી શાળાઓ થતાં તે સરકારી શાળાઓ સાથે રહેતો.

આ ગુરુઓને ત્યાં સર્વે વિદ્યાર્થીઓ શ્રીકૃષ્ણ–સુદામાની પ્રણાલિક પ્રમાણે સાથે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આનંદથી કામ કરતા હતા. આ શાળાઓની ફી અને શિક્ષકોને થતી આવક ગુજરાતી શાળા પત્રની કવિતા વાંચતા સમજાય છે.

ભણવા જનાર વિદ્યાર્થી મુઠીભર અનાજ (અવેત) લઇ જતો. દાખલ ફી રૂ. ૧I– હતો. બાળકને શરૂઆતમાં શ્રી ભલે ૧ થી લાકડાની પાટી પર કંકુ કે રેતી નાંખી શીખવતા. આપણા ગામમાં આવી ગામઠી ચાર શાળાઓ હતી. આ શાળાઓમાં તે સમયમાં મુખ્યત્વે ધંધાને ઉપયોગી શિક્ષણ આંક–પલાખાં, મુખ ગણિત, વ્યાજ તથા દેશી નામુ શીખવવામાં આવતું. આજના ૬૫–૭૦ વર્ષની ઉંમરના સજ્જનો તેઓશ્રીનાજ વિદ્યાર્થીઓ છે.

## ગામઠી શાળાઓ :

૧. શ્રીનારાયણ દેવના મંદિર પાસે શ્રીભદ્રકાળી માતાના દેવળ સામે : મારા પૂજ્ય ગુરુચર્ય સ્વ. શ્રીછગનલાલ વ્રજલાલ પંડ્યા. જેઓશ્રીના શુભહસ્તે આ અક્ષરજ્ઞાન મેળવ્યું છે. મારા એ વિભૂતિને લાખો વંદન. આ શાળા હવજી પંડ્યાની નિશાળના નામે ઓળખાતી.

૨. બત્રીસ કોઠાની વાવ પાસેની ભીંતમાં પૂ. શ્રીદશરથલાલ પરસોત્તમ નારણજી ભટ્ટ.

૩, ભુદરભાઈની હવેલી પાસે, શ્રીસોમેશ્વર ભુદરભાઈ ભટ્ટ, નીલકંઠ મહાદેવની ખડકી સામે.

૪. સીંધરાવ માતાની ડેરી સામે સુથારવાડાની ધર્મશાળા પાસે શ્રીદશરથલાલ પુરસોત્તમ વનમાળી મહેતા.

ઉપરોક્ત ચારે આચાર્યો વિસનગરા નાગર ગૃહસ્થો હતા. તેઓ મોટા નાગરવાડામાં રહેતા હતા. આવી ચાર ગામઠી શાળાઓ હતી. તેવી જ મુસ્લિમોની મસ્જિદોમાં ઉર્દૂ શાળાઓ કાજી સાહેબ ભણાવતા. હવે તો મદ્રેસાઓ પણ સરકાર માન્ય બનેલ છે.

એક કાવ્ય

"પંડ્યાના પોષણ માટે, પાકાં સીધાં નીત આવી પડે ।
દાણાની મુઠ્ઠી દરરોજ, શિષ્યો લાવી નિશાળ ચડે ॥
છુટીએ પૈસા ને સીધુ, વાંધા વગર હતું મળતું ।
મોટાના સુત નિશાળે આવે, ભાગ્ય ભલુ ગુરુનું ભળતું ॥
નિજ સુત નિશાળમાં બેસે, તો નિશાળ ગરણું મનગમતું ॥
શક્તિ પ્રમાણે કરાવી સૌ, દાન દઈ ગુરુને મળતું ।
ઇંધનની આપત્તિ ન મળે, દૂધ દહીં આવી મળતાં ।
કેરી, રાયણ, સીતાફળ, મળતાં ઝટ ઝાડે ફળતાં ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અમુક ભણતરે એક રુપિયો, હસતે મુખ આગળ ધરતાં ।
છોકરાં માંગે છૂટ્ટી, મહેતાજી માંગે પાઘડી.

(ગુજરાત શાળા પત્ર ઈ. સ. ૧૮૭૮ મે માસના આંકમાંથી)

દરરોજ ભણવા જતાં અવેત લઇ જવાનું. તથા મહિનાની ચાર રજાઓ. ૧૧ સુ. ૧૧ વદ તથા સુ. ૧૫ તથા વદ ૩૦. આ ચાર દિવસ વિદ્યાર્થીને ઘેર જતાં અને ગુરૂ તરીકે બ્રાહ્મણ તરીકે પાકું સીધું લઈ જતા. પૈસો ૧ દક્ષિણા આપતા. શ્રીમંત, પટેલ અને વણિક વિદ્યાર્થીઓ તરફથી સીધુ મળતું. પટેલ તથા કાછીઆ તરફથી શાક-ભાજી મળતાં.

## જેની તારીખો મળી છે તે આ પ્રમાણે

૦૦૦

## પ્રાથમિક શિક્ષણ

તા. ૧–૧૧–૧૮૩૦ હાલ જ્યાં કાપડ બજાર છે ત્યાં કોઠાની મસ્જિદ અને જનરલ નેટીવ લાયબ્રેરીની સામે આ શાળાનું મકાન પ્રથમ કપડવણજ નગરપાલિકાનું હતું. તેની પાછીથી હરાજી થતાં શ્રીઓચ્છવલાલ દામોદરદાસ વકીલે વેચાણ લીધું. ત્યાં આ શાળા બેસતી અને તે સમયે ગોકલા બાપાવાળી શાળાના નામે ઓળખાતી. અહીંથી શિક્ષણની શરૂઆત થઇ.

ઇ. સ. ૧–૧૦–૧૮૬૫ માં શેઠવાડાની પાડોશમાં બ્રાન્ચ સ્કૂલની શરૂઆત થઇ.

ઈ. સ. ૫–૧–૧૮૮૭ કાપડબજારમાં પ્રાથમિક શાળાની પડોશમાં કન્યા શાળાની સ્થાપના થઈ.

ઇ. સ. ૧–૧૦–૧૮૮૦ સૈયદવાડામાં ઉર્દુશાળાની સ્થાપના થઈ.

ઉપરોક્ત શાળાઓના ફળરૂપે હાલમાં ચાલતી શાળાઓ છે.

**મુખ્ય શાળા** : શાળાની સ્થાપના તા. ૧૮–૮–૧૮૮૬માં થઈ. આ શાળા શરૂઆતમાં કપડવણજના લોકલાડીલા ધર્મપ્રિય નગરશેઠ શ્રીમણીભાઈ શામળભાઇના પટેલવાડાના નાકે આવેલા મોટા મકાનમાં (મેડાબંધી ડેલામાં) મેડા પર બેસતી. હાલમાં કુમાર શાળા તા. ૧–૧૧–૧૮૬૧ પોતાના સ્વતંત્ર ભવ્ય મકાનમાં બેસે છે. જેના ૨૦ રુમ છે. મેદાન તથા બાગબગીચાઓ બનાવેલ છે. જે ૬૪૯૨ ચો. વારના ક્ષેત્રફળમાં સરખલિયા દરવાજા બહાર સખીદાસના કૂવા તથા ડોઝવા કૂવાના વચ્ચે પૂર્વ પશ્ચિમ તથા ઉત્તર દક્ષિણ જાહેર રસ્તા પર સમાયેલ છે.

**બ્રાન્ચશાળા** : મુખ્યશાળાની શાખા હાલમાં છે. એક શાળા અંધારીયા વડ પાસેના મકાનમાં બેસતી હતી. (અહીં પહેલાં ઘણો જ મોટો વડ હતો, એની વિશાળતાના લીધે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ સ્થળે અંધારુ રહેતું. તેથી તે અંધારીયા વડની જગા તરીકે ઓળખાતી. હાલમાં વડ નથી.) બીજી શાળાની શાખા મોટી વહોરવાડ પાસે આવેલ રાજેશ્રી ભુધરભાઈની હવેલીના નામે ઓળખાતા મકાનમાં બેસે છે.

ત્રીજી શાળા કંસારવાડાના ચકલે મહેતાની ઓફિસના નામે ઓળખાતા શ્રીત્રંબકલાલ મહેતાના મકાનમાં બેસતી હતી.

અંતીસરીયા દરવાજા બહાર કરશનપુરા જવાના રસ્તા પર ડાબી બાજુ પ્રા. શાળા દાનવીર શેઠ શ્રીજાબીરભાઈ મહેતાના દાનથી શરુ થયેલ છે. સુધરાઈની સ્થાપના બાદ સુધરાઈએ ઈ. સ. ૧૮૬૪માં પ્રાથમિક કેળવણીની જવાબદારી હાથ લીધી. આ વહીવટ સને ૧૯૮૨ સુધી સુધરાઈ હસ્તક રહ્યો. અને પછી ૧૯૨૩ થી ખેડા જિલ્લા લોકલ બોર્ડ પાસે ગયો. તે બાદ ખેડા જિલ્લા શાળા મંડળને હસ્તક વહીવટ ગયો. આજે પણ જિલ્લા શાળા મંડળ આ વહીવટ કરે છે. બીજી કેટલીક જવાબદારીઓ સુધરાઈના શીરે રહે છે.

**કન્યા શાળા તથા શાખાઓ :** પ્રથમ તા. ૫–૧–૧૮૭૭ બજારમાં કન્યાશાળાની શરૂઆત થઈ. કન્યાશાળા નં. ૧ શ્રી શેઠ મણીભાઇ શામળભાઇના ડહેલામાં (પટેલવાડાના નાકે જ્યાં પહેલાં કુમારશાળા બેસતી તેજ મકાનમાં) બેસે છે. જ્યાં બાળાઓને વિર્નાક્યુલર ફાઇનલ પ્રાથમિક શાળાંત પરીક્ષા માટે તૈયાર કરવામાં આવે છે.

**કન્યા શાળા :** (શાખા નં. ૧) કુંડવાવ સામે શ્રીમહાલક્ષ્મીજી માતાના બેઠા ઘાટના મંદિરની આગળ મેડા પર બેસતી હતી.

**બ્રાંચ કન્યા શાળા :** ૧. બંધાવનાર શેઠ શ્રીઇન્દ્રવદન હરીલાલ છગનલાલ દેસાઈ- જેમનો જન્મ તા. ૩–૯–૩૧ અને દેહ વિલય તા. ૨૫–૩–૪૦ માં થયો હતો. તેમાં અન્ય ઓરડા બંધાવવામાં સ્વ. શેઠ શ્રીઓચ્છવલાલ દામોદરદાસ પરીખ તથા બળદેવભાઇની યાદમાં તેમનાં પત્ની તારાબહેન બળદેવદાસ પરીખે બંધાવેલ.

શ્રીમાન્ કાંતીલાલ સોમેશ્વર ગજ્જરે તેમના પિતાશ્રી સ્વ. સોમેશ્વર જેઠાલાલની યાદમાં ઓરડો બાંધી આપવા દાન કરેલું.

પાણીની ઓરડી શ્રીધીરજલાલ ઓચ્છવલાલ શાહ તરફથી સ્વ. રતીલાલની યાદમાં બાંધી આપેલ છે.

આ શાળાના કુલ ૭ ઓરડા છે. આ કન્યાશાળાની સ્થાપના ૧–૪–૧૯૦૪ માં થયેલ હતી. તેઓનું નવું મકાન ૧૯૫૫ માં ખુલ્લું મુકાયું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ઝાંપલી પોળ : બ્રાંચ શાળા નં. ૨ :** ઈ. સ. ૧૯૫૭ સંવત ૨૦૧૩. આ શાળાને આઠ ઓરડા અને એક ઓફીસ રૂમ છે. આ શાળાનું નામ પરીખ દ્વારકાદાસ અમથાભાઈ પ્રાથમિક શાળા. સ્વ. પરીખ દ્વારકાદાસ અમથાભાઈના ધર્મપત્ની તથા પરીખ કેશવલાલ દ્વારકાદાસ, પરીખ હરીલાલ દ્વારકાદાસના પત્ની શ્રીરૂક્ષ્મણીબહેન તથા પરીખ માણેકલાલ કેશવલાલના પત્ની શ્રીમણીબહેન તથા પરીખ વાડીલાલ માણેકલાલ તથા પરીખ રસીકલાલ ઓચ્છવલાલના સ્મણાર્થે તેમના કુટુંબીજનોએ આ શાળા બંધાવી.

પરીખ ઓચ્છવલાલ કેશવલાલ, શ્રીપરીખ શંકરલાલ હરિલાલ તથા શ્રીજયંતીલાલ માણેકલાલે પાછળથી બે ઓરડા બંધાવી આપેલ છે. વળી શ્રીશંકરલાલ હરિલાલ પરીખની યાદમાં તેમના પત્ની સ્વ. કમળાબહેન તથા શ્રીમણીલાલ સાંકળચંદ ખરકીવાળાનો પણ સારો સહકાર મળેલો. ધી કપડવણજ ટાઉન કો. ઓ. ઇલેકટ્રીક સીટી એસો. લી.

**પટેલવાડા : બ્રાંચ શાળા નં. ૩ :** જેમાં મુખ્યદાતાઓની શુભ નામાવલી : કપડવણજ મ્યુનિસિપાલટી પ્રાયમરી સ્કુલ. સને ૧૯૮૦ માં શ્રીચુનીલાલ ભોગીલાલની યાદમાં તેમના વિધવા શ્રીસવિતાબહેન હસ્તે શ્રીવિનુભાઈ કાશીરામ ત્રિવેદી–શ્રીઅજીતભાઈ મણીલાલ શેઠના સ્મણાર્થે શ્રીજયેશભાઈ તથા કુટુંબીજનો તરફથી–શ્રીચોપર પરિવાર, હસ્તે હરીબહેન રાજારામ પટેલ તરફથી–શ્રીતેજુમલ આર. હાસવાણી તરફથી–ચી. ગોપાલભાઈના જન્મ દિને તારીખ. ૨૨–૯–૮૦.–શ્રીહરિલાલ મગનલાલ વૈદ્યની યાદમાં સુપુત્રીઓ શ્રીધનુબહેન વૈદ્ય તથા જાસુદબહેન વૈદ્ય તરફથી–શ્રીઅંબાલાલ અને શ્રીસાંકળચંદ દેસાઈના સ્મણાર્થે શ્રીશનાભાઈ સાંકળચંદ તથા શ્રીનટવરલાલ સાંકળચંદ, શ્રીજીવીબહેન અંબાલાલ દેસાઈના તરફથી–શ્રીજેઠાભાઈ માધુભાઈ તરફથી–સ્વ. શ્રીઝવેરભાઈ લાલજીભાઈ પટેલ ઉત્તરસંડાવાળાના સ્મણાર્થે શ્રીભાનુભાઈ એસ. પટેલ તરફથી–શ્રી સ્વ. કેશવલાલ કેવળદાસ ગજ્જરના સ્મણાર્થે શ્રીજયંતીલાલ કે. ગજ્જર (એન્જિનિયર) તરફથી–શ્રીપીપલ્સ કો. ઓ. બેંક. લિ. તરફથી–શેઠ શ્રીહરિશચંદ્ર વાડીલાલ જાલીવાલા તરફથી–શેઠ શ્રીજાબીરભાઈ બદરૂદ્દીનભાઈ મહેતા.

કપડવણજ નગર પ્રાથમિક શાળામાં સંવત ૨૦૨૮ ઇ. સ. ૧૯૭૨માં ઓરડા નંગ ૧૨ તથા ૧ ઓફિસ રૂમ છે.

## મુખ્યદાતાઓની શુભનામાવલિ :

મેસર્સ મફતલાલ કાંતીલાલ ઓઇલ મીલ તરફથી–શ્રીગાંધી કેશવલાલ વાડીલાલના સ્મણાર્થે શ્રીગાંધી કાંતીલાલ વાડીલાલ તરફથી–શ્રીશાહ અંબાલાલ છોટાલાલના સ્મણાર્થે શ્રીમફતલાલ અંબાલાલ શાહ તરફથી–શ્રીલક્ષ્મીચંદ મીઠાલાલ તરફથી–શ્રીહરજીવનદાસ ખુશાલદાસ પરીખ તરફથી–શ્રીશંકરલાલ શામળદાસ તથા શ્રીનટવરલાલ શામળદાસ તરફથી–

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રીઉર્મીલાબેન હરીશચંદ્ર જાલીવાલા તરફથી–શ્રીભાનુભાઈ શંકરલાલ તરફથી–શ્રીભીખાભાઈ પ્રભુદાસ (અનારાવાલા) તરફથી–પટેલ શ્રી હરગોવિંદદાસ મથુરદાસ તરફથી–સ્વ. શ્રી હાજી–મહમદ યાકુબભાઈના સ્મરણાર્થે અબ્દુલસતાર હાજીમહમદ તરફથી–શ્રીશંકરલાલ કેશવલાલ પટેલ (શંકર વિલાસ હોટેલ) તરફથી–શ્રીઅંબાલાલ દેસાઈભાઇ પટેલ(લાટોવાળા)ના સ્મરણાર્થે શ્રીપુનમચંદ અંબાલાલ તરફથી.

**મુસ્લિમ કન્યાશાળા :** ગોરવાડામાં કસ્બાની પડોશમાં શેઠના ડહેલામાં મુસ્લિમ કન્યાશાળા નં. ૧ બેસતી હતી.

**શ્રીઈચ્છાબેન મણીલાલ પીતાંબરદાસ પરીખ કન્યાશાળા :** કન્યાશાળાનું ભવ્ય મકાન મીઠા તલાવના દરવાજા પાસે બાંધવામાં આવ્યું છે. જેનું ઉદ્‌ઘાટન વતન વ્હાલ સોયા ચાણક્ય સર ચંદુલાલ માધવલાલ ત્રિવેદીના ધર્મપત્ની શ્રીમતી લેડી કુસુમબેન ત્રિવેદીના વરદ હસ્તે તા. ૨૯–૧૯૫૭ના રોજ થયેલ. કપડવણજના એ.સી. પરીખ કુટુંબે તો દાન પ્રવાહ ચાલુ જ રાખેલ છે. કપડવણજના દાનવીરો અને નિઃસ્વાર્થ વતનના સેવકોના ચરણે મસ્તક ઝુકે છે. આ શાળાને ઓરડા નંગ ૧૨ છે. શાળાના મકાનનું ક્ષેત્રફળ મોટું છે.

**મુસ્લિમ કન્યાશાળા વગેરે :**

**મદ્રેસા અહમદીય :** મોટી વહોરવાડમાં પોતાના સ્વતંત્ર ભવ્ય ત્રણ મજલાના મકાનમાં બેસે છે. જેનો વહીવટ વહોરા બીરાદરો કરે છે. મુખ્ય વહોરવાડામાં આ શાળા છે. વહોરા બીરાદરોની બહેન–દીકરીઓ ભણે છે. મોટી વહોરવાડના લીધે કપડવણજ (છોટી બોમ્બે) નાની મુંબઇ કહેવાતી.

**મદ્રેસા અંજુમને ઈસ્લામ :** ઇ. સ. ૧૯૦૮ની સાલમાં ભાડામાં ઇસ્લામપુરામાં એક નાનકડા મકાનમાં શરૂ કરવામાં આવેલ. આ શાળા પૈસા ન હોય પણ તમન્ના હોય તો સુંદર કાર્ય થઈ શકે તેનો એક સુંદર દાખલો રજૂ કરે છે. આ શાળાના ભવ્ય મકાન ઉદ્‌ઘાટન તા. ૨–૭–૧૯૫૭ મંગળવારે જનાબ ફઝલેહુસેન સરફઅલી ફતેહી શેઠના શુભ હસ્તક કરવામાં આવેલ. સૈયદ અલીઅહમદ સાહેબની પ્રેરણા અને નમ્રતાનું આ પ્રતીક છે.

## કન્યા કેળવણી

બાળ કેળવણી પછી પ્રાથમિક કેળવણી માટે પ્રાથમિક કન્યાશાળાઓ ચાલુ છે. જેમાં શાળાંત પરીક્ષાઓ માટે બાળાઓને તૈયાર કરવામાં આવે છે. માધ્યમિક શાળાઓમાં સહ શિક્ષણ હોવાથી ત્યાં મેટ્રિક સુધીનો સામાન્ય અભ્યાસ કરે છે. કપડવણજમાં કન્યા



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કેળવણીના પ્રખર હિમાયતી સ્વ. શ્રીવાડીલાલભાઈએ તેમના પુજ્ય માતૃશ્રી ગજરાબાની પુણ્ય સ્મૃતિમાં "ગુજરાત મહિલા વિદ્યાલય"નું મોટા દાનથી સુંદર આલીશાન મકાન કપડવણજ મંડળને ભેટ આપ્યું. તેઓશ્રીએ એક "ગજરાબાઈ મહિલા ટ્રસ્ટ" પણ કેળવણી મંડળને સોંપ્યું છે. જેમાંથી બહેનોને સીવણ અંગેનું કપડવણજ ભગિની સેવા સમાજ દ્વારા જ્ઞાન અપાય છે. સરકાર તરફથી વિવિધલક્ષી તાલીમ યોજના દાખલ થતાં ગૃહવિજ્ઞાનો વિષય શ્રીચ. નં. વિદ્યાલયમાં દાખલ કરાયો.

શ્રીવાડીલાલ મનસુખરામ પારેખ, જન્મ–ઇ.સ. ૧૩–૧૧–૧૮૮૭ સંવત ૧૯૪૪ના કાર્તિક વદ : દહોત્સર્ગ–ઈ.સ. ૯–૧–૧૯૬૧ સંવત ૨૦૧૭ના પોષવદ ૭. જેમનું હૃદય જનકલ્યાણ માટે સદાય આદ્ર રહેતું. જેમણે લોકહીતના કાર્યોમાં પોતાના તન, મન અને ધનનો વિવિધ સમદષ્ટીનો ઉદાર હાથે સદુપયોગ કર્યો હતો. જેમણે સંસ્કાર અને કેળવણી મંડળની પ્રવૃત્તિને આરંભથી, સમજ્યા, સત્કારી અને પોષી. મંડળનું અધ્યક્ષપદ સ્વીકારી તેને ગૌરવ આપ્યું. જેમનો સ્ત્રી કેળવણી માટેનો ઉત્સાહ અને પ્રેમ "શ્રીગજરાબાઇ મહિલા વિદ્યાલયની" સ્થાપનામાં મૂર્તિમંત થયો છે. તે સૌજન્યશીલ કપડવણજના નાગરિક સંતને પ્રેમપૂર્વક અંજલિ અર્પી, કેળવણી મંડળ કૃતાર્થ થાય છે. (તેઓ શ્રીવાડીલાલ સંતના નામે જ ઓળખાતા.) ગજરાબાઈ મહિલા વિદ્યાલયનું આલીશાન મકાન બહેનોની ઉન્નતિ માટે વિદ્યા અને સંસ્કારનું ધામ બની રહેલ છે.

આ મકાનનું ખાતમુહૂર્ત કપડવણજના ચાણક્ય સુપત શ્રીચંદુલાલ માધવલાલ ત્રિવેદીના શુભહસ્તે ૧૯૫૭માં કરવામાં આવેલ. અને ઉદ્ઘાટન ગુજરાતના વિદુષી કેળવણીકાર શ્રીમતી હંસાબેન મહેતાના શુભહસ્તે ૧૯૬૨માં કરવામાં આવેલ. આ ઉદ્ઘાટનનો શુભ દિવસ મુ. શ્રીવાડીલાલભાઇને જોવાનો સાંપડયો નહિ. કેળવણી મંડળે તેમની પ્રત્યેના સ્નેહ અને આદર વ્યક્ત કરવા પ્રવેશદ્વાર સામે જ સદ્ગતની આરસની પ્રતિમા મૂકીને તેમનું ઋણ અદા કરેલ છે.

કપડવણજના સખી ગૃહસ્થ શેઠ શ્રીકીકાભાઈ ચાંદુભાઇ કાનમવાળા તરફથી ઘણી મોટી સારી રકમ આ સંસ્થાને દાનમાં મળેલ છે. સખી ગૃહસ્થનું દાન અને પ્રજાનો પ્રેમ, વળી પસીનાનુ ભવ્યપ્રતીક આ શાળા આજે પણ આપણે સ્ટેશન રોડ પર જતાં જોઇ શકીએ છીએ. આ સંસ્થાને છેલ્લા કેટલાય વર્ષથી તેની ઉન્નતિ માટે સફળ સંચાલન કરનાર શ્રીઅલીઅહમદ સાહેબને કોઈ જ ભુલે તેમ નથી. આ તેમના પ્રેરણા અને પુરૂષાર્થનું ફળ છે.

**નદીના દરવાજે** : નગીના મસ્જિદમાં એક મદ્રેસા ચાલે છે. તેનું સંચાલન શેઠ ફીકાભાઈ ચાંદાભાઈ મદ્રેસા અંજુમને ઇસ્લામ કપડવણજ કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**કચેરીના દરવાજે** : જમણી બાજું એક સ્વતંત્ર મકાનમાં ઉર્દૂ શાળા ચાલે **છે.**

**ઘાંચીવાડે** એક શેખુલ ઈસ્લામ નામની ઉર્દૂ શાળા સુલેમાન હાજી અહમદભાઈના સંચાલન નીચે ચાલે છે.

**મદ્રેસા મોહમદીયા** નામે એક ઉર્દૂશાળા ચાલે છે.

અંતિસરીયા દરવાજાના કસ્બા સામે કસ્બાની મસ્જિદના મેડા પર એક ઉર્દૂશાળો શહેરી કાજી શ્રીબદરૂદીન ચલાવે **છે.**

**બાલમંદિર** : સેવાસંઘ તરફથી બાળ કેળવણીની પ્રવૃત્તિ ચાલુ હતી. તા. ૪–૬–૧૯૩૬ના રોજ માનનીય ખેર સાહેબના શુભહસ્તે તે ઉઘાડવામાં આવ્યું. ઇ.સ. ૧૯૩૬માં શ્રીઓચ્છવલાલ ઝવેરી તરફથી તેમના મંજુસરવાળા પૂજ્ય ગુરૂજીની (શ્રીમુગટરામ મહારાજની) સ્મૃતિમાં મુગટ બાલમંદિર માટે સારૂં દાન આપ્યું. ઇ.સ. ૧૯૪૫માં સેવાસંઘે આ ક્ષેત્રનું સંચાલન કપડવણજ કેળવણી મંડળને સોંપ્યું છે.

**શ્રીમુગટબાલમંદિર** : સેવાસંઘ પરિવારના સભ્યોએ આ સંસ્થા શરૂ કરી. પ્રાંતઃ સ્મરણીય ગુજરાતના સંત મંજુસરવાળા શ્રીમુગટરામ મહારાજશ્રીના નામથી આ સંસ્થાનું નામ રાખવામાં આવેલ. સંસ્થાનું ઉદ્‌ઘાટન મુંબઇ ઈલાકાના વડાપ્રધાન નામદાર શ્રીબાલા સાહેબ ખેર સાહેબના શુભહસ્તે તા. ૪–૬–૧૯૩૬ રોજ કરવામાં આવેલ. (તેઓશ્રી કપડવણજના સેવાસંઘના ચલુસમા ત્યાગવીર હરિભાઈ દેસાઈના પરમ મિત્ર હતા.) આ બાલમંદિરની સ્થાપના મુંબઈ નિવાસી શ્રીતારામોડકનો સહકાર હતો. આ બાલમંદિર માટેના પ્રયત્નશીલ પુરુષોમાં શેઠશ્રીઓચ્છવલાલ અંબાલાલ ઝવેરી તથા કપડવણજમાં સંતના લાડીલા નામે ઓળખાતા દાનવીર શ્રીવાડીલાલ મનસુખરામ પારેખને કોઈ ભૂલે તેમ નથી. (મુંબઇ બાટલીબોય કું. ના કાર્યકર) જેમનો મોટો ફાળો છે. સંસ્થાના શરૂઆતના પાયામાં શ્રીજયશંકરભાઇ જીવરામભાઈ ત્રિવેદી તથાં તેમના ધર્મપત્ની શ્રીસવિતાબહેનની સેવાઓ ભૂલાય તેમ નથી.

આ ઉપરાંત **શારદા બાલમંદિર** છે. જે શારદા કેળવણી મંડળ હસ્તક છે. વળી **સંસ્કાર** બાલમંદિર છે. જે સંસ્કાર કેળવણી મંડળ હસ્તક છે. તેમજ ઈન્ડિયન **રેડક્રોસ** બાલમંદિર છે. જે રેડક્રોસ સોસાયટી હસ્તક **છે.**

**શ્રીજડાવબહેન શિશુગૃહ :** જીવનના પાયારૂપ બાલશિક્ષણમાં દાનવીર શેઠશ્રી-ચીમનલાલ બાપાલાલ પારેખે તેમનાં સ્વ. માતૃશ્રીજડાવબહેનની પુણ્ય સ્મૃતિમાં મોટા દાનથી આલીશાન શિશુગૃહ તૈયાર કર્યું છે. જે આજે કેળવણી મંડળના હસ્તક છે. આ આલીશાન શિશુગૃહ નગરપાલિકા સામે છે. જેનું ઉદ્‌ઘાટન તા. ૪–૪–૧૯૩૭ ના રોજ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રખ્યાત ઉદ્યોગપતિ દાનવીર શેઠ શ્રીઅરવિંદભાઈ મફતલાલના શુભહસ્તે કરવામાં આવ્યું હતું. શ્રીજાબીરભાઈ તથા પૂજ્ય જડાવબાના તૈલચિત્રની વિધિ થઈ હતી. શ્રીઅરવિંદભાઈ તથા અ.સૌ. હુસેનાબાઈના ચિત્રનું ઉદ્ઘાટન લેડી શ્રીકુસુમબેને કરેલું. જ્યારે બીજા લત્તામાં 'મુગટ બાલમંદિર' પણ ચાલુ છે.

કેળવણી મંડળે એક **કિશોર મંદિર** પણ શરુ કરેલ પણ તે ખેડા જીલ્લા શાળા મંડળને સુપ્રત કરેલ છે.

કેળવણી મંડળે સાચે જ બાલ મંદિર, પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચ કોલેજ કેળવણી સુધીનું કાર્ય સફળતા પૂર્વક તડકા છાંયા સાથે પરિપૂર્ણ કરેલ છે.

**બાલમંદિર** : શ્રી જમનાદાસ છો. બ્રહ્મક્ષત્રીના દીકરી ચા. શ્રી બહેને પોતાની ભાવનાથી એક શિશુ મંદિર કંસારવાડાના ચકલે વૈદ્યની ખડકીમાં શરૂ કરેલ.

**હરિજન શાળા** : એક હરિજન શાળા. મશીનરી(ખ્રિસ્તી સંપ્રદાય)ઓના આશ્રયે એક શાળા અંતિસરીયા દરવાજા બહારના હરીજન વાસમાં ચાલુ કરી હતી. ત્યાં એક હરિજન શિક્ષકભાઈ સોમાભાઈ નામના (જેમને કુમારશાળામાં એક સમયમાં બહાર બેસીને અભ્યાસ કરેલ.) સોમાભાઇના પ્રયાસથી જ આ શાળા શરુ થયેલ.

**રાષ્ટ્રીય શાળા** : ઈ. સ. ૧૯૨૧ ના યુગમાં રાષ્ટ્રપિતાના પ્રતાપે દેશના દરેક ખુણે ખૂણે રાષ્ટ્ર સેવકો તૈયાર થએલા. જેમાં પૂજ્ય હરિભાઈ દેસાઈનું સ્થાન પ્રથમ હતું. પૂ. બાપુના તેઓશ્રી મદદનીશ મંત્રી તરીકે રહેલા. તેમના પ્રયાસથી પૂ. બાપુ ૧૯૨૧ ના મે માસમાં કપડવણજ પધારેલા. કપડવણજમાં રાષ્ટ્રિય શાળા શરુ થઈ. તેમાં કપડવણજના ડો. કેશવલાલ દોલતરામ ત્રિવેદીના સુપુત્ર શ્રીસારાભાઇ અને બહારગામના શિક્ષકોમાં શ્રીસલાડકર અને શ્રીભડસાવળે તથા અન્ય સજ્જનોના સહકાર હતો. પ્રથમ ગાંધી જ્યંતિ ઉજવવાની શરુઆત કરી. લડતનો જુવાલ મંદ થયો. શાળા પણ બંધ થઈ, પણ સંસ્કારનું બીજ રોપાયું. જેના ફળ આજ પ્રજા ચાખે છે.

**માધ્યમિક શાળા :** (મ્યુ. હાઇસ્કૂલ) તા. ૫–૧૧–૧૮૭૨ ના શુભ દિવસે આ શાળાની શરુઆત થઈ. થોડાક સમય બાદ વિદ્યાર્થીઓ ઓછા થવાથી આ શાળાને રાત્રિ-શાળાના રુપમાં ફેરવી. ઈ. સ. ૧૯૮૨ મા તેને પુર્નજીવન મળ્યું. ત્યારથી તે સાચી રીતે કપડવણજનું વિદ્યા મંદિર બન્યું.

શાળાની શરૂઆત ઘણી જ અગવડો સાથે શરૂ કરી, પણ તેને સક્રિય અને સફળ બનાવવામાં, વતનના લાડીલાઓનો ઘણોજ ઉમદા ફાળો છે. શરૂઆતમાં શ્રીમાણેકબાઈ શેઠાણીની ધર્મશાળામાં શ્રીલલ્લુભાઈ ખેમચંદભાઇના મકાનમાં, શ્રીભોગીલાલ કેવળદાસ દેસાઈના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મકાનમાં, શ્રીદોલતરામ જયશંકર ત્રિવેદીના મકાનમાં, શ્રીહરીલાલ શંકરલાલ ત્રિવેદીના મકાનમાં શ્રીવાડીલાલ મગનલાલ શાહના જીનમાં, શ્રીશામળદાસ નથુભાઇ શેઠના બંગલામાં. એમ ઉપરોક્ત સ્થળોમાં જુજભાડાથી શાળા પોતાનું કામ કરતી હતી. વર્ષોના દુઃખના કઠીન પ્રસંગો પ્રસાર કરી. ઈ. સ. ૧૯૧૩ ચિત્રકલા હોલ તથા તેની આસપાસના બે હોલથી શરુઆત કરતાં, આગળ અન્ય હોલ બંધાવા માડયા. વિકાસની શરુઆતના તે સમયના મુખ્ય મ્યુ. પ્રમુખ સ્વ. રાં. બ. વલ્લભરામ છોટાલાલ ત્રિવેદીને ફાળે જાય છે. તેઓ શ્રીકપડવણજના ચાણકય અને એક ચક્ષુ હતા. એ બાજુની શાળાની પાંખ તે સમયે ગામના કેટલાક દાનવીરોના સહકારથી બંધાઈ ગઈ. તેવી જ રીતે સામેની પાંખ પણ બંધાઈ ગઇ (જેમાં જૂની પાંખમાં પણ ઓરડા છે. જેમાં ચિત્રકળા હોલ તથા વિજ્ઞાન હોલ છે. સામેની નવી પાંખમાં પણ ઓરડા છે. જેમાં અનેક દાતાઓના નામે હોલ બંધાયેલ છે.)

જયારે શાળા સમિતિ પહેલી રચાઈ ત્યારે કમિટીના ચેરમેન શ્રીગ્યાસુદ્દીન અમીનુદ્દીન હતા. શાળા શ્રીમાધવલાલ શંભુલાલ શેઠના મકાનમાં બેસતી હતી. આ શાળાના ઉત્કર્ષમાં–શિક્ષણ સંસ્થાઓના ઉત્કર્ષમાં જેટલો ફાળો શિક્ષણ શાસ્ત્રીઓનો હોય છે, તેટલો જ બલ્કે વધુ ઉત્સાહ શિક્ષણ પ્રેમીઓનો હોય છે. તેથી જ આવી સંસ્થાઓનો વિકાસ આપણે જોઈએ છીએ. શરૂઆતમાં આચાર્ય શ્રીછગનલાલ ચુનીલાલ મહેતા. જેમણે ૨૩ વરસ આચાર્ય રહી સંસ્થાના વિકાસમાં ઘણો અગત્યનો ભાગ ભજવ્યો હતો. તે બાદ શ્રીમાન હરિલાલ દામોદરદાસ ગાંધીએ શાળાના વિકાસમાં ઘણોજ ભાગ લીધો હતો.

સ્વ. નગરશેઠ શ્રીપ્રેમાભાઇ કેવળભાઈ, સ્વ. રા. બ. વલ્લભરામ છોટાલાલ ત્રિવેદી, સ્વ. શેઠ માધવલાલ શંભુલાલ ત્રિવેદી, સ્વ. ચુનીલાલ વિઠ્ઠલદાસ દેસાઈ, સ્વ. માણેકલાલ હરિલાલ વકીલ, સ્વ. મગનલાલ જયચંદદાસ શાહ, શેઠ કીકાભાઇ મહમદઅલી બોટી, સ્વ. શેઠ કેશવલાલ વિઠ્ઠલદાસ દેસાઈ, સ્વ. શેઠ રા. સા. બળવતંરાય હરગોવિંદદાસ ભટ્ટ, સ્વ. શેઠ ચતુરભાઇ અંબાલાલ ત્રિવેદી, શ્રીમાન અંનતરાય છગનલાલ ત્રિવેદી, માનદ મેજિસ્ટ્રેટ શ્રીમાન સૌમાભાઇ પુનમચંદ દોશી વકીલ, શ્રીમાન પ્રમોદરાય ચંદુલાલ પરીખ (સીવીલ જજ), શ્રી ડો. રમણલાલ વાડીલાલ શાહ, શ્રીકાંતીલાલ ચુનીલાલ દેસાઈ વકીલ (હીરક મહોત્સવ વિશેષાંકમાંથી.)

આ હીરક મહોત્સવ તથા આ સંસ્થાના પ્રિય આચાર્ય સ્વ. શ્રીહરીલાલ દામોદરદાસ ગાંધીના તૈલચિત્રની વિધિ તા. ૨૮–૨–૫૪ના રોજ મુંબઈ રાજયના ઉપશિક્ષણ પ્રધાન શ્રીઈન્દુમતીબહેન ચીમનલાલ સેઠ બી. એ.ના શુભ હસ્તે થયેલ. આ ઉંત્સવને સફળ બનાવનાર શાળા સમિતિના ચેરમેન શ્રીચીમનલાલ ગોરધનદાસ શાહ વકીલના ફાળા રુપે તેમના સાથીદારો અને નાગરિકોના સહકારથી સારી રીતે થયેલ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ શાળામાં ઇ. સ. ૧૯૩૭થી બહેનોને પણ દાખલ કરવામાં આવેલ. આજે ઘણી સારી સંખ્યામાં બહેનો ભણે છે. આ શાળામાં કેટલીક વિશિષ્ટ પ્રવૃત્તિઓ પણ દરેક સંસ્થાઓની માફક છે.

શ્રી કેવળદાસ હરજીવનદાસ ચન્દ્રક, શ્રી ડાહ્યાભાઇ ભાઈલાલભાઇ દેસાઈ ચન્દ્રક, વાર્ષીક ઈનામો, વકતૃત્વ હરીફાઇઓ. રમતગમત, મેગેઝીન, ક્રિકેટ, વોલીબોલ, સમાજસેવા, વિદ્યાર્થીમંડળ વગેરે.

આ શાળાના (અમારી વિદ્યાર્થી અવસ્થામાં) વિદ્યાર્થીઓ ક્રિકેટના મેદાનમાં કાયમ રમતા. જુનીઅર કલબ હાઇસ્કૂલના ચોગાનમાં અને સિનિયર કલબ સ્ટેશન જતાં ચાર રસ્તા પાસેના મેદાન ઉપર રમતા. (હાલ આ સ્થળે મ્યુ. ગાંધી ઉદ્યાન શોભે છે.)

સમય આગળ વધતાં શાળામાં વિદ્યાર્થીઓ વધતાં વધુ ઓરડા બાંધવાની જરૂર પડતાં શેઠ શ્રીમણીલાલ પીતાંબરદાસ પરીખ તરફથી મોટી રકમનું દાન મળતાં બીજા વધારાના ઓરડા રંગભુવન વગેરે બંધાયાં.

કપડવણજના વિકાસમાં દાનેશ્વરીઓએ છુટા હાથે લક્ષ્મીનો ઉપયોગ કર્યો છે, કરે છે. તેટલું જ નહિ પણ આપણા વતનને નિઃસ્વાર્થે, ભાવનાશીલ અને વિનમ્ર શ્રેષ્ઠીઓ અને સેવકો સાંપડયા છે.

આ શાળામાં આચાર્યગણ માટે–(વિદ્યાર્થી અને શિક્ષક) કપડવણજમાં બાલકવિના ઉપનામથી જાણીતા શ્રીવિષ્ણુપ્રસાદ મગનલાલ પંડ્યાનું કાવ્ય આપણને આચાર્યની યાદ અપાવે છે.

## અંજલિ

રુડી રીતે સીતેર શરદો વિતાવી,
અને કાનું અજ્ઞાન હેતે હઠાવી ।
અલૌકિક જ્યોતિ ઉરે તે જગાવી,
ઘડ્યું બાલકો બાલિકાઓનું ભાવિ ....૧ ॥

અનેરી અમારી તું છે જ્ઞાનવાડી,
મલ્યા "બૂચ" "ગાંધી" સમા ભવ્ય આવી ।
પુરંધર અભ્યંકર શાહે ભાળી,
દેસાઈ "જોશી"એ કીધી રસાળી ....૨ ॥

મીઠી છત્રછાયા તળે ત્હારી રે તો,
હું બત્રીસ વર્ષોથી આનંદ લેતો ।
ભણ્યો સાત વર્ષો સુધી જ્ઞાન લીધું ।
તે પચ્ચીસ બીજા લીધું જ્ઞાન દીધું ....૩ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગણી પ્રાણ શું પ્રિય માડી સદાયે,
સદા ઉન્નતિ કાજ ત્હારી મથ્યા જે ।
કરી સેવા સારી સુવિખ્યાત કીધા,
હરિલાલ ગાંધી તણી ભવ્ય સિદ્ધિ ....૪ ॥

સ્મરૂં હું સદાયે ગુરૂદેવ ગાંધી,
ભૂલું કેમ મૈયા તને હું કદાપિ ? ।
ગુરૂચર્ણમાં ને મળી માતા તારા,
હજારો પ્રણામો હમેશાં હમારા ....૫ ॥

(વિષ્ણુપ્રસાદ મગનલાલ પંડયા)

આ શાળાના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ વતનની શોભામાં વધારો કર્યો છે. દિવસે દિવસે એ તરફ શહેરના વિચારવંત અને પ્રગતિશીલ નાગરિકોનું ધ્યાન દોરાયું તથા શહેર સુધરાઇના કાર્યદક્ષ સભ્યોએ પ્રતિષ્ઠિત દાનવીરોનો સંપર્ક સાધ્યો. શાળાઓનો વિકાસ થયો. શહેર સુધરાઇને શાળાના વિકાસ માટે શેઠ મણીલાલ પીતાંબરદાસ દ્વારા સારી રકમનું દાન આપવામાં આવ્યું, અને શાળાનું નામ 'શેઠ એમ. પી. મ્યુ. હાઇસ્કૂલ' કપડવણજ રાખવામાં આવ્યું. તેનું ઉદ્ઘાટન પુન્યવાનના શુભ હસ્તે કરવામાં આવ્યું.

આ શાળામાં : ૧. શ્રીઇચ્છાબેન મણીલાલ પુસ્તકાલય, ૨. શ્રીસમરતબેન સોમાભાઇ સભાગૃહ, ૩. શ્રીધીરજબેન બાલસંગ્રહાલય. ૪. શ્રીલક્ષ્મીચંદ મીઠાલાલ વાણિજ્ય વિભાગ, ૫. શ્રીઇચ્છાબેન મણીલાલ પરીખ રંગભુવન. આ રીતે ઉપરના વિભાગો અસ્તિત્વમાં આવ્યા છે,

## શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલય

શ્રીકપડવણજ કેળવણી મંડળ સંચાલીત સંસ્થાઓના ઇતિહાસમી પૂર્વ ભૂમિકા.

આ મંડળની સ્થાપનાનો ઉદ્દેશ ગામના યુવાનોમાં રાષ્ટ્રીય ભાવના, આદર્શ યુવાનોમાં સર્વાંગ સુંદર ઘડતર થાય. વતનને અને દેશને સહાયભૂત બને તેવા નાગરિક ઘડવાની ભાવના.

પૂ. હરિભાઇ દેસાઇનો "પરિવાર" વતનના સેવાભાવી યુવાનોના મણકાની માળા, એજ કેળવણી મંડળ, અમારા એ સમયના યુવાનોની તમન્ના પણ પૂ. હરિભાઇ દેસાઇનું અવસાન તા. ૧૯–૧–૧૯૨૭ ના રોજ થયું. તેમના સ્વપ્નાનું સંગઠન 'સેવાસંઘ' ના રુપે પ્રગટ થયું.

રાષ્ટ્રીય ભાવનાના સહૃદયી સેવકો શ્રીચંદ્રકાન્તભાઈ શ્રીશંકરલાલ હ. શાહ–શ્રીમોહનલાલ એ. પરીખ–શ્રીમણીલાલ ગી. શાહ–શ્રીકુબેરભાઇ દ. પટેલ–શ્રીજયશંકર જી. ત્રિવેદી–શ્રીમાણેકલાલ છો. દેસાઈ–શ્રીમાધવભાઇ ના. પટેલ–શ્રીનટવરલાલ ઝવેરી–વગેરેના મનમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાયમ ચિંતને ચાલુ હતું. તેમાંના કેટલાક ભાઈઓ શ્રીમોહનલાલ અંબાલાલ પરીખના શેઠવાડાના મકાનમાં તા. ૭–૬–૧૯૪૦ ના ભેગા થયા અને તે દિવસે જ "કેળવણી મંડળ" ની સ્થાપના થઈ. તેમાં પ્રથમ આચાર્ય તરીકે પ્રતિભાશાળી અને રાષ્ટ્રિય ભાવનાવાળા શ્રીશાંતિલાલ દ. ભટ્ટ પ્રથમ જોડાયા. સંસ્થાનું ઉદ્‌ઘાટન શ્રીયુત્ પટેલ ( વિટ્ટલકન્યા વિદ્યાલયના આચાર્ય)ના શુભ હસ્તે તા. ૧૩–૬–૧૯૪૦ ના રોજ શ્રીમગનલાલ નરસીંહભાઈની વાડી (જ્યાં તે સમયે મુગટ બાલમંદિર બેસતું) તે વાડીના મેડાઉપર ૧ થી ૫ ધોરણથી શરુ કર્યું.

થોડાક વિદ્યાર્થીઓથી શરુ થયેલ આ શાળા જે સંસ્થાપકોના ઉચ્ચ આદર્શ ભાવનાઓના સુક્ષ્મ બીજમાંથી વિશાળ વડ વૃક્ષ માફક વિકસી રહેલ છે.

કપડવણજના દાનવીર પારેખ કુટુંબના શેઠ શ્રીચંદુલાલ પીતાંબરદાસના સુપુત્ર સ્વ. ચંપકલાલના સ્મરણાર્થે મોટું દાન જાહેર કરતાં આ શાળા શ્રીચંપકલાલ નવચેતન વિદ્યાલયના નામે પોતાના સ્વતંત્ર મકાનમાં શરૂ થયેલ છે. આ મકાનનું ખાત મુહુર્ત ગુજરાતના મુકસેવક શ્રી પૂ. રવિશંકર મહારાજની આશિષથી અને તા. ૧૩–૩–૧૯૪૨ અને ઉદ્‌ઘાટન તા. ૯–૬–૧૯૪૬ સ્વ. શ્રીબાળા સાહેબ ખેરના વરદ હસ્તે થયેલું.

સમયની સાથે સાથે મંડળના પ્રણેતાઓએ સંસ્થાને અંગભૂત અલગ અલગ શિક્ષણ વિશિષ્ટ શાળાઓ શરૂ કરેલ છે.

## શ્રી શામળદાસ અમીચંદભાઈ હુન્નર ઉદ્યોગ શાળા

સ્વ. શામળદાસ અમીચંદના કુટુંબીજનોએ યુવાનોએ ઔદ્યિક તાલીમ સાથે ઉદ્યોગનું શિક્ષણ અપાય એ શુભ આશયથી મોટી રકમનું દાન શ્રીયુત પ્રિયકાંતભાઈ ઓચ્છવલાલ પરીખ તરફથી સંસ્થાને મકાન બાંધવા મળતાં પ્રોત્સાહન વધ્યું. શ્રીશામળદાસ અમીચંદભાઈ હુન્નરઉદ્યોગ શાળાના મકાનનું ખાતમુહુર્ત શ્રી સ્વ. પૂ. દાદા માવલંકરના શુભ હસ્તે સને ૧૯૪૫ માં કરવામાં આવ્યું. આ પ્રગતિશીલ પરિવર્તનથી ૧૯૫૧ માં ટેકનીકલ સ્કુલના માટે આ મકાનનો ઉપયોગ થયો. ઉચ્ચ કેળવણી માટે કોલેજના સાયન્સના વર્ગો માટે પણ ઉપયોગ થયો. વળી ભવિષ્યમાં કોઈ ઔદ્યોગિક પ્રવૃત્તિ અહીં થશે.

## શ્રી પી. નં. ટેકનીકલલ હાઈસ્કુલ

શેઠ શ્રીચંદુલાલ પીતાંબરદાસ પરીખ તરફથી 'ટેકનીકલ હાઈસ્કુલ' માટે મોટી રકમનું દાન મળતાં 'શ્રીચંપકલાલ નવચેતન વિદ્યાલય' સાથે 'શ્રીપીતાંબરદાસ નંદલાલ ટેકનીકલ હાઈસ્કુલ' શરૂ કરી. આર્થિક જવાબદારી હાલમાં ગુજરાત સરકાર હસ્તક છે. ઉદ્‌ઘાટન ગુજરાતના સર્વોચ્ચ નેતા મુંબઈ રાજ્યના (તે સમયના) ગૃહપ્રધાન માનનીય શ્રીમોરારજીભાઈ દેસાઈના શુભ હસ્તે એપ્રિલ ૧૯૫૧ માં થયેલ. 'ટેકનીકલ હાઇસ્કુલ'ના અસ્તિત્વથી આ નજીકના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભવિષ્યમાં 'ઇન્ડસ્ટ્રીઅલ ટ્રેઇનીંગ ઇન્સ્ટીટ્યુટ' તેમજ "પોલીટેકનીક" શરૂ કરવાનો ગુજરાત સરકારે નિર્ણય કરેલ છે. જેને માટે રત્નાકર માતાની ટેકરીઓ પર જમીન મંજુર કરેલ છે.

## શ્રીમણીલાલ પીતાંબરદાસ પરીખ કોમર્સ સ્કૂલ

વિવિધલક્ષી અભ્યાસક્રમોમાં કપડવણજના વિદ્યાર્થી ભાઈ બહેનોને વાણિજ્ય વ્યાપારી શિક્ષણનો લાભ મળે તે દૃષ્ટિએ શેઠ મણીલાલ પીતાંબરદાસ પરીખના સૌજન્યથી સુંદર મકાન બાંધવામાં આવ્યું. જેનું ઉદ્દઘાટન તા. ૨૯–૯–૫૭ રવિવારના રોજ શ્રીમાન્ ચંદુલાલ માધવલાલ ત્રિવેદીના શુભ હસ્તે થયું હતું. આ શાળામાં ગામના તથા બહારગામના વિદ્યાર્થીઓ સારું એવું ટાઈપીંગ શીખવાનો લાભ લઈ શકે છે. વહીવટ શ્રીકપડવણજ કેળવણી મંડળ સંભાળે છે.

**શ્રીચંચળબેન રંગભુવન** : વિદ્યાલયના પટાગણમાં એક સુંદર ઓપન થિયેટરની રચના માટે શેઠ ચંદુલાલ પી. પરીખે તેમના સ્વ. બહેન ચંચળબહેનની સ્મૃતિમાં દાન આપેલ છે. વિદ્યાર્થીઓ મનોરંજન માટે આ રંગમંડપનો ઉપયોગ કરે છે.

**શ્રીઈચ્છાબહેન ચંદુલાલ પારેખ કૃષીશાળા :** ઈ. સ. ૧૯૬૧ થી ખેતીવાડી શાળાનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે. શ્રીઇચ્છાબહેન ચંદુલાલ પારેખ તરફથી દાન મળતાં આ શાળા માટે જમીન અને મકાનો પણ થયાં છે. ભવિષ્યમાં સારો વિકાસ થાય તેમ છે.

**શ્રીજમનાબહેન લલિતકલા વર્ગ** : માનવજીવનનો સર્વાંગી વિકાસ એ શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ હોય છે. હૃદયંગમ ભાવોને સ્પર્શ કરતી, પ્રેમ જગાવતી, અંતરાત્માને આનંદ અને પ્રેરણા આપતી લલિતકલાનું પણ જીવનમાં અનોખું સ્થાન છે. કેળવણીમાં લલિતકલાનો અભ્યાસક્રમ શરૂ થતાં આ વિભાગના ઉત્તેજન માટે શેઠ શ્રીચંદુલાલ પારેખ તરફથી તેમનાં સ્વ. બહેનશ્રીજમનાબહેનની પુણ્ય સ્મૃતિમાં આ વિભાગ માટે દાન આપવામાં આવેલ છે.

**શ્રીમાણેકલાલ હરિલાલ વકીલ પુસ્તકાલય :** સ્વ. શ્રીમાણેકલાલ હ. વકીલના સુપુત્રો તરફથી વિદ્યાલયમાં પુસ્તકાલયની સ્થાપના માટે દાન આપવામાં આવેલ છે.

શેઠશ્રીમંગળદાસ રણછોડદાસના ટ્રસ્ટીઓ તરફથી એક બૃહદ પુસ્તકાલયની યોજના માટે દાન અપાએલ છે,

**શ્રીશારદા મંદિર** : એક સમય પર શ્રીમાણેકબાઇ શેઠાણીની ધર્મશાળામાં ઈ. સ. ૧૯૨૧ માં રાષ્ટ્રિય શાળાના પગરણ શરૂ થએલ. જ્યારે શહેર સુધરાઇનાં હાઇસ્કૂલનાં મકાનો



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થએલા નહી. તે સમય પર આ ધર્મશાળામાં કેટલાક વર્ગોના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવેલ. આ ધર્મશાળાના મકાનનો કેટલીક વખત વિદ્યા મંદિર તરીકે ઉપયોગ થએલ છે. આ સ્થળ–શ્રીમાણેકબાઈ શેઠાણીની ધર્મશાળાના મકાનમાં કપડવણજના કેટલાક યુવાનોએ માનસિક અને શારીરિક કેળવણી લીધેલ છે.

ઇ. સ. ૧૯૬૩ માં અહીં નવાગામના વતની કપડવણજમાં શિક્ષણ મેળવેલ ભાવનાશીલ યુવાન શ્રીગીરધરભાઈ પરસોત્તમભાઈ પટેલે તન, મન અને ધનની ભાવનાઓથી માધ્યમિક શાળાની શરૂઆત કરેલ. નાના રત્નાગિરિ તરફ જવાના રસ્તા પર શ્રીગીરધરભાઇ તરફથી બક્ષીસ કરેલ જમીન પર 'ગીતાભવન' બાંધવામાં આવ્યું. જ્યાં ૧. શ્રીઅંબાલાલ છોટાલાલ પ્રાથમિક વિભાગ શારદામંદિરનું મકાન બન્યું. અને ૨. શ્રીલક્ષ્મીચંદ મીઠાલાલ કાંટવાળા માધ્યમિક વિભાગ શારદામંદિરનું મકાન બન્યું. નવું મકાન તા. ૧–૩–૭૬ના ખુલ્લું મુકવામાં આવ્યું. આ મકાનનું ઉદ્‌ઘાટન વેદાંતઆચાર્ય શિદાનંદજી મહારાજે કર્યું.

**ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની શરૂઆત** : રાષ્ટ્રિય સરકારે ફરજીયાત અને મફત શિક્ષણ તરફ પગલાં ભરતાં શિક્ષણની વ્યાપકતા વધવા માંડી. શિક્ષણ તરફ શાળાઓ તથા માધ્યમિક શાળાઓ પણ ગામે ગામ સ્થપાવા લાગી. ઉચ્ચ શિક્ષણની ભૂખ વધવા માંડી. વિદ્વાનો, શ્રીમંતો તથા સામાન્ય પ્રજા પણ આ માટે વિચારતી થઈ. ઘણી મોટી જવાબદારી, લાખોના વહીવટ માટે કાર્યદક્ષ વહીવટદારોને પણ વિચાર કરવો પડે, તેવું આ કપરું કાર્ય હોવા છતાં ઇ. સ. ૧૯૬૧ માં આર્ટસ અને સાયન્સ કોલેજ માટે મોટા દાન કેળવણી મંડળે મેળવ્યાં. શાહ કેશવલાલ સોમાભાઈ 'આર્ટસ કોલેજ' અને પારેખ બ્રધર્સ સાયન્સ કોલેજની સ્થાપના કરી. આ બંને કોલેજો (મહા વિદ્યાલયો) શ્રીચંપકલાલ નવચેતન વિદ્યાલયના મકાનમાં બેસતી, ડાકોરના રસ્તે હરીકુંજ સોસાયટી પાછળ સંસ્થાના વિશાળ મકાનો તૈયાર થતાં, બંને સંસ્થાઓનાં શિક્ષણ કાર્ય શરૂ થયાં. ઈ. સ. ૧૯૬૪ માં વી. એમ. પારેખ કોમર્સ કોલેજ પણ ત્યાં જ શરૂ થઇ. બહારગામના વિદ્યાર્થીઓ માટે સુંદર છાત્રાલય તૈયાર થયું. કોલેજના વિદ્યાર્થીઓ માટે એન.સી.સી. લશ્કરી તાલીમ ફરજિયાત હોવાથી તાલીમનું કેન્દ્ર સદ્‌ભાગ્યે કપડવણજ કોલેજને મળેલ છે. કેળવણીક્ષેત્રે કપડવણજ શહેરની ઘણી જ સુંદર પ્રસંશાજનક પ્રગતિ થઈ રહેલ. કેળવણી મંડળના નાના ઝરણાથી સાગર સુધીનો પ્રવાહ દૃષ્ટિ ગોચર થાય છે. તે કેળવણીના મહાન ઉપાસક ગૌરવસમા સ્વ. શ્રીશંકરલાલ હરજીવનદાસ શાહને ફાળે છે. નિઃસ્વાર્થ સેવકને ધનિકોએ ઘણો જ સારો સહકાર આપ્યો હતો. આ દાનો મેળવવામાં શ્રીનગીનભાઈ વાડીલાલ ગાંધીને ભૂલાય તેમ નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોલેજો માટે જરૂરી વિશાળ જમીન (૨૯ એકર જમીન) શ્રીરત્નાકાર માતાજીની પડોશમાં પસંદ કરવામાં આવી અને ગુજરાત સરકારે આ જમીન કેળવણી મંડળને ફ્રી ગ્રાન્ટથી આપી. મંડળે બીજી દસેક એકર જમીન ખરીદી રમતગમતના મેદાન માટે તથા પેવેલિયન માટે બીજી સરકારી જમીન મંડળને નોમીનલ રેન્ટથી ૧૫ વરસના પટે આપેલી છે. પારેખ બ્રધર્સ સાયન્સ કોલેજ અને શાહ કેશવલાલ સોમાભાઇ આર્ટ્સ કોલેજનાં ઘણા જ મોટા ખર્ચે આલિશાન મકાનો બંધાયાં, અને કોલેજની શુભ શરૂઆત થઈ. તેનું ઉદ્ઘાટન ઈ. સ. ૧૯૬૧ તા. ૧૫–૬–૧૯૬૧ ના શુભ દિને ગુજરાત રાજ્યના તે વખતના શિક્ષણ પ્રધાન માનનીય શ્રીહિતેન્દ્રભાઈ દેસાઈના શુભ હસ્તે કરવામાં આવેલું. તે દિવસના અતિથિ વિશેષ પૂ. શ્રીરવિશંકર મહારાજના આશીર્વચન મળેલાં. ત્યાર બાદ સને ૧૯૬૪ તા. ૫–૪–૧૯૬૪ ના રોજ શ્રીવાડીલાલ મનસુખરામ કોમર્સ કોલેજ શરૂ કરવામાં આવેલી.

**શ્રીહુસેનાબાઈ જાબીરભાઇ સભાગૃહ :** કોલેજની તમામ પ્રવૃત્તિઓના આયોજનો, સમારંભો, મેલાવડા નાટ્યપ્રયોગો વગેરે કાર્યક્રમો માટે એક સભાગૃહની જરૂર જણાતાં દાનવીર શેઠ શ્રીજાબીરભાઈ બદરૂદ્દીન મહેતાએ તેમના પત્ની શ્રીહુસેનાબાઇના નામે સારી રકમની જાહેરાત કરી. હુસેનાબાઇ જાબીરભાઇ મહેતા સભાગૃહ નામ રાખવામાં આવ્યું. સાથે સાથે ૩૦૦ ખુરશીઓ પણ તે સભાગૃહ માટે આપી.

**વિદ્યાર્થીભવન :** કપડવણજમાં બહારગામથી ભણવા આવતા વિદ્યાર્થીઓ માટે રહેવા જમવાનો કોઈપણ પ્રબંધ નહીં હોવાથી, સેવાસંઘના કાર્યકરોની દૃષ્ટિમાં આ અગવડનો ઉકેલ લાવવા માટે તેઓએ તાત્કાલિક સંસ્થા તરફથી તા. ૧૪–૬–૧૯૩૬ ના રોજ ગોરવાડામાં કુવા પાસે શ્રીમણીભાઈ શામળભાઈ શેઠના ડહેલામાં વિદ્યાર્થીગૃહ શરૂ કરાવ્યું. (તે સંવત ૧૯૯૨ ના જેઠ માસમાં શ્રીકુબેરભાઈ દસુરભાઈ પટેલની ગૃહપતિ તરીકેની સેવાઓથી શરૂ કરવામાં આવેલ.)

છાત્રાલયની સગવડતા દૂર કરવા શ્રીયુત પ્રબોધચંદ્ર જેઠાલાલ શાહ તરફથી પોતાના માતા–પિતાના સ્મરણાર્થે હોલ, અને જમીનનો કેટલોક ભાગ, ડો. વાડીલાલ દેસાઈ તરફથી ભેટ મળતાં સંવત ૧૯૯૨ના આસો સુદ ૧૦ (વિજયાદશમીએ) છાત્રાલયનો પાયો સ્વ. જેઠાલાલ કાળીદાસ છાત્ર નિવાસ ગૃહ ૧ લાખના ખર્ચે તેમના સુપુત્ર શ્રીપ્રબોધચંદ્ર તરફથી તથા તેમનાં સુપુત્રી શ્રીમધુકાંતાબહેન ચંદ્રકાંત મ. પરીખના સહકારથી થયેલ. ત્યાં તા. ૧૯–૮–૩૭ના દિવસે વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો. છાત્રાલય માટે મુખ્ય સંચાલક શ્રીમાધુભાઈ નાથાભાઈ પટેલ, શ્રીમાણેકલાલ છોટાલાલ દેસાઇ (શ્રીહરીકુંજ સોસાયટીના આદ્ય સ્થાપકો) નિમાયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ છાત્રાલયનું નામ પૂ. સ્વ. હરીભાઇ દેસાઇના સ્મારક તરીકે તેમના નામથી " શ્રી હરિ છાત્રાલય " રાખ્યું છે. આ સ્થળે તેઓશ્રીની પ્રતિમા તા. ૧૬-૧-૧૯૪૮ના રોજ ભારતના આ યુગના ઋષિ પૂ. વિનોબાજીના શુભ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ છાત્રાલયમાં છાત્રોના જીવનને સંયમી આદર્શ નાગરિક ઘડવા માટે આદર્શ સેવક વ્યાયામવીર સ્વ. શ્રીકુબેરભાઈ દલસુભાઈ પટેલ હતા. તેમને કોઈ યુવાન ભુલશે નહીં. (નડીયાદના વતની હતા પણ તેમને કપડવણજને પોતાનું વતન ગણ્યું છે.) આ સમયના જુવાનો પોતાના વતન માટે કંઈક કરી છુટવાની તમન્નાવાળા હતા. આજે પણ આ છાત્રાલય-માંથી શુભ સંસ્કાર મેળવી આગળ વધેલા વિદ્યાર્થીઓ તેમના વતનમાં સંસ્કાર ઝરણા વહેવડાવે છે.

આ છાત્રાલયનો વહીવટ ૧૯૪૪થી કેળવણી મંડળના હસ્તક ચાલે છે. ડાકોરની સડકે આગળ જતાં આ હરિ છાત્રાલયના કમ્પાઉંડમાં જ એક વધુ છાત્રાલય " શ્રીમંગળદાસ વિદ્યાર્થી ભવન " શેઠ મંગળદાસ રણછોડદાસના ટ્રસ્ટીઓ તરફ દાન મળતાં બાંધવામાં આવ્યું. સાથે સાથે સ્વાવલંબી વિદ્યાર્થીઓ માટે બે નાનાં છાત્રાલય બાંધવામાં આવેલ છે. આ ત્રણે છાત્રાલયોમાં માધ્યમીક શાળાના વિદ્યાર્થીઓ સારો લાભ લે છે. શ્રીદશરથલાલ મગનલાલ ભટે શરુઆતની ભાવના તથા જમીનના પ્લોટો પાડી સાડાત્રણ વિઘાં જમીન કુવા સાથે છાત્રોના હીત માટે સેવાસંઘને ભેટ આપી. તથા સ્વ. નટવરલાલ બાપુલાલ દેસાઈ-ના સ્મરણાર્થે ડૉ. બાપુલાલના વારસદારો તરફથી પણ ભેટ મળી છે. જે ભૂલાય તેમ નથી.

પ્રથમ ભાડાના મકાનમાં તા. ૧૩-૬-૧૯૪૮ના રોજ સ્વ. રમણલાલ ચંદુલાલ પરીખ બાસુંદીવાળાના શુભ હસ્તે છાત્રાલયની શરૂઆત થઈ. સ્વતંત્ર મકાન બાંધવા માટે મોટો ફાળો એકત્ર કરવામાં આવ્યો. તે બાદ કપડવણજથી મોડાસા તરફ જવાની સડકની જમણી બાજુ આલી-શાન છાત્રાલય બાંધવામાં આવેલ છે. કપડવણજના સુપુત્ર લોકપ્રિય સુધરાઈ અધ્યક્ષ (માજી) શ્રીધીરૂભાઇ કાંટાવાળાના કુટુંબના મોટા દાનથી તેમનું નામ આ છાત્રાલય સાથે જોડવામાં આવ્યું. ત્રણ એકર જેટલી જમીનમાં આ છાત્રાલય વિકસેલ છે. દૂર દૂરથી ભણવા આવતા ખડાયતા જ્ઞાતિના વિદ્યાર્થીઓને ધાર્મિક રીતે પ્રાર્થના વગેરે તેમજ સ્વાશ્રયી બને તેવી-રીતે દોરવણી આપવામાં આવે છે. લસુંદરાના વતની શ્રીકાંતીલાલ શીવલાલ તલાટી (કેળવાયેલ) તેના આંદર્શ ગૃહપતિ હતા. (જેઓ કપડવણજના વ્યાયામ શિક્ષક હરિ છાત્રાલયના ગૃહપતિ અને કપડવણજના હજારો વિદ્યાર્થીઓના જીવનમાં આદર્શ ચેતના રેડનાર હતા. કુબેરભાઈ દસુભાઇ પટેલ કે જેઓ પણ એક સૈનિક છે.) આજે તાલુકાના ગૃહરક્ષક દળના વડા છે. ગામની સેવાસંઘ સંસ્થાના મહામંત્રી પદે એક વખત રહેલ છે. સેવા ભાવનાના તે પ્રતીકો છે.

તા. ૧૯–૫–૧૯૫૬ના રોજ આ શ્રી લક્ષ્મીચંદ મીઠાલાલ છાત્રાલયના આલીશાન મકાન-નું ઉદ્‌ઘાટન ખડાયતા કેળવની મંડળના પ્રમુખ શ્રીમોહનલાલ ફુલચંદ શાહના શુભ હસ્તે કરવામાં આવેલું. છાત્રાલયમાં સુરજબેન લક્ષ્મીચંદ ભોજનગૃહ, જયચંદ ધરમચંદ કાર્યાલય નામનું મકાન, ગૃહપતિનિવાસ, છોટાલાલ જાદવજી હોલ તથા છોટાલાલ ઝવેરદાસ હોલ પણ આવેલા છે.

## શ્રીમફતલાલ કાંતીલાલ વિદ્યાર્થીગૃહ તથા શ્રીચીમનલાલ ડાહ્યાભાઈ વિદ્યાર્થી ભવન અને જીનેવાળા ડાઇનીંગ હોલ

કપડવણજમાં મહાવિદ્યાલયો તૈયાર થયાં, પણ ત્યાં અભ્યાસ કરનાર બહારગામના વિદ્યાર્થીઓને રહેવા તથા જમવાની અગવડ નિવારવા શ્રીકેળવણી મંડળે ટેહલ નાંખી. આ ટહેલ મેસર્સ મફતલાલ કાંતીલાલની કંપનીના ભાગીદારોએ સ્વીકારી અને સારું દાન જાહેર કર્યું. સાથે સાથે સ્વ. શ્રીચીમનલાલ ડાહ્યાભાઈના સુપત્ની માયાબહેન દ્વારા શ્રીચીમનભાઈની સ્મૃતિમાં વિદ્યાર્થીગૃહનો એક ભાગ તૈયાર થયો. આ વિદ્યાર્થીગૃહ કોલેજ કમ્પાઉન્ડમાં ઉંચી ટેકરી પર હવા પાણી અને નૈસર્ગિક સૌંદર્ય સાથે શાંત વાતાવરણમાં ત્યાંની સુંદરતામાં વધારો કરી રહેલ છે- ૭૫ વિદ્યાર્થીઓ સારી રીતે રહી શકે તેવું આ ભવ્ય છાત્રાલય છે. કેળવણી મંડળ કોલજના બહારગામથી આવનાર બહેનોને માટે એક "વિદ્યાર્થિની ભવન"ની વિચારણામાં છે.

**સવાસો ગામ કડવા પાટીદાર છાત્રાલય :** શેઠશ્રી મણીભાઈ શામળભાઈના બંગલામાં (અંતિસરીયા દરવાજા બહાર માણેકબાઈની ધર્મશાળાના સામેના બંગલામાં) શરૂ થયેલ.

## શ્રી સ. વિ. સો. કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થીભુવન :

કપડવણજ મ્યુ. પાણીની ટાંકીની પડોશમાં મ્યુ. હાઈસ્કૂલની પશ્ચિમે પ્રખ્યાત સીંગર-વાવની પડોશમાં આવેલ શ્રીકચ્છ કડવા પાટીદાર સમાજની વાડીમાં એક વિદ્યાર્થી ભુવન ચાલે છે. આ જમીન સંવત્ ૧૯૮૦ના આસો સુદ ૧૦ (વિજયાદશમી)ને મંગળવારે તા. ૭–૧૦–૧૯૨૪ના રોજ ખરીદી હતી.

આ વાડી ઈ. સ. ૧૯૪૪ સમસ્ત કચ્છી પટેલ ભાઈઓએ બંધાવેલ છે. તમામ કચ્છી ભાઈઓએ આવીરીતે પોતાના વસવાટોની પડોશમાં ઘણી જગાઓ (સ્થળો ઉપર) સુંદર વાડીઓ બાંધેલ છે. જ્યાં તેમના બિમાર ભાઈઓ તથા વિદ્યાર્થીઓ માટે સગવડો રાખે છે.

આ સ્થળે પણ એક વિદ્યાર્થીભુવન શ્રીસવજીભાઈ સોમજીભાઈ તથા શ્રીવિશરામભાઇ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સોમજીભાઈ પટેલ એમ બંને ભાઈઓના નામથી 'શ્રીસવજીભાઇ એન્ડ વિશરામભાઇ કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી ભુવન'ની સ્થાપના ઇ. સ. ૧૯૬૮ના શુભ દિવસે કરવામાં આવેલી. કચ્છી વિદ્યાર્થી ભાઇઓને તમામ પ્રકારની સગવડ આપવામાં આવે છે. મીનીપુરા (બાવળીયા કમ્પા)ના શ્રીસવજીભાઈ તથા દુધાથલના શ્રીવિશરામભાઇ બંને સહોદર છે.

## ધાર્મિક શિક્ષણ

**સંસ્કૃત પાઠશાળા** : કપડવણજના જૂના સમયના જાણીતા શ્રીમણીલાલ પીતાંબર દાસ ત્રિવેદી (મણીલાલ બાપુ)ની હવેલીમાં સવંત ૧૯૫૧માં સંસ્કૃત પાઠશાળા શરુ કરવામાં આવેલી. પછીથી પટેલવાડાના નાકા સામે શ્રીરઘુનાથજીના મંદિર સાથેની મોઢબ્રાહ્મણની ધર્મશાળાના મેડા પર સંસ્કૃત પાઠશાળા મોઢ મિત્રમંડળે શરૂ કરેલ. તેમાં આચાર્યશ્રી પૂ. અમૃતલાલ ગોરધનલાલ પુરાણી હતા. આમાં બ્રાહ્મણ વિદ્યાર્થીઓ તથા વણિક લાભ લેતા હતા.

**જૈન પાઠશાળા** : જે મકાનમાં શ્રીમાણેકબાઈ શેઠાણી તરફથી **અનાથાશ્રમ** અને સદાવ્રતખાતું ચાલે છે. તે જ મકાનમાં જૈન વિદ્યાર્થીઓને ધાર્મિક જ્ઞાન અપાય છે. તેનું નામ શેઠ મણીભાઈ શામળભાઈ ધાર્મીક પાઠશાળા છે.

**જૈન કન્યા પાઠશાળા** : જૈન ઉપાશ્રયોમાં બપોરના સમયે ધાર્મિક જ્ઞાન અપાય છે. બહેનો બપોરના સમયે લાભ લે છે. ઉપરોકત બેઉ જૈન ધાર્મિક પાઠશાળાઓ જૈન પંચ તરફથી ચાલે છે.

**મુસ્લિમ શાળા** : અંતીસરિયા દરવાજા પાસે કસ્બાની મસ્જિદના મેડા પર શહેર કાજી શ્રીબદરુદ્દીન મહંમદમીયાં કાજી સાહેબ ધાર્મિક જ્ઞાન આપે છે.

કડીયાની મસ્જિદના મેડા ઉપર પણ ધાર્મિક શિક્ષણ અપાય છે.

**મજુરશાળા** : તા. ૧૪–૪–૩૮ના રોજ સેવાસંઘની યોજના પ્રમાણે એક શાળા મજૂરોને અક્ષરજ્ઞાન આપવા ચાલુ કરવામાં આવેલ. થોડા સમય બાદ તે બંધ થયેલ.

### : વહેતી જ્ઞાનગંગા :

કપડવણજની દરેક શાળાઓ તથા મહાશાળાઓને પોતપોતાનાં નાનકડાં પુસ્તકાલયો છે. જેનો લાભ ત્યાંના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો લઇ શકે છે. જેની વ્યવસ્થા પણ શાળાઓ સુંદર રીતે કરે છે.

## ધી નેટીવ જનરલ લાયબ્રેરી

કપડવણજ શહેરનું સૌથી પ્રથમ ગામ જનતા માટેનું વાંચનાલય છે. આ પુસ્તકાલય પોતાના મકાનમાં શરુ થયેલ. તેનો મુખ્ય ફાળો શહેર સુધરાઇના પ્રથમ અધ્યક્ષ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રા. સા. મગનલાલ જેચંદભાઈ હતા. (જેઓ મહુધાના વતની હતા. અહીં વકીલાત કરતા હતા.) જેમના પ્રયત્નથી આ લાયબ્રેરીની સ્થાપના થયેલ. તેઓશ્રી એટલા લોકપ્રિય હતા કે સરકારે તેમને ગાર્મસ એકટમાંથી બાદ કરેલા. "મેમોરીઅલ ફંડ" માંથી તેમની બે મોટી છબી તૈયાર કરાવી. (૧) આ લાયબ્રેરીમાં તથા (૨) શહેર સુધરાઈના હોલમાં રાખવામાં આવેલ છે.

શરૂઆતમાં આ પુસ્તકાલયના અખબારો, અમલદારો અને મ્યુ. સભ્યોના ઘરે ખાસ કરીને વંચવા જતાં. આ પુસ્તકાલયનો ઉપયોગ મોટા ગણાતા સર્વે લેતાં. જેથી આમ જનતા તેનો લાભ લેતાં સંકોચાતી હતી. હાલમાં આમ જનતા સારી રીતે લાભ લે છે. અખબારો પણ સારા પ્રમાણમાં આવે છે. તથા પુસ્તકોની આપ–લે પણ સારા પ્રમાણમાં થાય છે. તેમાં હાલનાં સામાયિકો દરરોજનાં–અઠવાડિક–માસિક વગેરે આવે છે.

## શ્રીભક્તિપ્રસાદ કેશવલાલ ત્રિવેદી

જ્યારે આપણે ગ્રંથાલયોનો વિચાર કરીએ છીએ ત્યારે કપડવણજના એક સપુત યાદ આવે છે. જે અલ્લાહબાદ વિશ્વ વિદ્યાલયના ગ્રંથાધ્યક્ષ છે. તેઓ શ્રીભારત તથા અમેરિકાની સરકારો તરફથી પરદેશગમન કરનાર તરીકે હિંદભરમાં ગ્રંથાલયોમાંથી સૌ પ્રથમ પસંદગી થયેલ. તેઓએ યુરોપ અમેરિકાના પુસ્તકાલયોના નિરીક્ષણ કરેલ છે. ભારતની સારી એવી પ્રસિદ્ધ લાયબ્રેરીઓમાં તેઓશ્રીએ પોતાની સેવાઓ આપેલી છે.

## પરીખ પરસોતમદાસ હરગોવિંદદાસ મહાજન પુસ્તકાલય :

શ્રીકપડવણજ શહેરની મધ્યમાં શ્રીગોકુલનાથજીના મંદિર પાસે દરજીવાડામાં આ આવેલા છે. આ લાયબ્રેરી હાલમાં પોતાના સ્વતંત્ર મકાનમાં છે. શહેરમાં આમજનતા માટે સુંદર સાહિત્ય જ પીરસવામાં પૂ. સ્વ. ત્યાગમૂર્તિ શ્રીહરિભાઈ દેસાઈનો ફાળો છે. **(જુઓ ચિત્ર નં. ૬૦)**

**પુસ્તકાલયની સ્થાપના :** આ લાયબ્રેરીની સ્થાપના સંવત ૧૯૭૪ આસો વદ ૧૩, તા. ૧–૧૧–૧૯૧૮ને શનિવારે પૂ. હરિભાઈ મા. દેસાઈના શુભ હસ્તે થઈ. શ્રીહરીલાલ મા. શેઠ, પરીખ શામળદાસ પરસોતમદાસ, પરીખ કેવળદાસ હરજીવનદાસ, દેસાઈ કેશવલાલ છગનલાલ, ડો. બાપુલાલ કેશવલાલ તથા દોશી સોમાભાઈ પુનમચંદની સલાહકાર સમિતિ સાથે ફ્રી રીડીંગ રૂમ અને લાયબ્રેરીના નામે શરૂ થયેલી. મકાન તેમજ સાધનો શ્રીશામળદાસ પરસોતમદાસ પરીખ તરફથી મળતાં, શ્રી પૂ. હ. મહાજન લાયબ્રેરીના નામે પોતાના મકાનમાં સ્વતંત્ર રીતે વિકાસ માર્ગે શરૂ થઈ. આજે ત્રણ–ચાર વરસના ટૂંકા ગાળામાં તથા મહાજનના પ્રયત્નોના ફળ રૂપે સંવત ૧૯૭૯ માગસર સુદ ૧૦ થી આ લાયબ્રેરી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેના પોતાના મકાનમાં સ્વતંત્ર રીતે વિકાસ પામી.. આ લાયબ્રેરીની શરૂઆતમાં ગ્રંથપાલ તરીકે સ્વ. શ્રીરામચંદ દેવશંકર ત્રિવેદી જોડાયા.

શ્રીહરીભાઈના મરણ પછી આ લાયબ્રેરીનું સુકાન સ્વ. વાડીલાલ પ્રેમચંદભાઈ શાહે સંભાળેલું. આ તેમની સનિષ્ઠા સેવાનુજ આ વિકસિત પરિણામ છે. ત્યારબાદ શ્રી ડો. વાડીલાલ બાપુલાલ દેસાઈએ વર્ષો સુધી સેવાઓ આપી. હાલમાં કસ્તુરભાઈ નગીનભાઈ શાહ (માજી ધારાસભ્ય–મ્યુ. પ્રમુખ.) સંભાળી રહ્યા છે.

પુસ્તકાલય એટલે ગ્રંથો, જીવનચરિત્રો, સામયિકો, મહાગ્રંથો વગેરેનું સંગમ સ્થળ હોઈ તીર્થ ક્ષેત્ર છે. માનવ સંસ્કારના ઘડતર માટેનું સીંચન માટેનું ચૈતન્ય સ્થળ છે, નંદનવન છે.

સ્થાપના વિ. સ. ૧૯૭૪ આસોવદી ૧૩ શનિવાર ધનતેરસના શુભ દિવસે શ્રીહરીભાઇ દેસાઈના પરમમિત્ર વિદ્વાન્ શ્રીકલ્યાણરાય નાથુરામ જોષી ( નિવૃત આચાર્ય શ્રીદ્વારકા હાઇસ્કૂલ )ના શુભ હસ્તે કરવામાં આવેલી. આ સંસ્થાનું નામ ( મકાનના મુખ્ય દાતા ) શ્રીશામળભાઇ પરસોતમદાસ હરગોવિંદદાસ છે. ૧૯૫૧માં મકાન ખરીદી લાયબ્રેરીના મકાન સાથે તે નામ જોડી દેવામાં આવ્યું છે.

### સંસ્થામાં આવતા દૈનિકપત્રો :

ગુજરાત–૫, હીંદી–૧, અંગ્રેજી–૧

### સંસ્થામાં આવતા સાપ્તાહિક પાક્ષિક, માસિક પત્રો

૧૯ તથા ૧૩ અન્ય. સંસ્થામાં આવતાં માસિક–ત્રિમાસિક–વાર્ષિક ૪૧ તથા અન્ય ૨૩.

આ લાયબ્રેરી ગુજરાતમાંની પ્રતિષ્ઠિત લાયબ્રેરીઓમાંની અગ્રસ્થાને જે લાયબ્રેરીઓ છે, તેમાંની એક છે. આ યશ તેના સર્વ નિઃસ્વાર્થ સંચાલકો ( પ્રમુખ શ્રીવાડીલાલ, બાપુલાલ દેસાઇ, શ્રીનટવરલાલ શામળદાસ પરીખ તથા જેને પોતાના ગણી સંચાલન કરનાર ગ્રંથપાલ શ્રીમધુસુદન પરસોતમભાઈ ત્રિવેદી)ના ફાળે જાય છે.

સંવત ૧૯૭૯ના માગશર સુદ–૧૦થી આ લાયબ્રેરી પોતાના સ્વતંત્ર મકાનમાં શરૂ થઈ. જ્યાં પ્રથમ મહાજનોની એક કમિટિ નીમવામાં આવી. જેમાં આ સંસ્થાના પ્રથમ પ્રમુખ સૌજન્યમૂર્તિ નગર શેઠ શ્રીજેસંગભાઇ પ્રેમાભાઈ હતા.

શ્રી પુ. હ. મહાજન લાયબ્રેરીના સંચાલન સાથે તેના ચાલુ સ્વતંત્ર મકાનમાં શ્રીહેમલતાબહેન હેગિષ્ટેના વરદ હસ્તે તા. ૧૫–૭–૬૨ના રોજ નીચેના ભાગે 'મહિલા પુસ્તકાલય' શરુ કરવામાં આવ્યું. શ્રી પરીખ હરજીવનદાસ ખુશાલદાસની પેઢી તરફથી દાન મળતાં તે અ. સૌ. જીવકોરબહેન શામળદાસ પરીખ મહિલા પુસ્તકાલય નામે આજે શોભે છે. આમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મકાનના નીચે શ્રીમણીલાલ સાંકળચંદ બરફીવાલા હોલમાં આ સાર્વજનિક મહિલા પુસ્તકાલય ચાલે છે.

સંસ્થાના ચાલુ મકાનના મેડા પર ઓચ્છવલાલ કેશવલાલ દેસાઈ હોલમાં જ શ્રીમાન્ ચંદુલાલ કેશવલાલ દેસાઇના દાનથી તેમના માતા–પિતાની પવિત્ર યાદરૂપે ગં. સ્વ. શ્રીરૂક્ષ્મણીબેન કેશવલાલ રણછોડદાસ દેસાઈ બાળ પુસ્તકાલય, વાંચનાલય ચાલે છે. આ સંસ્થાના સંચાલકો તરફથી એક કપડવણજ તાલુકા પુસ્તકાલય મંડળ ઈ. સ. ૧–૩–૧૯૫૩થી શરુ કરેલ છે. જે દ્વારા સારાયે તાલુકામાં સ્થળે સ્થળે પુસ્તકાલય પ્રવૃત્તિ દ્વારા સંસ્કાર સિંચિત કરી રહેલ છે.

૧૯૨૭માં પૂ. હરિભાઈનું અવસાન થયા બાદ તેમના લઘુબંધુ શ્રીશંકરલાલ માણેકલાલ દેસાઈએ લાયબ્રેરીને વેગ આપવા અને તેમની સ્મૃતિરૂપે 'સેવાસંઘ' નામની સંસ્થાની સ્થાપના કરી. (કપડવણજની અજોડ સંસ્થા). ગામના નવ યુવાનો તથા પૂ. હરિભાઈના સાથે કાર્ય કરનાર વતનના લાડીલા સુપુત્રોએ આ સંસ્થામાં પોતાની શકિતઓ ખર્ચવા માંડી. ૧૯૩૦માં આ સંસ્થાના યુવાન કાર્યકરો સ્વાતંત્ર્ય સૈનિક તરીકે જેલમાં જવાથી, તે સમયે પ્રગતિ રૂંધાવા લાગેલી. ૧૯૪૭માં આ સંસ્થા તાલુકા મધ્યસ્થ લાયબ્રેરી તરીકે માન્ય થઈ. ૧૯૪૮ માં આ સંસ્થાની રજત–મહોત્સવની ઉજવણી થઈ.

આ સંસ્થામાં આદ્ય સ્થાપક પૂ. હરીભાઇની પ્રતિમા તા. ૨૫–૯–૬૬ના રોજ સંસ્થાના પ્રમુખશ્રી ડો. વાડીલાલ બાપુલાલ દેસાઈના વરદ હસ્તે મુકવામાં આવેલ છે. આ સંસ્થા હાલમાં તેના વિશાળ મકાનમાં છે. જે શ્રીહરિભાઇ પરિવારના સુપુત્ર સ્વ. શ્રીમાણેકલાલ છોટાલાલ દેસાઇના નામથી તથા મુખ્ય પ્રવેશખંડ તેમના પત્ની સ્વ. ધીરજબેન માણેકલાલ દેસાઈના નામથી શોભે છે. મહિલા પુસ્તકાલય તથા વાચનાલય સ્વ. શ્રીજીવકોરબેન શામળદાસ હરગોવિંદદાસના સ્મરણાર્થે શોભે છે.

આ લાયબ્રેરીની યોજના અને વિકાસ ગુજરાતની અગ્રગણ્ય લાયબ્રેરીઓમાં સ્થાન પામેલ છે. આપણા ગામની આ એક જ્ઞાન ગંગા, જેનું આચમન કરવા જતાં પવિત્ર થવાય.

શ્રીવાડીલાલ પ્રેમચંદ શાહ જેઓ અભ્યાસી હતા. તેમણે મરતાં સુધી આનું સંચાલન કર્યું. એ સમયથી અત્યાર સુધી આ લાયબ્રેરીના વિકાસ માટે (નોકરી તરીકે નહિં પણ પોતાની સંસ્થા ગણી) સફળ સંચાલન કરનાર ગ્રંથપાલ શ્રી મધુસુદન પુરષોતમદાસ ત્રિવેદીને ભુલાય તેમ નથી. સાથે સાથે તેના વ્યવસ્થાપક શ્રીવાડીલાલ પ્રેમચંદભાઈ શાહ, પછીના સફળ પ્રમુખશ્રી ડો. વાડીલાલ હતા.

ક. ગૌ. ગા.–૧૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**જૈન લાયબ્રેરી** : સ્વ. કસ્તુરભાઈના સ્મરણાર્થે શ્રીવાડીલાલ મનસુખલાલ પારેખે સ્થાપેલ છે. શરૂઆતથી તેની વ્યવસ્થા જૈન યુવકો રાખતા હતા. તેમજ શ્રીકેશવલાલ રતનચંદ પરીખ (હાલના જૈન સાધુ મહાકલ્પસાગરજી) શ્રીમફતલાલ રતનચંદ, શ્રીકસ્તુરલાલ મણીલાલ ગાંધી તથા અન્ય બીજા સાથીઓ પણ કરતા હતા.

**સેફી લાયબ્રેરી** : મોટી વહોરાવાડમાં પ્રવેશતાં જ સામે ઉંચે જોતાં વહેતી ગંગાનો પ્રવાહ જોવા મળે છે. તેના નીચેના ખંડમાં બિમારોની સારવાર (ચિકિત્સા) તેના માટેનું સુંદર દવાખાનું છે. ઉપર લાયબ્રેરી વહોરા સદગૃહસ્થોના પ્રયત્નોથી શરૂ કરવામાં આવેલી છે. આ લાયબ્રેરીમાં દરેક ગામ જનતા સારો લાભ લે છે. સંતોષકારક અને સારુ એવું આ પુસ્તકાલય વહોરાવાડના નાક છે. તેને પોતાનું સ્વતંત્ર મકાન છે, હાલમાં તે ચાલે છે.

**પ્રગતિ લાયબ્રેરી** : ૧૯૪૨ની રાષ્ટ્રીય જુવાળ અને યુવાનોની અનેક પ્રવૃત્તિઓ પણ હતી. તેમાં ઉદ્દામવાદી વિચારો ધરાવતા યુવકોએ ધોળીકૂઈ પાસે એક ભાડાના મકાનમાં પ્રગતિ લાયબ્રેરી શરૂ કરેલ. તેમાં એ જ પ્રકારનું સાહિત્ય રાખવામાં આવેલું. લાયબ્રેરી શરુ કરવાનો યશ ૪૨ની લડત માટે પોતાની મુંબઈની મેડીકલ પ્રેકટીસ છોડીને આવનાર કપડવણજના યુવાન ડૉ. રવિન્દ્રભાઈ રાધાકૃષ્ણ ત્રિવેદી હતા.

નવયુવકોના જુવાળના દર્શનરૂપ સ્થપાયેલ પુસ્તકાલય તેમજ હાલમાં નામશેષ રૂપ હોઈ નવીન જીવનની આશાની રાહ જોઈએ તે ખોટું નથી.

૧. જૈન લાયબ્રેરી, ૨. નાગર યુવક લાયબ્રેરી, ૩. મુસ્લિમ લાયબ્રેરી, ૪. બ્રાહ્મણ યુવક મંડળ લાયબ્રેરી, ૫. કાછીયા યુવક મંડળ લાયબ્રેરી.

## —: કેળવણી પ્રચાર :—

યુવાનોના કાર્યો—જેમણે હસ્તલિખિત માસિકો કાઢી અન્ય યુવાનોની લેખિત કળાને વિકસાવવા સ્તુત્ય કાર્ય કરેલ છે. તેવી હસ્તલિખિત પ્રતો.

**આલોદ્યાન** :— કપડવણજ સાર્વજનિક વ્યાયામ મંદિરનું હસ્તલિખિત.

**જૈન જયોતિ** :— ઉત્સાહી જૈન યુવકોએ શરુ કરેલ.

**સાહિત્યોદય** :— શહેરના સ્વતંત્ર વિદ્યાર્થીઓએ શરૂ કરેલ.

**નવભૂતિ** :— મોઢ અભ્યુદય સમાજના ઊત્સાહી યુવકોએ શરૂ કરેલ.

**મોરલી** :— સાહિત્ય મંદિર તરફથી યુવાનોએ શરૂ કરેલ.

**નાગર અભ્યુદય** :— નાગર યુવાનોના ઉત્સાહનું ફળ હતું.

**નગારુ** :— હરિ છાત્રાલયના છાત્રોનો આ સાહિત્ય વિભાગ હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધ્વનિ–સાહિત્ય–કવિશ્રી કલાપી (શ્રીમનહરપ્રસાદ ભાવનગર). શાળા કોલેજ પોતાના સાહિત્ય અંકો પણ બહાર પાડે છે.

કેટલાક વર્ષો પહેલા અહીં જ્યારે પ્રિન્ટીંગ પ્રેસ જેવું ન હતું, તે સમયમાં સૌથી પહેલા પ્રિન્ટીંગ પ્રેસ શરૂ કરનાર સાંકળચંદભાઈ તેનું સ્થળ ભુધરભાઈની ખડકીમાં હતું.

કપડવણજના ઉત્સાહી ભાઇ શ્રીકૃષ્ણપ્રસાદ પીતાંબરદાસ ત્રિવેદીએ પોતાના પ્રેસમાં એક 'ચરોતર' નામનું પત્ર શરૂ કરેલું પણ તે ટૂંક સમય બાદ બંધ થયેલું.

બીજો એક પ્રિન્ટીંગ પ્રેસ " મિત્ર મંડળ " નામે હતો. જેનું સંચાલન રમેશચંદ્ર સાંકળચંદ કરતા હતા. તેનું સ્થળ પીપળા ખડકીમાં મહાદેવ પાસે હતું.

**શ્રી મહાલક્ષ્મી પ્રિન્ટીગ પ્રેસ** : શ્રી મુળશંકર ત્રિવેદીએ તેમના પત્ની શ્રીમતી મહાલક્ષ્મીબેનના નામે શરૂ કરેલ. જે તેમના સાળા શ્રીશાંતીલાલ રામચંદ જીવ્યા ત્યાં સુધી એ નામથી ચાલું રાખેલો.

**શ્રી કલ્યાણ પ્રિન્ટીંગ પ્રેસ** : અમથા પારેખની ખડકી સામે શ્રી કુબેરભાઈ દસુરભાઇ પટેલે (યુવાનોના ઘડતરના પ્રણેતા), શ્રીમાણેકલાલ છોટાલાલ દેસાઈ તથા શ્રીવાડીલાલ સંતના સહયોગથી અને પૂજ્ય નારાયણ સ્વામી(નારાયણ આશ્રમ હિમાલય)ના આશીર્વાદથી આ પ્રેસ શરુ થયેલ.

**શ્રીગોપાલ પ્રિન્ટીંગ પ્રેસ** :– વહોરવાડ પાસે.

**અનુપમ પ્રિન્ટર્સ** :– મીઠા તળાવના દરવાજે.

**રાજ પ્રિન્ટીંગ પ્રેસ** :– એસ. ટી. સ્ટેન્ડ સામે,

**અંબિકા પ્રિન્ટીંગ પ્રેસ** :– કુંડવાવ તરફ ટાવર રોડ,

**શ્રીનવરંગ પ્રિન્ટીંગ પ્રેસ** :– યમુના ટોકીઝ પાસે.

## -: કેળવણી પ્રેમ :-

કેટલીક જ્ઞાતિઓએ પોતાની કોમ માટે સ્વતંત્ર ફંડની વ્યવસ્થાઓ કરી છે. જેમાં કોમના ઉત્સાહી સજ્જનો વ્યવસ્થાઓ સંભાળે છે, અને વિદ્યાર્થી ભાઇ–બહેનોને મફત પુસ્તકો દર વરસે આપે છે. કેટલીક વખત ફી અપાય છે. વળી લોનો પણ અપાય છે. જે જે કોમ આ કાર્ય કરે છે તેનો કેટલાક વિદ્યાર્થીઓ સારો એવો લાભ લઈ શકે છે.

**જૈન** – કપડવણજના ઉદાર પ્રખ્યાત નગરશેઠ શામળભાઇ નથુભાઈના ધર્મ પત્ની શ્રીરૂક્મણીબાઈ સ્મારક ફંડ ચાલે છે. ફંડનો વહીવટ ટ્રસ્ટી મંડળને હસ્તક છે. આ ફંડના વ્યાજમાંથી શાળામાં ભણતા વિદ્યાર્થી ભાઈ–બહેનોને પુસ્તકો, ફી તથા સ્કોલરશીપો પણ અપાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**પોરવાડ ફંડ** : શેઠ હરિલાલ મનસુખરામ દેસાઈ (માચીસવાળા) તરફથી પોરવાડ કોમના તમામ વિદ્યાર્થીઓને શાળાની ફી, પુસ્તકો, સ્કોલરશીપ તથા અન્ય ઇનામો પણ અપાય છે.

**મોઢ અભ્યુદય** : આ યુવક મંડળ પોતાની જ્ઞાતિમાંથી નાણું મેળવી પોતાની કોમના સર્વ વિદ્યાર્થી ભાઈ–બહેનોને પુસ્તકોની વહેંચણી કરે છે. યુવાનોના આ કાર્યને સારીએ કોમ તરફથી વખતોવખત સહાય મળ્યા કરે છે. તેઓ બધા જ વિદ્યાર્થીઓને ફી પણ આપે છે.

**નાવી વિદ્યોતેજક ફંડ** : સ્વ. વૈદ્ય અંબાલાલ દોલતરામના સ્મરણાર્થે ઈ. સ. ૧૯૪૫માં શરૂ કરેલ. (ટૂંક સમયમાં ઊગ્યું તેવું જ આથમી ગયું.)

**કાછીયા યુવક મંડળ** : કાછીયા પટેલ પંચ તરફથી પુસ્તક વહેંચણી થાય છે. અન્ય જ્ઞાતિયો ફંડ એકઠાં કરીને પોતાની જ્ઞાતીઓ માટે પુસ્તકો વહેંચણી કાર્ય કરે તો ઘણા વિદ્યાર્થીઓને રાહત રહે. સાધન સંપન્ન વ્યક્તિઓએ આવા ફંડને વિકસાવવા જોઈએ. ત્રણ ત્રણ વરસે પુસ્તકો બદલાય છે. જેથી કેટલીક સંસ્થાઓને ખર્ચ બોજો વધે છે. ફી બાબતમાં હવે તો સરકારી રાહે શિક્ષણ ગરીબોને માફી જેવું બની ગયેલ છે. જેથી પુસ્તકનો જ ખર્ચ રહે છે. ફીનો સવાલ બંધ છે.

## જ્ઞાનગંગા સાથે જ

શાળા મહાશાળાઓમાં જેમ ગ્રંથાલયો છે, તેમ કેટલાક ધાર્મિક સ્થળોમાં પણ ધાર્મિક તેમજ અન્ય ગ્રંથોના સંગ્રહો છે. જેનો ઉપયોગ ધર્મગુરૂઓ, વિદ્વાનો તથા ધાર્મિક જ્ઞાનના ઉપાસકો કરે છે. જૈન કોમમાં હસ્તલિખિત તેમજ છાપેલ પત્રો અને ગ્રંથોવાળા મોટા ભંડારો છે ને બીજા નાના ભંડારો પણ છે.

| | | હસ્તલિખિત | છાપેલ પ્રતો તથા પુસ્તકો |
|---|---|---|---|
| ૧ | અષ્ટાપદજીનો જ્ઞાન ભંડાર | ૮૧૫ | ૩૨ |
| ૨ | માણેકબાઇ શેઠાણીનો ભંડાર | ૨૬ | ૪૬ |

(હાલમાં આ બન્ને ભંડારો શ્રીઅભયદેવસુરીશ્વર જ્ઞાન ભંડાર થતા ત્યાં અર્પણ કરેલ છે.)

| | | | |
|---|---|---|---|
| ૩ | શેઠ મીઠાભાઈ ગુલાબચંદ ઉપાશ્રય | ૧૫૦ | ૨૦૦૦ |

૪ શ્રી અભયદેવસુરીશ્વર જ્ઞાન ભંડાર. જેમાં પોતાનો ભંડાર છે. તદ્ ઉપરાંત બીજા પણ ગણા સારા ભંડારો છે. (**જુઓ ચિત્ર નં. ૬૧**)

(એ) શ્રીશ્રુતકેચનશાસ્ત્રસંગ્રહ તથા તેના પેટામાં શ્રીકંચનચિત્રસંગ્રહ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(મુદ્રિત સ્થાપત્ય ચિત્રકલાનો જે અપૂર્વ સંગ્રહ તે આ કંચનસાગરસુરિજીનો પોતાનો છે.)

(બી) ઉપા૦ શ્રીસૂર્યોદયસાગરજી જ્ઞાન ભંડાર

(સી) પૂ. પં. શ્રીવિજયસાગરજી જ્ઞાન ભંડાર.

(ડી) પં શ્રીપ્રબોધસાગરજી જ્ઞાન ભંડાર (જે અત્યારે શ્રીઅભયદેવસુરીશ્વર જ્ઞાન ભંડારને અર્પણ કરેલ છે.)

(ઈ) સાધ્વી શ્રીસુમલાયશ્રીજી

(એફ) સાધ્વી શ્રીતિલકશ્રીજી

જેના જેના નામના ભંડારો અ. સૂ. જ્ઞાન મંદિરમાં છે, તે તે તેમની પોતાની માલિકીના છે. તેની સંભાળ અ. સૂ. મં. કરે છે.

અર્ધમાગધિ, સંસ્કૃત, ગુજરાતી, હસ્તલિખિત પ્રતો તથા ત્રણ વિભાગમાં તેમજ હિન્દી ભાષામાં છાપેલ પ્રત્રો અને પુસ્તકો છે. અત્યારે તે બધાની ચોકકસ સંખ્યા ન કહેવાય. શાસ્ત્ર કાવ્ય, કોષ, સાહિત્ય, ન્યાય, વ્યાકરણ, છંદ, કથા વિગેરે તમામ જાતનુ સાહિત્ય તેમાં છે.

## હસ્તલિખિત ગ્રંથો

ભારત તથા વિશ્વની ઐતિહાસિક પરંપરા એ નોંધો છે કે–ધર્મ છે એ લોકશિક્ષણ-નો અમુલ્ય વારસો છે. ગ્રંથો જગતનાં ધર્મ પ્રવર્તકોએ, અને વિદ્વાનોએ અને ઋષિમુનિઓએ તાડપત્રો પર લખ્યા છે. શીલાલેખો દ્વારા, તામ્રપત્ર દ્વારા અનેક નોંધો લખાવા માંડી. તે પછીથી હાલ કાગળો ઉપર તે જ્ઞાન ઉતારવામાં આવ્યું. હવે તે સર્વ જ્ઞાન છાપવામાં આવ્યું. તે પછી હાલમાં ફિલ્મો તથા ટેપ પણ કરવામાં આવે છે.

હસ્તલેખીત ગ્રંથો સારા અક્ષરમાં લખવામાં આવતા, ચિત્ર પણ ચિત્રાતાં. આવા હસ્તલિખિત ગ્રંથો વૈદીક તથા જૈન ધર્મના વિદ્વાનોના હાથે લખાયેલા જોવા મળી શકે છે. વૈદીક ગ્રંથો બ્રાહ્મણોની માલિકીમાં, જ્યારે જૈન ગ્રંથો ઉપાશ્રયોમાં, જ્ઞાન ભંડારોમાં જોવા મળે છે. આયુર્વેદના ગ્રંથો આયુર્વેદીક કુટુંબમાં જોવા જાણવા મળી શકે છે.

આપણા વતનના અમરજ્યોતસમા આ. શ્રીઆનંદસાગરસૂરીશ્વર મહારાજે જૈન આગમો છપાવીને, આગમ વાંચનાયો આવી. જેથી જગતે તેમને આગમોદ્ધારક કહ્યા છે. વળી જૈન આગમો શીલામાં ને તામ્રપત્રમાં કરાવીને, તેના મંદિરો બેનમુન બનાવ્યાં. પાલીતાણા અને સુરતમાં એ બે કિર્તીસ્તંભો અજોડ છે. સ્વ. પૂજ્ય મુનિશ્રીપુણ્યવિજયજી મહારાજ સાહેબને કોણ નથી ઓળખતું ? આ સંત પુરૂષે ભારતના જ્ઞાન ભંડારા તપાસ્યા છે. જેની તેમણે સૂચિ તૈયાર કરેલ છે. જે પ્રગટ અપ્રગટ છે. ભારતમાં પાંચસો ગામ એવા હશે કે જ્યાં હસ્તલિખિત જૈનગ્રંથોના ભંડાર હશે.

કપડવણજમાં ૧. અષ્ટાપદજી ૨. પંચના ઉપાશ્રય ૩. મીઠાબાઈ ઉપાશ્રય હસ્તલિખિત ભંડારોનું સ્થાન.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ ત્રણેય જ્ઞાન ભંડારોમાં હસ્તલિખિત મોટો ભંડાર અષ્ટાપદજીનો છે. બાકીના બે ભંડાર નાના છે. આ ત્રણે ભંડાર ઘણાએ મહાન છે. પંચના ઉપાશ્રયના ગ્રંથ સંગ્રહમાં એવા અપૂર્વ પાનાઓ જોવામાં આવે છે. આજે ત્યાં જે અપૂર્વ ગ્રંથો છે તે જોતાં આ ભંડાર પણ એક વીશિષ્ટ ભંડાર પૂર્વે હતો.

પંચના ઉપાશ્રયમાં શ્રીભાવ વિજયોપાધ્યાય કૃત ઉતરાધ્યયન ટીકાની પ્રતિ છે. જે ગ્રંથાકારે લહીઆ પાસે લખાવી તેનું સંશોધન કરેલ છે.

અષ્ટાપદજીના ભંડારમાં તત્ત્વાર્થે સુત્રની સુવર્ણાક્ષરી પ્રતિ છે. બીજી પણ મનોહર પ્રતો છે. ગ્રંથો સારા અને મહત્વનાં છે. ત્રણેમાં ગ્રંથો છે. આ ગ્રંથો જ્ઞાનીઓ (જે વાંચી શકે તેવા વિદ્વાનો માટે) અધ્યયન અને નિરીક્ષણ એ અમુલ અવસર જેવું છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં કે વેદ મંદિરમાં જે ગ્રંથો હશે તેની નોંધ લઈ શકાઈ નથી.

આયુર્વેદના હસ્તલેખીત ગ્રંથો કપડવણજના વૈદ્ય કુટુંબમાં (લેખકના) આજે પણ હયાત છે.

## -: શારીરિક કેળવણી :-

માનસિક વિકાસનું સાધન જેમ કેળવણી છે, તેમ શારીરિક વિકાસનું સાધન વ્યાયામ છે. શારિરીક વિકાસ વિના માનસિક વિકાસ યોગ્ય રીતે સધાતો જ નથી. રમતગમત અને આનંદથી શુદ્ધ હવાનો લાભ મળે છે. રસ્તામાં ધુળ અને તોફાન કરતા બાળકો વ્યાયામ મંદિરો દ્વારા યોગ્ય રમતનું જ્ઞાન મેળવી શરીરને સમૃદ્ધ બનાવી શકે છે. ખેલાડીઓ સારા નાગરિકો બને છે ને એકબીજા પ્રત્યે સહાનુભૂતિ વાળા બને છે.

## સાર્વજનિક વ્યાયામ મંદિર :-

ગુજરાતની ભાવિ પ્રજાને શુદ્ધ અને આદર્શ યુવાનો ઘડવા ગુજરાતના પુરાણીભાઇઓના માનનીય શ્રીઅમુભાઇ અને શ્રીછોટુભાઇ પુરાણીની પ્રેરણાનું પાન કરનાર સ્વ. હરિભાઈ મા. દેસાઈએ કપડવણજના યુવાનોને ઘડવા નિદ્રામાંથી જાગૃત કરવા, સાર્વજનિક વ્યાયામ મંદિરનું તા. ૧૦-૧૦-૧૯૨૨ સંવત ૧૯૭૮ ને આસો વદ ૪, ના રોજ બ્યુગલ બજાવ્યુ, સ્વ. લોકપ્રિય નગરશેઠ શ્રીજેસીંગભાઇ પ્રેમાભાઈએ શ્રીમાણેકબાઇ શેઠાણીની ધર્મશાળા વ્યાયામ મંદિરના ઉપભોગ માટે આપી. પૂજ્ય હરિભાઈનો આદેશ ઝીલનાર પરિવાર તૈયાર થયો. જેમાં તેમના નાનાભાઇ શ્રીશંકરલાલ માણેકલાલ દેસાઈ, શ્રી મોહનલાલ અંબાલાલ પરીખ, ચંદ્રકાંત મણીલાલ પરીખ, શ્રી ઓચ્છાવલાલ શાહ, શ્રી માણેકલાલ છોટાલાલ દેસાઇ મુખ્ય હતા.

વ્યાયામ મંદિરમાં આવનાર નાગરિક સાચો આદર્શ સેવાભાવિ નાગરિક બને એ આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ હોઇ સેવાસંઘ તરફથી આ સમયમાં નડિયાદના એક આદર્શ ભાવના-

શીલ યુવાન શ્રીકુબેરભાઈ દયુભાઈ પટેલની વ્યાયામ શિક્ષક તરીકે નિમણુંક કરી. તેઓ વ્યાયામના જેટલા નિપુણાત હતા, તેજ પ્રમાણે વ્યાયામ મંદિરના અન્ય શિષ્યો પણ તૈયાર કર્યા. આજે શ્રીકુબેરભાઈ હજારો વિદ્યાર્થીઓની, પેરણાના પ્રતીક છે. આ સંસ્થાના ગુરૂ શિષ્યો સર્વે શારીરિક માનસિક રીતે સારી રીતે તૈયાર થયેલા રાષ્ટ્રીય સેવાની ભાવનામાં રંગાયેલ છે.

આ મંદિરના ભક્તો દ્વારા વ્યાયામ પ્રચાર માટે તાલુકામાં પણ હરીફાઈઓ યોજવામાં આવતી. પ્રવાસ, વક્તૃત્વ હરીફાઈઓ તથા બેન્ડ પણ સારી રીતે શીખવવામાં આવતું. તલવાર, બંદુક (એરગન્સ) તથા તીર પણ શીખવતા. જ્યારે વાર્ષિકોત્સવ હોય ત્યારે આ મંદિરના પ્રયોગો જોનાર હેરત પામી જતાં. ( સરકસના પ્રયોગો જેવો સુંદર પ્રયોગો રજૂ કરવામાં આવતા.) હોળીકોત્સવ વખતે ધુળેટીના દિવસે બાળકોને કાદવ કીચ્ચડ અને અસલીલ વાણીથી બચાવવા ગામમાં વ્યાયામ વીરોનું સરઘસ નીકળતું. મદાનીરની રમતોના પ્રયોગો સ્થળે સ્થળે કરવામાં આવતા. આ સંસ્થાને પોતાનું બ્યુંગલ બેન્ડ પણ હતું. તેનાં સાધનો ૧૯૩૭માં શ્રીઓચ્છવલાલ અંબાલાલ ઝવેરી તરફથી ભેટ આપવામાં આવેલ.

એક સમય એવો હતો કે જ્યાં હોળીને પ્રગટાવવામાં આવતી. તે સ્થળ ઉપર કંસારવાડાના ચકલે નગ્ન માટીનું પૂતળું મુકવામાં આવતું. ચાડીયા જેવું જેને ઈલોજી કહેતા. આ બિભત્સ પૂતળાની કાયમને માટે તે તે સ્થળોના તોફાનીઓની નારજગી તથા ખોપ વહોરીને પણ કાયમના માટે બંધ કરાવી દીધુ. જે પૂતળાની ખેંચતાણ વખતે લાંબી શેરીમાં ૩૨ કોઠા બાજુના યુવાનો અને કંસારાવાડાના ચકલાના યુવાનો ત્યાં પથ્થરો નાંખીને લડાઈ કરતા.

આ વ્યાયામ મંદિરના યુવાનોની ભાવના સેવાસંઘની તમન્ના અને શ્રી સી. પારેખ કુટુંબની ભાવનાના બળે એક શ્રીચીમનલાલ બાપાલાલ પરીખના સ્વ. સુપત્ર વિનોદરાયના સ્મરણાર્થે એક વિનોદ વ્યાયામગૃહ બાંધી આપ્યો જે હાલ ડાકોર જવાના રસ્તા ઉપર ડાબી બાજુ છે.

આ મકાનનું ખાતમુહૂર્ત અખીલ રાષ્ટ્રિય મહાસભાના મહામંત્રી આચાર્ય શ્રીકૃપલાણીજીના શુભ હસ્તે સંવત ૧૯૯૭ આસો સુદ ૧૦ (વિજયાદશમી) તા. ૩૦–૯–૧૯૪૧ ના રોજ તેમજ વ્યાયામ મંદિરના ભાવનાશીલ યુવાન શ્રીપરિક્ષીતરાય ભોગીલાલ ત્રિવેદી-ની સાથેજ પૂજનવિધિ રાખવામાં આવેલી. (હાલના શ્રીરાજારામના નામે ઓળખાતા સર્વોદયકાર્યકર), વ્યાયામ મંદિરના વિદ્યાર્થીઓની ડિરેકટરી તૈયાર કરવાના વિચારો હતા. તૈયાર થાય તો સારૂ. આ સાર્વજનિક “વિનોદ વ્યાયામ ગૃહ” મંદીર ૨૯૯૦૩ ચો. વારમાં સમાયેલ છે. ‘વિનોદ વ્યાયામ મંદિર’નું ઉદ્‌ઘાટન સને ૧૯૪૫માં માનનીય શ્રીદાદાસાહેબ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માલવંકરના શુભ હસ્તે કરવામાં આવેલ. આ વ્યાયામ મંદિરની શાખારુપે કન્યા વ્યાયામ મંદિર' પણ શરૂ થયેલું, જેની વ્યવસ્થાની શરુઆત અ. સૌ. શારદાબેન ત્રિવેદી કરતાં હતાં. યુવાનો માટે અન્ય સ્થળોએ પણ વ્યાયામની શાખાઓ શરૂ કરેલ, પણ સંજાગોવશાત બંધ થયેલ. વ્યાયામની આ પ્રવૃત્તિ સેવાસંઘના જ યુવકો મારફતે "વ્યાયામ વિદ્યાર્થી સંઘ" નામની સંસ્થા દ્વારા કરતા. ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ તરફથી ચાલતા ગ્રીષ્મ વ્યાયામ વર્ગો પણ અહીં યોજાયેલા. વ્યાયામ પ્રવૃત્તિની જીવતી અખંડ જ્યોતસમા મુ. કુબેરભાઈ દ. પટેલને તે સમયના યુવાનો કદી પણ ભૂલી શકે તેમ નથી. આજે તેઓ તેમનું જીવન રાજપીપળા છોટુભાઈ પુરાણી વ્યાયામ શાળાને અર્પી ચૂકયા છે. આજ વ્યાયામ મંદિરના ગૌરવસમા શ્રીરાજેન્દ્ર શાહ કવિ, શ્રીસોમાભાઈ શાહ ચિત્રકાર, શ્રી સ્વ. વિષ્ણુપ્રસાદ ચુનીલાલ ત્રિવેદી, (ભારતના પ્રદેશ ખાતાના એલચી) અનેક ગૌરવશીલ યુવાનો આ વ્યાયામ મંદિરની માટીમાં રગદોળાયા છે. શ્રીદીનેશચંદ્ર ઓચ્છવલાલ શાહ અમેરિકા કોલંબિયા યુનિ. રિચર્સ વિભાગમાં. સ્વાતંત્ર્ય સંગ્રામના સૈનિકો પણ આજ મંદિરના ભક્તો છે. યુવાનોને ઘડવામાં જેટલો શાળાઓનો, જેટલો કુટુંબના સંસ્કારોનો ફાળો છે, તેટલો જ વ્યાયામ મંદિરનો મહત્ત્વનો ફાળો છે.

શ્રીબજરંગ વ્યાયામ મંદિર–મીઠા તલાવના દરવાજા પાસે, "સરદાર બાગ" કે જે ફુલવાડીના નામે ઓળખાતું મેદાન છે, તે સ્થળે 'શ્રીબજરંગ વ્યાયામ મંદિર' સ્થપાયું હતું. પાસેની ઓરડીમાં વ્યાયામ મંદિરનો સામાન રહેતો. આ સમયમાં વ્યાયામ પ્રવૃત્તિમાં એક ભાઈ શ્રીહરિભાઈ રામકૃષ્ણ ત્રિવેદી વ્યાયામ વીર હતા. જે "હરિભાઈ વીર" ના નામે ઓળખાતા.

## – કાવ્યેષુ નાટકં રમ્યમ્ –

**ગરબા :–** શહેરની પોળોમાંની તમામ બહેનો તહેવારોમાં તેમજ માંગલિક પ્રસંગોમાં તથા અન્ય સમયે સંગીત પ્રેમ બતાવે છે. નવરાત્રિના મહોત્સવ વખતે (આસો સુદ ૧ થી આસો સુદ ૯) પોળે પોળે તથા મુખ્ય ચકલા પર ગરબાઓની સુંદર રમઝટ ચાલે છે. તેમાં કંસારાવાડાના ચકલે (હોળી ચકલો), બત્રીસ કોઠાની વાવ પાસે, મોઢેશ્વરી માતાના ચોગાન પર, સુતારવાડાના ચકલા, રામજી મંદિર પાસે, મોટા નાગરવાડાની પાછળ લુહારવાડમાં, ચામુંડા માતાના સાનિધ્યમાં તથા સિંધવાવ માતાના ચોગાનમાં તથા નાની મોટી પોળોમાં ગરબાની સુંદર રમઝટ જામતી.

શાળા મહાશાળાઓ તથા કન્યાશાળાઓમાં તેમના વાર્ષિકોત્સવો વખતે બહેનોની સંગીત નૃત્યની કલા જોવામાં આવે છે. તથા વિદ્યાર્થીઓ પણ તે સમયે પોતાના અભિનયઓ પણ રજૂ કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચોસઠ કળાઓમાંની આ કળા જોવા સાંભળવાની મળે છે. હિન્દુ-મુસ્લિમ સમાજમાં તહેવારો મહોત્સવ વખતે સંગીત-નૃત્ય-નાટ્ય-અભિનયની કલા આ રીતે (ભારતમાં) આપણને પ્રસંગોપાત જોવા મળે છે. અહીં પણ કલાના પુજારીઓ હતા. છે. આ રંગભૂમિમાં સારી નાટ્ય સંસ્થાઓ પોતાના મુકામો કરતી.

કલાના ઉત્તેજન માટે કે મનોરંજન ખાતર પણ યુવાનોના સંગઠનદ્વારા આ સંસ્થા શરૂ થયેલ. સૌથી પ્રથમ વ્યાયામ મંદિરના ઉત્સાહીઓએ આ સંસ્થા શરૂ કરી, અને નાટ્ય પ્રયોગો રજૂ કરેલા. લલિતકલાને પોષનારા યુવાનો દ્વારા સારા કાર્યો કરી શકાતાં તે આ સંસ્થા. પછી બીજી "ન્યુ એમેચર" નામની સંસ્થા શરુ થઈ. તે પણ બે ત્રણ પ્રયોગો પછી નહીવત બની ગઇ. પહેલી સંસ્થા તરુણકલા સમાજના નામે ફરી કામ કરતી થઈ. ફરી સંસ્કાર મંડળના નામે તે સંસ્થાએ પ્રયોગો રજૂ કરેલા. યુવાનોનો જુસ્સો કાયમ નહી રહ્યો. પણ શાળા મહાશાળાઓનો વિકાસ થતાં આ અભિનવ પ્રયોગો શાળાઓ દ્વારા થવા લાગ્યા. આ શાળા મહાશાળાઓએ પોતાના આગવા રંગભવનો બાંધેલ છે.

કપડવણજમાં ગુજરાતની શરૂઆતની નાની કંપનીઓ આવતી. રામલીલાઓ પણ ઠેર ઠેર પ્રયોગો કરતી. નાયક અને મીર કોમના યુવાનો પોતાની નાનકડી સંસ્થાઓ લઈને આવતા. તેઓ વ્યવસાયી કલાકારો હોય છે. ગુજરાતની નાટક સંસ્થાઓ પણ આવતી. આ સંસ્થાઓ પોતાના મુકામ ખાસ કરીને અંતીસરિયા દરવાજા બહાર આવેલ શ્રીશેઠાણી-ની ધર્મશાળા તથા હાલની ટાંકીવાળી જમીન પાસે, તથા જ્યાં હાલ નટરાજ ટોકીઝ છે તેની પાછળના ગોડાઉન પર પતરાનું કાચુ થિયેટર બાંધીને કરતા. આ સ્થળે ખાસ કરી ગુજરાતની જાણીતી સાબરકાંઠાના વતની કલાકારોની (મોટા ભાગે એક જ કુટુંબની) બનેલ શ્રીભારતસુબોધ નાટક મંડળ. જેના સંસ્થાપક સ્વ. શ્રીહીરાલાલ દુર્લભજી તથા શ્રી શંકરલાલ દુર્લભજી નાયક તથા ગુલાબરાય નાયક હતા. આ કંપનીના નાટકો મોટે ભાગે ધાર્મિક, ઐતિહાસીક અને બોધદાયક જ પ્રજા સમક્ષ રજૂ કરતા. આ કંપનીના સ્થાપકોના આગ્રહને વશ થઇને સ્વ. શેઠ મગનલાલ નરસીંહદાસે કપડવણજમાં પ્રથમ પાકું થિયેટર બાંધ્યું. જે આજે સરસ્વતી થિયેટરના નામે આપણે જોઈએ છીએ. આ થિયેટર પર પ્રથમ 'ભારત સુબોધ મંડળ'ના પ્રયોગો થયા. પછી ગુજરાતની પ્રખ્યાત એવી "શ્રીલક્ષ્મીકાંત દેશીનાટક" "શ્રીઆર્યનૈતિક" જેવી નાટ્ય સંસ્થાઓએ પણે તેના પ્રયોગો રજૂ કરેલા. જ્યારે ગામને નગરગૃહ ન હતું ત્યારે નગરગૃહ તરીકે પણ આ થિયેટર ઉપયોગ લાગતું. આ થિયેટરમાં હાલમાં શ્રી નાનુભાઇ મણીલાલ ગોરની માલિકી નીચે ચલચિત્રો બતાવે છે. એ નટરાજ ટોકીઝના નામે ઓળખાય છે. તેમાં ૭૦૦ બેઠકોની વ્યવસ્થા છે. આ થિયેટર મેડા



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બંધી છે. આપણા શહેરનું આ જૂનું અને પ્રથમ પાકું થિયેટર છે. સમય પ્રમાણે ફેરફારની જરૂર ખરી. વિશ્વના ભારતીય કે. લાલ જાદુગર જેવાના પ્રયોગો પ્રજાએ આ સ્થળે જોએલા. તથા પુજ્ય ડોંગરેજીની પવિત્ર વાણીનો પ્રવાહ પણ આ સ્થળેથી વહેલો.

**કલા નિકેતન :–** શ્રીકપડવણજ કેળવણી મંડળ સંચાલિત-'કલા નિકેતન' નામની સંસ્થા તા. ૨૫–૧૧–૧૯૬૬માં શરૂ થયેલ છે. તેણે સંસ્થાના હિત માટે પ્રયોગો કર્યા છે. કેળવણી મંડળ હસ્તક ચાલતી શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની કલા શકિતને સારી રીતે પ્રોત્સાહન મળે. તથા કલાપ્રિય વિદ્યાર્થી વ્યાસપીઠ પર, રંગમંચ પર એકઠા થાય એ મુખ્ય આશય છે.

કપડવણજ કલા નિકેતનના બાલ કલાકારોએ તેમની શકિતનું પ્રદર્શન મુંબઈ "બિરલા માતૃશ્રી સભાગૃહ" માં તા. ૧૭–૯–૧૯૬૭ કપડવણજના દાનવીર શેઠશ્રી જાળીરભાઈ મહેતાના પ્રમુખસ્થાને યોજાયેલ.

સદ્‌ભાગ્યે ભારતના ચિત્ર ઉદ્યોગની લબ્ધપ્રતિષ્ઠ સીને તારીકા કુમારી આશાબેન પારેખ પધારેલ.

કુ. આશાબેન પારેખ કપડવણજની સંસ્કારી એક શિક્ષિત શ્રીસુધાબેનની દીકરી છે. કપોળ જ્ઞાતિના તેમના પિતાશ્રી શેઠ બચુભાઈ તેમની એકની એક દીકરી છે. તેઓ પણ કેળવણી અને વૈદકીયક્ષેત્રે ઘણા દાન આપી ચુકેલ છે.

આ રીતે કપડવણજની જનતામાં પણ કલા સંસ્કાર છે. ભારતીય સંસ્કૃતિ અને વિવિધ પ્રવતિઓના પ્રણેતાઓ છે.

**મહાવીર થિયેટર** – મીઠાતલાવના દરવાજાથી ગામમાં પ્રવેશ કરતાં જમણી બાજુ એટલે હાલ જ્યાં 'શ્રીપુનિત સંકિર્તન ભવન' છે તે સ્થળ. કપડવણજ ઇલેક્ટ્રિક પાવર હાઉસની પાસેના સ્થળે શ્રી જોશીએ એક થિયેટર બાંધ્યું (ચલચિત્ર માટે જ). કોઈપણ સંજોગોએ ફરી આ થિયેટરમાં ચલચિત્રો કે રંગભુમિના પ્રયોગો કરનારા સફળ નહીં થયા. આથી આ થિયેટર ખરીદીને છેટ્ટે શ્રી પુનિતસંકીર્તનમંડળને વેચાણ કર્યું. ભગવાનના નામમાં તો નફો જ છે. અહીં સફળતા અફળતાનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી.

**શ્રી જે. બી. મહેતા થિયેટર ( યમુના ટોકીઝ )** સરખલીયા દરવાજા બહાર ડાબી બાજુના રસ્તે જતાં જમણી બાજુ એક સારુ સગવડવાળું થિયેટર શેઠશ્રી જાળીરભાઈ બદરુદ્દીન મહેતા તરફથી બાંધવામાં આવેલ છે. આ થિયેટરમાં ૩૯૬ પ્રેક્ષકોની બેઠકો છે, આ છબી ઘરનું ખાત મુહૂર્ત તા. ૨૮–૧૨–૧૯૪૮માં કરવામાં આવેલું. તેનું ઉદ્‌ઘાટન તા. ૮–૬–૧૯૪૯ના રોજ તે જ સમયના ખેડા જિલ્લાના કલેકટર શ્રીમાન ખારકર સાહેબના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શુભહસ્તે નગરજનોના સહકારથી ભવ્ય સમારંભ યોજી કરવામાં આવેલું. આ છબી ઘર વિશેષ મનોરંજન પુરુ પાડે છે. ૧૯૬૪ જાન્યુઆરીથી સ્થાનિક સિંધી ગૃહસ્થ સુવેથ વથાણી તથા એફ. ડી. વખારિયા, આ બંનેએ ખરીદ્યું. હાલ ૧૯૮૧ ઓગસ્ટ માસથી સભાના એકઝીબીટરશને વેચાણ આપ્યું. જેના માલિક શ્રીમતી તારાબેન અબ્દુલસતાર શેખ અને યુસુફભાઇ હાજી મહમદ છે.

**પ્રિયા ટોકીઝ** :–

ત્રિવેણી પાર્ક સામે નવા એસ.ટી. બસસ્ટેન્ડ પાસે અદ્યતન થિયેટર તા. ૩–૭–૮૧ ના રોજ શરૂ થયું. જેના માલિક ભાનુભાઇ શંકરભાઈ પટેલ ( લાટવાળા ) છે. આ છબીઘરમાં ૮૫૩ બેઠકો છે.

**સરકસો** :– ૧. કપડવણજના આંગણે નાના–મોટા સારા એવાં સર્કસો આવતાં. જેમાં શરીર અંગેના–પ્રયોગ તથા વનપશુઓ તથા જાનવરોના પ્રયોગો પણ જોવા મળતા. આ સરકસો ખાસ કરીને અંતીસરિયા દરવાજા બહાર હાલની શ્રી માણેકબાઈ શેઠાણીની ધર્મશાળા પાસે ખુલ્લુ મેદાન હતું. ત્યાં કાયમ આ ઓઢણમાં આ બાજુના તમામ ઢોર (ગાયો–ભેંસો) સવારમાં ચરવા માટે લઇ જતાં પહેલા એકઠાં થતાં, તે ભેગાં કરવાનું સ્થળ હતું.

૨. સરખલિયા દરવાજા બહાર ડાકોર જવાના ચાર રસ્તા પર ડાબી બાજુના તળાવમાં ( હાલ જ્યાં પોસ્ટ ઓફિસ છે. ) સરકસો આવતાં અને તેમાં પ્રયોગો કરતાં.

૩. અંતીસરીયા દરવાજા બહાર ડાબી બાજુના પ્રાચીન સીંગારવાવની સામે હાલની શહેર સુધરાઇની માધ્યમિક શાળાની સામે તલાવ છે. જ્યાં શ્રી લીમ્બઝા માતાની નાનકડી ડેરી છે ત્યાં ખુલ્લા મેદાનમાં પણ સરકસો ઉતરે છે.

**ગરબો** : વેદના સમયથી આર્યોએ સૂર્ય પુજા શરુ કરેલ છે. પ્રાચીન સમયથી સૂર્ય પુજા અને શકિત પુજા ચાલુ છે. માનવ નૃત્યની સાથે ભગવતી સ્તુતિ ભગવાન શ્રીકૃષ્ણની જીવનની લીલાના પ્રસંગે તથા સમાજમાં કેટલાક પ્રસંગોએ આવી રીતે ગરબા ગવાય છે.

માનવ નૃત્યોની પાછળ ધર્મની ભાવના સમાયેલ છે. ગરબો એટલે ગર્ભદીપ ગર્ભ એટલે ઘડી, અહીં બ્રહ્માંડની કલ્પના છે, અને અંદરની જ્યોત જીવનના સત્વની ઝાંખી કરાવે છે. આદ્ય શકિત તરફનો સાદરભાવ ગરબો ગાતાં વ્યકત થાય છે. ગરબા એક તાળી કે ત્રણ તાળીથી ગવાય છે. કેટલાક પુરુષો પણ દાંડીયા રાસ અને ગરબા ગાય છે.

**ભવાઇ** :– મધ્ય કાળથી નાટકો નહી પણ લોકોના મનોરંજનાર્થે ભવાઈ–વેશ થતા હતા. ગુજરાતમાં ભવાઇ એ લોક નૃત્ય અને નાટક કળાનો એક પ્રકાર છે. ભવાઇની ઉત્પત્તિ માટે કેટલીક માન્યતા છે. તે રામાયણ કાળથી છે. આપણા ગુજરાતમાં છેલ્લા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચારસો વરસથી આ પ્રયાસો છે. તેના મુખ્ય પુરુષ શ્રીઅશાવન હતા. (વધુ જાણવા નાયક વંશ વિશે૦ જુઓ.) ભવાઈમાં નૃત્ય નાટક અને શમભાષણ જેટલું જ સંગીતને સ્થાન છે. ભવાઈ ભગવતી માતાના મંદિરમાં, માતાજીના સાનિધ્યમાં જ આ કાર્યક્રમો યોજાય છે. આ ભવાઇના પ્રકારને સાચવી રાખવાની કળા ભોજક તથા નાયક જ્ઞાતિના ભાઈઓએ રાખેલ છે. ગુજરાતની રંગભુમિ આ જ્ઞાતીના ભાઈઓથી શોભતી હતી. હજુ પણ આ ભાઈઓ આ વારસો સાચવી રહ્યા છે. કોમના સારાયે સંગીતકારોએ કલાકરોએ ગુજરાતના ચરણે પોતાની જીવનકલા અર્પી છે. હજુ અર્પી રહ્યા છે. ભવઈમાં દેવદેવીઓના વેશ કાઢે છે. જૂના વખતની ભાવઈના વેશ કાઢનારાઓએ તેમાં કેટલાક સુધારા વધારા કરી આ એક ગુજરાતના સંસ્કારધન સમા મનોરંજનને હજુ વળગી રહયા છે. નવા નવા પરિવર્તન થાય છે. ખાસ કરીને ભવાઈ મોટા રત્નગિરિ તથા નાના રત્નગિરિની સાનિધ્યમાં ભાદરવા સુદ ૧૨થી સુદ પુનમ સુધી દરેક સાલ થાય છે. કેટલીક વખત ગરોડના રસ્તે જતાં કાલીકા માતાના નાનકડા મંદિર પાસે પણ ભવાઈ થયેલી. ભવાઇના વેશમાં સમાજ શિક્ષણનું પ્રતિબિંબ ઝીલાયેલ છે. ખાનદાનનાં ઘમંડ તથા શોષણખોરોના જૂઠાણાના કટાક્ષ પણ હોય છે. ભવાઈમાં મીયાબીબી, ઝન્ડા ઝુલણ, પઠાણ જેવા વેશો બહુ પ્રસિદ્ધિ પામેલા છે. ભવાઈમાં સાહિત્યનું ધોરણ તથા હાસ્યનું સ્તર નીચું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગૌરવ–સાતમું

# આરોગ્ય વિભાગ

કપડવણજમાં કેટલાક સમયથી જનતાને વૈદ્યકીય રાહત મળતી તેના કોઈપણ ચોક્કસ સમયની યાદી મળતી નથી, પણ છેલ્લા બસો વર્ષોના સમયમાં લખાયેલ આયુર્વેદના હસ્ત લિખિત ગ્રંથો પરથી એ જાણવા મળે છે, કે ૨૦૦ વર્ષો પહેલા પણ જનતાને વૈદ્યકીય સહાય મળતી. તેમજ જનતાની સુખાકારી પણ ઘણી સારી હતી. આ આયુર્વેદના વંશપરંપરાથી ચાલી આવતા વારસાને ટકાવી રાખનાર કુટુંબો આજે હયાત છે. જેમાં વૈદ્ય કુટુંબ જે જૈનાચાર્યોના જ આશીર્વાદથી તેમની જ સાનિધ્યમાં રહીને, આયુર્વેદ તેમ જ સાથે સાથે જ્યોતિષનું જ્ઞાન પણ મેળવતા. આ કુટુંબ સૈકા પહેલેથી પરપ્રાંતઃ સ્મરણીય પૂજ્ય આ. વિજયસિદ્ધિસૂરિજી મહારાજશ્રીના શિષ્યમુનીરાજવિજયજી મહારાજ સાહેબના આશીર્વાદનો પૂણ્ય પ્રકાશ છે. પૂજ્ય શ્રીલક્ષ્મીવિજયજી મહારાજ સાહેબના આશીર્વાદથી તથા પૂજ્ય મહારાજ સાહેબના સાનિધ્યમાં હતા. છેલ્લા સૈકામાં પ્રાતઃ સ્મરણીય પૂજ્ય યતિશ્રીરાજવિજયજી મહારાજ સાહેબના આશીર્વાદ પણ હતો. આ વૈદ્ય કુટુંબોનો વસવાટ કંસારવાડાના ચકલે જૈન સમાજ વચ્ચે છે. કંસારવાડાના ચકલે ખેરવાડીઆ હનુમાનના મંદિર જતાં પાસે જ વૈદ્યની ખડકી હાલ મોજુદ છે. આ વૈદ્ય કુટુંબો વર્ષોથી પડોશના આંબલિયારા, રમોસ, માંડવા, ડાભા વગેરે રાજ્યોના રાજવૈદ્યો તરીકે કામ કરતા. એ સર્વે રજવાડા તરફથી તેમને વર્ષાસન તથા જમીનો પણ મળેલ. કપડવણજમાં આ કુટુંબોને તે સમયની જાહોજલાલીવાળા નગરશેઠના કુટુંબ તરફથી વર્ષાસન તથા મલેક કુટુંબો તરફથી બક્ષીસ જમીનો મળેલ. તેજ આ (લેખકનું કુંટુબ) કુટુંબમાં હસ્ત લિખિત ગ્રંથ સંવત ૧૮૪૪ના વર્ષે વૈશાખ સુદ ૧૧ શુક્રવારે કૃતિકા નક્ષત્રમાં તથા સંવત ૧૮૫૪ વૈશાખ વદ ૧૩ રવિવારના છે. કુટુંબના વડવા શ્રીશંકરદાસ ભૂખણદાસ તથા જીવણદાસ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભૂખણદાસે લખેલા હયાત છે. તેમાં સંવત ૧૮૪૪ નો ગ્રંથ (હસ્તલિખિત) ઇડર પાસેના ઉઠા ગામના જૈન મંદિરમાં પૂજ્ય લક્ષ્મીકુશળ ચોમાસુ રહ્યા હતા, તેમનાજ અશીર્વાદે એ ગ્રંથ પુરો કરેલો, તેવો ઉલ્લેખ મળે છે.

તે પછીના કેટલાક ગ્રંથો આ પેઢીમાંના જાણીતા વૈદ્ય વલ્લભરામના હસ્તે આંબલિયારા સ્ટેટમાં ઠાકોર સાહેબ અમરસીંહજીના સમયમાં દરબારગઢમાં બેસી લખાએલાનો ઉલ્લેખ છે. શ્રીવલ્લભરામ તે સમયમાં પ્રજાપ્રિય હતા. જેના ગરબા તે સમયે સુથારવાડાના ચકલે છેલ્લા કેટલાંક વર્ષો પહેલા ગવાતા–

"વલવવૈદ્ય ને સનમુખ જોશી,
લક્ષ્મણ મછવો પાછો વાળ.
નથી જવું દ્વારકા દેશે રે."

હાલના જોષી કુટુંબના પ્રખ્યાત વિદ્વાન જોષી સન્મુખ જોષી અને વલવવૈદ્ય દ્વારકા જતાં લક્ષ્મણ નામના ખલાસીના હોડકામાં જતાં તોફાનમાં સપડાયા હતા. તે વખતના પ્રસંગનો આ ગરબો નવરાત્રિમાં સુથારવાડાના ચકલે ગવાતો હતો.

કંસારવાડાના ચકલે, ગોરવાડાના નાકે આ કુટુંબનાં દશ એક ઘરો હતા. જે સારાયે ગામમાં વૈદ્યકીય વ્યવસાય કરતા. તેમાંના કેટલાક જૈનાચાર્યોના શિષ્યો તરીકે રહીને જ આયુર્વેદનો અભ્યાસ કરેલો. નગરશેઠના કુટુંબમાંથી વર્ષાસન મળતું. આજ દિન સુધી આ કુટુંબોમાંના કેટલાક વૈદ્યકીય વ્યવસાય ટકાવી રાખેલ છે.

**ઈનામદાર કુટુંબ :–** વૈદ્યરાજ જીવણજી ગોવિંદરામ ત્રિવેદીને સંવત ૧૮૧૮ના વર્ષે ભાદરવાવદ ૮ ને શનિવારે શ્રીમાન્ ખંડેરાવ ગાયકવાડ સરકાર તરફથી આયુર્વેદ પદ્ધતિથી અસાધ્ય રોગ મટાડ્યાની ખુશાલીમાં મીરાંપરુ ભેટ આપવામાં આવેલું. તેઓ શ્રીભગવાન્ સોમનાથના મહાન ઉપાસક હોઈ પ્રથમ કઠલાલ ગામ આપવા વિચારેલ. ભગવાનની પુજા સેવાનો લાભ મળે તેથી જ આ ગામની માંગણી કરેલ. ઈનામદાર કુટુંબના વારસદારોમાં પણ આયુર્વેદના ઉપાસકો હતા. શ્રીમાન્ માધવલાલ ત્રિવેદી પણ એક વિદ્વાન્ વૈદ્ય હતા. અન્ય વારસદારોમાંના શ્રી હરિહરભાઇ જેઓ કુટુંબના ગૌરવને જાળવી રહ્યા છે. આગળ પડતા વિદ્વાનોના લીધે તેના બદલામાં મીરાંપરુ (સોમનાથ મહાદેવ) ઈનામમાં મળેલું.

**અંગ્રેજી શાસનની શરૂઆત :** ૧૮૫૭નું ભારતનું પ્રથમ સ્વાતંત્ર્ય યુદ્ધ સંજોગો બદલાતાં નિષ્ફળ ગયું. સમય સમય પ્રમાણે કપડવણજ શહેર સુધરાઇની સ્થાપના થઈ. સુધરાઈની સ્થાપના તા. ૭–૫–૧૯૬૩ના રોજ થઈ. સને ૧૮૬૬માં શરુઆતની મુસ્કેલીઓ છતાં સુધરાઈએ શેઠ શંભુલાલ ગણેશજીના મકાનમાં (ભાડા પદ્ધતિએ મકાન રાખી) દવાખાનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શરૂ કર્યું. અને ૧૮૬૯માં હાલના જૂના દવાખાનાવાળા મકાનમાં દવાખાનું ખસેડવામાં આવ્યું અને તે મકાનમાં જેમ પ્રજાને સવલતો આપી શકાય તેવી શકય તમામ સગવડો વધારવામાં પણ આવી.

આ દવાખાનામાં સદ્ભાગ્યે શરૂઆતથી બી. એમ. એસ. કલાસ ટુ મેડિકલ ઓફીસરની નિમણુંક કરવામાં આવેલી, આ દવાખાનાનું ક્ષેત્રફળ ૨૧૬૦ ચો. વા. છે. આ સ્થળે દરદીઓને સારી એવી રહેવાની, દવાની અને ઓપરેશનોની પણ સગવડ મળવા લાગેલી. સાથે સાથે મેડિકલ ઓફિસરોને રહેવા માટેના પણ મકાનો છે. વળી આ દવાખાનાને તાલુકાને જરૂરી જેવું એક પોસ્ટમોટમ (શબચ્છેદન) માટે સરખલિયા દરવાજા બહાર સ્ટેશન જવાના રસ્તે તરત જ ડાબા હાથે એક મોટી ઓરડી ઝીણી જાળીવાળી બાંધવામાં આવેલી હતી, (હાલ આ સ્થળે શતાબ્દી માર્કેટ છે.) સરકારી ચોરો પણ અહીં છે.

આ દવાખાનામાં આમ જનતાના હિત માટે આવી ગયેલા ડોકટર સજ્જનોમાં કેપ્ટન ડોકટર નટવરલાલ દાણી. (જેઓ આંતરસુંબાના વતની છે.) તેમનો આ દવાખાનાને વિકસાવવામાં ઘણો એવો ફાળો હતો. પ્રજાના ગણા વર્ગ સાથે પ્રેમથી વર્તનારાઓમાંના એ એક સજ્જન હતા.

શહેરમાં જેમ જેમ વસ્તીનો વધારો થયો તેમ તેમ પુરાણા વૈદ્ય કુટુંબો પછી અન્ય ડોકટર સજ્જનોએ પોતાનાં દવાખાનાં શરૂ કર્યાં. વળી યુનાની દવાઓ માટે હકીમ સજ્જનો આરોગ્ય સાચવણી માટે મળી ગયા. પરંતુ મોટા વિકસતા ગામને શસ્ત્રક્રિયા માટેના દરદો માટે નડિયાદ, આણંદ કે અમદાવાદ જવું પડતું. સમય સમયનું કામ કરે છે. કપડવણજના આંગણે ૧૯૪૮માં (સ્વતંત્ર ભારતમાં) દાઉદી વહોરા કોમના વડા ધર્મગુરૂ હીઝ હોલીનેશ નામદાર વડા મુલ્લાજી સાહેબના આશીર્વાદથી તે શરુ થયેલું. વતનના દાનેશ્વરી શ્રીશેઠ જાબીરભાઈ બદરૂદીન મહેતાએ ૧૯૫૧માં એક અદ્યતન જનરલ હોસ્પિટલની ઉદ્ઘાટન વિધિ ભારતના ચાણકય (જેમના માટે પરદેશી સરકાર પણ માન કરતી. અને "સર"નો ખિતાબ આપેલો) સ્વતંત્ર ભારતમાં આપણા આ મુરબ્બીને 'પદ્મ વિભૂષણ"નો ખિતાબ આપણા સ્વતંત્ર ભારતની સરકારે બક્ષેલ છે તેવા માનનીય શ્રીચંદુભાઈ માધવલાલ ત્રિવેદીના શુભહસ્તે તા. ૧૦–૩–૧૯૫૪ શનિવારના રોજ કરવામાં આવેલી.

**શ્રીજે. બી. મહેતા હોસ્પિટલનું ખાતમુહુર્ત** : આપણા ગુજરાતનાં માનનીય નેતા મુંબઈ સરકારના મુખ્ય પ્રધાન તથા માજી વડાપ્રધાન માનનીય શ્રીમોરારજી દેસાઈના શુભ હસ્તે તા. ૩–૪–૧૯૫૧ શનિવારના રોજ કરવામાં આવેલ. હોસ્પિટલ તૈયાર થયા પછી તેની ઉદ્ઘાટન વિધિ કપડવણજના માનનીય સપુત શ્રી સી. એમ. ત્રિવેદીના વરદહસ્તે કરવામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવી હતી. શેઠશ્રીની નાની મોટી લાખોની સખાવતોમાં ઉચ્ચોચ્ચ શિખર તે શ્રીજાબીરભાઈ મહેતા ફાઉન્ડેશન નામનુ સાર્વજનિક ટ્રસ્ટ ઈ. સ. ૧૯૬૮(?)ના જૂન માસમાં મુંબઈમાં કર્યું. શેઠશ્રીની સ્મૃતિરુપ શ્રી જે. બી. મહેતા હોસ્પિટલના પ્રવેશદ્વારે તા. ૧૦–૩–૧૯૪૧(?)ના રોજ તેઓશ્રીની એક કાંસાની અર્ધ (પૂતળી) મુકવામાં આવેલ છે. આ પવિત્ર દિવસે શ્રીમતી અમુતુલ્લા બદરૂદ્દીન મહેતા એકસરે ઇનસ્ટીટયુટનુ ખાતમુહુર્ત વતનના વહાલસોયા સુપુત્રી માનનીય ચંદુલાલ માધવલાલ ત્રિવેદીના અ. સૌ. ધર્મપત્ની લેડી કુસુમબહેન ત્રિવેદીના શુભ હસ્તે તા. ૧૦–૩–૧૯૫૪ શનિવારના રોજ થયેલ. (જુઓ ચિત્ર નં. ૬૨)

માતા પિતાના નામને અમર બનાવે તે ચિરંજીવી અને તે નામને ઉજાળે તે દિકરો (દીવો કરે, પ્રકાશ ફેલાવે.)

માતા પિતાની મીઠી ગોદમાં ખેલનાર અને પિતાના વાત્સલયતાને યાદ કરનાર નર પુંગવોના દીલમાં દરદીઓનો અવાજ પણ સાંભળવામાં આવ્યો અને પિતાના નામે આઉટડોર કલીનીક શેઠ બદરૂદ્દીન એહમદજી મહેતાના શુભ નામ જોડી શરૂ કરવામાં આવ્યું. જેનું ઉદ્દઘાટન ગુજરાત રાજ્યના તે સમયના રાજ્યપાલ શ્રીમહેંદી નવાજ જંગ સાહેબના હસ્તે તા. ૧૩–૨–૧૯૬૧ના સોમવારના રોજ કરવામાં આવેલ છે.

કપડવણજની આ ખુશનસીબ ધરતી પર પનોતા પુત્રે પવિત્ર માતા પિતાની અજરાઅમર સ્મૃતિ કાયમ કરી.

**બાળકોનો વોર્ડ :–** શ્રીમતી લેડી કુસુમબેન ચંદુલાલ ત્રિવેદીના શુભ પ્રયાસથી લોકલાડીલા ભારતના બેતાજ બાદશાહ પંડિત જવાહરલાલ નહેરૂ ફાળામાંથી, તેમજ અન્ય દાનમાંથી બાળકો માટેના એક અલગ વોર્ડ ઉમેરવામાં આવ્યો. પ્રસુતિગૃહ તૈયાર કરી તેને લેડી કુસુમબહેન ચીલ્ડન વોર્ડ અને પ્રસુતિગૃહ નામ આપવામાં આવ્યું.

**ચેપીરોગના દર્દીઓને રાખવાનો વોર્ડ** : સામાન્ય રીતે અન્ય દર્દીઓથી આ જુદા રાખી શકાય તે ધ્યેયથી શ્રીજમનાબહેન ફુલચંદ પારેખ ચેપી રોગ વોર્ડ (ટી. બી. વોર્ડ) દાનથી બાંધવામાં આવેલ. આ રીતે જુદા જુદા વિભાગ સાથેની આ અદ્યતન હોસ્પિટલ કપડવણજ તાલુકાને આશીર્વાદ રૂપ છે.

ઇન્ડોર દરદીઓની સારવારની વ્યવસ્થામાં સગાંવહાલાની રાહત માટે શ્રીઇચ્છાબહેન શિવલાલ લલ્લુભાઈ શાહ ભુવન દવાખાનાના પૂર્વાભીમુખે આવેલ પ્રવેશ દ્વારની તદ્દન સામે જ બાંધવામાં આવેલ છે.

આ હોસ્પિટલની શરૂઆતમાં જ મુંબઇ રાજ્યના પ્રખ્યાત સર્જનોના હાથે નામદાર સરકાર તથા પ્રજાના સહકારથી એક શસ્ત્ર કર્મ યજ્ઞ તા. ૧૯–૧૧–૫૬થી તા. ૩–૧૨–૫૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુધી ઉચ્ચ કક્ષાના સર્જનો દ્વારા ઓપરેશનો કરી, ભૂતકાળમાં જેની યજ્ઞભૂમી તરીકેની ખ્યાતિછે તેમાં આ યજ્ઞે પણ એક ઉમેરો કરેલો. કપડવણજની ધરતી પર માનવ સેવાના યજ્ઞો ઘણી વખત થાય છે. જેમ નેત્ર યજ્ઞો, દંતયજ્ઞો આ વખતના માનદ સેવાઓ આપનાર સર્જનોએ આ હોસ્પિટલને અદ્યતન સાધનો અને સગવડો માટે જરૂરી માર્ગદર્શન આપેલ. તેમાં અમદાવાદના જાણીતા ડોકટર સર્જન શ્રીજયંત બી. હરિભક્તિ તથા આપણા ગામના યુવાન કે જે યજ્ઞના સમયમાં જ પ્રથમ સર્જન બનનાર ભાઈશ્રી ડોકટર ઈન્દ્રવદન રેવાશંકર જોષીને ભુલાય તેમ નથી. (હાલમાં જે અમદાવાદ શારદાબહેન હોસ્પિટલના સર્જન સુપ્રિન્ટેન્ડન્ટ છે.) શ્રીરેવાશંકર હરીલાલ જોષી. હોલકર સ્ટેટમાં એ જમાનામાં તેઓ શ્રી ડી. જે. જી.નો હોદ્દો ભોગવેલ. તેમજ બાવલા ખૂનકેસમાં હોલ્કર સ્ટેટને બચાવવા પબ્લીક પ્રોસીક્યુટર તરીકે ભાગ ભજવેલ. પ્રીન્સ ઓફ વેલ્સ તરફથી કોરોનેશન વખતે જ્યારે ભારત આવેલા ત્યારે પણ ભારતીયોને રૌપ્ય ચંન્દ્રકો મળેલા, તેમાં શ્રી રેવાશંકર જોષી, તે ચન્દ્રક મેળવવામાં ભાગ્યશાળી બનેલા.

આ શસ્ત્રક્રિયા યજ્ઞનું સંચાલન મુંબઈના નિષ્ણાત સર્જન શ્રી મુકંદભાઇ કેશવલાલ પરીખને મુંબઇ સરકારે સોંપેલું. ગુજરાતના પ્રખ્યાત સર્જનોએ આ યજ્ઞમાં, સર્જનો ફીઝીશીયનો, રેડીઓલોજીસ્ટ અને પેથોલોજીસ્ટ તથા સારી એવી નર્સોએ તથા કપડવણજના સ્વયંસેવકોએ રાતદિન અથાગ પ્રયત્નો તથા સેવાઓ દ્વારા કેમ્પને સફળ બનાવેલો. સરકારી કેમ્પો આ પહેલા થયેલા. તેમાં આ સારામાં સારો, અજોડ અને અનુપમ કેમ્પ. આ અનોખું ચિત્ર ખડું થયેલું હતું. માનવતા આ યજ્ઞમાં દેખાતી. દરદીઓ માટે ખડા પગે કામ કરનાર દેવ સ્વરૂપ ડોકટરો, ગામના ડોકટર, મિત્રો તથા ગામના નાગરિકો, સ્વયંસેવકો, બહેનો, દયાની દેવીઓ (નર્સો). રક્તદાન કરનાર દાતાઓનો ઉત્સાહ પણ અનેરો હતો. યજ્ઞભૂમીના સપુતોએ આ યજ્ઞને તથા અન્ય યજ્ઞોને સફળ બનાવવામાં હમેશાં ગૌરવ માનેલ છે.

**શ્રી જંયત સાર્વજનિક હોસ્પિટલ** : કપડવણજના જાણીતા ઉદ્યોગપતિ સ્વ. શ્રીજયંતિલાલ શંકરલાલ પાદશાહ (જંયત મેટલવાળા)ના સ્મરણાર્થે એક મોટા ખંડ સાથે તેમના ભાગીદાર શ્રીચીમનભાઈ ડાહ્યાભાઇ પરીખના શુભ પ્રયત્નથી એક હોસ્પિટલ ઈ.સ. ૧૯૬૨ લગભગથી શરુ કરવામાં આવી. આ દવાખાનાનું કપડવણજના નગરશેઠ શ્રીજેસીંગભાંઈ પ્રેમાભાઈની ખડકીમાં પેસતાં જ ડાબા હાથે આવેલ છે. **(જુઓ ચિત્ર નં.** ૬૩**)**

આ એક જ પ્રથમ દવાખાનું છે કે જ્યાં શરુઆતથી જ ઓપરેશન વિભાગ તથા દંત વિભાગ અને પાછળથી આંખનો વિભાગ પણ શરુ કરેલ છે. (ગુજરાત નેત્રરાહત મંડળના



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપક્રમે) ડૉ. રમણીકલાલ દોશી સાહેબના માર્ગદર્શન પૂર્વક આ ચાલતું હતું. આ સ્થળે ગુજરાતના જાણીતા સર્જન ડૉકટર સૌભાગ્યચંદ્ર બી. શાહ, ડૉ. રતીલાલ ઝવેરી (જેમનું કોમી હુલ્લડમાં અમદાવાદ ખૂન થયેલ.), ડૉ. દીવાનજી (દંતવિભાગ). ગામમાં શરુઆતમાં સ્ત્રી ચિકિત્સકની સગવડ આ દવાખાનાએ પૂરી પાડેલ.શ્રીલીલાબેન બી. સોલોમન નામના (યાહુદીબેન) લોકપ્રિય, માયાળુ હતા. આથી પ્રજાને સારો લાભ મળેલો.

વૈદ્યકીય અભ્યાસ કરતી વખતથી જ જેણે વતનને વૈદ્યકીય સેવા આપવાની તમન્ના અને ભાવના બતાવેલ, જિંદગીભર આ હોસ્પિટલ દ્વારા પોતાની સેવાઓ આપનાર, પ્રેમાળ, સહૃદયી ડૉ. રમણલાલ વાડીલાલ શાહ. તેઓ કપડવણજની કોઈ પણ સામાજિક વૈદ્યકીય પ્રવૃત્તિમાં સંકળાયેલા હોય જ. તેવા આ રમણલાલ ડૉકટર જેમને કપડવણજ કદી ભુલશે નહીં. (૧૮–૮–૪૧ થી)

પોતાના નવા મકાનમાં આ હોસ્પિટલ અદ્યતન સાધનો સાથે શરુ થયેલ છે. જેમાં દરદીઓને રાખવાની સગવડ પણ છે. ડૉ. શ્રીરમણલાલ વાડીલાલ શાહ આ દવાખાનાના પ્રેરણારુપ હતા. આ હોસ્પિટલમાં તેમનું તૈલી ચિત્ર મૂકવામાં આવેલ છે.

## શ્રી ચીમનલાલ ડાહ્યાભાઈ મેમોરિયલ બિલ્ડીંગઃ–

ભાવનાશીલ સેવાભાવી ડૉકટરનો જન્મ અને મરણ તારીખ એક જ છે. જન્મ તા. ૨–૧૦–૧૯૦૮ છે. જ્યારે તારીખઃ ૨–૧૦–૧૯૬૩ના રોજ દેરાસરમાં પ્રભુદર્શન કરી પાછા ફર્યા અને હૃદયરોગનો હુમલો થતાં જ મૃત્યુ પામ્યા. સંસ્થાએ સ્વ. ડૉ. રમણલાલ વાડીલાલ શાહનું તૈલચિત્ર મૂકી તેમની સેવાઓની કદર કરેલ છે. તે દવાખાનામાં પ્રવેશતાં સામે મુકેલ છે.

આદ્ય સ્થાપક શ્રી. ચીમનલાલ ડાહ્યાભાઈ પરીખ :– જન્મ વિ.સં. ૧૯૫૭ સ્વર્ગવાસ વિ.સં. ૨૦૦૮. શ્રીજયંતીલાલ શંકરલાલ પાદશાહ જન્મ તા. ૧૮–૯–૧૧ સ્વર્ગવાસ ૩૦–૧૨–૧૯૪૦. જેમના સ્મરણાર્થે આ હોસ્પિટલ. તેમની પ્રતિમા શ્રીકેશવલાલ સોમાભાઈ શાહ તરફથી મુકવામાં આવી છે.

"માનવીનાં સદ્‌ગુણોનું સ્મરણ માનવીના મરણ પછી બળવાન બને છે." પ્રવેશતાં જ સ્વ. સોમાભાઈ જમનાદાસ તથા અમૃતબાવા સ્મરણાર્થે તેમના કુટુંબીઓ તરફથી આઉટડોર તથા ઓપરેશન થિયેટર છે.

શ્રી જીનવાળાના કુટુંબ તરફથી સારી એવી સખાવત આમાં અપાઈ છે. આ હોસ્પિટલમાં (૧) પુરુષ જનરલ વોર્ડ તથા (૨) સ્ત્રી જનરલ વોર્ડ તથા સ્પેશીયલ રૂમ્સ પણ દાતાઓ તરફથી બનેલ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧. સ્વ ચંદુલાલ મોહનલાલ ગાંધી–પુરુષવોર્ડ (જનરલ) હ. રમણલાલ ચંદુલાલ ગાંધી ૧૯૬૨.

૨. સ્વ. વાડીલાલ શામળદાસ ગાંધીનાં સ્મરણાર્થે તેમના ધર્મપત્ની શ્રીમણીબહેન તરફથી ૧૯૬૨.

૨. સ્વ. ન્હાલચંદ પ્રેમચંદ શાહના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રીરમણલાલ તરફથી.

૩. મહેન્દ્રકુમાર પુનમચંદના સ્મરણાર્થે તેમનાં માતૃશ્રી કમળાબહેન તરફથી ૧૯૬૨

૪. પ્રદીપકુમાર શાંતીલાલ પરીખના સ્મરણાર્થે શ્રી માણેકલાલ વલ્લભદાસ પરીખ એન્ડ સન્સ તરફથી ૧૯૬૨.

૫. મહેન્દ્રભાઇ ડોકટરના સુપુત્ર રાકેશભાઈના સ્મરણાર્થે શ્રીચીમનલાલ વાડીલાલ, તથા જગદીશભાઈ રતીલાલ તથા નીમુ બહેન તરફથી ૧૯૭૫.

સ્પેશીયલ રૂમ્સ અને બીછાનાં :

૧. શ્રીવાડીલાલ મનસુખરામ પારેખનાં ધર્મપત્ની શ્રીમતી મેનાબહેન વાડીલાલ પારેખ તરફથી ઈ.સ. ૧૯૬૨.

૨. શ્રીવાડીલાલ નાથજીભાઈ ગાંધી (વેજલપુરવાળા)ના સ્મરણાર્થે સુપુત્ર કાન્તીલાલ તરફથી ઇ.સ. ૧૯૬૨,

૩. શ્રીબાબુભાઇ ચીમનલાલ પરીખના સ્મરણાર્થે તેમનાં માતૃશ્રી પ્રધાનબહેન તથા બહેન પ્રેમીલાબહેન તરફથી ઈ.સ. ૧૯૬૨.

## સ્ત્રી વોર્ડ જનરલ : શ્રીમતી માયાદેવી ચીમનલાલ પરીખ

૧. સ્વ. ચંચળબહેનના સ્મરણાર્થે તેમના સુપુત્ર શાંતીલાલ વાડીલાલ શાહ તરફથી ઈ.સ. ૧૯૬૨. ૨. સ્વ હિંમતલાલ પુનમચંદ દોશી તથા સ્વ.ચંપાબહેનના સ્મરણાર્થે શ્રી ધનવંતલાલ તથા શ્રીસુરેન્દ્રકુમાર તરફથી. ૩. શ્રીડાહ્યાભાઈ કેવળભાઈનાં સુપત્ની શ્રી પરસનબહેનના સ્મરણાર્થે. ૪. શ્રીચીમનલાલ ભુરાભાઈ શાહના સુપુત્રો કસ્તુરભાઈ, મુકુંદભાઈ પોપટભાઇ તરફથી ઈ.સ. ૧૯૬૨.

(ઉપરના સ્પેશીયલ રુમ તથા તેમાંના બિછાનાંની યાદી) ૧. સ્વ.નગીનદાસ વિમળચંદ ભરૂચવાળા તથા માતૃશ્રી સુરજબહેનના સ્મરણાર્થે ( બિછાનું:– સ્વ.વાડીલાલ મનસુખરામ પારેખ) ૨. સ્વ.પુનમચંદ શંકરલાલ ગાંધી તથા અમૃતબાના સ્મરણાર્થે, (બિછાનું. સ્વ.વાડીલાલ નાથજીભાઈ–)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**મેનાબહેન વાડીલાલ પારેખ (આંખ વિભાગ):–** કહેવાય છે. કે–સ્વ.શ્રી વાડીલાલ પારેખના ભાભી સમરથબહેન એક દિવસ તાપડુ સાંધતાં હતાં, તે વખતે પડોશનાં એક માણેકબહેન બાજુમાં આવીને ઉભાં રહયાં. સમરથબેનને જાણ નહતી, તે તો તાપડુ સાંધવાની ધુનમાં જ. સાંધવાનો મોટો સોયો હાથમાં ઉંચો કરતાં શ્રીમાણેકબહેનની આંખમાં પેસી ગયો. માણેકબહેનની આંખ ફુટી ગઈ. કોઈપણ ઇલાજ ન હતો. શું આ ભાભીની ભૂલ યા ગુનાના પ્રાયશ્ચિત રુપે પવિત્ર ભાવનાથી આ આંખની હોસ્પિટલનો વિભાગ સ્થાપવામાં આવ્યો હોય તેમ શું ન લાગે? આ આંખ વિભાગમાં પૂજ્ય રવિશંકર મહારાજના આર્શિવાદ અને માનનીય ડો. રમણીકલાલ દોશી સાહેબના શુભ પ્રયત્નોથી નેત્ર ચિકિત્સકો આવે છે. ગુજરાત નેત્ર રાહત મંડળના સંચાલન દ્વારા આ આંખ વિભાગમાં નેત્ર ચિકિત્સકો સેવાઓ આપે છે. કપડવણજમાં લાયન્સ કલબ વગેરે સંસ્થાઓ તરફથી નેત્રયજ્ઞો પણ સારી રીતે યોજાય છે.

**સેવાસંઘ: ૧ આયુર્વેદક દવાખાનું :–** આમ જનતાના હિત માટે સેવાસંઘના કાર્યકરોએ એક નાનું શુદ્ધ આયુર્વેદીક દવાખાનું શરુ કર્યું. આ દવાખાનું શરુ કરતાં કાર્યકરોમાંના એક ભાવનાશીલ યુવક શ્રીચીમનલાલ છોટાલાલ શાહ પાટણ આયુર્વેદીક કોલેજના પૂર્ણ અભ્યાસ કરેલ યુવાને, આ દવાખાનામાં પોતાની સેવાઓ આપવાની તૈયારી બતાવી. આ શુભ આશયથી આ દવાખાનું લાંબી શેરીમાં શ્રીશંકર શેઠના ડહેલા સામેના ભાડાના મકાનમાં શરુ કરવામાં આવેલ. તે દવાખાનું તા. ૩૦–૩–૧૯૭૩ના રોજ ગુજરાતના આયુર્વેદના વિદ્વાન શ્રીબાપાલાલ વૈદ્યની દોરવણીથી શરુ કરવામાં આવેલું. સેવા સુશ્રુષા વિભાગ માટે શ્રીમાન્ શંકરલાલ હરિલાલ પરીખની ઉદાર સખાવતથી એક સ્વતંત્ર મકાન તા. ૧૧–૫–૧૯૪૨ ના રોજ સેવાસંઘને ભેટ આપવામાં આવ્યું. મકાનની ઉદ્‌ઘાટન વિધિ તા. ૧૧–૫–૧૯૪૨ ના રોજ ગુજરાતના ત્યાગવીર ભરુચનિવાસી ડો. ચંદુલાલ દેસાઈ (છોટા સરદારના) શુભ હસ્તે થઈ હતી.

હાલમાં સેવાસંઘ દવાખાનું શ્રીશંકરલાલ હરીલાલ પરીખ તરફથી બંધાવી આપેલ પાકા (પુ. હ. મહાજન લાયબ્રેરી સામે) સ્વતંત્ર મકાનમાં ચાલે છે. તેમાં સંવત. ૧૯૮૩થી સુશ્રુષા વિભાગ પણ શરૂ કર્યો છે. પ્રસુતિ વિભાગ સેવાસંઘના આદ્ય સ્થાપક શ્રીશંકરલાલ માણેકલાલ દેસાઈની દૂરંદેશીથી શરુઆત કરવામાં આવેલ છે. પ્રજાને ઘર બેઠે પ્રસુતિ વિભાગનાં સાધનો તથા દરદી માટે જરૂરી સાધનો દરેકને મફત ઘરે લઈ જવા મળતાં. પ્રસુતિ વિભાગમાં યોજના તો એટલી સુંદર હતી કે જરૂરવાળાને જોયતું બધું મળે. ગામડામાં સ્થળે સ્થળે તાત્કાલીક રાહત મળી શકે તે માટેની સામાન્ય દવાઓની પણ નાની પેટીઓ બનાવી ગામડાઓમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પહોંચાડવામાં આવતી હતી. પરંતુ ગામડાં ફરતી આ પ્રાથમિક ઉપચાર પદ્ધતિની પેટીઓ વધુ સમય સુધી ચાલી શકે નહીં. વિશાળ વડ સમા સેવાસંઘની આ એક વડવાઈ છે. આઝાદી પહેલાં સેવાસંઘના તથા ગામના નવયુવકો ગામડામાં કોઈપણ જાતની તકલીફ જણાતાં પગપાળા પ્રવાસ કરી સહાય થવામાં હંમેશા તૈયાર રહેતા. આજે તો સાધનો અનેક છે. સદ્‌ભાગ્યે સેવાભાવી અનેક સંસ્થાઓ પ્રજાના દુઃખ દર્દમાં ભાગીદાર બને છે.

**શ્રી બેનજીબાઈ હિંદુ પ્રસુતિગૃહઃ**– કપડવણજના વતનીને વૈદ્યો, ડોકટરો તથા દવાઓનો જોઈએ તેવો લાભ મળતો હતો. ત્યાં બહેનો માટે જરુરી તેવા પ્રસુતિગૃહની એક ઉણપ હતી. જે કપડવણજના પ્રખ્યાત ઉદ્યોગપતિ શેઠ શ્રીબાપાલાલ પીતાંબરદાસ પારેખ તથા તેમના ભાઈઓએ પોતાનાં પૂજ્ય માતૃશ્રી બેનજીબાઈના સ્મરણાર્થે એક હિંદુ શ્રી પ્રસુતિગૃહ જૂન ૧૯૪૩ માં સુથારવાડાના ચકલે શરૂ કરાવ્યું કેટલાક સમય બાદ આ સંસ્થા પોતાના સ્વતંત્ર મકાનમાં શરૂ કરવામાં આવી. જેનું ઉદ્‌ઘાટન............ કરવામાં આવેલું. હાલ આ મકાન 'સરસ્વતી થીએટર'ની પાસે છે. જેમાં બહેનો માટે ખાટલા તથા સગાં વહાલાં માટે પણ સગવડ કરી આપવામાં આવી છે. મેઢાગાંધી આ પ્રસુતિગૃહ 'હિંદુ પ્રસુતિગૃહ' છે. જે શ્રી પીતાંબર નંદુલાલ ધર્માદા ટ્રસ્ટના નીચે કામ કરે છે. કપડવણજના કેટલાક સપુતો એવા છે. કે જેઓ પોતે એક એક સંસ્થાના આજીવન સેવકો બનેલ છે. અગર કેટલાક સેવકો પોતે સંસ્થા રુપ બનેલા છે. તેઓના ચરણોમાં વંદન કરવાનું તો મન થાય જ. **(જુઓ ચિત્ર નં. ૬૪)**

આ સંસ્થા શરૂ થઈ તે દિવસથી આ સંસ્થાને પોતાની જીંદગીભરની સેવાઓ અર્પણ કરનાર સેવાભાવી ભાવનાશીલ, કર્તવ્ય પરાયણ ડો.છોટુભાઈ બાપુલાલ દેસાઇને કોઈ ભુલી શકે તેમ નથી. આ પ્રસુતિગૃહને લોકો ડો.છોટુભાઈનું દવાખાનું એ નામે ઓળખે છે. ડો.છોટુભાઇ આ પ્રસુતિગૃહના અખંડ તપધારી બની ચુકયા છે. રાત્રીએ બોલાવનાર દરદીનો અવાજ પોતાના (જુના ઈનામદારોના ડહેલા જેવા) મકાનમાં પહોંચે નહીં, આથી તેઓ તે માટે ૧૨ માસ કાયમ બહાર દરવાજા પાસે જ સુઈ રહે છે. રાત્રી દિવસ દરદીઓને પુરતો સંતોષ અને ગરીબને મફત સારવાર. વાંચનની સુવિધા સગા માટે પણ સંપુર્ણ સગવડો. દાદા માલવંકર, શ્રીમોરારજી દેસાઈ વગેરે મુલાકાતથી સંતોષ પામેલા, પૂ. શ્રી સચ્ચિદાનંદજી મહારજે (દંતાલી આશ્રમવાળા)એ. તથા શ્રી છોટુભાઈએ પોતાના ખર્ચે પરબ તથા સ્નાનગૃહ(બાથરુમ) પણ બાંધેલ છે. તથા રાત્રિના સમયે ચા, કોફીની વ્યવસ્થા પણ કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**સેફી સીદીખાના** : કપડવણજના દાઉદી વહોરા ગૃહસ્થોની શુભ ભાવનાના ફળ રૂપે તેમની કોમમાં સારાં એવાં ટ્રસ્ટો છે. જેથી વિદ્યા સહાય તથા તબીબી સહાય દરેકને મળે છે. કપડવણજના (૧) શેઠ બદરૂદ્દીન એહમદજી મહેતા, (૨) ખા. બ. શેઠ મહમદઅલી કાંગા, (૩) શેઠ કીકાભાઈ ચાંદાભાઇ કાગળવાળા, (૪) શેઠ શ્રીઈસાકઅલી (મુંબઈના મેયર) બંદુકવાલા તથા અન્ય વહોરા બીરાદરોના સહકારથી વહોરા કોમની રાહત માટે ઇ.સ. ૧૯૧૭ માં આ દવાખાનાની શરૂઆત કરી.

**સેફી દવાખાનું**:– મોટી વહોરવાડમાં પ્રવેશ કરતાંજ સામે એક મોટુ મકાન છે. જેમાં નીચેના ભાગમાં વહોરા બિરાદરોએ દવાખાનું શરૂ કર્યું. એક જમાનામાં વહોરવાડમાંથી બહેનો ખાસ કરી કદીક બહાર પણ નીકળતાં ન હતાં. રાજ્ય કુંટુબોની બહેનોની માફક અહીં પણ વહોરવાડમાં અનેક ઘણી મર્યાદામાં બહેનો રહેતી. દવાઓ માટે ફકત વૈદ્ય કુટુંબના જ ત્યાં જતા, અને દવાઓ કરતા. વખત જતાં દવાખાનું ત્યાં થવાથી પોતાના વિભાગમાં દવાઓ માટે જતાં. વહોરા સદગૃહસ્થો માટે આ ફ્રી દવાખાનું છે. અહીં પણ ડોકટરો આજન્મ સેવાઓ આપી રહેલ છે. તેના મેડા પર લાયબ્રેરી છે.

**વજીરાબુ પ્રસુતિગૃહ** :–

વહોરા કોમની પ્રસુતા બહેનોની ખાસ સગવડ ખાતર શેઠ શ્રી કીકાભાઈ ચાંદાભાઈ તરફથી તેમનાં માતૃશ્રી વજીરાબુના સ્મરણાર્થે ૧૯૪૨માં પ્રસુતિગૃહ ખુલ્લું મુકવામાં આવ્યું. તેમાં બહેનો માટે ખાટલાની સગવડ તથા સ્ત્રી વિચિકિત્સક વગેરેની વ્યવસ્થા કરેલી છે.

**પશુ ચિકિત્સાલય** : માનવી માટે અનેક પ્રયત્નો થાય છે, પણ મુંગા પ્રાણીઓના આરોગ્ય માટે મમતા દાખવનાર મમતાળુ દાનવીર શેઠશ્રી સ્વ.જમનાદાસ કેશવલાલ દેસાઈ (વહાણ દલાલ)એ પોતાના ખર્ચે એક પશુ ચિકિત્સાલય બંધાવી આપ્યું. તે નદી દરવાજે (શહેરની પશ્ચિમે) નદી તરફ જતાં સડકની જમણી બાજુ ધર્માર્થે ખુલ્લું મુકયું છે. પશુ ચિકિત્સાલયમાં માણેક શેઠાણીના ટ્રસ્ટ તરફથી વાર્ષિક રકમ પણ અપાય છે.

**શ્રીચાંદાભાઈ સેનેટેરીયમ** :– વહોરા બિરાદરો માટે જ એક સુંદર સુવ્યવસ્થિત આરોગ્ય ભુવન શેઠ શ્રીકીકાભાઈએ તેમના પુજ્ય પિતાશ્રી ચાંદાભાઈ શેઠની સ્મૃતિમાં સન ૧૯૪૨માં શરુકર્યું. કપડવણજમાં સદ્ભાગ્યે સારા વૈદ્યો, ડોકટરો સારી રીતે છે. તેમાં સારા સર્જનો, રોગ નિષ્ણાત બહેનો, નેત્રરોગોના, દંતરોગોના નિષ્ણાતોનો તેમ આરોગ્ય માટે જરૂરી નિષ્ણાતોની સેવાઓનો લાભ દરદીઓને મળે છે. મળ–મૂત્ર–રકત વગેરે તપાસણી માટે લેબોરેટરીઝ (પ્રયોગશાળાઓ )પણ છે.

**વાઢકાપ રાહત વિભાગ**:– સેવાસંઘ તરફથી એક વાઢકાપ વિભાગ સંવત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૯૬૩માં શ્રી ઓચ્છવલાલ અંબાલાલ ઝવેરીની સહાયથી શરુ કરવામાં આવેલ. આ વિભાગ વડે કપડવણજ અને તાલુકાની પ્રજાને ઓપરેશન કરાવવા માટે જરુરી સહાય આપવમાં આવતી. સેવાસંઘનું આયુર્વેદીક દવાખાનું ઇ.સ.૧૯૬૬–૬૭ માં રુગ્ણાલયના રુપમાં શરુ થયેલ છે. જે હાલમાં શ્રીમગનભાઈ નરસીભાઇના મકાનમાં શ્રીનટરાજ ટોકીઝની પાછળ ચાલે છે. જ્યાં દરદીઓના ખાટલાં પણ રાખેલ છે. દવાખાનું સરકારને સોંપવાનો ઠરાવ તા. ૧૫–૩–૬૪ ના રોજ સેવાસંઘે કરેલ હતો.

**હોમીયોપેથીક દવાખાનું**:– સેવાસંઘ તરફથી ૧૯૭૩ માં જે આયુર્વેદીક દવાખાનું જનતાના આરોગ્ય રાહત માટે શરુ કરેલ, તે દવાખાનું સરકારને સોંપવામાં આવ્યું. આરોગ્ય માટેની જે જે અન્ય પદ્ધતિઓ છે, તેમાં જનતાને ખર્ચમાં રાહત મળે તેવી વિકાસમાં મહત્વમો જરૂરી, તેવી એક હોમીયો પેથીકના દવાખાનાનીજરૂર હતી. જેમાં શ્રીસોમાભાઈ પુનમચંદ દોશીની પ્રેરણા અને શ્રદ્ધા બળે સેવાસંઘ તો સ્વિકૃત કર્યું. આપણા ગામના દાનેશ્વરી કુંટુબોમાંના કર્મવીર શ્રીધીરૂભાઈ ઓચ્છવલાલ કાંટાવાલા તરફથી શ્રીમતિ સુરજબહેન લક્ષ્મીચંદ કાંટાવાલા સ્મૃતિસદનમાં શ્રીલક્ષ્મીચંદ મીઠાલાલ કાંટાવાલા સેવાસંઘ સાર્વજનિક હોમિયોપેથીક દવાખાનું શરુકર્યું. તેનું ઉદ્‌ઘાટન શેઠ શ્રી ટોકમચંદ દેવુમલજી ખુશાલ (આગ્રવાલા)ના શુભ હસ્તે મહાસુદ ૫. વિ.સં.૨૦૩૪ તા. ૧૨–૨–૭૮ ના રોજ ગાંધીવાડામાં થયેલુ–ખુલ્લુ મુકવામાં આવ્યું.

**આરોગ્ય ભુવન** :–કેટલાક દરદીઓ હવા ખાવા માટે શ્રીઉત્કંઠેશ્વર મહાદેવની ટેકરી પંસદ કરે છે. તો કેટલાક નાની રત્નાગિરિ માતાએ જે સ્વતંત્ર માલિકીના મકાનો બંધાયેલ છે, તેનો લાભ લે છે.

રત્નાગિરિ માતાની ટેકરી પર મકાનોમાં રહેવાની જેટલી સુંદર સગવડ છે. તેટલુંજ મીઠું જળ દરદીને પચવામાં પણ માફક આવે છે. આ માલિકીના મકાનો હોવા છતાં દરદીઓને રહેવા માટે સગવડ મળે છે.

**મકાનો**:– ડાકોરની સડકે જતાં શ્રી વિનોદ વ્યાયામ ગૃહની પાછળ સ્વ. શેઠ કેશવલાલ છોટાલાલના બંગલાને પણ આરોગ્ય ભુવન તરીકે ઉપયોગ કરાય છે.

**શ્રીકુબેરજી મહાદેવ પાસે**:– સ્વ. શ્રીજમનાબેન કુલચંદ કુબેરભાઇ દેસાઈના સ્મરણાર્થે બંધાયેલ ક્ષયના દરદીઓ માટેનું આરોગ્ય ભુવન સં.૨૦૧૬ ઇ. સ. ૧૯૬૦ થયું. આરોગ્ય ભુવન માટે ૧૫–૧૦–૧૯૫૯ માં દાન મળ્યું હતું.

અત્યારના સમયમાં તો દરદીઓ ઘણે ઘણે સ્થળે જાય છે. છતાં આરોગ્ય ભુવનની મહત્તા છે. તેની જરૂર પણ છે જ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**જાહેર સ્વચ્છતા, આરોગ્ય માટે ખાસ જરૂરી-પાણી, સ્વચ્છતા અને પ્રકાશ :**

પાણી માટે આ ગામમાં પહેલેથી જ પ્રાચીન વાવોનો તથા પોળોમાં આવેલ કુવાઓનો તમામ જનતા ઉપયોગ કરતી હતી. સમય સમયનું કામ કરે છે. આ ગામને ઘરે ઘરે પાણી પહોંચી શકે તે યોજના શહેર સુધરાઇ તરફથી હાથ ધરવામાં આવી. મુ, શ્રીરાવ-બહાદુર વલ્લભરામ છોટાલાલ ત્રિવેદીને ફાળે આ યશ જાય છે. તેમના સાથીદાર ઉપપ્રમુખ મુ. શ્રીચુનીલાલ વિઠ્ઠલભાઈ દેસાઈ, આ ગામની પ્રગતિના પ્રણેતામાંના એક. તેમને શી રીતે ભુલાય ?

જાહેર સ્વચ્છતા માટે અહીં પહેલેથી એક પ્રથા ચાલુ હતી કે-હરિજનો તેમના ઘરાકોની પોળો કે ઘર પાસે સફાઈ કરતા હતા. મેલું ઉપાડતા હતા. શહેર સુધરાઈએ સને ૧૯૪૫ ખાનગી જાજરૂ વાળવાની અને ઘરાકીની પ્રથા નાબુદ કરી. ખાતાવાર માણસો રોકી જાજરૂ સફાઇ કરવાનું ધોરણ અપનાવ્યું. પછી પોળો વગેરેની સફાઈ માટે ઘરાકીની પ્રથા કાડી નાખી. ૧૯૫૬માં વળતર આપીને આ પ્રથા નાબુદ કરી. અત્યારે ખાતાવાર આખા દિવસ માટે સફાઇ કામદારોને રોકી ગામની તમામ પ્રકારની સ્વચ્છતા શહેર સુધરાઈ તરફથી ઉઠાવી લેવામાં આવી. વળી જે વાળવાનાં જાજરૂઓ હતાં તેવાં તમામ ખાનગી જાજરૂઓને વાળવાને બદલે ફ્લશીંગ બનાવી દેવામાં આવ્યાં. જનતાએ સારો સહકાર આપ્યો, અને જાજરૂઓ ફ્લશીંગ બની ગયાં.

સુધરાઇની પ્રગતિની સાથે સાથે ૧૯૩૬માં જાહેર ફ્લશીંગ જાજરૂઓ દિન પ્રતિદિન શહેરની દરેક ભાગોળે જાહેર જનતા માટે તૈયાર થયાં. આ બાબતમાં કપડવણજ શહેર સુધરાઈ સ્વચ્છતા માટેના પ્રયત્નોમાં સારી એવી પ્રગતિ કરનાર સુધરાઈ છે. નિષ્ઠાવાન સભ્યો હંમેશા ગામની પ્રગતિમાં જ રસે છે. ગામની સ્વચ્છતા માટે ૧૯૨૭થી જ નળ અને ભુગર્ભ ગટર યોજનાએ મહત્વનો ભાગ ભજવેલ છે.

પહેલાં ગામમાં ચારે બાજુ ભીસ્તી પાડાપર પાણીની પખાલ રાખી સડકો પર પાણી છાંટતા. ત્યાર બાદ ગાડા પર પાણીની ટાંકી રાખી એક સૂંઢ દ્વારા સડકો પર પાણીનો છંટકાવ કરવામાં આવતો. બજારમા (પાકી સડકો નહી હોવાથી ધૂળ ઉડે નહિ માટે.) કપડવણજની સુધરાઈ જાહેર સ્વચ્છતા માટે પહેલેથી જ સજાગ છે.

જેટલી સ્વચ્છતા માટે સુધરાઇ સજાગ છે તેવી જ રીતે ગામને પ્રકાશ આપવા પણ પ્રથમથી જ સજાગ છે.

સૈકા પહેલાં આ ગામની પ્રજા રાત્રિ પડે તે પહેલાં પોતાનાં કામથી પરવારી ઘરમાં અથવા પોળોની અંદર વાતો-ચીતો કરી આરામ કરતા હશે. શહેર સુધરાઈએ સને ૧૮૬૫થી આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગામમાં લગભગ ૧૦૦ ફાનસોથી શરૂઆત કરેલી. એ જમાનામાં નાગરિકો પોતાના ઘરોમાં માટીના કોડીયામાં રૂની દીવેટ તથા દીવેલથી દીવા કરી પ્રકાશ મેળવતા. લાકડાની દીવી પર કોડીયાં મુકવામાં આવતાં. ઘરમાં બે ઓરડા વચ્ચે એક દીવી (લાકડાની) મુકવામાં આવતી. અગર બારણાંની સાખમાં લાકડાની ફરતી દીવી રાખવામાં આવતી, જેથી એ દીવો બન્ને ઓરડામાં પ્રકાશ આપતો. પોળમાં ફરવા માટે કોડીયું લઈને ફરતા.

ઈ. સ. ૧૮૬૫માં શહેર સુધરાઈ તરફથી સડકો પર, મોટી મોટી પોળોમાં, ચોરસ મોટા સોએક ફાનસો મુકવામાં આવ્યાં. શહેર સુધરાઇ તરફથી આ દીવા કરવા ખાસ માણસો રોકવામાં આવતા. દિવસે દિવસે પ્રકાશની જરૂરિયાત વધી. પ્રથમ એક લીમીટેડ કંપનીએ પાવર હાઉસ નાખી સ્ટ્રિટ લાઈટ કરેલી, પણ તે કંપની બરોબર કામ કરતી નહિ હોવાથી તેને ફડચામાં લઈ જવામાં આવી. તમામ મિલ્કત શ્રીવાડીલાલ મનસુખરામ તથા શ્રીનગીનભાઇ વાડીલાલ ગાંધીએ ખરીદી અને સોસાયટીની પદ્ધતીએ કાર્યકરોએ ગામને લાઈટની સગવડ પૂરી પાડી. સને ૧૯૪૯માં ભારત સ્વતંત્ર થયા બાદ કપડવણજ ટાઉન કો-ઓપરેટીવ ઇલેકટ્રીક સીટી એસોસિએશન તરફથી વિદ્યુત પ્રકાશ આપવાની શરૂઆત થઈ. આ વિદ્યુત પ્રવાહ પ્રકાશ શરૂ થયો. આ વખતે કેરોસીનનાં ફાનસોની સંખ્યા ૪૦૦ સુધીની હતી. વિદ્યુત શક્તિની બત્તીઓ ૮૫૩ જેટલી કે તેથી વધુ ચાલે છે. મોટા ખર્ચે પણ સુધરાઈ આ કાર્ય કરી રહેલ છે.

ગ્રીડ આવ્યા બાદ સારૂંએ શહેરમાં વીજળીનો પ્રવાહ, પ્રકાશ, પંખા અને ઉદ્યોગોમાં તે ચાલું થયેલો છે. આજે શહેર પોતાની શક્તિ પ્રમાણે એક સુંદર અને સમૃદ્ધ શહેર બની રહેલ છે, અને વધુને વધુ પ્રગતિ તરફ વળી રહેલ છે.

સૈકા પહેલા જ્યારે આ દીવેલના કોડીયામાં દીવા બળતા ત્યારે, જો કોઇ વરઘોડો કે કોઈ પ્રસંગ રાત્રે હોય, તો તે જમાનામાં મશાલના પ્રકાશમાં એ પ્રસંગો ઉજવાતા. જનતાને અજવાળે દોરનાર પ્રકાશ આપનાર મશાલનું કામ નાઈ કરતા. દેવ મંદીરમાં કાયમ ઘીની મશાલ પ્રકાશ આપતી. તે દુન્યવી પ્રસંગોમાં દીવેલથી કે તેલથી મશાલ પ્રકટાવતા હતા.

થોડાંક સમય પછી આ ગામમાં પ્રથમ મોટો પ્રકાશ આપનાર બત્તીઓ જે પેટ્રોમેક્ષ તરીકે ઓળખાય છે તે લાવવામાં આવી. તેના સુંદર પ્રકાશમાં વરઘોડા ફરતા. આ બત્તીઓ જ્યાં પ્રસંગ હોય ત્યાં લટકાવવામાં પણ આવતી, અને શહેરમાં ફરવા માટે તેને સ્ટેન્ડ ઊપર મુકી મજુરના માથે મુકાવી વરઘોડામાં ફેરવવામાં આવતી. આ બત્તીઓ શહેરમાં શરૂ કરવામાં શ્રીજીવરામભાઇ કલ્યાણદાસ નાઈ હતા. જે જીવરામભાઇ બત્તીવાળા કે



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાયકલવાળાના નામે ઓળખાતા હતા. આજે તેમનાં વારસદારો મોટરો વગેરેના ઊદ્યોગમાં પ્રગતિ કરી રહેલ છે.

**અગ્નિશામક સેવા વિભાગ :** પહેલાંના સમયમાં જ્યારે ગામમાં અગર આસ-પાસમાં જો કોઇ સંજોગોમાં આગ લાગતી, તો તરત જ આમ જનતા તે સ્થળે દોડી જતી. બહેનો કુવા પર જઈને પાણી ભરતાં, તો પુરૂષ વર્ગ માટીનાં માટલાં કે-ધાતુનાં વાસણો લઈને આગ હોલવવા જબ્બર પ્રયત્નો કરતા. વર્ષો પહેલાંની વાત છે કે-મલેકવાડામાં આગ લાગી ત્યારે સ્વ. નગરશેઠ શ્રીમણીભાઇ શામળભાઇએ જાતે તથા નાના વર્ગના માણસોએ પૈસા પણ આપીને આગ હોલવવામાં પ્રોત્સાહિત કરેલા.

સમય જતાં સુધરાઇએ એક મોટો બંબો પાણીની ટાંકી વાળો ઘણી મોટી સુંઢ સાથે વસાવેલો. આ સુંઢ તથા પંપથી ફેંકાતું જોરદાર પાણી અને ભાવનાવાળા આગ હોલવવામાં ઝુકી પડતા. આ યુવાન-વૃદ્ધોને જેણે જોયા હશે તેમનાં માથાં જરૂર તેમને નમી પડે. મકાનો તથા જીવ બચાવવા મરણીયા થતા ભાઈબહેનોનો ઉત્સાહ દરેકને દરેક ગામોમાં જોવા મળતો.

નળની યોજના શરુ થયા બાદ હવે ઘણા મોટા લત્તાઓ પર પાણી લેવા માટે મોટા ફાયર હાઇડ્રેન્ટો-પાઇપો ગોઠવેલા છે. તેમાંથી પાણી મેળવાય છે. શહેર સુધ-રાઇને એગ્નિ શાંતિ માટે જે અદ્યતન સગવડો-સુંઢ, નીસરણીયો સાથે મોટા બંબા શેઠ કાદરભાઈ મહમદભાઈ ખલીલ તરફથી મળેલા છે. આ બંબા આગના ભય સામે ઝઝુમવા માટે ગામ-પરગામ જાય છે. આ બંબા ૨૪ કલાક પાણી ભરેલ મરજીવા સાથે તૈયાર જ રહે છે.

## : બગીચા :

પ્રાચીન સમયથી શરીરની જરૂરીયાત જેવી સ્વચ્છ હવાના દરેક મનુષ્ય ઉપાસક છે. આપણે ત્યાં થોડાક સૈકા પહેલાં જ્યારે બાબી વંશના રાજવીઓ રાજ્ય કરતા હતા ત્યારે શહેરના ખુણે એક બાજુ મીઠા પાણીનું એક સુંદર તલાવ અને બીજી બાજુ કીલ્લાની અંદરની બાજુ સુંદર હવા ખાવાનો બાગ હતો. જેને અત્યારે ફૂલવાડી કે સરદાર બાગ કહેવામાં આવતો. આજે તો તેનાં નિશાન પણ દેખાતાં નથી. રાજવીઓ આનંદ અને પ્રમોદ આમાં કરતા, હવા ખાતા.

છેલ્લા એક સૈકાથી લોકો દરરોજ સાંજે ફરવા જતા. પૂર્વ-પશ્ચિમ કે દક્ષિણ તરફ વસવાટ કરનાર કેટલાક સજ્જનો ફરવા જતા, સાથે પોતાના બાળકોને પણ લઇ જતા. તેને પોતાની આંગળીએ વળગાડીને આંક-પલાખા ગોખાવતા લઈ જતા. વળી ગામ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બહાર આવેલ મંદીરોમાં દર્શન કરતા. વળી ત્યાં મુકામ કરેલ સંત પુરૂષોનાં પ્રવચનો પણ સાંભળતા. તથા હિતની વાતો પણ કરતા. ફરવા જવાના વિચારો હતા તેથી દરેકજણ આબાલ–વૃદ્ધ બાળકો અને બહેનો પણ લાભ લઈ શકે તે હેતુથી સાર્વજનિક એક ઉદ્યાન તૈયાર કરવાનું શહેર સુધરાઈએ નક્કી કર્યું છે.

(કેટલાક સુખી કુટુંબના વહોરા ભાઈઓ તથા અન્ય પ્રજાએ શહેરની શોભારૂપ સારા એવા બંગલાઓ શહેરની પૂર્વ દિશાએ સ્ટેશન રોડ પર બાંધેલા છે.)

**બંગલાઓ :** (૧) રત્નાગીરી જવાના રસ્તા પર, (૨) ડાકોરની સડકે (૩) નદી દરવાજા બહાર મુસાફર બંગલો. (જેનો ઉપયોગ ફક્ત સરકારી અમલદારો કરી શકે છે.)

**ગાંધી ઉદ્યાન :** રેલ્વે સ્ટેશન પર જવાના રસ્તાની જમણી બાજુ જે મેદાન પર પહેલાં મ્યુ. હાઈસ્કૂલનું ક્રિકેટનું ભવ્ય મેદાન હતું, તેજ ધરતી પર આજે એક સુંદર–સુવ્યવસ્થિત હરિયાળો બગીચો ઝાડપાન ફુલછોડથી મહેંકી રહયો છે.

**કુંડવાવના પ્રવેશ દ્વારે :** શ્રીહરિશબાગ શહેરના મધ્યે ભાગે શોભી રહેલ છે.

**પરબડીયો :** આપણા દેશમાં સાધુ સંતોના માટે પૂજ્યભાવ છે, ગરીબો પ્રત્યે દયાભાવના છે. માનવતા છે, પશુઓ પ્રત્યે પ્રેમ, પક્ષીઓ પ્રત્યે સંપૂર્ણ દયા છે. આવા પવિત્ર ભારતના આ નાનકડા ધરતીના ટુકડા પર વસનાર બુધ્ધિજીવીઓએ સદાવ્રતખાતાં, અનાથાશ્રમ, ધર્મશાળાઓ, પાંજરાપોળ તથા પરબડીયો બાંધી છે.

અ નગરના કેટલાક હિંદુઓના ઘરે ઘરે પહેલાંના સમયમાં દરેકના મકાનની બારીએ બબ્બે શકોરાં (માટીનાં નાનકડાં વાસણો)વાળા સીકાં બાંધવામાં આવતાં. જેમાં એકમાં પાણી અને બીજામાં જાર, બાજરી કે મકાઈ જેવાં પક્ષીઓને ચણવા માટે દાણા નાંખવામાં આવતા.

આપણા ગામના ધર્મ પ્રેમીઓએ પરબડી બંધાવી. દર વર્ષે તે માટે મકરસંક્રાતિ જેવા પુણ્ય દિવસોમાં ફાળો એકઠો કરવા નીકળતા. કેટલીક પરબડીઓ ટ્રસ્ટથી ચાલે છે. લોકહૈયામાં તેનું ઘણું જ સ્થાન હોવાથી તે સારી રીતે ચાલે છે.

**કાપડબજારની પરબડી :** આ પરબડી કપડવણજના નગર શેઠકુટુંબના શેઠ શ્રીમીઠાભાઇ ગુલાલચંદ તરફથી બાંધવામાં આવી છે. આજ પણ તેમના ટ્રસ્ટમાંથી તેનો વહીવટ પરીખ ઝવેરભાઇ શીવાભાઈની પેઢી કરે છે. દરરોજ પક્ષીઓને દાણા નાખવામાં આવે છે. આ પરબડી જીર્ણ થતાં નવી અત્યારે બંધાઇ છે. (**જુઓ ચિત્ર નં. ૬૬**)

**કુંડવાવ સામે :** આ પરબડી પહેલાં બંધવવામાં આવેલી જે ટૂટી જતાં ગ્રામજનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાસેથી પૈસા એકઠા કરી તેનું સમારકામ કર્યું. આ કામ લગભગ સં. ૨૦૧૫ની આસપાસ થયું. આ પરબડીના નીચેના ભાગમાં ત્રણ દુકાનો ઉતારવામાં આવી, આ દુકાનોના ભાડાના પૈસામાંથી પક્ષીઓને દાણા નાંખવામાં આવે છે. આ પરબડીનો વહીવટ હાલ શ્રીભગવતલાલ રમણલાલ ગાંધી કરી રહ્યા છે. આ પરબડી કપડવણજની મધ્યમાં કુંડવાવ પાસે છે.

**૩. ગાંધીચોક** : આ પરબડી નાની ખડકી પાસે શેઠના મકાન સામે બંધાવવામાં આવી છે.

**૪. સુથારવાડા–પરબડી** : સુથારવાડાના ચકલે શ્રીમોટા રામજી મંદીરની પાસે જ આ પરબડી છે. જે શ્રીઓચ્છવલાલ અંબાલાલ ઝવેરીના પૂર્વજોએ બંધાવેલી. જેનો વહીવટ ટ્રસ્ટમાં છે. શ્રીકપડવણજ સેવાસંઘ દ્વારા પરબડીમાં દાણા નંખાય છે.

**૫. સરખથીયા દરવાજા પરબડી** : આ પરબડી દરવાજાથી થોડેક અંતર (હાલમાં પૂ. રાષ્ટ્રપિતાની પ્રમિમા છે તેની સામે) આવેલી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગૌરવ આઠમું

# જૈનો અને કપડવણજ

જૈનો દેવ તરીકે શ્રીજિનેશ્વર ભગવંતને માનનાર, ગુરુ તરીકે ત્યાગી મહાવ્રતધારીને માનનાર અને જિનેશ્વર દેવના બતાવેલા ધર્મને માનનાર છે.*

કપડવંજની અંદર ભૂતકાળમાં ઓશવાળ, શ્રીમાળી, પોરવાડ અને વીશા નિમા એમ ચાર ફીરકાના જૈનો હતા, એમ માની શકાય છે. જૈનોનો મુખ્ય વ્યવસાય વેપાર અને ધીરધારનો હતો. આગલા પ્રકરણોમાં કપડવણજના શેઠીયાઓ કયાં સુધી વેપારમાં પહોંચેલા હતા તે જણાવાયું છે.

કપડવણજમાં જૈનો અંગેના પુરાવા :—વિક્રમ સંવત ૧૧૩૫, ૧૧૩૯, ૧૧૬૦, ૧૧૬૮, ૧૨૭૫, ૧૩૦૯, ૧૩૫૧, ૧૪૮૮, ૧૪૯૯, ૧૫૦૧, ૧૫૦૬, ૧૫૨૦, ૧૫૨૨, ૧૫૨૩, ૧૫૩૩, ૧૫૬૫, ૧૫૬૬, ૧૫૯૮, ૧૬૧૮, અલાઇ ૪૪–૧૬૫૫, ૧૬૬૩, ૧૬૬૬, ૧૬૭૨, ૧૬૭૯, ૧૭૦૧, ૧૭૪૮, ૧૭૯૯, ૧૮૩૬, ૧૮૪૦, ૧૮૬૫, ૧૮૯૯, ૧૯૧૫,

*લેખક શ્રીમાન ડૉ. પોપટલાલ દોલતરામ વૈદ્યે, જૈનો અંગેનું બધું સાહિત્ય પાનાઓમાં છૂટું છૂટું ભેગું કર્યું હતું. પણ તે પ્રકરણ આખું લખ્યું નહતું, એથી અત્રે આ પ્રકરણ તેમના ભેગા કરેલા સાહિત્ય તથા સંપાદક આચાર્ય કંચનસાગરસુરિની સલાહ, તેમનું સાહિત્ય અને તેમનો અનુભવ અને મારી બુદ્ધિથી સંપાદકની દોરવણી પૂર્વક મેં લખ્યું છે.

બીજી વાત લેખકે કેટલીક ચીજ લીધી હશે. તેમાંની કેટલીક રહી ગઈ પણ હશે અને કેટલીક નવી પણ આમાં આવી હશે એમ માની શકાય.

લિ. જે. કે. ગાંધી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વગેરે વગેરે સંવતો એ કપડવણજમાં જૈનોની સાબિતી મલે છે. તે લેખો વગેરે આ જ પ્રકરણના અંતે આપવામાં આવશે. એટલે કે કપડવણજના વસવાટની સાથે જૈનોનો પણ વસવાટ હતો એમ સાબિત થાય છે. કર્પટવાણિજ્ય, કપડવણજ અને કપડવંજ ત્રણેય પર્યાય વાચક શબ્દો છે.

## કપડવણજમાં જૈનોનાં મનોહર સ્થાનો

**દેવસ્થાનો**:–શ્રી ચિંતામણીપાર્શ્વનાથ મંદિર, શ્રીઅજીતનાથજી મંદિર, શ્રીઅષ્ટાપદજીમંદિર, શ્રીશાન્તિનાથજી મંદિર, શ્રીઆદિનાથજી (મોદીયાનું) મંદિર, શ્રીઆદિનાથજી (માણેકશેઠાણીનું) મંદિર, શ્રીવાસુપુજ્યસ્વામીમંદિર, શ્રીનેમનાથજીમંદિર, શ્રીમહાવીરસ્વામીજીમંદિર. આ મંદિરો આજે પણ વિદ્યમાન છે. નજીકના સમયમાં જેસીંગભાઈ શેઠનું ગૃહમંદિર હતું, પણ તેનું વિસર્જન થયું છે. મંદિરોનું વર્ણન આગળ કરવામાં આવશે.

**ઉપાશ્રયો** :– શ્રીપંચનો ઉપાશ્રય, માણેકશેઠાણીનો ઉપાશ્રય; શ્રીમીઠાભાઈ ગુલાલચંદનો સંવેગી ઉપાશ્રય, લહુડીપોશાળનો ઉપાશ્રય, શેઠ વ્રજલાલ હરીભાઇ શ્રાવિકા ઉપાશ્રય આની પૂર્વના પ્રકરણમાં કેટલીક વાતો આવી છે અને કેટલીક વાતો હવે પછી જણાવીશું.

**ધર્મશાળાઓ** :– અંતિસરીયા દરવાજા બહાર માણેક શેઠાણીની ધર્મશાળા, ઢાકવાડીમાં માણેક શેઠાણીની ધર્મશાળા, સરખલીયા દરવાજા બહાર મીઠાભાઈ ગુલાલચંદની ધર્મશાળા. અનાથાશ્રમ, અતિથિગૃહ.

**આયંબીલ ખાતુ વગેરે** :– શ્રીવર્ધમાનતપ આયંબીલ ખાતુ, ઉદ્યોગગૃહ, ભોજનશાળા.

**જ્ઞાનની પરબ** :– શેઠ મીઠાભાઈ ગુલાલચંદ જ્ઞાનભંડાર, પંચના ઉપાશ્રયનો જ્ઞાનભંડાર, શ્રીઅષ્ટાપદજીનો જ્ઞાનભંડાર ( હાલમાં તે અભયદેવસુરી જ્ઞાનભંડારમાં સોંપી દેવામાં આવ્યો છે ), શ્રીઅભયદેવસૂરીશ્વરજી જ્ઞાનભંડાર, અનાથશ્રમમાં શ્રીવાડીલાલ મનસુખલાલ લાયબ્રેરી, મેનાબેન પુસ્તકાલય, શેઠ મણિભાઈ શામળાભાઈ જૈન પાઠશાળા, શ્રીઅભયદેવસૂરીશ્વરજી જ્ઞાનમંદિર. આમાંના કેટલાક વિષે પૂર્વે વર્ણન આવી ગયાં છે.

**પાંજરાપોળ પરબડી** :– શેઠ મીઠાભાઈ ગુલાલચંદ ખાંડાઢોર પાંજરાપોળ, શેઠ મીઠાભાઈ ગુલાલચંદ પરબડી એમ **બે** છે.

## મંદિરો :

**શ્રીચિંતામણી પાર્શ્વનાથનું દહેરાસર** : ( જુઓ ચિત્ર નં. ૭૬ ) શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનનાં પ્રતિમાજી ખૂબ પ્રાચીન સમયનાં માલૂમ પડે છે. (જુઓ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચિત્ર નં. ૭૭). આ પ્રતિમાજી વર્તમાન અનાથાશ્રમની જગ્યાએથી નિકળ્યાં હતાં, ક્યારે નિકળ્યાં તેનું ચોક્કસ પ્રમાણ મલ્યું નથી, પણ અનુમાન ઉપરથી જણાય છે કે સત્તરમી સદીની નજીકમાં ગણાય. જ્યાં પહેલા મુસલમાનોના ઘરો હતા, તે જગા ખરીદીને હાલનું દહેરાસર બાંધવામાં આવેલું. આ જમીન દોશી જીવણલાલ સુંદરલાલ, અનજી ગોપાલજી તથા શામળદાસ રંગજીભાઈ નામના શેઠીયાઓએ ખરીદેલી. તે વખતે કેવળ દહેરાસરની શરૂઆત થઈ જણાય છે. પ્રતિષ્ઠા આ. શ્રી લક્ષ્મીસૂરીશ્વરજીના વરદ હસ્તે થઈ હતી. પ્રતિષ્ઠાના મુહૂર્તના સમયમાં બહારથી સંઘનું હિત ઇચ્છનાર આચાર્યશ્રીએ ખેપિયા દ્વારા જરાક સમય બદલવા માણસ મોકલ્યો હતો પણ ખેપિયો આવે તે પહેલાં પ્રતિષ્ઠા થઈ ગઈ. વાત એવી હતી કે મોકલેલા પૂ. આ દેવશ્રીએ એવી આર્પવાણી ઉચ્ચારી હતી કે આ 'મુહૂર્તે' પ્રતિષ્ઠા થાય તો કોમના બૈરાં સોનાના બેડે પાણી ભરશે, પણ સમય બદલાયો એટલે તાંબાપીતળનાં બેડા તો રહ્યાં જ. આ પ્રમાણે જૈન કોમની સમૃદ્ધિમાં વૃદ્ધિ થતી રહી છે.

૧૯મી સદીના મધ્યભાગમાં એટલે સંવત ૧૯૫૦ની સાલમાં શેઠ શ્રી મીઠાભાઈ ગુલાલચંદે જૂના દેરાસરનો જીર્ણોધ્ધર કરી વિશાળકાય લાકડાની આકર્ષક નકશીવાળું નૂતન મંદિર બંધાવ્યું. આ જીર્ણોદ્ધર વખતે શેઠ મીઠાભાઈ ગુલાલચંદે શ્રીમલ્લિનાથ ભગવાનનો ગભારો બંધાવ્યો હતો. સંવત ૧૯૫૧ની લગભગમાં આ દહેરાસરના પાછલા ભાગમાં અગ્નિની જ્વાલાઓ એકાએક ભભૂકી ઉઠી. શેઠ શ્રી મણીભાઈ શામળભાઈ તથા અન્ય શેઠીયાઓની અજોડ જહેમત કામગીરીથી ચમત્કારિક રીતે આગ દહેરાસર આગળ આવી અટકી ગઇ ને મંદિર તદ્દન સુરક્ષિત રહ્યું હતું.

આ દહેરાસરને બંધ કરવાનું છેલ્લું દ્વાર બાજુમાં હતું, ત્યાં નાનીશી છીંડી હતી. તેમાં પડોશી છોટાલાલ લલ્લુભાઈના મકાનમાંથી આવવાનું હતું, કદીક દ્વાર આગળ ફણીધર નાગદેવતાના દર્શન પૂજારીને થતાં, પૂજારી હાથ જોડી વિનંતી કરતાં ચમત્કારીક રીતે નાગ-દેવતા અદ્દશ્ય થઈ જતા.

આવા પરમ પ્રભાવિક શ્રીપાર્શ્વનાથ ભગવાનનાં સેંકડો જૈનજૈનેતરો દર્શન કરી પોતાની જાતને ભાગ્યશાળી બનાવવાનો અમૂલ્ય લ્હાવો લે છે. દહેરાસરનું પ્રાચીન લાકડ-કામ જીર્ણ થઈ જવાને કારણે શ્રીસંઘે જીર્ણોધ્ધાર કરી નૂતન સંગેમરમરનું શિખરબંધી વિશાળકાય દહેરાસર બનાવવાનો ગણિશ્રીલબ્ધિસાગરજી મહારાજના ઉપદેશથી નિર્ધાર કર્યો અને એકી અવાજે નિર્ણય કર્યો કે મૂળ પ્રતિષ્ઠા કાયમ રાખી (શ્રીપાર્શ્વનાથ દાદાને પવાસન પર કાયમ રાખી) નવીન દહેરાસર ભોંયતળીયાથી અતિ સુંદર ભૂમિગૃહ સાથે મનોહર તેમ જ દેદીપ્યમાન બંધાવવું.

સંવત ૨૦૦૯ ના કારતક વદ ૬ ના દિને ચાંદીના હાથીની સુંઢથી મંદિરને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિસર્જન કરવાના કાર્યના આરંભ કર્યો, અહીં ગભરાનું જે મૂળ દ્વાર છે તે કાયમ રાખવામાં આવ્યું.

રંગમંડપના ગૂઢ ભાગમાં પ્રભુના પ્રક્ષાલન માટેના પાણી સંગ્રહ માટે વિશાળ ટાંકુ બનાવવાનો નિર્ણય કર્યો. શ્રીમલ્લિનાથના ગભારા નીચે ખોદકામ કરતાં ૧૨ થી ૧૩ ફૂટ નીચે ઉતરતાં હાડકાંનો પુષ્કળ જથ્થો, જૂના મકાનનાં પાણીયારાં, જુનાં બેડાં, માટલા પથ્થરના ઉમરા, તથા તાંબાની ખવાયેલી થાળીઓ વગેરે પ્રાચીન સામગ્રીઓ મળી આવી હતી.

કોલીમંડપમાં ખોદાણ કરતાં જમીન ધસી પડી હતી, પણ શ્રીશાશનદેવની કૃપાથી આવા ભયંકર અકસ્માતમાં મંડપના થાંભલા, પાટો વગેરે તથા કામ કરતા મજુરો વગેરેનો ચમત્કારિક રીતે બચાવ થઈ ગયો હતો.

આવી ખોદાણવાળી જગ્યાને પૂ. આચાર્ય દેવશ્રીવિજયોદયસૂરીશ્વરની સૂચનાથી શાસ્ત્રીય આમ્યાન રીતે ગણી શુદ્ધી કરવામાં આવી હતી.

નૂતન મંદિરમાં વર્તમાન ચોવીસીના ચોવીસ ગોખ તથા શ્રી સિધ્ધચક્રજીનો યંત્ર માટે એક એમ કુલ્લે શિખરવાળા ૨૫ ગોખ ભમતીમાં બનાવવા, તે માટે સામાન્ય નકરાથી ચીઠ્ઠીઓ નાંખીને ભાગ્યશાળીઓને લાભ આપવામાં આવ્યો હતો.

પ્રભુ પ્રતિમાજીઓનો પ્રવેશ, પ્રતિષ્ઠા અંજનશલાકા વગેરેનાં શુભ મુહૂર્તો, પૂ. આ. શ્રીવિજયનેમિસુરીશ્વરજીમના પટશિષ્ય પૂ. આ. શ્રીવિજયઉદયસૂરીશ્વરજીમ. તથા પૂ. આ. શ્રીવિજયનંદનસૂરીશ્વરજી મહારાજ સાહેબે આપ્યાં હતાં.

મંદિરમા પુનઃ પ્રવેશ :– નૂતન જીનાલયમાં સંવત ૨૦૧૧ ના મહા સુદ ૧૦ ના રોજ ઉત્થાપન કરેલાં પ્રતિમાજીઓનો પુનઃ પ્રવેશ ધામધૂમથી કરવામાં આવ્યો હતો.

તથા સંવત ૨૦૧૧ ના જેઠ સુદ ૪ ના રોજ અંજનશલાકા (પ્રાણ પ્રતિષ્ઠા) તથા જેઠ સુદ ૫ ગુરૂ પુષ્ય અમૃત, સિધ્ધિયોગ તારીખ ૨૬–૫–૧૯૫૫ ના રોજ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. પ્રતિષ્ઠાનો દશ દિવસનો મહોત્સવ ઉજવાયો હતો. પ્રતિષ્ઠા પૂ. આ. માણેકયસાગરસૂરીશ્વરજી મ. પૂ. આ. હેમસાગરસૂરીશ્વરજી મ. તથા પૂ. ઉપાધ્યાયશ્રીદેવેન્દ્ર-સાગરજીમ, ગણીશ્રીલબ્ધિસાગરજી આદિ મુનિવરો તથા વિશાળ સાધ્વીગણની નિશ્રામાં ચાતુર્વિધ સંઘની અદ્‌ભુત મેદનીમાં થઈ.

આ દહેરાસરજીના જીર્ણોધ્ધારની શરૂઆતથી અંત સુધીની જહેમત ગણિવર્ય લબ્ધીસાગરજી મહારાજે તથા પાછળથી પૂ. કંચનસાગરજીએ લીધી હતી. ખાસ કરીને અંજનશલાકાના કાર્યમાં પૂ. કંચનસાગરજી મહારાજ સાહેબે અવર્ણનીય ફાળો આપ્યો હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ સ્થળ શ્રીચિંતામણી પાર્શ્વનાથની ખડકી વાઘવાળું દહેરાસરના નામે ઓળખાય છે. સાક્ષરવર્ય પરમ પુજ્ય શ્રીપુણ્યવિજયજી મહારાજનું જન્મ સ્થળ પણ આ ખડકી છે. [આનો વધુ વિસ્તાર જોવા માટે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રતિષ્ઠા મહોત્સવ અંક (લેખક જે. કે. ગાંધી) વાંચવા ભલામણ છે.]

મંદિરની રચનાઃ– આદર્શ શિલ્પકલાના અજોડ નમૂનારૂપ આ જિનપ્રાસાદ અત્યંત મનોહર છે. જમીનથી શિખરના છેડા સુધીની ઊંચાઈ ૪૯'–૬" છે. ભમતીની અંદર ૨૫ ગોખલા છે. ગભારામાં બે ગોખલા છે. મંડપમાં બે ગોખલા છે અને કોલી મંડપમાં યક્ષ જક્ષણીના બે ગોખલા છે. વચલા ગભારા ઉપર શિખર છે. બાકીના બધા ગોખલા ઉપર થઈને ૩૧ શિખરીઓ છે અને મંડપ ઉપર ઘુમ્મટ છે.

મંદિરના ઓટલા પર પૂ. આગમોધ્ધારક શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીની મૂર્તિવાળું અત્યંત આકર્ષક ગુરુમંદિર છે. તેના ઉપર સામરણ છે.

**શ્રીમોદિયાનું દેરાસર** :– આ (જુઓ ચિત્ર નં. ૭૮) દહેરાસર કઢિયાની મસ્જિદથી કુંડવાવ તરફ જતાં થોડું આગળ ચાલતાં ચાર રસ્તેથી ડાબી બાજુ વળતાં મોદી કુટુમ્બની ખડકી આવે છે તેમાં છે. અહીં પૂર્વકાળની અંદર મોઢ઼ી કુટુંબો રહેતાં. લાકડાંનું શ્રી–આદીશ્વર ભગવાનનું (જુઓ ચિત્ર નં. ૭૯) દહેરાસર પૂર્વ સન્મુખનું બનાવ્યું હતું. સમય જતાં તે મંદિર જીર્ણ થતાં તે કુટુંબીઓએ તેનો જીર્ણોધ્ધાર કરવાનું નક્કી કર્યું. કેશવલાલ સોમેશ્વર, વાડીલાલ સોમેશ્વર, પાનાચંદ મગનલાલ, શાન્તીલાલ ચુનીલાલ વગેરેએ ઉદ્યમ કરીને ભોંયરા સહીતનું પથ્થરનું મંદિર પહેલાં કરતાં કંઈક વધુ વિસ્તારવાળું બાંધ્યું. આ દહેરાસરના મૂળનાયક આદીશ્વર ભગવાન હતા, એટલે તે ગાદીપતિ રહ્યા. એની પ્રતિષ્ઠા આ. શ્રી. વિજયને–મિસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય આ. શ્રીવિજયદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબે કરી.

મુળનાયક પધરાવવાનો લાભ કેશવલાલ સોમાભાઈએ લીધો. શ્રી સિધ્ધચક્રનો પટ ગણીવર્ય શ્રીલબ્ધિસાગરજીના ઉપદેશથી વિમળાબેન જયંતિલાલ પાદશાહે ભોંયરામાં કરાવ્યો તેની સ્થાપના ૨૦૧૧માં આ. શ્રીમાણેકયસાગરસૂરીશ્વરજી મહારાજના હાથે થઈ.

## શ્રીઅજીતનાથ ભગવાનનું મંદિર

દલાલવાડાના નામે ઓળખાતી ખડકીની મધ્યમાં અજિતનાથ ભગવાનનું મંદિર આવેલું છે (જુઓ ચિત્ર નં. ૮૦). આ મંદિર પૂર્વકાલની અંદર લાકડાનું હતું. જેના પુરાવા તરીકે લહુઢી પોશાળના ઉપાશ્રયની ડાબી બાજું આગળ મેડાપૂર્વક આખી દહેરાની લાકડાની કોરણી મઢવામાં આવેલી છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યારે આ મંદિરનો જીર્ણોધાર થયો નહોતો ત્યારે પણ આ મંદિર ચૌમુખજીનું હતું, એમ માનવાને સબળ કારણો છે. આજે અજિતનાથ ભગવાન આદી ત્રણેયની ઉપર સંવત ૧૬૬૬ નો જે લેખ છે તેજ લેખ અનુસરતો માણેક શેઠાણીના આદીશ્વર ભગવંતની ઉપર લેખ છે, એટલે એમ માનવું જ પડે કે આ ચૌમુખજીની અંદર તે આદીશ્વર ભગવાન હતા, પણ તે આદીશ્વર ભગવાનને તે મંદિરમાં લેતાં તે જગ્યાએ બીજાં પ્રતિમાજી જોઈએ. એથી ચૌમુખજીમાં પાછલી બાજુએ સંપ્રતી મહારાજના ભરાવેલા મૂળ પ્રતિમાજી કરતાં કંઈક નાના આકારના પ્રતિમાજી સ્થાપન થયા છે. એટલે પૂર્વકાળમાં આદિનાથ ભગવાન મુખ્ય હશેજ. પછીથી અજિતનાથ ભગવાનના ચૌમુખ થયા. (જુઓ ચિત્ર નં ૮૧) સંવત ૧૯૨૮ લગભગમાં જ્યારે આ મંદિરનો જીર્ણોધ્ધાર થયો હશે ત્યારે જ માણેક શેઠાણીના આદીશ્વર ભગવાનનું મંદિર બંધવાયું હશે, એમમાની શકાય તેમ છે.

સંવત ૧૯૨૫ લગભગમાં આ મંદિરના જીર્ણોધ્ધારની શરૂઆત કરવામાં આવી હશે. આ મંદિર જમીનથી આઠ—નવ ફૂટ ઊંચું છે અને આ આખુ મંદિર પથ્થરનું છે. તેમાં ભોંયરાઓ પણ ઘણાં છે. પખાલને માટે પાણીની વ્યવસ્થા માટે ટાંકુ પણ છે. ચૌમુખજી મહારાજને ફરતી પ્રદક્ષીણા દેવાય તેમ છે. પ્રદક્ષીણામાં પાછલી બાજુએ પડતી નાની જગ્યામાં બે દેરીઓ છે. ભગવંતની જમણી બાજુએ ચાર ગભરા આવેલા છે અને પછી તીજોરીનો રૂમ છે. ડાબી બાજુએ ત્રણ ગભારા છે, ઉપર જવાની સીડી છે, અને ટાંકુ છે. મંદિરને ત્રણ શીખરો છે, આગળ ઘુમ્મટ છે અને આગળ બલાનકો (છત્રીનો ઘાટ) છે. મંદિરમાં લંબચોરસ રંગમંડપ છે. પથ્થરના થાંભલા વગેરે પણ કારીગીરીવાળા છે. દસકા પહેલાં જ આ મંદિરની શતાબ્દી ઉજવાઈ છે.

આ મંદિર જ્યારે બંધાયું હતું ત્યારે જૈનોએ તેમાં જાત મહેનત કરી છે, તે વખતે પોરવાડો પણ સાથમાં જ હતા. મહેનતમાં પણ હતા, ને કેસર. સુખડના લાગા પણ આપતા હતા. (પૂર્વકાળમાં આ મંદિર પોરવાડાના દહેરાસર તરીકે ઓળખાતું હતું.) પાછળથી પોરવાડો ઠ્ઠીબંધા થતાં છૂટા પડયા. એના પુરાવા તરીકે વર્તમાનમાં જે અભયદેવસુરી જ્ઞાન મંદિર છે, તે જગ્યા જૈનોના ભાગમાં આવી અને તેનેજ લાગેલી પાછલી જગ્યા પોરવાડોના ભાગમાં આવી.

## શ્રીવાસુપૂજ્યનું મંદિર

ભગવાનદાસ જીવણચંદ ગાંધીના સ્મણાર્થે તેમના કુટુંબીજનોએ (આ. આનંદસાગરસૂરીશ્વરજી મહારાજનું કુટુંમ્બ) શ્રીમાન વીરચંદભાઇ લાલદાસે સંવત ૧૯૨૭ ના વૈશાખ સુદ ૬ ના દિવસે શ્રીવાસુપૂજ્ય સ્વામીનું દહેરાસર નાજુક પાંચ પ્રતિમાવાળું બંધાવ્યું (જુઓ ચિત્ર નં. ૮૨) અને તેની પ્રતિષ્ઠા સંવત ૧૯૩૧ના વૈશાખ સુદ ૬ ના દિવસે થઈ હતી. મૂળ નાયક ભગવાન શ્રી વાસુપૂજ્ય સ્વામી છે. ( જુઓ ચિત્ર નં. ૮૩ ) આ દહેરાસર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દલવાડાના ભરચક જૈનોની વસ્તીની મધ્યમાં આવેલું છે. ભગવાનનું મુખ પશ્ચિમ દિશા સન્મુખ છે અને મંદિરનું દ્વાર દક્ષિણ સન્મુખ છે. વર્તમાનમાં તેનો વહીવટ શ્રીરમણલાલ જેચંદભાઈ વગેરે કરે છે. શ્રીઅજિતનાથ ભગવાનના મંદિરની શતાબ્દી વખતે આની પણ શતાબ્દી ઉજવાઈ.

## શ્રીઅષ્ટાપદનું દહેરાસર

શ્રીશામળભાઈ શેઠની ખડકીના નામે ઓળખાતી અને કડિયાના મસ્જિદથી અંતિસરીયા દરવાજે જતાં સામાસામા શેઠીયાની બે ખડકીમાં જમણા હાથે આ ખડકી છે. (આનો પ્રતિષ્ઠાનો આખો અહેવાલ "અષ્ટાપદજી બિંબ પ્રતિષ્ઠા" નામની પદ્યબદ્ધ પુસ્તિકામાં (સંવત ૧૯૪૨) વિસ્તારથી છપાયેલ છે. લેખક ભુરાભાઇ બહેચરભાઈ દવે....(જુઓ ચિત્ર નં. ૮૪)

આ મંદિર ખડકીની અંદર દશેક ફૂટ ઊંચે દરવાજાવાળું છે. દરવાજો ચઢયા પછી પગથિયાં ઉતરતાં ખુલ્લો ચોક આવે. તેની મધ્યમાં ચાર ફૂટ ઊંચુ આ મંદિર છે. પૂર્વમાં બે ભગવાન, (જુઓ ચિત્ર નં. ૮૫) દક્ષિણમાં ચાર ભગવાન, પશ્ચિમમાં આઠ ભગવાન અને ઉત્તરમાં દશ ભગવાનો. એ રીતે ચોવીસ ભગવાનની ગોઠવણથી આ અષ્ટાપદજીનું મંદિર થાય. ભરત મહારાજે જેમ અષ્ટાપદ તીર્થ કર્યું તેવી રીતનો રચનાવાળું આ મંદિર ચતુર્મુખ દ્વારવાળું કરાવ્યું છે. પૂર્વ દિશા તરફ ખુલ્લો મંડપ થયો. આ આખુંયે મંદિર પથ્થરની નમૂનેદાર કારીગીરીવાળું છે. અમદાવાદમાં દોશીવાડાની પોળમાં આવેલા અષ્ટાપદજીના મંદિરની આબેહૂબ આ નકલ કરી બંધાવવામાં આવેલ છે. ત્યાં જેમ બાજુમાં સમવસરણની રચના છે તેમ અત્રે પણ બાજુમાં સમવસરણી રચના કરવામાં આવેલ છે. શ્રી આદીશ્વર ભગવાનની પાદૂકાની દેરી પણ છે. મંદિરના સામા પુંડરીક સ્વામીનો ગભારો છે. મંદિરનું બીજું દ્વાર લાંબી શેરીમાં પડે છે. ત્યાં નીચે ઉતરતાં શાન્તિનાથ ભગવાનનો ગભારો છે. લાંબી શેરીમાં પ્રવેશ દ્વારની આજુ-બાજુએ ચોકીઆલાઓમાં દીવાલમાં બે હાથી છે. ઉપલે માળે બલાનકો (છત્રીઓ) વગેરે મનોહર રચનાઓ કરવામાં આવી છે.

નગરશેઠ શ્રીલાલાભાઈ ગુલાબચંદના સુપુત્ર નથુભાઈના સુપત્ની અમૃત શેઠાણી-એ તે જમાનામાં બે લાખ રૂપિયા ખર્ચીને આ મંદિર બંધાવ્યું અને જેની પ્રતિષ્ઠા સંવત ૧૯૪૨માં વૈશાખ સુદ ૧૧ને શુક્રવારે મુનિ શ્રી પૂ. પદ્મસાગરજીના વરદ હસ્તે થઈ હતી. આ વખતે પ્રભુજી પધારાવવા માટે અમૃત શેઠાણીએ સગાંવ્હાલાં ઓળખીતા–પારખીતા બધાને લાભ આપ્યો હતો.

શેઠ શ્રીમણીભાઈ શામળભાઈના સુપુત્ર શેઠ શ્રીબાબુભાઈને વૃધ્ધ અવસ્થા હોવાથી બે ચાર વર્ષ બાકી હતાં પણ અમારા પૂર્વજોના કરેલા મંદિરની શતાબ્દી ઉજવવાનો મનોરથ થયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વળી મંદિરના ચોકમાં એક ખૂણો પડતો હતો. તે પણ કાઢી નાંખવાનો ઉમંગ થયો, આથી હોળી ચકલા તરફ જવાનો ઉત્તર દિશાનો જે મોટો રસ્તો ત્યાં મકાનો વેચાતી લઇને ખૂણો કાઢી નાખ્યો. એ રીતે દહેરાસરની શોભા વધારી અને ઠાઠમાઠથી અને ધામધૂમ પુર્વક સંવત ૨૦૩૮ માં શતાબ્દી મહોત્સવ ઉજવ્યો.

મંદિરની એક બાજુ ઓટલા ઉપર શાશનદેવી પદ્માવતી માતા તથા શ્રી ચક્રેશ્વરી માતાની આબેહૂબ દેરીઓ બનાવી છે. ખડકીમાંના મંદિરના દરવાજાની બાજુમાં શ્રીઘંટાકર્ણની દેરી પણ બનાવી છે.

## શ્રીશાન્તનાથ ભગવાનનું દહેરાસર

આ મંદિર કંસારવાડાના ચકલે ઢાકવાડીમાં આવેલું છે. આ દહેરાસર ત્રણ સંબંધમાં આવે છે. (૧) માણેક શેઠાણીનો બૈરાંનો ઉપાશ્રય (૨) માણેક શેઠાણીનું આદીશ્વર ભગવાનનું દહેરાસર (૩) શાન્તિનાથ ભગવાનનું દહેરાસર. (જુઓ ચિત્ર નં. ૮૬)

પૂર્વકાલની અંદર જ્યારે માણેક શેઠાણીનું દહેરાસર અને ઉપાશ્રય નહોતાં થયાં ત્યારે આ દહેરાસરનો રસ્તો મહેતાના ઘરની જોડે દ્વાર છે ત્યાંથી હતો. અત્યારે પણ તે દ્વાર મોજૂદ છે. આ દહેરાસર કયારનું ને કેટલું જૂનું હશે તેનો પુરાવો ભલે આપણી પાસે ના હોય પણ શ્રી શાન્તીનાથ ભગવાનની પ્રતિમા ઉપર સં. ૧૬૧૮નો લેખ છે. (જુઓ ચિત્ર નં ૮૭) વળી આ મંદિરનો જીર્ણોધ્ધાર ગમે ત્યારે થયો હોય તે ન કહેવાય પણ ગર્વમેન્ટ ગેઝેટમાં કપડવણજમાં રહેલી જૂની ઐતિહાસિક પુરાણી ચીજોમાં ભોંયરામાં રહેલા શ્રીકલીકુન્ડ પાર્શ્વનાથની નોંધ કરેલી છે. (જુઓ ચિત્ર નં. ૮૮)

બીજી વાત–શ્રીકલીકુન્ડ પાર્શ્વનાથની પ્રતિમાજી ઘણાં પ્રાચીન છે અને તેને લેપ પણ કરાવેલો છે. એ શ્રી શાન્તિનાથ ભગવાનના ભોંયરામાં બિરાજમાન છે અને ભોંયરૂ જોઇએ તો એમ દેખાય કે તેની આખીય રચના ઘણા પૂર્વકાળની છે. નવું બાંધકામ કરતાં એવી ખૂબી વાપરી છે કે શ્રી શાન્તીનાથ ભગવાનના ઉમરા નીચેથી જોતાં શ્રી કલીકુન્ડ પાર્શ્વનાથ ભગવાનનાં દર્શન થાય છે. આ ભોંયરામાં અત્યારે સિદ્ધચક્ર ભગવાનનો પટ આર. કસ્તુલાલ તરફથી કરાવેલો છે. અહીં બીજી પ્રતિમાઓ પણ છે.

શ્રી શાન્તીનાથ ભગવાનના મંદિરનો ત્રણ ગભારા છે. તેને ફરતી પ્રદક્ષિણા (ભમતી) છે. અને તે પ્રદક્ષિણામાં ભગવાનના માથે પગ ના આવે તે માટે વચ્ચોવચ્ચ અડધી ઘુમટી પણ કરેલી છે. શ્રી શાન્તીનાથ ભગવાનનો મંડપ ઉત્તર–દક્ષિણ છે. ગભરાનું દ્વાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્તર સન્મુખ છે. ગભારાની બહાર બે ગોખલા છે, ડાબી બાજુએ મંડપમાં બે ગોખલા છે. ઉપર જવાનો રસ્તો છે, ઉપલે માળે ગભરામાં પણ ભગવાન છે. જમણી બાજુએ અષ્ટાપદજી, ચૌદ રાજલોક અને કાચમાં સુંદર કલાથી ચિતરેલા પટો છે. શત્રુંજયનો પટ છે અને છેલ્લે મહાવીર ભગવાનનો ગભારો છે. આખોયે મંડપ લાકડાની કારીગરીવાળો છે અને સુંદર કાચકામવાળો છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર હકીકતે શેઠ મીઠાભાઈ ગુલાલચંદના મોટાભાઈ શેઠ હરજી કરશનદાસના સુપુત્ર શેઠ વરજલાલ મોતીચંદે વિક્રમ સંવત ૧૯૦૪માં વૈશાખ સુદ ૬ ના રોજ કરીને પ્રતિષ્ઠા કરાવી હતી એમ મનાય છે.

## માણેક શેઠાણીનું આદીશ્વર ભગવાનનું મંદિર

માણેક શેઠાણીનું આદીશ્વર ભગવાનનું મંદિર અને શાન્તિનાથ ભગવાનનું મંદિર બે જોડાઈ જાય છે, પણ વચમાં લગભગ ૧૮×૨૦ નો ખુલ્લો ચોક છે.

શેઠાણીએ આ મંદિર બાંધવામાં બુદ્ધિનો સુંદર ઉપયોગ કર્યો. (જુઓ ચિત્ર નં. ૮૯) અને બે મંદિરો ભેગાં સુંદર કેવી રીતે શોભે એવી રીતે ગોઠવણી કરી એટલે આ મંદિરને પશ્ચિમ સન્મુખ લીધું. આમાં ત્રણ ગભારા છે અને લગભગ ૨૦×૧૫ નો મંડપ છે. એમાં બારણાઓની અંદર ધાતુની અંદર જાળીઓ પાડીને અવનવી કલામાં આકૃતિઓ કોતરી છે. તેને વર્તમાનમાં ચાંદી ચઢાવવામા આવી છે. અત્રે એક વાત યાદ રાખવા જેવી છે કે અજિતનાથનો જીર્ણોધ્ધાર, વાસુપૂજ્યના મંદિરનું બાંધકામ અને આ મંદિરનું બાંધકામ એક જ સમયમાં ચાલતું હશે, એમ કલ્પી શકાય. આ મંદિરમાં મૂળ નાયક શ્રી આદીશ્વર ભગવાનની ઉપર સંવત ૧૬૬૬નો વિસ્તારથી લેખ છે. (જુઓ ચિત્ર નં. ૯૦) એટલે અમે આગળ ચૌમુખજીના મંદિરમાં કહી ગયા છીએ તે સબંધ અહીં મલી જાય છે.

શાન્તિનાથ ભગવાનના મંદિરમાં કાચનો શણગાર હતો અને વળી આદીશ્વર ભગવાનનું મંદિર જોડાઇ ગયું એટલે વર્તમાનમાં બન્ને દહેરાંનો નિર્ગમન દ્વાર ઉત્તર સન્મુખનું થઈ ગયું. આ બન્ને દહેરાસર ભેગાં થતાં, થોડા વર્ષો પૂર્વે ગાંધી પાનાચંદ લીમ્બાભાઈએ જહેમત ઉઠાવી કાચની કલાનો સુંદર રીતે વધારો કરાવ્યો છે.

## શ્રી નેમનાથ ભગવાનનું મંદિર

અંતિસરીયા દરવાજા બહાર માણેક શેઠાણીની ધર્મશાળા આવેલી છે. તેની પાછલી બાજુએ કિલ્લેબંધી કમ્પાઉન્ડમાં શ્રીનેમનાથ ભગવાનનું મંદિર આવેલું. આ જિનાલય નાનું, સુંદર ને મનોહર છે (જુઓ ચિત્ર નં. ૯૧). આ મંદિરમાં મૂળનાયક શ્રીનેમનાથ ભગવાન છે (જુઓ ચિત્ર નં. ૯૨). આ મંદિર શેઠ લલ્લુભાઈ મોતીચંદના સુપત્ની માણેકબાઈએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૯૧૨માં બાંધવાનું શરૂ કરેલું અને તેની પ્રતિષ્ઠા ૧૯૧૭માં થયેલી. સમય જતાં એની શોભા વધારવા માટે ગાંધી ભોગીલાલ દલસુખભાઈ વિગેરેએ દહેરાસરના મંડપની આગળ પતરાનો શેડ ઉતાર્યો અને આગળ ઓટલાં(વરન્ડો)ની વ્યવસ્થા કરીને તેના ઉપર પતરાના શેડ બાંધ્યાં. બાંકડાઓ વગેરેની ગોઠવણ કરી, એટલે આ મંદિર બહારની વાડી તરીકે ગણાવા લાગ્યું. ભાવિકો સાંજે દર્શનાર્થે આવીને બેસતાં, પછીથી મંદિરની આજુબાજુએ સુંદર બગીચાની વ્યવસ્થા થઈ. પાછળથી આ દેરાસરનો જીર્ણોધ્ધાર પણ કરાયો હતો.

## આગમ સ્તંભ

મંદિરની દક્ષિણ દિશાએ બગીચાની અંદર સાધ્વીજી શ્રીપદ્મલતાશ્રીના પરિવારે શ્રી આગમ સ્તંભનું સંવત ૨૦૩૭ માં નિમાર્ણ કર્યું. આગમ સ્તંભમાં ઉપર ચાર શાશ્વતા પ્રતિમાજી છે. ત્રણ ગઢમાં અગિયાર ગણધર અને આગમોદ્ધારકશ્રીજીની પ્રતિમાજી છે. અને નીચેની પીઠિકામાં ૪૫ આગમોનાં નામ, નિર્માતાનાં નામ અને પ્રતિષ્ઠાકારકનાં નામ આપેલાં છે. (જુઓ ચિત્ર નં. ૯૩)

## શ્રીમહાવીર સ્વામીનું મંદિર

માણેક શેઠાણીની ધર્મશાળાથી ઉત્તરે જતાં કરરાનપુરા નજીક શ્રીઆનંદસાગર સોસાયટીની સ્થાપના થઇ છે. તેના મૂળ સંચાલક શેઠશ્રી કાન્તિલાલ વાડીલાલ ગાંધી છે. આ સોસાયટીમાં લગભગ ૫૦ બંગલાઓ છે. સોસાયટીની મધ્યમાં શ્રીમહાવીર ભગવાનનું મંદિર બાંધવામાં આવ્યું છે (જુઓ ચિત્ર નં. ૯૪). જેની પ્રતિષ્ઠા સંવત ૨૦૩૪માં વૈશાખ સુદ ૬ ને શનિવાર પૂ. આ. શ્રીદેવેન્દ્રસાગરસૂરિના વરદ હસ્તે થઈ છે. મંદિરની બહારની બાજુએ ડાબી બાજુમાં ગુરૂમંદિરની દેરી બનાવવામાં આવી છે. જમણી બાજુએ સં. ૩૦૩૬માં મણીભદ્રની દેરી બાંધવામાં આવી છે. આ રીતે આ સોસાયટીમાં શ્રીમહાવીર ભગવાનનું દર્શનીય દેદીપ્યમાન જીનાલય છે.

શેઠ શ્રી જેસીંગભાઇ કેવળભાઈનું ઘર મંદિર હતું, તેનું વિસર્જન કરવામાં આવ્યું છે. જેથી એની નોંધ અત્રે લીધી નથી.

## પ્રતિમા

લેખકશ્રીની એ ભાવના હતી કે બધાએ મંદિરોના વિગતવાર–પાષણના બીંબો, ધાતુનાં બીંબો, સિદ્ધચક્રો, જક્ષ–જક્ષીણી, પટ્ટો વગેરેની નોંધ લેવી, પણ તે કાર્ય મુશ્કેલીભર્યું દેખાવાથી તે અત્રે લીધેલ નથી.

જૈનો ૨૪ તીર્થંકરો માને છે જેની નોંધ અત્રે આપી છે. તેમાં ભગવાનનાં નામ, માતા–પિતાનાં નામ, લંછન અને નગરી દર્શાવવામાં આવ્યાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ચોવીસ તીર્થંકરનાં નામ

| અનુક્રમ નંબર | નામ | માતા | પિતા | લાંછન | નગરી |
|---|---|---|---|---|---|
| ૧ | ઋષભદેવજી | મારૂદેવી | નાભિરાયા | વૃષભ | વિનીતા (અયોધ્યા) |
| ૨ | અજિતનાથજી | વિજયા | જીતશત્રુ | ગજ | વિનીતા |
| ૩ | સંભવનાથજી | સેના | જીતારી | ઘોડો | સાવત્થી |
| ૪ | અભિનંદનસ્વામી | સિદ્ધારથા | સંવરરાય | કપિ | વિનીતા |
| ૫ | સુમતિનાથજી | મંગલા | મેઘરથ | ક્રૌંચ | કૌશલ્યા |
| ૬ | પદ્મપ્રભુ | સુશીમા | ધર | પદ્મ | કોસંબી |
| ૭ | સુપાર્શ્વનાથજી | પૃથવી | પ્રતિષ્ઠિત | સ્વસ્તિક | વારાણસી |
| ૮ | ચંદ્રપ્રભુ | લક્ષમણા | મહસેન | ચંદ્ર | ચંદ્રપુરી |
| ૯ | સુવિધિનાથજી | રામા | સુગ્રીવ | મગર | કાકંદી |
| ૧૦ | શીતલનાથજી | નંદા | દશરથ | શ્રીવત્સ | ભદ્રીલપુર |
| ૧૧ | શ્રેયાંસનાથજી | વિષ્ણુ | વિષ્ણુ | ખડગી | સિંહપુર |
| ૧૨ | વાસુપૂજ્યસ્વામી | જયા | વસુપુજ્ય | મહિષ | ચંપાપુરી |
| ૧૩ | વિમલનાથજી | શ્યામા | કૃતવર્મા | વરાહ | કંપિલપુર |
| ૧૪ | અનંતનાથજી | સુજશા | સિંહસેન | સિંચાણો | અયોધ્યા |
| ૧૫ | ધર્મનાથજી | સુવ્રતા | ભાનુરાજા | વજ્ર | રત્નપુરી |
| ૧૬ | શાંતિનાથજી | અચિરા | વિશ્વસેન | મૃગ | હસ્થિણાપુર |
| ૧૭ | કુંથુનાથજી | સિરિ | સુર | છાગ | ગજપુર |
| ૧૮ | અરનાથજી | દેવી | સુદર્શન | નંદ્યાવર્ત | નાગપુર |
| ૧૯ | મલ્લિનાથજી | પ્રભાવતી | કુંભરાજા | કળશ | મિથિલા |
| ૨૦ | મુનિસુવ્રતસ્વામી | પ્રજ્ઞા | સુમિત્ર | કાચબો | રાજગૃહી |
| ૨૧ | નમિનાથજી | વપ્રા | વિજયરાય | નીલકમલ | મિથિલા |
| ૨૨ | નેમિનાથજી | શિવાદેવી | સમુદ્રવિજય | શંખ | સૌરીપુરી |
| ૨૩ | પાર્શ્વનાથજી | વામા | અશ્વસેન | સર્પ | વારાણસી |
| ૨૪ | વર્ધમાનસ્વામી (મહાવીરસ્વામી) | ત્રિશલા | સિદ્ધાર્થ | સિંહ | ક્ષતિયકુંડ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ઉપાશ્રયો

**ઢાકવાડીમાં પંચનો ઉપાશ્રય :–** પૂર્વકાલમાં અંદર લાકડાનો આ ઘણો જીર્ણ ઉપાશ્રય હતો, જેની અંદર રહીને સકલચંદજી મહારાજે સત્તરભેદી અને એકવીસ પ્રકારી પૂજાઓ કાઉસગમા રચી. પ્રસંગ એવો બની ગયો કે આ ઉપાશ્રયની પાછળ કુંભારવાડો આવેલ છે. એટલે કાઉસગમાં અભિગ્રહ રાખ્યો કે ગધેડું ભૂંકે ત્યારે કાયોત્સર્ગ પારાવો, પણ કુંભાર ગધેડાઓને બહાર લઈ ગયો હોવાથી સમય વિતતો ચાલ્યો, તેથી એમણે કાઉસગમાં રહીને ઉપરની બન્ને પૂજાઓ રચી પૂજાઓની અંદર પૂજાઓનો મહિમા જેવો ગાયો છે, તેવો સંગીતકારનું દીલ ડોલાવે તેવી રાગોની સુરાવલી ગોઠવેલી છે.

**પેઢી :–** અહીં શેઠ પાનાચંદ વૃજલાલની ધાર્મિક ટ્રસ્ટની પેઢી ચાલતી હતી તે હાલમાં બહાર લઈ જવાઈ છે. (જુઓ ચિત્ર નં. ૯૫)

**નવાંગી ટીકાકાર શ્રીઅભયદેવસૂરીશ્વરજી મહારાજ :–** શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ કપડવણજમાં સ્વર્ગવાસ થયા એ વગેરે અધિકાર આગલા પ્રકરણમાં આવી ગયેલ છે, પણ પંચના ઉપાશ્રયમાં તેમનાં પગલાંની દેરી છે. (જુઓ ચિત્ર નં ૯૬)

તેની બીજી દિશામાં મણિભદ્રની દેરી પણ છે. આ જુના ઉપાશ્રયનો જીર્ણોધ્ધાર ગાંધી પાનાચંદ લીંબાભાઈની પ્રેરણાથી અને કુનેહથી સારી રીતે થયેલ છે. ઉપાશ્રયનું ચિત્ર આગળ આવી ગયેલ છે.

**માણેક શેઠાણીનો શ્રાવિકાનો ઉપાશ્રય :–** શ્રીશાંતિનાથ ભગવાન અને શ્રીઆદીશ્વર ભગવાનના મંદિરની જોડીમાં આ ઉપાશ્રય આવેલો છે. જેનું ચિત્ર આગળ આવી ગયું છે. વર્તમાનમાં પણ જેનો જીર્ણોદ્ધાર થયેલ છે. આમાં સાધ્વીજી મહારાજ ઉતરે છે અને શ્રાવિકાઓ ધાર્મિક ક્રિયાઓ કરે છે.

(પ્રસંગોપાત) માણેક શેઠાણીએ શ્રીશેત્રુંજય ગીરીરાજ ઉપર વિમલવશહીમાં દિગમ્બરના દહેરાસરની બાજુમાં ભવ્ય અને મનોહર દહેરાસર બંધાવ્યું છે અને એમનાં આજદિન સુધી અનેક ટ્રસ્ટો ચાલે છે. સદાવ્રત આદિ પણ ચાલે છે.

**શેઠ શ્રી મીઠાભાઈ ગુલાલચંદનો ઉપાશ્રય :–** આ ઉપાશ્રય મીઠાભાઈ શેઠની ખડકીમાં દરવાજામાં પેસતાં સામે આવેલો છે. શેઠ હરજીવનભાઈના સુપુત્ર ગુલાલચંદભાઈના પુત્ર મીઠાભાઈના સુપત્ની કુંવરબાઇના સુપુત્ર સ્વ. કરમચંદભાઈના સુપત્ની જડાવબાઈ તથા શીવબાઈ. તે બે કરમચંદભાઈની સુપત્નીઓએ પોતાના શ્વસુર મીઠાભાઈના નામે સખાવતો કરી ટ્રસ્ટ કર્યું. તેમને પોતાના દરબારી રહેઠાણના નિવાસનો શેઠશ્રીના નામે સંવેગી ઉપાશ્રય કર્યો, આનું ચિત્ર આગળ આપેલ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ ઉપાશ્રયની અંદર ઉપલે માળે વ્યાખ્યાન હોલ છે. તેથી ઉપર પરીખ પ્રેમચંદ રતનચંદે આખો માળ બંધાવ્યો. દરવાજા ઉપરનો બંગલીનો ભાગ પરીખ સોમાભાઈ ઝવેરભાઈએ પોતાની દીક્ષા નિમીત્તે નવો બંધાવ્યો. તેની બાજુનો કઠારાવાળો ભાગ રમણલાલ ન્હાલચંદ અંગાડીવાળાએ સ્વાધ્યાય હોલ તરીકે જીર્ણોધ્ધાર કરીને તૈયાર કરાવ્યો.

ઉપાશ્રયનું ભોંયતળીયું ખૂલ્લુ ચોગાન–સહિતનું પ્રભાવતીબેન પરીખ રમણલાલ નગીનદાસ (દિલ્હીવાળા)એ જીર્ણોધ્ધાર કરાવીને સુંદર કર્યું. ઉપાશ્રયની અંદર લાદીઓ બેસાડવામાં વહીવટદાર જયંતિલાલ વાડીલાલ પરીખે મહેનત કરીને સુંદર કરાવ્યું. એક વાત યાદ રાખવા જેવી છે કે આ બાંધકામ હીંમત તથા કુનેહભર્યું કાર્ય કરનાર શ્રી જયંતિલાલ પાનાચંદ જીનવાલા અને બુધ્ધી વાપરવામાં કુશળ શ્રીમફતલાલ રતનચંદ પરીખનો ફાળો શ્લાઘનીય છે.

અત્રે પ્રસંગ આવેલો હોવાથી જડાવ શેઠાણી અને શિવ શેઠાણીએ શ્વસુરના નામે કરેલી શાશન પ્રભાવનાની નોંધ લઈએ છીએ. (૧) શત્રુંજય મહાતીર્થનો છરી પાલતો સંઘ. (૨) ૨૨ સંઘોના સમૂહમાં પ્રથમ નૌકારશી કરાવી. (૩) સંઘ આવ્યા પછી સાધાર્મિક વાત્સલ્ય. (૪) નવ્વાણું યાત્રા. (૫) ભવ્ય ઉજમણું. (૬) વિશાનીમાના પાંચ ગામમાં કાયમી સાધાર્મિક વાત્સલ્યની રકમ. (૬) મલ્લિનાથનો ગભારો. (૭) લુણાવાડામાં પૌષધશાળા. (૮) બાલાભાઈની ટુંકમાં શિખરબંધી દેવાલય. (૯) કપડવણજમાં ખાંહાઢોર પાંજરાપોળ. (૧૦) સરખલીયા દરવાજે ધર્મશાળા. (૧૧) પોતાના સ્વજનોને પ્રશસ્ત વિતરણ. (૧૨) બજારમાં પરબડી. (૧૩) ૧૯૦૨ માં વીલ કર્યું. (૧૪) અત્રે યાદ આપવું જરૂરી છે કે મીઠાભાઇ શેઠે ચીંતામણીના દહેરાસરને કલા કારીગીરીવાળું મોટું કરાવ્યું હતું.

**શેઠ વૃજલાલ હરીભાઈ જૈન ઉપાશ્રય** :– દલાલવાડાની ખડકીની બહાર નિકળતાં તેઓશ્રીના નામે આ ઉપાશ્રય થયેલો છે. કયારે થયો અને કઈ સાલમાં થયો તેનો પુરાવો ભલે ના હોય પણ ઘણાય લાંબા કાળથી તેનું અસ્તિત્વ છે. સાધ્વીજીઓ તેમાં ઉતરે છે અને શ્રાવિકાઓ તેમાં ધર્મ આરાધના કરે છે. આનું ચિત્ર અગાઉ આવેલ છે. તે ઉપાશ્રય નાનો પડવાથી અને જીર્ણ થવાથી શેઠ પુનમચંદ પાનાચંદભાઈ વગેરેએ મહેનત કરી બાજુના મકાનો લઈને તેને વિશાળ અને લાંબો બનાવ્યો. ભોંયતળીયું ઉપલો માલ અને તેની ઉપરનો અડધો માળ કર્યો છે.

**લહુડી પેશાળ ઉપાશ્રય** :– આ ઉપાશ્રય ઘણો જૂનો હશે. તેમાં ગોરજીનો વાસ હંમેશા રહેતો હતો તેવું અનુમાન થાય છે. શરૂઆતનાં પ્રકરણોમાં એ વિષય આવી ગયો છે. ચિત્ર આવી ગયું છે. અહીં ચમત્કારિક ગોરજી રહેતા હતા. આજે પણ તેમાં ગોરજીની ગાદી હાયાત છે. ઉત્તર દિશાની દીવાલમાં ગોખલામાં માનભદ્રનું સ્થાનક છે. આ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપાશ્રય એ સાળનો છે. વર્ષો સુધી આ ઉપાશ્રયમાં આચાર્ય મહારાજ શ્રીવિજયભક્તિ-સૂરિજી મહારાજના ઉપદેશથી પાદશાહ શંકરલાલ આદિતલાલ નામે વર્ધમાન તપ આયંબીલ ખાતુ શરૂ થયું હતું, તે વર્ધમાન તપ આયંબીલ ખાતુ અહીં ચાલતું હતું. વર્તમાનમાં તે આયંબીલ ખાતુ ઢાકવાડીમાં ધર્મશાળા નવીન થતાં ત્યાં લઈ જવાયું છે. આ ઉપાશ્રય અજીતનાથજીના મંદિરને લાગીને આવેલો છે.

## ધર્મશાળાઓ

**માણેક શેઠાણીની ધર્મશાળા** :– અંતિસરીયા દરવાજા બહાર ઘણી જ વિશાળકાય બે માળની આ વિરાટ ધર્મશાળા આવી છે, જેનું વર્ણન આગળ આવી ગયું છે. ચિત્ર પણ આગળ આવી ગયેલ છે.

**શેઠ મીઠાભાઈ ગુલાલચંદ ધર્મશાળા** :– સરખલીયા દરવાજા બહાર આ ધર્મશાળા આવેલી છે. હનુમાનજીની ઘણી વિશાળકાય મૂર્તિ આ ધર્મશાળામાં કૂવાને કાંઠે પુરાણી ને પ્રાચીન જમીનમાંથી નિકળેલી હાલ વિદ્યમાન છે. જેથી આ ધર્મશાળાને કોઈ હનુમાનવાળી ધર્મશાળા પણ કહે છે. આ વિષય આગળ આવી ગયેલ છે. ચિત્ર આગળ આપેલું છે.

**માણેક શેઠાણીની જ્ઞાતિમાટેની ધર્મશાળા** :– આ ધર્મશાળા જ્ઞાતિ અંગેના જુદા જુદા પ્રસંગો માટે જમણવાર ઈત્યાદિ માટે ઢાકવાડીમાં પંચના ઉપાશ્રયની જોડે આવેલી છે. આ ધર્મશાળાનો અત્યારે જીર્ણોધ્ધાર થયો છે અને આની અંદર ભોજ-નશાળાને સમાવી લીધી છે. આયંબીલ ખાતુ પણ લાવવામાં આવ્યું છે. આની વિશેષ માહિતી પૂર્તિમાં આપીશું.

**અનાથાશ્રમ** :– મીઠાભાઈ શેઠની ખડકીની સામે રસ્તા ઉપર માણેક શેઠાણીનું અનાથાશ્રમ નામનું મકાન આવેલું છે. તેમાં ગરીબોને અનાજ અપાય છે. તથા શેઠ શ્રી વાડીલાલ મનસુખરામ લાયબ્રેરી અને વાંચનાલય ચાલે છે.

**શેઠ શ્રી મીઠાભાઇ કલ્યાણચંદ ધાર્મિક ટ્રસ્ટ પેઢી** :– ધ્યાનસ્થ સ્વર્ગસ્ત આગમોદ્ધારક આચાર્યશ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજે ધાર્મિક સંસ્થાઓનો વહીવટ કરવા માટે સં. ૧૯૭૨ માં આ પેઢીની સ્થાપના કરાવી હતી. ધીરે ધીરે તે બજારમાં આવી અને અત્યારે પોતાના મકાનમાં મીઠાભાઈ ગુલાલચંદ પરબડી નજીકમાં ચાલે છે. તેની ઉપર શેઠ શ્રી કેશવલાલ કાન્તીલાલ **અતિથિગૃહ** છે. આ ચિત્ર આગળ આવી ગયું છે.

**શેઠ મીઠાભાઇ ગુલાલચંદ પરબડી** :– તે જુની પ્રાચીન અને કલામય હતી પણ જીર્ણ થતાં હમણાં તે દોશી રતીલાલ બાલાભાઈની સહાયથી નવી બનાવવામાં આવેલી છે. આ બન્ને ચિત્રો આગળ આવી ગયાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## જ્ઞાનભંડારો

૧. **શેઠ મીઠાભાઇ ગુલાલચંદ જ્ઞાનભંડાર** :- પોતાના ઉપાશ્રયની અંદર ચાલે છે.

૨. **શ્રી અષ્ટાપદજી જ્ઞાનભંડાર** :- તે અભયદેવસૂરીશ્વરજી જ્ઞાનભંડારમાં અર્પણ કરી દીધેલ છે.

૩. **પંચનો ઉપાશ્રય જૈન જ્ઞાનભંડાર** :- તે પંચના ઉપાશ્રયમાં ચાલે છે.

૪. **શ્રી અભયદેવસુરીશ્વરજી જ્ઞાનભંડાર**:- દલાલવાડાની સામે ક્ષોત્રિયવાડાની બાજુમાં તે આવેલ છે. ચિત્ર અગાઉ આપેલ છે. (જ્ઞાન ભંડારો અંગેનો વિષય આગલા પ્રકરણોમાં આવી ગયેલ છે)

શેઠ મણીભાઈ શામળભાઈ પાઠશાળા હાલ વર્તમાનમાં અભયદેવસૂરીશ્વર જ્ઞાન મંદિરમાં ચાલે છે. વળી તેમાં ધાર્મિક મધ્યમ શિક્ષણ અધિક ધાર્મિક શિક્ષણ અને સંસ્કૃત આદિનું શિક્ષણ. એમ ત્રણેયે વિભાગમાં શિક્ષણ ચાલે છે.

શ્રી અભયસૂરીશ્વરજી જ્ઞાન મંદિરનું નિર્માણ પરીખ વાડીલાલ મનસુખરામનું કરેલું છે. સહાયકો બીજા ઘણાય હોય પણ કુનેહ, બુદ્ધિ અને મોટો ફાળો તેઓશ્રીનો છે.

વર્તમાનમાં જૈનોને અનુકુળ પડે તે માટે ભોજનશાળા નવી ધર્મશાળામાં આવેલી છે.

ઉદ્યોગી માણસો ઉદ્યોગ કરી શકે, તે માટે જૈનોને માટે ઉદ્યોગ ગૃહ ખોલાયું છે. (જુઓ ચિત્ર નં. ૯૬)

કસ્તુલાલ વાડીલાલ મનસુખલાલ પરીખ લાયબ્રેરીનું હાલમાં નિર્માણ થયેલું છે. (જુઓ ચિત્ર નં. ૯૭) (આના વિષયોનો પરિચય આગળ પરિશિષ્ટમાં આપીશું.)

**શ્રીઆગમોધ્ધારક સ્મારક ટ્રસ્ટ :-** દલાલવાડામાં સ્થાપવામાં આવ્યું છે તે સ્થાન આગમોધ્ધારકની જન્મભૂમિનું સ્થાન છે.

શ્રીજયન્ત હોસ્પીટલ તથા મેનાબેન આઈ હોસ્પીટલ જેનું વર્ણન આગળ આવી ગયું છે. આગળ ચિત્ર આપી દીધું છે.

**સધાર્મિક સેવા ટ્રસ્ટ** :- કોકીબેન ગુણવંતલાલ ગાંધી તથા મોતીબહેન ન્હાલચંદ દોશીના દાનથી ઉપરોક્ત ટ્રસ્ટ શરૂ કરવામાં આવેલ છે. સંવત અત્યારે યાદ નથી. તેમાંથી સાધર્મિકોને અનાજ વગેરે સહાય આપવામાં આવે છે.

## મહત્વની વાત

શરૂઆતની અંદર સામાન્યથી સાલવારીઓનો નિર્દેશ પેરા નંબર ૩ માં કરેલ છે. તેના પુરાવા આ સાથે આપ્યા છે. એક વાત અત્રે એટલી પણ જણાવવી છે કે વસ્તુપાલ તેજપાલે આબુમાં દહેરાં બંધાવ્યાં ત્યારે કપડવણજના વીશાનિમા સંઘને ત્યાં આમંત્રણ આપી બોલાવ્યો હતો. એવો ઉલ્લેખ વસ્તુપાલ તેજપાલના ચરિત્રમાં મલી આવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# જૈન આલમમાં મળતા પુરાવા

(પેરા નંબર ત્રણમાં નિર્દેશ કરેલા પુરાવા. આ પુરાવા સંપાદકે આપેલા હતા.)

૧. નવાંગવૃત્તિકાર પ. પૂ. આ. મ. શ્રીઅભયદેવસૂરીશ્વરજી મહારાજ સંવત ૧૧૩૫માં કપડવંજમાં સ્વર્ગવાસ થયા.

૨. સંવત ૧૧૩૯ની પહેલાં ગોવર્ધન શેઠે શ્રીનંદીશ્વરદ્વિપનું શ્રી વાસુપૂજ્યસ્વામી મૂળનાયકવાળુ કપડવણજમાં બાવન જીનાલય બંધાવ્યું. તેનો ઉલ્લેખ આ. શ્રીગુણચંદ સુરીજીએ રચેલા પ્રાકૃત મહાવીર ચરિત્રમાં કર્યો છે.

૩. કર્પટવાણિજ્યના શેઠ યશોનાગની સાધ્વી સ્ત્રી પાલીએ સંવત ૧૧૬૦ (આવો એક પરિકરના ભાગ પર ઉલ્લેખ કર્યો છે.) ચિત્ર આગળ આવી ગયું છે.

૪ આચાર્ય દેવભદ્રસૂરિજીએ પાસનાહચરિયં સં.૧૧૬૮માં પૂર્ણ કર્યું. તેમાં જણાવે છે કે, કપર્દિ શેઠે કપડવણજથી શ્રી શેત્રુંજય આદિતીર્થોની તીર્થયાત્રાનો છરીપાળનો સંઘ કાઢયો, એવો નિર્દેષ કર્યો છે.

૫. વિ.સં. ૧૨૭૫માં આબુ ઉપર દેવસ્થાનોની પ્રતિષ્ઠા મહોત્સવમાં કપડવણજ અને ચાંપાનેરમાંથી નીમા વણિકો ગયા હતા.

૬. સંવત ૧૩૦૯ વર્ષે ફાગણ સુદ ૮ સામે કર્પટવાણિજ્યે શ્રી ગુર્જરજ્ઞાતૌ માતૃ ખયતલ્લદેવી શ્રેયાંર્થં સાજણેન શ્રીઆદિનાથ બિંબ શ્રી કમલપ્રભસુરીણામુપદેશેન કારિતં પ્રતિષ્ઠતં ચ (માતર સુમતિનાથ બાવન જીનલયમાં આ પ્રતિમા છે.)

૭. કર્પટવાણિજ્યના રહેનારા શ્રીમાળી જ્ઞાતિના શ્રેષ્ઠી પાલ્હણના પુત્ર રત્ન અને તેની માતા રેણાદેવીએ શ્રી શાંતિનાથની મૂર્તિ સંવત ૧૩૫૧ના ફાગણ સુદ ૨ ગુરૂવારે ભરાવી, (શેત્રુંજય ઉપર તે છે.)

૮. કર્પટવાણિજ્યના રહેવાસી શ્રીમાળી જ્ઞાતિના શ્રેષ્ઠી ભાઈઆકે શ્રીઅજિતનાથ ભગવાનની પ્રતિમા સંવત ૧૪૮૮ના કાર્તક સુદ ૨ સોમવારે શ્રે. સીંહાભાર્યા સંસારદે પુત્ર ભાઈઓ ભાર્યા સાહુ પુત્ર વાછા ભાતૃ સોમા ભાર્યા ટાઉ, ગાધા ગુણી આદિ કુટુંબના શ્રેયમાટે ભરાવી અને તપાગચ્છાચાર્યશ્રી સામસુંદરસૂરિયે પ્રતિષ્ઠા કરી. (અમદાવાદ રીચી રોડ ઉપરના શ્રીમહાવીરસ્વામીના દહેરાસરમાં આ પ્રતિમા છે.)

૯. સં. ૧૪૮૮ વર્ષે જેષ્ટ વદી ૨ દિને નીમા જ્ઞાતિના મે સદા ભાર્યા માણેકદેવાં પુત્ર ગંગાએ ભાર્યાસમની વગેરે કુટુંબ કલ્યણ માટે શ્રીમહાવીર સ્વામી સમવસરણ કરાવ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને શ્રી સોમસુંદરસુરિએ પ્રતિષ્ઠા કરી. (શ્રી ચિંતામણી પાર્શ્વનાથ મંદિરમાં આ સમવસરણ ધાતુનું છે.)

૧૦. સંવત ૧૪૯૯ વર્ષે પોષ વદી ૧૦ ગુરૂવારે શ્રી નીમાજ્ઞાતિના ગં. ગડેદા ભાર્ય સલક્ષુના પુત્ર સાચરે પોતાના કલ્યાણ માટે જીવતસ્વામી શ્રીસુપાર્શ્વનાથ પ્રતિમા કરાવી અને શ્રી બૃહત્તપાગચ્છના શ્રીરત્નસિંહસુરિએ પ્રતિષ્ઠા કરી. (તે કઠોળના શ્રી આદિનાથ ભગવાનના મંદિરમાં છે.)

૧૧. સં.૧૫૦૧ ના જેઠ સુદ ૧૦ના નીમા જ્ઞાતિવાળા દો. ભદા સુત સાંગા પુત્ર ધનશી ભાર્યા શ્રીચંદિગા સુતા મલ્હાએ શ્રીશાંતિનાથ પ્રતિમા કરાવી અને શ્રીમુનિસુંદર સૂરિએ પ્રતિષ્ઠા કરી.

૧૨. સં. ૧૫૦૬ના વર્ષે માગશર સુદ ૧૩ ના કર્પટવાણિજ્યના રહેવાસી ઉકેશ જ્ઞાતિના શ્રેષ્ઠી નરપાલ ભાર્યા નામલદે પુત્ર કર્મણ ભાર્યા દરમાદે માતૃજ ભોજાદિના કલ્યાણ માટે શ્રીસંભવનાથની પ્રતિમા કરાવી અને બૃહત્તપા શ્રીજયચંદસૂરિએ પ્રતિષ્ઠા કરી. (ખંભાત માણેકચોકમાં શ્રી પાર્શ્વનાથ મંદિરમાં આ પ્રતિમા છે.)

૧૩. સં. ૧૫૨૦નો સંપૂર્ણ લેખવાળી શાંતિનાથ ભગવાનની પ્રતિમા કપડવણજમાં છે.

૧૪. સં. ૧૫૨૨ના વર્ષે વૈશાખ નીમા જ્ઞાતિવાળા દોશી વાંચ્છા ભાર્યા દુલી પુત્ર દોસ્તી ભાર્યા વારૂ સુત દોશી ગણપતિ ભાર્યા રેવતી કાક, અને ભાર્ય હરપતિ ભા. પંક્તિ પુત્રે શ્રીપાશ્વનાથ પ્રતિમા કરાવી અને તપાગચ્છના શ્રીલક્ષ્મીસાગરજીએ પ્રતિષ્ઠા કરી. કર્પટવાણિજ્ય નગરે (આ પ્રતિમા શેઠ જેસીંગભાઇના ઘર દહેરાસરમાં હતી, તે અત્યારે ચિંતામણદાદાના દેરાસરે છે.)

૧૫. સં.૧૫૨૩માં કર્પટવાણિજ્યના રહેવાસી શેઠ દોસ્ત કુસ્તાનીયે ધાતુની પ્રતિમા ભરાવી (મ્હુધા--મધુપુરા નાના આદીશ્વર ભગવાનના દહેરાસરમાં છે.)

૧૬. સં. ૧૫૩૩ ના પોષ વદ ૧૦ કર્પટવાણિજ્યના રહેવાસી વીશા મેવાડ જ્ઞાતિના સોની ગુણરાજ વગેરેએ શ્રીકુંથુનાથની મૂર્તિ ભરાવી. ( અમદાવાદ રતનપોળના શેઠના બંધાવેલા મહાવીરસ્વામિના મંદિરમાં આ મોટી ધાતુની પ્રતિમા છે.)

૧૭. સં.૧૫૬૫ના અપૂર્ણ લેખવાળી શાંતિનાથ ભગવાનની પ્રતિમા છે.

૧૮. સં. ૧૫૬૬ આસો સુદ ૨ ના દિવસે કપડવંજમાં વાચક હર્ષમંડળ ગણિના શિષ્ય વાચક હર્ષમૂર્તિએ શ્રીચંદનબાળા ચરિત્ર ચોથાઇ લખી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૯. સં૧૫૯૮ ના લેખવાળી શાંતિનાથ ભગવાનની પ્રતિમા છે.

૨૦. સં. ૧૬૧૮ ના ફાગણ વદ ૨ ને શુક્રવારે કર્પટવાણિજ્યના રહેવાસી નીમા જ્ઞાતિ દોશી માયા ભાણીયા કાનજી પુત્ર રત્ન જાગા ભા. શાણી તથા પુત્ર સહિત દોશી ભગાએ પોતાના કલ્યાણ માટે શ્રીશાંતિનાથની પ્રતિમા કરાવી અને તપાગચ્છાચાર્ય શ્રી સોમવિમલસૂરિએ પ્રતિષ્ઠા કરી. (આ પ્રતિમા ઢાકાવાડીના શ્રી શાંતિનાથ મંદિરમાં છે.)

૨૧. સં. ૧૬૧૮ ફાગણ વદ ૨ ને શુક્રવારે કર્પટવણિજ્યના રહેનાર દોશી લકુઆયે શ્રીશાંતિનાથજીની પ્રતિમા ભરાવી. (આ પ્ર. શાંતિનાથના દહેરાસરમાં છે) ( આ સાલના લેખવાળી ધાતુ પ્રતિમાઓ જે.પે.ના. ઘર દહેરાસરમાં હતી. )

૨૨. સં.૧૬૧૮ ફાગણ વદ ૨ શુક્રવારે કર્પટવાણિજ્યના રહેનાર દોશી લકુઆ ભાર્યા તાપુ પુત્ર રત્ન દો. પબા. ભા. રાજી પુત્ર કુમકાજી પ્રમુખ કુટુંબ સહિત પોતાના કલ્યાણ માટે × × × × × અને × × × × × પ્રતિષ્ઠા કરી, સંઘનું મંગલ કાર્ય થાવ. લી.

૨૩. અલાઈ ૪૪ સં. ૧૬૫૫ વર્ષે માગશર સુદી ૫ ગુરૂવારે લઘુ પોસાલ શાખાવાળા કર્પટવાણિજ્યના રહેનાર શ્રી શ્રીમાળી જ્ઞાતિ ૫. અકકના ભાયા મકઈ પુત્ર રૂપજી પ્રમુખ પંચપુત્રો વિગેરે કુકુંબ સહિત પોતાના કલ્યાણ માટે શ્રીવાસુપૂજ્યબિંબ કરાવ્યું અને તપાગચ્છ ભટ્ટારક શ્રી હીરવિજયસૂર પટે મુકુટ સમાન શ્રીવિજયસેનસૂરિએ પ્રતિષ્ઠા કરી (દલાલવાડાના વાસુપૂજયસ્વામિના મંદિરમા મૂળ નાયકો લેખ)

૨૪. અલાઈ ૪૪. સં. ૧૬૫૫ વર્ષે માગશર સુદ ૫ ગુરૂવારે લઘુપોસાળવાળા કર્પટ વાણિજ્યના રહેનારા શ્રીમાલી જ્ઞાતિ ૫. અકકાનાની ભાર્યા મકઈ પુત્ર સવજી પ્રમુખ પંચ પુત્રો વિગેરે કુટુંબ સહિત પોતાના કલ્યાણ માટે શ્રી વાસુપુજયબિંબ કરાવ્યું અને તપાગચ્છા ભટ્ટારક શ્રી હીરવિજયસૂરિ પટ્ટધર મુકુટ સમાન શ્રી વિજયસેનસૂરિએ પ્રતિષ્ઠા કરી. (મોઢીપાના આદિશ્વર ભગવાનના મંદિરે આ પતિમા છે.)

૨૫. અલાઈ ૪૪ સં.૧૬૫૫ ના કર્પટવાણિજ્યના રહેનારા શ્રીમાળી જ્ઞાતિના પં. અલકા વિગેરે શ્રી શંભવનાથજીની મૂર્તિ ભરાવી. ( આ મૂર્તિ નગરશેઠના ઘેર ઘરદહેરાસરમાં હતી.)

૨૬. સંવત ૧૬૬૩ વર્ષે વૈશાખ વદિ ૬ બુધવારે ઓતરોલી ગામના રહેનારા શ્રીમાળી જ્ઞાતિવાળા શા. દેવચંદ તારાચંદ.

૨૭. સં.૧૬૬૬ વર્ષે ફાગણ સુદ ૩ શુક્રવારે કર્પટવાણિજ્યના રહેનારા શ્રીમાળી જ્ઞાતિના શેઠ ગોહિઆ પોતાની પતિ ગંગાદિ સહિત તથા ××××× નાશા તારા ××××× જન્મયે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાર્યા મોહના પુત્ર વજીવરાજ દેવરાજ ખજારાજ, જીવરાજ પુત્ર શા રત્ન વગેરે સમસ્ત કુટુંબ સહિત પોતાના કલ્યાણ માટે શ્રીઆદિનાથ બિંબ કરાવ્યું અને શ્રીતપાગચ્છ ભટ્ટારક કોટી કોટી સર્વશ્રી દિગવિજયસુરિ પટ્ટાલંકારહીરમુગુટ સમાન શ્રી વિજયસેનસૂરિએ પ્રતિષ્ઠા કરી. શાહિ અકબર શાશનમાં કર્પટવાણિજયમાં રહેનાર સકલ સંઘનું કલ્યાણ થાવ. (ઢાકવાડીમાં શ્રી આદીશ્વર ભગવાનના મંદિરમાં મૂળ નાયક ભગવાન છે.)

૨૮. સંવત ૧૬૬૬ વર્ષે ફાલગુણ સુદ ૩ શુક્રવારે કર્પટવાણિજયમાં રહેનાર ભાર્યા કમલાદેવી પુત્ર શા શીવ ભાર્યા દેવકીએ પોતાના કલ્યાણમાટે શ્રી અજીતનાથનું બિંબ ભરાવ્યું અને આ. શ્રીવિજયસેનસુરિ નિર્દેસાત્ પ્રતિષ્ઠા કરી. કર્પટવાણિજયના સકલ સંઘનું કલ્યાણ થાવ. (ચૌમુખજીના મંદિરમાં આ મૂળ નાયક ભગવાન તરીકે છે.) (બીજા આવાજ લેખના બે પ્રતિમા છે.)

૨૯. સંવત ૧૬૭૨ માં શ્રીઢાળસાગર ગ્રંથ શ્રીજયસોમગણીએ કપડવણજમાં લખીને પૂર્ણ કર્યો.

૩૦. સંવત ૧૬૭૯ મા ઉપાધ્યાય વિનયવિજયજી મહારાજે કપડવણજમાં જલ્પસંગ્રહ ગ્રંથ પૂર્ણ કર્યો.

૩૦. સંવત ૧૪૦૭ માં રચેલ શીલદુત કાવ્યની સં. ૧૭૦૧માં કપડવણજમાં નકલ કરી.

૩૧. સંવત ૧૭૪૯માં શીલવિજય ગણિએ તીર્થ માળાની રચના કરી, તેમાં ૧૫૬ મી ગાથામાં કપડવણજનો ઉલ્લેખ કર્યો છે.

૩૨. સંવત ૧૭૯૯ ના પોષ વદ ૪ શુક્રવારે પં.શ્રી સૌભાગ્યવિજયજી મહારાજના શિષ્ય પૂ. પં.શ્રીઅમીવિજયજી મહારાજે શ્રીસૌભાગ્યપંચમીકથા શ્રીજ્ઞાનપંચમી પર્વના મહિમાને વર્ણવતી કપડવણજમાં લખી.

૩૩. સંવત ૧૮૩૬ ના માગશર સુદ ૧૩ ના દિવસે દિગવિજય નામનો ગ્રંથ કપડવણજમાં લખ્યો.

૩૪. સંવત ૧૮૪૦ માં શ્રી ચિંતામણ પાર્શ્વનાથ પાસાદમાં કવડવણજમાં જયસોમે "ઢાળસાગર" લખ્યો.

૩૫. સંવત ૧૮૪૮ ચૈત્ર વદ ૯ રવિવારે નવપદ વાયનીકા પં. દીપ વિજયજી મહારાજે શ્રીચિંતામણીપાર્શ્વનાથ પ્રાસાદમાં લખ્યો. (અત્યારે આ પત્ર પંચના ઉપાશ્રયે છે)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૩૬. સંવત ૧૮૫૦ માં શેઠ મીઠાભાઇ ગુલાબચંદે શ્રી ચિંતામણીજી દાદાનો પ્રાસાદ નાનો હતો તે લાકડાની કારીગીરીવાળો મોટો બનાવ્યો. અને તેમનો (મી.ગુ.નો) શ્રીમલ્લિનાથ ભગવાનનો ગભારો બનાવ્યો.

૩૭. સંવત ૧૮૬૫ મહા સુદ ૩ ને રવિવારે દયાવિજયજીના અભ્યાસના માટે અને આત્મ કલ્યાણ માટે પં. રિખવચંદજિએ આંતરસુબામાં શ્રી વાસુપુજ્ય સ્વામિના મંદિરમાં શ્રી સિદ્ધચલજિનો પટ ચિત્ર સહિત કરાવ્યો અને સંવત ૧૮૭૮ ના માગસર સુદ પાંચમે તેમને કપડવણજમાં શ્રી ચિંતામણીજી દાદાના મંદિરે સંપૂર્ણ કર્યો. (ચિત્રકાર જયંતિલાલ ઝવેરીની હસ્ત પોથીના આધારે)

૩૮. સંવત ૧૮૯૯ આસો સુદ ૧૫ ના જીવવિચાર પ્રકરણ દોશી ઝવેરલાલે લખાવ્યું.

૩૯. સંવત ૧૯૦૩ શાકે ૧૭૬૮ પર્વતમાને માઘ મહિનામાં કપડવણજના રહેવાસી નીમા શા કાલિદાસ જીવણદાસની ભાર્યા જતનવહુ સુત છોટાલાલે પોતાના કલ્યાણ માટે શ્રીઅનંતનાથ બિંબ ભરાવ્યું અને ×××××× શ્રી શાંતિસાગરસુરિએ પ્રતિષ્ઠા કરી. (ડભોઈ મુનિસુવ્રતસ્વામીજીના દહેરામાં આ પ્રતિમા છે.

૪૦. પં. હર્ષભૂષણ ગણિએ કપડવણજમાં અંચલમતદલન પ્રકરણ રચ્યું.

૪૧. સતરમી સદીમાં શાંતિકુશણ ગણિએ ગોડી પાર્શ્વનાથના સ્તવનમાં બારમી ગાથામાં કપડવણજનો ઉલ્લેખ કર્યો છે.

૪૨. વીશાલરાજા ગણિના શિષ્ય કીર્તિરાજે તીર્થમાલા રચી છે, તેની તોંતેરમી ગાથામાં કપડવણજનો ઉલ્લેખ કર્યો છે.

૪૩. દીપવિજયજી મહારાજે આંતરસુંબામાં શ્રીશંત્રુજયમહાત્મય લખવાનું શરૂ કર્યું અને શ્રીચિંતામણીપાર્શ્વનાથ મંદિરે તે પુર્ણ કર્યું.

૪૪. તીર્થમાળાઓ આદિમાં પાર્શ્વનાથ ભગવાનના નામો ગણાવતાં કપડવણજના પાર્શ્વનાથના નામનો ઉલ્લેખ કર્યો છે.

૪૫. સંવત ૧૯૧૫ માં શ્રીશત્રુંજય ગિરિરાજ પર બાલાભાઈની ટુંકમાં શેઠ મીઠાભાઈ ગુલાબચંદના નામે તેમની પુત્રવધુઓએ શ્રી વાસુપૂજ્યસ્વામી પ્રાસાદ બંધાવ્યો છે.

૪૬. દાદાની ટૂંકની બહાર શતસ્થંભિયા મંદિરની પાછળ શેઠાણી માણેકબાઈએ દહેરાસર બંધાવ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૪૭. ગિરિરાજ પર મોતિશાની ટૂંકમાં ૭૫ નંબરની દેરી શેઠ શામળભાઈ નથ્થુભાઇએ બંધાવી છે.

એક વાત–મારા સંગ્રહ કરેલા અને લીધેલા પ્ર તિમા લેખો અને પ્રશસ્તિઓમાં પંદરમી સદીથી લઈને વીસમી સદીના પૂર્વ ભાગના લેખો ને પશસ્તિઓ ગણી છે. જેનો સંપૂર્ણ નિર્દેશ અત્રે આપી શકાયા નથી કારણકે તે સં. ૧૯૯૬માં લીધેલ. અત્યારે તે અસ્ત વ્યસ્થ થતાં સંપુર્ણ અપાયા નથી. તેમજ એક સરખા લેખો પણ નથી આપ્યા. કપડવણજની ૨૦૧૧ની અંજનશલાકામાંના પ્રતિમાના લેખોનો સમાવેશ આમાં કર્યો નથી.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગૌરવ નવમું

# મુસ્લીમ સંતો-મહાપુરુષોની દરગાહો

**દુદુ બાદશાહની દરગાહ :-**

કપડવણજમાં કચેરી છે ત્યાં (જ્યાં હાલ સરકારી કચેરીઓ આવેલ છે.) બાબી વંશનાં જૂનાં ખંડેરો છે. કચેરીમાં પ્રવેશતાં જ કિલ્લાનાં નિશાન દેખતાં શાહી વિભાગની યાદ આપે છે. આ સ્થળમાં પ્રવેશતાં ડાબી બાજુ પ્રાચીન સ્થાપત્યની યાદી રૂપ જુમ્મા મસ્જીદની પાછળ જ દુદુ બાદશાહની પવિત્ર દરગાહનાં દર્શન થાય છે. આ વિભાગમાં પ્રવેશતા મોટા ભાગના દુદુ બાદશાહને સલામ આપે છે. તેનો ઉરસ મહોરમ માસમાં બારમાં ચાંદે થાય છે. (જુઓ ચિત્ર નં. ૯૯)

**જાહેરપીર**-આ દરગાહનો ઉરસ મદાર સાહેબના મહિનામાં દસમા ચાંદે આવે છે. તેનો વહીવટ હાલમાં ગુલામ નબીમલમ શાહ દિવાન (ફકીર) કરે છે.

**ટોકડીયા પીર**-આ દરગાહનો ઉરસ રજબ મહિનામાં તેરમા ચાંદે થાય છે તેનો વહીવટ સૈયદઅલી ઈસાકઅલી કરે છે.

**લાડલી બીબીની દરગાહ**-કચેરીમાં પ્રવેશતાં ડાબી બાજુ, દુદુબાદશાહની દરગાહ સામે, જમણાં હાથે નાનકડી દરગાહ છે. (કપડવણજની રાજ્યકર્તારિની નાનકડી દરગાહ કેમ ?) એક સુંદર વહીવટકર્તા આ બેગમની દરગાહ સુંદર અને સન્માનીત હોવી જોઇએ. સરકાર તરફથી ધૂપ વગેરે માટે રકમ અપાય છે.

**ગોરા પીરની દરગાહ**-જુમ્મા મસ્જીદની બાજુમાં આવેલ આ દરગાહ છે. જેમાં બે મજાર (રોજા) છે.

**બાર શહીદનો તકીયો**-ઈસ્લામપુરા.

**સતરે યાકુબની દરગાહ**-ભુતખાબડા પાસે આ દરગાહ આવેલ છે. જેમના કબુબર ઉપર હિંદુભાઈઓ ઘણીજ મોટી સંખ્યામાં આવે છે. દર વર્ષે તેમનો ઉરસ જીલહજના મહીનામાં ૧૭માં ચાંદે આવે છે.

P. P. Ac. Gunratnasuri M.S.                                    Jin Gun Aaradhak Trust

**તાજ બાદશાહની દરગાહ**–અંતિસર્યાના દરવાજા બહાર તલાવમાં આવેલ છે. શ્રીલીમ્બજાં માતાની નાનકડી દેરી પાછળ આ તાજબાદશાહની દરગાહ આવેલ છે. આ દરગાહ ૩૦'×૨ ચો. વારમાં સમાયેલ છે. હમણાં ૧૯૭૬ સાલમાં સુંદર રોઝો બાંધ્યો છે. આ તાજ બાદશાહ અંગ્રેજોના સમયમાં ધામોદના ભીલ સરદારોના સરદાર તરીકે કપડવણુજ પર ત્રાટક્યો. તેમના સાથીદારો સાથે ત્રણેક જણને લોર્ડે ફાંસી આપેલ. તેમનો ઉરસ જીલહજ મહીનાના ૧૯માં ચાંદે આવે છે.

**ગેબનશા પીરની દરગાહ**–કશનપુરામાં જતાં જમણી બાજુ આ દરગાહ આવેલ છે.

**સુલતાન શહીદની દરગાહ**–રેલ્વે સ્ટેશન જતાં મોડાસીની સડકે જ્યાં ચાર રસ્તા છે. ત્યાં એક પુરાણો લીમડો છે. તેની નીચે આ દરગાહ આવેલી છે. આનો વહીવટ કસ્બના રહીશો કરે છે.

**કાલુ સૈયદનો રોઝો**

**જાહેર પીરની દરગાહ**

**નવગજા પીરની દરગાહ**

**સૈયદ દરગાહ**–૫૦૦ વર્ષ જૂની વાત છે–કે અરબસ્તાનથી આવેલ સૈયદને કોઈ કારણસર અહીંના મુસ્લીમ શાસકો સાથે જંગ થયો. તેમાં તેઓ શહીદ થયેલા. આ દરગાહ પાકી કરવાની મનાઈ છે. તે માટીના ઢગલા રૂપે જ રહે છે. કહેવાય છે કે–એક સમય વાડાશિનોરના નવાબ સાહેબ પધારેલા, અને સત્તર દરગાહો પાકી બનાવી પણ તેજ રાત્રે દરગાહ ફાટીને માટીનો ઢગલો થઈ ગયો અને તેમણે સ્વપ્નામાં જણાવ્યું કે મારી દરગાહ પાકી બનાવશો નહીં. ત્યારથી હજુ પણ આ માટીના ઢગલા રૂપે જ છે. કહેવાય છે કે બ્રિટિશ સમયમાં એક સર્વેયર નદીના સત્તરા સૈયદના આરાથી જમીન માપવા જતાં તેની ફુટપટ્ટી તુટતી. તેથી તેણે લોઢાની સાંકળિની માપણીથી માપતાં તુટતાં અને તે પોતે બુટ સાથે ચોંટી જવાથી, માફી માગી. આથી તે માપ્યા વિના પાછો ફરેલો.

**સત્તર શહીદોની દરગાહ**–નીરમાલી ગામ તરફ જવાના રસ્તે જમણી બાજુએ આવેલી છે. તેમનો ઉરસ રજબમહીનાના ૧૭માં ચાંદે આવે છે. (જુઓ ચિત્ર નં. ૧૦૫)

**શેરન શહીદાની દરગાહ**–જેને કોઠાની મસ્જીદ કહેવામાં આવે છે, ત્યાં આ દરગાહ છે. આ સ્થળે જે સાંઈ રહેતા, તેમનું નામ અમીરશાહ હતું. તેઓ સંસ્કારી અને શિક્ષિત કુટુંબના હતા. (જેમણે કપડવણુજ ઇતિહાસ લખવામાં સારો એવો ફાળો આપેલો.) તેઓ એક જુના દસ્તાવેજ જેવા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**જમાલ શહીદની દરગાહ**–કપડવણજના આ નરવીર શહીદની દરગાહ છે. નદી દરવાજે એક ગોખ અને દરગાહ છે. તે વતન માટે શહીદ થનાર વીરની કથાને કહે છે. વિજ્ઞાનયુગનો માનવી માને કે ન માને, પણ વર્ષો પહેલાંની વાત છે કે–દુકાળના ઓળા જ્યારે દેખાયા ત્યારે હોમ–હવનથી વરુણને રીઝવવા પ્રાર્થનાઓ થઈ. બંને નદીઓમાં વરાંસીએ વળાંક બદલ્યો અને મહોરે માઝા મૂકી. બંને નદીઓ ગામને આફતમાં ઉતારવા તૈયાર થઈ.

ગામમાં કેડ સમા પાણી ભરાવા માંડયાં. જનતા ગભરાઈ ગઈ. ગામ ડુબશે એ ડર લાગ્યો. "જલ તોલન કરો" પાણીને વધાવો, તો પાણી ઉતરે.

(પહેલાંના સમયમાં અને હાલમાં પણ કેટલેક સ્થળે અતિવૃષ્ટિ વખતે પાણીને દૂધ, દહીં, ઘી, કંકુ, ફુલ સાથે બહેનો અને ગામના મુખી વગેરે મળીને જળદેવીને ચુંદડી વગેરેથી વધાવવામાં આવે છે.)

જલ તોલન કરવા કોઈ તૈયાર ન હતું. ગરીબો ધર્મશાળાઓમાં અને શ્રીમંતો તેમના મકાનોમાં ભરાઈ ગયા. ત્યારે એક ઝુંપડામાં રહેનાર વૃદ્ધાનો લાડકવાયો (ગાંચી કોમનો) જે ગરીબ માતાનું પોષણ કરતો હતો, તેણે વૃદ્ધ માતાની રજા મેળવી. હાથમાં તાંબાનું તાજુડી લઈ નદી દરવાજે જઈ દરવાજાની બારી ખોલી. જળ તોલન કરવા જળમાં પ્રવેશ કર્યો. ધસમસતા પાણીના પ્રવાહમાં તણાયો. શહીદ થયો. જળ ઉતરવા માંડયાં. ગામ બચી ગયું. વીર પવિત્ર માનવી પ્રભુના દરબારમાં વતન ખાતર હાજર થઈ વંદન કરવા ઉભો રહ્યો. શહીદની યાદ દેનાર અને નમન કરવા યોગ્ય તે દરગાહ આજે પણ મોજુદ છે. (કેટલાક તેમનું મૂળ નામ અહમદ કહે છે.) "શહીદ" (શ્રી ધનવંતભાઈ મા. શ્રોફના સૌજન્યથી સાભાર)

**તૈમુર અલીબાબાની દરગાહ**–પ્રાચીન સ્થાપત્યના અવશેષ રૂપ હાલ અમલી મસ્જીદના ઓટલા પર આ દરગાહ છે.

**કસ્બાની મસ્જીદ**–અંતિસરીયા દરવાજા તરફ જતાં કસ્બાની સામે જ જુની પાંજરાપોળની પાસે–પટેલ વાડાના નાકે આ મસ્જીદ આવેલ છે. આ મસ્જીદ બાંધવામાં મહત્વની વ્યક્તિ મહમંદ મુરાદ નામના ભાઇએ કસ્બાની ભાઈઓના સહકારથી બાંધેલી. આ મહમંદભાઈ મુરાદભાઈ નામાંકિત વ્યક્તિ હતા. તેમના નામની પાંજરા પોળ પાસે ખડકી છે. આ મસ્જીદ આશરે ૨૦'×૧૫' ચો. વાર ક્ષેત્રફળમાં છે. તેમાં વજુ કરવા માટે નાનકડી કુઈ છે. તેનો વહીવટ કસ્બાની જમાત કરે છે. (જુઓ ચિત્ર નં. ૭૧)

(મહમંદ મુરાદની મસ્જીદ) કસ્બાના પ્રામાણિક અને નિતિવાન સૈયદ મહમંદ–મુરાદ. એક સામાન્ય ખેડૂત હતા. શેઠ શ્રી મીઠાભાઈ ગુલાલચંદ જ્યારે બહાર જાય ત્યારે તેમની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાથે બેલગાડી લઈને સૈયદ જતા હતા. આ કસ્બાના મુસ્લીમો શાહી જમાનાથી શેઠીયાઓ સાથે ઘનિષ્ઠ સંબંધ રાખતા. જ્યારે બંગડીવાડ અને કસ્બાની જમાત અલગ થઈ ત્યારે કસ્બાને અલગ મસ્જીદની જરૂર પડી. એક વખત શેઠે ખુશાલીમાં કહેલ કે "સૈયદ જે કાંઈ જોઈએ તે માંગ." સૈયદ મહમંદ મુરાદે તે વખતે શેઠને વિનંતી કરી કે આપની પાંજરા પોળ પાસેની જમીન અમોને મસ્જીદ કરવા આપો. કપડવણજના આ નગરશેઠ વંશના પ્રતિભાશાળી પુરુષે તરતજ આ પાંજરાપોળ પાસેની વિશાળ જમીન મસ્જીદ બાંધવા આપી. મસ્જીદના બાંધકામ પછી તેનો જીર્ણોદ્ધાર મલેક બાપુમીંયા ફૈજુમીંયાનાં હાથે થયો. મેડાબંધી આ મસ્જીદમાં બાળકોને ધાર્મિક જ્ઞાન માટેની શાળા ચાલે છે. નીચે દુકાનો છે. કે-જેના ભાડાથી વહીવટી ખર્ચમાં પણ ફાયદો રહે છે. તેનો વહીવટ કસ્બાની જમાત કરે છે.

**કડિયાની મસ્જીદ (શામ સૈયદની મસ્જીદ)**–શામ સૈયદના ચકલેથી નદી દરવાજા તરફ જવાના વળાંક પર જમણા હાથે આ મસ્જીદ છે. આ મસ્જીદના કાર્યમાં મહત્વની વ્યક્તિ શામસૈયદ હતા. જો કે તેના લેખ પ્રમાણે શામસૈયદ ગુજરાતના બાદશાહ અહમદશાહના એક ખાસ સમયમાં હતાં. તેઓ કપડવણજમાં આ સ્થળે રહેતા હતા. પોતાના અનુયાયીઓ મારફતે નમાઝ પઢવા માટે આ એક મસ્જીદ કરેલી. તેમની દરગાહ પણ આજે આ મસ્જીદ નીચે છે. તેઓની ગુજરાતના પીરોમાં ગણના છે. તેઓના ઘણા ચમત્કારો છે. મસ્જીદનો પાયો કરતાં પૈસા નીકળેલા. જેમાંથી આ મસ્જીદ બાંધવામાં આવેલી. તેમ આ મસ્જીદના પત્થરો પાવાગઢથી લાવવામાં આવેલા છે. કડીયા બીરાદરો તેમના અનુયાયીઓ હતા. (જુઓ ચિત્ર નં. ૭૨) આજે આ મસ્જીદ તથા દરગાહનો વહીવટ કડીયાની જમાત કરે છે.

## આ મસ્જીદનો લેખ

હુમાયુ નબી સાહેબે આ મસ્દજી (આજે બગીચા જેવું હવામાં ઉભુ રહેનાર મકાન) દુનિયાના માટે ચાદિનને માટે ઉંચાં ઘરેણાંને ઉમેદવાર બીજ દુરગા પરમેશ્વરની મજબૂતીને માટે હીજરી સન ૭૨૦ સંવત ૧૩૫૯માં બંધાએલી છે. આ લેખમાં અબુલ ફતા અહમદશાહ બીન મહમદશાહ બીન મુજફ્ફરશાહ સુલતાન બીન સુલતાન એ પ્રમાણે નામ છે. આ જોતાં આ મસ્જીદ પ્રાચીન છે.

**અમલી મસ્જીદ**–આ મસ્જીદ ઘાંચીવાડાની બહાર નદી જવાના રસ્તા પર ડાબી બાજુ એક ટેકરા પર છે. હાલ આ મસ્જીદ જે છે તે તદ્દન નવી છે. તેનો પ્રાચીન ઘાટના સ્થાપત્ય-શીલ્પના આધારે એ એક હીંદુ મંદીર હશે તેમાં કોઈ પુરાતત્વનો વિદ્વાન્

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ના ન પાડી શકે. તે સમયનો પત્થર પણ આજે તેની સાક્ષી રૂપ ધરતીના પેટાળમાંથી મળી શકે છે. હુમાયુના સમયમાં ફીરોજશાહ નામના કોઈ સુબાના સમયમાં આ મસ્જીદ બંધાઇ હોય તેમ કહેવાય છે. વર્ષો પછી આ મસ્જીદ વેરાન બનેલી. એ સમયમાં એક પંજાબના વતની બાબા સાંઈ તૈમુરઅલી આ સ્થળે ધુણી ધખાવી બેઠા અને તેમણે કેટલોક સુધારો કર્યો' આ મસ્જીદને આબાદ કરી. આ પંજાબી બાબા તૈમુરઅલી સાંઇની દરગાહ મસ્જીદની બહાર છે. આ મસ્જીદ તદ્દન પડી જવાની તૈયારીમાં થઈ ત્યારે ઈ. સ. ૧૯૬૦ લગભગમાં ઘાંચી જમાતના આગેવાન હાજી આદમભાઇ મહમદભાઇ તથા શહેર કાજી બદરુદ્દીન તથા મુસ્લીમ બિરાદરોએ સારો ફાળો એકત્ર કરી આ મસ્જીદ નવેસરથી બાંધી. (જુઓ ચિત્ર નં. ૧૦૦)

**જુમ્મા મસ્જીદ (શાહ મસ્જીદ)**– કપડવણજમાં મુસ્લીમ (સુન્ની) ભાઈઓની મસ્જીદોમાં એક આ વિશાળ મસ્જીદ છે. તેને ચાર ગુમ્મરો સ્તંભો અને ૨૬૭૯ ચો. વારમાં સમાયેલ આ મસ્જીદ છે. તેની અંદર પ્રવેશ્યા બાદ જોતાં પ્રથમ એક સુંદર હોજ ૫૦' માપનો છે. જ્યાં દરેક નમાજી મુસ્લીમભાઇ વજુ કરીને (હાથ, પગ, મોં ધોઇને) નમાઝ પઢે છે. જ્યાં પાણી સંગ્રહ થાય છે, તે હોજ કહેવાય છે. આ મસ્જીદના જે ઘુમ્મટો હાલ હયાત છે, તે ઘુમ્મટની કારીગરી (સ્થાપત્ય) જે છે તે જૈન હિંદુ મંદીરના સ્થાપત્યને મળતું છે. (જુઓ ચિત્ર નં. ૧૫,૧૬,૧૭,)

મસ્જીદના થાંભલા બધા જ ધોળેલા હોવાથી અને મસ્જીદ પણ ધોળાયેલ હોવાથી પત્થરની જાત પરથી સ્થાપત્યનો સમય પારખી શકાય તેમ નથી, છતાં જે અરબી ભાષામાં લખાયેલ લેખ છે, તે આધારે આ મસ્જીદ ૬૩૦ વર્ષ પુરાણી છે. આ મસ્જીદ અને અમલી મસ્જીદ સમકાલીન છે. હુમાયુ બાદશાહના સુબા ફિરોજશાહના હાથે બંધાયેલ છે. (હાલના સમયે અમલી મસ્જીદ પણ જૂના સ્થાપત્યની રેખા બતાવતી નથી.) છતાં એ સ્થાપત્ય પરથી સિદ્ધ છે કે એ પ્રાચીન દેવળ છે. (તેની બે બાજુના સ્તંભોની કોતરણી હિંદુ સ્થાપત્ય બતાવે છે.) આની ઉપરનો અરબી ભાષામાં લખાયેલ લેખનું ગુજરાતી ભાષાન્તર આ છે.

**જુમ્મા મસ્જીદનો લેખ**–હુમાયુના જમાનામાં (સલ્તનતમાં) ફીરોજશાહના જમાનામાં ખુદાના ફજલથી (કૃપાથી) આ મકાન હંમેશના માટે કાયમ કર્યું. ઝફરખાન મોટાએ ખુદાની પ્રેરણાથી આ મકાનને બંદગી કરવા માટે કાયમ કર્યું. હીજરી સન ૭૭ માં આ મસ્જીદ બની. આશા પૂર્ણ બની. સંવત ૧૪૦૯. (જુઓ ચિત્ર નં. ૧૮)

**મસ્જીદનું સંપૂર્ણ વર્ણન**–આ મસ્જીદ વર્ષો સુધી જર્જરીત રહી હતી. તેને શહેર કાજી બદરુદ્દીન દાદામીંયાના ઉસ્તાદ મોલવી સાહેબ અબ્દુલ રહેમાન (ગોધરાવાળા)એ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉઘરાણું કરી તેનું સમારકામ કર્યું. અને તેનું કામકાજ કસાઈ જમાતને સોંપ્યું. ઇન્દોરના મૌલવી સાહેબ અબ્દુલ ગની સાહેબ અહીં જાગૃતિ લાવ્યા, અને હોજ બંધાવ્યો. ઉમરેઠ વાળા માસિર મહમદભાઇ (કપડવણજ મ્યુ.ના સેક્રેટરી)એ હોજ પાસેનું કામ કર્યું અને ઉઘરાણું કરીને જાતે નાણું એકત્ર કરી શ્રીમુસ્લીમ આગેવાન જનાબ નાસીરઅલી ઉસેન મીંયા સૈયદ સાહેબે આગળનો ભાગ તૈયાર કરાવેલો. તેની અંદરની જાળી અબ્દુલગની હાજી ઇસ્માઈલઅલી વાલાએ કરેલ. હાલ વહીવટમાં મુખ્ય સૈયદઅલી અહમદ સૈયદ મઝરઅલી નાસેરઅલી શેખ અબ્દુલરઝ ઈસ્માઇલ તથા ભઠીયારા ચાંદભાઈ હુસેનભાઇ કરે છે.

**ઘાંચીવાડાની મસ્જીદ**–આ મસ્જીદ ઘાંચી જમાત તરફથી બાંધવામાં આવેલી છે. આ મસ્જીદ સુંદર મેડાબંધી છે, આ મસ્જીદના બાંધકામમાં હાજી આદમભાઈ મહમદભાઈનો મોટો ફાળો છે. તેની અંદરના ભાગમાં થાંભલા તથા વજુ કરવા માટે હોજ છે. હાલનો વહીવટ હાજી સુલેમાનભાઇ આદમભાઈ કરે છે.

**બંગડીવાડાની મસ્જીદ**–પહેલાંના સમયમાં આ મસ્જીદ 'કસ્બાની મસ્જીદના' નામે ઓળખાતી હશે. પહેલાં બંગડીવાડ, મલેકવાડ અને કસ્બો એક જ જમાત હતી. આ મસ્જીદના ઓટલાને કસ્બાનો ચોરો કહેતા. તેનો વહીવટ હાલમાં બંગડીવાડાની જમાત કરે છે.

**કોઠાની મસ્જીદ (શેરન શહીદ મસ્જીદ)**–પહેલાં આ સ્થળે શાહી કોઠાર હતો. (બાબીવંશના સમયમાં) કોઠારનો વહીવટ કરનાર મુસ્લીમ વહીવટદારોની સવલતને કારણે નાનકડી મસ્જીદ બાંધવામાં આવેલી. (આ સ્થળે વયોવૃધ્ધ અમીરશાનું મકાન છે. જેમણે મને પ્રાચીન નોંધોમાં મદદ કરેલી છે.) હાલમાં વહીવટ શેખ અબ્દુલ હક ઇસ્માઇલભાઇ શેખ કરે છે.

**તાઇવાડાની મસ્જીદ**–આ મસ્જીદ નદી દરવાજા તરફ એક મુસ્લીમ લત્તો છે કે જ્યાં પહેલાં તાઈ–નામના મુસ્લીમ બીરાદરોની વસ્તી હતી. જેમનો ધંધો કપડાં વણવા તથા તુણવાનો હતો. આ તાઈઓએ મસ્જીદ બનાવેલી, પણ તેમનો ધંધો પડી ભાગવાથી તેઓ બીજા શહેર તરફ ગયા. મસ્જીદનો વહીવટ જટ વાડાની જમાત કરે છે. તેનો જીર્ણોદ્ધાર બાબુખાનના હાથે થયેલ છે. તેમાં થાંભલા તેમજ વજુ કરવાનો સકાવો છે.

**નગીના મસ્જીદ**–પહેલાં આ મસ્જીદ 'જોઈઆવાડની મસ્જીદ' તરીકે ઓળખાતી હતી. બાબીવંશના સમયમાં જોઈઆ જાતીના મુસ્લીમોનો ચોરો હતો. આ મસ્જીદની સામેનો મહોલ્લો "જોઇઆવાડ"ના નામે ઓળખાય છે. તેના કોઇ જુના સમયના જોઇઆ વહીવટદારે આ મસ્જીદ શેઠ મંગળદાસ ભાઇચંદના વડવાઓને વેચેલી, પણ જ્યારે આ સમયના લોકપ્રિય શેખ કાસમભાઈ કરીમભાઈએ શેઠ મંગળદાસ ભાઈચંદભાઈને આ વાત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરી કે તરત જ શેઠે પાછી સુપ્રત કરતાં જણાવ્યું કે "બંદગી માટે મસ્જીદ તરીકે તેને તૈયાર કરો." જુમ્માની નમાઝ પઢો.

### ઈસ્લામપુરાની મસ્જીદ :-

કસ્બાની જમાતમાંથી વીસ ઘર અલગ પડીને ઈસ્લામપુરામાં વસ્યાં. આ જમાતે અહીં પોતાની અલગ મસ્જીદ બનાવી, પણ તે છાપરાની હાલતમાં હતી. તેને જાત મહેનતે ઉઘરાણું કરી જનાબ અલી મહમદ સૈયદ સાહેબે તૈયાર કરાવી. તેમાં વજુ કરવા માટે સકાવો છે. તેનો વહીવટ ઈસ્લાનપુરા જમાત કરે છે.

## દાઉદી વહોરાની મસ્જીદો

**કપડવણજમાં દાઉદી વ્હોરા કોમની આઠ મસ્જીદો આવેલી છે.** –તે નીચે મુજબ છે. (૧) મોટી વ્હોરવાડમાં કુતબીશેરી આગળ મોટી મસ્જીદ આવેલી છે, (જે મોટી મસ્જીદ તરીકે ઓળખાય છે.) (૨) મસ્જીદની શેરીમાં એક મસ્જીદ આવેલી છે. (જે શેખપુરાની મસ્જીદ તરીકે ઓળખાય છે.) (૩) નાની વહોરવાડમાં મસ્જીદ આવેલી છે. (જે તૈયબપુરાની મસ્જીદના નામે ઓળખાય છે.) (૪) પલૈયા બજારમાં કુંડવાવ પાસે મસ્જીદ આવેલી છે. (જે કુંડવાવની મસ્જીદના નામે ઓળખાય છે.) (૫) સુથારવાડાના ચકલા આગળ એક મસ્જીદ આવેલી છે. (જે ભણકોરાની મસ્જીદના નામે ઓળખાય છે.) (૬) આઝાદ ચોકમાં ગાંધીજીની પ્રતિમા પાસે દાઉદી વ્હોરા મુસાફર ખાના (ધર્મશાળા) માં મસ્જીદ આવેલી છે. (૭) કપડવણજમાં મીઠા તળાવના દરવાજા આગળ (એસ.ટી. સ્ટેન્ડ પાસે) એક મસ્જીદ આવેલી છે. (તે ખીજબીન મલેક સાહેબની મસ્જીદના નામે ઓળખાય છે.) (૮) ઝેર–નિરમાલી રોડ ઉપર વ્હેરા કબ્રસ્તાન આવેલું છે. તેમાં એક મસ્જીદ છે.

### વ્હોરવાડની વિશિષ્ટતા

વ્હોરવાડમાં મોટી મસ્જીદ ઉપર ટાવર આવેલો છે. તે ટાવરનું (જુઓ ચિત્ર નં. ૧૦૧) બાંધકામ દાઉદી વ્હોરા કોમના કપડવણજ ખાતેના મુલ્લાજી શ્રીઇબ્રાહીમ ભાઇસાહેબના હસ્તે દાઉદી વ્હોરા કોમમાં ફંડ કરીને કરવામાં આવેલું. કપડવણજ દાઉદી વ્હોરા કોમના અગ્રણીય વ્યક્તિઓને દાઉદી વ્હોરા કોમના ધર્મગુરુ તરફથી મળતી પદવીને મશાએખ (શેખ) કદ છે.

**એન. કે. ડી.**– (૧) મુલ્લા કીકાભાઈ જાફરજી રાવત. તેઓ એન.કે.ડી છે. તેમનો ધંધો કમીશનનો છે. તેઓ કપડવણજ જમાયત કમેટી તથા મદ્રેસા કમીટીના મેમ્બર છે. (૨) મુલ્લા ફખરુદ્દીન અબ્દુલ તૈયબભાઈ બાકીર ભાઈવાળા. તેઓ એન.કે.ડી. છે. તેમનો ધંધો લેનલોર્ડનો છે. તેઓ હાલમાં બરોડા રહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૩) ફજલેહુસેન શરફઅલી ફતેહી. મદ્રસાએ મોહંમદિયા કમિટીના એકવીસ વર્ષથી પ્રેસિડેન્ટ છે તથા જમાઅત કમિટી, મઝાર કમિટી અને લાયબ્રેરી કમિટીના મેમ્બર છે. (૪) ઈસ્હાકભાઈ અબ્બાસભાઈ બંદૂકવાલા. તેઓ એન.કે.ડી. છે. બોમ્બે મ્યુ. કોર્પોરેશનના માજી મેયર હતા. તેમનો ધંધો બંદૂકનો છે. તેઓ હાલમાં મુંબઈમાં રહે છે. (૫) મુલ્લા અબ્બાસભાઈ યુ. મહરુ. તેઓ એન. કે. ડી. છે. કપડવણજની વ્હોરા કોમની દરેક કમિટીના મેમ્બર છે. તથા સૈફી યુનિયન કલબના પ્રેસિડેન્ટ છે અને તેઓ ન્યૂઝ એજન્ટ છે. હાલમાં તેઓ કપડવણજમાં છે. (૬) મુલ્લા જાબીરભાઈ બદરુદ્દીન મહેતા. તેઓ એન.કે.ડી. છે. તેઓએ કપડવણજમાં આરોગ્યક્ષેત્રે તથા શિક્ષણક્ષેત્રે દાન આપેલું છે. જેમ કે જે.બી. મહેતા હોસ્પિટલ તથા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં સભાખંડ (હુસેનભાઇ) બંધાવેલું છે. તથા પ્રાથમિક સ્કૂલનું મકાન બાંધી આપ્યું છે. (૭) શેઠ ઇનાયતહુસેન અબ્દુલકાદર છીલ. જેઓની મુંબઈમાં કાગળની મોટી દુકાન છે ને બેંગાલ પેપર માર્ટના એજન્ટ છે. (૮) શેઠ હકીમુદ્દીન અસરઅલી રંગવાલા. જેઓ હિન્દુસ્તાન ઓઈલ મિલના ભાગીદાર છે ને સિરાજી કલબના વ્યવસ્થાપક છે.

## કપડવણજના દાઉદી વ્હોરા કોમના ડોકટરો :

(૧) ડો. અબદેઅલી ફીદાઅલી કટલેરીવાલા. તેઓએ મુંબઈમાં એમ.બી.બી.એસ.ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. અને તેઓ હાલમાં મુંબઈની નાયર હોસ્પિટલમાં છે.

(૨) ડો. કલીમુદ્દીન હુસેનીભાઈ વ્હોરા. તેઓએ એમ.બી.બી.એસ.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. અને તેમનું પોતાનું દવાખાનું છે. તેઓ કોમ, પરકોમમાં સારું માન ધરાવે છે.

(૩) ડો. ગુલામ અબ્બાસઅલી મહમદઅલી ચીંચનવાલા. તેઓ અમેરિકામાં ડોકટર છે.

(૪) ડો. તાહિરભાઇ એસ. ધનસુરા. મુંબઈમાં પોતાનું દવાખાનું ધરાવે છે. તેઓ કપડવણજ મી. સીરાજી એજયુકેશનલ ટ્રસ્ટના પ્રમુખ છે.

(૫) ડો. કૈઝાર ધનસુરા,

(૬) ડો. તાહેરા ખલીલ,

(૭) ડો. મુનીરા ધનસુરા,

(૮) ડો. સૈફી સાવલીવાલા,

(૯) ડો. કાસીમ વગેરે અનેક ડોકટરો મુંબઈમાં રહે છે,



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વહોરા કોમ – શાણી અને સૌમ્ય પ્રજા :** સારાએ ભારત વર્ષમાં ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ વહોરા બિરાદરોની વસ્તી પથરાયેલ છે. વ્હોરાનો ગુજરાતી ભાષાનો શબ્દ છે વહોરા – તેની વ્યુત્પત્તિ પ્રમાણે ગણીએ તો વહોરવું–વહોરનાર – વેપારી થાય. આ શબ્દ વહેપાર વ્યાપારનો સૂચક લાગે છે. શાણી અને સૌમ્ય પ્રજા હોવાથી સજ્જનતાથી દરેક પ્રજા સાથે ભળીને વેપારધંધો વિકસાવી શકે છે. આ પ્રજા સાંસ્કૃતિક અને ઐતિહાસિક રીતે પણ પહેલેથી જ ગુજરાત સાથે ભળેલી છે. વહોરા બિરાદરોની દૃષ્ટિએ સુરત શહેરને પ્રથમ સ્થાન આપે છે. તે સંપ્રદાયના ધર્મવડા પ્રથમ સુરત આવેલા અને બાદ ત્રણ ધર્મોપદેશકો ખંભાત આવેલા. ધર્મોપદેશકો આવ્યા તે – મહમદ, અબદુલ્લા અને નુરદીન સાહેબ. એમણે ત્યાં પોતાનું કેન્દ્ર સુરતમાં સ્થાપ્યા પછી "જામ સોફિયા" સંસ્થાની સ્થાપના થઈ. તેમના ૫૧મા ગુરુ સૈયદ નાહિર સૈફુદ્દીન પશ્ચિમી હવાથી પ્રભાવિત થઈ ને વહુદીકરીઓને પરદા રહિત તથા સ્વતંત્ર જોઈ, તે તેઓને આ યોગ્ય જણાતાં અને એમણે સ્ત્રીસ્વતંત્રતા સંયમિત રાખવા, પડદો રાખવાની તાકીદ આપી. એ થોડા દિવસ રહી. અને બીજી વાત નજરે ચઢી પછી આ સખત બંધનથી વહોરાઓના પછાતપણાથી સૈયદ અતિ નવાઈ પામ્યા. તેમણે પડદો અને સ્વતંત્ર વિચાર પરથી એકદમ પ્રતિબંધ ઉઠાવી લીધો. જોતજોતામાં આ પ્રજા બીજી પ્રજા સાથે ખભે ખભા મિલાવી આગળ વધી. રૂઢીવાદિતાથી મુક્તિ લીધી

("અનવર આગેવાન" ના એક લેખના આધારે "સાભાર")

o–o–o–o–o– o–o–o–

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગૌરવ દશમું

# કપડવણજની પોળો

કપડવણજની પોળો કેટલી ? કેટલીએ પોળ હશે તેમાં કેટલીકના પ્રવેશ રસ્તા પર આવેલા છે. સામાન્ય રીતે કેટલીક પોળો તો પોળના સપૂતના જ્ઞાતિના નામથી જ ઓળખાય છે. કેટલીક નાનકડી ખડકીઓ પણ પોતપોતાની ધરતી પર રમેલા સપૂતોના નામથી ઓળખાય છે. કેટલીક પોળો તોતિંગ દરવાજાવાળી છે. કેટલીક સરસ પોળો છે. તેનું મહત્ત્વ ત્યાં વસતા પોળનિવાસીઓ જ સારું આપી શકે.

કેટલીક જૂની પોળોના તોતિંગ દરવાજાઓને નાનકડી બારીઓ હોય છે. કેટલાક દરવાજા પર મેડીઓ પણ હોય છે. પહેલાંના સમયમાં હુલ્લડ, લૂંટ, ધાડપાડુઓના સમયમાં પોળના દરવાજા બંધ કરી મેડી પરથી બેસીને શત્રુઓનો સામનો કરવામાં આવતો.

રાત્રીના સમયમાં પોળો બંધ કરવામાં આવતી. તે વિભાગમાં જમણવાર હોય તો પોળના દરવાજા બંધ કરી ડોકાબારી ખુલ્લી રાખીને જમણવાર પણ શાંતિથી ઉજવાતા. કેટલીક પોળો એવી છે કે જેને પાછળ પણ માર્ગ હોય છે.

મોટાભાગની પોળોમાં કૂવા પણ હોય છે. કેટલીક મોટી પોળો (જૈન લત્તામાં)માં જિનાલયો, ઉપાશ્રયો વગેરે આવેલ છે.

આ શહેર મોટાભાગે પોળોથી શોભે છે. મોટી પોળોના લત્તાને વાડો કહે છે.

## શહેરનું અંતઃદર્શન

કપડવણજના પૂર્વ દરવાજેથી (અંતીસરિયા દરવાજેથી) શૈયદના ચકલાથી જમણી બાજુ શામ દરવાજા પાસે ભીંતને અડીને જ એક પોલીસ ચોકી છે. જ્યાં પહેલાં એક પોલીસ કાયમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહેતી. અહીં એક નાનકડો રસ્તો છે. જયાંથી ભીલવાડા તથા કસ્બામાં જઈ શકાય. આ સ્થળે પહેલેથી ઠાકોર (ખત્રી) કોમની વસ્તી છે.

**ભીલવાડો (ઠાકોરવાસ)** : આ સ્થળે પગી તથા પ્રવેશતાં થોડાંક ઘર પ્રજાપતિ ભાઈઓનાં છે. આ વિભાગની પાછળના ભાગે કસ્બામાં જવાનો રસ્તો છે, જયાં સૈયદ કુટુંબનાં મકાનો છે.

**કસ્બો** : સિપાઈવાડામાં પ્રવેશતાં હિન્દુ વસ્તીની શરૂઆત બાદ મુસલમાનોનો વસવાટ છે. આ સ્થળે સૈયદ તથા મલેક કુટુંબ જેવાં પ્રતિષ્ઠિત કુટુંબોનો વસવાટ છે. કસ્બાને અડીને જે કિલ્લો છે તે હાલ તૂટી ગયેલ અવસ્થાએ પહોંચી ગયેલ છે. કિલ્લાની બહાર પણ થોડીક વસ્તી છે. કોટને અડીને જે ભાઈઓ છે તેમાં બીજી મુસ્લિમ વસ્તી છે.

**ગિરધર તેલીની ખડકી** : આ નાનકડી ખડકીની સામે કપડવણજની પ્રાચીન મૂર્તિઓમાંની એક શ્રીખેરવાડિયા હનુમાનજીનું નવું બનાવેલ નાનકડું દહેરું છે. આ ખડકીમાં શ્રી ગિરધર-તેલી રહેતા. હાલમાં આ ખડકીમાં કપડવણજ કેળવણી મંડળના કાર્યકર્તા અને સારા વકીલ શ્રી રતિલાલ શંકરલાલ દોશી વગેરે રહે છે.

**વૈદ્યની ખડકી** : આ એક નાનકડી ખડકી છે. સૈકા પહેલાં આ સ્થળે પ્રજાપતિનાં મકાનો હતાં, તે બાદ પેઢીઓ સુધી જૈનાચાર્યના આશીર્વાદ સાથે આયુર્વેદની ઉપાસના કરનાર વૈદ્ય કુટુંબનાં ઘરો છે. આજે પણ આ કુટુંબનાં ઘરો છે. પહેલાં આ ખડકી જાણીતા કુટુંબના વડા નામે એટલે દોલત વૈદ્યની ખડકી લખાતી. હાલ તે વૈદ્યની ખડકી કહેવાય છે. ગામના પ્રતિષ્ઠિત તબિબોમાંના એક શ્રી રતિલાલ હરિલાલ વૈદ્ય આ સ્થળે રહે છે. સાથે જ આ ખડકીમાં જગદંબાની અખંડ જયોત ચાલે છે, જે શ્રી જમનાદાસ છોટાલાલ બ્રહ્મક્ષત્રીના (બારભૈયાના) મકાનમાં ચાલુ જ છે. સમયની બલિહારી–આ સ્થળે જ પહેલાં મુસ્લિમ સદ્‌ગૃહસ્થ શ્રી ગફુરભાઈ શેખનું મકાન હતું. જૈન તથા હિન્દુ વસ્તી સાથે વસવાટ હોઈ જાણે અહિંસક (શાકાહારી) હોય તેવું જીવન જીવતા, કોઈને પણ બિનશાકાહારી હોય તેવું લાગે જ નહિ.

**રૈયા ગાંધીની ખડકી** : આ પોળ સાધારણ મોટી છે. થોડાંક ઘર બાદ કરતાં બધાં જ ઘર જૈનોનાં અને તે પણ ગાંધી હંસરાજભાઈના સુપુત્ર રહિયાભાઈ ગાંધીના વારસદારોનાં છે. રહિયા ગાંધીનું અપભ્રંશ નામ રૈયા ગાંધી થયેલ છે. આ ખડકીમાં પ્રવેશતાં જ ડાબા હાથે કૂવો છે. કેટલાક પહેલાં આ ખડકીને વંડાની ખડકી અને કૂવાને વંડાનો કૂવો કહેતા. આ કૂવા પર ગોખમાં કુશળ કલ્યાણી માતાની પ્રતિમા છે. આ કૂવાનું પાણી સહેજ ખારું હોવાથી નહાવાધોવામાં વપરાતું. નળ આવતાં પહેલાં આ કૂવાનો ઘણો જ ઉપયોગ થતો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મરાઠા યુગમાં આ ખડકીની પાછળથી કસ્બા જવાતું પરંતુ પાછળથી વંડો વાળી લીધેલો હોવાથી તે વંડાની ખડકી કહેવાતી. આ ખડકીમાં ઘણાં સુખી કુટુંબો રહે છે, જેમાં ગુજરાત રાજ્યના એક સમયના ધારાસભાના વિરોધપક્ષના નેતા તથા વર્ષોથી મ્યુનિસિપાલિટીમાં ચૂંટાઈને પ્રજા સેવા કરનાર શ્રી નગીનભાઈ વાડીલાલ વકીલ, જૈન ધર્મના કોઈ પણ ધાર્મિક કાર્યમાં જેના વિના ના ચાલે તેવા શ્રી પાનાચંદ લીંબાભાઈ ગાંધી તથા એક જમાનામાં સંઘ કાઢનાર શ્રી મગનલાલ પ્રેમચંદભાઈ ગાંધી જે મગનબાપાના નામે ઓળખાયા તથા શ્રી નગીનભાઈ ગબુભાઈ ગાંધી જેમણે મ્યુ.ના વર્ષોના સભ્ય તરીકે હોદ્દાઓ પર રહી પ્રજાની સેવા કરી છે.

**ગોરવાડો** : કંસારાવાડાના ચકલે જમણી બાજુ ગોરવાડાના નામે મોટો લત્તો છે. જેમાં પ્રવેશતાં જ ડાબી બાજુ નાનકડી ખડકી છે અને કુશળ કલ્યાણી માતાની ડેરી છે. અહીં બ્રાહ્મણોની વસ્તી છે. આગળ જતાં સામ સામી નાની મોટી ખડકીઓ છે, ત્યાં બ્રાહ્મણોની વસ્તી છે. આગળ જતાં ડાબા હાથે કૂવો છે. આ સ્થળના કપડવણજના નગરશેઠના કુટુંબના શ્રી શામળભાઈ નથુભાઈ શેઠનાં મેડાબંધી ભવ્ય મકાનો તથા બગીચો વગેરે વિશાળ રીતે સુશોભિત હતાં. આ સ્થળે પહેલાં તેમની અશ્વશાળા હતી અને ઉપરનાં વિશાળ મકાનો ભૂતકાળની ભવ્યતાનો ખ્યાલ આપે છે. આ સ્થળે કપડવણજમાં પ્રથમ છાત્રાલય તથા ક્રિડાંગણની શરૂઆત થયેલ. આ સ્થળની સામે શેઠિયા કુટુંબોએ પોતાના અશ્વો તથા અન્ય વ્યવસ્થા માટે એક રાવત રાજપૂત કુટુંબ વાડાશિનોરથી લાવીને વસાવેલું જેમાં પહેલા બે જ ભાઈઓ શ્રી નાથાલાલ ડાહ્યાભાઈ કરીને આવેલા, જેઓ પાછળથી ઘોડાગાડી, બગીઘોડાઓ તથા વરઘોડાઓ માટે જરૂરી સામાન રાખતા અને તેનો ગામના દરેક કોમના વરઘોડા વખતે ઉપયોગ થતો.

આ વિભાગ પછીથી કસ્બાની શરૂઆત થાય છે. પહેલાં ગોરવાડામાં વૈષ્ણવ સંપ્રદાયનું મંદિર હતું. હાલ જે દરજીવાસમાં છે તે નવું બનાવ્યું છે.

**જેસીંગભાઈ શેઠની ખડકી** : શેઠ મજલાલ મોતીચંદના વારસદારોમાં નગરશેઠ શ્રી જેસીંગભાઈ પ્રેમાભાઈની પોળના નામે ઓળખાતી આ પોળ પહેલાંના કપડવણજની ભવ્યતાનો ખ્યાલ આપતા પહેરેગીરોથી શોભતી હતી. આ પુણ્યશાળી ધરતી પર હજુ ભવ્ય મકાનો છે. આ સ્થળે શ્રી જયંત સાર્વજનિક હોસ્પિટલ તથા શ્રી મેનાબેન પારેખ આંખ વિભાગ શોભે છે. આ નગરશેઠની ખડકીમાં ગામના સપૂત શ્રી વાડીલાલ મનસુખરામ પારેખનો વસવાટ છે. જે ગામમાં તથા જૈન સમાજમાંના એક સજ્જન હતા, તેમના ઉચ્ચ વિચારો અને ભાવનાને લીધે તેમને સંતના લાડીલા ઉપનામથી ઓળખતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ શેઠની ખડકીમાં એક કૂવો છે અને તે કૂવા પર માતાજીની પ્રતિમા છે. જૂના સમયથી શેઠના મકાનમાં નાનકડું ઘરદેરાસર નામે ઓળખાતું દેરાસર હતું જ્યાં ભગવાન મલ્લીનાથજી વિરાજતા હતા. અત્યારે તે દેરાસર બીજે પધરાવી દીધુ છે.

**શ્રી ચિંતામણિદાદાજીની ખડકી** (વાઘવાળી ખડકી) :

આ ખડકીની શરૂઆતની જમણા હાથની ખડકીમાં શ્રી ચિંતામણીદાદાનું દેરાસર છે. પ્રથમ દેરાસરના દરવાજા પાસે જ બેઠેલા વાઘનું પૂરા કદનું પૂતળું હતું જેથી તેને બધા વાઘવાળી ખડકી પણ કહેતા. દેરાસર નવું થયા પછી પણ વાઘનું પૂતળું ઉપર દેખાય તેવું કર્યું છે. આ સ્થળે પ્રથમ મુસ્લિમોનો વસવાટ હોય તેમ લાગે છે. આ દેરાસર પણ નવેસરથી તૈયાર કરવામાં આવ્યું ત્યારે ખોદકામ કરતાં હાડકાં નીકળેલાં તેનો જૂના રહેવાસીઓને ખ્યાલ આવે છે. આ સ્થળે સારા જૈન બંધુઓની વસ્તી છે. પ. પૂ. શ્રી પુણ્યવિજયજી મહારાજનો જન્મ આ પોળમાં થયેલ છે.

**માળીવાડો** : શ્યામ સૈયદના ચકલાથી જમણી બાજુ કચેરી તરફ જતાં જમણી બાજુનો આ વિભાગ છે. હાલમાં માળી કોમનાં કેટલાંક ઘર છે તેઓ પોતાની ફૂલોની વાડીઓનાં સુગંધીદાર ફૂલોથી પોતાના ગ્રાહકોને સંતોષે છે. હિંદુ જૈન મંદિરો તથા મુસ્લિમ દરગાહો ફૂલોથી સુવાસિત રહે છે. દરેક કોમના સુઅવસરો ફૂલ અને માળી વિના ચાલે જ નહિ. કેટલાક અત્યારે બીજા ધંધાઓમાં પરોવાયા પણ છે.

## ડાબી બાજુનું નરીક્ષણ :

## અંતીસરિયા દરવાજાથી શ્યામ સૈયદના ચકલા સુધી :

કોટની રાંગે રાંગે જતાં (સરહદે જતાં) વહોરવાડામાં જવાની એક નાનકડી બારી છે. હવે તો કોટ તૂટી ગયો છે એટલે વહોરવાડનાં મકાનોની પાછળનો ભાગ નજરે ચડે છે.

**પટેલવાડો** :

જમણી બાજુના ઠાકોરવાસની બરાબર સામે વિશાળ રસ્તો દેખાય છે. તે માર્ગે પટેલવાડાનું પ્રવેશદ્વાર છે. મોટા રસ્તા દ્વારા જતાં જમણી બાજુ કસ્બાની મસ્જિદ છે. તેની પાસે શેઠ મીઠાલાલ ગુલાબચંદની પાંજરાપોળનો પાછળનો વિશાળ ભાગ છે. ડાબી બાજુ શેઠ મણિભાઈનું મોટું ડહેલું મેડાબંધી છે. તેમાં એક કૂવો છે. અને આ મકાનમાં પ્રથમ કુમારશાળા બેસતી. હાલમાં કન્યાશાળા બેસે છે. આગળ જતાં દરવાજાના નાકે કડવા પટેલની ધર્મશાળા છે. આ પોળમાં કપડવણજના જૂના મુખી કુટુંબનો વસવાટ છે. ત્યાં કૂવા પાસે રત્નાગિરી માતાની ડેરી છે. આખો વિભાગ કડવા પાટીદારની વસ્તીવાળો છે. પોળનો બીજો દરવાજો શ્રીસ્વામિનારાયણ મંદિરની પાસે છે. એ પટેલવાડાનો નિકાલ છે. તેની સામે જ મોઢ બ્રાહ્મણની ધર્મશાળા છે કે જે લાંબી શેરીમાં આવેલ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## નાનો સુથારવાડો (મહમદ મુરાદનો ખાંચો) :

અહીં પંચાલભાઈઓની તથા એકાદ બે પ્રજાપતિભાઈઓનાં ઘર છે. ખડકીમાં પ્રવેશતાં જમણી બાજુ કાંતિલાલ મગનલાલ મહેતાનું મેડાબંધી મોટું ડહેલું છે. જ્યાં પહેલાં આ કુટુંબના ઘોડા તથા ગાડીઓ રહેતી. આ ખાંચામાંથી એક નાનકડી બારીવાટે ઊંડા પાડામાં જઈ શકાય છે. આ ખડકીમાં પંચાલભાઈ શ્રી જોઈતારામ ભગત થઈ ગયા. જેઓને ધર્મના પ્રચાર માટે મેં ૧૯૪૬–૪૭ લગભગમાં મારી નોકરી દરમ્યાન સંસ્થાન ખેડુ (જિ. વાંસવાડા, રાજસ્થાનમાં) ધાર્મિક પ્રચાર માટે બોલાવેલા.

## હનુમાનવાળી ખડકી :

એક નાનકડી ખડકી ખેરવાડિયા હનુમાનના નાનકડા દેવળ પાસે છે. જેથી તે હનુમાન-વાળી ખડકી કહેવાય છે. જ્યાં પહેલાં પંચાલભાઈઓનાં ચાર ઘર હતાં.

## કુંભારનો ખાંચો :

આ તદ્દન નાની ખડકી છે. જેમાં એક પ્રજાપતિભાઈનું ઘર છે. જે સારા ભોટવા (પાણી પીવાના) બનાવતો હોવાથી કેટલાક તેને ભોટવાને બદલે ભોટિયાની (અપભ્રંશ) ખડકી પણ કહેતા. સારાયે ગામમાં ઉનાળામાં આ કુટુંબના બનાવેલ ભોટવા વધુ પ્રચલિત હતા.

## શાંતિનાથજીની પોળ :

આ પોળ કંસારાવાડાના ચકલામાં જ આવેલ છે. તેમાં જૈનોની સારી વસ્તી છે. ત્યાં એકંદર આ ખડકીમાં પ્રવેશતાં સામે કૂવો છે. તેની પડોશમાં જ અહીંને શ્રીશાંતિનાથજી પ્રભુજીનું દેરાસર જયપુરી કારીગરીથી શોભતું આવેલ છે. સાથે જ મહેતા કુટુંબ (મરાઠા યુગના ન્યાયાધીશ) નું મકાન છે. દેરાસરની સામે જ જૈન પંચનો ઉપાશ્રય છે. સાથે સ્વ. શેઠાણી શ્રીમાણેકબાઈની પંચ માટે બંધાવેલ ધર્મશાળા છે. આ ખડકી પહેલાં ઢાકવાળી ખડકીના નામે ઓળખાતી. ઢાકવાળી એ "ડાકવાળી" નો અપભ્રંશ છે. પહેલાંના સમયમાં ટપાલ (ડાક) એક સ્થળેથી બીજે સ્થળે પહોંચાડવા માણસો જતા. તેઓ પગે ઘૂઘરા બાંધતા જેથી ગામમાં પેસતાં જ ખબર પડતી કે કાસદ (સમાચાર લાવનાર) ટપાલ લાવ્યા છે. હાલ આ કાસદ કુટુંબના વંશજો છે. તેઓ મુખ્યત્વે આ ખડકીમાં જ રહેતા તેથી આ ડાકવાળી કે ઢાકવાળી ખડકી કહેવાતી. હાલ તે શાંતિનાથજીની પોળના નામે પણ ઓળખાય છે.

## કંસારવાડાના ચકલા (લાંબી શેરી)થી આગળ જતાં

## શ્રી શામળભાઈ શેઠની ખડકી (હર્ષદ પોળ) :

આ પોળમાં પહેલાંના સમયમાં શેઠિયાઓનાં મકાન એ ગામની શોભારૂપ મહાલયો જેવાં હતાં ને છે. ખડકીમાં પેસતાં જ જમણા હાથે આવેલ પથ્થરનું મકાન, ખડકીમાં પ્રવેશતાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બહાર શોભતું મોટું પથ્થરનું મકાન જ્યાંથી ચોકીપહેરા શરૂ થતા હતા. શેઠના મકાનનું એક બારણું લાંબી શેરીમાં પડે છે. આ પોળમાં ભવ્ય દેરાસર અષ્ટાપદજીનો પશ્ચાત્ ભાગ પડે છે. અને તે જ સ્થળે કપડવણજની પ્રાચીન મૂર્તિઓમાંની શ્રીહર્ષદમાતાજીનું દેવળ છે. આ મૂર્તિ ચમત્કારિક છે. ખડકીમાં એક કૂવો છે.

**દલાલવાડો :** આ પોળમાં દાખલ થતાં બહારથી જમણી તરફ એક નાનકડો રસ્તો છે. જે કાપડિયા બજારમાં જવા માટેનો છે. અને તે પરબડી પાસેના પથિકાશ્રમ પાસે નીકળે છે. આ પોળમાં ત્રણ દેરાસરો અને ત્રણ ઉપાશ્રયો છે. આ પોળ એટલે મીઠાભાઈ શેઠની ખડકી, લલ્લુ જીવણદાસની ખડકી ને જોયતા પૂંજિયાની ખડકી પછી કૂવા આગળ થઈને દલાલવાડામાં જવાય છે.

**દેરાસરો :** ૧. શ્રી અજીતનાથજી, ૨. શ્રી આદીનાથજી, ૩. શ્રી વાસુપૂજ્યજી.

**ઉપાશ્રયો :** ૧. પ્રવેશતાં સામે કૂવા પાસે શ્રી શેઠ મીઠાભાઈ ગુલાબચંદ, ૨. શેઠ મજલાલ હરીભાઈ, ૩. લીઢિપો સાળનો ઉપાશ્રય.

આ ઉપરાંત આ પોળમાં બે કૂવા છે. પૂર્વે દલાલોની વસ્તી હશે તેથી દલાલવાડો કહેવાયેલો. વર્તમાનમાં તો મોટે ભાગે જૈનો જ છે. આ પોળમાંથી બે રસ્તે થઈને જવાય છે. એક દરવાજો બહેનના ઉપાશ્રય પાસેનો ક્ષોત્રિયવાડાની છે. અને બીજો રસ્તો નાનકડી શેરીનો વાટે મોદિયાની ખડકીમાંના દરવાજે નીકળાય છે. જે દરવાજો કચા શેઠની ખડકી સામે છે.

**લાંબી શેરી :** સૃષ્ટિમાં એક સામાન્ય નિયમ છે કે માનવી લંબાઈમાં હોય તો પાતળો ન હોય. પણ જો આ લાંબા માણસને શણગારવામાં આવે તો સુશોભિત જરૂર દેખાય : કંસારાવાડાના (હોળી ચકલાથી) દક્ષિણે શરૂ થતી સાંકડી લાંબી શેરીમાં પ્રથમ જમણા હાથે ભારતીય સંસ્કૃતિની યાદ આપતું ધાર્મિક સ્થળ, ઉત્તમ કારીગરી અને કલાના વારસારૂપ નગરશેઠના કુટુંબની અમર નામના કરનાર શ્રી અમૃતબેન શેઠાણીની ધર્મ ભાવનાની પવિત્ર યાદગીરીરૂપ શ્રીઅષ્ટાપદજીનું ભવ્ય દેરાસર ઊભું છે. તે જેટલું સુંદર છે તેટલું જ દર્શન માટે પ્રવેશનાર ભાવિકને શાંતિ આપનાર છે.

આગળ ચાલતાં નગરશેઠ કુટુંબના શેઠ શ્રી શામળભાઈ નથુભાઈના મકાનનું પૂર્વ તરફનું પ્રવેશદ્વાર સાથે પ્રાચીન ઈતિહાસનાં સ્મરણો યાદ કરાવનાર શ્રીહરસિદ્ધ માતાની ભવ્ય પ્રતિમાનાં દર્શન કરી પાવન થવા આ પ્રવેશદ્વારેથી પણ (શેઠ કુટુંબની મરજીથી) જવાય છે.

આ શેઠના મકાનની સામે જૂના સમયથી ગામમાં પ્રસિદ્ધ પામેલ, જૈન શ્રેષ્ઠીઓમાંના રાજ્ય કુટુંબો સાથે સંબંધિત એવા મહેતા કુટુંબની મહોલાત તે સમયની જાહોજલાલીની યાદ આપે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કપડવણજના નગરશેઠનાં મકાન છે. જેમના વંશજોનો પ્રતિષ્ઠાધ્વજ કપડવણજ એકલામાં નહીં ગુજરાત અને માળવા સુધી ફરકતો હતો. કલકત્તા અને ચીન સુધીના વેપારો ખેડતા. શેઠના મકાનની સાથે પાદશાહના હુલામણા નામે ઓળખાતા શ્રી જયંતીલાલ શંકરલાલ આદિતલાલ પાદશાહનું મોટું મકાન છે. આ સ્વ. શ્રી જયંતીલાલ પાદશાહ જયંત મેટલ ફેકટરીવાળાના ભાગીદાર અગ્રેસર શ્રી ચીમનલાલ ડાહ્યાલાલ શાહ દ્વારા કપડવણજને એક સુંદર "શ્રી જયંત સાર્વજનિક હોસ્પિટલ" ભેટ કરી છે. આગળ વધતાં ડો. માણેકલાલ પ્રેમચંદભાઈ શાહ (ઈંદોરવાળાના નામે પ્રસિદ્ધિ મેળવી ચૂકયા હતા) તેમનું મકાન છે. આ મકાન પછીથી થોડા અંતરે શ્રી બાબુની હવેલીના નામે ઓળખાતું મોટું મકાન છે. આ મકાન શ્રી પીતાંબરબાબુની હવેલીના નામે ઓળખાય છે. શ્રી પીતાંબર ત્રિવેદી નગરશેઠના કુટુંબની કલકત્તાંની પેઢીના મુનીમ હતા, તેમ કહેવાય છે. તે સમયના બજારમાં શેઠની પેઢીનું વર્ચસ્વ હતું, જેથી આ મુનીમ પણ "બાબુ" કહેવાતા. આજે તેમના વારસદારો છે.

## સામે આવેલ પીપળા ખડકી (પીપળાવાળી ખડકી):

જ્યાં કપડવણજના ગૌરવશાળી પનોતા એક નેત્ર સમાન ચાણક્ય શ્રી રાવબહાદુર વલ્લભરામ છોટાલાલ ત્રિવેદીનો વસવાટ હતો. (જેઓ, શ્રી મણાભાઈ શેઠના વફાદાર સેવક અને હાલ શેઠના વફાદાર પ્રેમાળ વકીલ તરીકે જીવન જીવનાર કપડવણજ શહેર સુધરાઈના લાંબા સમય સુધી નગરપતિ રહીને અથતા અપાવનાર, વરાંસી નદીનું પવિત્રજળ નળ દ્વારા શેરીઓને ઘેર ઘેર પહોંચાડવાનો યશ તેમને ફાળે છે. નળ સાથે ગટર યોજનાનો લાભ તે સમયે આ ગામને પ્રથમ પણ તેમની શક્તિના લીધે મળેલો છે. પીપળા ખડકી પોતાના ખોળે આવા સપૂતને રમાડયાનું ગૌરવ લઈ શકે છે. લાંબી શેરી જેવા કેટલા મોટા રસ્તાઓ (વડલાઓની) પોળો શાખાઓ) છે, જેમાં પનોતા પુત્રોના નામાભિધાનથી પોળોની ખડકીઓની યાદીઓ શોભે છે.

વર્ષો પહેલાં આ લાંબી શેરીના માર્ગે હોળી અને દિવાળીનાં તહેવારો વખતે રમતો રમાતી, યુદ્ધ ખેલાતું.

હોળીના પવિત્ર તહેવાર વખતે એક કલંકકથા રચાતી. (કંસારાવાડાના) હોળી ચકલામાં એક માટીનું નગ્ન પૂતળું કેટલાંક તોફાની તત્ત્વો તરફથી બનાવી ભીંત પર ટેકે ઊભું રાખતા. કંસારાવાડાના ચકલાના તોફાનીઓ તથા બત્રીસ કોઠાની વાવ તરફના કેટલાક ભાઈઓ આ પૂતળા માટે પથ્થરોની મારામારી કરતા. આ વર્ષોજૂનું પાપ તોફાનીઓનો સામનો કરીને કપડવણજ સાર્વજનિક વ્યાયામ મંદિરના તથા યુવાનોના પ્રેરણામૂર્તિ સમા શ્રી કુબેરભાઈ દલસુખભાઈ પટેલ તથા શ્રી રાજેન્દ્રભાઈ કેશવલાલ શાહ રાષ્ટ્રીય એવોર્ડ મેળવનાર આપણા ગામના લોકપ્રિય કવિ, પરિક્ષિતરાય ભોગીલાલ ત્રિવેદી, રાજારામ તથા અન્ય વ્યાયામ મંદિરના યુવાનોએ આ પૂતળાનો



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સદાને માટે નાશ કર્યો. આ પૂતળાના નામે પથ્થરોની લડાઈ જામતી, જો કે આ યુદ્ધમાં ખેલદિલી હતી.

દિવાળીના દિવસોમાં લાંબી શેરીમાં તથા કાપડબજારથી ગાંધીચોક સુધીના રસ્તા પર રાત્રે કોઠીઓની લડાઈ થતી. (દારૂખાનાની નાની–અધોળ નવટાંક તથા પાસેર વજનની દારૂની કોઠીઓ સળગાવી સામસામી ફેંકવામાં આવતી.) અને નૂતન વર્ષની સાંજે અંતીસરિયા દરવાજા બહાર કસ્બાના કબ્રસ્તાનથી સીંગરવાવ સુધીના રાજમાર્ગ પર હજારોની મેદનીની હાજરીમાં આ કોઠીઓની લડાઈ જામતી. (અંતીસરિયા દરવાજા તરફના ભાઈઓ તથા સરખલિયા દરવાજા તરફના ભાઈઓ). જો કે ભયંકર આગ સામે આ મરજીવા રમત રમતા. આજના યુગમાં આ વાત નથી. એ તો વાતો જ રહી ગઈ. અત્યારના કેટલાક યુવાનો મર્દાનગીની રમતો અને વ્યાયામ પણ ભૂલી ગયા છે. ફક્ત અપ્રરાકપણું, છીછરાપણું અને ફેસનપરસ્ત બની રહેલ છેઃ આ યુવાનો પાંડવયુગ, રજપૂતયુગ કે વ્યાયામની વાતોને કદાચ હસી પણ કાઢે.

આ લખતાં આ દારૂખાનાની કોઠીઓના જમાનાના એક મરજીવા શ્રી મથુરભાઈ વનમાળીદાસ પંચાલ કસ્બાના પ્રવેશદ્વાર પાસે રહેનાર યાદ આવે છે.

## કંસારવાડાના ચકલાથી — લાંબી શેરીથી સરખલિયા દરવાજા સુધી

લાંબીશેરીના માર્ગે પીપળા ખડકી દરવાજાવાળી પાસે આ એક કોર્ટેક્ટ મકાન છે. તેની સામે જમણી બાજુ શ્રી પીતાંબરબાબુની હવેલીથી કાપડબજારમાં જવાનો રસ્તો છે.

લાંબી શેરીના સીધા રસ્તે જમણી બાજુ **શ્રી શંકરશેઠનું ડહેલુ :**

શ્રીશંકરલાલ શેઠના નામે આ ડહેલું ઓળખાય છે. તેઓ ગામના એક અગ્રગણ્ય નાગરિક હતા. આ ડહેલામાં ઓછી વસ્તી છે. જે વટાવી આગળ જતાં ખડાયતા વાણિકની ધર્મશાળા પાસેથી ગાંધીચોકના મુખ્ય બજારના રસ્તે અવાય છે. આ ડહેલામાં એક નાનકડો કૂવો છે.

**દયા ડાહ્યાની ખડકી** : શ્રીયુત દયાભાઈની ખડકી છે.

શ્રી રઘુનાથજીનું મંદિર તથા મોઢ બ્રાહ્મણની ધર્મશાળા વટાવી આગળ જતાં શહેરની ઐતિહાસિક બત્રીસ કોઠાની ભવ્ય પરથારવાળી વાવ છે. જ્યાં મોઢ બ્રાહ્મણનાં કુળદેવી મોઢેશ્વરી માતાનું સ્થાન છે. જમણી બાજુના વાવના વળાંકથી પલૈયા બજારનો રસ્તો છે. એને સામે જ –

**કાંટાવાળાની ખડકી** : નામ પરથી જ ખ્યાલ આવે છે કે આ ખડકીમાં પહેલાં કેવી જાહોજલાલી હશે ? આ સ્થળે ઘી–તેલ તોલવાનો કાંટો હતો. સેંકડો મણ ઘી આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્થળે તોલાતું અને તે તોલની રકમ ગામના અમુક કુટુંબો માટે વપરાતી. આ ખડકીની પાછળ ઐતિહાસિક કુડવાવની કમાન છે.

**મહાદેવવાળું ફળિયું** : પ્રાચીન કપડવણજ માટે વાવ, કૂવા, નવાણો ખોદાતાં આ કુડવાવમાંથી નીકળેલ પ્રાચીન પ્રતિમાઓમાંની એક લીંગી છે. જે નીલકંઠ મહાદેવના નામે આ સ્થળે ભુગર્ભમાં શોભે છે. આ ખડકીમાં પ્રવેશતાં પહેલાં 'બળિયા'કાકાનું ધામ છે. અહીં એક મેડાબંધી નાનકડી ધર્મશાળા છે. પાછળથી નાના બારણે નીકળતાં ટાવર પાસે ગોલવાડની સામે નીકળાય છે.

**માકુંડાની પોળ** : આ ખડકીની પાછળ એક બારી છે. જ્યાંથી મોચીવાડામાં જવાય છે.

જમણી બાજુ ખડકીઓ વટાવી આપણે સરખલિયા દરવાજે પરબડી પાસે આવી પહોંચ્યા. હવે મૂળ લાંબી શેરીથી ડાબી બાજુનું નિરીક્ષણ કરતાં આ સ્થળે આવીશું.

**પીપળા ખડકી** : આ પોળના દરવાજે એક પીપળાનું વૃક્ષ હતું, તેથી તે પીપળા ખડકી કહેવાય છે, આ વતનીના ચક્ષુ સમાં મુત્સદ્દી રા. બ. વલ્લભરામનું ઘર હતું. અહીં જબેશ્વર મહાદેવનું દેવળ પણ છે. વસ્તી મોઢ બ્રાહ્મણોની છે.

**ઊંડાપાડા (હનુમાનવાળાની ખડકી)**ના નામે પણ ઓળખાયા છે. આ સ્થળે પહેલાં ઊંડું સરોવર હતું (તલાવ) એમ માનય છે. અને તે પર શ્રીકામેશ્વર મહાદેવની દેરી છે. કામેશ્વર મહાદેવનું જે લીંગ છે તે (નાનું સ્વરૂપ) ૧૯૫ વર્ષ પહેલાં કોઈ યોગી પુરુષ આ સ્થળે મૂકી ગયેલા. તેની પ્રતિષ્ઠા તે સમયના વડીલોએ કરેલી, તે બાદ મંદિર પણ બંધાવેલ. કામેશ્વર મહાદેવ શિવપરિવાર દેવતાઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ તથા અન્ય ધાર્મિક વિધિ બાદ પૂજ્ય સ્વામી શ્રીસચ્ચિદાનંદજીએ દીપ પ્રગટાવી સંઘને પ્રકાશ આપેલો. પોળની તથા અન્ય બહેનોએ જળ લાવવાનો વરઘોડો કાઢેલ ને કળશમાં જળ લાવી આપેલા સ્થાપન વિધિ વિદ્વાનોએ વૈદિક મંત્રોચ્ચારથી કરાવી હતી. ગુજરાતના ચારે વેદોના વિદ્વાનો આ પ્રસંગને દીપાવવા કપડવણજ પધારેલા સંવત ૧૯૭૮ના મહા વદિ ૧૦થી મહા વદિ ૧૨ સોમવાર સુધી ભવ્ય રીતે ઉજવેલો. આ પોળમાંથી એક નાનકડી બારી વાટે મહંમદ મુરાદની ખડકીમાં જવાય છે. જ્યાં સુથારવાડાનો પાછળનો ભાગ જોડાય છે. આ પોળ જૂની છે. બ્રાહ્મણોની વસ્તી છે.

**ભટ્ટવાડો** : આ પોળમાં લક્ષ્મીસંપન્ન ભટ્ટ અટકવાળા બ્રાહ્મણોની વસ્તી છે. આ પોળમાં પેસતાં એક કૂવો છે. અને તેની પર માતાજીની ડેરી છે.

પટેલવાડાના નાકા પાસે શ્રીસ્વામિનારાયણનું મંદિર છે. સામે એક નાનકડી ખડકી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**સલાટવાડો** આ પોળમાં પહેલાંના સમયમાં સલાટ કોમના ૩૦૦–૪૦૦ જેટલા માણુસોની વસ્તી હતી. ખાસ કરીને આ લોકો પથ્થરો ઘડવાનું કામ કરતા. સમય જતાં આ વસ્તી આ સ્થળેથી સ્થળાંતર કરી જતી રહી. હાલ આ સ્થળે મોઢ બ્રાહ્મણોની ખાસ કરીને વસ્તી છે. (આ પોળમાં પ્રવેશતાં ડાબી બાજુ નાનકડી ખડકી છે.) આ પોળમાં એક કૂવો છે. તથા ખોડભાઈ માતાની ડેરી છે.

**નાનો નાગરવાડો** : અહીં પણ વીસનગરા નાગરોની પહેલાં વસ્તી હતી, જેમના કુળ-દેવતા શ્રીહાટકેશ્વર મહાદેવનું દેવળ હતું. આ પોળમાં પહેલાં એક તંબોળી કુટુંબ વસતું હતું. જે ધુપેલ બનાવવાનો તથા વેચવાનો ધંધો કરતાં. (ઘેર ઘેર વેચતા.)

આજના જમાનામાં તૈયાર કંપનીના કેશવર્ધન તેલ મેળવનાર પ્રજાને તંબોળી પ્રજાના ગૃહઉદ્યોગનો ખ્યાલ પણ ન આવે તે સ્વાભાવિક છે.)

**ભૂધરભાઇની ખડકી** કપડવણજના સપૂત ચાણક્ય શ્રી ભૂધરભાઈ ત્રિવેદીના નામથી આ ખડકી ઓળખાય છે. તેમનું પહેલાંના સમયનું રજવાડાના નમૂના જેવું મોટું મકાન ભૂધરભાઇની હવેલીના નામે ઓળખાય છે. તેની કોતરણી પણ સારી છે.

**ભૂધરભાઈ ધનેશ્વરભાઇ ત્રિવેદી** જન્મ સંવત ૧૮૬૪, શ્રાવણ સુદ ૧૧, અવસાન સંવત ૧૯૨૯ ભાદરવા સુદ ૧૧ મંગળવાર, સામાન્ય સ્થિતિમાં જન્મેલ. આ નરવીરનાં મા–બાપ નાનપણમાં ગુજરી જવાથી તેમના મોસાળમાં જ ઉછરેલ, તેમની સાત વર્ષની ઉંમરે પીજમાં મસ્તકે ભગવાન સહજાનંદસ્વામીએ હાથ મૂકીને કહેલું કે આ મોટો થતાં મારાં મંદિરો બંધાવશે. શ્રી ભૂધરભાઈ ભગવાન સ્વામિનારાયણના અનન્ય ભકત હતા. તેમણે કપડવણજમાં ધનનો સદુપયોગ કરેલો, તેઓ વડોદરાના નગરશેઠમાંના એક શેઠ શ્રી ખુશાલ-ચંદ અંબાઇદાસની પેઢીના મુનીમ હતા. શ્રીમાન ગાયકવાડ ખંડેરાવ સરકાર તેમનું માન પણ સાચવતા. તેઓશ્રી વડોદરા રાજ્યની હદમાં પ્રવેશતા ત્યારે તેમને મશાલ છડીનું માન આપવામાં આવ્યું. તેમણે કપડવણજમાં શ્રીસ્વામિનારાયણ મંદિર પુરુષો માટે પટેલવાડાના નાકે, તેમજ બીજું બહેનો માટે નીલકંઠ મહાદેવના ખાંચામાં પ્રવેશતાં જમણા હાથે બંધાવેલ છે. પટેલવાડાના નાકાની સામે મોટી મોઢ બ્રાહ્મણની સરસ મેડાબંધી ધર્મશાળા કોમના સહકારથી બાંધેલી અને તેની સાથે જ ભગવાન રઘુનાથજીનું મંદિર બંધાવેલી આંતરસુબામાં સ્વામિનારાયણ ભગવાનનું મંદિર પણ બંધાવેલ છે.

દાંતા સ્ટેટમાં મોટાં અંબાજીમાં મોટા ચોકમાં માઢ બાંધી આપેલ છે.

પોતાના મૃત્યુ પહેલાં તેમણે તેમની તમામ મિલકત ભગવાન નારાયણના ચરણે અર્પણ કરેલ છે. પોતાના મૃત્યુ પહેલાં તેમણે કપડવણજના વતની શેઠ દલસુખરામ દામોદરદાસ ત્રિવેદીને વડોદરામાં પોતાની જગ્યા પર નિયુક્ત કરાવેલ. તેમના મૃત્યુ માટે કહેવાય છે કે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યારે તેમનું અવસાન થયું અને શબ સ્મશાને લઈ ગયા તે સમયે, તેમને જોવા પીજથી તેમનાં સગાં-વહાલાં આવતાં હતાં, પણ રસ્તામાં તેઓ ભગવાન સ્વામિનારાયણ સાથે ઘોડા પર જતા સગાને મળ્યા અને કહ્યું કે કપડવણજ જાવ, હું ખુશીમાં પ્રભુ સાથે જાઉં છું. મહેમાનો કપડવણજ આવ્યા ત્યારે શબ સ્મશાને પહોંચી ગયેલ હતું. ભૂધરભાઈની હવેલી આજે પણ તેમનું સ્મૃતિ ભુવન છે. (શ્રી હરિકૃષ્ણ લીલામૃત અધ્યાયમાંથી)

શિલ્પસ્થાપત્યના નિયમ પ્રમાણે મંદિરો તૈયાર કરનાર પૂજ્ય ઇષ્ટદેવ શ્રીહરિભગવાનની આજ્ઞાથી જેતલપુરમાં નિવાસ કરનાર મહાયોગી શ્રીઆનંદ મુનિ હતા, તે સમયમાં કપડવણજમાં બૃહસ્પતિસમાન બુદ્ધિશાળી, ભૂધરભાઈ ધનેશ્વર ત્રિવેદી શ્રીહરિ ભગવાનને નમસ્કાર કરી એનેક સંતોને નમસ્કાર કરી (જેઓ ભૂધર્મિ કહેવાતા) યોગીની પાસે જ કથાશ્રવણ માટે બેસતા. તેઓશ્રી જેતલપુરમાં નિવાસ કરેલ. આપણા ભૂધરભાઈ જેતલપુરમાં બલદેવજીના મંદિરમાં આવ્યા. તેઓશ્રી જિતેન્દ્રિય, શાંત, શાસ્ત્રોના અભ્યાસી, અન્યપ્રિય કરનારા, કાયમ પરોપકાર વૃત્તિવાળા, નરોનરા ભગવાનને વિષે શ્રદ્ધા રાખનાર, ગરીબોનાં દુઃખ દૂર કરનારા, રાજ્યોમાં માન પામેલા. પંડિતોમાં આધારરૂપ, બહુ ઉદાર, દાન આપનાર, મોઢ જ્ઞાતિમાં તિલકરૂપ, સત્યવાદી, સદાચારી હતા. બાલ્યવસ્થાથી ભગવાન પ્રત્યે શ્રદ્ધાળુ હતા, જેમની સમાધિ (તુલસીકયારો) સ્મશાનઘાટ પર છે.

**બ્રહ્માણી માતાનું ફળિયું** : મોટી વહોરવાડમાં પ્રવેશતાં જ જમણી બાજુ એક નાનું ફળિયું છે. જેમાં બ્રાહ્મણોનો વસવાટ છે. અહીં એક કૂવો છે તથા શ્રીબ્રહ્માણી માતાની નાનકડી દેરી છે.

**મોટી વહોરવાડ** : પ્રવેશતાં જ જેની ભવ્યતાનો ખ્યાલ આવી શકે. પ્રવેશતાં જ મોટા ભવ્ય મહેલાતો સમાં આલીશાન મકાનો, ભવ્ય મસ્જિદો, જુમાતખાનું વગેરે જોતાં આ સ્થળની જાહોજલાલીનો ખ્યાલ આવે. વહોરવાડની શોભાથી જ કપડવણજને કેટલાક "મુંબઈનું બચ્ચું" પણ કહેતા. લક્ષ્મીનો વાસ, વહોરા બિરાદરોની ઉદારતા, આ પ્રજાની નમ્રતા વગેરે શોભારૂપ છે. વહોરવાડમાં નાની મોટી ખડકીઓ છે જેને શેરીઓ કહે છે. આ મોટી વહોરવાડમાં સુંદર મકાનો છે. આ શેરીઓમાં આ ગામના સપૂતો ખેલ્યા છે.

આ કોમની સ્ત્રીઓ પરદેનશીન તેમજ રેશમી કાપડનો ઉપયોગ કરનાર છે. (હાલમાં પડદો હઠી રહ્યો છે.) દરેક જણ ઉદ્યમી હોય છે. ગરીબ વર્ગ શ્રીમંતોના ગુપ્તદાન દાન મારફતે પોષાય છે.

કપડવણજમાં દાઉદી વહોરા કોમની વસ્તી ત્રણ મહોલ્લામાં રહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## (૧) મોટી વહોરવાડ, (૨) નાની વહોરવાડ, (૩) સૈફી મહોલ્લા (વાડી) મોટી વહોરવાડમાં આવેલી શેરીઓ. :

શેરીનુ નામ (૧) બદરી શેરી, (૨) કુતબી શેરી, (૩) તજ્જતાની શેરી, (૪) હુસેની શેરી, (૫) છીલનું ડહેલું, (૬) સીતાબખાનની શેરી, (૭) તજુભાઇની શેરી, (૮) મુલ્લા રાજબુની શેરી, (૯) હાતીમી શેરી, (૧૦) તૈયબ શેરી (જુમાતખાનની શેરી), (૧૧) મહંમદી શેરી, (૧૨) સસુરની શેરી, (૧૩) લૈની શેરી, (૧૪) આબુમજીની શેરી, (૧૫) બાગની ડહેલી, (૧૬) મસ્જિદની શેરી, (૧૭) હકીમી શેરી, (૧૮) ઈસુફી શેરી, (૧૯) નફરની ગલી.

**નાની વહોરવાડની શેરીઓ.**

(૧) નાની વહોરવાડમાં રોડ ઉપરના મકાનો, (૨) ઈસ્માઈલી શેરી, (૩) બંદૂકવાલાની શેરી, (૪) બંગાળીની શેરી, (૫) બકરાભાઈની શેરી.

**સૈફી મહોલ્લા :**

**નરસિંહ શિવશંકરની ખડકી :** આ ખડકીના પ્રતિષ્ઠિત શ્રીનરસિંહભાઈના નામથી આ ખડકી ઓળખાય છે. અહીં બ્રાહ્મણોનાં ઘર છે.

**મૂળજી પરાગની ખડકી:** આ ખડકીના તપોધન જ્ઞાતિના પ્રતિષ્ઠિત મૂળજીભાઈના નામથી આ ખડકી ઓળખાય છે. અહીં એક સંન્યાસીનો મઠ પણ છે.

**ઈશ્વર ઝવેરીની ખડકી :**

**કાછીઆવાડ** : અહીં કાછીઆ (પટેલ) કોમ એક જ જથ્થે રહે છે. તેઓનો મુખ્ય ધંધો શાક-ભાજી વેચવાનો છે. આ જ્ઞાતિના મોટા ભાગના ભાઈઓની દુકાનો કુંડવાવના પરથાળ પર છે. તેમ જ જુદા જુદા સ્થળે પણ બેસે છે. ગામડાંમાં પણ તેઓ શાક-ભાજી વેચી આવે છે. અહીં સ્વ. ભૂધરભાઇની બંધાવેલ એક ધર્મશાળા છે.

**તોતળા માતાની ખડકી** : કાછીઆવાડમાં આ ખડકી છે. જેમાં કાછીઆ કોમનાં કુળદેવી શ્રીતોતળા માતાની દેરી છે. તેથી જ આ ખડકીનું નામ તોતળા માતાજીની ખડકી પડેલ છે.

**કારખાનાની વાડ** : કાછીઆવાડમાંથી જતાં જ કારખાનીઆવાડની શરૂઆત થાય છે. અહીં મુસલમાન કોમની વસ્તી છે. તેઓ પહેલાં વહોરાં ઉદ્યોગપતિઓના આશ્રયે સાબુનાં કારખાનાંઓમાં કામ કરતા. પહેલાંના સમયમાં કપડવણજના સાબુની ખ્યાતિ પણ ઘણી જ હતી. સાબુના કારખાનાઓમાં કામ કરનારા આજ વહોરા શ્રીમંતોનાં ઘરમાં નોકરીઓ તેમજ અન્ય મજૂરી તેમજ ખેતીના વ્યવસાયમાં રહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## લાંબી શેરીમાંથી પીપળા ખડકીની સામે કાપડ બજારમાં જવાનો રસ્તો

**પીતાંબરબાબુની ખડકી :** આ એક કપડવણજના નગર શેઠ કુટુંબના મુનીમનું આલીશાન મકાન જેને "બાબુની હવેલી" કહેવાય છે. સાથે તેમના નામની નાનકડી ખડકી છે. મુનીમોની શ્રીમંતાઈથી તે સમયના શ્રેષ્ઠીઓનો ખ્યાલ આવી શકે છે. નગરશેઠની કલકત્તાની પેઢીઓમાં આ પીતાંબરબાબુના આદેશ પ્રમાણે વેપારોમાં ફેરફાર થતા. **કલકત્તામાં તો બાબુજીના નામે પ્રસિદ્ધ થયેલ.**

**દલાલવાડો :** (પશ્ચાત્ ભાગે) દલાલવાડાનું પ્રવેશદ્વાર (દરવાજા)માં પેસતાં જ જમણા હાથે એક સુંદર શેઠ વ્રજલાલ હરીભાઈનો ઉપાશ્રય છે. જ્યાં સાધ્વીજીઓનો મુકામ કરે છે. અને શ્રાવિકા બહેનનો ધાર્મિક શિક્ષણ જ્ઞાન આ સ્થળે અપાય છે. અંદર પ્રવેશતાં જ જમણી બાજુ અજીતનાથ ભગવાનનું ચૌમુખ દેરાસર છે. આ ખડકીમાં જૈનોની જ વસ્તી છે.

**મોદીઆની ખડકી :** આ ખડકી શ્રીઆદીનાથની ખડકી તરીકે પણ ઓળખાય છે. આ ખડકીમાં ભગવાન શ્રીઆદીનાથનું દેરાસર છે. તેને પણ કેટલાક મોદિયાના દેરાસર તરીકે ઓળખે છે. દલવાડો અને આ ખડકીનું જોડાણ એક નાનકડી સાંકડીશેરીથી થાય છે.

## લાંબી શેરીથી કાપડ બજારમાં જતાં પ્રથમ

**ક્ષોત્રિયવાડો :** ઉદુમ્બર ઉર્ફે ક્ષોત્રિય લોકોની હાલમાં જૂજ વસ્તી છે. આ સ્થળ શહેરમાં ઊંચી સપાટી પર છે. આ ક્ષોત્રિય કોમના કપડવણજના સંત શ્રી રેંડા ભગતને પ્રભુનો સાક્ષાત્કાર થયેલ. (ભગવાનની લીલાનાં દર્શન થયેલાં.) જ્યારે આપણે ગામની તમામ પોળોમાં ફરતા નીકળીએ ત્યારે, ક્ષોત્રિયવાડાની પણ એક એવી ભૂમિ છે કે જ્યાં ભગવાનના પરમ વૈષ્ણવ ભક્તની રહેઠાણ ભૂમિ છે.

શ્રીગોસાંઈજી ગુજરાત પધાર્યા ત્યારે આ રેંડા ઉદુમ્બર તેમની પાસેથી નામ નિવેદન પામ્યા. તે બાદ તેઓ ગોકુળ ગયા અને સંકેત વનમાં પ્રવેશ કરતાં એક સઘન ઘટામાં સ્થળ છે. ત્યાં ગોસાંઈજીની બેઠક છે. અહીંયાં શ્રીગોસાંઈજીએ પોતાના કૃપાપાત્ર બસો બાવન વૈષ્ણવો પૈકીમાંના એક વૈષ્ણવ ભગવદીય રેંડા ક્ષોત્રિયને શ્રીઠાકોરજીનાં અલૌકિક દર્શન કરાવ્યાં.

શ્રીઠાકોરજીનાં અલૌકિક દર્શન અને રેંડાને દેહ ભાનનું વિસ્મરણ થયું. ભગવાનને પ્રસાદીની માળા પહેરાવી આખી રાત રમણ રેતીમાં પડી રહ્યાં. બીજા દિવસે શ્રી ગોસાંઈજી જાતે ત્યાં પધાર્યા અને રેંડાને ચરણસ્પર્શ થયા પછી તેને આજ્ઞા કરી કે હજુ લીલામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રવેશ કરવાની તમારે માટે વાર છે. પછી રેંડા ગોકુળ આવ્યા. એક દિવસ પંખો કરતા હતા ત્યારે તેમને આજ્ઞા મળી કે તમો દેશ જઈ વિવાહ કરો. રેંડાએ કહ્યું કે મારી પાસે કંઈ જ નથી. મને કોણ કન્યા આપે ?

શ્રીગોસાંઈજીએ જણાવ્યું છે કે શ્રીઠાકોરજીએ સર્વ નક્કી કરેલ છે. રેંડા તરત જ પોતાના વતન તરફ આવ્યા. પાડોસમાં એક ગામમાં મુકામ કર્યો. આ સમયે આ ગામમાં વસતાં એક ઉદુમ્બર બ્રાહ્મણની દીકરીને સર્પદંશ થયેલો. સર્પવિષ કોણ ઉતારે ? રેંડાને આ વાતની ખબર પડી. તેણે તરત જ કહ્યું કે શ્રીઠાકોરજીનું આ ચરણામૃત તેને પાઓ જો પીવે નહીં તો તેના હોઠ ઉપર લગાવો તો બાળા બચી જશે. હોઠ પર ચરણામૃત ચોપડવામાં આવ્યું. વિષનું વારણ થયું. બાળા બચી ગઈ. આ કન્યાના પિતાએ (ઉદુમ્બર બ્રાહ્મણ) રેંડાની જ્ઞાતિ પૂછી. એક જ જ્ઞાતિ જાણતાં આ કન્યાનું લગ્ન રેંડા સાથે કરવામાં આવ્યાં. હવે રેંડા કપડવણજમાં રહી શ્રીઠાકોરજીની સેવા બરોબર કરવા લાગ્યા. તેને એક પુત્ર થયો. જ્યારે શ્રીગોકુળનાથજી કપડવણજ પધાર્યા ત્યારે (સંવત ૧૬૪૩) શ્રી રેંડા તથા તેમના યજમાનો(નીમા વણિકો) કેટલાક શ્રીગોકુળનાથજીના શ્રી રેંડાને પુત્ર મોટો થયા બાદ શ્રીઠાકોરજીને પધરાવી તે ગોકુળ ગયા અને ત્યાં શ્રીગોસાંઈજીની સેવા કરવા માંડી. રમણરેતીમાં ભગવાનની રાસલીલા ને બાળલીલાનાં દર્શન કરી પાવન થયા. આપણી ધરતીના પવિત્ર સપૂત ભક્તને લાખ લાખ વંદન.

આ રેંડા પોતે દલાલવાડામાં રહેતા હતા. તે વખતે શ્રીગોકુળનાથજી મહારાજ તેમના ત્યાં પધારેલા. આ ઉદુમ્બર બ્રાહ્મણોની પણ સારી એવી વસ્તી અહીં હતી.

સમસ્ત ઉદુમ્બર બ્રાહ્મણો તેઓ મૂળ પુરુષોને હરિશ્ચંદ્ર મહારાજના રાજસૂય યજ્ઞમાં ઉદુમ્બર ઋષિએ તરુણમાં નીમ્યા હતા. આ બ્રાહ્મણોના સોળ ગોત્રમાંનું પ્રથમ પદે યજ્ઞમાં નિમાયેલ મુદગલ ગોત્ર હતું તેના વારસદારો કપડવણજમાં છે. શ્રોત્રિય વંશના ભાઈઓ પોતાની યજમાનવૃત્તિ સાચવે છે. તથા તેઓમાંના કેટલાક ભાઈઓ સારા ઉચ્ચ હોદ્દા પર પણ છે.

**જાટની ખડકી :** જાટ અટકવાળા એટલે તેના નામથી ઓળખાય છે. હાલ આ કુટુમ્બનું કોઈ પણ નથી.

**કાચા શેઠની ખડકી :** બરોબર મોદિયાની ખડકીની સામે જ આ નાનકડી ખડકી છે. કાચા શેઠની **ખડકીના નામથી ઓળખાય** છે.

ચાલો હવે આપણે પાછા સામસૈયદના ચકલે આવીએ પૂજ્ય સામસૈયદના ચકલેથી જમણી બાજુ કચેરીનો રસ્તો ત્યાં જમણી બાજુ નાનકડી ખાંચો **માળીવાડો** અને તરત જ **કસાઈવાડે** અને બાકીનો ભાગ મહુમદઅલી ચોકથી બધો વિસ્તાર **ગાંચીવાળાં**ના નામે ઓળખાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### સામ સૈયદના ચકલેથી ડાબી બાજુના રસ્તેથી સીધા સરખલિયા દરવાજા સુધી જતાં જમણી બાજુ

(૧) કડિયાની મસ્જિદથી નદી દરવાજા સુધીનો માર્ગ

(૨) કાપડિયા બજારમાં સીધા જતા પ્રથમ ડાબી બાજુ દલાલવાડાને જોડતી નાનકડી ગલી જેવો રસ્તો, પરબડી પાસેથી જાય છે. અહીંયાં જૈન માટે શે. મી. ક. પથિકાશ્રમ છે. ત્યાંથી જમણી બાજુ નારાયણ દેવનો ખાંચો છે. (તેની સામે શ્રોત્રિયવાડાથી નીકળેલ રસ્તો મળે છે.)

(૩) ગાંધી ચોકથી જમણી બાજુ ગાંધીવાડો, દાણીવાડો, દેસાઈવાડો, નાગરવાડો, ઇત્યાદી તથા ડાબી બાજુ એક નાનકડી ગલી આવે છે, કે જે ધર્મશાળાથી શરૂ થઈ લાંબી શેરીવાળા શંકર શેઠના ડહેલા સાથે જોડાયેલ છે.

(૪) સીધા પલૈયા બજારમાં કુંડવાવની પરબડીના રસ્તે જતાં વચમાં કૂવો તથા નાની ખડકીઓ, ડાબી બાજુ અને જમણી બાજુ શેઠવાડો તથા પરબડીની પડોશમાં નાની વ્હોરવાડ, ડાબી બાજુ કુંડવાવને બત્રીસ કોઠાની વાવને જોડતો રાજમાર્ગ અને પરબડીથી સીધા આગળ જતાં જમણી બાજુ મોટા સુથારવાડા જવાનો રસ્તો, વચ્ચે ખડકીઓ વટાવીને જતો રસ્તો. પરબડીથી સીધા ટાવરવાળા રસ્તે જતાં ગોલવાડ તથા મોચીવાડમાં થઈને સરખલિયો દરવાજો.

### (૧) કડિયાની મસ્જિદથી નદી દરવાજે–:

આ માર્ગે જતાં શરૂઆતમાં ખડકીમાં તથા બહાર ધોબી લોકોનાં ઘરો છે. તેથી આગળ જતાં ડાબા હાથે એક કૂવો તથા તે પર કુલબાઈ માતાની નાનકડી દેરી છે. અહીં ભાવસારભાઈઓનાં ઘર તથા સોનીભાઈઓનાં ઘરો છે.

આ વિભાગમાં ભાવસાર ભાઈઓનો પહેલાં સારા પ્રમાણમાં વસવાટ હતો. (નાઈઓની મસ્જિદ સુધીનો ભાગ ભાવસારવાડો ગણાય છે.)

આ વિભાગમાં જમણી બાજુના ખાંચેથી જતાં થોડાંક પીંજારાભાઈઓનાં ઘરો હોવાથી પીંજારાવાડ તરીકે ઓળખાય છે. ત્યાંથી આગળ જતાં આ રસ્તે કચેરી જવાનો રસ્તો છે. ત્યાંથી મહમદઅલી ચોકમાં નીકળાય છે.

ડાબી બાજુ જતાં (કડિયાભાઈઓનો વસવાટ હોવાથી) કડિયાવાડના રસ્તે બે ખડકીઓ જોષીની તથા માળીની સામસામે છે. આગળ જતાં ભદ્રકાળી માતા પાસે દરજીવાડો વગેરે આવે છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નાઈઓની મસ્જિદ સુધીના ભાગને ભાવસારવાડ ગણે છે. પહેલાં આ કોમના ભાઈઓ સારા ઉદ્યમી હતા, હાલ તેમની વસ્તી ઓછી છે.

દરવાજા તરફ આગળ વધતાં રાવળિયાવાડ આવે છે. જ્યાં માતાજીની એક નાનકડી દેરી છે. જેને રાવલ કોમના ભાઈઓ પોતાની અધિષ્ઠાત્રી માને છે.

આગળ વધતાં ડાબી બાજુના મોટા કુંભારવાડાનું મુખ્યદ્વાર અને રસ્તો આવે છે. અને જમણી બાજુના દરવાજા પાસે પોલીસ ગેટ આવે છે.

## (૨) કાપડિયા બજાર પૂરું થતાં નારણદેવનો ખાંચો : જેમાં જમણી બાજુ અમથા પારેખની ખડકી

આ ખડકી અમથાભાઈ પારેખ કે જેઓ સંવત ૧૯૫૦ લગભગમાં આ ગામમાં એક મોટા શરાફ હતા. તેમના નામથી આ ખડકી ઓળખાય છે. આ ખડકીમાં ત્રણ નાની નાની ખડકીઓ છે.

(૧) રાજારામ ખુશાલદાસની ખડકી

(૨) શેઠ જમનાદાસ કરમચંદની ખડકી

(૩) માણેકચંદ ધરમચંદની ખડકી.

આ ખડકીમાં પ્રવેશતાં જ જમણી બાજુ મોટા પરથાળવાળો કૂવો છે. અને તે પર બૂટ માતાની ડેરી છે. આ ડેરીનો જિર્ણોદ્ધાર હમણાં નટવરલાલ લલ્લુભાઈ નામના વણિક ભાઈએ તેમનાં સ્વ. માતુશ્રી ડાહીબહેનના સ્મરણાર્થે કરાવેલ છે.

કૂવાની સામે પરબડી તથા પાણીની પરબ શ્રીશંકરલાલ હરીલાલની કરાવેલી છે.

### વીસા શ્રીમાળીનો ખાંચો :

અહી વીસા શ્રીમાળીના થોડાક ભાઈઓના વસવાટના લીધે એ નામે આ ઓળખાય છે. આગળ વધતાં પ્રાચીન શ્રીભગવાન નારણદેવનું મંદિર, તેની સામે અક નાનકડો ખાંચો, જેમાં હાલ જોશી કુટુમ્બનાં ઘરો છે.

**રસિક દેસાઈની ખડકી :** ભગવાન શ્રીનારણદેવના પરમ ભકત અને દેવળના મૂળ સ્થાપક રસિકભાઇ દેસાઈનું અહીં રહેઠાણ હતું. (વાંચો નારણદેવ)

### આ સ્થળેથી ચાર રસ્તા પડે છે.

જ્ઞાન સંસ્કારો સીંચનાર કપડવણજની ગામઠી શાળાઓમાંની એક શ્રીપંડ્યાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધર્મશાળા (ગામઠી શાળા) આ સ્થળે હતી. જે સ્થાનમાં મારા જેવા હજારો વિદ્યાર્થીઓએ હવજી પંડ્યા તથા મારા પૂ. ગુરુ શ્રીછગનલાલ પંડ્યાએ અનેક જ્ઞાનગંગામાંથી આચમનની શરૂઆત કરાવેલી. જ્ઞાનની જ્યોત પ્રગટાવેલી.

### અહીંથી જમણી બાજુ — ડાબી બાજુ જવાનો સીધો રસ્તો છે.

**જમણી બાજુ :** કડિયાવાડનો રસ્તો કે જે મુસ્લિમ હજામોનાં ઘર પાસે નીકળે છે. આ માર્ગમાં બે નાનકડા ખાંચા છે.

**ડાબી બાજુ :** શ્રીગોકુલનાથજી પાસે શ્રીમહાજન લાયબ્રેરીનો રસ્તો છે, કે જ્યાંથી સીધા ખડાયતાવાડ જવાય છે.

જમણી બાજુ દેસાઇવાડો અને ડાબી બાજુ ગાંધીચોકના માર્ગો છે.

**ગામઠીશાળા :** શ્રી ભદ્રકાળી માતાના દેવળ પાસેથી સીધા શ્રી પુ. હ. મહાજન લાયબ્રેરી સુધીના માર્ગને દરજીવાડો કહે છે. આ સ્થળે દરજીભાઈઓનો વસવાટ છે. દરજીવાડાના નાકે શ્રીભદ્રકાળી માતાજીના દેવળ પાસે થોડાક અંતરે જમણી બાજુ એક નાનકડી ખડકી છે. જેને જોષીની ખડકી કહે છે. આમાં જોશીકુટુંબ વસે છે. પ્રાચીન જોશી કુટુમ્બના વિદ્વાનોએ રજવાડામાં પણ પ્રતિષ્ઠા મેળવેલી.

### (૩) ગાંધી ચોકથી દેસાઇવાડા, નાગરવાડાનો માર્ગ :

શ્રી પુ. હ. મહાજન લાયબ્રેરી કે જ્યાં ચાર રસ્તા ભેગા થાય છે, તે ચોકડીથી આગળ વધતાં ડાબી બાજુ —

**પીપળા ખડકી :** અહીં પહેલાં આ ખડકીનું જોડાણ મહેતા પોળના પશ્ચાત્ ભાગે થતું હતું.

આગળ વધતાં ડાબી બાજુના મોટા રસ્તે જતાં મોટા સુથારવાડે જવાય છે.

### માણેકલાલ વહાણુદલાલના મકાનથી જમણી બાજુ :

**દેસાઇવાડોઃ** — આ વિભાગમાં કપડવણજના પ્રતિષ્ઠિત દેસાઈ કુટુમ્બના વણિક કુટુમ્બનો વસવાટ છે. વિદ્યા અને વિત્તથી તે શોભે છે. આ સ્થળે ચતુર્દેવી માતાની દેરી છે. બહાર સામે એક મોટા રથારવાળો કૂવો છે, જેને ઢાળ કૂવો કહે છે. આ કૂવા સામે તેમજ પાસે નાનકડી ખડકીઓ ખાંચા જેવી છે. હાલમાં આ ઢાળ કૂવા પાસે ભગીની સમાજનું ભવ્ય મકાન છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**મોટો નાગરવાડો :**—અહીં મુખ્યત્વે વીસનાગરા નાગરોની વસ્તી છે. આ પોળમાં એક કૂવો તેમજ શ્રીવાઘેશ્વરી માતાનું ધામ છે. આશરે બસો વર્ષ પહેલાં નાગરગૃહસ્થ શ્રીવજેરામ કાશીરામના શુભ હસ્તે શ્રીહાટકેશ્વર મહાદેવની સ્થાપના કરવામાં આવેલી. આ વિભાગમાં નાગર કોમની સ્વતંત્ર ધર્મશાળા છે.

ઇતિહાસમાં જ્યારે આપણે નજર કરીએ છીએ ત્યારે રાજકીય કે સામાજિક ક્ષેત્રે નાગર ગૃહસ્થ મહત્ત્વના સ્થાન પર હોય છે. નાગર કોમના ઇષ્ટદેવ હાટકેશ્વર મહાદેવ છે. જેઓ પ્રચલિત શૈવ ધર્મના હોવા છતાં નિરાળા છે.

સામાજિક જીવનમાં એક જ કોમ છે કે જેઓ અનાદિકાળથી એક પત્નિ હયાત હોય ત્યાં સુધી (સ્ત્રી ગાંડી, માંદી કે પુત્રેષણાની લાલચે પણ) બીજી પત્ની [કરવાની છૂટ નથી આ વિદ્વાન અને મુત્સદ્દી જ્ઞાતિના સમાજજીવનનો ઘરવહીવટીતંત્રનો ભાર સદા સ્ત્રીજ સંભાળે છે. નાગર કોમનાં લગ્ન વખતે એક સુંદર પ્રથા એ કે ઉપહામણીનું વાચન (વર કન્યાના પક્ષના વંશનું દસ્તાવેજી વાચન) થાય છે.

આપણા ગામના મોટા ભાગના નાગરિકોનાં જીવનઘડતર, જ્ઞાન આપનાર ગામઠી શાળાઓના ગુરુજનો નાગરગૃહસ્થો જ હતા. ઇંદોરના બાવલા ખૂન કેસને પકડવામાં મુખ્ય ભાગ અહીંના જ વતની રેવાશંકર જોશીનું નામ છે, તેમના જ સુપુત્રો આ ગામમાં પ્રથમ હતા. સર્જન થનાર ડો. શ્રીઈન્દ્રવદન છે. આ કોમમાં શ્રી વિષ્ણુપ્રસાદ મગનલાલ પંડ્યા જાણીતા બાળકવિ છે.

મોટા નાગરવાડાની ડાબી બાજુ જટવાડાથી છૂટા પડી મીઠાતલાવના દરવાજે જવાનો માર્ગ છે. આ બાજુ વીજળીઘર, સરદારબાગ, (જુનું મહાવીર ટોકિઝ, જોષીથિયેટર) હાલમાં શ્રીસંતપુનિતસંકિર્તન ભુવન તથા રાઈસમિલ વગેરે છે. (હાલમાં દરવાજો તોડી નાખેલો હોઇ સળંગ જતાં નડિયાદની સડક સાથે આ માર્ગ જોડાય છે.)

**જમણીબાજુ :**—એક માર્ગ મોટા કુંભારવાડાનો છે. તેમજ બીજો ભાગ ઝાંપલી પોળ પાસેથી નાઈઓની મસ્જિદ તરફ જતાં નાની નાળ (નાળિયું) નદી દરવાજાના રસ્તે જોડાય છે.

જ્યારે ઝાંપલી પોળ પાસેથી પૂર્વ તરફ સીધો રસ્તો શ્રીમાળીની ધર્મશાળાથી સીધો ભદ્રકાળી માતા તથા શ્રી નારણદેવવાળા ચોકમાં મળે છે.

**નાગરવાડામાંથી કુંભારવાડાના માર્ગે :**

**વહેરી માતાનું ફળિયું :** આ ફળિયામાં વહેરી માતાનુ સ્થાનક હોવાથી આ ફળીયુ એ નામથી ઓળખાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**લુહારવાડો :** લુહાર સુથાર (પંચાલ) કોમની સારી એવી વસ્તી હતી અને હાલમાં પણ છે. આ લોકો પહેલાં લોઢું ગાળવાનો ધંધો કરતા હતા. આ સ્થળે તેમનાં કુળદેવી ચામુંડા માતાનું સ્થાનક છે. તેમજ રોકડિયા હનુમાનનો પણ વાસ છે.

**ગોસાંઈવાડો :–** ગોસાંઈ (ગોસ્વામી) કોમની આ સ્થળે વસ્તી હોવાથી આ નામ આપવામાં આવે છે. આ પ્રજા મુખ્યત્વે મંદિરના પૂજારી કે કેટલાક મંદિરના અધિપતિ પણ હોય છે.

આગળ જતાં ચબુતરા પાસેથી નદીના દરવાજે જવાય છે. આ સ્થળ મોટો કુંભારવાડો કહેવાય છે, કે જ્યાં પ્રજાપતિભાઈઓનાં ઘરો છે. અહીં બે શ્રીકબીરસંપ્રદાયનાં મંદિરો છે, જેમાં એક શ્રીગોલા (રાણા) કોમના ભાઇઓના વહીવટ નીચે છે. જ્યારે બીજું શ્રીનાઈ કોમના પંચના વહીવટ નીચે છે.

હવે આપણે ઝાંપડી પોળવાળા માર્ગની ખડકીઓ તરફથી આગળ જઈએ

**ઝાપડી પોળ :** હાલમાં અહીં નાકે ગુજરાતી કુમારશાળ બાંધવામાં આવેલ છે.

**મોદીની ખડકી :** મોદી અટકવાળા વણિકોની વસ્તી હોવાથી આ નામ આપવામાં આવેલ છે. અને ખડકીની અંદર નાનકડી ખડકી છે, જેને ચુડગરની ખડકી કહે છે. ચુડગર પણ વણિકોની અટક છે. ચુડગર અટકવાળા પહેલાં હાથીદાંતનાં કામ કરનાર હતા.

મોદીની ખડકીની સામે તાઈઓની મસ્જિદ છે. તેની પાસેના ભાગને તાઈવાડો કહે છે.

હવે આપણે ઝાંપડી પોળથી – શ્રીમાળીની ધર્મશાળાથી સીધા શ્રીભદ્રકાળી માતાજીના મંદિર તરફના માર્ગે આવીએ.

**હાથી કંદોઈનો ખાંચો :** જાણીતા જૈન કોમના હાથીભાઈ કંદોઈ (સુખડિયા)નો આ સ્થળે વસવાટ હતો અને છે. સારાએ ગામમાં મીઠાઇઓ બનાવનાર કુટુંબ પહેલાં આ એક જ હતું.

**આ ખડકીની સામે ચોકસીનો ખાંચો :**

જુની અદાલતનો ખાંચો તથા બીજી બે નાનકડી ખડકીઓ છે.

૪. ગાંધી ચોકથી પલૈયા બજાર (કુંડવાવ ) પરબડી સુધી :

ડાબી બાજુ ધર્મશાળાથી શંકર શેઠના ડહેલાને જોતું એક નાનું નળિયું છે. આગળ વધતાં ઊંચા પરથાળ ઉપર બંધાયેલ એક શેઠવાડા પરબડી છે. ત્યાં એક નાનકડી ખડકી છે. (ખાંચો છે.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**શેઠવાડો** : ડાબી બાજુ ખડકી છે, જ્યાં શેઠ અટકવાળા વણિકોનો વસવાટ છે. તેમને શોભે તેવું જ એક મોટું ઊંચા પરથાળ પર દહેલું છે. તેની સામે ખડકી છે, જેનું જોડાણ પણ પાછળ એક નાળિયા દ્વારા કોઠા ફળિયા(અંધારિયાવડ)વાળા રસ્તે થાય છે.

ઉપરોક્ત શેઠવાડાથી આગળ જતાં જમણી બાજુ એક નાનકડી ખડકી છે. ત્યાંથી સીધા પરબડી પાસે પલૈયા બજારમાં પ્રવેશ કરાય છે.

શેઠવાડાની ખડકીથી સીધા જતાં ડાબી બાજુના વળાંક આવતા પરબડી પાસે નાની વહોરવાડ : આ સ્થળે પહેલાં વહોરા કોમની વસ્તી હતી. હાલ અહીં તે કોમનો નથી. આ ખડકીમાં મુખ્યત્વે દરેક ઘરમાં ટાંકો તથા નાની કૂઈઓ છે. હાલમાં હિંદુઓનાં જ ઘરો છે.

પરબડીથી સીધા કુંડવાવ પાસે થઈ ટાવરના રાજમાર્ગેથી સરખલીયા દરવાજે જતાં વચ્ચે મોચીવાડ અને ગોલવાડ આવે છે. જ્યારે પરબડીથી જમણી બાજુ મોટા સુથારવાડનો માર્ગ તેમજ **અંબા** માતાના ખાંચા પાસેથી તલાટીની કૂઈ પાસે થઈને રાજમાર્ગ પર જવાય છે.

**ગોલવાડ** :– ગોલા (રાણા) કોમની ટાવર પાસેની ખડકીઓમાં વસ્તી છે. આ રાણા કોમ અત્યારે મુખ્યત્વેૃ અનાજ વેચવાનો ધંધો કરે છે. શહેરમાં અનાજ દળવા–ખાંડવાના સંચાઓ થયા તે પહેલાં આ કોમ દળવા–ખાંડવાનો ધમધોકાર ધંધો ચલાવતા હતા.

**મોચીવાડા** :– ગોલવાડથી સરખલીઆ દરવાજાની પરબડી. જુની નગર સુધરાઈના રુગ્ણાલય સુધીના રાજમાર્ગ પર તેમજ આ સ્થળે આવેલા નાનકડા ખાંચાઓમાં મોચી કોમનો વસાવટ છે. જેથી આ ભાગ મોચીવાડા નામે ઓળખાય છે.

**વિંછુવાડો** : જુના મ્યુ. દવાખાનાથી મીઠા તલાવના દરવાજા તરફ જતાં સીધા રાજમાર્ગની જમણી બાજુથી વીંછુવાડા નામનો વિભાગ આવે છે. આ સ્થળે મુખ્યત્વે પટેલ વસ્તી છે. સર્વે અન્ન ઉત્પાદકો છે.

**હવે આપણે ફરી શ્રી પુ. હ. મહાજન લાયબ્રેરી પાસેના ચાર રસ્તાથી બાકી રહેલ વિભાગ તરફ ઉપડીએ** : જે માર્ગ મોટા દરજીવાડાથી સીધો જવાનો છે.

આ સ્થળે ડાબી બાજુ એક જુના મોટા મકાનમાં જનરલ પોસ્ટ ઓફિસ અને ટેલિગ્રામ ઓફિસ હતી. (હાલ તે ગામ બહાર છે.)

**કોઠા ફળિયું** :– અહીં મરજાદી સંપ્રદાયની કોઠી છે. જ્યાં પહેલાં રાજવલ્લભ નામનો ગ્રંથ હતો તેમ કહેવાય છે. અહીં કોઠાનું મંદિર છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૧) આગળ જતાં એક પોળ જેવો ભાગ છે કે જે ઠાર શેઠવાડાના નાળીયા જોડે જોડાય છે. અને શેઠવાડાના નાકાવાળા માર્ગે નીકળાય છે.

આ સ્થળ અંધારિયા 'વડવાળી જગ્યા'ના નામે ઓળખાય છે.

(૨) અંબામાતાના ખાંચાવાળા માર્ગથી તલાટીની કૂઇ પાસેના રાજમાર્ગ પાસેથી એક તદ્દન નાની છીંડી જેવા નાળિયા વાટે રંગીલાની પોળમાં નીકળાય છે.

(૩) કુંડવાવથી સુથારવાડાના મુખ્ય રસ્તે જવાનો રાજમાર્ગ કે જ્યાં ધોળી કૂઈ અને બહુચરમાતાનું સ્થાન તથા સાથે જ રાધેશ્યામ મંદિર પાસે આ રસ્તો મળે છે.

આ ધોળી કૂઇ પાસે બે નાનકડી ખડકીઓ છે. તેમાંની એક ધોળી કૂઈનો ખાંચો : આ નાની પોળ છે. જ્યાં રાવલ અટકના તપોધન બ્રાહ્મણોની વસ્તી છે. અહીં એક ખડાયતા કોમની ધર્મશાળા પણ છે.

ડાકઘર – પૂર્વેની પોસ્ટ ઓફિસવાળા રાજમાર્ગની જમણી બાજુ :

**મહેતાપોળ** : જમણી બાજુ જેમાં મહેતા અટકવાળા વણિક ભાઇઓની પહેલાં વસ્તી હોવાનો સંભવ છે. આથી એ નામથી આ પોળ ઓળખાય છે. પોળમાં પેસતાં જ જમણા હાથે " આલેપાઇ" માતાની નાનકડી દેરી છે. આ પોળના પશ્ચાત્ ભાગથી પીપળા ખડકીમાં નીકળાય છે. આ સ્થળની ધરતીના ખોળે કવિ શ્રીરાજેન્દ્રભાઈ ખેલેલા છે.

### ૩. રાધેસ્યામના મંદિર પાસે ખડાયતાવાડ :

**ખડાયતાવાડ**: આ સ્થળે ખડાયતા વણિકોની વસ્તી છે. સામાન્યથી ધોળી કૂઇ સુધીના ભાગને ખડાયતાવાડ તરીકે જ ઓળખવામાં આવે છે.

જમણી બાજુ તલાટીની કૂઈ છે, કે જેની સામે અંબા માતાના ખાચાવાળો રસ્તો છે. જે માર્ગ પર ત્રણ નાની ખડકીઓ છે. જ્યારે કૂઇ પાસેની ખડકીને તલાટીની ખડકી કહે છે. આ ખડકીના પશ્ચાતના નાળિયા મારફતે રંગીલાની ખડકીમાં અવાય છે.

આપણે તલાટીની કૂઈથી અંબામાતાના ખાંચા સુધી આવીએ:

**અંબામાતાનો ખાંચો**: આ ખાંચાના નાકે શ્રીજગદંબા અંબામાતાનું દેવળ છે. આ ખડકીને ભડકણની ખડકી કહે છે. આ ભડકણ અટકના કુટુંબના વંશજો હાલમાં હયાત છે.

### ૫. હરિભાઈનો વસવાટ :

અંબામાતાના દેવળથી બીજો મોટો માર્ગ મોટા સુથારવાડા તરફ જાય છે. તે તરફ જતાં ડાબી બાજુ :

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**સોનીની ખડકી :** આ ખડકીમાં સોનીભાઈઓનો વસવાટ હોવાથી આ ખડકી તે નામથી ઓળખાય છે.

આગળ વધતાં ખડાયતાવાડના માર્ગમાં ધોળી કૂઈ પાસે આવી પહોચ્યાં. તેથી આગળ વધતાં જમણી બાજુ :

**રંગીલાની પોળ :** રંગીલદાસના નામથી આ પોળ તે નામે ઓળખાય છે. આ પોળમાં પણ એક નાનકડી ખડકી છે. અહીં એક પરબડી તથા મહાદેવનું નાનકડું દેરું છે. આ ખડકીમાં મોટા રત્નાગીરી માતાના પરમ ઉપાસક શ્રીસ્વ. મગનલાલ નરસીદાસ શેઠનો વસવાટ હતો. આજે તેમના વારસદારો હયાત છે. આ પોળનો પશ્ચાત્ ભાગ નાનકડા નાળિયાથી તલાટીની ખડકી સાથે જોડાય છે.

**ડાબી બાજુ :** રંગીલાની પોળની સામે જ રાજમાર્ગ પડે છે.

**પાડાપોળ :** આ પોળ જૂની છે. અહીં પહેલાં વ્હોરા ભાઈઓની વસ્તી હોવાનો સંભવ છે. પોળના નાકે ખંડેર હાલતની વ્હોરાભાઈઓની મસ્જિદ છે. તેને તો ફક્ત સાફસૂફી કરાવે છે. હાલ આ સ્થળે તમામ હિંદુ કોમની જ વસ્તી છે.

પાછળના નાનકડા રસ્તે જતાં 'શ્રીબેનજીબાઈ હિંદુ પ્રસૂતિગૃહ' તથા શ્રીસરસ્વતી (નટરાજ) થીએટર' આવે છે.

**સીધા મોટા સુથારવાડા તરફ જતાં :** ડાબી બાજુ : ધર્મશાળા અને મંદિરની પડોશમાં એક ખાંચામાં સીંધવાવમાતાજીની આંગી છે. આ વાવમાં આ આંગી હોવાથી વાવ પણ એ જ નામે ઓળખાય છે. સાથે જ એક નાનકડા પરથાળવાળી માતાની દહેરી છે. સામ સુથાર કોમની એક ધર્મશાળા છે. તથા સામે જ સોનીની ધર્મશાળા છે. પાછળના માર્ગે જતાં નાના બારોટવાડામાં જવાય છે. અને એ રસ્તેથી મીઠા તલાવના દરવાજાવાળા રાજમાર્ગ પર અવાય છે. બીજા એક નાળિયા વાટે રાઇસ મિલવાળા રસ્તા પર પણ આવી શકાય છે.

સુથારવાડા તરફ જતાં મોટા રામજીમંદિર પાસે, બે સામસામી નાનકડી ખડકીઓ છે. જેમાં એક રામજી મંદિરની પશ્ચાત્ લગોલગ ખડકી છે.

**રાવલપોળ :** રાવલ અટકના બ્રાહ્મણોની વસ્તી હોવાથી આ નામ આપવામાં આવેલ છે. આની પડોશમાં આ ગામના વિદ્વાન અને જ્યોતિષશાસ્ત્રમાં ઊંડા અભ્યાસી એવા વિદ્વાન રાજ્ય જ્યોતિષીઓનો વસવાટ હતો. હાલ આ પોળ આમાંના દાનવીર હરિશ્ચંદ્ર વાડીલાલ જાલીવાલાના નામે ઓળખાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**મોટા સુથારવાડાનું ચકલું** :– સુથારવાડો સમગ્ર ભવ્ય છે. આ સ્થળે પહેલાં રાજશાહી જેવા દેખાવો હતા, તે વૈશ્ય સુથાર તથા બ્રહ્મભટ્ટ કુટુંબની ભવ્યતા બતાવે છે. શ્રીઅંબાજી માતાનું મંદિર જુના માધુપુરામાં આશરે એકસો પચીસ વર્ષ જેટલું પ્રાચીન છે. કપડવણજના શ્રીનરભેરામ ભટ્ટ જાતે વળાદરા બ્રાહ્મણ, ચંડીના ઉપાસક અને પરમભક્ત હતા. તેઓ કપડવણજમાં અંતિસરીયા દરવાજે ઘીનો ધંધો કરતા, માની કૃપાથી ધંધો સારો ચાલતો હતો. પોતાના ઉદાર સ્વભાવે તેમને દરબારનું ઉપનામ આપવામાં આવ્યું હતું. વાતમાં કહ્યું છે ને કે 'સમય સમય બલવાન, નહિં પુરૂષ બલવાન ? કાબે અર્જુન લૂટીઓ, ઓહી ધનુષ્ય ઓહી બાન' આર્થિક સ્થિતિ બદલાઇ, ધંધો પાયા-ઉપર થઈ ગયો પણ પોતાનો સ્વભાવ જરા પણ ચલિત ન થયો, માતાજી પ્રત્યે અખુટ શ્રદ્ધા હતી, આશરે સંવત ૧૯૧૯ માં એક કલાકાર માતાજીની બે મૂર્તિઓ લઇને આવ્યો. ગામમાં બતાવી પણ કદર ન થઇ. દરબાર લેશે એમ વેંગમાં કહ્યું. કલાકારે દરબારને વિનંતી કરી, દરબારે પોતાની પાસે રહેલી પોતાની મુંડી સમાન ૧૭ મણ શુદ્ધ ઘીના બદલામાં લીધી. આ વાત ઉપર ઘેરથી પણ તિરસ્કાર પામ્યા, માતાજી દ્વારા સ્વપ્નમાં કહ્યા પ્રમાણે, તેમને અમદાવાદ લઇ જવામાં આવ્યાં, ત્યાં જૈન દહેરાસર આગળ સ્થાપવાનો વિચાર કર્યો, જ્યાં બીજા ધર્મવાળા પાસેથી માર પણ ખાધો, છતાં શ્રદ્ધા ખુટી નહીં, ત્યાં એક બહેન ધૂણતાં ધૂણતાં આવ્યાં અને માતાજીની સ્થાપના જુના માધુપુરામાં કરવામાં જણાવ્યું, તેમના કહેવા પ્રમાણે તેમની સ્થાપના થઇ. આજે પણ માતાજીની આરતી પછી ભગત નરભેરામ દરબારની જય બોલાય છે.

**રાવળપોળ** :– અત્યારે આ શ્રીહરીશપોળ તરીકે ઓળખાય છે. જ્યારે સામેવાળી પોળ બીજા એક નામે ઓળખાય છે.

**રમજી મંદિરથી ડાબા હાથે જતાં પાવર હાઉસવાળો ( સરદાર-બાગવાળો) રસ્તો છે, અને બીજો જમણી બાજુ જવાનો રસ્તો** :– એ દેસાઇવાડા તરફ જવાનો રસ્તો છે. ડાબી બાજુ બધા નાના ખાંચા છે. જ્યારે જમણી બાજુ :–

**કુવા-ફળિયું** :– એક નાનકડો કુવો છે, તેથી તેને કુવા ફળિયું કહેવાય છે.

**વાળંદવાડો** :– આ સ્થળે પહેલાં હિંદુ નાઈ કોમના કેટલાક ઘરો હતાં. હાલ ત્યાં બે ચાર ઘરો છે, બાકી વણિકોની વસ્તી છે.

**શ્રીમાળી વાડો** :– શ્રીમાળી વણિકોની સારી એવી વસ્તી હોવાથી તે આ નામથી ઓળખાય છે. આ પોળમાં અમીચંદ ઝવેરભાઈ પરીખનું રહેઠાણ હતું. તેઓ આપણા નગરશેઠના મોટા મુનિમોમાંના એક હતા. પાછળથી શેઠ અમીચંદ ઝવેરની પેઢી પણ હતી. આપણા સેવાસંઘના તથા ગામના સેવકોમાંના એક શ્રીચન્દ્રકાંત તથા પ્રિયકાંત ઓચ્છલાલ પરીખના વારસદારો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**અમથા પારેખની ખડકી :–**

**ભાઈચંદ શંભુલાલની ખડકી :–**

**મુળજી વૈદની ખડકી :–** મોટા નાગરવાડાથી જટ વાડા તરફ જતાં ડાબા હાથે એક નાની ખડકી ઓટલા પર છે. ત્યાંના રહેવાસી પ્રતિષ્ઠિત વૈદ મુળજીભાઈના નામે ઓળખાય છે.

## મોટા વિભાગો

### અંતિસરીયા દરવાજાથી

કસ્બો–મલેકવાડી–ખંગડીવાડ–સીસગરવાડો–કંસારવાડો–કસાઈવાડો–કડીયા વાડ–ભાવસારવાડ–સૈયદવાડ–લુહારવાડો – જોઈયાવાડ – જટવાડો – ડબગરવાડ – ચામરવાડ – ઢેડવાડ (વણકરવાસ) હરિજનવાસ–સુથારવાડો–વ્હોરવાડ–ભટ્ટવાડો-સલાટવાડો-ખડાયતાવાડ–વગેરે...

### પરાં તથા હાઉસીંગ સોસાયટીઓ

હનુમાનપુરા, પ્રેસકાટપુરા, ગોપાળપુરા, કરસનપુરા, તૈયબગુરા, મહંમદપુરા, મીંરાપુરા, લલ્લુપુર, ત્રિવેણીપાર્ક, હરિકુંજ સોસાયટી.

### ઇનામી ગામો

અલવા, દંતાલી, મીરાંપરું, મહંમદપરું........

### વોર્ડવાર વિભાગ

**વોર્ડ નંબર–૧ વિસ્તાર :–** ઇશ્વર ઝવરની ખડકી, કાછીયાવાડ, ચોરાનો વિસ્તાર, પ્રેસકાટપુરા, વણકરવાસ, ગોપાળપુરા, મારવાડીવાસ, હરિકુંજ સોસાયટી, સ્ટેશન વિસ્તાર.

**વોર્ડ નં. ૨ વિસ્તાર :–** નાની–મોટી વ્હોરવાડ....

**વોર્ડ નં. ૩ વિસ્તાર :–** ભુધરભાઈની ખડકી, નાનો નાગરવાડો, સલાટવાડો, પટેલવાડો, ભટ્ટવાડો, ઉંડાપાડા, પીપળા ખડકી, અંતિસરીયા દરવાજા બહાર, વૈજનાથ મહાદેવ તેની આસપાસ, મારવાડીવાસ–લાકડાનાં પીઠાં તથા હાઇસ્કુલ વિસ્તાર.....

**વોર્ડ નં. ૪ વિસ્તાર :–** ઢાકવાડી, મહમદ મુરારનો ખાંચો, પટેલ વાડોનો બહારનો ભાગ, અંતિસરીયા દરવાજા સુધી, ભીલવાડો, ગોરવાડો, વંઢાની ખડકી, જેસંગભાઈ શેઠની ખડકી, ચિંતામણીની ખડકી, માળીવાડાનો ભાગ, વણકરવાસ, હરિજન વાસ (અંતિસરીયા દરવાજા બહાર), શેઠાણીની ધર્મશાળાનો વિસ્તાર, ઓઈલ મીલો અને જીન વિસ્તાર તથા સોનીપુરા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વોર્ડ નં. ૫ વિસ્તાર** :– કસ્બાનો ભાગ, બંગડીવાડ, ડબગરવાડ, ઘાંચીવાડો; સીસગરવાડો, મલેકવાડી, માળીવાડાનો ભાગ, કસાઈ વાડો, કોર્ટ વિસ્તાર, ઘાંચીવાડો, છીપવાડ (ભાવસારવાડ), અને કડીયા મસ્જીદ....

**વોર્ડ નં. ૬ વિસ્તાર** :– જટવાડો, કુંભારવાડો, લુહારવાડો, મોટો નાગરવાડો, આંપલી પોળ, મોદીવાડો, નારણદેવ મંદિરનો પાછળનો માળીવાડો, કડીયાવાડનો ભાગ, વણકરવાસ, નદીદરવાજા બહારનો ભાગ, પંપીંગ સ્ટેશન, કુબેરજી મહાદેવનો ભાગ, એ બાજુનો હરિજનવાસ, એસ.ટી વિભાગ, ત્રિવેણી પાર્ક....

**વોર્ડ નં. ૭ વિસ્તાર** :– હનુમાનપુરા, મ્યુ. ઓફીસનો ભાગ, વીંછી વાડ, ગોલવાડ, ગોલવાડનો ભાગ, મગન નરસીંહની ચાલ, પાડાપોળ, ધોળી કુઈ, ખડાયતાવાડ, સોનીવાડ, સુથારવાડાનો ભાગ, તાપીની ખડકી, શેઠવાડાનો ભાગ, કોઢા ફળીયું, જુની પોષ્ટ ઓફીસ, મહાજન લાયબ્રેરી, ગાંધીવાડો, દાણીવાડો, અમથા પારેખની ખડકી, કડીયાવાડ, ધોબી ફળીયું....

**વોર્ડ નં. ૮ વિસ્તાર** :– શ્રીમાળીવાડો, રંગીલા પોળ, મહેતા પોળ, તલાટીની કુઈ, પીપળા ખડકી, દેસાઇવાડો, જુની અદાલત, સુથારવાડાનો ભાગ, લીમડા પોળ, ઢાળકુવાનો ભાગ....

**વોર્ડ નં. ૯ વિસ્તાર** :– શામળભાઈ શેઠની ખડકી, દલાલવાડો, મોદીઆની ખડકી, ક્ષોત્રિયવાડો, શંકર શેઠનું ડહેલું, શેઠવાળાનો ભાગ, દયા ડાહ્યાની ખડકી, જુની વહોરવાડ, નીલકંઠ મહાદેવનો ખાંચો, નણુભાઈ શેઠની દુકાનનો ખાંચો, મોચીવાડાનો ભાગ, નરસીંહ શીવશંકરની ખડકી, તોતળા માતાની ખડકી, બ્રાહ્મણી માતાનું ફળીયું.

**કુલ વસ્તી** ૨૬૩૧૪ (લેખકે જ્યારે નોંધ્યું છે ત્યારની ગણતરી) મતદારોની સંખ્યા ૧૩૨૦૦

## મ્યુ. ની વોર્ડવાર બેઠકો

| | |
|---|---|
| વોર્ડ નં. ૧........ ૩ બેઠક | વોર્ડ નં. ૫........ ૩ બેઠક |
| વોર્ડ નં. ૨...... ૨ ,, | વોર્ડ નં. ૬........ ૩ બેઠક અનુસુચીત જાતી માટે |
| વોર્ડ નં. ૩........ ૩ બેઠક | વોર્ડ નં. ૭........ ૩ બેઠક |
| વોર્ડ નં. ૪...... ૪ બેઠક | વોર્ડ નં. ૮........ ૨ ,, |
| | વોર્ડ નં. ૯........ ૨ બેઠક. ૧ સ્ત્રી માટે અનામત |

## મોટા વિભાગો

### કંસારવાડા (હોળી ચકલા)

અંતિસરીયા દરવાજેથી સીધા પશ્ચિમ તરફ જતાં ડાબા હાથે જ્યાં લાંબી શેરીનો રસ્તો શરૂ થાય છે. એ જ ચોગાનમાં ફાગણ સુદ પૂર્ણિમાએ હોળી પ્રગટાવવામાં આવે છે. આ સ્થળને હોળી ચકલું કહે છે. આ વિભાગને કંસારવાડાનો ચકલો કહે છે. આ વિભાગમાં કહેવાય છે કે ૩૦૦ ઘરો કંસારાનાં હતાં. આ ભાઇઓ બાબીવંશના સમયમાં ગામ છોડી નડીયાદ, વીજાપુર વગેરે સ્થળે ગએલા કહેવાય છે. હાલમાં આ સ્થળે ઐશ્વર્યવાન જૈન પ્રજા તથા અન્ય કોમની પ્રજાનો વસવાટ છે. હાલ જે કસાઇવાડો છે તે પહેલાં જૈન પ્રજાના વસવાટવાળો ભાગ હતો.

હાલમાં શ્રીશામળભાઈ શેઠની પોળમાં જે હર્ષદ માતાજીની પ્રતિમા છે, તે પ્રથમ ટાંકલાની દેરીથી કંસારા ભાઇઓ લાવેલા એમ કહેવાય છે. હાલમાં તેનો વહીવટ દરજી કોમના ગોર કરે છે.

**મલેકવાડો** :– કંસારાવાડાના ચકલેથી ગોરવાડાના માર્ગે કાચના કારખાના તરફ ગયા બાદ ત્યાં એક ચોગાનમાં ખંડેર છે. ખંડેર ઇમારતની પાડોસના ભાગને મલેકવાડો કહે છે. આ ખંડેર "મલેક દરબાર" (જુઓ ચિત્રો)ના નામે ઓળખાય છે. મલેક કુટુંબ અલવાની ઇમાનદારી ભોગવતા પ્રતિષ્ઠિ મુસલમાન ભાઇઓ હતા. આ કોમની પહેલાં એક રાજવી જેવી જાહોજલાલી હતી. આ ઈનામદારો ઉદાર અને વીર પણ હતા. પાડોશમાં કાલુ સૈયદનો રોજો છે.

**સીસગરવાડ** : આ વિભાગમાં વસનારા મુસલમાન ભાઇઓ કાચના કારખાનામાં ગોળામાં સીસું રેડવાનું કામ કરતા. સીસું રેડનાર સીસગર કહેવાયા. અને આ વિભાગને સીસગરવાડ કહેવાયો. પાસેના વિભાગમાં કાચના કારખાનામાં બંગડીઓ બનાવનાર જ્યાં વસે છે તે વિભાગને બંગડીવાડ કહે છે.

**કડીઆવાડ** : : કડીયાની મસ્જીદથી ભાવસારવાડથી આગળ જતાં ડાબા હાથે જે વિભાગ છે તેને કડીયાવાડ કહે છે. આ મુસલમાન કડીયાભાઇઓ મકાનો ચણવા, બાંધવાનો ધંધો કરે છે. કપડવંણજ શહેરનાં મોટા ભાગનાં મકાનો તેઓની હાથ કારીગરીના નમુના છે.

**ભાવસારવાડ** : કડીયાવાડ પુરી થતાં તાઈવાડા સુધીના ભાગને ભાવસારવાડ ઉર્ફે છીપવાડ કહે છે. કાપડ માટેના પ્રખ્યાત શહેરને છાપકળા સાથે સંબંધ હોય જ. પહેલાં આ હિંદુ ભાવસાર કોમના ભાઇઓ કપડાં લાવતા અને રંગતા. તેથી તેઓને છીપા પણ કહેતા. ધીમે ધીમે આ ઉદ્યોગ પણ નરમ બનતો ગયો. આ એક જ કોમના ભાઇઓ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ વિભાગમાં રહેતા. થોડાક મુસ્લીમ રંગરેજ તથા બ્રહ્મક્ષત્રિય ભાઇઓના કુટુબ પણ છાપકામ કરતા હતા. હાલમાં આ કોમના ભાઇઓ અન્ય પ્રવૃત્તિમાં જોડાઇ ગયેલા છે.

**તાઈવાડો :** ભાવસારવાડથી આગળ જતાં તાઇવાડાનો વિભાગ છે. આ મુસલમાન કોમના ભાઇઓ કપડાં તુણવાનો ધંધો કરતા હતાં. હાલમાં કોઈ અહીં આ ધંધો કરતું નથી, પણ તેમના વિભાગમાં તાઇઓની યાદમાં તાઈઓની મસ્જીદ છે.

**લુહારાવાડો :**—પહેલાં આ શહેરમાં કહેવાય છે કે આ કોમનાં ચારસો જેટલાં ઘરો હતાં. તેઓ લોઢું ગાળવાનો તથા ઘડવાનો ધંધો કરતા હતા. લોઢું ગાળવાની ભઠ્ઠીઓ મહોર નદીના કાંઠે હતી. જેના કાટના ટેકરા હાલ પણ મોજુદ છે. લોઢા સાથે કોઈક વનસ્પતિનો રસ ભળવાથી રૂપા જેવું થતું પણ રાજયની બીકે આ પ્રજા ભાગી ગઈ અને વઢવાણ, લીમડી અને અમદાવાદ તરફ વસી. તેમના વંશજો હયાત છે. હાલમાં આ સ્થળે લુહાર (પંચાલ) કોમના ઘરો છે. તેઓ લોખંડ તથા એન્જીન્યરીંગ વિભાગના સારા એવા જાણકારો છે.

**જટવાડો :**—બાબી વંશના વખતમાં પ્રજાના રક્ષણ માટે જટ કોમના મુસલમાનોને મીઠા તલાવના દરવાજા પાસે વસાવેલા. હાલ આ લોકોની વસ્તી નથી. મોટા નાગરવાડાની હદ પુરી થતાં ત્યાંથી મીઠા તલાવના દરવાજા પાસેની હદ સુધીને જટવાડો કહે છે.

**જોઈઆવાડ :**—હાલના નદી દરવાજા પાસે જોઇઆવાડનો વિભાગ છે. જ્યાં પહેલાં જોઈઆ જાતના મુસલમાનો બાબીવંશના સમયમાં જ વસેલા. આ ગામ રક્ષકોએ પ્રજા પર જુલ્મ કરવા માંડેલો. એક માતેલો ઘેટો તેમના = મકાનો પાસેના ચોરા પાસે બાંધતા અને આ રસ્તેથી જતા પ્રજાજનોને ફરજીયાત આ ઘેટાને સુંઘવાની ફરજ પાડતા. આ જુલ્મના પડઘારૂપી આ જુલ્મીઓને એજ બાબી વંશના લાડણી બેગમના સમયમાં જ સજા કરી, હદપાર કરી, તેમનાં મકાનો જમીનદોસ્ત કર્યાં. હાલમાં પણ તે સ્થળે ખોદકામ કરતાં જુની ઈમારતોના અવશેષો મળી આવે છે. (ગટર યોજના વખતે જુના અવશેષો દેખાયેલ.) પાછળના ભાગમાં વણકર વગેરે રહે છે.

**સૈયદવાડ :**—મુસ્લીમ જગતમાં સન્માનિત હઝરત સૈયદ મુબારક સાહેબના પવિત્ર સૈયદ વંશના વારસદારોનાં અહીં કુટુંબો વસે છે. અંતિસરીયા દરવાજા પાસેના કસ્બામાં આ વિભાગ આવેલ છે. હાલમાં પણ ત્યાં એક વિશાળ સૈયદની હવેલીના નામે ઓળખાતું મકાન છે. જે તેની જાહોજલાલીની યાદ આપે છે. શ્રીઅમૃતબાઈ શેઠાણીની ભવ્ય ભાવનાના પ્રતિકરૂપ શ્રીઅષ્ટાપદજીના દેરાસરના મહત્વના કાર્યકર શેઠાણીના નિમકહલાલ સેવ– કોમાંના વ્યક્તિ તરીકે હુસેનમીયાં દાદામીયાં સૈયદનો ફાળો હતો.

**હરિજનવાસ :**—શહેરની સફાઈ કરી પ્રજાને તંદુરસ્તી માટે પ્રયત્નો કરનાર પ્રજાના સેવકો જેવા હરિજન ભાઇઓનો વસવાટ દરેક દરવાજા બહાર છે. ૧–આ રીતે અંતિસરીયા રીના દરવાજા બહાર, ૨–ગાંચી બારના દરવાજા બહાર, ૩–સરખલીયા દરવાજા બહાર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ડબગરવાસ** :–ચામડાના ઉદ્યોગ પર ટકનાર આ પ્રજા શહેરના ઉત્તર વિભાગમાં નદી દરવાજે જતાં રાવળીયા વાડની પડોશના એક ખાંચા દ્વારા જતાં તેમનો માર્ગ છે. ત્યાં આ પ્રજા રહે છે. કહેવાય છે કે–પહેલાં અહીં કિલ્લાનો દરવાજો હતો, પણ બાબી વંશના સમયમાં પુરી દેવામાં આવેલો, અને ગાંચીવાડા તરફ નાનો દરવાજો કરવામાં આવેલો. જે હાલમાં ગાંચીવાડાની બારી–ગાંચીબારી તરીકે ઓળખાય છે.

**વણકરવાસ** :–નદી દરવાજા પાસે જોઈઆવાડવાળા ભાગની પાછળ આ કાપડ-વણનાર તુલસીપુજક પ્રજાનો વાસ છે. આ લોકોનો થોડોક સમુહ મલેકવાડાના ભાગમાં પણ રહે છે.

**ચમારવાડ** :–શ્રીકુબેરજી મહાદેવ તરફ આ પ્રજા વસે છે. તેમનો મુખ્ય ધંધો ઢોર ચીરવાનો તથા મુએલાં ઢોર લઈ જવાનો છે. મુએલાં ઢોર ચીરીને ચામડું સાફ કરવા તેઓના વસાવટ પાછળ ચામડીઆના મોટા કુંડો પણ છે.

□

## કપડવણજની આસપાસનાં પરાં તથા કપડવંજીઓનાં ઇનામી ગામો.

**કરસનપરૂં–(તૈયબપરૂં)**–અંતિસરીયા દરવાજા બહાર (ઓઢણ, ઢોરો છોંડવાની જગ્યા) માણેકબાઇ શેઠાણીની ધર્મશાળા તરફ જતાં ડાબી બાજુની સડકે કરસનપરામાં જવાય છે. આ સડકે જતાં જીનીંગ ફેકટરી અને તેથી આગળ જતાં એક જુની દરગાહ 'ઝેબંડશા' પીરની છે. ડાબી બાજુ તેલની મીલ છે. ત્યાં એક દરગાહ છે. જેને લોકો 'ઝાલાની' કબર કહે છે. પડોશમાં લલ્લુપરૂં છે, અને કેરણ ખાણની તલાવડી છે. અહીંથી કરસનપરું શરૂ થાય છે. કરસનપરામાં પ્રવેશતાં જ જમણી બાજુ નગર રક્ષક શ્રીરામભક્ત હનુમાનની પ્રતિમા છે. ડાબી બાજુ એક નાનકડી દેરી છે. આ પરામાં પ્રખ્યાત ધર્મવીર ભાથીખત્રી મહારાજનું દેવળ છે. સામે જ ઢોર પુરવાનો ડબ્બો છે. કપડવણજ શહેરમાં રખડતાં ઢોર અહીં પુરવામાં આવતાં. માલિક જ્યારે તે ઢોરને છોડાવવા આવે ત્યારે ખર્ચ અને દંડ આપીને છોડાવી જાય. (લાંબો વખત રહેનાર ઢોરને બીન વારસી ગણીને હરાજ કરવામાં આવતું.)

**મુખીપરૂં** :–મુખીપણું એ રાજ્ય હક્ક માફક વારસાઈ હક્ક છે. તે સંવત ૧૮૦૯ ઇ. સ. ૧૭૫૩ માં કડવા પટેલ કેશવજીના હાથમાં ગાયકવાડી સમયમાં આવ્યું. બાબી-વંશના સમયમાં ગામની મુકાદમી મોઢ વણિકોના હાથમાં હતી.

સંવત ૧૯૦૭ ઇ. સ. ૧૮૫૧ લગભગમાં કપડવણજના શ્રીગોપાળરાવ લક્ષ્મણરાવ નામના લોકપ્રિય મામલતદાર હતા. તેઓ દક્ષિણી હોવાથી સૌ તેમને 'દાદા'ના મસ્તનામથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માનભરી રીતે બોલાવતા. આ સમયમાં કપડવણજના મુખી શ્રીકરશનદાસ કરીને હતા. ("રાજીઆ રોળ અને કરશન કેરનો આ જમાનો હતો.)

કરશન મુખી લોકો પાસેથી તેમનો હક્ક ઉઘરાવવા હાલ જ્યાં આ પરૂં છે તે સ્થળે માંડવો બાંધીને મુકામ કરતા. મુખીને ઘરે આવતાં જતાં તકલીફ પડતી, તેથી તેમણે દાદા સાહેબને વાત કરી. ગોપાળરાવે તેમને અહીં કેટલીક જમીન આપી. જ્યારે મુખીએ આ સ્થળે લોકોને વસાવી ગામનું નામ કરસનપરું રાખ્યું. હાલ તેને તૈયબપુર કહે છે.

**ગોપાળપરૂં** :–કરસનપરાનું સમકાલીન આ ગોપાળપરૂં છે. ઐતિહાસિક સીંગર–વાવની દક્ષિણે, રેલ્વે સ્ટેશનની જમણી બાજુ આ ગોપાળપરું આવેલ છે. સંવત ૧૯૧૦ ઇ. સ. ૧૮૫૪ની આસપાસના સમયમાં કપડવંણજના પ્રજાપ્રિય મામલતદાર શ્રીગોપાળરાવ લક્ષ્મણરાવે લોકોને આ બાજુ વસાવ્યા. તેમના નામથી આ વિભાગ ગોપાળપરાના નામથી ઓળખાય છે. આ પરામાં એક ધર્મશાળા તથા શ્રીરણછોડજીનું મંદીર છે. અહીં એક કુવો છે. જેનો ઉપયોગ ઘણાં જ કુટુંબો કરતાં હતાં. (નળ આવતા પહેલાં.)

**લલ્લુપરૂં** :–કરસનપરામાં જતાં ડાબી બાજુની તેલની મીલ તથા કેરણ ખાણની તલાવડીની પાસે શ્રીલલ્લુભાઇ મુખીએ પોતાની જમીનમાં લોકોને વસાવ્યા તેને લલ્લુપરૂં નામ આપ્યું. આ લલ્લુપરૂં સંવત ૧૯૮૨ ઇ. સ. ૧૮૫૧માં વસાવ્યું. તે ઉત્તર અં ૨૩"–૦' અને પૂર્વ રેખાંશ ૭૩"–૩' ઉપર છે.

**મહમદપરૂં** :–**(ઈનામી)** :–વિ. સં. ૧૮૪૪ ઇ. સ. ૧૭૮૮–૮૯ના અરસામાં તલાઇઓએ કુવો બંધાવ્યો. તે બાદ વિ. સં. ૧૯૫૯ ઈ. સ. ૧૯૦૩ લગભગમાં શ્રીઆણંદરાવ ગાયકવાડ અને તેમના દીવાન સીતારામ બાપુએ શ્રીગુલાબસીંગ કાકુભાઈને આ મહમદ-પરૂં ખુશીથી સિરપાવમાં આપેલું. આ કુટુંબના પહેલાંના પ્રતાપી પુરૂષોમાં શ્રીગુલાબસીંગ પણ હતા.

આ કુટુંબના શ્રીકુલબા હતાં, કે જેમણે સંવત ૧૮૦૮ ઇ. સ. ૧૭૫૨માં બારોટ-વાડાનો ચોતરો બંધાવેલ. જે આજે પણ મોજુદ છે.

આ કુટુંબમાં બારોટ કાકુજી ઘણા જ પ્રખ્યાત પુરૂષ હતા. તેઓશ્રીએ લુણાવાડાની જાતી ઉઠાવવામાં ઘણી સારી મદદ કરેલી. જેથી તેમને સંવત ૧૮૩૪, ઇ.સ. ૧૭૮૮માં શ્રીદીપસીંહજી મહારાજે વખતપુર કે હાલ પાતાપોર તરીકે ઓળખાય છે. તથા તેમને જુની મુવાડીની જડવાઈ પણ બાંધી આપેલી. આ પ્રસિદ્ધ પુરૂષને વાડાશિનોરના નવાબ મહમદખાને "ખડોલ" ગામ પણ સંવત ૧૮૦૯ મહાસુદ ૫ ના આપેલ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાકુજીના સુપુત્ર ગુલાબસીંગે સંવત ૧૮૫૩ ઈ. સ. ૧૭૯૭માં વાડાશિનોર અને કપડવણજની વચ્ચે વાવ બંધાવેલી. જે હાલ "કાપડીની વાવ" તરીકે ઓળખાય છે.

**અલવા (મલેક)**: કપડવણજથી પાંચ(૫) માઇલ દૂર છે. ૫૦૦ વર્ષો પૂર્વે અલી-મહમદ નામના મલેક સરદારે આ ગામ વસાવેલ એમ કહેવાય છે. તે ઉ. અં. ૨૩"–૦' અને પૂર્વ રેખાંશ ૭૩"–૪', પર આવેલ છે.

**મીરાંપરૂં** :–ત્રિવેદી જીવણજી ગોવિંદરામે તે વસાવેલું. તે કપઠવણજથી એક માઈલ દુર છે.

**દંતાલી** :–ઉ. અં. ૨૩"–૫' પૂર્વ રેખાંશ ૭૩"–૮' (કપડવણજથી ૧૦ માઇલ દુર છે.)

**પ્રેસકોટપુરા**

**હનુમાનપુરા**

**ઇસ્લામપુરા** :–આ ત્રણ પરાંઓ છે.

કપડવણજ શહેરની આસપાસ અત્યારે તે પરાં છે. પૂર્વકાળમાં કિલ્લા બહાર કોઇ પણ જાતનો વસવાટ ન હતો, અને પ્રજા કિલ્લાના રક્ષણ નીચે ગામના અંદરના ભાગમાં જ રહેતી. તે સમયમાં જેમ અન્ય જુના ગામો કે નગરોમાં પહેલાં દુશ્મનોથી સાવધ રહેવા જે સગવડો રાખવામાં આવતી, તેવી જ આ ગામની વ્યવસ્થા અને રક્ષણ માટે જરૂર તેવાં ટકોર ખાનાં પણ હતાં.

**૧. કસ્બાની બહાર** :–કિલ્લા બહાર આજે એક ટેકોરખાનું મોજુદ છે. જેનું ભોંયરૂં ચાંદભાઈ વાજાવાળાના ઘરની બહાર આજે પણ નીકળે છે, મોજુદ છે.

**વરાંશીના ઘાટ પર** :–વરાંશીના ઘાટ પાસે આજે નીચેના ભાગમાં ઓરડી બનાવેલ છે. પહેલાં આ સ્થળે ટકોરખાનું હતું તેમ કહેવાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ગૌરવ અગિયારમું

## મેળા—ઉરસ—વરઘોડા

ભારતના દરેક પ્રાંતોમાં વિવિધ રીતે મેળાઓ, ઉરસ તથા વરઘોડાઓ યોજાય છે. આ બાબતોમાં ભારતના અન્ય પ્રદેશોમાં અને તેમાંએ ગુજરાતમાં યોજાતા એ મેળાઓમાં લાખો ધાર્મિક અને ભાવિક પ્રજા ભાગ લે છે.

આ મેળાઓ ભારતીય સંસ્કૃતિનાં દર્શન કરાવે છે. આ મેળાઓ દ્વારા જીવનની ઉન્નતિ અને ભાવનાઓનાં દર્શન થાય છે

આપણા ગામમાં અને તેની આસપાસમાં જે જે ધર્મ સ્થળો છે, ત્યાં સારા પ્રમાણમાં મેળા ભરાય છે. મુસ્લીમ ભાઈઓનાં ઉરસ પણ સારા પ્રમાણમાં ભરાય છે.

### આપણા કપડવંજમાં ભરાતા મેળાઓ :–

સોમનાથ મહાદેવ અને મોટી નાની રત્નાગર માતાજીના સ્થાનકે તથા કરસનપુરામાં દર નુતનવર્ષે અને ભાથીજીના સ્થાનકે મેળો ભરાય છે, તેવી જ રીતે આસપાસમાં ઉત્કંઠેશ્વર, કેદારેશ્વર, ફાગવેલ, તોરણા અને પીઠાઈમાં સારા મેળા ભરાય છે.

આ પ્રણાલિકાઓના યોજકોએ સામાન્ય રીતે શ્રાવણ ભાદરવા માસની પસંદગી કરેલ છે, તેમાં પણ પૂર્ણિમા, અગિયારસ કે અમાવાસ્યાને પસંદગી આપેલ છે. આપણો પ્રદેશ ખેતી પ્રાધ્યાન હોવાથી વિવિધ રીતે અભ્યાસ કરીને જ આપણા ભૂતકાળના વિદ્વાનોએ સમય અને ઋતુઓની પસંદગી કરેલ છે.

આપણા ભારતીય સંસ્કૃતિના આ ઉત્સવોનો સંબંધ ધર્મ સાથે જ સંકળાયેલ છે. ઉરસ મુસ્લીમ ધર્મ સાથે, પયગમ્બર સાહેબ કે સંતોના પીર જીવન સાથે જ સંબંધ ધરાવતો હોય છે, અને વરઘોડા, ધાર્મિક ઉત્સવો અને રાષ્ટ્રિય તહેવારો કે લગ્નો જેવા શુભ પ્રસંગે હોય છે.

કર્પટવાણીજ્ય, કપડવણજ, કપડવંજ ત્રણે અને તેની આસપાસ આવેલ પવિત્ર સ્થળો પર મેળા યોજાય છે. જેમાં ઉત્કંઠેશ્વર મહા વદ ૧૪ (મહાશિવરાત્રિ) તથા દંતાલીમાં શ્રીસોમનાથ મહાદેવ.

**ફાગવેલ** :–નૂતન વર્ષે મેળો ભરાય છે.

**સોમનાથ મહાદેવ લસુંદ્રા** :–શ્રાવણ વદ આઠમ(જન્માષ્ટમી) ભાદરવા સુદ–૭ ૧૨ થી પૂર્ણિમા, મોટી તેમજ નાની રત્નાગર માતાજીના સ્થાનકે સુંદર મેળો યોજાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**પીઠાઈ** :–ભારદવા સુદ–૮ (ધરો આઠમ) શહેરના મંદિરોનાં ઉત્સવો ભવ્ય રીતે ઉજવાય છે.

**પર્યુષણ** :–શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા સુદ ૪ સુધી પર્વાધિરાજ પર્યુષણનો મહાન ઉત્સવ ઉજવાય છે. આમાં જૈનો સારી રીતે આરાધના કરે છે. આત્મ સાધના કરે છે.

**ઉરસ** :–મુસ્લીમ બીરાદરો તેમના ધાર્મિક ઉત્સવો દરગાહ પાસે જ હજુ કરે છે. મહોરમનો પણ સારો એવો મહિમા છે. અહીંના બીરાદરો ઉરસ પણ સારા પ્રમાણમાં ઉજવે છે.

**મહોરમ** :–આપણા શહેરમાં કેટલાંક વર્ષોથી ત્રણ સ્થળેથી તાબુત નિકળે છે.

(૧) :–કારખનીયાવાડ (સરખલીયા દરવાજા પાસે)

(૨) :–કડીયાવાડ (મુસ્લીમ કડીયા ભાઈઓ પોતાનો અલગ કલાત્મક તાબુત બનાવે છે.)

(૩) :–સરકારી (ઘાંચીવાડા) તરફનો.

આ રીતે ત્રણ તાબુત નીકળતા. જેમાં પહેલો કારખાનીયા વાડ, વચ્ચે કડીયાવાડનો અને છેલ્લે સરકારી તાબુત નીકળતો. જે મહોરમ માસની તારીખ ૧૦ મીની રાત્રે ગામમાં ફરતા, જેને કતલની રાત કહેવામાં આવતી, અને બીજે દિવસે બપોર પછી ગામમાં ફરી નદીએ લઇ જઈને ઠંડા કરવામાં આવતા (ડૂબાડવામાં આવતા). આ મહોરમના બે દિવસોમાં હિન્દુઓ મુસ્લીમ ભાઈઓને સારો સહકાર આપતા. દરેક સ્થળે મોટા વિભાગમાં તાબુત પાસે લટકાવેલ કપડાંની મોટી પારણાં જેવી ઝોળીમાં રોટલો અને ગોળ ફકીરો માટે મૂકવામાં આવતો. કેડલેક સ્થળે ઠંડા પાણીની પરબો ગોઠવવામાં આવતી. મુસ્લીમ બીરાદરો અંગ કસરતના પ્રયોગો કરતા, (અખાડા કાઢતા), કેટલાક મુસ્લીમો થોડા દિવસ અગાઉથી વેશ કાઢતા, (વાઘ બનતા, શરીરે ચટાપટા રંગ લગાવતા, અને બીજા સાંકળથી બાંધીને દોરતા, તાબુતના વાઘને લોકો નાણાંકીય સહાય આપતા). એક કમ નસીબપળે આ દિવસોમાં બપોરના સરકારી કાવત્રાના ભોગ રૂપે શહેરમાં કોમી હુલ્લડ ફાટી નીકળ્યું, તોફાની તત્ત્વોના, પરદેશી પાપી રાજનિતીના કારણે, ભાઈચારામાં વિક્ષેપ પડ્યો. આ દિવસ કપડવંજને કલંક આપી ગયો. તંગ વાતાવરણનો સજ્જનો શાંતીથી ઉકેલ લાવ્યા. હિન્દુઓએ બહિષ્કારનું શસ્ત્ર ઉગામ્યું.

## એક મુસ્લીમ લેખકનો અભિપ્રાય :–

તાબુત :–તા– કાગળ અને બુત–પ્રતિમા, તાબુત–કાગળની પ્રતિમા, અને રસ્તે કાઢવા એ પણ ધાર્મિક દષ્ટિએ યોગ્ય નથી, તાબુતની પ્રથા તૈમુર લંગે ઈ. સ. ૧૩૯૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માં શરૂ કરી. વાંચો :–**આરામ** તારીખ ૧૨–૩–૧૯૩૮ના પૃષ્ઠ ૩૦ પર. લેખક 'ગુલશને બહાર.'

**જૈન ધર્મ** :–જ્યારે જ્યારે જૈન ધર્મનો મહોત્સવ હોય અને તેનો વરઘોડો જોવાનો મળે ત્યારે આનંદ ઉભરાય. જ્યારે શ્રીઅષ્ટાપદજીની પ્રતિષ્ઠાનો વરઘોડો અને હોળી ચકલાથી શ્રીચિંતામણીજી દાદાની ખડકી સુધીનો માંડવો જોવો, તે વખતનો વરઘોડો જોવો. શ્રીચિંતમાણીજી દાદાના મંદિરનો જીર્ણોદ્ધાર સમયનો વરઘોડો. તે સમયના પ્રસંગો વગેરેના દેખાવો વિગેરેની શોભાઓ જેણે જેણે નજરે જોયેલ છે, તે પોતાના જીવનમાં આ અમુલ્ય પ્રસંગો ભુલી શકે તેમ નથી. ગામના નગરશેઠ કુટુંબના તથા શ્રીમંતોના લગ્નોના વરઘોડા ગામને શોભા આપે તેવા ભવ્ય હોય છે. મહા પર્વાધિરાજ પર્યુષણના પવિત્ર દિવસોના છેલ્લા દિવસના વરઘોડાને જોવો એ પણ સદ્ભાગ્ય છે.

પુજ્યપાદ શ્રીમદ્ જગદગુરૂ જ્યારે ભગવાન ચંદ્રમૌલીશ્વરના લિંગ સાથેનો વરઘોડો યાદ રહી જાય તેવો હતો.

વહોરવાડમાં જ્યારે જ્યારે પહેલાનાં સમયમાં કોઇ યુવાનનું લગ્ન હોય તો વહોરવાડના વરઘોડા અને સાંજના સમયમાં સરખલીયા દરવાજા તરફ જે દારૂખાનું ફોડવામાં આવતું, તે જોવા કપડવણજના મોટા ભાગના આબાલવૃદ્ધ વગેરે નિકળતા.

કોઇપણ કોમનાં વરઘોડાઓમાં જે કંઈ શોભા રહેતી તેમાં ખાસ કરીને વહોરા બીરાદરોના વરઘોડાઓમાં દારૂખાનું સરસ રીતે ફોડવામાં આવતું. દારૂખાનું બનાવનાર ખાસ હોંશીયાર મુસ્લીમ બીરાદરો હતા.

**દારૂખાનું બનાવનાર** :–એ કોમનો આ ખાસ ધંધો હતો. પડોશના દેશી રજવાડામાં કોઇપણ ઉત્સવો વખતે કપડવણજથી જ દારૂખાનું બનાવીને તેઓ નોકલતા, અને જાતે પણ હાજર રહેતા.

શ્રીમાન્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીદ્વારકાશારદાપીઠાધીશ્વર જગદગુરૂ શ્રીશંકરાચાર્ય શ્રીસચ્ચિદાનંદતીર્થસ્વામીજી મહારાજ કપડવંજમાં તારીખ ૨૩–૭–૬૪ ના રોજ ચાતુર્માસ માટે પધાર્યા, ત્યારે પરમ પૂજ્ય આ. શંકરાચાર્ય મહારાજને કૈલાસપતિ ભગવાન શંકરે શ્રીચંદ્રમૌલીશ્વરનાં પાંચ લીંગ પ્રદાન કરી અંર્તધ્યાન થયા હતા, તેજ ભગવાન ચંદ્રમૌલીશ્વરનું લીંગ પુજ્યપાદ જગદગુરૂ શારદા પીઠાધીશ્વર પાસે છે. જેનું પૂજન કપડવણજના આંગણે થયેલ, જેનો ભવ્ય વરવોડો શ્રાવણ વદ ૦)) અમાસને રવિવાર તારીખ ૬–૯–૬૪ના રોજ નિકળેલો, જેમાં જનતાએ લીંગનાં દર્શન કરેલાં.

વૈષ્ણવ શ્રીગોકુલનાથજીનો ભવ્ય વરઘોડો. કપડવણજ મધ્યવર્તી વૈષ્ણવી ગામ છે, આ ગામને શ્રીગોસાઇજી મહારાજે પધારી રેંડા (શ્રોત્રિય) ભકતને શરણે લઇ અલગ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરેલ છે. સંવત ૧૯૪૬ ચૈત્ર સુદ ૯ ના દિવસે શ્રીગોકુલનાથજી પ્રભુ ગોકુલથી ગુજરાતમાં દ્વારીકા જવા પધાર્યા.

સંવત ૧૯૧૧ના પોષ વદ ૪ ના રોજ શ્રીગોકુલથી પૂજ્યપાદશ્રી મહારાજ કપડવણજ પધારેવા, ત્યારે મંદિરમાં શ્રીવ્રજદુલ્હે ઠાકોરજી અને સ્વામીજી સાથે પધરાવેલા. વૈષ્ણવોએ પ્રેમથી દબદબાભર્યો હાથી પર વરઘોડો કાઢી સેવા કરેલી. આ હાથીનો આ ગામમાં દેહ વિલય થવાથી તેના પર ચઢવાની નીસરણી આજે પણ મંદિરમાં વિદ્યમાન છે.

શ્રીગોકુલનાથજીના મંદિરમાં શ્રીવૃજદુલ્હે પ્રભુને રીઝવવા થતા મનોરથો તથા સમય સમય પર થતા કીર્તનોથી આ આપણું વતન વૈષ્ણવ સમાજમાં "અપર ગોકુલ"ના નામે ઓળખાય છે.

વ્હોરા બીરાદરોના વરઘોડામાં ઈ. સ. ૧૯૩૨માં શ્રી શેઠ જાબીરભાઈ અને તેમના ભાઇઓના થયેલાં લગ્ન વખતે આ ગામમાં ભવ્ય માંડવા ગોઠવેલા.

કોનકેવ અને કોનવેક્સ ગ્લાસને જોવા એક મહિના સુધી શહેરની તથા ગામડાની પ્રજા ટોળે મળતી. એક માસ સુધી કોલ્હાપુરની મશક બેન્ડનું સંગીત સાંભળવા મળતું. વ્હોરા કોમના વડા નામદાર સૈયદના ડો. તાહેર સૈફુદ્દીન પધારેલ.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી શ્રીહરિભાઇ દેસાઇના આગ્રહથી કપડવણજ પધાર્યા તે સમયનું સરઘસ પણ યાદ રહે તેવું હતુ.

આપણા વતનના ધાર્મિક વરઘોડા અને મુસ્લિમ બીરાદરોના ઉરસના પણ વરઘોડા જોવા જેવા હોય છે.

જ્યારે કપડવણજના આંગણે બે અલીભાઈઓ મહંમદઅલી તથા શૌકતઅલી પધાર્યા ત્યારે પણ માનવ મહેરામણ ઉમેટેલાં.

રાષ્ટ્રપિતા ગાંધીજીના પુતળાની સ્વ. લાલબહાદુર શાસ્ત્રીએ ઉદ્ઘાટન વિધિ કરી ત્યારનો પ્રસંગ યાદ રહે તેવો હતો.

જ્યારે ભારતના ઉદ્યોગપતિઓમાં જેની ખ્યાતિ છે, તેવા કપડવણજના દાનવીર ઉદ્યોગપતિઓ એ શ્રીભાવનગરના દિવાન શ્રીપ્રભાશંકર પટણી સાહેબને સન્માનેલા, તે દિવસ તથા રાષ્ટ્રપિતાની જન્મ દિવસની ઉજવણીના દિવસો તથા નગરપાલિકાની શતાબ્દી મહોત્સવના દિવસો અને રોશની એ ચીર સ્મરણિય દિવસો છે.

કપડવણજ આવા મહોત્સવો ઘણી જ શાનદાર રીતે ઉજવે છે, અને ભવિષ્યની પ્રજા આવા શાનદાર મહોત્સવોની ઉજવણીઓ આ ધન્ય ભૂમિ પર ઉજવાતી નીરખવા ભાગ્યશાળી બનશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## જોવા લાયક સ્થળો

આપનું કપડવણજ જુના નવાં નયન રમ્ય મકાનોથી સામાન્ય રીતે તેની **ગૌરવગાથા** કહેતું શોભી રહેલ છે. ઐતિહાસિક સમયની મીઠી યાદ ઉજ્જવલતા, પ્રાચીન પ્રતિમાઓ, ભવ્ય મંદિરો, જીનાલયો, મસ્જીદો, અને કિલ્લાઓના અવશેષો ગોની કથાઓ કહે છે, અને કહેશે. ઇતિહાસના વિદ્યાર્થીઓને અને આ ધરતીના ધાવણ ધાવનાર જીવોને અમર કહાની ભવોભવ કહેશે.

"કર્પટવાણિજ્ય" સંસ્કૃતમય ભાષામાં શોભતા શુભ નામવાળું કપડવણજ–કપડવંજ તેના અવશેષોની યાદી આપણને આપે છે.

**કેવું હશે એ બાવન જીનાલય?** કર્પટવાણિજ્યના કર્પદી શ્રેષ્ઠીએ કેટલું એ ધન ખર્ચી ધર્મધ્વજા એ જીનાલય પર ફરકાવી હશે? સમયના કુર કાળ ચોઘડીએ ધર્માન્ધતાના પાપે એ પુણ્ય સ્થળનો નાશ થયો.

આ નગરનાં અવશેષો તેની પ્રાચિનતાની મીઠી યાદ રૂપે ઉભાં છે. રામાયણ યુગની કથા આલેખતાં તપોવન સમુ મહામુનિ જાબાલ (સત્યકામ) ઋષિની પ્રેરણાભૂમિ, જ્યાં પવિત્ર વેત્રવતીનાં અખંડ વહેણ ચાલુ છે, તે ભગવાન ઉત્કંઠેશ્વરનું પવિત્ર ધામ દર્શનાતુરો માટે, સાધકો માટે, આજે સર્વેને લોહ ચુંબકની માફક તેની તરફ ખેંચે છે. ભારતનાં સ્વયંજયોતિ લિંગોમાં જેની ગણના છે, તે લિંગના દર્શન માટે દુધ ધારા કરી જુઓ. કયાંય પણ દુધ જાય છે તેનો હજુ સુધી કોઇનેય પણ ખ્યાલ નથી આવતો.

(વાંચો ઉત્કંઠેશ્વર....)

ભગવાન કૃષ્ણચંદ્રના સમયનો પ્રકાશ મેળવનાર, આ તાલુકામાં કાશ્મીર સમું નૈસર્ગિક ધામ શ્રીકેદારેશ્વરનું લિંગ હાલમાં પ્રાચીન સમયથી લિંગનું પક્ષાલન કરતું જળ શોભાને ચીરંજીવી રાખી રહેલ છે.

(વાંચો કેદારેશ્વર....)

ટાંકલાની ડુંગરી જયાંથી પહેલાં મેંગેનીઝ ધાતુ પત્થર સાથે ભળેલી નિકળતી, જે માટે નડિયાદ કપડવણજ રેલ્વેના પાટા ત્યાં સુધી જોડાયેલ, તે ટાંકલાની ડુંગરીમાંના કુવામાંથી નીકળેલ પ્રતિમાઓ તેની પ્રાચીનતાની યાદ આપે છે.

### –: ઉમા મહેશ :–

"ગામે ગામે અને શહેરે શહેરે મહાદેવના દહેરાં હોય છે, કોઇપણ ગામ મહાદેવના મંદિર વગરનું આ ભારત દેશમાં પ્રાયે નહીં હોય, ત્યાં આ મહાદેવના દહેરામાં લિંગરૂપે શંકર અને ગોખમાં મહાશક્તિ માતારૂપે પાર્વતીનાં દર્શન થાય છે. આ ઉમા–મહેશ પ્રત્યેક નવા લગ્ન કરનાર પતિ પત્નિનાં આદર્શરૂપે છે અને એમના આશીર્વાદથી આપણું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દાંમ્પત્ય જીવન પણ ભર્યું ભર્યું રહે એવી ઉમેદ સાથે પ્રત્યેક નર અને નારી જીવે છે. પ્રેમ ભર્યા, આનંદ ભર્યા, ભક્તિ ભર્યા અને શ્રદ્ધા ભર્યા જીવનમાં, આ કલ્પનાનું સર્જન નથી, આ ભાવનાનું સર્જન છે. આ મહાશક્તિ જીવન ઉપર શાસન ચલાવે છે અને આ સર્વ શક્તિમાન વિભૂતિ સર્વત્ર અસ્તિત્વમાં છે. નિર્મળ પ્રેમી હૃદયોમાં એમનાં દર્શન થાય છે."

(આચાર્ય વિનોબા ભાવે....)

## તિર્થો :–

તિર્થોની પવિત્રતાનું આ એકજ કારણ નથી બની રહેતું કે ત્યાં પ્રાચીન કાળમાં ઋષિમુનિઓ નિવાસ કરતા હતા. એ તીર્થનું મહત્ત્વ એટલા માટે છે કે આજે પણ ત્યાં એવા ભાગવંત મહાત્માઓ વસે છે, જેમની પાસેથી લોકોને સન્માર્ગે જવા માટેનું માર્ગદર્શન મળી રહે છે.

રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણ સર્વપલ્લી. (પ્રતિમાઓ સરકાર તરફથી સંગ્રહસ્થામાં ખસેડવામાં આવેલ છે.)

ગુજરાતના સુવર્ણયુગનાં અજવાળાં પથરાયાં, સોલંકી યુગમાં ગુર્જરનરેશના પગલાંથી પાવન થયેલ આ ધરતી પર અમરકથાનાં કીર્તિ તોરણ અને વાવો બંધાયાં. જયાંથી ભગવાનની મૂર્તિઓ પ્રગટ થઈ. જેનાં દર્શન કરી સૌ કોઈ પાવન થાય છે. હાલમાં તે નવાં મંદિરોમાં બીરાજમાન છે.

**વાંચો** :–શ્રીનીલકંઠેશ્વર, શ્રીગુપ્તેશ્વર, શ્રીનારણદેવ, શ્રીમહાલક્ષ્મીજી ( આ પ્રતિમા હાલમાં નવી છે.)

**કુંડવાવ** :– ગુજરાતમાં સોલંકી યુગમાં અને કે કુંડો બંધાય. જેમાંના ઘણા ખરા તૂટી પણ ગયા છે. જે કુંડો હાલ મૌજુદ છે તેમાં આ આપણા ગામના "સુભદ્રક ક્ષેણીનો શિવકુંડ" છે. જુના સ્થાપત્યની કપડવણજની ગૌરવગાથા કહેતો આજે પણ પ્રવાસીઓને તે આમંત્રે છે.

**બત્રીસ કોઠાની વાવ,** રાણીવાવ, સીંગરવાવ... સોલંકી કથા કહેતાં શીલ્પ છે.
(વાંચો પ્રકરણ જળ વિભાગ.)

**સાવલીનું તળાવ, વોટર વર્કસ, ટાંકીઓ.**

**શ્રીઅષ્ટાપદજીનું દેરાસર** :– જે સમયમાં આ દેરાસર શેઠાણી અમૃતબહેને બંધાવ્યું, તે સમયમાં રૂપિયા બે લાખનું ખર્ચ થયેલ, ત્યાં આજે તો આરસના શોભતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભગવાન ૨૪ તિર્થંકરોનું સ્થાન, દર્શનનો લાભ લેવા દરેક જણ લલચાય તેવું દેરાસર છે.

**શ્રીચિંતામણી પાર્શ્વનાથજીનું દહેરાસર** :- ચિંતામણી દાદાની પ્રતિમા ઘણી જ પ્રાચીન સમયની અને ચમત્કારિક પ્રતિમા છે. દેરાસરની શોભા જોઇને અને દાદાનાં દર્શન કરીને પાવન થવાય છે. હાલમાં આ દેરાસર પાયામાંથી નવું બંધાયું છે. જમીન તળમી કળશ સુધિનું આરસનું છે.

**શ્રીશાંતીનાથજીનું દહેરાસર** :- આ દેરાસરની પ્રાચીન પ્રતિમા અને આ સ્થળની જયપુરી કારીગીરી જોવા હરેકને આકર્ષણ છે.

પ્રભુના દર્શન કરીને પાવન થવાય છે.

**જૈન દેરાસરો ખરેખર જોવા લાયક છે**

**(૧) ખોજ આલમનો રોજો (૨) જુમ્મા મસ્જીદ (૩) વહોરવાડાની મોતી મસ્જીદ** (જુઓ ચિત્ર નં.) **(૪) વ્હોરાઓનું કબ્રસ્તાન :-**

**મલેક દરબાર** :- મલેક દરબારના નામે ઓળખાતા આ ૩૦૬૪ ચો. વા. ના ક્ષેત્રફળમાં સમાએલ આ ખંડેરોને જોતાં મલેક કુટુંબના વીર પૂર્વજોના પ્રભાવનો ખ્યાલ આવી શકે. મલેક કુટુંબોને વીરતાના પ્રતિક રૂપે અલવા વગેરે ગામોની ઈનામદારી મળેલી. જે આજે તેમના વંશજો ભોગવે છે. (હીરાપરા, ભેજલી, સીમલીઆનું મુવાડું, કસનજીનું મુવાડું, લીંબાપુરા, સિપાઇઓનું મુવાડું, વિગેરેની ઈનામદારી ભોગવતા, આ કુટુંબો પહેલાં રાજશાહી ઠાઠથી રહેતા હતા. (જુઓ ચિત્ર નં.)

**અજમાવતનો કોટ** :- વાત્રક કાંઠે હજુ પણ મોગલાઈ સમયની ભવ્યતાનો ખ્યાલ આપતો આ કોટનો મુખ્ય દરવાજો એક ગજરાજ રીતે ગૌરવવંતો શોભે છે. તેની અંદરની બેઠકોના મોટા પરથાળ, તે સમયની રંગીન ચિત્રકળા, આજે પણ અભ્યાસીઓને પ્રવાસીઓને આકર્ષે છે.

ઈ.સ. ૧૫૬૩ દિલ્હીથી મોગલ શહેનશાહના એક આજમખાં ઉર્ફે (અજમલખાના) નામના ઉમરાવને વાત્રક કાંઠાના નાના નાના રજવાડાના રાજવીઓને તાબે કરી ખંડણી વસુલાત માટે માંડવા (લાલના માંડવા) મોકલેલા. આ ઉમરાવ આજમખાં આશરે બાર હજારનું લશ્કર લઇને અહીં આસપાસના નાનાં રજવાડાંની ખંડણી માટે રહ્યો, પણ સફળ થયો નહીં. ત્રણ વર્ષમાં તે નિરાશ થયો, આસપાસના કોતરોના નકશા મેળવી દીલ્હી પાછો ગયો ઈ.સ. ૧૫૬૬ બાદ ફરી આવ્યો, અને ચાર વર્ષ સુધી ઘેરો ઘાલી અહીં પડાવ નાંખ્યો તેમાં પણ હાર મળી. છેવટે કહેવાય છે કે "કુલાં લોલણી"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નામની ગુણિકાએ લાલમીંયાને ફસાવી અમદાવાદ લાવ્યાં. ઇ.સ. ૧૫૭૦ માં તેમનું માથુ કાપી દીલ્હી મોકલ્યું.

આજમખાં ઉધઇને (અજમલખાન) વાત્રક કાંઠાના આ સ્થળે એક શહેર જેવું વસાવ્યું. જેનું નામ અજમાબાદ રાખેલું. અહીં રહેવા લાયક કોટ કિલ્લો બાંધ્યો, તેનાં હાલમાં ખંડેરો છે. આ અવશેષો જોતાં આપણને ભૂતકાળની ભવ્યતાનો ખ્યાલ આવી પણ શકે છે. હાલમાં કિલ્લામાંના બે માળ હયાત છે. સામ સામા પાંચ ઓરડાઓ છે. દરવાજો અને કમાનો પત્થરની બનેલી છે. દરવાજાની આગલી બાજુ બે બુરજો છે. તેમાં પહેલાં સુબઓના બાથરૂમ હોય તેમ લાગે છે.

બીજા માળ પર જવા માટે ઈંટ ચુનાની નીસરણી છે. ઉપર ચાર ઓરડા અને વચ્ચે ખુલ્લો ભાગ છે. કદાચ આ વિભાગ સુબાઓની કચેરી કે સભાખંડ હોય, ત્રીજા માળ પર જોતાં તેની કમાનો હયાત છે. કિલ્લાની નજીકમાં કુવો છે. કિલ્લામાં કેટલીક જગાએ નળ મૂકેલા હોય તેમ લાગે છે. (જુઓ ચિત્ર નં.)

આ ગામ અજમાવતનો કોટ એ નામથી ઓળખાય છે. અહીં ગામમાં મહાદેવમાં એક તપસવી સાધુ ગરીબદાસની પાદુકાઓ છે. (જુઓ ચિત્ર નં.)



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



# કપડવણજની ગૌરવ ગાથા

અવશેષની આરાધના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



←

ચિત્ર નં. ૧ (પાના નં. ૫) ટાંકલાની ડુંગરીમાંથી
નિકળેલ એક મૂર્તિવાળું સ્થાપત્ય



→

ચિત્ર નં. ૨ (પાના નં. ૫) ટાંકલાની
ડુંગરીમાંથી નિકળેલ ત્રણ ઉભી મૂર્તિ



ચિત્ર નં. ૩ (પાના નં. ૬) તિર્થંકરની પ્રતિમાના પરીકરનો નિચલો ભાગ. સં. ૧૧૬૦નો યશોનાગની ભાર્યાના નામવાળો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૪ (પાના નં. ૮) મીઠા તળાવનો પુરાણો દરવાજો.



ચિત્ર નં. ૫ (પાના નં. ૧૧) અંતિસરીય પુરાણો દરવાજો.



ચિત્ર નં. ૬ (પાના નં. ૧૧) નદીનો પુરાણો દરવાજો.

P. P. Ac. Gunratnasuri M.S.



ચિત્ર નં. ૭ (પાના નં. ૧૩) ચિત્ર નં. ૩૫ (પાના નં. ૫૨)
કિર્તિમાળ–સિદ્ધરાજ મહારાજે બનાવરાવેલ કુંડવાવપર
આવેલ અપૂર્વ અદ્વિતીય તોરણ



ચિત્ર નં. ૮ [illegible] ૩) બત્રીસ કોઠાની વાવનો
[illegible] દેખાવ.



←

ચિત્ર નં. ૯ (પાના નં. ૧૩) કુંડવાવનો પગથીયા
સહિતનો દેખાવ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૧૦ (પાના નં. ૧૩) મધ્ય ભાગમાં આવેલી
કુંઈ સાથેના કુંડવાવનું અપૂર્વ દૃશ્ય.



ચિત્ર નં. ૧૨ (પાના નં. ૧૩) રાણીની પ્રિય દાસી
સીંગરના નામે બંધાવેલી સીંગરવાવ.



ચિત્ર નં. ૧૧ (પાના નં. ૧૩) ચિત્ર નં. ૩૯ (પાના નં, ૫૬)
હરીજન વાસમાં આવેલી સિદ્ધરાજ મહારાજની રાણીના
નામે બંધાવેલી રાણીવાવ.

P. P. Ac. Gunratnasuri M.S.



ચિત્ર નં. ૧૩ (પાના નં. ૧૩) ચિત્ર નં. ૩૭ (પાના નં. ૫૬)
સીંગરવાવમાં એક બાજુના ગોખલામાં આવેલ
ગણેશ સ્થાપત્ય.



ચિત્ર નં. ૧[illegible]) ચિત્ર નં. ૩૮ (પાના નં. ૫૬)
સીંગરવાવમાં [illegible]ના ગોખમાં આવેલ સપ્તમાતૃકા
સ્થાપત્ય.



ચિત્ર નં. ૧૫ (પાના નં. ૧૪) જુમ્મામસ્જીદનો ગુમ્મટ
અને થાંભલા સહિતનો દેખાવ.

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૧૬ (પાના નં. ૧૪) જુમ્મામસ્જીદનો ત્રણ ગુમ્મટો
થાંભલા અને જાળી સહીતનો દેખાવ.



ચિત્ર નં. ૧૭ (પાના નં. ૧૪) જુમ્મામસ્જીદની
અંદર ગુમ્મટની અંદરની કોતરણી
(પદ્મશીલા સહીતની)



ચિત્ર નં. ૧૮ (પાના નં. ૧૪) જુમ્મામસ્જીદનો શિલાલેખ.

P. P. Ac. Gunratnasuri M.S.



ચિત્ર નં. ૧૯ (પાના નં. ૧૪) ગામ બહાર આવેલી
અમલી મસ્જીદ



ચિત્ર નં. ૨૦ (પાના નં. ૧૮) આતરસુંબાથી કનીપર જતાં
વાત્રકના કાંઠે આવેલ અજમાવતનો પુરાણો કોટ.



ચિત્ર નં. ૨૧ (પાના નં. ૨૨) સં. ૧૮૧૮નું
સાત રાજ્યોના હસ્તાક્ષરવાળુ તામ્રપત્ર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૨૨ (પાના નં. [illegible] રીનો પુરાણો દરવાજો.



ચિત્ર નં. ૨૩ (પાના નં ૨૫) ચિત્ર નં. ૩૬ (પાના નં. ૫૫) કુંડવાવના માથા ઉપર, પુરાણા ટાવરને શણગારેલું ચંચલ બાઈ ટાવર.



ચિત્ર નં. ૨૪ (પાના નં. ૩૩) એસ. ટી. બસ સ્ટેન્ડ પાસે એક પુરાણું કોટડું.

P. P. Ac. Gunratnasuri M.S.



←
ચિત્ર નં. ૨૫ (પાના નં. ૪૬) મહોર નદીનો
વર્તમાન પુલ.



←
ચિત્ર નં. ૨૬ (પાના નં. ૪૬) વરાસી નદી
પરનો બેઠો પુલ.



←
ચિત્ર નં. ૨૭ (પાના નં. ૪૭) વરાંસી નદી
પરનો પગથીયાનો ઓવારો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૨૯ (પાના નં. ૪૭) વરાંસીપરતું સમાધિ સ્થાન.



ચિત્ર નં. ૨૮ (પાના નં. ૪૭-૭૫) વરાંસીપરતું ટકોરખાતું.
કોઈ તેને કચેરીના કોટ અંદરનું ટકોરખાતુ કહે છે.



ચિત્ર નં. ૩૦ (પાના નં. ૪૭) સંગમ નદી પર આવેલો
ગિરનારી આશ્રમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૩૧ (પાના નં. ૪૭) વરાંસી નદીપરનો
તુલસી ક્યારો.



ચિત્ર નં. ૩૩ ( [illegible] ચિત્ર નં. ૫૦ (પાના નં. ૧૦૨)
[illegible] મહંત



ચિત્ર નં. ૩૪ (પાના નં. ૪૮) સંગમ નદીપરનો નવો પુલ.



. ચિત્ર નં. ૪૦ (પાના નં. ૬૩) રાધા–કૃષ્ણ મંદિરની અંદરની મનોહર જાળીઓ. →

Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૪૧ (પાના નં. [illegible]) મંદિરના શીખરનો પાછલો ભાગ.



ચિત્ર નં. ૪૨ (પાના નં. ૯૭) શેઠ મીઠાભાઈ ગુલાલચંદનો સંવેગી ઉપાશ્રય.

→ ચિત્ર નં. ૪૩ (પાના નં. ૯૭) શેઠ વ્રજલાલ હરીભાઈનો શ્રાવિકા ઉપાશ્રય.



P. P. Ac. Gunratnasuri M.S.

Jin Gun Aaradhak Trust



←

ચિત્ર નં. ૪૪ (પાના નં. ૯૮) શ્રીવીશાનીમા પંચનો ઉપાશ્રય.



ચિત્ર નં. ૪૫ (પાના નં. ૯૮) માણેકબાઈ શેઠાણીનો શ્રાવિકાનો ઉપાશ્રય.

→

ચિત્ર નં. ૪૬ (પાના નં. ૯૮) લહુડીપોશાળનો ઉપાશ્રય.



P. P. Ac. Gunrat
Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૪૭ (પાના નં. ૯૯) શેઠ મીઠાભાઈ ગુલાબચંદની
નવી ખાંડાઠોર પાંજરાપોળ.



ચિત્ર નં. ૪૮ (પાના નં. ૯૯) માણેકબાઈ શેઠાણીની
ધર્મશાળા. (અંતિસરીયા દરવાજા બહાર)



ચિત્ર નં. ૫૬/૧ (પાના નં. ૧૦૩) શેઠની હવેલી
ઉપરનું લાકડાની કોતરણીવાળુ બ્રેકેટ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૫૧/૨ (પાના નં. ૧૦૩) શેઠની હવેલી પરનું ભીત્તિ ચિત્ર.

Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૫૨ (પાના નં. ૧૦૪) ઈદગાહ (સામુદાયિક
નિમાઝ પડવાનુ સ્થાન).



ચિત્ર નં. ૫૩ (પાના નં. ૧૦૪) વહોરાના કબ્રસ્તાનનો દરવાજો.



ચિત્ર નં. ૫૪ (પાના નં. ૧૦૪) વહોરાના કબ્રસ્તાનનો ભવ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૫૬ (પાના નં. ૧૦૭) મહાત્મા ગાંધીનું બાવલું.



ચિત્ર નં. ૫૭ (પાના નં. ૧૦૮) શ્રીમાન્ હરીલાલ માણેકલાલ દેસાઈનું બાવલું,



ચિત્ર નં. ૫૮ (પાના નં. ૧૦૮) કપડવણજની મ્યુનિસિપાલને લાગેલો પુરાણો કોટ.

Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૫૯ (પાના નં. ૧૦૯) કપડવણજની મ્યુનિસિપાલ



ચિત્ર નં. ૬૦ (પાના નં. ૧૩૫) પરીખ પરસોતમદાસ હરગોવનદાસ મહાજન લાયબ્રેરી કપડવણજ. જેનું ગ્રંથપાલ તરીકે સંચાલન શ્રીમાન્ મધુસુદન ત્રિવેદીએ કર્યું. આથી ગુજરાત સરકારે તેઓશ્રીને ગ્રંથપાલ તરીકેનું પારિતોષિક અને પ્રમાણપત્ર ઈ. સ. ૧૯૭૪માં એનાયત કર્યું હતું.



ચિત્ર નં. ૬૧ (પાના નં. ૧૪૦) શ્રીઅભયદેવસૂરીશ્વરજી જ્ઞાન મંદિર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૬૨ (પાના નં. ૧૫૨) શ્રી જે. બી. મહેતા હોસ્પીટલ.



ચિત્ર નં. ૬૩ (પાના નં. ૧૫૨) શ્રીજયંતસાર્વજનિક દવાખાનું.



ચિત્ર નં. ૬૪ (પાના નં. ૧૫૭) શ્રીબેનજીબાઈ હિન્દુ પ્રસૂતિગૃહ.



ચિત્ર નં. ૬૫ (પાના નં. ૧૬૩) શેઠ મીઠાભાઈ ગુલાલચંદ (જુની) કળામય પરબડી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૬૬ (પાના નં. ૧૬૩) શેઠ મીઠાભાઈ ગુલાલચંદ (નવી) પરબડી.



ચિત્ર નં. ૬૭ (પાના નં. ૭૨) જુના જમાનામાં (સૈકાઓ પહેલાં) કોટ ફરતી ખાઈઓ ખોદતાં જમીનમાંથી નિકળેલા ૬'–૬"ના હનુમાનજી.



ચિત્ર નં. ૬૮ (પાના નં. ૧૦૦) શેઠ મીઠાભાઈ ગુલાલચંદ ધર્મશાળા (સરખલીયા દરવાજા બહાર)

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૬૯ (પાના નં. ૧૦૦) માણેકબાઈ શેઠાણીની
વીશાનીમા જૈનવાડી.



ચિત્ર નં. ૭૦ (પાના નં. ૧૨૫) રા.બા. વલ્લભરામ
છોટાલાલ ત્રિવેદીનું બાવલું.



ચિત્ર નં. ૭૧ (પાના નં. ૧૩૪) કસ્બાની મસ્જીદ

Jin Gun Aaradhak Trust



પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. સા. ઃ કપડવંજ.

ચિત્ર નં. ૭૩ (પાના નં. ૧૪૧)



ચિત્ર નં. ૭૨ (પાના નં. ૧૩૪) કડીયાની મસ્જીદ



ચિત્ર નં. ૭૪ (પાના નં. ૧૪૧) શાક્ષરવર્ય મુનિરાજ
શ્રીપુણ્યવિજયજી મ.

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust




ચિત્ર નં. ૭૫ (પાના નં. ૧૫૯) શ્રીલક્ષ્મીચંદ મીઠાલાલ કાંટાવાળા હોમિયોપેથીક દવાખાનું.




ચિત્ર નં. ૭૭ (પાના નં. ૧૬૭) શ્રીચિંતામણી પાર્શ્વનાથ ભગવાન.



ચિત્ર નં. ૭૬ (પાના નં. ૧૬૬) શ્રીચિંતામણી પાર્શ્વનાથજી મંદિર

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૭૮ (પાના નં. ૧૬૯) શ્રીમોઢિયાના આદિશ્વર ભગવાન મંદિર




ચિત્ર નં. ૭૯ (પાના નં. ૧૬૯) મોઢિયાના શ્રીઆદિશ્વર ભગવાન.



ચિત્ર નં. ૮૦ (પાના નં. ૧૬૯) શ્રી અજીતનાથ ભગવાન મંદિર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૮૧ (પાના નં. ૧૭૦) શ્રીઅજીતનાથ ભગવાન.



ચિત્ર નં. ૮૨ (પાના નં. ૧૭૦) શ્રીવાસુપૂજ્ય સ્વામિ મંદિર.



ચિત્ર નં. ૮૩ (પાના નં. ૧૭૧) શ્રીવાસુપૂજ્ય સ્વામિ

Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૮૫ (પાના નં. ૧૭૧) શ્રી અષ્ટાપદજી મંદિરમાં
શ્રીઆદીશ્વરભગવાન અને મહાવીર સ્વામી ભગવાન.
પૂર્વમાં એ.



ચિત્ર નં. ૮૪ (પાના નં. ૧૭૧) શ્રીઅષ્ટાપદજી મંદિર.



ચિત્ર નં. ૮૬ (પાના નં. ૧૭૨) શ્રીશાંતિનાથ ભગવાન
મંદિર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૮૭ (પાના નં. ૧૭૨) શ્રીશાંતિનાથ ભગવાન.



ચિત્ર નં. ૮૮ (પાના નં. ૧૭૨) શ્રીકલીકુંડપાર્શ્વનાથજી (અતિપ્રાચિન).



ચિત્ર નં. ૮૯ (પાના નં. ૧૭૩) માણેકબાઇ શેઠાણીનું શ્રીઆદીશ્વર ભગવાન મંદિર.

P.P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૯૦ (પાના નં. ૧૭૩) માણેકબાઈ શેઠાણીના શ્રીઆદીશ્વર ભગવાન.



ચિત્ર નં. ૯૧ (પાના નં. ૧૭૩) શ્રીનેમિનાથ ભગવાન મંદિર



ચિત્ર નં. ૯૨ (પાના નં. ૧૭૩) શ્રીનેમિનાથ ભગવાન.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૯૩ (પાના નં. ૧૭૪) શ્રીઆગમસ્થંભ



ચિત્ર નં. ૯૪ (પાના નં. ૧૭૪) શ્રીઆનંદસાગર
સોસાયટીમાં શ્રીમહાવીર સ્વામિ મંદિર.




ચિત્ર નં. ૯૫ (પાના નં. ૧૭૬) શ્રીપાનાચંદ વ્રજલાલ
ધર્મકુંડ પેઢી
કાન્તાબ્હેન હસમુખલાલ મગનલાલ તથા જિનમતીબ્હેન
રમણલાલ મહેતા ઉદ્યોગગૃહ.



ચિત્ર નં. ૯૬ (પાના નં. ૧૭૬) શ્રીઅભયદેવ સૂરીશ્વરજીની દેરી.

Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૯૭ કસ્તુરલાલ વાડીલાલ મનસુખ પારેખ લાયબ્રેરી



ચિત્ર નં. ૯૮ પારી મીઠાભાઇ કલ્યાણચંદ ધર્મ ફંડ પેઢી
કાંતિલાલ કેશવલાલ ગાંધી અતિથિગૃહ

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૯૯ દુદુઆદસાહની દરગાહ



ચિત્ર નં. ૧૦૦ મોતીમસ્જીદનો અંદરનો ભાગ



ચિત્ર નં. ૧૦૧ વ્હોરવાડનું ટાવર

Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૧૦૨ ગુરુ ગંગદાસ ૧૮૫૭ વરાંસીના મંદિરનો લેખ



ચિત્ર નં. ૧૦૩ સં. ૧૯૬૦, વૈ. વ. ૧૩, શુક્ર
પરી અમીચંદ જવરદાસ કુટુંબ/વરાંસીના મંદિરપરનો લેખ



ચિત્ર નં. ૧૦૪ સ્વતંત્ર સૈનીકોનો કીર્તિ સ્થંભ,
તામ્રપત્ર મેળવનારની આદિ, (કચેરીના દરવાજાની અંદર)



ચિત્ર નં. ૧૦૫ સતર સહીદોની દરગાહ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૧૦૬ ટાંકલાની ડુંગરીમાંથી નિકળેલ પત્થર સ્થાપત્ય



ચિત્ર નં. ૧૦૭ સંગમના પૂલ પાસે, સ્મશાનગૃહ પાસે
ભુધરદાસ ધનેશ્વરના તુલસી ક્યારા પરનો લેખ



ચિત્ર નં. ૧૦૮ મલેક દરબાર (૧)

Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૧૦૯ એક જુનું સ્થાપત્ય



ચિત્ર નં. ૧૧૦ મલેક દરબાર (૨)



ચિત્ર નં. ૧૧૧ એક જુનું સ્થા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ચિત્ર નં. ૧૧૨ મુસ્લીમ સ્થાપત્ય



ચિત્ર નં. ૧૧૩ અજમાવત કોટમાં પુરાણા મંદિરમાં પુરાણી પાદુકા



ચિત્ર નં. ૧૧૪ અજમાવત કોટમાં
ખોદકામ કરતાં નીકળેલ સ્થાપત્ય



ચિત્ર નં. ૧૧૫ રણછોડરાયજી (કા. પટેલ મંદિરમાં)

Jin Gun Aaradhak Trust

# પૂર્તિ નંબર-૧

માણેકબાઈ શેઠાણીની શ્રીવીશા નીમા જૈનવાડીનો જીર્ણોદ્ધાર પરીખ રમણલાલ નગીનદાસ તથા તેમના પુત્રોએ કરાવ્યો. બીજા પુન્યવાનોએ પણ તેમાં લાભ લિધો. તે ધર્મશાળાનો ઉપરનો મજલો મોતીબહેન ન્હાલચંદ શાહ તથા કીકીબહેન ગુણવંતલાલ ગાંધીએ બંધાવ્યો. તેમાં આશીષકુમાર ગુણવંતલાલ દોસી તથા મેનાબહેન વાડીલાલ પરીખ ભોજન શાળા ચાલુ કરવામાં આવી છે. ભોજન શાળાનું સંચાલન એમ. પી. જી સાધર્મીક સેવા ટ્રસ્ટ દ્વારા ચાલે છે. તેના પેટામાં આયંબિલ ખાતુ પણ સંભાળાય છે. તે પણ તેમાં ચલાવાય છે. ( ચિત્ર આપેલ છે )

કાંતાબહેન હસમુખલાલ મગનલાલ શાહ તથા જિનમતીબહેન રમણલાલ મહેતા ગૃહઉદ્યોગ ખાતુ નવા મકાનમાં હોળી ચકલે શરુ કરવામાં આવ્યું છે. તેનું સંચાલન શાહ એન. મહેતા ટ્રસ્ટ ગૃહ ઉદ્યોગ ખાતુ ચલાવે છે. (ચિત્ર આપેલ છે)

કસ્તુલાલ વાડીલાલ પરીખ લાયબ્રેરીનું નવુ મકાન કરી તેની શરુવાત કરવામાં આવી છે.

શેઠ પાનાચંદ વૃજલાલ ધર્મ ફંટ પેઢી-જેની પૂર્વ પુરુષોના નામથી સ્થાપના કરવામાં આવી છે. એટલે સવાઇલાલ ચુનીલાલ છગનલાલના સસરા પાનાચંદ કુબેરદાસ-માંના પાનાચંદભાઈ તથા, ગાંધી (બોડી) કુટુંબના વડવા વૃજલાલ એમ બે નામ લઈ ને શેઠ પાનાચંદ વૃજલાલ ધર્મ ફંડ પેઢી એમ નામ આપ્યું છે.

૧-શ્રી અભયદેવસૂરીશ્વર જ્ઞાનમંદિર, ૨-શેઠ મણીભાઇ સામળભાઇ પાઠશાળા, ૩-કસ્તુરલાલ વાડીલાલ પરીખ લાયબ્રેરીનુ સંચાલન વી. એ. પરીખ એજ્યુકેશન ટ્રસ્ટ કરે છે.

કપડવણજમાં વીશાશ્રીમાલી અને વીશાનીમા. એમ બે જૈનોની જ્ઞાતિઓ છે. તેમાં વીશાશ્રીમાલીનાં ૬૦ અને વીશાનીમાનાં ૫૦૦ લેણાં હશે.

કપડવણજની વીશાનીમા જ્ઞાતીની વસ્તીનો મોટો ભાગ મુંબાઈ છે. તેથી ગણો ઉત્તરતો ભાગ સુરત છે. તેથી ઓછો વસવાટ અમદ.વાદ છે. દીલ્લહી કલ્લકત્તામાં બબે ચાર ચાર ઘર છે. અત્યારે કપડવણજમાં ૧૩૨ ઘર ખુલ્લાં હશે. ત્રણસો માણસ જેવી વસ્તી કપડવણજમાં હશે. વીશાશ્રીમાળીના ત્રીસ પાંત્રીસ ઘર કપડવણજમાં ખુલ્લાં હશે. બીજા અમદાવાદ વગેરે સ્થળોએ છે.

બન્ને જ્ઞાતીમાં થઇને કપદવણજનાં સાધુ સાધ્વીઓ કે જેની નાંધ મળી શકી છે. તેમાં ૬ વીશાલીમાલીનાં ને ૧૨૪ વીશા નીમા જ્ઞાતીનાં સાધુસાધ્વીઓ છે. (તાજે તરમાં પાંચગામનાં સાધુસાધ્વીએના લિષ્ટનું સંપાદન આ. કંચનસાગરસૂરિએ (આ ગ્રંથના સંપાદકે)

કર્યું છે. તેના આધારે કપડવણજના સાધુસાધ્વીઓમાં ૫૦ સાધુસાધ્વી કાળ ધર્મ પામ્યા છે, બાકીનાં વિદ્યમાન છે. (પરીખ મનસુખલાલ માણેકચંદના પરિવારનાં ૩૧ સાધુસાધ્વીઓની નોંધ છે. તે પૈકી ૧૦ સાધુસાધ્વીઓ કાળ ધર્મ પામ્યાં છે. (સંપાદકનું કુટુંબ)

શેઠ મીઠાભાઇ કલ્યાણચંદ ધર્મ ફૂંડ પેઢીનુ મકાન શાહ કાંતિલાલ ચુનીલાલે બંધાવી આપ્યું છે. એનો ઉપરનો માળ એટલે અતિથિગૃહ ગાંધી કાંતિલાલ વાડીલાલ તથા ગાંધિ હસમુખલાલ કેશવલાલે બંધાવી આપ્યું છે. આ પેઢીની સ્થાપના કોને અને કયારે કરાવી તે વાત આગળ પ્રકરણમાં આવી ગઈ છે. (લેખક–સંપાદક)



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પૂર્તિ નંબર-૨

## કા. પટેલ, કપડવણજ

કા. પટેલે સં. ૨૦૩૬ અ. સુ. ૧૪ તા. ૨૬-૭-૮૦ માં સ્નેહ સંમેલન ભર્યું હતું. ત્યારે આમંત્રણ પત્રિકા છાપેલ. તેમાં આગલા અને પાછલા ટાઈટલ પેઈજ પર, આગળ રણછોડરાયજી (જુઓ ચિત્ર નં. ૧૧૬) અને છેલ્લા ટાઈટલ પર રણછોડરાયજીના મંદિરનો ફોટો છાપેલ અને અંદર કાર્ય ક્રમ છાપેલ. ત્યારે 'આપણુ કપડવણજ અને કાછીયાવાડ, નામે લેખ બહાર પાડયો હતો. તેમાં કેવળરામ સુખીના વંશજોના પુરાવાના આધારે સં. ૧૨૧૨ ના મહાવદ ૪ ના રોજ જુનો વસવાટ કપડવણજનો હતો એમ જણાવ્યું હતું.

રાધનપુરની લાડણાબીબી કપડવણજ આવ્યાં અને તેને ગામની વ્યવસ્થા સારી રીતે કરી. રક્ષણ માટે કીલ્લો હતો છતાં તેને ફરતી ખાઈઓ ખોદાવવાનો ઉદ્યમ કર્યો. તેમાં નદી દરવાજે ખાઈ ખોદાવતાં હનુમાનજીની ૬ ૧/૨ ફૂટની ઉભી પુરાણી મૂર્તિ નિકલી. જે અત્યારે સરખલીયા દરવાજા બહાર શેઠ મીઠાભાઈ ગુલાલચંદની ધર્મશાળામાં કુવા ઉપર છે.

સં. ૧૧૫૦ થી ૧૧૯૯ ના ગાળામાં સિદ્ધરાજ મહારાજનો કોક માણસ ગામ વચ્ચે આવેલા તલાવમાં સ્નાન કરવા ગયો. સ્નાન કરતાં તેના શરીરનો રોગ ગયો, ને નિર્મલ કાયાવાળો થયો. આથી રાજાએ તલાવ ખોદાવ્યું. ખોદકામ કરતાં તેમાંથી દેવોનિ મૂર્તિઓ નિકલી. આથી રાજએ તે સ્થાનપર કુઈ સાથેનો પત્થરનો સારો એવો કુંડ બંધાવ્યો. અને તે કુંડની ઉપર પૂર્વમાં એક કોતરણી આદિથી મનોહર એવું તોરણ કરાવ્યું. (આગલા પ્રકરણોમાં આ વિષય વિસ્તૃત આપેલો છે.)

તેમને (કા. પટેલે) લેખલખવામાં ડો. પી. ડી. વૈદ્ય* નું લખેલ અવશેષની આરાધનાનો (જે આ પુસ્તક કપડવણજની ગૌરવ ગાથાનો) અને આગમજ્યોતિર્ધર ભા. ૧ નો આશ્રય લિધાનું લખ્યું હતું.

વર્તમાનમાં જે જગો પર કાછીયાવાડ છે. તે સ્થાન માટે ઘરડા માણસોને પુછતાં એવી વાત જાણવા મલે છે કે-પૂર્વે અહિ રજપુતોનો વસવાટ હતો, તેઓએ અત્યારે જે કુવો છે તેની પાંસે બે કુડીઓ પોતાના ઘોડાને પાણી પીવા બનાવી હતી. ધીરેધીરે તેઓનો વસવાટ જતો ગયો તેમ તેમ કાછીઆઓનો વસવાટ થતો ગયો. વર્તમાનમાં જે કાછીયા-વાડ છે તે કપડવણજની મ્યુનિસીપલ પહેલાંની છે, કારણ કે સીટી સર્વેમાં તેની નોંધ છે.

નાની રત્નાગર માતાના વહિવટમાં બીજા વહિવટદારોની સાથે કા. પટેલ મણીલાલ મૂલજીભાઈ પણ હતા. ભવાઈને માટે નાયક ભાઇઓને આમંત્રણ આપવા પણ જતા. પોતાને ત્યાં તેમને ભોજન વગેરે કરાવતા. નાની રત્નાગર માતાએ પહેલું મકાન તેમને

---

* લેખકે- ડો. પી. ડી. વૈદ્ય જે લેખ કા પટેલનો છે તેમા માટે ઉમંગ દાખવ્યો હતો તેથી આ પૂર્તિ લિધી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરાવીને માતાને અર્પણ કર્યું હતું. મોટી રત્નાગર માતાએ અત્યારે પણ બીજા વહીવટ-દારો સાથે બેચરદાસ લલ્લુભાઈ પણ વહીવટમાં છે.

કા. પટેલના કેટલાક શાકભાજીનો વહેપાર કરે છે અને કેટલાક સારી એવી કરી-યાણા વગેરેની દુકાનો પણ ચલાવે છે.

તેમની નાતનું યુવક મંડળ શંકરલાલ શનીલાલની રાહ દારી નિચે ચાલે છે. મંડળ જ્ઞાતીના બાળકોને પુસ્તક વગેરે આપે છે.

પહેલાં કા. પટેલે રણછોડરાયજીનુ નાનુ મંદિર કરેલું પછી ધીરેધીરે નવું સુંદર અને મોટું મંદિર બંધ્યુ. બાંધ્યું ત્યારે તે મંદિરમાં પંદર હજારનો ખર્ચ થયો હતો. (લેખક–સંપાદક)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પૂર્તિ નંબર-૩

એક ભાઈએ હનુમાનજીની જાત્રાએ પધરવા માટે ફુલીસ્કેપના બે પાના જેટલો એક લેખક એકવખત બહાર પાડયો હતો, તેમાં લખ્યું હતું કે—" સરખલીયા દરવાજા પાસે મહાન વિશાલ ભોયરુ રાજા મહારાજાના સંકટ સમય માટે હતુ. મંગળમૂર્તિ મારુતી નંદન "હનુમાન" દાદા છે, તે કપડવણજની ચોકી કરી હતી. એવી દંતકથા હતી કે પુરાતન વખતના ધનવાન નગરપતી શેઠ સામળભાઈ નથ્થુભાઇના વંશજોને દાદાએ સ્વપ્નમાં દર્શન આવી કહ્યું કે "મારી ઈચ્છા મુજબ, આ મારી મંગળ મૂર્તિ બારબળદ જોડેલા રથમાં લઈ વન પરિક્રમા કરાવી મારી પ્રાણ પ્રતિષ્ઠા કરાવજો." આથી એમ થયું જ હશે. આ ઉપરથી એમ થાયકે ખાઈ ખોદતાં નીકલ્યા પછી હનુમાનજી સરખલીયા દરવાજા બહાર ગમે ત્યાં હશે. પછી હનુમાનજીને શેઠ મીઠાભાઈ ગુલાલચંદની સરખલીયા દરવાજા બહારની ધર્મ શાળામાં પધરાવ્યા.

આ ઉપરથી એક વાત લક્ષમાં લેવા જેવી છે કે પૂર્વ કાળમાં શેઠીયાઓ ગામના મનને અનુકુળ કેમ રહેવાય ને ગામમાં કેમ આનંદ અને સંપ રહે તે કરતા હશે. આથી જ હનુમાનજીએ શેઠીઆને પધરાવ્યા આદેશ કર્યો હશે. (લેખક–સંપાદક)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પૂર્તિ નંબર ૪
## આધાર ભૂત ગ્રંથો

| ક્રમ નં. | ગ્રંથાદિ નામ | લેખક કે પ્રકાશક |
|---|---|---|
| ૧ | શ્રીઅષ્ટાપદજી બિંબ પ્રતિષ્ઠા (પદ્ય) | જોષી ભુરાભાઈ બહેચરભાઈ દવે |
| ૨ | શ્રીઆગમોદ્ધારક આચાર્યદેવ આનંદ સાગરજીનું જીવનચરિત્ર | શ્રી જૈનઆનંદવર્ધક સભા |
| ૩ | આગમજ્યોતિર્ધર ભા. ૧ | આગમોદ્ધારક ગ્રંથમાલા |
| ૪ | આધુનિક વહેપારી મિત્ર | પૂર્ણાનંદ એમ. ભટ્ટ (M. A.) |
| ૫ | આપડુ કપડવણજ (માસીક) | તંત્રી હરીહર ઓચ્છવલાલ ત્રિવેદી |
| ૬ | ઇમ્પીરીયલ ગેઝેટીયરે ઓફ ઇન્ડીયા વો.૭ | ડબલ્યુ ડબલ્યુ હેન્ડર |
| ૭ | ઐતિહાસિક કથાઓ | કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ |
| ૮ | કપડવણજ શહેરનું ટુંકુ વર્ણન | મહાસુખરામ નરસીંહરામ ભટ્ટ |
| ૯ | કપડવણજ શહેરનું વર્ણન (ગરબા) | છોટાલાલ પ્રેમાનંદ ત્રિવેદી |
| ૧૦ | કેટલાક ઐતિહાસિક લેખો | ડો. હરિલાલ આર. ગૌદાની |
| ૧૧ | કંચન લેખ સંગ્રહ | સંગ્રાહક-મુનિ કંચનવિજય, વર્તમાન આ. કંચનસાગર સૂ. |
| ૧૨ | ગિરનાર માહાત્મ્ય | દોલતચંદ પુરૂષોતમ બગડીયા |
| ૧૩ | ગુજરાતનું પાટનગર | રત્ત મણીરાવ ભીમરાવ |
| ૧૪ | ગુજરાતનો અર્વાચિન ઇતિહાસ | રા સા. ગોવીંદભાઈ હાથીભાઈ દેસાઈ |
| ૧૫ | ગુજરાત સર્વ સંગ્રહ | (અનુ) કવિ નર્મદાશંકર લાલશંકર |
| ૧૬ | ગુજરાતનો ઇતિહાસ | ગુ. વ. સોસાયટી |
| ૧૭ | ગુજરાત રાજસ્થાન | કાલીદાસ દેવશંકર પંડ્યા |
| ૧૮ | ગુજરાતના કેટલાક ઐતિહાસિક પ્રસંગો | કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ |
| ૧૯ | ગુજરાત દેશનો ઇતિહાસ | ભગવાનલાલ સંપ્રતિરામ |
| ૨૦ | ગુજરાતનો ઇતિહાસ | એદલજી ડોસાભાઈ |
| ૨૧ | ગુજરાતનો મધ્યકાલીન રાજપુત ઇતિહાસ ભા. ૧. | દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી |
| ૨૨ | ગુજરાતના ઐતિહાસિક લેખો ભા. ૨ | આચાર્ય ગિરજાશંકર વલ્લભજી |
| ૨૩ | ગુજરાતી પંચનો દિપોત્સવી અંક ૪૪ તા. ૩૧-૧૦-૩૭ | શંકરલાલ દ્વારકાદાસ પરિખ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| ક્રમ નં. | ગ્રંથાદિ નામ | લેખક કે પ્રકાશક |
| --- | --- | --- |
| ૨૪ | ગુજરાતનો ઇતિહાસ ભા. ૧ | પ્રો. મૌલાના સૈયદઅલી ઝવરનદવી (અનુ) પ્રો. ડો. છોટુભાઈ ર. નાયક |
| ૨૫ | ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ ૧, ૩ | શેઠ ભો. જે. અધ્યયન સંસોધન ડો. હરિપ્રસાદ શાસ્ત્રી, શ્રી રસીકલાલ છો. પરીખ |
| ૨૬ | ગેઝેટીયર ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સી વો. ૧ પાર્ટ–૧ | જેમ્સ કેમ્પબેલ |
| ૨૭ | ચરોતર સર્વ સંગ્રહ | લોકમત પ્રકાશન, નડીયાદ |
| ૨૮ | શ્રીચિંતામણી પાર્શ્વનાથના દેરાસરનો પ્રતિષ્ઠા મહોત્સવ | લે. જે. કે. ગાંધી, વેજલપુરવાળા |
| ૨૯ | શ્રી જૈન શ્વેતામ્બર ડીરેકટરી ભા. ૨ | શ્રી જૈ. શ્વે. કોન્સફરન્સ |
| ૩૦ | જૈનમંદિરાવલી | શ્રી જૈ. શ્વે. કોન્સફરન્સ |
| ૩૧ | જૈનધર્મનો પ્રાચિન ઇતિહાસ | |
| ૩૨ | શ્રીમન્નારાયણવિષ્કૃતં (કાવ્ય) | શાસ્ત્રી પુરુષોતમ કેશવલાલ જોષી |
| ૩૩ | શ્રીપાર્શ્વનાથચરિત્ર (પ્રાકૃત) | શ્રીઆત્માનંદ સભા |
| ૩૪ | પુનાદરા રાજ્યનો ઇતિહાસ | સુરજરામ જીવતરામ |
| ૩૫ | બોમ્બે ગેઝેટીયર વોલ્યુ ૪. ૩ | જેમ્સ કેમ્પબેલ |
| ૩૬ | બ્રહ્મલીલા | રમેશ જોષી. (વડોદરા) |
| ૩૭ | ભગિની સમાજ | પુ. હ. મહાજન લાયબ્રેરી |
| ૩૮ | ભારતવર્ષની યાત્રા | એ. વી. ત્રીવેદી (M. A. Bકોમ) |
| ૩૯ | ભારતરાજ્ય મંડળ | અમૃતલાલ ગોવર્ધનદાસ શાહ |
| ૪૦ | મહીકાંઠા ડીરેકટરી | દામોદર રેવાદાસ શાહ |
| ૪૧ | મહાવીર ચરિત્ર (પ્રાકૃત) | પ્ર. શે. દે. લા. જૈ. પુ. ફંડ |
| ૪૨ | મહાબત આલ્બમ | ગુલામ અહમદ શેખ (જુનાગઢ) |
| ૪૩ | મીરાંતે સીકંદરી | (અનુ.) દિ.બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી |
| ૪૪ | મીરાંતે અહમદી વો. ૨ ખં–૧ | ,, ,, ,, |
| ૪૫ | ,, ,, ખં–૨ | ,, ,, ,, |
| ૪૬ | ,, ,, ખં–૩ | ,, ,, ,, |
| ૪૭ | રત્નમાલા | એન. એ. કે. ફાર્બસ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| ક્રમ નં. | ગ્રંથાદિકે નામ | લેખક કે પ્રકાશક |
|---|---|---|
| ૪૮ | રાધનપુર ડીરેકટરી ભા. ૧–૨ | જેઠાલાલ બાલાભાઈ |
| ૪૯ | રાસ માલા ભા–૨ | એન. એ. કે. ફાર્બસ |
| ૫૦ | લાલના માંડવા સંસ્થાનનો ઇતિહાસ | જુગાભાઈ ચંદ્રસીંહ ચૌહાણ |
| ૫૧ | લાયન્સકલબ, સેવાસંઘ, કેળવણી મંડલ, તથા ગામની અન્યસંસ્થાઓના રીપોર્ટ | કપડવણજની સંસ્થાઓ |
| ૫૨ | શ્રીવીશાનીમા વણિકજ્ઞાતિનો ઇતિહાસ | મહાસુખરામ પ્રાણનાથ ક્ષોત્રિય |
| ૫૩ | વેલ્થ ઓફ ગુજરાત | એ. વી. ત્રીવેદી ( M. A. Bકોમ) |
| ૫૪ | સધરા જેસંગ | રા. સા. મહીપતરામ રૂપરામ નીલકંઠ |
| ૫૫ | સખાવતે બહાદુર (જાબીરભાઈ મહેતા) | અંબાલાલ જોષી |
| ૫૬ | સંદેશ ડીરેકટરી | સંપા. મંજુલાલ સાકરલાલ દવે |
| ૫૭ | હિન્દુપત્ર તા. ૩૧–૮–૧૯૪૦નો વધારો | પ્ર૦ હિન્દુપત્ર |
| ૫૮ | હીસ્ટ્રી ઓફ ગુજરાત વો. ૧ | ખાનબહાદુર–એમ. એ., આઈ. ઇ. એસ. |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# 卐 વંદના 卐

પૂન્યભુમિ કપડવણુજમાં મારી પંન્યાસ પદવીના જોગ થયા. પં. શ્રીશાંતિવિજયજી મહારાજે જયાં ચાતુર્માસો કર્યાં અને ગામમાં ધર્મનો રસ રેલાવ્યો. વળી પ. પૂ. આ. મ. શ્રી વિજયનિતીસૂરીશ્વરજી મહારાજે વિશાળ પરિવાર સાથે ચાતુર્માસ કર્યું. એવા આ કપડવણુજ શહેરમાં અનેક પુન્યવાન મહર્ષિઓનાં અપૂર્વ ચાતુર્માસ થયાં છે. તે ગામમાં ઢાકવાડીમાં બીરાજમાન શ્રીશાંતિનાથ આદિ ભગવંતોને વંદન કરી આરાધક થાઉં છું.



**આ. શ્રીવિજયભાનુચંદ્રસૂરિજી સપરિ૦**

પ્રભુજીને નમસ્કાર કરે છે, વંદન કરે છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અમો સકલ પરિવાર અમારી માતૃભૂમિ કપડવણજમાં રહેલા શ્રીચિંતામણીપાર્શ્વનાથ આદિ મંદિરોમાં બીરાજમાન શ્રીચિંતામણીપાર્શ્વનાથ આદિ પ્રભુજીને ભાવથી નમસ્કાર કરીએ છીએ, અને પાવન થઈએ છીએ. મુનિ શ્રીપ્રમોદસાગરજી મહારાજના ઉપદેશથી આ ગ્રંથમાં સહકાર આપવા પ્રેરાયા છીએ.

રાજુભાઇ નગીનદાસ દોશી


**રાજુ એન. દોશી**

ઠે. મહાવીર જૈન સોસાયટી બીલ્ડીંગ નં–E/2

બ્લોક T. ૧૨૪ શંકરલેન, કાંદીવલી

મુંબઈ–૪૦૦૦૬૭.




P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ. પૂ. ઉપા. શ્રીધર્મસાગરજી મ. ના સદ્ઉપદેશથી મારામાં ધર્મના સુસંસ્કાર પડયા. પં શ્રીઅભયસાગરજી મ. ની પ્રેરણાથી મને પ્રભુજીનું ગૃહ–મંદિર બનાવવાનો શુભ ભાવ થયો. તે મંદિર માટે પં. શ્રીએ શ્રીઆદીશ્વર ભગવંતની ધાતુની ચોવિશી બનાવરાવી આપી. અને પિતાશ્રીના નામથી લલ્લુવિહાર નામે ગૃહ–મંદિર અને માતાજીના નામથી નાજુક શ્રાવિકા ઉપાશ્રય મારા બંગલાના કંપાઉન્ડમાં કપડવણજના પ. પૂ. આ. મ. શ્રીકંચનસાગરસૂરિજી મહારાજની સલાહ અનુસાર બનાવ્યો. આમાં પુન્યવાનો સારો એવો દર્શન વંદન પૂજનનો લાભ લે છે. એ મારું અહોભાગ્ય છે.

## તે હું લાલભાઈ લલ્લુભાઈ પરીખ

શ્રીઆદીશ્વર ભગવંતને નમસ્કાર કરૂં છું.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અમારા કુવા પરીખ સોમાભાઇ ઝવેરભાઇ—મુનિશ્રીશ્રુતસાગરજી મ. અમારાં ફોઇ માણેકબહેન—સાધ્વી શ્રીમનહરશ્રી, તેમના સુપુત્ર ચંદુભાઇ—ગણિશ્રીલબ્ધિસાગરજી મ., તેમનાં સુપત્ની ચંદનબહેન—સાધ્વીશ્રીસુમલયાશ્રી, તેમના સુપુત્ર હસમુખભાઇ—આ.શ્રીસૂર્યોદયસાગરસૂરિજી મ., પુત્રી વીમલાબહેન સાધ્વીશ્રી વિચક્ષણાશ્રી, દ્વિતીય પુત્ર કાંતિભાઇ—આ. મ. શ્રીકંચનસાગર સૂરિજી મ. પુત્રી ધીરજ બહેન—સાધ્વીશ્રી ધર્મોદયાશ્રી, તેમનાં પુત્રીઓ સાધ્વીઓ સૂર્યકાંતશ્રી, પદ્માલતાશ્રી, નિરુપમાશ્રી શુભોદયાશ્રી. આ બધાંએ સંયમ અંગીકાર કરી અમારા જીવનમાં ધર્મના સંસ્કારોની જડ નાખી છે. આથી મણીબેન, ચંપકભાઈ, બાબુભાઈ, રમાકાંત, ભરતભાઈ, પ્રદીપભાઈ, સુંદરબેન કાકુભાઇ આદિ અમો બધા તેમને ભૂરી ભૂરી વંદના કરીએ છીએ.

卐

**બાબુભાઈ વાડીલાલ ભોગીલાલ શાહ**

C/o પ્રદીપ એન્જીન્યરીંગ સ્ટોર્સ

ઠે. ૩૧, નાગદેવી ક્રોસલેન F.N. ૩૨૭૪૨૮

મુંબઈ—૪૦૦૦૦૩



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અમારી જન્મભૂમિ કપડવણજ, વ્યવસાય અંગાડી. અને અત્યારનું વ્યવસાયસ્થાન મુંબાઇ. અમારી જન્મભુમિમાં મોદીયાની ખડકીમાં અમારો વસવાટ. તે ખડકીમાં શ્રીઆદીશ્વર ભગવાનનું મંદિર, તેનો જીર્ણોદ્ધાર થયો. અને શ્રીઆદીશ્વર ભગવાનની પુનઃ પ્રતિષ્ઠા થઇ.

તે શ્રીઆદીશ્વર ભગવંત આદિને અમો ભોગીલાલ દોલતરામનો બધો પરિવાર નમસ્કાર કરીએ છીએ.

પાંચ ગામના સાધુ–સાધ્વીની આદિની પ્રેરણા કરનાર

**બાબુભાઈ વાડીલાલ શાહ**

C/o ભરત એન્જીનીયરીંગ સ્ટોર્સ

ઠે. ૩૧, નાગદેવી ક્રોસલેન F.N. ૩૨૩૧૯૩

મુંબઇ–૪૦૦૦૦૩



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ. મ. શ્રીકંચનસાગરસૂરિજી મ. ની જન્મભૂમિ કપડવણજ છે, આગમોદ્ધારકજ્ઞાન–શાળાના ઉપદેશક ગ. શ્રી ચંદ્રોદયસાગરજી મ. ની જન્મભૂમિ પણ તે જ ગામમાં છે. તેમણે તે જ જ્ઞાનશાળાના નીચેના ભાગમાં શ્રીઆનંદચંદ્રોદયજિનેન્દ્ર પોષધશાળા, શ્રીમગનલાલ મોતિલાલ જૈન સોસાયટી સાબરમતીમાં બંધાવી, અને અમારા સાબરમતી રામનગરને જ્ઞાનની પરબ કરાવી આપી. તે જ્ઞાનશાળા અને પોષધશાળાનો આ. મ. શ્રીએ ત્યાં સ્થિરતા કરીને જીર્ણોદ્ધાર કરાવ્યો. આથી પ્રેરાઇને શ્રીસાબરમતી રામનગરના સંઘે આ ગ્રંથમાં સહકાર આપ્યો છે. અત્રે બિરાજમાન શ્રીચિંતામણી–પાર્શ્વનાથ ભગવાનને નમન વંદન પૂજન કરીને અમો પાવન થઇએ છીએ.



**સાબરમતી જૈનસંઘ**



P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

અમારા વડવાઓ કપડવણજની વૈદ્યની ખડકીમાં રહીને વૈદુ કરતા હતા, એટલે દોલા વૈદ્ય તરીકેની તેમણે ખ્યાતિ મેળવી હતી. અમારા પિતાશ્રી પોપટલાલ વૈદ્ય મેડીકલનો અભ્યાસ કરીને ડૉકટર થયા. તેઓશ્રીએ પોતાના વતનના ગૌરવથી વતનનો (માભૂમનો) ઇતિહાસ લખવાની તમન્ના કરી અને તે એક પચીસી વર્ષોની ખરચીને લખ્યો, પણ મહાકાલની ઇચ્છાને આધિન તેઓશ્રી છપાવતાં પહેલાં કાળધર્મ પામ્યા. તે પિતાશ્રીની ઇચ્છા પૂર્ણ કરવા અમે તૈયાર થયા અને આચાર્યશ્રીકંચનસાગદસૂરિ મહારાજ દ્વારા તે પ્રકાશિત કરાવી શકયા. જેવી મહાકાલની ઇચ્છા

આ રીતે અમો તેમના પુત્રો એ રુણામાંથી મુક્ત થયા છીએ.

તે અમો તમના પુત્રો પિતાશ્રીને નમસ્કાર કરીએ છીએ.

**ડૉ. અમિત, ડૉ. વિનોદ, પંકજ**

આપના પુત્રો.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



શ્રીશાંતિનાથ ભગવાન મંદિર, ગોધરા.

## પ્રાતઃ સ્મરણીય પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રી૧૦૦૮શ્રી વિજયશુભંકરસૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભનીશ્રામાં ગોધરા જૈન સંઘમાં થયેલ શુભ કાર્યો

૧. શ્રીવર્ધમાન જૈન આયંબીલ ભવન, ભોજનશાળા, ધર્મશાળા.
૨. શ્રીપદ્માવતી જૈન મંદિર.
૩. શ્રીસિદ્ધચક્ર મંદિર.
૪. શ્રીગુરુ મંદિર.
૫. શ્રીશુભંકરસૂર્યોદય જ્ઞાન મંદિર.
૬. શ્રીયશોભદ્રશુભંકર જ્ઞાન મંદિર.
૭. શ્રીશુભંકરસૂરીશ્વરજી મહારાજ સાહેબ પ્રેરીત શારદાબહેન મફતલાલ દોસી સંચાલીત સાધુ–સાધ્વી વૈયાવચ્ચ સાધારણ ખાતુ.
૮. શ્રીશાંતિનાથજી દહેરાસરજીની ફાગણ સુદ–૩ વર્ષ ગાંઠ દીને કાયમી સ્વામી વાત્સલ્ય. તેઓશ્રીના પુન્યવાન સાધર્મીકો તરફથી.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંસારીપણામાં ગામ કપડવણજના વત્ની ધ્યાનસ્થસ્વર્ગત આગમોદ્ધારક પ. પૂ. આ. મ. શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજે સં. ૨૦૦૦માં અત્રે (ગોધરામાં) શ્રીશાંતિનાથજી દેરાસરની પેઢીની સ્થાપના કરાવી. તેઓશ્રીની નિશ્રામાં શેઠ મહાસુખલાલ મનસુખલાલે તથા શેઠ છોટાલાલ મનસુખલાલે ઉપાશ્રય માટે મકાન સમર્પણ કર્યું. તેઓશ્રીના શિષ્ય સંસારીપણે કપડવણજના વત્ની આ. મ. શ્રીકંચનસાગર-સૂરિજી મ. મુનિશ્રીજનકસાગરજી મ. મુનિશ્રીપ્રમોદસાગરજી મહારાજે સં. ૨૦૧૪–૧૫–૧૬ એમ ત્રણ ચાતુર્માસ કર્યાં. તેઓશ્રીની નિશ્રામાં સં. ૨૦૧૪ના શ્રાવણ માસમાં દેરાસરનો જીર્ણોદ્ધાર કરવાનું મુહૂર્ત થયું. સં. ૨૦૧૫ના પોષ સુદ–૭ના દેરાસરની વિસર્જન વિધિ થઈ. પો. સુ. ૧૦ના ખનન મુહૂર્ત થયું અને ફાગણ વદ–૧૦ના બન્ને મંદિરનો શીલા સ્થાપન વિધિ થયો. આ રીતે તેઓશ્રીની દેખરેખ અને દોરવણી નીચે અમારા શ્રીશાંતનાથ ભગવાનનું ત્રણ શિખર અને વિશાલ મંડપવાળું દેવ વિમાન જેવું મનોહર મંદિર થયું. વળી સં. ૨૦૪૦નું અમારા પુન્યોદયે અત્રે ચાતુર્માસ થયું. તેઓશ્રી ચાતુર્માસમાં કપડવણજની ગૌરવ ગાથાના અપૂર્વ પુસ્તકનું સંપાદન કરતા હતા, આથી અમોએ જ્ઞાન ખાતામાંથી સારો સહકાર આપ્યો.

卐

અમો તેઓશ્રીને ભાવથી નમસ્કાર કરીએ છીએ.

**શ્રીવીશી નીમા જૈન સંઘ ગોધરા (પંચમહાલ)**



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અમારા તોરણા ગામમાં પૂર્વ કાળમાં ગામને પાવન બનાવનાર ભુધરભાઇ સંત થયા. જેમની પ્રભુ ભક્તિની કથા આ ગ્રંથમાં અપાઇ છે. તેમને અમો અને અમારું ગામ સદાયે સંત તરીકે યાદ કરીએ છીએ. તેમના સદ્‌ગુણો અમારામાં આવે એવી અમો આશા રાખીએ છીએ.

## તોરણવાળા મણીલાલ લલ્લુભાઈનો પરિવાર

આપને યાદ કરીને કૃત કૃત્ય થાય છે.

---

અમારા વડીલ કાકા બાલુભાઇએ અને તેમની ઉભય પત્નીઓએ તેમજ ત્રણ પુત્રીઓએ દીક્ષા લઇને પોતાનો આત્મા તાર્યો અને અમને તરવાનો માર્ગ ચિંધ્યો. એવો હું શ્રીઆનંદ સાગર સોસાયટીમાં રહેનાર શ્રી મહાવીર સ્વામીની સેવા–પૂજા કરી પાવન થાઉં છું.

## રસીકલાલ કસ્તુરલાલ છોટાલાલ તેલી



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અમો ગામ કપડવણજના પણ પિતાજી ચંદુભાઈ વ્યવસાર્થે અમદાવાદ આવ્યા ને ત્યાં વ્યવસાય શરુ કર્યો. તે સ્થિર થયા. અમારાં ફોઇ કમળાબહેને દીક્ષા લીધી ને સાધ્વીશ્રી કુસુમશ્રી થયાં. આવા આવા સંજોગોમાં અમારામાં ધાર્મિક સંસ્કારો વધતા ગયા. અમો ભાઈઓ–લાલભાઈ, રાજેન્દ્ર, મહેન્દ્ર આદિ પરિવાર શ્રીમૂલેવાપાર્શ્વનાથની સેવા–પૂજન આદિથી પાવન થઈએ છીએ.

**ધી ઈલેક્ટ્રો પ્રીન્ટીંગ એન્ડ લો. વીસીંગવર્ક**

ઠે. ૧૯૧૭ ગાંધીરોડ, અમદાવાદ, ૩૮૦૦૦૧.

---

કપડવણજના વત્ની વીશા શ્રીમાળી બાબુભાઈ મુનીને સં. ૧૯૮૮માં દીક્ષા આપવવામાં મારો સહકાર હતો. તેમને નાતનું ગૌરવ વધાર્યું હતું. તેઓ સં. ૨૦૨૨ના મહા મહીને સિદ્ધગિરિમાં સ્વર્ગવાસ થયા હતા. તેમને તેમજ અમારી નાતના જે પુણ્યવાનોએ દિક્ષા લીધી છે તે બધાંને યાદ કરીને સંયમની ભાવના ભાવીએ છીએ.

**મંગળદાસ હેમચંદ શાહ, કપડવણજ**



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અમારાં બહેન નીમુબહેને દીક્ષા લીધી, તેમનું નામ સાધ્વી શ્રીભદ્રયશાશ્રી પડ્યું. તે અમારા કુટુંબનું સુસંસ્કારનું પ્રતિક છે. અમો સૌ પ્રભુ પ્રત્યે એ પ્રાર્થના કરીએ છીએ કે આપના પ્રરૂપેલા મોક્ષે જવાના સંયમના અમો આરાધક ક્યારે થઇશું ? એવી ભાવનાવાળા અમારી ઢાકવાડીમાં બિરાજમાન શ્રીશાંતિનાથ આદિ ભગવંતોને વંદન નમસ્કાર પૂજન કરી અમો પાવન થઇએ છીએ.



## ઉત્તમકુમાર રમણલાલ ભોગીલાલ ગાંધી



P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

અમારા વડવાઓના નામને અત્રેની ધાર્મિક પેઢીમાં જોડવાથી અમો પુન્યવાન થઈએ છીએ. જે વડવાઓએ અમારી કીર્તિ વધારી છે, તેવા અમો ઢાકવાડીમાં ( ડાકવાડીમાં ) રહીને કેળવણી અને સુસંસ્કારોને પામ્યા. તે ખડકીમાં શ્રીશાંતિનાથ ભગવાનના મંદિરના ભોંયરામાં રહેલ અતિ પ્રાચીન શ્રીકલીકુંડ પાર્શ્વનાથને અમો સૌ પરિવાર અંતરભાવથી નમન, પૂજન, વંદન કરીને પાવન થઈએ છીએ.

## ધનવંતલાલ ચંદુલાલ ગાંધી



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મેં મારી શક્તિને અનુસાર શે. મી. ક. પેઢી ઉપર અતિગૃહ કરાવ્યું છે. તેમજ શ્રીઆનંદસાગર જૈન સોસાયટીનું આયોજન કર્યું અને ત્યાં શ્રીમહાવીર ભગવાનના મંદિરનું આયોજન કર્યું. તે મંદિરનો બોલી બોલી ધ્વજ ચઢાવ્યો. વળી કસ્તુરલાલ વાડીલાલ મનસુખલાલ પરીખ લાયબ્રેરીનું ઉદ્ઘાટન પણ કર્યું. આવો અમો.

卐

## કાંતિલાલ વાડીલાલ ગાંધી (વેજલપુરવાળા) કપડવણજ

સપરિવાર શ્રીમહાવીર ભગવંતને નમસ્કાર કરીએ છીએ.

મારા પિતાશ્રી પુનમચંદ પાનાચંદ અગ્રેસરપણુ લઇને જુનુ શ્રીચિંતામણીપાર્શ્વનાથ મંદિર ગણિશ્રીલબ્ધિસાગરજી મ. ના ઉપદેશથી પાયામાંથી નવેસરથી બંધાવવાનો નિર્ણય કર્યો, અને સૌ સંઘના સહકારથી ભોંયતળીયાથી કળશ સુધીનું આરસનું નયન રમ્ય મંદિર બનાવ્યું. પ. પૂ. આ. મ. શ્રીમાણિક્ય સાગરસૂરીશ્વરજી મ.ના વરદ હસ્તે અંજનશલાકા પ્રતિષ્ઠા થઇ. મીસ્રી નટવરલાલ સોમપુરા હતા. તે શ્રીચિંતામણી પાર્શ્વનાથ ભગવાનને અમો સપરિવાર વંદન કરીએ છીએ.

卐

## રતીલાલ પુનમચંદ શાહ



P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

વ્યવસ્યસાયે ડોકટર, કપડવણજના વતની ધંધાર્થે ડેમાઈમાં પ્રેકટીસ કરનાર ડો. પોપટલાલ દોલતરામ વૈદ્યે શ્રીકપડવણજની ગૌરવ ગાથા–અવશેષની આરાધના, પોતાની ઉંમરની એક પચીસી ખર્ચીને લખી. છપાવવાની તમન્ના છતાં અવસાન પામ્યા. કેવી મહાકાળની ઇચ્છા, પણ અહોભાગ્યની વાત છે કે તેમના શાળાના સહાધ્યાયી આ. મ. શ્રીકંચન-સાગરસૂરિજી મહારાજે તે કાર્ય હાથમાં લીધુ ને તે ગ્રંથ છપાવ્યો. જેવી મહાકાળની ઈચ્છા. તેઓશ્રીનું સ્મરણ કરીને

કૃત કૃત્ય થાઉં છું.

卐

## ડૉ. રતીલાલ હરીભાઈ વૈદ્ય – કપડવણજ

શ્રીકપડવણજની ગૌરવ ગાથા એ એક ઇતિહાસિક આદિ સાહિત્ય ભરપૂર ગ્રંથ છે. નવી પેઢીને તે જાણવા જેવો ગ્રંથ છે. જેનું સંપાદન અમારામાં ધર્મના ઉંડા સંસ્કાર રેડનાર આ. મ. શ્રીકંચનસાગરસૂરિજી મહારાજે કર્યું, તે અહોભાંગ્ય છે. ગ્રંથનો અમો આદર કરીએ છીએ, અને આચાર્ય મહારાજને

નમસ્કાર કરીએ છીએ.

卐

જશવંતલાલ (બચુભાઇ) ચુનીલાલ શાહ, ગુણવંત ચુનીલાલ શાહ, રાજેન્દ્ર ચુનીલાલ શાહ, સુમન ચુનીલાલ શાહ, ઈન્દુમતી ગુણવંત શાહ, સુલોચના રાજેન્દ્ર શાહ, જ્યોત્સના સુમન શાહ.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| સૂર્ય | શ્રી | ૨ | શ્રી | ચંદ્ર |
|---|---|---|---|---|
| | ૨ | ૩ | ૪ | |
| | શ્રી | ૪ | શ્રી | |

સારે જહાં સે અચ્છા કપડવણુજ હમારા

જયાં

આધ્યાત્મિક, જયોતિષી, કવી, ચિત્રકાર, સાહિત્યકાર, સાહસિક વેપારી, ઇતિહાસકાર, સંશોધક એવા જન્મ્યા છે. તેમાં આ ગ્રંથના લેખક ડૉ. પોપટલાલ દોલતરામ રાજવૈદ્યને યાદ કરીએ છીએ. મારા લઘુબંધુ કેશવલાલ વર્તમાન મુનિશ્રી મહાકલ્પસાગરજી તેમના મિત્રમંડળમાં હતા. અમો બન્નેએ તેમના કાર્યમાં સહકાર આપ્યો હતો. તેવા તેમને હું અંતરથી યાદ કરું છું.

卐

## પરીખ મફતલાલ રતનચંદ કુબેરદાસ પરભુદાસ

ઠે. મીઠાભાઈ શેઠની ખડકી. લલ્લુ જીવણદાસની ખડકી, કપડવણુજ

અમારો વસવાટ કપડવણુજમાં ને વ્યવસાય અંગાડીમાં. અમારી બહેન કુસુમે દીક્ષા લીધી અને સાધ્વી શ્રીકલ્પયશાશ્રી થયાં. નાની બહેન પુષ્પાએ દીક્ષા લીધી અને સાધ્વી શ્રીબાલચંદ્રાશ્રી થયાં. તે અમારું અહોભાગ્ય છે. અમારા ભાઇઓનો વ્યવસાય કપડવણુજમાં ચાલે છે. અમો સૌ મોદીયાના શ્રીઆદીશ્વર ભગવાનની શીતળ છાયામાં આનંદ કરી આરાધના કરીએ છીએ. કપડવણુજની ગૌરવ ગાથામાં અમારી શક્તિ અનુસાર સહકાર આપી કૃત કૃત્ય થઇએ છીએ.

卐

## જશવંતલાલ શંકરલાલ શાહ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અમારા વતન કપડવણુજ શહેરમાં શ્રીચિંતામણી પાર્શ્વનાથજી, મોદીયાના શ્રીઆદીશ્વરજી, શ્રીઅજીતનાથજી, શ્રીવાસુપૂજ્યસ્વામી, અષ્ટાપદના શ્રીઆદિનાથજી, શ્રીશાંતિનાથજી, શેઠના શ્રીઆદિશ્વજી, શ્રીનેમનાથજી, શ્રીમહાવીરસ્વામી એમ નવ મંદિરમાં બિરાજમાન ભગવંતોને અમો સકલ પરિવાર નમસ્કાર કરીએ છીએ. તેમજ આ ગ્રંથના સંપાદક આચાર્ય શ્રીકંચનસાગરસૂરિજી મહારાજને નમન કરીએ છીએ.

## કમળાબહેન જેસંગલાલ કેશવલાલ મૂળજીભાઈ શાહ

પ. પૂ. આ. મ. શ્રીકંચનસાગરસૂરિજી મહારાજે અમારા પુના ગામમાં સં. ૨૦૦૭ના ચાતુર્માસ કર્યું. અમે ચોરાએલો શ્રીઆદીશ્વર ભગવાનનો સોનામાં હીરા જડેલો મુગટ જાતી દેખરેખ નીચે અખંડ કરાવ્યો. એ એક અદ્‌ભુત ઉપકાર કર્યો. અને મારામાં જે થોડા ગણા ધર્મના સંસ્કાર હતા તેમાં અનહદ ઉમેરો કરાવ્યો. તેવા ગુરુદેવને હું ભૂરૂરી ભૂરૂરી વંદના કરું છું.

## અ. સૌ. પુષ્પાવતી સી. શાહ પૂના (મહારાષ્ટ્ર)



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પરિખ મનસુખલાલ માણેકચંદના પરિવારનાં સાધુ સાધ્વીઓને વંદના

પવિત્ર ભૂમિ કપડવણજના વતનના પરીખ મનસુખલાલ માણેકચંદના સુપુત્રો કેવળભાઈ અને શીવાભાઈ. કેવળભાઇના સુપુત્ર રતનચંદભાઈ, તેમના સુપુત્ર પ્રેમચંદભાઇ, તેમનાં સુપુત્રી પ્રધાનબહેન તે સાધ્વીશ્રી પ્રધાનશ્રી ૧× થયાં. શીવાભાઇના સુપુત્ર ઝવેરભાઈ, તેમના સુપુત્રો ચુનીભાઇ, મગનભાઇ અને ઝવેરભાઇ. ચુનીભાઈનાં સુપુત્રી પ્રધાનબહેન તે સાધ્વીશ્રી જયપ્રભાશ્રી ૨, તેમનાં સુપુત્રીઓ સાધ્વીઓ રાજેન્દ્રશ્રી ૩, તીર્થશ્રી ૪, કીર્તિલતાશ્રી ૫. ઝવેરભાઇના સુપુત્રો સોમાભાઈ શામળભાઈ, કેશવલાલ ને વાડીલાલ. સોમાભાઈ મુનિશ્રી શ્રુતસાગરજી ૬× થયા. તેમનાં સુપત્ની માણેકબહેન સાધ્વીશ્રી મનહરશ્રી ૭× થયાં. તેમના સુપુત્રો ચંદુભાઈ અને કાંતિલાલ. ચંદુભાઇએ દીક્ષા લીધી અને મુનિલબ્ધિ સાગરજી ૮× થયા, ગણિ પણ થયા. તેમનાં સુપત્ની ચંદનબહેન તે સાધ્વીશ્રી સુમલયાશ્રી ૯× વયના પુત્ર હસમુખભાઈ તેમ બાળવયે દીક્ષા લઇ મુનિ સૂર્યોદયસાગર ૧૦ થયા. ગણિ, પંન્યાસ. ઉપાધ્યાય થઇને સં. ૨૦૪૦માં પં. શ્રીઅભયસાગરજીના હસ્તે આચાર્ય થયા, પુત્રી વિમલાબહેન સાધ્વીશ્રી વિચક્ષણાશ્રી ૧૧ થયાં. દ્વિતીય પુત્ર કાંતિલાલ તે મુનિશ્રીકંચનસાગરજી ૧૨ થયા. ગણિ, પંન્યાસ થઇ સંવત્ ૨૦૩૫ના આ. વ. ૭ના ગચ્છાધિપતિ આચાર્યશ્રીહેમસાગરસૂરીશ્વરજીના વરદ હસ્તે આચાર્ય થયા. સુમાભાઈના સુપુત્રી ધીરજબહેન સાધ્વીશ્રી ધર્મોદયાશ્રી ૧૩ થયાં. તેમનાં સુપુત્રીઓ સાધ્વીશ્રી સૂર્યકાંતશ્રી ૧૪× પદ્મલતાશ્રી ૧૫× નિરુપમાશ્રી ૧૬, શુભોદયાશ્રી ૧૭ થયાં. શામળભાઈના સુપુત્ર કસ્તુરભાઈનાં સુપત્નીં મણીબહેન સાધ્વીશ્રી મનકશ્રી ૧૮ થયાં. પુત્રી મણીબહેનની પુત્રીઓ સાધ્વીશ્રી કલ્પયશાશ્રી ૧૯ ને બાલચંદ્રાશ્રી ૨૦ થયાં. કેશવલાલ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાઈ મુનિશ્રીકિર્તિવિજયજી ૨૧× થયા. વાડીલાલ ભાઇના સુપુત્ર મુકુંદભાઇ મુનિશ્રી-યશોભદ્રસાગરજી ૨૨ થયા. ગણિ અને પંન્યાસ થયાં. પુત્રી ભદ્રાબહેન સાધ્વીશ્રી સ્નેહ. પ્રભાશ્રી ૨૩ થયાં. ઝવેરભાઈનાં પ્રથમ સુપુત્રી પ્રધાનબહેન સાધ્વીશ્રી પુષ્પાશ્રી ૨૪× થયાં. તેમના પ્રથમ સુપુત્ર પોપટલાલભાઇ મુનિશ્રીપ્રબોધસાગરજી ૨૫× થયા. ગણિ અને પંન્યાસ પણ થયા. તેમનાં સુપત્ની પ્રભાવતીબહેન સાધ્વીશ્રીપ્રભંજનાશ્રી ૨૬× થયાં અને પુત્રી કંચનબહેન સાધ્વીશ્રીકનકપ્રભાશ્રી ૨૭ થયાં. દ્વિતીય પુત્ર જેશંગભાઇનાં સુપત્ની ચંદનબહેન સાધ્વીશ્રીચંદ્રગુપ્તાશ્રી ૨૮ થયાં, પુત્ર પન્નાભાઇ મુનિશ્રીપ્રમોદસાગરજી ૨૯ થયા. વિનય વિવેક અને વૈયાવચ્ચમાં રંગીલા બન્યા, પુત્રી કાંતાબહેન સાધ્વીશ્રી-નિત્યોદયાશ્રી ૩૦ થયાં. ઝવેરભાઇનાં દ્વિતીય પુત્રી સમરથબહેનનાં પુત્રી શાંતાબહેન સાધ્વીશ્રી નિરંજનાશ્રી ૩૧ થયાં.

આ રીતે અમારા પરીખ કુટુંબના આઠ સાધુઓ અને ૨૩ સાધ્વીઓ થયાં. તેમાં ૧. આ. કંચનસાગરસૂરિજી, ૨. આ. સૂર્યોદયસાગરસૂરિજી ૩. પં. પ્રબોધસાગરજી ૪. પં. યશોભદ્રસાગરજી અને ૫. અને ગ. શ્રીલબ્ધિસાગરજી મ. છે. અત્યાર કુળના સાધુમાં વડીલ આ. કંચનસાગરસૂરિજી છે ને સાધ્વીમાં વડીલ મનકશ્રી છે. કુટુંબના ૧૧ સાધુ–સાધ્વીઓ સ્વર્ગવાસ થયાં છે.

સં. ૨૦૪૦ના આસો વદ–૮ના ઉપાધ્યાયશ્રી સૂર્યોદયસાગરજી મહારાજની આચાર્ય પદવી પ્રસંગે બધાને યાદ કરી કૃતાર્થ થઈએ છીએ.

અમો કુટુંબના પોનોતા પુત્રો,

જયંતીભાઇ, સેવંતીભાઇ, દીનેશભાઇ આદિ
તેઓ બધાને નમન કરી પાવન થઇએ છીએ.

× આ નીશાન સ્વર્ગવાસ થયાનું છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust